

નમો અરિહંતાણં
નમો સિધ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજઝાયાણં
નમો લેએ સવ્વ સાહુણં
એસો પંચ નમુક્કારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં

જિનાગમ પ્રકાશન યોજના

પ. પૂ. આચાર્યશ્રી ધાંસીલાલજી મહારાજ સાહેબ
કૃત વ્યાખ્યા સહિત

DVD No. 2

(Gujarati Edition)

:: યોજનાના આયોજક ::

શ્રી ચંદ્ર પી. દોશી - પીએચ.ડી.

website : www.jainagam.com

UTTARADHYAYAN SUTRA



PART : 3

ઉત્તરાધ્યયન સૂત્ર : ભાગ– ૩

॥ श्रीः ॥

जैनाचार्य-जैनधर्मदिवाकर-पूज्यश्री-घासीलालजी-महाराज-

विरचितया प्रियदर्शिन्याख्यया व्याख्यया समलङ्कृतं

हिन्दी-गुर्जर-भाषाऽनुवादसहितम्-

॥ उत्तराध्ययन-सूत्रम् ॥

UTTARADHYAYANA SUTRAM

तृतीयो भागः (अध्य० १८-२४)

नियोजकः

संस्कृत-प्राकृतज्ञ-जैनागमनिष्णात-प्रियव्याख्यानि-

पण्डितमुनि-श्रीकन्हैयालालजी-महाराजः

प्रकाशकः

अहमदाबादनिवासी-श्रेष्ठिनः श्रीमतः जेसिंगभाई-

पोंचालभाई-महोदयस्य द्रव्यसाहाय्येन

अ० भा० श्वे० स्था० जैनशास्त्रोद्धारसमितिप्रमुखः

श्रेष्ठि-श्रीशान्तिलाल-मङ्गलदासभाई-महोदयः

मु० राजकोट

प्रथमा-आवृत्तिः	वीर संवत्	विक्रम-संवत्	ईस्वीसन्
प्रति १०००	२४८७	२०१७	१९६१

मूल्यम्-रू० २०-०-०

મળવાનું ઠેકાણું :
શ્રી. અ. ભા. શ્વે. સ્થાનકવાસી
જૈન શાસ્ત્રોદ્ધાર સમિતિ
ઠે. ગરેડિયા કુવારોડ, ગ્રીન લોજ
પાસે, રાજકોટ. (સૌરાષ્ટ્ર)

Published by :
Shri Akhil Bharat S. S.
Jain Shastrodhar Samiti.
Garedia Kuva road. RAJKOT.
(Saurashtra) W. Ry India

×

પ્રથમ આવૃત્તિ : પ્રત ૧૦૦૦
વીર સંવત : ૨૪૮૭
વિક્રમ સંવત : ૨૦૧૭
ઈસ્વીસન : ૧૯૬૧

×

: મુદ્રક :
જાદવજી મોહનલાલ શાહ
નીલકમલ પ્રીન્ટરી
ઘીકાંટા રોડ : : અમદાવાદ

સ્વાધ્યાય માટે ખાસ સૂચના

(૧) આ સૂત્રના મૂલપાઠનો સ્વાધ્યાય દિવસ અને રાત્રિના પ્રથમ પ્રહરે તથા ચોથા પ્રહરે કરાય છે.

(૨) પ્રાતઃઉષાકાળ, સન્ધ્યાકાળ, મધ્યાહ્ન, અને મધ્યરાત્રિમાં બે-બે ઘડી (૪૮ મિનિટ) વંચાય નહીં, સૂર્યોદયથી પહેલાં ૨૪ મિનિટ અને સૂર્યોદયથી પછી ૨૪ મિનિટ એમ બે ઘડી સર્વત્ર સમજવું.

(૩) માસિક ધર્મવાળાં સ્ત્રીથી વંચાય નહીં તેમજ તેની સામે પણ વંચાય નહીં. જ્યાં આ સ્ત્રીઓ ન હોય તે ઓરડામાં બેસીને વાંચી શકાય.

(૪) નીચે લખેલા ૩૨ અસ્વાધ્યાય પ્રસંગે વંચાય નહીં.

(૧) આકાશ સંબંધી ૧૦ અસ્વાધ્યાય કાલ.

(૧) **ઉલ્કાપાત**—મોટા તારા ખરે ત્યારે ૧ પ્રહર (ત્રણ કલાક સ્વાધ્યાય ન થાય.)

(૨) **દિગ્દાહ**—કોઈ દિશામાં અતિશય લાલવર્ણ હોય અથવા કોઈ દિશામાં મોટી આગ લગી હોય તો સ્વાધ્યાય ન થાય.

(૩) **ગર્જારવ**—વાદળાંનો ભયંકર ગર્જારવ સંભળાય. ગાજવીજ ઘણી જણાય તો ૨ પ્રહર (છ કલાક) સ્વાધ્યાય ન થાય.

(૪) **નિર્ઘાત**—આકાશમાં કોઈ વ્યંતરાદિ દેવકૃત ઘોરગર્જના થઈ હોય, અથવા વાદળો સાથે વીજળીના કડાકા બોલે ત્યારે આઠ પ્રહર સુધી સ્વાધ્યાય ન થાય.

(૫) **વિદ્યુત**—વિજળી ચમકવા પર એક પ્રહર સ્વાધ્યાય ન થા.

(૬) **યૂપક**—શુક્લપક્ષની એકમ, બીજ અને ત્રીજના દિવસે સંધ્યાની પ્રભા અને ચંદ્રપ્રભા મળે તો તેને યૂપક કહેવાય. આ પ્રમાણે યૂપક હોય ત્યારે રાત્રિમાં પ્રથમા ૧ પ્રહર સ્વાધ્યાય ન કરવો.

(૭) **યક્ષાદીપ્ત**—કોઈ દિશામાં વીજળી ચમકવા જેવો જે પ્રકાશ થાય તેને યક્ષાદીપ્ત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૮) **ધુમિક કૃષ્ણ**—કારતકથી મહા માસ સુધી ધૂમાડાના રંગની જે સૂક્ષ્મ જલ જેવી ધૂમ્મસ પડે છે તેને ધૂમિકાકૃષ્ણ કહેવાય છે. તેવી ધૂમ્મસ હોય ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૯) **મહિકાશ્વેત**—શીતકાળમાં શ્વેતવર્ણવાળી સૂક્ષ્મ જલરૂપી જે ધુમ્મસ પડે છે. તે મહિકાશ્વેત છે ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૧૦) **રજઉદ્‌ઘાત**—ચારે દિશામાં પવનથી બહુ ધૂળ ઉડે. અને સૂર્ય ઢંકાઈ જાય. તે રજઉદ્‌ઘાત કહેવાય. ત્યારે સ્વાધ્યાય ન કરવો.

(૨) ઔદારિક શરીર સંબંધી ૧૦ અસ્વાધ્યાય

(૧૧-૧૨-૧૩) હાડકાં-માંસ અને રુધિર આ ત્રણ વસ્તુ અગ્નિથી સર્વથા બળી ન જાય, પાણીથી ધોવાઈ ન જાય અને સામે દેખાય તો ત્યારે સ્વાધ્યાય ન કરવો. ફૂટેલું ઈંડુ હોય તો અસ્વાધ્યાય.

(૧૪) **મળ-મૂત્ર**—સામે દેખાય, તેની દુર્ગન્ધ આવે ત્યાં સુધી અસ્વાધ્યાય.

(૧૫) **સ્મશાન**—આ ભૂમિની ચારે બાજુ ૧૦૦/૧૦૦ હાથ અસ્વાધ્યાય.

(૧૬) **ચંદ્રગ્રહણ**—જ્યારે ચંદ્રગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૮ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૨ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૭) **સૂર્યગ્રહણ**—જ્યારે સૂર્યગ્રહણ થાય ત્યારે જઘન્યથી ૧૨ મુહૂર્ત અને ઉત્કૃષ્ટથી ૧૬ મુહૂર્ત અસ્વાધ્યાય જાણવો.

(૧૮) **રાજવ્યુદ્ગત**—નજીકની ભૂમિમાં રાજાઓની પરસ્પર લડાઈ થતી હોય ત્યારે, તથા લડાઈ શાન્ત થયા પછી ૧ દિવસ-રાત સુધી સ્વાધ્યાય ન કરવો.

(૧૯) **પતન**—કોઈ મોટા રાજાનું અથવા રાષ્ટ્રપુરુષનું મૃત્યુ થાય તો તેનો અગ્નિસંસ્કાર ન થાય ત્યાં સુધી સ્વાધ્યાય કરવો નહીં તથા નવાની નિમણુંક ન થાય ત્યાં સુધી ઊંચા અવાજે સ્વાધ્યાય ન કરવો.

(૨૦) **ઔદારિક શરીર**—ઉપાશ્રયની અંદર અથવા ૧૦૦-૧૦૦ હાથ સુધી ભૂમિ ઉપર બહાર પંચેન્દ્રિયજીવનું મૃતશરીર પડ્યું હોય તો તે નિર્જીવ શરીર હોય ત્યાં સુધી સ્વાધ્યાય ન કરવો.

(૨૧થી ૨૮) **ચારે મહોત્સવ અને ચાર પ્રતિપદા**—આષાઢ પૂર્ણિમા, (ભૂતમહોત્સવ), આસો પૂર્ણિમા (ઇન્દ્ર મહોત્સવ), કાર્તિક પૂર્ણિમા (સ્કંધ મહોત્સવ), ચૈત્ર પૂર્ણિમા (યક્ષમહોત્સવ, આ ચાર મહોત્સવની પૂર્ણિમાઓ તથા તે ચાર પછીની કૃષ્ણપક્ષની ચાર પ્રતિપદા (એકમ) એમ આઠ દિવસ સ્વાધ્યાય ન કરવો.

(૨૯થી ૩૦) પ્રાતઃકાલે અને સન્ધ્યાકાળે દિશાઓ લાલકલરની રહે ત્યાં સુધી અર્થાત્ સૂર્યોદય અને સૂર્યાસ્તની પૂર્વે અને પછી એક-એક ઘડી સ્વાધ્યાય ન કરવો.

(૩૧થી ૩૨) મધ્ય દિવસ અને મધ્ય રાત્રિએ આગળ-પાછળ એક-એક ઘડી એમ બે ઘડી સ્વાધ્યાય ન કરવો.

ઉપરોક્ત અસ્વાધ્યાય માટેના નિયમો મૂલપાઠના અસ્વાધ્યાય માટે છે. ગુજરાતી આદિ ભાષાંતર માટે આ નિયમો નથી. વિનય એ જ ધર્મનું મૂલ છે. તેથી આવા આવા વિકટ પ્રસંગોમાં ગુરુની અથવા વડીલની ઇચ્છાને આજ્ઞાને જ વધારે અનુસરવાનો ભાવ રાખવો.

स्वाध्याय के प्रमुख नियम

(१) इस सूत्र के मूल पाठ का स्वाध्याय दिन और रात्री के प्रथम प्रहर तथा चौथे प्रहर में किया जाता है ।

(२) प्रातः ऊषा-काल, सन्ध्याकाल, मध्याह्न और मध्य रात्री में दो-दो घडी (४८ मिनिट) स्वाध्याय नहीं करना चाहिए, सूर्योदय से पहले २४ मिनिट और सूर्योदय के बाद २४ मिनिट, इस प्रकार दो घड़ी सभी जगह समझना चाहिए।

(३) मासिक धर्मवाली स्त्रियों को स्वाध्याय नहीं करना चाहिए, इसी प्रकार उनके सामने बैठकर भी स्वाध्याय नहीं करना चाहिए, जहाँ ये स्त्रियाँ न हों उस स्थान या कक्ष में बैठकर स्वाध्याय किया जा सकता है ।

(४) नीचे लिखे हुए ३२ अस्वाध्याय-प्रसंगो में वाँचना नहीं चाहिए—

(१) आकाश सम्बन्धी १० अस्वाध्यायकाल

(१) **उल्कापात**—बड़ा तारा टूटे उस समय १ प्रहर (तीन घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२) **दिग्दाह**—किसी दिशा में अधिक लाल रंग हो अथवा किसी दिशा में आग लगी हो तो स्वाध्याय नहीं करना चाहिए ।

(३) **गर्जारव**—बादलों की भयंकर गडगडाहट की आवाज सुनाई देती हो, बिजली अधिक होती हो तो २ प्रहर (छ घण्टे) तक स्वाध्याय नहीं करना चाहिए ।

(४) **निर्घात**—आकाश में कोई व्यन्तरादि देवकृत घोर गर्जना हुई हो अथवा बादलों के साथ बिजली के कडाके की आवाज हो तब आठ प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(५) **विद्युत**—बिजली चमकने पर एक प्रहर तक स्वाध्याय नहीं करना चाहिए ।

(६) **यूपक**—शुक्ल-पक्ष की प्रथमा, द्वितीया और तृतीया के दिनो में सन्ध्या की प्रभा और चन्द्रप्रभा का मिलान हो तो उसे यूपक कहा जाता है। इस प्रकार यूपक हो उस समय रात्री में प्रथमा १ प्रहर स्वाध्याय नहीं करना चाहिए ।

(७) **यक्षादीप्त**—यदि किसी दिशा में बिजली चमकने जैसा प्रकाश हो तो उसे यक्षादीप्त कहते हैं, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(८) **धूमिका कृष्ण**—कार्तिक से माघ मास तक धूँए के रंग की तरह सूक्ष्म जल के जैसी धूमस (कोहरा) पड़ता है उसे धूमिका कृष्ण कहा जाता है इस प्रकार की धूमस हो उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(९) **महिकाश्वेत**—शीतकाल में श्वेत वर्णवाली सूक्ष्म जलरूपी जो धूमस पड़ती है वह महिकाश्वेत कहलाती है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(१०) **रजोद्घात**—चारों दिशाओं में तेज हवा के साथ बहुत धूल उडती हो और सूर्य ढँक गया हो तो रजोद्घात कहलाता है, उस समय स्वाध्याय नहीं करना चाहिए ।

(२) ऐतिहासिक शरीर सम्बन्धी १० अस्वाध्याय—

(११,१२,१३) हाड-मांस और रुधिर ये तीन वस्तुएँ जब-तक अग्नि से सर्वथा जल न जाएँ, पानी से धुल न जाएँ और यदि सामने दिखाई दें तो स्वाध्याय नहीं करना चाहिए । फूटा हुआ अण्डा भी हो तो भी अस्वाध्याय होता है ।

(१४) **मल-मूत्र**—सामने दिखाई हेता हो, उसकी दुर्गन्ध आती हो तब-तक अस्वाध्याय होता है ।

(१५) **श्मशान**—इस भूमि के चारों तरफ १००-१०० हाथ तक अस्वाध्याय होता है ।

(१६) **चन्द्रग्रहण**—जब चन्द्रग्रहण होता है तब जघन्य से ८ मुहूर्त और उत्कृष्ट से १२ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१७) **सूर्यग्रहण**—जब सूर्यग्रहण हो तब जघन्य से १२ मुहूर्त और उत्कृष्ट से १६ मुहूर्त तक अस्वाध्याय समझना चाहिए ।

(१८) **राजव्युद्गत**—नजदीक की भूमि पर राजाओं की परस्पर लड़ाई चलती हो, उस समय तथा लड़ाई शान्त होने के बाद एक दिन-रात तक स्वाध्याय नहीं करना चाहिए ।

(१९) **पतन**—कोई बड़े राजा का अथवा राष्ट्रपुरुष का देहान्त हुआ हो तो अग्निसंस्कार न हो तब तक स्वाध्याय नहीं करना चाहिए तथा उसके स्थान पर जब तक दूसरे व्यक्ति की नई नियुक्ति न हो तब तक ऊंची आवाज में स्वाध्याय नहीं करना चाहिए ।

(२०) **औदारिक शरीर**—उपाश्रय के अन्दर अथवा १००-१०० हाथ तक भूमि पर उपाश्रय के बाहर भी पञ्चेन्द्रिय जीव का मृत शरीर पड़ा हो तो जब तक वह निर्जीव शरी वहाँ पड़ा रहे तब तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२१ से २८) **चार महोत्सव और चार प्रतिपदा**—आषाढ़ी पूर्णिमा (भूत महोत्सव), आसो पूर्णिमा (इन्द्रिय महोत्सव), कार्तिक पूर्णिमा (स्कन्ध महोत्सव), चैत्र पूर्णिमा (यक्ष महोत्सव) इन चार महोत्सवों की पूर्णिमाओं तथा उससे पीछे की चार, कृष्ण पक्ष की चार प्रतिपदा (ऐकम) इस प्रकार आठ दिनों तक स्वाध्याय नहीं करना चाहिए ।

(२९ से ३०) प्रात:काल और सन्ध्याकाल में दिशाएँ लाल रंग की दिखाई दें तब तक अर्थात् सूर्योदय और सूर्यास्त के पहले और बाद में एक-एक घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

(३१ से ३२) मध्य दिवस और मध्य रात्री के आगे-पीछे एक-एक घड़ी इस प्रकार दो घड़ी स्वाध्याय नहीं करना चाहिए ।

उपरोक्त अस्वाध्याय सम्बन्धी नियम मूल पाठ के अस्वाध्याय हेतु हैं, गुजराती आदि भाषान्तर हेतु ये नियम नहीं है । विनय ही धर्म का मूल है तथा ऐसे विकट प्रसंगों में गुरू की अथवा बड़ों की इच्छा एवं आज्ञाओं का अधिक पालन करने का भाव रखना चाहिए ।

विषयानुक्रमणिका

अनु.	विषय	पाना नं.
१	पंद्रहवें अध्ययन का प्रारंभ और भिक्षुगुणप्रतिपादन	१
२	सोलहवें अध्ययन का प्रारंभ और दश ब्रह्मचर्यसमाधिस्थान	११
३	सत्रहवें अध्ययन का प्रारंभ और पापश्रमणोंके स्वरूप का वर्णन	२४
४	अठारहवें अध्ययन का प्रारंभ और संजयनृप के चरित्र का वर्णन	३०
५	संजयमुनि चरित्र वर्णन में संजयनृप को मुनि के दर्शन	३१
६	मुनिके पास संजयनृपकी क्षमायाचना के लिये प्रार्थना	३२
७	संजयनृप को मुनिकी और से क्षमादान	३२
८	संजयनृप को मुनिका उपदेश	३३
९	मुनिके उपदेशसे राजा का प्रव्रज्याग्रहण करना	३४
१०	संजयमुनिके प्रति कोई अेक मुनि के प्रश्न	३५
११	क्रियावाधादि मतका प्रतिपादन	३५
१२	क्रियावादियों के पापकारित्व का वर्णन	३८
१३	क्रियावादियों के मतके श्रवण से निवृतिके कारण का कथन	३८
१४	क्षत्रिय राज ऋषिका उपदेश	३९
१५	क्षत्रिय राजऋषि द्वारा अपने आचार का प्रतिपादन	४०
१६	आयुके ज्ञानके विषयमें जिनशासन के महत्व का प्रतिपादन	४०
१७	फिर से क्षत्रियराजऋषि का उपदेश	४१
१८	संजय मुनिको अपने कर्त्तव्य में रहने के उपदेश भरत चक्री का उदाहरण	४१
१९	भरत चक्रवर्ती की कथा	४१
२०	सगर चक्रवर्ती की कथा	४४
२१	मघवा चक्रवर्ती की कथा	५१
२२	सनत्कुमार चक्रवर्ती की कथा	५३
२३	शांतिनाथ की कथा	६३
२४	श्री कुंथुनाथ की कथा	७१
२५	श्रीमत् अरनाथ की कथा	७३
२६	महापद्म चक्रवर्ती की कथा	७५

અનુ.	વિષય	પાના નં.
૨૭	હરિષેણ ચક્રવર્તી કી કથા	૮૬
૨૮	જય ચક્રવર્તી કી કથા	૮૭
૨૯	દશાર્ણભદ્ર કી કથા	૮૯
૩૦	ચાર પ્રત્યેકબુદ્ધ કે નામ	૯૫
૩૧	કરકણ્ડૂ રાજા કી કથા	૯૫
૩૨	દ્વિમુખ રાજા કી કથા	૧૦૬
૩૩	નગગતિ રાજા કી કથા	૧૧૦
૩૪	ઉદાયન રાજર્ષિ કી કથા	૧૨૪
૩૫	કાશીરાજ નન્દન બલદેવ કી કથા	૧૪૦
૩૬	વિજયરાજ કી કથા	૧૪૦
૩૭	મહાબલરાજ કી કથા	૧૪૧
૩૮	ઉન્નીસવેં અધ્યયન કા પ્રારંભ ઔર ઉસ કી અવતરણિકા	૧૪૬
૩૯	મૃગા પુત્ર કે ચરિત્ર કા વર્ણન	૧૪૭
૪૦	બીસવેં અધ્યયન કા પ્રારંભ ઔર મહાનિર્ગ્રન્થ કે સ્વરૂપ કા વર્ણન	૧૭૪
૪૧	ઇક્કીસવેં અધ્યયન ઔર એકાન્તચર્યા મેં સમુદ્રપાલ મુનિ કા દ્રષ્ટાંત	૧૮૦
૪૨	બાઈસવાં અધ્યયન ઔર નેમિનાથ કે ચરિત્ર કા વર્ણન	૧૯૮
૪૩	તેવીસવાં અધ્યયન ઔર પાર્શ્વનાથ કે ચરિત્ર કા નિરૂપણ	૨૪૬
૪૪	ચોઈસવાઁ અધ્યયન-અષ્ટ પ્રવચન માતાઓં કા વર્ણન	૨૯૧

॥ સમાપ્ત ॥

પંદરમા અધ્યયનનો પ્રારંભ

ચૌદમું અધ્યયન સંપૂર્ણ થયું, હવે પંદરમા અધ્યયનનો પ્રારંભ થાય છે. આ અધ્યયનનું નામ સભિક્ષુ અધ્યયન છે ચૌદમા અધ્યયનની સાથે આ અધ્યયનનો સંબંધ આ પ્રમાણે છે.–ચૌદમા અધ્યયનમાં નિર્નિદાનતા ગુણરૂપથી પ્રગટ કરવામાં આવેલ છે. અને તે ભિક્ષુને જ હોય છે કારણકે, ભિક્ષુપણું ગુણને આધીન હોય છે. આ માટે આ અધ્યયનમાં ભિક્ષુઓના ગુણોનું કથન કરવામાં આવશે. આ સંબંધને લઈને એનો પ્રારંભ કરવામાં આવેલ છે. આ અધ્યયનનું સહુથી પહેલું સૂત્ર છે. "मोणं" ઇત્યાદિ!

અન્વયાર્થ—જે **मोणं–मौनम्** મુનિ ભાવનું હું **चरिस्सामि–चरिष्यामि** સેવન કરીશ એ ભાવનાથી **धम्मं–धर्मम्** ઉત્તમ ક્ષમા આદિ રૂપ અથવા શ્રુત ચારિત્ર રૂપ ધર્મને **समिच्च–समेत्य** અંગિકાર કરીને **सहिए सहितः** બીજા મુનિઓની સાથે રહે છે. એકલા નહીં કારણકે, એકલા રહેવાનો આગમમાં નિષેધ છે તથા **उज्जुकडे–ऋजुकृतः** માયા રહિત બનીને જ જે અનુષ્ઠાનમાં પરાયણ બની રહે છે. **णियाण-छिन्ने–निदानाच्छिन्नः** અને નિદાન શલ્યથી વર્જીત થઈને **संथवं जहेज्ज–संस्तवं जह्यात्** પૂર્વ પરિચિત પિતા આદિની સાથે તથા પાછળથી જેની સાથે સંબંધ બંધાયો છે એવા શ્વશુર આદિની સાથેના પરિચયનો ત્યાગ કરી દે છે અને **अकामकामे–अकामकामः** કામ અભિલાષાથી રહિત બનીને અથવા મોક્ષાભિલાષી બનીને જ **अन्नायएसी–अज्ञातैषीः** સાધુના તપ અનુષ્ઠાન આદિથી અપરિચિત કુળોમાં આહાર આદિની ગવેષણા કરતાં કરતાં **परिव्वए–परिव्रजेत्** અનિયત વિહારી બને છે **स भिक्खू–स भिक्षुः** તેજ ભિક્ષુ છે.

ભાવાર્થ—આવા પૂર્વોક્ત ગુણ વિશિષ્ટ આત્મા જ ભિક્ષુ છે આથી જ અહીં સાધુઓની ભિક્ષુપણાની નિમિત્તભૂત ચૌભંગી પ્રગટ કરવામાં આવે છે.—જેમ (૧) **सिंहत्ताए निक्खमंति सिंहत्ताए विहरंति** (૨) **सिंहत्ताए निक्खमंति सियालत्ताए विहरंति** (૩) **सियालत्ताए निक्खमंति सिंहत्ताए विहरंती.** (૪) **सियालत्ताए निक्खमंति सियालत्ताए विहरंति** આ ચાર ભાંગોમાં સિંહવૃત્તિથી નિકળીને સિંહ-વૃતિથી જ વિચરવું એ પ્રથમ ભંગ સર્વોત્તમ છે. ॥ ૧ ॥

આ બાતને સૂત્રકાર વિશેષરૂપથી પ્રગટ કરે છે "राओवरयं" ઇત્યાદિ!

અન્વયાર્થ—**लाढे–लाढः** સદનુષ્ઠાનમાં તત્પર, **विरए–विरतः** આસ્રવથી નિવૃત્ત **वेदविया–वेदवित्** આગમના જ્ઞાતા તથા **आयरक्खिए–आत्मरक्षितः** આત્માના રક્ષક **पन्ने–प्रज्ञः** હેય અને ઉપાદેયની બુદ્ધિથી સંપન્ન અને **सव्वदंसी–सर्वदर्शी** જીવોને પોતાના સમાન સમજવાવાળા મુનિ **अभिभूय–अभिभूय** પરીષહ અને ઉપસર્ગોને પરાજીત કરીને **राओवरयं–रागोपरतम्** કામભોગની અભિલાષાથી રહિત બનીને **चरेज्ज–विहरेत्** વિચરે છે, વળી તે વિહારમાં **जे–यः** જે **कम्हिवि न मुच्छिए–कस्मिन्अपि न मूर्च्छितः** કોઈ પણ સચિત્ત અચિત્ત અને મિશ્ર–વસ્તુઓમા આસક્ત બનતા નથી **स भिक्खू–स भिक्षुः** એજ ભિક્ષુ છે. "वेदविदाय रक्खिए" આ પદની "वेदवित् आयरक्षितः" એવી પણ છાયા બને છે. આનો અર્થ આ પ્રમાણે છે.–

પ્રાપ્ત સમ્યગ્દર્શન આદિની રક્ષા કરવામાં તત્પર બનેલા એવા જીવ અજીવ આદિ તત્વ જેનાથી જાણી શકાય છે તે વેદ છે. એ વેદના જાણવાવાળા વેદવિત્ કહેવાય છે. જ્યારે "वेदविदा रक्षितः" એવું પદ રાખવામાં આવે ત્યારે વેદને જાણવાવાળી જે વિદ્વા–બુદ્ધિ–જ્ઞાન જેણે કુગતિમાં પડતી આત્માની રક્ષા કરેલ છે. એવો બીજો અર્થ થાય છે. જે મુનિ આગમ અનુકૂળ સમાચરણશીલ હોય છે એનાથી જ આત્માનું રક્ષણ થાય છે. આથી એ વાત સૂચિત બને છે.

ભાવાર્થ–જે મુનિ સદનુષ્ઠાનમાં તત્પર રહે છે, આસ્રવથી નિવૃત્ત બને છે, અર્થાત એવું કૃત્ય નથી કરતા કે, જેનાથી તેને નવીન કર્મોનો બંધ થાય. આગમના જાણનાર હોય છે. દુર્ગતિથી–પતનના હેતભૂત અપધ્યાન આદિ અનર્થોથી બચતા રહે છે. હેય ઉપાદેયના જ્ઞાનથી જેનું અંતઃકરણ વાસિત રહે છે. આ સઘળા જીવો મ્હારા સમાન જ છે એવું જાણીને કોઈને પણ કદી સતાવતા નથી. પરીષહ અને ઉપસર્ગોથી જે કદી ચલાયમાન થતા નથી અને કોઇપણ પદાર્થમાં તેમનું મન લલચાતું નથી એજ ભિક્ષુ છે. ॥ ૨ ॥

તથા—'अक्कोसवहं" ઇત્યાદિ !

અન્વયાર્થ—મુનિ **अक्कोसवहं–आक्रोशवधम्** અસભ્ય વચનરૂપ આક્રોશ અને તાડનરૂપ વધને પોતાના દ્વારા પૂર્વકૃત કર્મનું ફળ **विइत्तु–विदित्वा** જાણીને **धीरे लाढे–धीरःलाढः** એ સમયે ક્ષોભ રહિત તેમજ સદનુષ્ઠાનમાં તત્પર જ બની રહે અને **आयगुत्ते–आत्मगुप्तः** અસંયમ સ્થાનોથી પોતાના આત્માનું રક્ષણ કરતા રહે અને **अविग्गमणे–अव्यग्रमनाः** સંયમ તથા તપની આરાધના કરવામાં આવતા પરીષહ અને ઉપસર્ગોથી અનાકુળ મન થઇને તથા **असंपहिट्ठे–असंप्रहृष्टः** સત્કાર પુરસ્કારથી સત્કૃત અને પુરસ્કૃત થવાથી પણ હર્ષભાવથી રહિત થઇને **निच्चरे–नित्यं चरेत्** અપ્રતિબંધ વિહાર કરે. વિહારમાં **कसिणं अहियासए–कृत्स्नं अध्यासीत** આવતા સઘળા પરીષહ અને ઉપસર્ગોને તે સહે છે. આવી પરિસ્થિતિવાળા **जो होइ–यः भवति** જે મુનિ હોય છે. **स भिक्खू** એ મુનિ જ ભિક્ષુ કહેવાય છે.

ભાવાર્થ—આ અધ્યયનમાં સૂત્રકાર ભિક્ષુનાં લક્ષણો બતાવી રહ્યા છે. એમના જ સંબંધથી તેઓ કહે છે કે, જે મુનિરાજ વિહાર કરતા સમયે આક્રોશ અને વધ પરિષહથી ચલિત થતા નથી. પરંતુ "આ આક્રોશ અને વધ મારા પૂર્વકૃત કર્મોએ જ મારી સામે ઉપસ્થિત કરેલ છે. આથી મારે એને મધ્યસ્થભાવથી સહન કરવાં જોઇએ. જો જરા સરખો પણ ચિત્તમાં એનાથી ક્ષોભ ભાવ જાગી જાય તો હું અસંયમ સ્થાનોમાં પતિત બની જઈશ." એવું સમજીને તેને સહન કરે છે. અને તેમના મનમાં એ વિચાર સદાના માટે બન્યો રહે છે કે, તપ અને સંયમની કસોટી પ્રતિકૂળ સંયોગોમાં જ થાય છે. આથી તપ સંયમની આરાધના કરવામાં મારે જો પરાષહ અને ઉપસર્ગોનો સામનો કરવો પડે છે તો એનાથી તપ સંયમની દૃઢતા થાય છે. એનાથી મને ઘણો મોટો લાભ થાય છે. તથા સત્કાર સન્માન મળવા છતાં પણ જેમના ચિત્તમાં થોડો સરખો પણ હર્ષનો ભાવ જાગૃત થતો નથી કેમકે,

દ્વેષ જે રીતે એમને પરિહાર્ય કહેવામાં આવેલ છે. એ પ્રમાણે હર્ષભાવ પણ પરિહાર્ય કહેવાયેલ છે. કેમકે, હર્ષભાવ રાગ પરિણતિ રહે છે. તથા અનુકૂળ અને પ્રતિકૂળ સંયોગને મુનિજન સહન કરતા રહે છે. એજ વાત "कृत्स्नमध्यासीत" આ પદ દ્વારા સૂત્રકારે પ્રદર્શિત કરેલ છે. આ પ્રકારની પરિસ્થીતિથી સંપન્ન મુનિ ભિક્ષુ કહેવાય છે. ॥ ૩ ॥

"पंतं सयणासणं" ઇત્યાદિ !

"पंतं सयणासणं" ઇત્યાદિ.

અન્વયાર્થ—જે મુનિ **पंतं सयणासणं–भइत्ता–प्रान्तम् शयनासनम् भक्त्वा** અસાર શયન–સંસ્તાર આદિ, આસન–પીઠ ફલકાદિકને ઉપયોગમાં લઇને તથા ઉપલક્ષણથી અસાર આહાર તથા વસ્ત્રાદિકનું સેવન કરીને તેમ જ **सीउण्हं विविहं दंसमसगं च भइत्ता–शीतोष्णं विविधं दंशमशकं च भक्त्वा** ઠંડી અને ઉષ્ણતાની વેદનાને અને વિવિધ પ્રકારના ડાંસ, મચ્છર, માંકડ, સુલસુલ આદિ જીવો દ્વારા ઉત્પન્ન થતી વેદનાને સહન કરીને **अव्वग्गमणे–अव्यग्रमनाः** સ્થિર ચિત્ત બની રહે છે તથા **असंपहिट्ठे–असंप्रहृष्टः** ડાંસ, મચ્છર આદિથી રહિત સ્થાનના લાભથી પ્રસન્નચિત્ત થતા નથી. આ પ્રમાણે દુઃખ અને સુખમાં સમચિત્ત રહીને **कसिणं अहियासए स भिक्खू–कृत्स्नम् अध्यासीत सः भिक्षुः** પ્રાપ્ત થતા સુખ અને દુઃખને શાંતિથી સહન કરે છે તેજ ભિક્ષુ છે.

ભાવાર્થ—પ્રાન્ત શયન આસન આદિને ઉપયોગમાં લેતી વખતે "આ ઠીક નથી, નવું હોવું જોઇએ" તથા "આ આહાર આદિ ભોજન સામગ્રી નિરસ છે, સરસ હોત તો સારૂં થાત, આ ઠંડીની અને ઉષ્ણતાની વેદના સહન થતી નથી. પરંતુ શું કરીએ, સહેવી પડે છે. આને માટે બીજો કોઈ ઉપાય નથી" ઇત્યાદિ. વિચારોથી રહિત જેમની દૃષ્ટિ છે એવા સાધુજન જ ભિક્ષુ છે. પદાર્થોમાં વિષમ દૃષ્ટિવાળા મુનિજન ભિક્ષુ નથી. ॥૪॥

"नो सक्कियं" ઇત્યાદિ.

અન્વયાર્થ—જે મુનિ **सक्कियम्–सत्कृतम्** સત્કારને–અભ્યુત્થાનાદિકરૂપ વિશેષ પ્રતિપત્તિને **न इच्छइ–न इच्छति** ચાહતા નથી, **न पूयम्–न पूजाम्** ન પૂજાને ચાહે છે, ન વસ્ત્રપાત્ર આદિની પ્રાપ્તિ રૂપ પ્રતિષ્ઠાને ચાહે છે. **णो वि वंदणगं–नापि वंदनकम** તેમ ન તો લોકો મને વંદન કરે." આ પ્રમાણે પોતાના વિશેષ સત્કારને ચાહે છે. તે **पसंस कुओ–प्रसंशाम् कुतः** પોતાની ગુણગાનની પ્રશંસાના અભિલાષી તો કઈ રીતે બની શકે ? નથી બનતા. એવા **से–सः** તે સાધુ સદા **सहिए–सहितः** બીજા મુનિઓની સાથે જ રહે છે, અથવા તે ષટ્કાયના જીવોની રક્ષા રૂપ હિત કરવામાં પરાયણ રહે છે. **आयगवेसए–आत्मगवेषकः** કર્મરજના

અપનયનથી શુદ્ધ આત્માના સ્વરૂપના ગવેષક હોય છે. **संजए–संयतः** સમ્યક્ યતના સંપન્ન હોય છે, **सुव्वए–सुव्रतः** પાંચ મહાવ્રતધારી હોય છે, **तवस्सी–तपस्वी** પ્રશસ્ततपની આરાધનામાં પરાયણ રહે છે. **स भिक्खू–स भिक्षुः** તેજ ભિક્ષુ કહેવાય છે. આથી સૂત્રકારે એ પ્રદર્શિત કરેલ છે કે, મુનિએ સત્કાર પુરસ્કારપરીષહ સહન કરવા જોઇએ

ભાવાર્થ—પોતાની પ્રતિષ્ઠામાં જેને રાગ નથી તેમ અપ્રતિષ્ઠામાં જેને દ્વેષ નથી, પ્રશંસાથી જેને હર્ષ નથી અને નિંદાથી જેને અમર્ષ–દુઃખ નથી, વંદનામાં જેને મોહ નથી અને તિરસ્કારમાં જેને ક્ષોભ નથી. ષટ્કાયના જીવોની રક્ષા કરનારા પરમ કરૂણા જેને અંતઃકરણમાં સદાએ વસેલી રહે છે. અન્ય મુનિઓની સાથે જે વિચરે છે અને એકલા નથી વિચરતા. શુદ્ધ આત્માના સ્વરૂપની ગવેષણામાં જે મગ્ન બનીને જ રહે છે. પાંચ મહાવ્રતોની આરાધનામાં જે કદી પણ દોષ આવવા દેતા નથી, અનશન આદિ તપોનું આચરણ કરવામાં જેમને અધિક ઉલ્લાસ થાય છે તેજ ભિક્ષુ છે. ॥ ૫ ॥

"जेण पुण" ઇત્યાદિ!

અન્વયાર્થ—**जेण–येन** જેના પ્રસંગમાં આવવાથી મુનિ **जीवियं–जीवितम्** પોતાના સંયમરૂપી જીવનને બીલકુલ **जहाइ–जहाति** છોડી દે છે. અથવા **कसिणं मोहं णियच्छइ–कृत्स्नं मोहं नियच्छति** સમસ્ત કષાય અને નોકષાયરૂપ મોહનીય કર્મનો બંધ કરે છે. આ પ્રકારનો **नरनारीं–नरनारी** નર અને નારીઓનો પરિચય **तवस्सी–तपस्वी** તપમાં પરાયણ મુનિ **पजहे–प्रजहाति** છોડી દે છે તાત્પર્ય એ છે કે–જે સ્ત્રી સાધ્વી હોય તો પોતાના બ્રહ્મચર્યની રક્ષા માટે 'નર' નામ પુરુષોના પરિચયને છોડી દે છે. અગર 'નર' મુની હોય તો નારી અર્થાત્ સ્ત્રીના પરિચયને છોડી દે છે, અથવા સાધ્વી સ્ત્રી અને પુરુષ બન્નેનો પરિચય છોડી દે છે એ રીતે સાધુ પણ સ્ત્રી તથા પુરુષ બન્નેનો પરિચય છોડી દે છે, તથા અભુક્ત વિષયમાં **कोउहलं–कौतूहलम्** ઉત્સુકતાના ભાવનો અને ઉપલક્ષણથી ભુક્તમાં સ્મૃતિરૂપ ભાવનો પણ **नउवेइ–नउपैति** પરિત્યાગ કરી દે છે તે **स भिक्खू–स भिक्षुः** મુનિજ સાચા ભિક્ષુ છે. ॥ ૬ ॥

આ પ્રમાણે સિંહવૃત્તિપૂર્વક વિહારમા પરીષહ જય કરવાથી મુનિ ભિક્ષુતાનું સમર્થન કરીને હવે સૂત્રકાર પિંડવિશુદ્ધિદ્વારા ભિક્ષુતાનું સમર્થન કરે છે.—

"छिन्नं" ઇત્યાદિ!

અન્વયાર્થ—**छिन्नं–छिन्नम्** વસ્ત્રાદિકોના છેદનથી શુભાશુભના નિરૂપક સૂત્રનું નામ છિન્ન સૂત્ર છે. એને જાણનાર વ્યક્તિ વસ્ત્રાદિકોને છિન્ન જોઇને અથવા તો ઉંદરથી કાપવામાં આવેલ જોઇને તેમજ અગ્નિ આદિ દ્વારા દગ્ધ થયેલ જોઇને શુભ અને અશુભનું નિરૂપણ કરે છે.

"छिन्नं" આ ઉપલક્ષણ છે. આથી કજ્જલ કર્દમ આદિ દ્વારા ઉપલિપ્ત વસ્ત્રાદિકને જોઇને પણ શુભાશુભનું નિરૂપણ કરે છે. કહ્યું પણ છે—

"अंजण–खंजण–कद्दमलित्ते, मूसगभक्खिय अग्नि विदड्ढे।
तुन्निय=कुट्टिय–पज्जवलीढे, होइ विवागु सुहो असुहो वा ॥ १ ॥
चत्तारि देवयाभागा, दोय भागाय माणुसा ।
आसुरा य दुवे भागा, मज्झे वत्थस्स रक्खसो ॥ २ ॥
देवेसु उत्तमो लाहो, माणुस्सेसु य मज्झिमो ।
आसुरे सु य गेलन्नं मरणं जाण रक्खसे ॥ ३ ॥

વસ્ત્રમાં કદાચ આંજણુ-કાજળ લાગી જાય, અંજન ગાડાના પૈડાની મળી લાગી જાય, યા કર્દમ અર્થાત્ કાદવ લાગી જાય, અથવા વસ્ત્રને કદાચ ઉંદર કાપી નાખે, અથવા તો આગથી બળી જાય, અથવા–તે તૂર્ણિત અર્થાત રફુ કરવામાં આવે–તુણવામાં આવે, કુટ્ટિત અર્થાત છિદ્રવાળાં હોય, અથવા ગાય આદિ પશુઓથી ચવાયેલાં હોય, તો એનાં શુભ અને અશુભ ફળ થાય છે. ॥ ૧ ॥

વસ્ત્રના કયા ભાગમાં કોનો નિવાસ છે અને કયા ભાગમાં આંજણુ આદિ લાગવાથી કે, ઉંદર આદિ દ્વારા છિદ્ર વગેરે થવાથી શું ફળ થાય છે તે કહે છે—

વસ્ત્રમાં નવ ભાગની કલ્પના કરવી જોઇએ તેમાં ચાર ભાગ દેવોના હોય છે, બે ભાગ મનુષ્યોના, બે ભાગ અસુરોના હોય છે. અને વસ્ત્રનો વચલો ભાગ રાક્ષસોનો હોય છે. ॥ ૨ ॥

દેવોના ભાગોમાં ઉત્તમ લાભ થાય છે. મનુષ્યોના ભાગોમાં મધ્યમ લાભ થાય છે, અસુરોના ભાગોમાં ચોરી થાય છે, અને રાક્ષસોના ભાગમાં મરણ થાય છે. ॥૩॥

कज्जल-कर्दम गोमय लिप्ते वाससि दग्धवति स्फटिते वा ।
चिन्त्यमिदं नवधा विहितेऽस्मिन् इष्टमनिष्टफलं च सुधीभिः ॥ २ ॥
भोगप्राप्तिर्देवतांशे नरांशे, पुत्रप्राप्तिः स्याद्राक्षसांशे च मृत्युः
प्रान्ते सर्वेशेऽप्यनिष्टं फलं स्यात्, प्रोक्तं वस्त्रे नूतने साध्वसाधु ॥ ३ ॥


આ વિષયમાં રત્નમાળામાં આ પ્રમાણે કહ્યું છે—

વસ્ત્રના ખૂણામાં દેવોનો નિવાસ છે, બન્ને તરફના બન્ને ખૂણાની વચમાં મનુષ્યોનો નિવાસ છે, વચ્ચેના ત્રણે ભાગોમાં રાક્ષસોનો નિવાસ છે. આજ પ્રમાણે શય્યા, આસન અને પાદુકાના વિષયમાં પણ સમજવું જોઈએ. ॥ ૧ ॥

કદાચ વસ્ત્રમાં આંજણુ લાગી જાય, અથવા કાદવ લાગી જાય, અથવા છાણ લાગી જાય, અથવા વસ્ત્ર કદાચ બળી જાય કે, ફાટી જાય, તો નવ કોષ્ટક યંત્રમાં એનું શુભ અને અશુભ ફળ સમજી લેવું જોઈએ. ॥ ૨ ॥

દેવતાના અંશોમાં આંજણુ આદિ લાગવાથી ભોગપ્રાપ્તિ થાય છે, મનુષ્યના અંશોમાં પુત્રપ્રાપ્તિ થાય છે, રાક્ષસના અંશોમાં મૃત્યુ થાય છે. તથા વસ્ત્રના પ્રાન્ત ભાગમાં સર્વત્ર અનિષ્ટ ફળ થાય છે. આ પ્રમાણે નવા વસ્ત્રમાં કાજળ આદિના દ્વારા શુભ અશુભ ફળ સમજવું જોઇએ ॥ ૩ ॥

આ મત મુજબ વસ્ત્રનું શુભાશુભ સૂચક યંત્ર આ પ્રમાણે છે.



છિન્ન સૂત્રને જાણનાર આ સઘળા નિમિત્તોથી શુભ અશુભને બતાવી શકે છે.

બીજું છ સ્વરશાસ્ત્ર તથા ત્રીજું છે ભૌમશાસ્ત્ર, ભૌમશાસ્ત્ર એ બતાવે છે કે, ભૂમિના કંપવાથી શુભાશુભ કઈ રીતે જાણી શકાય છે કહ્યું છે—

" शब्देन महता भूमिर्यदा रसति कम्पते ।
सेनापतिरमात्यश्च, राजा राष्ट्रं च पीड्यते ॥ १ ॥ "

અર્થાત્—જો પૃથ્વી મોટા અવાજ સાથે કાંપતી હોય તો સેનાપતિ, મંત્રી રાજા અને રાષ્ટ્રને પીડા કારક છે.

ચોથું अंतलिक्खं–अन्तरिक्षम् આકાશગત ગંધર્વનગર આદિને જોઈને શુભાશુભને પ્રગટ કરવું તે આન્તરિક્ષ નિમિત્તજ્ઞાન છે.

જેમ— " कपिलं सस्यघाताय, मांजीष्ठं हरणं गवाम् ।
अव्यक्तवर्णं कुरुते, बलक्षोभं न संशयः ॥ १ ॥
गंधर्वनगरं स्निग्धं, सप्रकारं सतोरणम्
सोम्यां दिशं समाश्रित्य, राज्ञस्तद् विजयं करम् ॥ "

અર્થાત્—જો ગન્ધર્વનગર કપિલ–તામ્ર વર્ણનું હોય તો ધાસનો નાશ થાય છે. માંજીઠ—લાલ વર્ણવાળું હોય તો ગાયોનું હરણ થાય છે. અવ્યક્ત અસ્પષ્ટવર્ણ વાળું હોય તો સેનામાં ઉપદ્રવ થાય છે. એમાં કંઈજ સંશય નથી ॥ ૧ ॥

જો ગન્ધર્વનગર પૂર્વ દિશામાં હોય અને તે સ્નિગ્ધ–ચીકણુ હોય તો રાજાને વિજય અપાવનાર હોય છે. ॥ ૨ ॥

પાંચમું નિમિત્તજ્ઞાન છે सुविणं—સ્વપ્ન શાસ્ત્ર—જેમ—

" गायने रोदनं विद्यान्नर्तने वधबन्धनम् ।
हसने शोचन ब्रूयात् पठने कलहं तथा ॥ १ ॥ "

અર્થાત્—જો સ્વપ્નમાં ગાયન ગાય તો તેનું ફળ રુદન-રડાવનારૂં થાય છે. નૃત્ય-નાચવું થાય તો વધ અને બંધન થાય છે. હસે તો ચીંતા કરાવનાર થાય છે. અને ભણે તો કલહ કરાવનાર થાય છે. ॥ ૧ ॥

છઠું નિમિત્તજ્ઞાન છે लक्खणं–लक्षणं હાથી ઘોડા અને સ્ત્રી પુરુષો આદિનાં લક્ષણોને જોઈને એના શુભાશુભનું કથન કરવું સાતમું નિમિત્તજ્ઞાન છે दंड वत्थु विज्जं–दंडवास्तुविद्याम् દંડ વાસ્તુ વિદ્યા–દંડનાં એક પર્વ અથવા બે પર્વ જોઈને તેના સારાબુરાનું કથન કરવું તેમજ મહાન આદિની રચના જોઈને તેના શુભાશુભનું કથન કરવું. अंगवियारं–अङ्गविकारम् અંગોનું ફરકવું આદિથી શુભાશુભ કહેવું सरस्स विजयं–स्वरस्य विजयः પક્ષી આદિના શબ્દોદ્વારા શુભાશુભ જાણવું. આ સઘળા નિમિત્તજ્ઞાન છે. એનું નામ નિમિત્તવિદ્યા પણ છે जे विज्जाहिं ण जीवई स भिक्खू–ये विद्याभिर्न जीवति स भिक्षुः આ વિદ્યાઓ દ્વારા જે મુનિ આજીવિકા ચલાવતા નથી. એનું નામ ભિક્ષુ છે. અર્થાત્—આ આઠે અંગોમાં કહેલ નિમિત્તોને કરતા નથી તેજ સાધુ છે. ॥ ૭ ॥

તથા—" **मंतं** " ઇત્યાદિ !

અન્વયાર્થ—**मंतं–मंत्रम्** મંત્રોનું **मूलं–मूलम्** મૂળ-વનસ્પતિ-'જડી બૂટી'ના ગુણોનાં પ્રતિપાદક શાસ્ત્રમાં અનેક પ્રકારના **विविहं विज्जचिंतं—विविधां वैद्य चिन्ताम्** વૈદ્ય સંબંધી વિચારોનું **वमण–विरेयण–धूम–नेत्तसिणाणं–वमन–विरेचन –धूम–नेत्र–स्नानम्** વમન, વમનનો ઉપાય અથવા વમનનું ફળ, વિરેચન–શુદ્ધિના ઉપાય અથવા વિરેચનનાં ફળ ધૂમ–ભૂતને ડરાવવામાટે મનઃશિલા આદિના ફળ, ધૂપ, નેત્ર–નેત્ર રોગને માટે સમીરાંજન, અને સ્નાન–સંતાનને માટે મંત્રૌષધિ જળથી અભિષેક **आउरे सरणं–आतुरे स्मरणम्** રોગ અવસ્થામાં સંબંધિઓનું સ્મરણ કરવાની, **तिगिच्छियम्-चिकित्सितम्** પોતાના અને બીજાના રોગોને પ્રતિકાર **परिन्नाय-परिज्ञाय** જ્ઞપરિજ્ઞાથી એ બધાને અનર્થનું મૂળ જાણીને અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી પરિત્યાગ કરી **जो परिव्वए–यः परिव्रजेत्** જે સંયમ માર્ગમાં વિચરે છે, **स भिक्खू–स भिक्षुः** તે ભિક્ષુ છે. ॥૮॥

તથા—"**खत्तियगण,**" ઇત્યાદિ !

અન્વયાર્થ—**खत्तिय–णण–उग्ग – रायपुत्ता – क्षत्रिय–गणोग्रराजपुत्राः** ક્ષત્રિય વંશમાં જન્મેલી વ્યક્તિઓની, વિશિષ્ટ શક્તિશાળી પહેલવાનોની ઉગ્ર વંશમાં ઉત્પન્ન થયેલ મનુષ્યોની, અને રાજપુરુષોની તથા **माहण–ब्राह्मणः** બ્રાહ્મણ જનોની અને **भोइण–भोगिकाः** ભોગીજનોની, રાજ્યમાન્ય આમાત્ય આદિકોની તથા **विविहाय सिप्पिणो–विविधाः शिल्पिनः** અનેક પ્રકારના શિલ્પીજનોની જેવા કે– રથકાર, ચિત્રકાર આદિ કારીગરોની **सिलोगपूयं–श्लोकपूजाम्** જે મુનિજન "એ ઘણાજ સારા છે, એનો સત્કાર પુરસ્કાર કરો." આ પ્રમાણે બીજાને **नो वयइ–नो वदति** કહેતા નથી પરંતુ તેમની **तं–तत्** એ શ્લોક પૂજાને **परिन्नाय–परिज्ञाय** જ્ઞ પરિજ્ઞાથી સાવદ્યરૂપ જાણીને અને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી એનો પરિત્યાગ કરી **परिव्वए–परिव्रजेत्** સંયમમાર્ગમાં વિચરે છે **स भिक्खू–स भिक्षुः** તેનું નામ ભિક્ષુ છે. ॥૯॥

તથા—" **गिहिणो** " ઇત્યાદિ !

અન્વયાર્થ—**जे गिहिणो–ये गृहिणः** જે ગૃહસ્થ જન **पव्वइयेण–प्रव्रजितेन** દીક્ષિત બનેલા સાધુ દ્વારા પૂર્વે **दिट्ठा–दृष्टाः** જોવામાં આવે અને તેમની સાથે પરિચય પણ થઇ ગયેલ હોય **व–वा** અથવા **अप्पव्वइएण–अप्रव्रजितेन** ગૃહસ્થાવસ્થામાં રહેલા એ સાધુદ્વારા **संथुया हवेज्ज–संस्तुताः भवेयुः** પહેલા પરિચયમાં આવેલ હોય **तेसिं–तेषाम्** આ બન્ને પ્રકારની અવસ્થાઓમાં પરિચિત એવા ગૃહસ્થોનું **जो–यः** જે સાધુ **इहलोइयफलट्ठा—इहलौकिकफलार्थम्** આ લોક સંબંધી ફળનાં માટે–વસ્ત્ર પાત્રાદિકની એમની પાસેથી પ્રાપ્તિના નિમિત્તે **संथवं न करेइ स भिक्खू—संस्तवम् न करोति स भिक्षुः** પરિચય કરતા નથી તે ભિક્ષુ છે. ॥ ૧૦ ॥

તથા—" **सयणासण** " ઇત્યાદિ !

અન્વયાર્થ—**परेसिं–परैः** ગૃહસ્થ જનો તરફથી **सयणासणपाणभोयणं–शयनासनपानभोजने** શયન–શય્યા સંસ્તારન આદિ, આસનપીઠ ફલક આદિ, પાન –ધૌત જલાદિક ભોજન–વિશુદ્ધ આહાર આદિ તથા **विविहं खाइमं साइमं–विविधे खादिमस्वादिमे** અનેકવિધ અચિત્ત–એષણીય પિંડ ખજૂર આદિ, સ્વાદિમ–લવિંગા દિકરૂપ સ્વાદિમ વસ્તુ **अदए–अदत्ते** પોતાના ઘરમાં વિદ્યમાન હોવા છતાં પણ કૃપણતાવશ જે આપવામાં આવેલ ન હોય તથા દુર્લભબોધિ હોવાના કારણે **पडिसेहिए–प्रतिषेधिते** એણે એવું પણ કહી દીધું હોય કે, હે ભિક્ષુ ! તમે અમારા ઘર ઉપર ભલેચુકે પણ આજથી કોઇ દીવસ પગ મુકશો નહીં. હું તમને કાંઇપણ આપનાર નથી. આ પ્રમાણે આવવાની મના કરી હોય છતાં પણ **नियंठे–निर्ग्रंथः** નિર્ગ્રંથ સાધુ **तत्थ न पउस्सइ–तत्र न प्रद्वेष्टि** એમના ઉપર દ્વેષભાવ રાખતા નથી. **स भिक्खु –स भिक्षुः** તે ભિક્ષુ છે. આ પ્રમાણે પ્રતિકૂળના ઉપર પણ ક્રોધ ન કરવો તેમજ આ કથનથી અશેષ ભિક્ષા સંબંધી દોષોનો પણ પરિહાર સાધુએ કરવો જોઈએ. એમ આ વાત જાણી શકાય છે. ।। ૧૧ ।।

હવે અહીં ગ્રાસૈષણાના દોષોનો પરિહાર કહેવામાં આવે છે—

"**जं किंच्चा**" ઇત્યાદિ !

અન્વયાર્થ—**विविहं–विविधम्** અનેક પ્રકારના **खाइमसाइमं–खाद्यम् स्वाद्यम्** આદ્ય–અચિત્ત–એષણીય પિંડ. ખજૂર આદિ આહાર, સ્વાદ્ય–લવિંગાદિક આહાર, તથા **आहारपाणगं–आहारपानकम्** અન્નાદિકથી નિષ્પન્ન રોટી આદિરૂપ આહાર અને પીવા યોગ્ય દૂધ આદિરૂપ આહાર **परेसिं–परेभ्यः** બીજા દાતા ગૃહસ્થોને ત્યાંથી **जं किंच–यत् किंचित्** માત્રામાં અલ્પ પણ મળે તો પણ **लद्धुं–लब्ध्वा** એને પ્રાપ્ત કરી **जो–यः** જે સાધુજન **तं–तम्** એ પ્રાપ્ત આહાર દ્વારા **तिविहेण–त्रिविधेन** મન, વચન અને કાયાથી **नाणुकंपे–नानुकम्पते** બાલ ગ્લાન આદિ મુનિઓ ઉપર દયા કરતા નથી–અર્થાત્ પ્રાપ્ત થયેલા એ આહારને વિભક્ત કરી એને પ્રદાન નથી કરતા તે ભિક્ષુ નથી. કેમકે, "**असंविभागी न हु तस्स मोक्खो**" "જે સંભોગીનો વિભાગ નથી કરતા તે મોક્ષ મેળવી શકતા નથી" તેમજ જે સાધુ **मण–वयण–काय–सुसंवुडे–मनोवाक्कायसुसंवृतः** મન વચન અને કાયાથી સુસંવૃત થઈને એ બાલ ગ્લાન આદિ સાધુજનો ઉપર અનુકંપા રાખે છે અર્થાત પોતાને પ્રાપ્ત થયેલ થોડા આહાર આદિને પણ વિભક્ત કરીને તેમને આપે છે **स भिक्खू–स भिक्षुः** તેજ ભિક્ષુ છે. અથવા તે આહારાદિકની પ્રશંસા કરતા નથી અને ઉપલક્ષણથી નિંદા પણ કરતા નથી. અર્થાત્ મનને અનુકૂલ આહાર આદિની પ્રશંસા અને મનના પ્રતિકૂલ–આહાર આદિની નિંદા કરતા નથી. મનવચન અને કાયાથી સુસંવૃત થઈને રહે તેજ ભિક્ષુ કહેવાય છે. ગૃદ્ધિના અભાવમાં અંગાર દોષનો પરિહાર કહેલ છે. ।।૧૨।।

તથા—"**आयामगं**" ઇત્યાદિ !

અન્વયાર્થ—**साधु पंतकुलाइं परिव्वए–प्रान्तकुलानि परिव्रजेत्** આહારને માટે દરિદ્ર કુળોમાં પણ જાય, એવું ન કરે કે, સદા ધનિકોના ઘેરજ ભિક્ષા માટે જાય. કેમકે, આમ કરવાથી નિયતપિંડની પ્રાપ્તિ થતી હોવાથી એ સાધુના માટે પોતાના ધર્મની હાનિનું કારણ બની જાય છે. આથી દરિદ્રકુળોમાં ભિક્ષાને માટે જવાથી એમને **आयामगं–आचामकं** શાક આદિનું અવસ્રાવણ–ઓસામણ ચોળેલા મસાલાવાળા અથવા વગર મસાલાનું મીઠા મરચાંવાળું પાણી અથવા **जवोदणं–यवभक्तम्** જવની ખીચડી અથવા **सीयं सौवीर जवोदगं च–शीतं सौवीरयवोदकं च**

પર્યુષિત (વાસી) ભાત અથવા રોટી આદિ ઉપલક્ષણથી પર્યુષિત છાશ મિશ્રિત ચણકાદિ અન્ન, સૌવીર-કાંજી અથવા જવના ધોવણનું પાણી આ બધું મળે છે. **नीरसं पींडं–निरसं पिण्डम्** આ નીરસ આહાર છે. આવો નીરસ આહાર મળતા **नो हीलए–नो हीलयेत्** એવા વિચારથી એ સાધુએ નિંદા ન કરવી જોઈએ કે "આ કુત્સિત અન્ન છે, આ પાણી પીવા યોગ્ય નથી" આ પ્રકારથી પ્રાન્તકુળ ભિક્ષાચારી જે સાધુ હોય છે તેજ ભિક્ષુ છે.

ભાવાર્થ—જે સાધુ પોતાની ભિક્ષાવૃત્તિનું લક્ષ કેવળ શ્રીમંતોનાં જ ઘરોને બનાવતા નથી પરંતુ દરિદ્રીઓના ઘરોમાં પણ ભિક્ષાવૃત્તિ માટે જાય છે અને ત્યાં તેને જે કાંઇ નિરસ આહાર મળે છે એને સમભાવથી ગ્રહણ કરે છે. તેજ ભિક્ષુછે. ॥૧૩॥

તથા "सद्दा" ઇત્યાદિ !

અન્વયાર્થ—**लोए–लोके** આ સંસારમાં **विविहं–विविधां** પરીક્ષા કરવાના નિમિત્તને લઈને અથવા તો દ્વેષ આદિ કારણોને લઈને વિવિધ પ્રકારના **सद्दा–शब्दाः** શબ્દ **दिव्वा–दिव्याः** દેવ સંબંધી, **माणुसीया–मानुष्यकाः** મનુષ્ય સંબંધી, **तिरिच्छा–तैरिश्चाः** તિર્યંચ સંબંધી **भवंति–भवन्ति** થાય છે. જે શબ્દ **भीमा–भीमाः** રૌદ્ર અને **भय–भेरवा–भवभैरवाः** અત્યંત ભયાનક હોય છે **जो–यः** જે સાધુજન આવા શબ્દોને **सोच्चा–श्रुत्वा** સાંભળવા છતાં પણ **ण विहेज्जइ–न विभेति** ડરતા નથી–ધર્મ ધ્યાનથી વિચલિત થતા નથી. **स भिक्खू–स भिक्षुः** તે ભિક્ષુ છે. આ કથનથી એ વાતની પુષ્ટી સૂત્રકારે કરી છે કે, સિંહવૃત્તિથી વિહાર કરવામાં સાધુએ ઉપસર્ગ સહિષ્ણુ બનવું જોઈએ.

ભાવાર્થ—સંસારમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં પ્રાણીઓ હોવાથી એમનો વિચાર પણ ભિન્ન ભિન્ન હોય છે કોઇ પણ ભાવિકજન હોય છે કે, સાધુને જોતાંજ શ્રદ્ધાથી એમના ચરણોમાં ઝુકી જાય છે અને એમના દર્શનથી પોતાનું પરમ અહોભાગ્ય માને છે. કેટલાક એવા પણ હોય છે કે, તેઓ એ સાધુઓની પરીક્ષા કરીને પછીથી સાચા સાધુ સમજ્યા પછી જ તેમને પોતાના ઉપાસ્ય ગુરુદેવ તરીકે માને છે. કેટલાક એવા હોય છે કે, જેમના હૃદયમાં વીતરાગ તેમજ ગુરુઓના તરફ હૃદયમાં દ્વેષની અગ્નિ સળગતી રહે છે. કોઈ કોઈ દેવ પણ સાધુઓની પરીક્ષા કરતા હોય છે. વિહાર કરતાં કરતાં સાધુજન જ્યારે માર્ગ ભૂલાઇ જતાં ભયંકર જંગલોમાં પહોંચી જાય છે. ત્યારે તેમને સિંહોનો પણ સામનો કરવો પડે છે. આથી સાધુઓને ચાહે દેવ સંબંધી ભયંકર રૌદ્ર શબ્દ સાંભળવા મળે ચાહે મનુષ્ય યા તો તિર્યંચ સંબંધી છતાં પણ એ સાધુ ધન્ય છે કે જે આવા ભયોત્પાદક રૌદ્ર શબ્દોને સાંભળીને પણ પોતાના ધર્મધ્યાનથી વિચલિત બનતા નથી એવા સાધુ જ ભિક્ષુ સંજ્ઞાના અધિકારી હોય છે. ॥ ૧૪ ॥

તથા—"वायं" ઇત્યાદિ !

અન્વયાર્થ—જે સાધુ **लोए विविहं वायं समिच्च-लोके विविधं वादं समेत्य** લોકોમાં પ્રચલિત વિવિધ માન્યતાઓને જ્ઞ પરિજ્ઞાથી સંયમમાં હાનીકારક જાણીને પછીથી પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી તેનો પરિત્યાગ કરી દે છે, અને **सहिए–सहितः** જ્ઞાનક્રિયાની દૃઢતાથી યુક્ત યદ્વા પરિણામમાં સુખાવહ જીન વચનથી યુક્ત અથવા બીજા મુનિઓથી યુકત બનીને **खेयाणुगए–खेदानुगतः** સંયમની આરાધના કરવામાં લવલીન રહે છે. અને **कोवियप्पा–कोविदात्मा** શાસ્ત્રીય રહસ્ય જ્ઞાનથી પોતાની જાતને વાસીત કરીને **पन्ने–प्रज्ञः** હેય અને ઉપાદેયની બુદ્ધિ સંપન્ન બની જાય છે. તેમજ **अभिभूय–जिइंदिओ–जितेन्द्रियः** જેનો ઇન્દ્રિયો વશમાં છે. **सव्वओ विप्पमुक्के–सर्वतः विप्रमुक्तः** સર્વ પ્રકારના બહારના અને અંદરના પરિગ્રહથી જે રહિત બનેલ છે તથા **अणुकसाई–अणुकषायी** મંદ કષાયવાળા છે. **लहु अप्पभक्खी–लघ्वल्पभोजी** લઘુ–નિઃસાર, પર્યુષિત ખાટી છાશથી મિશ્રિત બલ્લચણુક આદિ અન્નને અલ્પ માત્રામાં જે લે છે અર્થાત–અન્ત પ્રાન્ત અન્નપાનનું જે સેવન કરવાવાળા છે એવા સાધુ **गृहं चिच्चा–गृहं त्यक्त्वा** દ્રવ્ય અને ભાવગૃહનો પરિત્યાગ કરીને, **एगे–एकः** રાગદ્વેષથી રહિત બનીને **चरे–विरचेत्** સંયમમાર્ગમાં વિચરણ કરે છે **स भिक्खू–स भिक्षुः** તેજ ભિક્ષુ છે (**त्ति बेमि–इतिम म**) આ પ્રકારે ભગવાનના મોઢેથી જે મેં સાંભળેલ છે તે તમોને કહેલ છે.

ભાવાર્થ—જે અશિલ્પજીવી છે, જેને પોતાનું કોઈ ઘર નથી તેમજ જેને કોઇ મિત્ર કે શત્રુ નથી. ઇન્દ્રિયો ઉપર જેણે કાબુ મેળવેલ છે. પરંતુ એની માફક જે **जिइंदिओ–जितेन्द्रियः** જેનો ઇન્દ્રિયો વશમાં છે. **सव्वओ विप्पमुक्के–सर्वतः विप्रमुक्तः** સર્વ પ્રકારના બહારના અને અંદરના પરિગ્રહથી જે રહિત બનેલ છે તથા **अणुकसाई–अणुकषायी** મંદ કષાયવાળા છે. **लहु अप्पभक्खी–लघ्वल्पभोजी** લઘુ–નિઃસાર, પર્યુષિત ખાટી છાશથી મિશ્રિત બલ્લચણુક આદિ અન્નને અલ્પ માત્રામાં જે લે છે અર્થાત–અન્ત પ્રાન્ત અન્નપાનનું જે સેવન કરવાવાળા છે એવા સાધુ **गृहं चिच्चा–गृहं त्यक्त्वा** દ્રવ્ય અને ભાવગૃહનો પરિત્યાગ કરીને, **एगे–एकः** રાગદ્વેષથી રહિત બનીને **चरे–विरचेत्** સંયમમાર્ગમાં વિચરણ કરે છે **स भिक्खू–स भिक्षुः** તેજ ભિક્ષુ છે (**त्ति बेमि–इतिम म**) આ પ્રકારે ભગવાનના મોઢેથી જે મેં સાંભળેલ છે તે તમોને કહેલ છે.

ભાવાર્થ—જે અશિલ્પજીવી છે, જેને પોતાનું કોઈ ઘર નથી તેમજ જેને કોઇ મિત્ર કે શત્રુ નથી. ઇન્દ્રિયો ઉપર જેણે કાબુ મેળવેલ છે. પરંતુ એની માફક જે ચલતા નથી પરંતુ ઇન્દ્રિયોને જ પોતાની ઇચ્છા પ્રમાણે ચલાવે છે. પરિગ્રહનાં કષ્ટોને સહન કરવા માં જે સમર્થ છે અને અપરિગ્રહના સિદ્ધાંતને જેણે પોતાના જીવનમાં પૂર્ણરૂપથી સિદ્ધાંત માર્ગના અનુસાર ઉતારેલ છે, તેમજ એ માર્ગ ઉપર ચાલવા બીજાને જે સમજાવે છે. પ્રબળ કષાયની માત્રા જેની અંદર નથી, અત્યંત મંદ કષાયવાળા છે. અર્થાત–શરીર નિર્વાહના માટે જ જે અન્તપ્રાન્ત અન્ન પાનનું સેવન કરે છે એવા સાધુજ ભિક્ષુની કોટિમાં માનવામાં આવેલ છે રાગદ્વેષ સાથે એમનો કોઇ સંબંધ હોતો નથી. (**इति ब्रवीमि**) આ પ્રકારે આ અધ્યયનનો ઉપસંહાર કરીને શ્રી સુધર્માસ્વામી જમ્બૂસ્વામીને કહે છે કે, આ અધ્યયનમાં અહિં સુધી ભિક્ષુના વિષયમાં જે કાંઈ કહેવાયેલ છે તે બધું શ્રી વીર પ્રભુના મોઢેથી મેં જેવું સાંભળ્યું છે તેવું જ તમોને કહેલ છે. મારી પોતાની કલ્પનાથી મેં કાંઈ પણ કહેલ નથી. ૧૫ા્રો

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના પંદરમા અધ્યયનનો ગુજરાતી ભાષા અનુવાદ સંપૂર્ણ. ।।૧૫।।

સોળમાં અધ્યયનનો પ્રારંભ—

પંદરમું અધ્યયન કહેવાઈ ગયું, હવે સોળમા અધ્યયનનો પ્રારંભ થાય છે. આ અધ્યયનનો સંબંધ પંદરમા અધ્યયનની સાથે આ પ્રકારનો છે–પંદરમા અધ્યયનમાં ભિક્ષુના ગુણોનું જે વર્ણન કરવામાં આવેલ છે તે બ્રહ્મચર્યથી યુક્ત એવા ભિક્ષુઓનું જ હોઈ શકે છે. તથા બ્રહ્મચર્યગુપ્તિનું પરિજ્ઞાન જ્યાં સુધી થતું નથીનુ સુધી સુદૃઢ બ્રહ્મચર્ય પાળી શકાતું નથી. આથી એની દૃઢતા માટે આ અધ્યયનમાં બ્રહ્મચય ગુપ્તિઓ કથન કરવામાં આવશે. આ સંબંધથી આવેલા આ અધ્યયનનું આ સર્વ પ્રથમ સૂત્ર છે.—**"सुयं मे"** ઇત્યાદિ !

અન્વયાર્થ—સુધર્માસ્વામી જમ્બૂસ્વામીને કહી રહ્યા છે કે, આયુષ્મન્! **भगवया–भगवता** જ્ઞાનાદિક ગુણોથી યુક્ત **तेणं–तेन** એ ત્રણ લોકમાં પ્રસિદ્ધ જ્ઞાતપુત્ર તીર્થંકર શ્રી મહાવીર પ્રભુએ **एवमक्खायं–एवमाख्यातम्** સકળ જીવોની ભાષામાં પરિણમિત થનારી પોતાની દિવ્ય વાણી દ્વારા આ વક્ષ્યમાણ પ્રકારથી કહ્યું તે **मे सुयं–मया श्रुतम्** મેં સાંભળ્યું. અથવા–**आउसंतेणं**-આ એક પદ પણ થઇ શકે છે. આની છાયા **"आवसता"** એવી થાય છે. આનો અર્થ "આ-શાસ્ત્રીય મર્યાદા અનુસાર ગુરુકુળમાં નિવાસ કરનાર મેં" એવો થાય છે. આથી સુધર્માસ્વામીનો એ અભિપ્રાય પ્રગટ થાય છે કે, તેઓ જે કાંઈ જમ્બૂસ્વામીને કહી રહ્યા છે તે પોતાના તરફથી ન કહેતા પરંતુ મહાવીર પ્રભુ પાસેથી તેમણે જે કાંઈ સાંભળેલ છે તેજ પ્રમાણે પ્રગટ કરતા જમ્બૂસ્વામીને કહી રહેલ છ. **इह खलु थेरेहिं भगवंतेहिं दसबंभचेर समाहिट्ठाणा पण्णात्ता–इह खलु स्थविरैः भगवद्भिः दश ब्रह्मचर्यस्थानानि प्रज्ञप्तानि** તેઓ કહે છે કે, આ પ્રવચનમાં નિશ્ચયથી ભૂતકાળના તીર્થંકર દેવોએ કે જે, સમસ્ત ઐશ્વર્ય આદિ ગુણોથી સંપન્ન હતા તેમણે બ્રહ્મચર્યનાં દશ સમાધીસ્થાન પ્રરૂપિત કરેલ છે. કામ સેવનનો પરિત્યાગ કરવો તેનું નામબ્રહ્મ છે. તે બ્રહ્મમાં લવલીન થવું તેનું નામ બ્રહ્મચર્ય છે. બ્રહ્મચર્યનું ત્રણ કરણ અને ત્રણ યોગથી સમ્યક્ પ્રકારથી આરાધન કરાય છે તેનું નામ બ્રહ્મચર્ય સમાધી છે. અર્થાત—મન, વચન, કાયા તેમજ કરવા કરાવવાની અનુમોદનાથી બ્રહ્મચર્યનું સંરક્ષણ જ બ્રહ્મચર્ય સમાધી

બ્રહ્મચર્યની સમાધીના દશ સ્થાન છે. **जे भिक्खु सोच्चा निसम्म संजमबहुले संवरबहुले समाहिबहुले गुत्ते गुत्तिंदिए गुत्तबंभयारि सया अप्पमत्ते विहरेज्जा–यानि भिक्षुः श्रुत्वा निशम्य संयमबहुलः संवरबहुलः समाधिबहुलः गुप्तः गुप्तेन्द्रियः**

गुप्तब्रह्मचारि सदा अप्रमत्तो विहरेत् આ બ્રહ્મચર્યસમાધીસ્થાનોને નિર્દોષ ભિક્ષા ગ્રહણ કરવાવાળા ભિક્ષુ ગુરુ મુખથી સાંભળીને અને અર્થરૂપથી તેને હૃદયમાં ધારણ કરી, સંયમબહુલ બની જાય છે. સઘળા સાવદ્ય કર્મોનો ત્યાગ કરવું એનું નામ સંયમ છે. આ સંયમની ઉત્તરોત્તર વિશુદ્ધ-વિશુદ્ધતર આદિ પરિણામ ક્રમથી વૃદ્ધિ કરવી તે સંયમબહુલતા છે. અર્થાત્-સકલસાવદ્યવિરતિરૂપ સંયમના પરિણામોની આગળ જતાં હીનતા ન થવા પામે અને વૃદ્ધિ થતી રહે તેજ સંયમબહુલતા છે. જેનામાં તેજ હોય તેને સંયમબહુલતા કહે છ. જ્યારે આત્મામાં સંયમની બહુલતા આવે છે ત્યારે તે આત્મા સંવરબહુલ બની જાય છે. કર્મોના આગમનના દ્વારરૂપ જે પ્રાણાતિપાતાદિક પાપ છે તે જે પરિણામોથી રોકાઇ જાય છ એ પરિણામોનું નામ સંવર છ અર્થાત્-નવીન કર્મોના દ્વારનું ઢાંકણ એનું નામ સંવર છે. જે ભિક્ષુ આત્મા સંવરની બહુલતાથી સદા યુક્ત હોય છે તે સંવર બહુલ છે. જ્યારે આત્મામાં સંવરની બહુલતા આવી જાય છે ત્યારે તે સમાધીબહુલ થાય છે. એ ભિક્ષુનુ ચિત્ત બીલકુલ સ્વસ્થ બની જાય છે. અશુભ સંકલ્પ વિકલ્પ જ ચિત્તની અસ્વસ્થતા છે અને એ અશુભ સંકલ્પ વિકલ્પરૂપ અસ્વસ્થતા આસ્રવના નિમિત્તથી થતી રહે છે. જ્યારે આત્મા આસ્રવના અભાવરૂપ સંવરથી સહિત થઇ જાય છે ત્યારે તેમાં વિચારો દ્વારા અસ્વસ્થતા કેમ આવી શકે ? અર્થાત્ આવી શકતી નથી. આકારણે તે સમાધિબહુલ છે ગુપ્તપદ એ પ્રગટ કરે છે કે તે ભિક્ષુ આત્મા મન વચન અને કાયા આ ત્રણેને સદા સુરક્ષિત રાખે છે. એને જરા પણ અસંયમસ્થાનો તરફ જવા દેતાં નથી. ઇન્દ્રિયોમાં ફસાવાની વૃત્તિ જ્યારે સર્વથી શાંત બની જાય છે ત્યારે તે આત્મા પોતાના મૈથુન વિરમણરૂપ બ્રહ્મભાવને નવ ગુપ્તિઓ દ્વારા સદા સુરક્ષિત રાખતા રહે છે. અર્થાત્ તે અખંડ બ્રહ્મચર્યના ધારક બની જાય છે. આ રીતે અપ્રમત્ત પ્રમાદના ભયથી નિર્મુક્ત થઇને સર્વકાળ મુક્તિ માર્ગમાં વિચરણ કરે છે.

ભાવાર્થ—સાધુ જ્યારે સહુ પ્રથમ બ્રહ્મચર્યનાં દશ સમાધિસ્થાનોને સાંભળે છે ત્યારે તે સર્વપ્રકારથી બ્રહ્મચર્યનું પરિપાલન કરવામાં સ્થિર બને છે કહ્યું પણ છે—

" सोच्चा जाणइ कल्लाणं, सोच्चा जाणइ पावगं ।
उभयंपि जाणइ सोच्चा, जं सेयं तं समायरे ॥ "

આત્મા સાંભળીને કલ્યાણ-પુણ્યને જાણી શકે છે. અને સાંભળીને જ અકલ્યાણ -પાપને જાણી શકે છે. તથા બન્ને વાતોને સાંભળીને જ જાણી શકે છે. આથી જેમાં પોતાનું શ્રેય હોય એમાંજ પ્રવૃત્તિ કરવી જોઇએ. દશવિધ બ્રહ્મચર્યસ્થાનના વગર સંયમમાં બહુલતા આદિ વાતો આવી શકતી નથી. કારણકે એ તેની અવિના ભાવિની છે. આ વાત પણ આજ સૂત્રથી બોધિત થાય છે. ॥ ૧ ॥

હવે બ્રહ્મચર્યનાં દશવિધ સ્થાનોને સૂત્રકાર પ્રગટ કરે છે—

"कयरे खलु" ઇત્યાદિ !

અન્વયાર્થ—સુધર્માસ્વામીનાં વચનોને સાંભળીને જમ્બૂસ્વામી એમને પૂછે છે કે, **थेरेहिं भगवंतेहिं दस बंभचेरसमाहिट्ठाणा पण्णत्ता कयरे खलु ते–स्थविरैः भगवद्भिः दश ब्रह्मचर्यसमाधिस्थानानि प्रज्ञप्तानि तानि खलु कतराणि** સ્થવિર ભગવંતો એ બ્રહ્મચર્યનાં જે દશ સમાધીસ્થાન કહેલ છે તે કયાં છે કે, **जे भिक्खू सोच्चा निसम्म संजमबहुले संवरबहुले समाहिबहुले गुत्ते गुत्तेंदिए गुत्तबंभयारि सया अप्पमत्ते विहरेज्जा–यानि भिक्षुः श्रुत्वा निशम्य संयमबहुलः संवरबहुलः समाधिबहुलः गुप्तः गुप्तेन्द्रियः गुप्तब्रह्मचारी सदा अप्रमत्तः विहरेत्** જેને સાંભળીને તથા હૃદયમાં ધારણ કરીને ભિક્ષુ સંયમબહુલ બને છે. સંવરબહુલ બની જાય છે. સમાધિબહુલ બની જાય છે. ગુપ્ત બને છે. ગુપ્તેન્દ્રિય બની જાય છે. ગુપ્તબ્રહ્મચારી બની જાય છે. તથા સદા અપ્રમત્ત બનીને મોક્ષમાર્ગમાં વિચરણ કરતા રહે છે. ॥૨॥

જમ્બૂસ્વામીના પ્રશ્નનો ઉત્તર સુધર્માસ્વામી આ સૂત્ર દ્વારા આપે છે.

"इमे खलु" ઇત્યાદિ !

અન્વયાર્થ—હે જમ્બૂ **थेरेहिं भगवंतेहिं दस बभचेरसमाहिट्ठाणा पण्णत्ता—स्थविरैर्भगवद्भिर्दश ब्रह्मचर्यसमाधिस्थानानि प्रज्ञप्तानि** સ્થવિર ભગવંતોએ બ્રહ્મચર્યસમાધિના જે દશસ્થાન પ્રરૂપિત કરેલ છે તે એ છે કે **जे भिक्खू सोच्चा—यानि भिक्षुः श्रुत्वा.** ભિક્ષુ ગુરુમુખથી સાંભળીને અને એને હૃદયમાં ધારણ કરીને સંયમીજન સારી રીતે સંયમની આરાધના કરવાવાળા બની રહે છે. સંવરતત્વથી સારી રીતે સુશોભિત બની જાય છે. સમાધિમાં સંપૂર્ણપણે તત્પર બની રહે છે, ગુપ્ત મન, વચન, કાયાને ગોપવાવાળા થઈ જાય છે. તથા ગુપ્તેન્દ્રિય ઇન્દ્રિયોને વશમાં કરી લે છે. આ રીતે ગુપ્ત બ્રહ્મચારી બનીને કોઈપણ પ્રકારના પ્રમાદ વગર તેઓ સદા મોક્ષમાર્ગમાં વિચરતા રહે છે. ॥ ૩ ॥

હવે એ બ્રહ્મચર્યસમાધીસ્થાનોને સૂત્રકાર આ પ્રમાણે પ્રગટ કરે છે.—

"तं जहा" ઇત્યાદિ !

અન્વયાર્થ—હે જમ્બૂ ! એ દશ સમાધિસ્થાનોમાંથી પ્રથમ સમાધીસ્થાન **तं जहा—तद्यथा** આ પ્રમાણે છે—જે સાધુ **विवित्ताइं सयणासयाइं सेविज्जा से निग्गंथे—विविक्तानि शयनासनानि सेवेत स निर्ग्रन्थः** વિવિક્ત—સ્ત્રી, પશુ, પંડક આદિથી વર્જીત-શયન-શય્યા સંસ્તારક આદિ તથા આસન-પીઠ ફલક આદિ તથા સ્થાન-જગ્યા આદિને સેવન કરે છે તેજ નિર્ગ્રંથ કહેવાય છે. આ પ્રમાણે વિધિ મુખથી કહીને સૂત્રકાર હવે એજ વિષયને નિષેધ મુખથી પ્રતિપાદિત કરે છે "नो" ઇત્યાદિ ! **नो इत्थी पसुपंडग संसत्ताइं सयणासयाइं सेविता हवइ से निग्गंथे—नो स्त्रीषु पशुपंडक संसक्तानि शयनासनानि सेविता भवति स निर्ग्रंथः** જે સાધુ શયન અને આસન આદિને સ્ત્રી, પશુ, પંડક આદિથી દૂર રહીને સેવન કરે છે. દિવ્ય સ્ત્રી, માનુષ સ્ત્રી, પશુ સ્ત્રી, પંડક—નપુંસક એમનાથી સહિત શયન-આસન આદિનો ઉપભોગ કરે છે તે નિર્ગ્રંથ નથી. સ્ત્રી, પશુ, પંડક આદિથી સંસક્ત પીઠ ફલક આદિનું સેવન કરવાથી નિર્ગ્રંથ કેમ નથી બનતા આ વાતનું સમાધાન સૂત્રકાર "त कहमिति चे आयरिआह—तत्कथमिति चेत् आचार्यः प्राह" આ સૂત્રાંશથી કહે છેતેમાં"तत्कथम्" એ શંકાના સ્થાનમાં આવેલ છે. " इतिचेत् आचाय आह" એ ઉત્તરના સ્થાનમાં આવેલ છે. ઉત્તર આપતાં આચાર્ય કહે છે કે, **निग्गंथस्स खलु इत्थी पसुपंडग संसत्ताइं सेवमानस्स बंभचेरे संका वा कंखा वा वितिगिच्छा वा समुप्पज्जिज्जा—निर्ग्रंथस्य खलु स्त्री पशुपंडक संसक्तानि शयनासनानि सेवमानस्य ब्रह्मचारिणो ब्रह्मचर्ये शंका वा कांक्षा वा विचिकित्सा वा समुत्पद्येत् । भेयं वा लभेज्जा उम्मायं वा पाउणिज्जा दीहकालियं वा रोगायंकं हवेज्ज—भेदं वा लभेत उन्मादं वा प्राप्नुयात् दीर्घकालिकं वा रोगातंकं भवेत् ।** જે નિર્ગ્રંથ સ્ત્રી, પશુ, પંડકથી સંસક્ત શયન અને આસન આદિનો ઉપભોગ કરે છે એ નિર્ગ્રંથને પોત ના બ્રહ્મચર્યમાં નિશ્ચયથી શંકા ઉત્પન્ન થાય છે પરસ્ત્રી દ્વારા અપહૃતચિત્ત થવાથી મિથ્યાત્વના ઉદયના કારણે પોતાને આ પ્રકારની શંકા થઈ શકે છે કે, ભગવાને

જે મૈથુન સેવન કરવામાં નવલાખ સૂક્ષ્મ જીવોની વિરાધના થતી હોવાનું કહેલ છે તે સત્ય છે કે અસત્ય છે? શંકા-સાધુને સ્ત્રીઆદિ સેવન કરવારૂપ અભિલાષા પણ ઉત્પન્ન થઈ શકે છે. વિચિકિત્સા-સાધુને એવો સંશય થઈ શકે છે કે, આટલું ધર્મા ચરણ કરવામાં હું કષ્ટ સહન કરી રહ્યો છું તો તેનું ફળ સ્વર્ગ, અપવર્ગ સંબંધિ સુખ મને પ્રાપ્ત થશે કે નહીં? ભેદ-ચરિત્ર વિનાશનું નામ ભેદ છે. સ્ત્રી. પશુ, પંડક આદિથી સંસક્ત શયન-આસન આદિ સેવન કરવાવાળા સાધુનું ચારિત્રથી પતન પણ થઈ શકે છે. આ પ્રમાણે કરવાવાળા સાધુના ચિત્તમાં વિષયાભિલાષાના અતિરેકથી ઉન્માદ-પાગલપણું પણ આવી જાય છે. તથા દીર્ઘકાલીક રોગોનો તેમજ આતંકોનો ઉપદ્રવ પણ થઈ જાય છે. દાહજ્વર, જીર્ણજ્વર આદિનું નામ રોગ અને સદ્યઃપ્રાણાપહારી હૃદયશૂળ, મસ્તકશૂળ, કર્ણશૂળ, આદિનું નામ આતંક છે. કામની અધિકતાથી કામીજનોની દશ પ્રકારની અવસ્થાઓ થાય છે તે આ પ્રમાણે છે–

" प्रथमे जायते चिन्ता, द्वितीये द्रष्टुमिच्छति ।
तृतीये दिर्घनिश्वास, श्चतुर्थे ज्वरआविशेत् ॥ १ ॥
पंचमे दह्यते गात्रम् षष्ठे भक्तं न रोचते ।
सप्तमे च भवेत्कंप, उन्मादश्चाष्टमे भवेत् ॥ २ ॥
नवमे प्राणसंदेहो, दशमे मरणं भवेत् ॥ "

પ્રથમ અવસ્થામાં કામિની વિષયક વિચાર, બીજી અવસ્થામાં એને જોવાની ઇચ્છા ત્રીજી અવસ્થામાં દીર્ઘનિશ્વાસોનું આવવું ચોથી અવસ્થામાં જ્વરનું આવવું, પાંચમી અવસ્થામાં શરીરમાં દાહ થવા માંડવો, છઠ્ઠી અવસ્થામાં ભોજન અરુચિ થવી, સાતમી અવસ્થામાં શરીરનું કાંપવા માંડવું આઠમી અવસ્થામાં ઉન્માદ થવો, અવસ્થામાં પ્રાણ માટે સંદેહ થવો, અને દશમી અવસ્થામાં મરણ થવું આ પ્રમાણે કામની દશ અવસ્થા છે જે સાધુ સ્ત્રી, પશુ પંડક સંસક્ત શયન આસનનું સેવન કરે છે તે કેવલી પ્રજ્ઞપ્ત શ્રુતચારિત્ર રૂપ ધર્મથી પણ ભ્રષ્ટ-પતિત થઈ જાય છે. **तम्हा**–तस्मात् આ માટે સાધુએ કે, જે **इत्थी पसु पंडग संसत्ताइं सयणासयाइं सेविता नो हवइ से निग्गंथे**–स्त्री पशुपंडग संसक्तानि शयनासनानि सेविता नो भवति स निर्ग्रन्थः સ્ત્રી, પશુ, પંડકથી સંસક્ત શયન અને આસન આદિનું સેવન ન કરવું. ત્યારે જ તે વાસ્તવિક નિર્ગ્રંથોની સંજ્ઞામાં આવી શકે છે. ॥ ૪ ॥

॥ આ પ્રમાણે આ પ્રથમ બ્રહ્મચર્ય સમાધિસ્થાન કહેવામાં આવેલ છે ॥

હવે બીજું સ્થાન કહેવામાં આવે છે.–"णो इत्थीणं" ઇત્યાદિ!

અન્વયાર્થ—હે જમ્બૂ **इत्थीणं कथं हवइ**–स्त्रीणां कथां कथयिता भवति જે સાધુ સ્ત્રી જનોની વાતો કરે છે, એવી વાતો કરે છે કે, "कर्णाटी सुरतोपचारचतुरा लाटी विद-

ग्धप्रिया" કર્ણાટક દેશની સ્ત્રીઓ સુરતોપચારમાં ઘણા ચતુર હોય છે, લાટ દેશની સ્ત્રી વિદગ્ધ પ્રિય હોય છે, અથવા આ બ્રાહ્મણ જાતિની છે, આ ક્ષત્રિય જાતિની છે, આ ઉગ્રવંશમાં ઉત્પન્ન થયેલ છે, ઇત્યાદિરૂપ જે સ્ત્રી વિષયક જાતિ, કુળ, રૂપ અને નેપથ્યની ચર્ચા કરવી આનું નામ સ્ત્રી કથા છે આજ પ્રમાણે પદ્મિનિ ચિત્રીણી, શંખિણી, હસ્તીની મુગ્ધા, પ્રૌઢા, આદિરૂપથી વર્ણન કરવું એ પણ સ્ત્રી કથા છે. નિર્ગ્રંથે આવા પ્રકારની સ્ત્રી, જનોની વાતો કદી પણ ન કરવી જોઇએ. કેમકે, **इत्थीणं कथं कहेत्ता नो हवइ से निग्गंथे–स्त्रीणां कथां कथयिता नो भवति स निर्ग्रंथः** સ્ત્રીઓની કથા કરનાર સાધુ નથી કહેવાતા. **तं कहमिति चे आयारियाह–तत्कथमितिचेत् आचार्य आह** સાધુએ આવા પ્રકારની કથા કેમ ન કરવી જોઇએ? આનો ઉત્તર આચાર્ય આ પ્રમાણે આપે છે. **निग्गंथस्स खलु इत्थीणं कहं कहेमाणस्स–निर्ग्रंथस्य खलु स्त्रीणां कथां कथयतो** જે સાધુ આવી સ્ત્રીઓની વાતો કરે છે. **बंभयारिस्स बंभचेरे संका वा कंखा वा वितिगिच्छा वा समुप्पज्जेज्जा–ब्रह्मचारिणो ब्रह्मचर्ये शंका वा कांक्षा वा चिकित्सा वा समुत्पद्येत** એ બ્રહ્મચારી સાધુના બ્રહ્મચર્યમાં–હું આનું સેવન કરૂં, કે નહીં? આવી જાતનો સંશય થઇ જાય છે.

શંકા–મથુન કરવાની ઇચ્છા પણ આથી જાગી જાય છે. ચિકિત્સા આ પ્રકારના કઠણ ધર્માચરણથી પરલોકમાં એનુ ફળ મળશે કે નહીં? આ પ્રકારની સ્વર્ગ અને ઉપવર્ગના સુખપ્રાપ્તિરૂપ સંશય પણ ઉત્પન્ન થઇ જાય છે. આ રીતે **भेयं वा लभेज्जा उम्मायं वा पाउणिज्जा दीहकालियं वा रोगायंकं वा हवेज्जा–केवलि पण्णत्ताओ धम्माओ वा भसित्ता–भेदं वा लभेत उन्मादं वा प्राप्नुयात् दीर्घकालिकं रोगातंकं वा भवेत् केवलिप्रज्ञप्तात् धर्मात् वा भ्रंसेत** એ સમસ્ત પદોનો અર્થ પાછળ જે પ્રમાણે કહેવાયેલ છે એવો જ અહીં પણ સમજી લેવો જોઇએ. આ માટે નિર્ગ્રંથ સાધુએ સ્ત્રી કથા ન કરવી જોઇએ. ॥૫॥

ત્રીજું બ્રહ્મચર્ય સમાધિસ્થાન આ પ્રકારનું છે––

"णो इत्थीहिं" ઇત્યાદિ!

જે સાધુ **इत्थीहि सद्धिं सन्निसिज्जागए विहरित्ता नो हवइ–स्त्रीभिः सार्धं सन्निषद्या गतो विहर्ता नो भवति** સ્ત્રીયોની સાથે સન્નિષદ્યા–પટ્ટિકા, પીઠ, ફલક, ચોક, આદિ આસનો પર બેસતા નથી **से निग्गंथे–स निर्ग्रंथः** એજ નિર્ગ્રંથ સાધુ છે. આ પ્રમાણે જે સ્થાન ઉપર પહેલાં સ્ત્રી બેઠેલ હોય, એ સ્થાન ઉપર બે ઘડી પછી જ તેઓ બેસે છે તે પહેલાં નહીં તેજ નિર્ગ્રંથ સાધુ છે. એક આસન ઉપર સ્ત્રીની સાથે બેસવાથી શું નુકશાન છે? એનો આચાર્ય મહારાજ સમાધાનરૂપ આ પ્રમાણે ઉત્તર આપે છે કે, **निग्गंथस्स खलु इत्थीहिं सन्निसेज्जागयस्स बंभयारियस्स बंभचेरे संका वा कंखा वा वितिगिच्छा वा समुप्पज्जिज्जा--निर्ग्रंथस्य खलु स्त्रीभिः सार्धं सन्निषद्या गतस्य ब्रह्मचारिणो ब्रह्मचर्ये शंका वा कांक्षा वा विचिकित्सा वा समुत्पद्येत** આમ કરવાથી એ નિર્ગ્રંથ સાધુને પોતાના બ્રહ્મચર્યમાં શંકા આશંકા આદિ વાતો પેદા થાય છે. આ રીતે **भेयं वा लभेज्जा–भेदं वा लभेत** આદિ પદોનો જે અર્થ આપવામાં આવેલ છે તે આમાં પણ સમજી લેવો જોઇએ. ॥૬॥

ચોથું બ્રહ્મચર્ય સમાધિસ્થાન આ પ્રકારનું છે--

"णो इत्थीणं इंदियाइं" ઇત્યાદિ !

જે સાધુ **इत्थीयाइं मनोहराइं मनोरमाइं इंदियाइं आलोइत्ता णिज्झाइत्ता णो हवइ से निग्गंथे**-स्त्रीणां **मनोहराणि मनोरमाणि इन्द्रियाणि आलोकयिता निध्याता नो भवति स निग्रंथः** સ્ત્રીઓની મનોહર-ચિત્તાકર્ષક તથા મનોરમ-આલ્હાદકારક, ઇન્દ્રિયોને આંખ, મોઢું, નાક, વગેરેને જરા પણ જોતા નથી, તેમ જોયા પછી "જુઓ તેની આંખો કેવી આકર્ષક છે" તથા "મોઢાનું સૌંદર્ય કેવું અપૂર્વ છે." જે આવો વિચાર કદી પણ કરતા નથી એજ નિર્ગ્રંથ સાધુ છે. આનાથી ઉલટી રીતે વર્તનાર જે હોય છે તે નિર્ગ્રંથ સાધુ નથી કહેવાતા. અહીંથી આગળ પદોના અર્થના ખુલાસા પાછલા સૂત્રમાં કરાયેલ છે. આથી એવોજ અર્થ અહીંયાં સમજી લેવો જોઇએ ॥૭॥

પાંચમું બ્રહ્મચર્ય સમાધિસ્થાન આ પ્રકારનું છે—

"णो इत्थीणं कुड्डंतरंसि वा" ઇત્યાદિ !

અન્વયાર્થ—જે સાધુ **कुड्डंतरंसि वा दूसंतरंसि वा भित्तिंतरंसि वा-कुड्यान्तरे वा दुष्यान्तरे वा भित्त्यंन्तरे वा स्थित्वा** પાણાથી બનાવેલ અન્તરાલમાં, વસ્ત્ર નિમિત્તે યવનિકાના અન્તરાલમાં, પાકી ઈંટ આદિથી બનાવવામાં આવેલ ભીંતના અન્તરાલમાં રોકાઇને સ્ત્રીઓના **कूइयसद्दं वा रुइयसद्दं वा कंदियसद्दं वा विलवियसद्दं वा सुणित्ता नो हवइ से णिग्गंथे-कूजितशब्दं वा रुदितशब्दं वा क्रन्दितशब्दं वा विलपितशब्दं वा श्रोता न भवति स निर्ग्रंथः** કૂજીત શબ્દ-સુરતકાળના શબ્દોને રૂદન શબ્દને-પ્રણય કલહથી થતા રૂદનના અવાજને ગીત શબ્દને પંચમરાગ આદિ દ્વારા પ્રારંભ કરવામાં આવેલ મનોહર સંગીતને, હાસ્ય શબ્દને હાસ્યયુક્ત વાણીને સ્તનિત શબ્દને-સંભોગ સમયે મેઘગર્જનાની માફક થનારી અસ્પષ્ટ એવીધ્વનીને, ક્રન્દિત શબ્દને-ભરણ પોષણ આદિનો ભાર ઉપાડનાર મૃત્યુ પામેલ એવા પતિ વિરહ જન્ય ઉચ્ચસ્વરથી રોવાના શબ્દને, વિલાપના શબ્દને- પતિના ગુણોને વારંવાર યાદ કરીને કરતા પ્રલાપ આદિ શબ્દને, જે સાંભળતા નથી તે નિર્ગ્રંથ કહેવાય છે. પરંતુ એનાથી વિપરીત રીતે વર્તનાર નહીં. આ વિષય ઉપર કહેવામાં આવેલ અવશિષ્ટ પદોની વ્યાખ્યા પહેલાની વ્યાખ્યા પ્રમાણે જ સમજી લેવી જોઈએ. ॥ ૮ ॥

હવે છઠું બ્રહ્મચર્ય સમાધિસ્થાન કહેવામાં આવે છે તે આ પ્રકારનું છે—

"णो इत्थीणं पुव्वरयं" ઇત્યાદિ !

અન્વયાર્થ—જે સાધુ **इत्थीणं पुव्वरयं वा पुव्वकालीयं वा अणुसरित्ता हवइ से निग्गंथे-स्त्रीभिः पूर्वरतं पूर्वक्रीडितं अनुस्मर्त्ता नो भवति स निर्ग्रंथः** પૂર્વકાળમાં એટલે દીક્ષિત થયા પહેલાં ગૃહસ્થી અવસ્થામાં પોતાની સ્ત્રી સાથે ભોગવેલા ભોગોનું સ્મરણ કરતા નથી, એની સાથે કરવામાં આવેલ અનેકવિધ ક્રીડાઓને વિચારતા નથી, તેજ નિર્ગ્રંથ છે. અવશિષ્ટ પદોનો ભાવાર્થ અહીં પહેલાના પદો પ્રમાણે સમજી લેવો જોઇએ. ॥ ૯ ॥

સાતમું બ્રહ્મચર્યસમાધિસ્થાન આ પ્રમાણે છે—

"नो पणीयं" ઇત્યાદિ !

અન્વયાર્થ—જે સાધુ **पणीयं आहारं आहारेत्ता नो हवइ से निग्गंथे–प्रणीतम् आहारम् आहारयिता नो भवति स निर्ग्रन्थः** પ્રણીત આહારને–એવો આહાર કે, જેમાંથી ઘીનાં ટીપાં પડતાં હોય એ નથી ખાતા તે સાધુ નિર્ગ્રંથ છે. ઉપલક્ષણથી અહીં સમજી લેવું જોઇએ કે, સાધુ સમધાતુની વૃદ્ધિ કરવાવાળા આહારને લેતા નથી તે નિર્ગ્રંથ છે, કેમકે, પ્રણિત પાન ભોજન તથા લેહ્ય અને સાવદ્યને લેવાવાળા સાધુને બ્રહ્મચર્યમાં શંકા આદિ ઉત્પન થઈ શકે છે. અવશિષ્ટપદોની વ્યાખ્યા પહેલાના પદોની વ્યાખ્યા પ્રમાણે સમજી લેવી જોઇએ. ॥ ૧૦ ॥

આઠમું બ્રહ્મચર્યસમાધિસ્થાન આ પ્રમાણે છે—

"नो अइमायाए" ઇત્યાદિ !

અન્વયાર્થ—જે સાધુ **अइमायाए पाणभोयणं आहारेत्ता न हवइ से निग्गंथे–अतिमात्रया पानभोजनम् आहारयिता न भवति स निर्ग्रंथः** માત્રાનું ઉલ્લંઘન કરીને પાન, ભોજન, સ્વાદ્ય, અને લેહ્ય પદાર્થોને ખાતા નથી, તે નિર્ગ્રંથ છે. ભોજન માત્રાના વિષયમાં આ પ્રમાણે કહેવામાં આવેલ છે—

" बत्तीस किर कवला, आहारो कुच्छि पूरओ भणिओ।
पुरिसस्स महिलाए, अट्ठावीसं भवे कवला ॥ १ ॥"

પુરુષોને માટે બત્રીસ કોળીયા અને સ્ત્રીઓને માટે અઠ્યાવીસ કોળીયાનો પેટ પુરો આહાર માનવામાં આવેલ છે. ॥૧॥ શેષ પદોની વ્યાખ્યા પહેલાંના પદોની વ્યાખ્યા પ્રમાણે સમજી લેવી જોઈ એ. ॥ ૧૧ ॥

નવમું સમાધિસ્થાન આ પ્રમાણે છે—"नो विभूसाणुवाई" ઇત્યાદિ !

અન્વયાર્થ—જે સાધુ **विभूसाणुवाई नो हवइ से निग्गंथे–विभूषानुपाती नो भवति स निर्ग्रंथः** વિભૂષાનુપાતી નથી થતા–શારીરિક શોભા સંપાદક સ્નાન, દંત ધાવન, આદિ ઉપકરણોદ્વારા શરીરનો સંસ્કાર કરતા નથી તે નિર્ગ્રંથ છે. આનાથી વિપરીત રીતે વર્તનાર અર્થાત્ સ્નાન આદિદ્વરા શારીરિક સંસ્કાર કરવાવાળા સાધુ નિર્ગ્રંથ કહેવાતા નથી. કેમકે, આ પ્રકારના આચરણથી અર્થાત્ વિભૂષાવર્તી થવાથી તથા સ્નાન અનુલેપન આદિદ્વારા અલંકૃત શરીરવાળા થવાથી સાધુ **इत्थी जणेणं अभिलसिज्जमाणस्स बंभयारिस्स बंभचेरे संका वा कंखा वा वितिगिच्छा वा समुप्पज्जिज्जा–स्त्री जनेन अभिलष्यमाणस्य ब्रह्मचारिणः ब्रह्मचर्ये शंका वा कांक्षा वा विचिकित्सा वा समुत्पद्येत** સ્ત્રીજનોદ્વારા અભિલષણીય થઇ જાય છે. કેમકે, "उज्वल–वेषं पुरुषं दृष्ट्वा स्त्री कामयते" એવું નીતિનું વચન છે, જે સ્ત્રીઓની અભિલાષાનો વિષય બની જાય છે, તે આવા બ્રહ્મચારી સાધુને બ્રહ્મચર્યમાં "એ મને ચાહે છે તો હું તેને શા માટે ન ચાહું ?" અથવા પરિણામમાં દારૂણ હોવાથી એની ઇચ્છા ન કરૂં" આ પ્રકારની શંકા આશંકા ઉત્પન્ન થતી રહેવાનો સંભવ રહે છે. અથવા–જીન પ્રરૂપિત સિદ્ધાંતમાં તેને સંશય પણ ઉત્પન્ન થઈ શકે છે. અવશિષ્ટ લેહાદિક પદોની વ્યાખ્યા પહેલાં જેવી અહીં પણ સમજી લેવી જોઇએ. ॥ ૧૨ ॥

દશમું બ્રહ્મચર્યસમાધિસ્થાન આ પ્રમાણે છે—"नो सद्दरूव" ઇત્યાદિ !

અન્વયાર્થ—જે સાધુ **सद्दरूव रस गंध फासाणुवाई नो हवइ–शब्द रूप–रस–गंध–स्पर्शानुपाति नो भवति** સ્ત્રીઓના મન્મનભાષિત આદિ શબ્દોમાં, તેના કટાક્ષ આદિકોમાં, અથવા ચિત્રગત સ્ત્રીના રૂપમાં માધુરિક રસોમાં કોષ્ઠ પુટાદિ ગંધમાં, કોમલસ્પર્શમાં આસક્ત થતા નથી **से निग्गंथे–स निर्ग्रंथः** તે નિર્ગ્રંથ સાધુ છે. આ સૂત્રમાં આવેલા શેષ પદોના અર્થની પ્રથમ સૂત્રમાં વ્યાખ્યા કરવામાં આવી ગયેલ છે. તેના અનુસાર અહીંયાં પણ સમજી લેવું જોઇએ અંન્તમાં જે **दसमे बंभचेर समाहिट्ठाणे हवइ–दशमं ब्रह्मचर्यसमाधि-स्थानं भवति** એવું કહેલ છે તે પ્રત્યેક સમાધિસ્થાનમાં તુલ્ય બળપણું પ્રદર્શિત કરવા માટે કહેવાયેલ છે તેવું જાણવું જોઈએ. ॥ ૧૩ ॥

હવે આજ વિષયને પદ્યોમાં કહેવાને માટે સૂત્રકાર કહે છે—

"भवंति" ઇત્યાદિ !

સૂત્રકારે આ બ્રહ્મચર્યના સમાધિસ્થાનોનું ગદ્ય રૂપમાં વર્ણન કરીને હવે શ્લોકો દ્વારા કહે છે એ શ્લોક આ પ્રમાણે છે.—"जं." ઇત્યાદિ!

અન્વયાર્થ—**जं–यः** જે વસતી **विवित्तं–विविक्तः** સ્ત્રી જન આદિના નિવાસના અભાવથી એકાન્તરૂપ હોય, **अणाइण्णं–अनाकीर्णः** સ્ત્રીજન આદિથી અસંકુલ હોય, **रहियम्–रहितः** વ્યાખ્યાન અને વંદના આદિના સમય સિવાય બીજા સમયે આવનાર **थीजणेण य–स्त्रीजनेन च** સ્ત્રી જનોથી રહિત હોય તથા પશુ પંડક આદિથી પણ વર્જીત હોય **तं आलयं–तम् आलयम्** તે વસ્તીમાં જે નિર્ગ્રંથ સાધુ **बंभचेरस्स रक्कट्ठा–ब्रह्मचर्यस्य–रक्षार्थम्** બ્રહ્મચર્યની રક્ષા નિમિત્તે **निसेवए–निषेवते** રહે છે. અર્થાત્ જે વસ્તી પૂર્વોક્ત વિશેષણોથી વિશિષ્ટ હોય છે તેમાં નિર્ગ્રંથ સાધુ રોકાય છે. એનાથી બીજી રીતે નહીં. આ પ્રથમ સ્થાન છે. ॥ ૧ ॥

"मणपल्हायजणणिं" ઇત્યાદિ !

અન્વયાર્થ—**बंभचेररओ भिक्खू–ब्रह्मचर्यरतः भिक्षुः** બ્રહ્મચર્યનું પાલન કરવામાં લવલીન બનેલા એવા સાધુ **मणपल्हाय जणणिं–मनः प्रल्हादजननीम्** ચિત્ત પ્રસન્ન બનાવે તેવા અને **कामरागविवड्ढणिं–कामरागविवर्द्धनीम्** વિષય શક્તિને વધારનાર એવી **थीकहं–स्त्रीकथां** સ્ત્રી, પશુ, પંડક આદિની કથાનો **विवज्जए–विवर्जयेत्** સર્વથા પરિત્યાગ કરે. આ બીજું સમાધિસ્થાન છે. ॥ ૨ ॥

"समं च" ઇત્યાદિ !

અન્વયાર્થ—**बंभचेररओ भिक्खू–ब्रह्मचर्यरतः भिक्षुः** બ્રહ્મચર્યની સમ્યક્ પ્રકારથી પરિપાલના કરવામાં લવલીન બનેલ નિર્ગ્રંથ **थीहिं समं–स्त्रीभिः समम्** સાધુ સ્ત્રીઓની સાથેના **संथवं–संस्तवम्** પરિચયનો તથા તેની સાથે એક આસન ઉપર બેસવાનો તેમજ જે સ્થળે સ્ત્રીજન બેસી ચુકેલ હોય એ સ્થાન ઉપર બે ઘડી પહેલાં બેસવાનો તથ **संकहं–संकथाम्** તેની સાથે રાગપૂર્વક વાતચિત કરવાનો **अभिक्खणं–अभिक्ष्णम्** સર્વથા **णिच्चसो–नित्यशः** સતત **परिवज्जए–परिवर्जयेत्** પરિત્યાગ કરે. આ ત્રીજું સમાધીસ્થાન છે. ॥ ૩ ॥

"अंगपच्चंग" ઇત્યાદિ !

અન્વયાર્થ—**बंभचेररओ भिक्खू–ब्रह्मचर्यरतः भिक्षुः** બ્રહ્મચર્યનું પાલન કરવામાં સારી રીતે ઉદ્યમશીલ બનેલ સાધુ **थीणं–स्त्रीणां** સ્ત્રીઓના **चारु–चारु** સુંદર **अंगपच्चंगसंठाणं–अंगप्रत्यंगसंस्थानम्** અંગ ઉપાંગના સ્થાનોને અર્થાત્ માથું આદિ અંગ તેમજ વક્ષઃસ્થળ આદિ ઉપાંગોની રચનાને–આકારને તથા **चारुल्लवियपेहियं–चारूल्लपितप्रेक्षितम्** સુંદર ઉલ્લપિત–મન્મનભાષિત આદિ કામ ચેષ્ટા વિશેષને તથા તેના સહવાસથી તેના ચહેરાને તથા **प्रेक्षितम्** કટાક્ષપૂર્વક તેના નિરીક્ષણ આદિને તેમજ તેના સહવાસથી તેનાં નેત્રોને પણ, **चक्खुगेज्जं–चक्षुर्ग्राह्यम्** જ્યારે આ સઘળી ચીજો પોતાની દૃષ્ટીની વિષયભૂત બને ત્યારે **विवज्जए–विवर्जयेत्** તેને રાગપૂર્વક જોવાનો સર્વથા પરિત્યાગ કરે. જો કે, જ્યાં સુધી નેત્રોનો સદ્‌ભાવ છે અર્થાત્–પોતાના વિષયને ગ્રહણ કરવાની શક્તિ છે ત્યાં સુધી તેના દ્વારા પદાર્થોનું રૂપ દર્શન જરૂરથી થતું જ રહેવાનું તથા સામે જે ચીજ આવશે તે જોવાઈ જ જશે. છતાં પણ જે બ્રહ્મચારી સાધુ છે તે જ્યારે આ પ્રકારનું રૂપ અકસ્માત પોતાની દૃષ્ટીનો વિષય બને ત્યારે તેને રાગપૂર્વક જોતા નથી. રાગપૂર્વક અવલોકન કરવામાં પાપનો બંધ છે. આ વાતને લઈને તેને જોવાનો પરિત્યાગ બતાવવામાં આવેલ છે.

"असक्कं रूवमद्दट्ठं चक्खुगोयरमागयं ।
रागद्दोसे उ जे तत्थ ते बुहो परिवज्जए ॥ १ ॥"

આ પ્રમાણે પ્રત્યેક ઇન્દ્રિયોના વિષયમાં આ નીતિને અનુસરવું જોઈએ. ॥૪॥

'कूइयं' ઇત્યાદિ.

અન્વયાર્થ—જે સાધુ **बंभचेररओ–ब्रह्मचर्यरतः** પોતાના બ્રહ્મચર્યવ્રતનું રક્ષણ કરવામાં સર્વથા ઉપયુક્ત છે તેનું કર્તવ્ય છે કે, તે ભીંત આદિની ઓથે રહીને **सोयगिज्झं–श्रोत्रग्राह्यम्** કાનથી સાંભળતા સ્ત્રિઓના કુત્સિક શબ્દોને, કૂજિત શબ્દોને. ગીતોને, હાસ્યને સ્તનિત શબ્દને, તથા આક્રંદના શબ્દને, રાગપૂર્વક સાંભળવાનો પરિત્યાગ કરે કૂજિત આદિ શબ્દોના અર્થ અગાઉ કહેવાઈગયેલ છે. આ પાંચમું સ્થાન છે. ॥ ૫ ॥

'हासं खिड्डं' ઇત્યાદિ

અન્વયાર્થ—**बंभचेररओ भिक्खू–ब्रह्मचर्यरतः भिक्षुः** બ્રહ્મચર્યનું પાલન કરવામાં લવલીન બનેલા સાધુ **स्त्रीणं–स्त्रीणां** સ્ત્રીની સાથે અગાઉ કરવામાં આવેલ હાસ્ય અને મશ્કરી વિગેરેને **खिड्डं–क्रीडां** તથા એની સાથે અનુભવેલ ક્રીડાને, **रइम्–रतिम्** પ્રીતિને **दप्पम्–दर्पम्** માનને તથા **सहसावत्ता सियाणि य–सहसा अवत्रासितानि च** પરાંગભૂત બનેલ સ્ત્રીને ત્રાસ પહોંચાડનાર એવી પોતાના તરફથી આચરાયેલ સ્વમૂર્ચ્છાવસ્થા સૂચક આંખમીંચામણી આદિરૂપ ચેષ્ટાઓને **कया इवि–कदाचिदपि** કદી પણ **नाणुचिंते–न अनुचितन्येत्** યાદ ન કરે. આ છઠ્ઠું સમાધિસ્થાન છે. ॥૬॥

पणीयं भत्तपाणं तु ઇત્યાદિ !

અન્વયાર્થ—**बंभचेररओ भिक्खू–ब्रह्मचर्यरतो भिक्षुः** બ્રહ્મચર્યનું રક્ષણ કરવામાં સદા સાવધાન બની રહેલા સાધુ માટે એ મહત્વનું છે કે, તે **पणीयं भत्त-**

पाणं खिप्पं मयविवड्ढणं–प्रणीतं भक्तपानं क्षिप्रं मदविवर्धनम् પ્રણીત ખોરાક પાણી તથા જેનાથી કામ ઇત્યાદિ વાસનાઓ જાગૃતિ થાય એવા ખોરાક પાણીના **निच्चसो–नित्यशः** સર્વદા **परिवज्जए–परिवर्जयेत्** ત્યાગ કરે. ॥ ૭ ॥

'धम्मलद्धं' ઇત્યાદિ !

અન્વયાર્થ—**पणिहाणवं–प्रणिधानवान्** ચિત્તની સમાધી સંપન્ન તથા **बंभचेररओ–ब्रह्मचर्यरतः** બ્રહ્મચર્યની રક્ષા કરવામાં સદા સર્વદા સાવધાન બની રહેતા સાધુ **धम्मलद्धं–धर्मलब्धम्** મુનિકલ્પ અનુસાર પ્રાપ્ત થયેલ **मेयं–मितम्** મર્યાદાયુક્ત

"अद्धमसणस्स सव्वं, ऊणस्स कुज्जा दवस्स दो भाए ।
वाउपविचारणट्ठा छब्भागं उपायं कुज्जा ॥ १ ॥"

અર્થાત્—પેટના છએ ભાગોની કલ્પના કરે એમાં અર્ધા અર્થાત્ ત્રણ ભાગોને વ્યંજન સહિત આહારથી ભરે, બે ભાગ પાણીથી ભરે અને છઠ્ઠો ભાગ વાયુ સંચરણના માટે ખાલી રાખે. આ રીતથી આગમમાં પ્રતિપાદિત પ્રમાણ વિધીથી સંપન્ન એવા આહારનો **जत्तत्थं–यात्रार्थं** સંયમના નિર્વાહ માટે જ **काले–काले** શાસ્ત્ર વિહિત સમયમાં **सया भंजेज्जा–सदा भुंजीत** ઉપયોગ કરે. રૂપલાવણ્ય આદિની વૃદ્ધિના માટે ન કરે, તેમ અકાળમાં આહાર ન કરે. **अइमत्तं आहारम् नभञ्जिज्ज–अतिमात्रम् आहारम् न भुंजित** માત્રાથી અધિક પ્રમાણમાં કદિ પણ આહાર ન લે. આ આઠમું સ્થાન છે. ॥ ૮ ॥

"विभूसं परिवज्जेज्जा" ઇત્યાદિ !

અન્વયાર્થ—**बंभचेररओ भिक्खू–ब्रह्मचर्यरतो भिक्षुः** બ્રહ્મચર્યવ્રતમાં લવલીન બનેલ ભિક્ષુ **विभूसं परिवज्जेज्जा–विभूषाम् परिवर्जयेत्** અતિ ઉત્કૃષ્ટ વસ્ત્રોને પહેરવાનું છોડે તથા **सिंगारत्थं सरीरपरिमंडणं परिवज्जए–शृंगारार्थम् शरीरपरिमण्डनं परिवर्जयेत्** શરીરને શોભાડવા એવા વાળ આદિની રચના છે એને શૃંગારના વિચારથી ધારણ ન કરે. બ્રહ્મચર્યરત સાધુ કદી પણ શારીરિક શોભા સંપાદન કરવાવાળા પદાર્થોનો સંબંધ પોતાના શરીર સાથે ન થવા દે. સુશ્રૂષા વિભૂષાનો સદાસર્વદા ત્યાગ કરે. આ નવમું સ્થાન છે. ॥ ૯ ॥

"सद्दे रूवे य" ઇત્યાદિ !

અન્વયાર્થ—**सद्दे–शब्दान्** મનમનભાવિત આદિ શબ્દોનો તથા **रूवे–रूपाणि** આકૃતિગત ઉજ્જવળ આદિ વર્ણોનો, **गंधे–गंधान्** તથા ઘ્રાણતૃપ્તિ વિધાયક સુરભિગંધનો તથા **रसे–रसान्** રસના ઇન્દ્રિયના વિષયભૂત મધુરાદિરસોના અને **फासे–स्पर्शान्** ઇન્દ્રિયનો વિષય છે કોમલાદિ સુખકારી સ્પર્શને એનો **पंचविहे कामगुणे–पंचविधान् कामगुणान्** આ પ્રકારે પાંચ કોમલાદિ સુખકારી સ્પર્શ છે. તેના **बंभचेररओ भिक्खू–ब्रह्मचर्यरतो भिक्षुः** બ્રહ્મચર્યમાં રત ભિક્ષુ સદા પરિત્યાગ કરે. આનો ભાવ એ છે કે, શબ્દાદિક પાંચ પ્રકારના વિષયોમાં ભિક્ષુ અનુરાગી ન બને.

આ દશમું સ્થાન છે. ॥ ૧૦ ॥

પ્રત્યેક બ્રહ્મચર્યના સમાધિસ્થાનમાં જે શંકા આશંકા વગેરે પદ પ્રયુક્ત કરવામાં આવેલ છે એને તાલપુટના દૃષ્ટાંતથી સ્પષ્ટ રીતે સમજવા માટે નીચેની ત્રણ ગાથાઓ દ્વારા કહેવામાં આવે છે.

"**आलओ**" ઇત્યાદિ !, "**कूइयं**" ઇત્યાદિ !, "**गत्तभूसणमिट्ठं च**" ઇત્યાદિ !

અન્વયાર્થ—**थीजणाइण्णो आलओ–स्त्रीजनाकीर्णः आलयः** સ્ત્રી, પશુ, પંડક, આદિકોથી સંકુલ વસતિ (૧) **मनोरमा थीकहा य–मनोरमा स्त्रीकथा च** મનોહર સ્ત્રી કથા (૨) **नारीणं संथवो चेव–नारीणां संस्तवः चैव** સ્ત્રીઓની સાથે પરિચય કરવો–એક આસન ઉપર એમની સાથે બેસવું (૩) **तासिं इंदियदरिसणं–तासां इन्द्रिय दर्शनम्** એનાં મુખ, નેત્ર, આદિ ઇન્દ્રિયોને રાગભાવથી જોવી (૪) ॥૧૧॥ તથા સ્ત્રીઓના **कूइयं रुइयं गीयं हसीयं भुत्तासियाणि य–कूजितं रुदितं गीतं हसितं भुक्तासितानि च** કૂજીત શબ્દને, રૂદન શબ્દને. ગીતોને હસી મજાકને સાંભળવા (૫) અને ગૃહસ્થાશ્રમમાં એમની સાથે કરવામાં આવેલા ભોગોનું સ્મરણ કરવું તથા એક આસન ઉપર બેસવું વગેરેનું સ્મરણ કરવું. (૬) **पणीय भत्तपाणं च अइमायं पाणभोयणं–प्रणीतं भक्तपानं च अतिमात्रं पानभोजनम्** પ્રણીત સરસ ભક્તપાન (૭) પ્રમાણથી વધુ પ્રમાણમાં આહર પાણીનું લેવું (૮) **इट्ठं–इष्टम्** સ્ત્રીઓને માટે ઈષ્ટ એવું **गत्तभूसणं–गात्रभूषणम्** શરીરને વિભૂષિત કરવું (૯) જીતવામાં ખૂબજ કઠણ એવા રસ, સ્પર્શન, શબ્દ, અને ગંધ (૧૦) આ સઘળા **अत्तगवेसिस्स नरस्स–आत्मणवेषिणः नरस्य** આત્માની ગવેષણા કરવાવાળા મોક્ષાભિલાષી માટે **तालउडं विसं जहा–तालपुटं विषं यथा** તાલપુટ નામના પ્રસિદ્ધ ઝહેર જેવા છે. એટલે કે મોઢામાં નાખવામાં આવેલ તાલપુટ ઝહેર તાળી વગાડતાં જેટલો સમય લાગે છે એટલા સમયમાં ખાનારના પ્રાણોનો વિનાશ કરી નાખે છે. આથી એના જેટલું વિપાક દારૂણ હોય છે એજ રીતે આ સ્ત્રી જન ઇત્યાદિથી આકીર્ણ આલાપ આદિને પણ જાણવાં જોઈએ. આ સઘળા શંકા આશંકાઓ જન્માવનાર છે અને સંયમરૂપ ભાવ જીવનનો તથા શરીર ધારણરૂપ દ્રવ્ય જીવનનો વિનાશ કરનાર છે. ॥૧૩॥

ઉક્ત અર્થનો ઉપસંહાર કરતાં સૂત્રધાર ઉપદેશ આપે છે કે,

"**दुज्जए**" ઇત્યાદિ !

અન્વયાર્થ—અનશન આદિ દુષ્કર તપશ્ચર્યા કરવાવાળા મુનિ **दुज्जए कामभोए–दुर्जयान् कामभोगान् दुर्जय** કામભોગનો **णिच्चसो–नित्यशः** સર્વદા **परिवज्जए–परिवर्जयेत्** પરિત્યાગ કરે તથા **सव्वाणि संकाट्ठाणाणि–सर्वाणि शंकास्थानानि** તથા શંકે–આશંકા, વિચિકિત્સા આદિ જનક સ્ત્રી, પશુ, પંડક સહિત આદિ દરા સ્થાનોને પણ **वज्जेज्जा–वर्जयेत्** છોડે નહીં તો જીન આજ્ઞા ભંગ ચારિત્ર વિરાધના અને મિથ્યાત્વ આદિક દોષોને પાત્ર એ સાધુએ થવું પડશે. ॥૧૪॥

"**धम्मारामे**" ઇત્યાદિ !

અન્વયાર્થ—**धीइमं–धृतिमान्** પરિષહ અને ઉપસર્ગને સહન કરવામાં ક્ષમતાવાળા તથા **धम्मसारही–धर्मसारथिः** ધર્મરૂપ રથના સારથી "**ठिओ उ ठावए परम्**" આ વચન અનુસાર અન્ય જનોને પણ ધર્મમાં પ્રવૃત્તિ કરાવવાવાળા, અતએવ **धम्मारामरए–धम्मारामरतः** શ્રુતચારિત્રરૂપ ધર્મધ્યાનમા વિચરણશીલ તથા **दंते–दान्तः**

ઈન્દ્રિય અને નો ઈન્દ્રિયનો નિગ્રહ કરવાવાળા તથા **बंभचेर समाहिए–ब्रह्मचर्य-समाहितः** બ્રહ્મચર્યમાં સમાધિસંપન્ન એવા **भिक्खू–भिक्षुः** મુનિ **धम्मारामे चरे –धर्मारामे चरे** શ્રુત ચારિત્રરૂપ ધર્મારામમાં–ધર્મ બગીચામાં વિચરે. આરામ–જે પ્રમાણે ગરમીથી સંતપ્ત પ્રાણીગણોને માટે આનંદનો હેતુ હોય છે અને એજ કારણે તે સંરક્ષણીય હોય છે. આ રીતે કર્મોના સંતાપથી સંતપ્ત પ્રાણીગણોને માટે શિવસુખનો હેતુ હોવાથી તથા અભિલષિત ફળ પ્રદાતા હોવાથી ધર્મને આરામની ઉપમાં આપવામાં આવેલ છે. ॥૧૫॥

"देवदानवगंधव्वा" ઈત્યાદિ !

અન્વયાર્થ—**जे–ये** જે સ્ત્રી અથવા પુરુષ **दुक्करं–दुष्करम्** કાયરજનો દ્વારા દુશ્ચર એવા બ્રહ્મચર્યનું **करंति–कुर्वन्ति** પાલન કરે છે. **ते–तान्** એ બ્રહ્મચારીઓને **देवदानवगंधव्वा जक्खरक्खसकिंनरा–देवदानवगंधर्वाः यक्षराक्षसकिन्नराः** દેવ-વિમાનવાસી તથા જ્યોતિષી, દાનવ–ભવનપતિ, ગાંધર્વ–દેવલોકક, આઠમા વ્યન્તર-દેવ તથા યક્ષ–ત્રીજા વ્યંતર દેવ, રાક્ષસ–ચોથા વ્યન્તરદેવ કિન્નર–પાંચમા વ્યન્તર દેવ, આ પ્રકારે સમસ્ત દેવ **नमंसंति–नमस्यन्ति** નમસ્કાર કરે છે. ॥૧૬॥

હવે અધ્યયનનો ઉપસંહાર કરે છે–**"एस धम्मे"** ઈત્યાદિ !

અન્વયાર્થ—**एस–एषः** આ અધ્યનમાં કહેવામાં આવેલ આ **जिणदेसिए–**જીનેન્દ્રદ્વારા પ્રતિપાદિત **धम्मे–धर्मः** બ્રહ્મચર્યરૂપ ધર્મ **धुवे–ध्रुवः** બીજા વ્રતવાળા-ઓથી અખંડનીય હોવાથી સ્થિર તથા **निच्चे–नित्यः** દ્રવ્યાર્થિક નયની અપેક્ષા અપ્રચ્યુત અનુત્પન્ન અને સ્થીર એક સ્વભાવવાળા છે. અને **सासए–शाश्वतः** પર્યાયાર્થિક નયની અપેક્ષાથી શાશ્વત–નિરંતર અન્ય અન્ય રૂપો દ્વારા ઉત્પન્ન હોવાને કારણે શાશ્વત છે. અથવા ત્રિકાળમાં પણ અવિનશ્વર હોવાથી નિત્ય, તથા ત્રિકાળમાં ફળદાયક હોવાથી શાશ્વત છે. આ ધ્રુવાદિ વિશેષણો દ્વારા સૂત્રકારે આ બ્રહ્મચર્ય વ્રતમાં પ્રમાણુતા પ્રતિપાદિત કરવામાં આવેલ છે. ત્રિકાળમાં આનું શું ફળ મળે છે આ વિષયને સૂત્રકાર બતાવે છે **अणेणं–अनेन** આ બ્રહ્મચર્યરૂપ ધર્મથી **पुरा** અનંત ઉત્સર્પિણી અવસર્પિણી કાળોમાં **सिद्धा–सिद्धाः** સિદ્ધ થયેલ છે. **सिज्झंति–सिध्यन्ति** મહાવિદેહોમાં આજે પણ સિદ્ધ થાય છે અને અનાગત અનંતકાળોમાં પણ સિદ્ધ થશે. એવું વ્યાખ્યાન હે જમ્બૂ ! મેં શ્રી મહાવીર પ્રભુના મુખથી સાંભળેલ છે. **त्तिबेमि–इति ब्रवीमि** એ પ્રમાણે જ તમોને કહેલ છે. ॥૧૭॥

આ પ્રમાણે શ્રી ઉત્તરાધ્યનસૂત્રના સોળમા અધ્યનનો ગુજરાતી ભાષા અનુવાદ સંપૂર્ણ

सत्तरमा અધ્યયનનો પ્રારંભ—

સોળમું અધ્યયન સંપૂર્ણ થયું છે, હવે સત્તરમા અધ્યયનનો પ્રારંભ થાય છે. આ અધ્યયનનો સંબંધ સોળમા અધ્યયન સાથે આ પ્રકારનો છે—સોળમા અધ્યયનમાં બ્રહ્મચર્યની ગુપ્તિઓ કહેવામાં આવેલ છે. એ ગુપ્તિઓ પાપસ્થાનોના વર્જનથી થઇ શકે છે, એના સિવાય નહીં. પાપસ્થાનોના સેવનથી તો પાપશ્રમણ થાય છે. આ કારણે પાપશ્રમણોના સ્વરૂપને સમજાવવા માટે આ અધ્યયનનો પ્રારંભ કરવામાં આવે છે. આની આ પ્રથમ ગાથા છે— **"जे केइ"** ઇત્યાદિ.

અન્વયાર્થ—**जे केइ–यः कश्चित्** જે કોઇ મોક્ષાભિલાષી પુરુષ સ્થવિર અણગાર આદિની સમીપ **धम्मं सुणित्ता–धर्मं श्रुत्वा** શ્રુત ચારિત્રરૂપ ધર્મનું **श्रवण** કરી તથા **सुदुल्लहं बोहिलाभं लहिउं–सुदुर्लभं बोधिलाभम् लब्ध्वा** અત્યંત દુષ્પ્રાપ્ય સમ્યગ્દર્શન પ્રાપ્તિરૂપ બોધિલાભ પ્રાપ્ત કરીને **विणयोववण्णे–विनयोपपन्नः** જ્ઞાનવિનય, ચારિત્રવિનય અને ઉપચારવિનય–ગુરુ આદિકોની સેવારૂપથી યુક્ત બનીને **पव्वइए नियंठे–प्रव्रजितो निर्ग्रन्थः** દીક્ષિત થઇને નિર્ગ્રંથ–સાધુ બની જાય છે. સિંહવૃતિથી દીક્ષા ધારણ કરી લે છે, પરંતુ પછીથી એજ વ્યક્તિ દીક્ષા ધારણ કર્યા પછી **जहासुहम्–यथासुखम्** નિદ્રાપ્રમાદ આદિમાં તત્પર થઈ જવાના કારણે શૃગાલવૃત્તિથી **विहरेज्ज–विहरेत्** વિચરે છે. ॥૧॥

એવા શ્રમણને જ્યારે ગુરુ આગમ ભણવાનું કહે છે ત્યારે તે શું કહે છે ? એ વાત આ ગાથા દ્વારા સૂત્રકાર પ્રદર્શિત કરે છે—**"सेज्जा दढा"** ઇત્યાદિ.

અન્વયાર્થ—**आउसु–आयुष्मन्** હે આયુષ્યમાન ગુરુ મહારાજ ! **मे–मे** મારી પાસે **सेज्जा–शय्या** જે વસતિ છે તે **दढा–दृढा** વાત આતાપ–તડકો અને જળાદિકના ઉપદ્રવોથી સુરક્ષિત છે, તથા **पाउरणं दढं–प्रावरणं दृढं** જે ચાદર છે તે પણ ઠંડી આદિના ઉપદ્રવથી મારી રક્ષા કરી શકે તેમ છે. આજ પ્રમાણે રજોહરણ અને પાત્રાદિક ઉપકરણ પણ મારી પાસે પર્યાપ્તમાત્રામાં છે. તથા **भोत्तुं पाउं उप्पज्ज –भोक्तुं पातुं उपपद्यते एवं** ખાવાપીવાનું પર્યાપ્ત મળી જ જાય છે. **जं वट्टइ तं जानामि-** યદ્વર્તતે તત્ **जानामि** શાસ્ત્રમાં જીવ અજીવ આદિક જે તત્વનું વર્ણન કરાયેલ છે એમના વિષયમાં પણ હું જાણું છું. આ કારણે **भंते– भदन्त** હે ભદન્ત ! શાસ્ત્ર ભણીને હવે હું શું કરું ?

ભાવ અર્થ—જીન દીક્ષા ધારણ કરવાથી મારી સંચત અવસ્થાની સઘળી આવશ્યકતાઓ પૂર્ણ થઈ જાય છે. આમાં કોઇ વાતની કમી પણ રહેતી નથી. આથી આગમ ભણવાથી મને શું લાભ છે? આપ લોકો ભણો છો તેમ છતાં પણ અતીન્દ્રિય તત્વોને તો જાણી શકતા નથી. કેમ કે પંચમકાળમાં કેવળ જ્ઞાનનો અભાવ બતાવેલ છે, તો પછી હૃદય, ગળું અને તાળવાને શુષ્ક બનાવી દેનારાં અધ્યયનોથી કયું પ્રયોજન સાધી શકાવાનું છે? અર્થાત્—કાંઈ પણ નહીં, આવું બોલવાવાળા પાપશ્રમણ કહેવાય છે. ॥૨॥

હવે અહીં પાપશ્રમણનાં લક્ષણ કહેવામાં આવે છે—"जे केइ" ઇત્યાદિ.

અન્વયાર્થ—जे केइ-यः कश्चित् જે કોઇ पव्वइए-प्रव्रजितः દીક્ષિત સાધુ મનોજ્ઞ અશનાદિકને पगामसो-प्रकामशः અત્યંત भोच्चा-भुक्त्वा ખાઈને તથા पेच्चा पीत्वा દૂધ, છાશ આદિને મનમાની રીતે ખૂબ પીને निद्दासीले-निद्राशीलः નિદ્રા-પ્રમાદમાં પડી सुहं सुहइ-सुखं स्वपिति સુખપૂર્વક સુઇ રહે છે. से पावसमणेत्ति वुच्चइ-सः पापश्रमण इति उच्यते તે સાધુ પાપશ્રમણ છે એવું કહેવામાં આવે છે.

ભાવાર્થ—યથેચ્છ ખાઇ પીને જે નિદ્રાશીલ થઇને સૂતા રહે છે—ધાર્મિક ક્રિયાઓમાં ઉપેક્ષાવૃત્તિ રાખે છે તે સાધુ નહીં પરંતુ પાપશ્રમણ છે એવું જાણવું જોઇએ. ॥૩॥

તથા "आयरिय" ઇત્યાદિ!

અન્વયાર્થ—જે મુનિ आयरिय उवज्झाएहिं-आचार्योपाध्यायैः આચાર્ય અને ઉપાધ્યાયને सुयं विणयं च गाहिए-श्रुतं विनयं च ग्राहितः શાસ્ત્ર ભણવાની, તથા વિનયશીલ જ્ઞાન દર્શન આદિ અને ઉપચાર વિનયને પાલન કરવાનું શિક્ષણ આપે છે ત્યારે बाले-बालः એ બાલશ્રમણ તે चेव खिंसइ-तानेव खिंसति એમના ઉપર રૂષ્ટ થાય છે, એમની પણ નિંદા કરવા લાગે છે, તે પાપશ્રમણ છે. ॥૪॥

આ પ્રમાણે જ્ઞાન આચારમાં પ્રમાદીનું સ્વરૂપ કહીને હવે સૂત્રકાર દર્શનાચારના પ્રમાદીનું સ્વરૂપ કહે છે—"आयरिय" ઇત્યાદિ!

અન્વયાર્થ—જે સાધુ आयरिय उवज्झायाणं सम्मं न पडितप्पइ-आचार्योपाध्यायानां सम्यक् न परितप्यति આચાર્ય ઉપાધ્યાય આદિ ગુરુજનોની શાસ્ત્રોક્ત પદ્ધતિના અનુસાર સેવા શુશ્રૂષા કરીને તેમને પ્રસન્ન કરતા નથી, તથા अप्पडि-

पूयए–अप्रतिपूजकः પોતાના ઉપર ઉપકાર કરવાવાળા મુનિજનોનો પણ જે પ્રત્યુપકાર કરતા નથી અને **थद्धे–स्तब्धः** જે અહંકારમાં જ મસ્ત બનીને રહે છે તે મુનિ પાપશ્રમણ છે. **अर्थात्**—દર્શનાચારમાં શિથિલ હોવાથી તે સાધુના કર્તવ્યથી ખૂબ દૂર છે. વાસ્તવિક સાધુ નથી. ॥૫॥

હવે ચારિત્રાચારમાં પ્રમાદ કરવાવાળાનું સ્વરૂપ કહે છે—**"संमद्दमाणे"** ઇત્યાદિ !

અન્વયાર્થ–જે સાધુ **पाणाणि बीयाणि सम्मद्दमाणे–प्राणान् बीजानि संमर्दयन्** બે ઇન્દ્રિયવાળા જીવોને, ડાંગર આદિ બીજોને, દુર્વાદિક હરિત અંકુરોને તથા ઉપલક્ષણથી સમસ્ત એકેન્દ્રિય જીવોને ચરણ આદિ દ્વારા પીડા પહોંચાડીને **असंजए–असंयतः** સંયમ ભાવથી વર્જીત બની રહેલ હોય તેમ છતાં પણ પોતે પોતાની જાતને સંયત માની રહેલ હોય એવા તે સાધુ પાપશ્રમણ કહેવાય છે. ॥૬॥

તથા **"संथारं"** ઇત્યાદિ !

અન્વયાર્થ—જે સાધુ **संथारं फलगं पीढं निसिज्जं पायकंबलं–संस्तारम् फलक पिठं निषद्यां–पादकम्बलम्** સંસ્તારક–શયનાસનને, ફલક–પટ્ટક આદિને, પીઠ–બાજોઠને નિષદ્યા–સ્વાધ્યાય ભૂમિને, પાદકમ્બલ–પગલું છવાના ઉર્ણામય નાના વસ્ત્રને, અથવા સુતરના નાના વસ્ત્રને **अप्पमज्जिय–अप्रमार्ज्य** રજો હરણ આદિથી પ્રમાર્જીત ન કરીને તથા ન તો જોઈ ને તેના પર **आरुहइ–आरोहति** બેસે છે. તે **पावसमणेत्ति वुच्चइ–पापश्रमण इत्युच्यते** પાપશ્રમણ છે એવું કહેવામાં આવે છે. ॥૭॥

તથા—**"दव्व दव्वस्स"** ઇત્યાદિ !

અન્વયાર્થ—જે સાધુ **दव्व दव्वस्स चरइ–द्रुतं द्रुतं चरति** ભિક્ષા આદિના સમયે જલદી જલદી ચાલે છે. તથા **अभीक्खणं–अभीक्ष्य** વારંવાર **पमत्ते–प्रमत्तः** સાધુ ક્રિયાઓને કરવામાં પ્રમાદી બની રહે છે, તથા **उल्लंघणे–उल्लंघनः** સાધુ મર્યાદાનું ઉલંઘન કરે છે, **चंडे–चण्डः** સમજાવતાં સમજાવનાર સામે ક્રોધ કરે છે. **पावसमणेत्ति वुच्चइ–पापश्रमण इत्युच्यते** આવા સાધુને શાસ્ત્રીય ભાષામાં પાપશ્રમણ કહેવામાં આવેલ છે. ॥ ૮ ॥

તથા—**"पडिलेहेइ"** ઇત્યાદિ !

અન્વયાર્થ—જે સાધું **पमत्ते–प्रमत्तः** પ્રમાદી બનીને **पडिलेहेइ–प्रतिलेखयति** વસ્ત્ર, પાત્ર, સદોરકમુખવસ્ત્રિકા વગેરેની પ્રતિલેખના કરે છે–કેટલાંક ઉપકરણોનું પ્રતિલેખન કરે છે કેટલાકનું કરતા નથી અથવા અવિધિપૂર્વક પ્રતિલેખન કરે છે, તથા **पायकंबलं अवउज्झइ–पात्रकंबलम् अपोज्झति** પાત્ર અને કમ્બલ આદિ પોતાની સઘળી ઉપધિની સંભાળ રાખતા નથી કોઇને કયાં અને કોઇને કયાં એ રીતે એને જયાં ત્યાં રાખી દે છે અને **पडिलेहणा अणाउत्ते–प्रतिलेखनायामनुपयुक्तः** પ્રતિલેખન ક્રિયા કરે તો છે પરંતુ તેમાં તેનો બરોબર ઉપયોગ કરેલ ન હોય. આવા સાધુને પાપશ્રમણ કહેવામાં આવેલ છે. ॥૯॥

તથા—**"पडिलेहेइ"** ઇત્યાદિ !

અન્વયાર્થ–જે સાધુ **जं किंचि णिसामिया–यत्किंचित् अपि निशम्य** અહીંતહીંની વાતોને સાંભળતો રહીને **पडिलेहेइ–प्रतिलेखयति** વસ્ત્રો પાત્રાદિકની પ્રતિલેખના

કરે છે, તે **पमत्ते–प्रमत्तः** પ્રમત્ત છે. તથા પ્રતિલેખનક્રિયાના સમયમાં પણ જે બીજાઓથી વાર્તાલાપ કરે છે અને પ્રતિલેખના કરતા જાય છે તે પણ **પ્રમત્ત** છે તથા **णिच्चं गुरुपरिभावए** હંમેશા જે પોતાના ગુરુદેવની આશાતના કરતા રહે છે તે પણ **પ્રમત્ત** છે. **पावसमणेत्ति वुच्चइ–पापश्रमणइत्युच्यते** એવા સાધુને પાપશ્રમણ કહેવામાં આવેલ છે. ॥૧૦॥

તથા–**"बहुमायी"** ઇત્યાદિ !

અન્વયાર્થ—જે સાધુ **बहुमायी–बहुमायी** પ્રચુર–અત્યંત માયાચાર સંપન્ન હોય **पामुहरी–प्रमुखरः** પ્રચુર–વધારે બકવાદ કરનાર હોય **थद्धे–स्तब्धः** અહંકારી હોય, **लद्ध–लुब्धः** લોભી હોય, **अनिग्गहे–अनिग्रहः** ઇન્દ્રિયોને વશમાં રાખનાર ન હોય. **असंविभागी-असंविभागी** ગ્લાનાદિક સાધુઓનો વિભાગ ન કરતા હોય, તથા **अचियत्ते-अप्रीतिकरः** પોતાના ગુરુદેવો ઉપર પણ જેની પ્રીતિ ન હોય તે સાધુ **पावसमणेत्ति–पापश्रमण इत्युच्यते** પાપશ્રમણ કહેવાય છે. ॥૧૧॥

તથા–"**विवायं च**" ઇત્યાદિ !

અન્વયાર્થ–– જે સાધુ **विवादं उदीरेइ–विवद उदीरयति** શાંત થયેલ કજીયાને પણ નવું નવું રૂપ આપીને તેને વધારવાની ચેષ્ટા કરે છે. **अधम्मे अत्तपण्णहा अधर्म आत्म प्रज्ञाहा** દશવિધિયતિના ધર્મથી રહિત બને છે, તથા સદ્બોધરૂપ પોતાની તથા બીજાની પ્રજ્ઞાને કુતર્કોથી નષ્ટ કરે છે, અથવા આત્મસ્વરૂપની પ્રદર્શિત બુદ્ધિને જે બગાડતા રહે છે, અથવા "**अत्तपण्णहा**"ની સંસ્કૃત છાયા "**आत्मप्रश्नहा**" એવી પણ થઈ શકે છે. આનો અર્થ "જો કોઇ એનાથી એવો પ્રશ્ન કરે કે ભવાન્તરમાં જવાવાળો આત્મા છે કે, નથી ?" ત્યારે તે પોતાના કુતર્કોદ્વારા આ પ્રશ્નને નષ્ટ કરી દે છે અને કહે છે કે, પ્રત્યક્ષાદિ પ્રમાણોથી અનુપલભ્યમાન હોવાથી ગધેડાના શીંગડાની માફક જ્યારે આત્માનું જ અસ્તિત્વ નથી તો પછી ભવાન્તરમાં કોણ જવાનું છે ? આ કારણે એ પ્રશ્ન જ અયુક્ત છે કારણ કે, ધર્મી હોવાથી જ એના ધર્મનો વિચાર થાય છે." એવો થાય છે. **वुग्गहे कलहे रत्ते–व्युद्ग्रहे कलहे रक्तः** હાથી આદિના યુદ્ધમાં તથા વચનના કલહમાં તત્પર રહે છે તે **पावसमणेत्ति वुच्चइ–पापश्रमणइत्युच्यते** પાપશ્રમણ કહેવાય છે. ॥૧૨॥

તથા–**"अथिरासणे"** ઇત્યાદિ !

અન્વયાર્થ—જે સાધુ **अथिरासणे–अस्थिरासनः** સ્થિર આસનથી રહિત હોય છે તથા **कुक्कुइए–कौकुचिकः** ભાંડણવેડા કરવાવાળા હોય છે, તથા **जत्थ तत्थ निसीय इ–यत्र तत्र निषीदति** જ્યાં ત્યાં અર્થાત્ સચિત્ત રજવાળી તથા બિન્દ્રિયયુક્ત અપ્રાસુક ભૂમિ પર બેસે છે, તથા **आसणम्मि अणाउत्ते–आसने अनायुक्तः** આસનનો ઉપયોગ કરતા નથી, એવા સાધુ **पावसमणेत्ति वुच्चइ–पापश्रमणइ च्यते** પાપશ્રમણ કહેવાય છે. ॥ ૧૩ ॥

તથા—**ससरक्खपाओ**" ઇત્યાદિ !

અન્વયાર્થ—જે સાધુ **ससरक्खपाओ—सरजस्कपादः** ધૂળથી ભરેલા પોતાના પગ હોય છે. છતાં **सुयइ—स्वपिति** એમના એમ સુઈ જાયછે, તથા **सेज्जं न पडिलेहइ—शय्यां न प्रतिलेखयति** પોતાની વસતિની પ્રતિલેખના કરતા નથી, તથા **संथारए अणाउत्तो—संस्तारके अनायुक्तः** દર્ભાદિકના સંસ્તારકમાં અનુપયુક્ત રહે છે, દિવસના પ્રથમ પ્રહરમાંજ સુઈ જાય છે, તથા કુકુટીની માફક પગ પસારીને સુવે છે. તે સાધુ **पावसमणेत्ति वुच्चइ—पापश्रमण इत्युच्यते** પાપશ્રમણ કહેવાય છે. ॥૧૪॥

ચારિત્રાચારના પ્રમાદીના સ્વરૂપને કહીને હવે તપ આચારના પ્રમાદીના વિષયમાં કહે છે—"**दुद्धदही**" ઇત્યાદિ !

અન્વયાર્થ—જે સાધુ કારણવગર **अभीक्खणं—अभीक्ष्णम्** ફરી ફરી **दुद्ध—दही—दुग्धदधिनि** દુધ દહીં રૂપ **विगइओ—विकृति** વિકૃતિઓને તથા ઉપલક્ષણથી ઘૃતાદિક અશેષ વિકૃતિઓને **आहरेइ—आहारयति** ખાય છે, તથા અનશન ઉણોદરી આદિક **तवोकम्मे अरए—तपः कर्मणि अरतः** તપસ્યાઓમાં લવલીન રહેતા નથી—તપસ્યાઓ કરતા નથી તે **पावसमणेत्ति वुच्चइ—पापश्रमण इति उच्यते** સાધુ પાપશ્રમણ છે. ॥૧૫॥

તથા—"**अत्थंतम्मि य**" ઇત્યાદિ !

અન્વયાર્થ—જે સાધુ **अत्थंतम्मिय सूरम्मि—अस्तान्ते च सूर्ये** સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધી **अभीक्खणं—अभीक्ष्णम्** ઘડી ઘડી વિના વિશેષ કારણે **आहारेइ—आहारयति** ખાયા કરે છે. **चोइओ—नोदितः** શ્રુત અધ્યયન, વાચન આદિરૂપ ગ્રહણ શિક્ષામાં તથા યથાવસ્થિત સાધુ આચાર પાલનરૂપ તથા યથાકાળ પ્રતિલેખના, પ્રતિક્રમણ કરવું આદિરૂપ આસેવન શિક્ષામાં ગુરુ આદિ દ્વારા પ્રેરણા થતા **पडिचोइओ—प्रतिनोदयति** જે ગુરુઓની સાથે વાદવિવાદ કરવા લાગી જાય છે—જેમકે આપ ઉપદેશ આપવામાં જેટલા ચતુર છો તેટલા ક્રિયામાં નથી. જો એમજ છે તો આપજ કેમ નથી કરી લેતા ! ઇત્યાદિ. આ પ્રકારના સાધુ **पावसमणेत्ति वुच्चइ—पापश्रमण इत्युच्यते** પાપશ્રમણ કહેવાય છે. ॥૧૬॥

તથા—"**आयरिय परिच्चाइ**" ઇત્યાદિ !

અન્વયાર્થ—જે સાધુ **आयरिय परिच्चाइ—आचार्य परित्यागी** આચાર્યનો પરિત્યાગ કરી દે છે, અર્થાત્—જ્યારે તે કાંઈ કામ કરવાને માટે કહે છે ત્યારે એમને એવું કહે છે કે, આપ આ સમર્થ વૃદ્ધાદિક સાધુઓ પાસે તો કામ કરાવતા નથી અને મનેજ જ્યારેને ત્યારે કામ ચીંધ્યા કરો છો. સ્વાધ્યાય કરવામાં સમર્થ એવા આ વૃદ્ધાદિક મુનિઓને તો આપ સ્વાધ્યાય કરવાનું કહેતાજ નથી અને હું જે એ કામમાં અસમર્થ છું તેનેજ કહ્યા કરો છો ભિક્ષામાં લભ્ય અન્નાદિક સામગ્રી આપ બાલગ્લાન મુનિઓને આપો છો અને મને આપતા નથી. ઉલટા મને આપ એમજ કહ્યા કરો છો કે, તપ કરો. ભલા આ પણ કોઈ વાત છે ! આ પ્રમાણે દોષ દઈને તે પાપશ્રમણ સાધ્વાચાર પાલન કરવામાં-સાધુઆચાર પાલનમાં અસમર્થ હોવાના કારણે તથા આહાર આદિકમાં લોલુપિ હોવાના કારણે આચાર્યનો પરિત્યાગ કરી દે છે. તથા **परपासंडसेवए-परपाषंडसेवकः** જીનોક્ત ધર્મને છોડીને તે બીજા ધર્મનો આરાધક બની જાય છે. **गाणंगणिए—गाणङ्गणिकः** તથા સ્વચ્છંદ હોવાથી તે છ માસની અંદરજ પોતાના ગચ્છનો પરિત્યાગ કરી બીજા ગચ્છમાં ચાલ્યો જાય છે. આ કારણે **दुब्भूए—दुर्भूतः** દુરાચારી હોવાથી તે અતિ નિંદાને

પાત્ર બને છે એવા જે સાધુ હોય છે તે **पावसमणेत्ति वुच्चइ–स पापश्रमण इत्युच्यते** તે પાપશ્રમણ કહેવાય છે. ॥૧૭॥

હવે વિચારમાં પ્રમાદ કરવાવાળાનું સ્વરૂપ કહે છે––**"सयं"** ઇત્યાદિ !

અન્વયાર્થ––જે સાધુ **सयं गेहं–स्वकं गेहं** પોતાના ઘરને છોડીને મુનિવ્રત ધારણ કરી **परगेहंसि वावरे–परगेहे व्याप्रियते** ગૃહસ્થના ઘેર આહારાર્થી થઇને એનું કામ કરે છે અને **निमित्तेण य ववहरइ–निमित्तेन व्यवहरति** શુભ તથા અશુભ કથનરૂપ નિમિત્તથી દ્રવ્યને એકત્રિત કરે છે. અથવા ગૃહસ્થ આદિના નિમિત્ત ક્રયવિક્રય કરે છે **से पावसमणेत्ति वुच्चइ–स पापश्रमण इत्युच्यते** તે સાધુ પાપશ્રમણ કહેવાયછે.॥૧૮॥

તથા––**'सनाइपिंडं** ઇત્યાદિ !

અન્વયાર્થ––જે સાધુ **सनाइपिंडं–स्वज्ञातिपिण्डम्** સ્વજ્ઞાતિપિંડને–સંસાર-અવસ્થાના પોતાના બંધુઓ દ્વારા પ્રદત્ત ભિક્ષાને **जेमेइ–जेमति** ખાય છે અને **सामुदाणियं निच्चइ–सामुदाणिकम्–नेच्छति** અનેક ગૃહસ્થોને ત્યાંથી લાવવામાં આવેલી ભિક્ષાની ઇચ્છા કરતા નથી. તથા **गिहि निसज्जं च वाहेइ–गृहि निषद्यां च वाहयति** ગૃહસ્થજનોની શય્યા ઉપર બેસે છે. **से पावसमणेत्ति वुच्चइ–स पापश्रमण इत्युच्यते** તે સાધુ પાપશ્રમણ કહેવાય છે. ॥૧૯॥

સૂત્રકાર આ સમયે અધ્યયનનો ઉપસંહાર કરતાં ઉક્ત દોષોના સેવનનું ફળ આ ગાથા દ્વારા કહે છે––**"एयारिसे"** ઇત્યાદિ !

અન્વયાર્થ––જે **एयारिसे–एतादृशः** એવા સાધુ હોય છે તે **पंचकुसीलसंवुडे पंचकुशीलासंवृतः** પાંચ કુશીલની માફક અનિરુદ્ધ આસ્રવદ્વારવાળા થાય છે. પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ, સંસક્ત અને યથાચ્છંદ આ પાંચ કુશીલ સાધુ છે. જે પોતાના આચારમાં શિથિલ હોય છે તે પાર્શ્વસ્થ છે. (૧) સાધુ ક્રિયાઓનું આરાધન કરવામાં જે ખેદખિન્ન હોય છે તે અવસન્ન છે. (૨) ઉત્તરગુણોની પ્રતિસેવાથી જેનો આચાર દુષ્ટ હોય છે તે કુશીલ છે. (૩) દૂધ દહીં આદિ વિકૃતિઓમાં જે આસક્ત ચિત્ત રહે છે. અથવા ઉત્કૃષ્ટ ચારિત્રીઓમાં જે ઉત્કૃષ્ટ ચારિત્રનું પાલન કરે છે અથવા શિથિલાચારિયોની વચમાં જે શિથીલાચારી બની જાય છે આ રીતે બહુરૂપધારી જે સાધુ હોય છે તે સંસક્ત છે. (૪) શાસ્ત્રીય મર્યાદાનો ત્યાગ કરી પોતાની ઇચ્છા અનુસાર જે ચાલે છે તે યથાચ્છંદ છે. આ પાંચ કુશીલને જીનમતમાં અવંદનિય બતાવેલ છે.

ઉત્કંચ––**पासत्थो आसन्नो होइ, कुसीलो तहेव संसत्तो ।**
अहच्छंदो वियएए, अवंदणिज्जा जीणमयम्मि ॥१॥"

रूवंधरे–तथारूपधरः તથા મુનિવેશને એ ધારણ કરનાર હોય છે આ કારણે **मुणिवरागहिट्ठिमे–मुनिवराणामधस्तनः** સદા તે પ્રધાન મુનિઓની વચમાં અત્યંત નિકૃષ્ટ માનવામાં આવે છે. તથા તે **एयंसे लोए–अस्मिन् लोके** આ લોકમાં **विसमेव गरहिए–विषमिवगर्हितः** ઝેરની માફક ગર્હિત હોય છે. **से–सः** એવા તે સાધુ **इहं परत्थलोए नेव–इह परलोके न भवति** ન તો આ લોકના રહે છે તેમ ન તો પરલોકના રહે છે. અર્થાત્–એના એ બન્ને ભવ બગડી જાય છે. કેમકે, તે

આલોકમાં ચતુર્વિધસંઘ દ્વારા અનાદરણીય બને છે. કારણ કે તણખલાની માફક તે સંઘની દૃષ્ટિથી બિલકુલ નીચે પડી જાય છે. તથા શ્રુતચારિત્રના વિરાધક હોવાથી પરલોકમાં તે મોક્ષ આદિના સુખોના પણ અધિકારી રહેતા નથી. આથી એનો જન્મ નિરર્થક જ જાય છે. ॥૨૦॥

હવે ઉક્ત દોષોના પરિહારનું ફળ કહેવામાં આવે છેઃ—'जे वज्जइ' ઇત્યાદિ.

અન્વયાર્થ—जे–यः જે સાધુ एए दोसे–एतान् दोषान् આવા જ્ઞાનાતિચારાદિક–જ્ઞાનાચાર સંબંધી દોષોને सयाउ वज्जए–सदातु वर्जयति સદૈવ દૂર કરી દે છે–તેનો સદાને માટે પરિત્યાગ કરી દે છે, से मुणीणमज्झे सुव्वए होइ–सः मुनीनां मध्ये सुव्रतो भवति તે મુનિઓની વચમાં પ્રશસ્ત વ્રતધારી મનાય છે. તથા તે अयंसिलोए–अस्मिन्लोके આ લોકમાં अमयं व–अमृतमिव અમૃતની માફક पूइए–पूजितः આદરણીય થાય છે. ચતુર્વિધસંઘ દ્વારા આદર પામીને તે इणं लोगं तहा परं लोगं आराहए–इमं लोकं तथा परं लोकं आराधयति પોતાના આલોક અને પરલોકને પણ સફળ બનાવી લે છે. त्ति बेमि–इति ब्रवीमि એવું હું કહું છું.

સુધર્માસ્વામી જમ્બૂસ્વામીને કહે છે કે જેવું મેં મહાવીરપ્રભુ પાસેથી સાંભળેલ છે તે તમને કહ્યું છે. મારા પોતાના તરફથી કાંઇ પણ કહેલ નથી.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના પાપશ્રમણીય નામના સત્તરમા અધ્યયનનો
ગુજરાતી ભાષા અનુવાદ સંપૂર્ણ. ॥૧૭॥

अठारहवें अध्ययन का प्रारंभ और संजयनृप के चरित्र का वर्णन

અઢારમા અધ્યયનનો પ્રારંભ—

સત્તરમું અધ્યયન આગળ કહેવાઇ ગયું. હવે અઢારમા અધ્યયનનો પ્રારંભ થાય છે. આ અધ્યયનનો સત્તરમા અધ્યયન સાથેનો સંબંધ આ પ્રકારનો છે.—સત્તરમા અધ્યયનમાં પાપસ્થાનોનું વર્જન કહેલ છે. એ સંયતને જ થાય છે. સંયત એ બની શકે છે કે, જે ભોગ અને રિદ્ધિનો ત્યાગ કરે છે. આ વાત સંજય રાજાના ઉદાહરણથી સારી રીતે જાણી શકાય છે. આથી આ અધ્યયનમાં સંજય રાજાનું ઉદાહરણ પ્રગટ કરવામાં આવે છે. આ અઢારમા અધ્યયનનું સહુથી પહેલું સૂત્ર આ પ્રમાણે છે—"कंपिल्ले" ઇત્યાદિ!

અન્વયાર્થ– उदिन्न बलवाहणो–उदीर्णबलवाहनः શરીર સામર્થ્ય અથવા ચતુરંગસૈન્યનું નામ બળ છે. હાથી, ઘોડા, પાલખી, આદિનું નામ વાહન છે. આ બન્ને જેને સંપૂર્ણ પ્રાપ્ત થઈ ચૂકયા છે એવા नामेण संजए-नाम्ना संजयः સંજય નામના પ્રસિદ્ધ રાજા कंपिल्ले नगरे–काम्पिल्ये नगरे કાંપિલ્યનગરને વિશે રાજ્ય કરતા હતા. એ રાજા એક દિવસ मिगव्वं उवणिग्गए–मृगव्यमुपनिर्गतः શિકાર ખેલવા માટે નગર બહાર નીકળ્યા. ॥ ૧ ॥

શિકાર માટે કેવી રીતે નીકળ્યા ? એને સૂત્રકાર કહે છે—"हयाणी" ઇત્યાદિ!

અન્વયાર્થ—તે રાજા પોતાની महया हयाणीए महता हयानीकेन વિશાળ અશ્વસેના गयाणीए–गजानीकेन વિશાળ હાથી સેના વિશાળ रहाणीए–रथानीकेन રથ સેના તથા पायत्ताणीए–पादातानीकेन પાયદળ સેના વિગેરેથી सव्वओ–सर्वतः

સર્વ રીતે **परिवरिए–परिवारितः** પરિવૃત થઇને **विनिग्गए–विनिर्गतः** નગરથી બહાર શિકાર ખેલવા માટે નીકળ્યા. આ પ્રકારનો સંબંધ આ શ્લોકની સાથે છે. ॥૨॥

રાજાએ નગર બહાર નીકળીને શું કર્યું તેને કહે છે—**"मिए"** ઇત્યાદિ !

અન્વયાર્થ—**रसमुच्छिए–रसमूर्च्छितः** મૃગ માંસના સ્વાદલોલુપિ એવા એ કાંપિલ્યનગરના રાજા **हयगओ–हयगतः** ઘોડાપર સ્વાર થઇને **कंपिल्लुज्जाणकेसरे–कम्पिल्योद्यानकेशरे–**કેસર નામના ઉદ્યાનમાં ગયા, ત્યાં પહોંચીને તેણે **मिए छुभित्ता–मृगान् क्षोभयित्वा** મૃગોને મારવા માટે પ્રેરિત કર્યા જ્યારે તે **भीए–भीतान** રાજાની આ પ્રકારની સેના ઇત્યાદિને જોઇ ઉદ્યાનમાંના મૃગો ભયભીત બન્યા **संते–श्रान्तान्** શ્રાન્ત બન્યા ત્યારે તેમાંથી કેટલાક મૃગોનો રાજાએ શીકાર કર્યો. ॥૩॥

આ પ્રમાણે શિકાર કરતી વખતે શું બન્યું, આ વાતને સૂત્રકાર કહે છે.—**"अह"** ઇત્યાદિ !

અન્વયાર્થ—**अह–अथ** જ્યારે રાજા મૃગોનો શિકાર કરી રહ્યા હતા તે સમયે એ **केसरम्मि उज्जाणे–केशरे उद्याने** કેશર ઉદ્યાનમાં **सज्झायझ्झानसंजुत्ते–स्वाध्याय ध्यानसंयुतः** સ્વાધ્યાય–આગમ અધ્યયનમાં તેમજ ધર્મધ્યાનમાં તત્પર એવા **अणगारे–अनगारः** એક મુનિરાજ કે **तवोधणे–तपोधनः** તપ જેનું ધન છે, **धम्मज्झाणं झियायइ–धर्मध्यानं ध्यायति** આજ્ઞા વિચય, અપાય વિચય, વિપાક વિચય અને સંસ્થાન વિચયરૂપ ધર્મધ્યાનનું ચિંતવન કરી રહ્યા હતા. ॥૪॥

संजयमुनि चरित्र वर्णन में संजयनृप को मुनि के दर्शन

તથા—**"अप्फोवमंडवम्मि"** ઇત્યાદિ !

અન્વયાર્થ—**खवियासवे–क्षपितास्रवः** આસ્રવોને દૂર કરનારે તે ગર્દભાલિ અનગાર **अप्फोवमंडवंम्मि-अप्फोवमंडपे** વૃક્ષાદિકથી ઘેરાએલા તથા નાગવલ્લિ આદિથી છવાએલ મંડપમાં **झ्झायइ–ध्यायति** ધર્મધ્યાન કરી રહ્યા હતા. **तस्स पासं आगए मिगे से णराहिवे वहेइ–तस्य पार्श्वं आगतान् मृगान् स नराधिपः हन्ति** મૃત્યુના ડરથી અકળાઇને નાસભાગ કરતા મૃગો એ લતામંડપમાં બેઠેલા મુનિરાજની પાસે દોડી ગયા છતાં પણ રાજાએ ત્યાં જઈ તેમનો સંહાર કર્યો. ॥૫॥

પછી શું થયું ? તેને કહે છે—**"अह–आसगओ"** ઇત્યાદિ !

અન્વયાર્થ—**अह–अथ** જ્યારે મૃગલાનો સંહાર થઈ ગયો ત્યારે **आसगओ अश्वगतः** ઘોડા ઉપર સ્વાર થયેલ **सो राया–स राजा** તે રાજા **खिप्पं–क्षिप्रम्** શીઘ્રજ **तहिं–तत्र** એ સ્થાન ઉપર **आगम्म–आगम्य** આવ્યા અને આવીને **हिए मिएउ पासित्ता–हतान् मृगान् दृष्ट्वा** મરેલા મૃગોને જોવા માંડયા આ સમયે એ **तत्थ अणगारं पासइ–तत्र अनगारं पश्यति** લતામંડપમાં બેઠેલા એક મુનિરાજ ઉપર એની દૃષ્ટી ગઈ ॥૬॥

તથા—**'अह राया'** ઇત્યાદિ !

અન્વયાર્થ—**अह–अथ** ત્યારપછી **तत्थ–तत्र** આ મુનિરાજ ઉપર દૃષ્ટિ પડતાં **संभतो–संभ्रान्तः** ભયત્રસ્ત **राया–राजा** એ રાજાના દિલમાં એક પ્રકારનું એવું દુઃખ જન્મ્યું કે, **मंद पुन्नेणं–मंदपुण्येन** મેં પુણ્યહિન તથા **रसगिद्धेण–रसगृद्धेन** રસલોલુપિ **घित्तुणा–घातुकेन** ઘાતકે કેવળ આ મૃગોને નથી માર્યા પરંતુ **मणा–मनाक्** વ્યર્થજ આ

ઉદ્યાનમાં બેઠેલા **अणगारो–अनगारो** મુનિરાજને જ **आहओ–आहतः** મારેલ છે. ॥૭॥

આ પછી રાજાએ શું કર્યું તે કહે છે.—"**आसं**" ઇત્યાદિ !

અન્વયાર્થ—આ પ્રકારનો મનમાં પશ્ચાત્તાપ કરતા **सो निवो–सः नृपः** એ રાજાએ **आसं विसज्जइत्ताणं–अश्वं विसृज्य खलु** ઘોડાને છોડીને **विणएणं–विनयेन** ઘણાજ વિનયની સાથે **अणगारस्स पाए वहइ–अनगारस्य पादौ वन्दते** એ મુનિરાજના ચરણોમાં પોતાનું મસ્તક ઝુકાવી દીધું અને કહેવા માંડયું કે, **भगवं–भगवन्** હે નાથ ! **एत्थमे खमे–अत्र मे क्षमस्व** આ મૃગલાના વધથી થયેલા મારા અપરાધને આપ ક્ષમા કરો ॥૮॥

मुनिके पास संजयनृप की क्षमायाचना के लिये प्रार्थना

મુનિરાજ ધ્યાનસ્થ હોવાથી કાંઈ બોલ્યા નહીં ત્યારે શું થયું ? તેને સૂત્રકાર કહે છે—"**अह मोणेण**" ઇત્યાદિ !

અન્વયાર્થ—એ સમયે **मोणेण–मौनेन** મૌનના કારણે **भगवं अणगारे–भगवान् अणगारः** એ માહાત્મ્ય સંપન્ન આ મુનિરાજ **झाणमस्सिओ–ध्यानमाश्रितः** ધર્મ ધ્યાનમાં લવલીન બનેલ હતા. આ કારણે **रायाणं पडि ण मंतेइ–राजानं प्रतिन मंत्रयति** રાજાની વાતનો તેમણે કોઇ પ્રત્યુત્તર આપ્યો નહીં **तओ राया भयदुओ–ततःराजा भयद्रुतः** આ પ્રકારની સ્થિતિ જોઇ રાજાના મનમાં ખૂબજ ભય ઉત્પન્ન થયો ॥૯॥

ભયત્રસ્ત રાજાએ શું કહ્યું ? તેને કહે છે.—"**संजओ**" ઇત્યાદિ !

અન્વયાર્થ—ફરીથી રાજાએ કહ્યું, હે ભગવન્ ! **अहं संजओ णाम राया अस्सि–अहं संजयो नाम राजा अस्मि** હું સંજય નામનો રાજા છું. અને આપને પ્રાર્થના કરું છું કે, આપ **मे वाहराहि–माम् व्याहर** મને કાંઇક કહો કેમકે, તેજોલેશ્યા આદિરૂપ **तेएण कुद्धो अणगारो नरकोडिओ दहेज्ज–तेजसा क्रुद्धः अनगारः नरकोटीर्दहेत्** તેજથી ક્રોધિત બનેલ અનગાર અનેક કોટી મનુષ્યોનો પણ સંહાર કરી શકે છે. મારા જેવા એકની તો વાત જ કયાં રહી ? આથી આપ જ્યારે બોલતા નથી ત્યારે મારા હૃદયમાં ખૂબજ ભય વ્યાપી રહ્યો છે. આથી હે નાથ આપ ક્રોધ ન કરતાં મારા ઉપર દયા કરો. એવી મારી નમ્ર પ્રાર્થના છે. ॥૧૦॥

ધ્યાન પુરૂ થતાં મુનિરાજ કહે છે.—"**अभओ**" ઇત્યાદિ !

અન્વયાર્થ—રાજાની પ્રાર્થના સાંભળીને મુનિરાજે કહ્યું કે, **पत्थिवा–पार्थिव**

संजयनृप को मुनिकी ओर से क्षमादान

હે રાજન્ ! **अभओ–अभयम्** તું નિર્ભય હો ! તમારૂં કર્તવ્ય પ્રજાપાળક તરીકેનું છે. આ કારણે સઘળા જીવોને પોતાના જેવા માનીને તથા પ્રજા સ્વરૂપ સમજીને **अभयदाया भवाहि य–अभयदाता भव च** એના અભય દાતા બનો. જેમ મરણનો ભય તમને છે એવોજ ભય બધાને છે. પછી હે રાજન ! **अणिच्चे जीवलोगम्मि–अनित्ये जीवलोके** આ જીવલોક અનિત્ય છે પાણીના પરપોટાની જેમ ચપલ છે, છતાં પણ તમે **किं हिंसाए पसज्जसि–किम् हिंसायां प्रसज्जसि** શા માટે આ હિંસા કાર્યમાં લવલીન બની રહ્યા છો ? તાત્પર્ય આનું ફક્ત એજ છે કે, જ્યારે જીવલોક અનિત્ય છે, તમે પણ અનિત્ય છો, શાશ્વત આ પર્યાયમાં રહેવાવાળા નથી તો પછી શા માટે અલ્પ દિવસો સુધી રહેવાવાળા આ જીવનના માટે પાપનું ઉપાર્જન કરી રહ્યા છો ? ॥૧૧॥

"जया" ઇત્યાદિ !

અન્વયાર્થ—**जया**—यदा જ્યારે એ વાત નિશ્ચિત છે કે **अवस्सस्स**—अवशस्य મૃત્યુના પંજાથી પરાધીન એવું જીવન જીવતા **ते**—ते તમોએ **सव्वं परिच्चज्ज**—सर्वं परित्यज्य આ અન્તઃપુર, કોશ કોષ્ઠાગાર, સેના, સાહ્યબી, આદિનો પરિત્યાગ કરીને **गंतव्वम्**—गन्तव्यम् ભવાન્તરમાં જવાનું જ છે. તો, હે રાજન્ ! પછી **किं**—किम् શા માટે **अनिच्चे जीवलोगम्मि**—अनित्ये जीवलोके આ અનિત્ય—અનવસ્થિત આ જીવલોકમાં વર્તમાન **रज्जम्मि**—राज्ये ક્ષણભંગુર એવા આ રાજ્યલોભમાં **पसज्जसि**—प्रसज्जसि શા માટે ફસાઈ રહ્યા છો ? ॥૧૨॥

છતાં પણ-"जीवियं" ઇત્યાદિ !

અન્વયાર્થ—હે રાજન ! **जत्थ त्वं मुज्झसि**—यत्र त्वं मुह्यसि જે જીવન આદિ પર્યાયોમાં તમો મોહાધીન થઈ રહ્યા છો એ **जीवियं चेव रूवं च**—जीवितं चेव रूपं च જીવન અને રૂપ સઘળાં **विज्जुसंपाय चंचलं**—विद्यत् संपात चंचलम् વિજળીની ચમક જેવાં ચંચળ છે. આમાં મોહાધીન થઈને જ **पेच्चत्थ णावबुज्झसि**—प्रेत्यर्थं न अवबुध्यसि તમોએ આજસુધી પરલોકરૂપ અર્થને જાણેલ નથી. ॥૧૩॥

तथा—"दाराणि" ઇત્યાદિ !

અન્વયાર્થ—હે રાજન ! જુઓ સંસાર કેટલો સ્વાર્થી છે, **दाराणि य सुयाचेव मित्ताय तह बांधवा**—दाराश्च सुताश्चैव मित्राणि तथा बांधवाश्च આમાં સ્ત્રી, પુત્ર, મિત્ર તથા બાંધવજનો એ સઘળા **जीवन्तमणुजीवति**—जीवन्तमनुव्रजन्ति જીવતા માનવીનાજ સાથી છે. કમાયેલા દ્રવ્યમાં સંમિલિત થઈને ખૂબ મોજમજા ઉડાવવામાં જ આનંદ માનનારા હોય છે. **मयं नाणुव्वयंति य**—मृतं नानुव्रजंति च પરંતુ જ્યારે આ બીચારા જીવને પરલોકમાં જવાનો સમય આવે છે. મૃત્યુ આવીને જ્યારે એના ગળાને ટુંપો દે છે. ત્યારે કોઈ પણ એવું નથી, આગળ આવતું કે, જે એ જીવની રક્ષા કરી શકે, અથવા તો એની પાછળ પાછળ જાય એ સઘળા એ સમયે એક બાજુએ ખસીને ઉભા રહી જાય છે. જ્યારે જીવને એકાકિ જવું પડે છે. ॥૧૪॥

तथा—"नीहरंति" ઇત્યાદિ !

અન્વયાર્થ—હે રાજન ! આનાથી વધારે સંસારની અસારતા બીજી શું હોય ? જે **परमदुक्खिया**—परमदुःखिताः પિતાના પરલોકમાં જવા કાળે **पुत्तो**—पुत्राः પુત્રાદિક એકઠા મળેલા પરમ દુઃખિત થયા કરે છે. તથા **मयंपियरं नीहरंति**—मृतं पितरं निर्हरन्ति મરી જનાર બિચારા એ પિતા કે, જેનું ઘરમાં સંપૂર્ણપણે ચલણ ચાલતું હતું

તેનેજ (શબને) એ ઘરમાંથી બહાર કાઢે છે. તથા **पियरोवि पुत्ते बंधू नीहरंति**–**पितरोऽपि पुत्रान् बन्धून् निर्हरन्ति** આજ પ્રમાણે પિતા પણ મરી જનાર પોતાના પ્રિય પુત્રને તેમજ બંધુ વગેરેને પણ આજ પ્રમાણે ઘરમાંથી બહાર કાઢે છે. આ પ્રમાણેની સંસારની **रायं**–**राजन्** હે રાજા દશા જોઈને **तवं चरे**–**तपश्चरेः** આ જીવનને સફળ બનાવવા માટે હે રાજન્! તમે તપસ્યા કરો. ॥ ૧૫ ॥

ફરી પણ—"**तओ**" ઇત્યાદિ!

અન્વયાર્થ—**रायं**–**राजन्** હે રાજન્! દ્રવ્યનું ઉપાર્જન કરનાર વ્યક્તિના મૃત્યુ બાદ **तेणज्जिए दव्व परिरक्खिए दारे य**–**तेनार्जितानि द्रव्याणि परिरक्षितान् दारान् च** તેણે ઉપાર્જન કરેલા દ્રવ્યને તથા તેની આશ્રિત સ્ત્રી જનને પ્રાપ્ત કરીને **अन्ने नरा कीलंति**–**अन्ये नराः क्रीडन्ति** બીજી વ્યક્તિ આનંદ કરે છે, અને હટ્ઠ **तुट्ठा हवइ**–**हृष्टतुष्टा भवन्ति** હર્ષિત થતી રહે છે. અને ઘણા સંતુષ્ટ રહ્યા કરે છે **अलंकिया हवइ**–**अलंकृताश्च भवन्ति** અને તેઓ શરીર શણગારી ઠાઠમાઠથી રહે છે. ॥ ૧૬ ॥

મરી જવાથી જીવનું શું થાય છે તેને કહે છે.—"**तेणावि**" ઇત્યાદિ!

અન્વયાર્થ—**तेणावि जं सुहं वा**–**तेनापि यत् पूर्वं सुखं दुःखं वा यत्कर्म कृतम्** મરણ પથારીમાં પડેલા એ મનુષ્યે પહેલાં જે સુખના હેતુરૂપ જે જે શુભકર્મ અથવા દુઃખના હેતુરૂપ જે જે અશુભ કર્મ કરેલ છે **तेण कम्मुणा संजुत्तो परंभवं उ गच्छई**–**तेन कर्मणा संयुक्तः परंभवं तु गच्छति** તેના અનુસાર તે પ્રાણી તે કર્મ યુક્ત બનીને પરભવમાં એકલોજ જાય છે. કોઈ બીજા જીવ એની સાથે જતા નથી.

જ્યારે આ વાત છે કે, જીવની સાથે કેવળ શુભ અને અશુભ કર્મજ જાય છે તો હે રાજન! શુભકર્મના હેતુરૂપ જે તપ છે તેનેજ તમે આદરો. ॥ ૧૭ ॥

આ પ્રકારનાં મુનિરાજનાં વચન સાંભળીને રાજાએ શું કર્યું, એ વાતને સૂત્રકાર આ ગાથાદ્વારા પ્રગટ કરે છે.—"**सोऊण**" ઇત્યાદિ!

મુનિકે ઉપદેશસે રાજા કા પ્રવ્રજ્યાગ્રહણ કરના

અન્વયાર્થ—**तस्स**–**तस्य** એ **अणगारस्स**–**अनगारस्य** મુનિરાજની **अंतिए**–**अंतिके** પાસેથી **धम्मं सोऊण**–**धर्मं श्रुत्वा** શ્રુત ચારિત્રરૂપ ધર્મનો ઉપદેશ સાંભળીને **सोनराहिवो**–**स नराधिपः** એ સંજય રાજાને **महया संवेग निव्वेयं समावन्नो**–**महता संवेग-निर्वेद समापन्नः** સંસાર ઉપર વૈરાગ્ય આવ્યો તેમજ મુક્તિ પ્રાપ્તિની અભિલાષા પૂર્ણપણે જાગી. ॥ ૧૮ ॥

આ પછી રાજાએ શું કર્યું તેને કહે છે.—"**संजओ**" ઇત્યાદિ!

અન્વયાર્થ—**संजओ**–**संयतः** સંવેગ અને નિર્વેદથી યુકત સંજય રાજાએ **रज्जं चइउं**–**राज्यं त्यक्त्वा** રાજ્યનો પરિત્યાગ કરીને **अणगारस्स गद्धभालिस्स भगवओ**–**अनगारस्य गर्दभालेः भगवतः** મુનિરાજ ગર્દભાલી મહારાજની **अंतिए**–**अंतिके** પાસે **जिण मासणे निक्खंतो**–**जिनशासने निष्क्रान्तः** દીક્ષા અંગીકાર કરી. ॥ ૧૯ ॥

સંજયમુનિ કે પ્રતિ કોઇ એક મુનિ કે પ્રશ્ન

આ પ્રમાણે દીક્ષા ધારણ કરીને સંજય મુનિ ગીતાર્થ બની ગયા અને દસ પ્રકારની મુનિસામાચારીનું પાલન કરવામાં સાવધાન બનીને તેઓએ ગુરુની આજ્ઞાથી એકાકી બની વિહાર કરવાનો પ્રારંભ કર્યો. વિહાર કરતાં કરતાં તેઓ એક નગરમાં આવ્યા ત્યાં શું બન્યું તેને હવે પ્રગટ કરવામાં આવે છે--"चिच्चा" ઇત્યાદિ !

અન્વયાર્થ--खत्तिए-क्षत्रियः કોઈ ક્ષત્રિયે रज्जं चिच्चा-राज्यं त्यक्त्वा રાજ્યનો પરિત્યાગ કરીને पव्वइए-प्रव्रजितः દીક્ષા ધારણ કરેલ હતી તે ક્ષત્રિય રાજર્ષિ હતા તથા પૂર્વજન્મમાં વૈમાનિક દેવ હતા. ત્યાંથી ચ્યવીને ક્ષત્રિયકુળમાં તેઓએ જન્મ ધારણ કરેલ હતો. કોઇ નિમિત્તને લઇને તેને પૂર્વ જન્મની સ્મૃતિ આવી જવાના કારણે સર્વવિરતિનો ઉદય થઇ ગયો. આથી તેઓએ તરતજ રાજ્યનો પરિત્યાગ કરીને દીક્ષા ધારણ કરી લીધી. અપ્રતિબદ્ધ વિહારી હોવાના કારણે એ ક્ષત્રિય રાજર્ષિ વિહાર કરતાં કરતાં અહીં આવી પહોંચ્યા હતા. તેમણે સંજય મુનિને જોઇને પૂછયું કે, હે મુનિ ! जहा ते रूवं दीसइ-यथा ते रूपं दृश्यते જે પ્રકારે તમારૂ રૂપ વિકાર વર્જીત દેખાય છે, तहा-तथा તેવા પ્રકારે ते मणो पसन्नं दीसइ-ते मनः प्रसन्नं दृश्यते તમારૂં મન પણ વિકાર વગરનું પ્રસન્ન માલુમ પડે છે. ॥૨૦॥

तथा--किं णामे" ઇત્યાદિ !

હે મુનિ ! किं णामे-किं नामा આપનું નામ શું છે, તથા किं गोत्ते-किं गोत्रः આપનું કયું ગોત્ર છે, कस्सट्ठाए व माहणे-कस्मै वा अर्थाय त्वं माहनः કયા પ્રયોજનને લઇ આપ મન, વચન, અને કાયાથી પ્રાણાંતિપાત આદિથી વિરકત બન્યા છો. અર્થાત દીક્ષિત થયા છો ? તથ बुद्धे कहं परियटसि-बुद्धान् कथं प्रतिचरसि આચાર્યો ની આપ કઈ રીતે સેવા કરો છો, અને આપ વિનયવાન છો એ વાત કઈ રીતે મનાયેલ છે. અર્થાત આપ વિનયશીલ કઇ રીતે બન્યા ? ॥૨૧॥

ક્રિયાવાદાદિ મતકા પ્રતિપાદન

આના પ્રત્યુત્તરમાં સંજય મુનિ કહે છે-"संजओ" ઇત્યાદિ !

અન્વયાર્થ-હે મુનિ ! नामेणं संजओ नाम-नाम्ना संजयः नाम હું નામથી સંજય છું અર્થાત મારૂં નામ સંજય છે. તથા હું गोत्तेण गोयमे-गोत्रेण गौतमः अस्मि હું ગોત્રથી ગોતમ છું. ગૌતમગોત્રી છું. તથા શ્રુતચારિત્ર પારંગત ગર્ધભાલી મારા આચાર્ય છે.

ભાવાર્થ--ગર્ધભાલી આચાર્ય મહારાજના ઉપદેશથી મેં પ્રણાતિપાતાદિક પાપોનો પરિત્યાય કરી આ દીક્ષા ધારણ કરેલ છે. એઓશ્રી મારા ગુરુ છે મુકિત પ્રાપ્ત કરવાની કામનાથીજ હું મુનિ બન્યો છું. આચાર્યોની સેવા પણ હું તેમના

ઉપદેશ અનુસાર કરૂં છું. તથા તેઓના કથન અનુસાર સઘળી મુનિ ક્રિયાઓની આરાધના કરૂં છું. આથ હું વિનીત બનેલ છું. મુનિપદથી પાંચ મહાવ્રતરૂપ મૂળ ગુણોની આરાધકતા આચાર્ય સેવાથી, ગુરુસેવામાં પરાયણતા અને આચાર્યની સેવાથી તથા તેમના ઉપદેશ અનુસાર ગ્રહણ શિક્ષા અને આસેવન શિક્ષામાં પ્રવૃત્તિ કરવાથી ઉત્તર ગુણોની સમારાધકતા એમા પ્રગટ કરાયેલી જાણવી જોઈએ. ॥૨૨॥

આ પ્રકારે સાંભળીને તેમના ગુણોથી આકર્ષાઇને ક્ષત્રિય રાજર્ષિએ પૂછ્યા વગર જે કાંઈ કહ્યું તેને કહે છે—"**किरियं**" ઈત્યાદિ !

અન્વયાર્થ—હે મહામુનિ ! **किरियं–क्रिया** જીવાદિકોની સત્તારૂપ ક્રિયા તથા **अकिरियं–अक्रिया** જીવાદિક પદાર્થોની નાસ્તત્વરૂપ અક્રિયા તથા **विणयं–विनयः** સઘળાને નમસ્કાર કરવારૂપ વિનય અને **अन्नाणं–अज्ञानम्** વસ્તુતત્વનું જ્ઞાન **एतेहिं चउहिं ठाणेहिं–एतैः चतुर्भिः स्थानैः** આ ચારે સ્થાનોદ્વારા **मेयन्ने–मेयज्ञाः** પોતપોતાની બુદ્ધિ અનુસાર જેઓએ વસ્તુનુ સ્વરૂપ પરિકલ્પિત **करेंति छे.** સર્વજ્ઞના સિદ્ધાંત અનુસાર જીવાદિક પદાર્થોના સ્વરૂપને જે નથી માનતા એવા સર્વજ્ઞ સિદ્ધાંત થી બહિષ્કૃત કુતિર્થાકજન **किं पभासइ–किं प्रभाषन्ते** કુત્સિત જ તત્વોની પ્રરૂપણા કરે છે કારણ કે, તેમનુ જે કાંઈ પણ કહેવાનું હોય છે તે સતયુક્તિયોથી સર્વથા વર્જીત અને મનથી ઉપજાવી કાઢેલું છે. ક્રિયાવાદીઓનું એવું કહેવાનું છે કે, આત્મા છે તો ખરો, પરંતુ તે એકાન્તથી વિભુ પણ છે, અવિભુપણ છે. કર્તા પણ છે, અકર્તા પણ છે, મૂર્ત્તિક પણ છે, અમૂર્તિક પણ છે પરંતુ એવી એ માન્યતાઓ ઠીક નથી. કારણ કે, શરીરમાં આત્માના લિંગભૂત ચૈતન્યની ઉપલબ્ધિ થવાથી આત્મામાં વ્યાપકતા ઘટિત થતી નથી.

જો કદાચ અહીંયાં એવું કહેવામાં આવે કે, આત્માને અવ્યાપક માનવાથી તેના ગુણભૂત ધર્મ અને અધર્મને પણ અવ્યાપક માનવો પડશે. જો પ્રત્યુત્તરમાં એમ કહેવામાં આવે કે, અમે ધર્માધર્મ પૂણ્યપાપને પણ અવ્યાપકજ માની લઈશું તો આ પ્રકારનું કહેવું ઉચિત માની શકાતું નથી. કારણકે, દિપાન્તર્ગત જે મણી આદિક પદાર્થ છે તે દેવદત્તના અદૃષ્ટથી–પુણ્ય–પાપથી આકર્ષાઈને જે તેને પ્રાપ્ત થાય છે તે પ્રાપ્ત થઇ શકશે નહિં ? કારણકે, દેવદત્તનું અદૃષ્ટત્વ તો અવ્યાપક છે. પછી તેને એની પાસે ખેંચીને કોણ લઇ આવશે ? તો આ પ્રકારે અદૃષ્ટને અવ્યાપક માનવાથી દોષ આપી શકાતો નથી, કારણકે અમે પ્રત્યક્ષથી જોઈએ છીયે કે, ચુંબક લોઢાને જોકે, તેનાથી છેટે હોય છે, જુદા આકારનું હોય છે છતાં તેને પોતાની પાસે ખેંચે છે. ત્યારે આ નિયમ કઇ રીતે માની શકાય કે, અદૃષ્ટને વ્યાપક માનવાથી જ ભિન્ન પ્રદેશવર્તિ મણી મુકતાદિકને ખેંચી શકે છે. અન્યથા નહીં.

આજ પ્રમાણે આત્માને અવિભૂત્વ એકાન્તતઃ માનવો એ પણ ઠીક નથી.

અર્થાત–પ્રત્યેક જીવાત્માનો આત્મા એણે ગ્રહણ કરેલા શરીર પ્રમાણજ છે. જો તેને અવિભૂ–અંગુષ્ટ પ્રમાણ માનવામાં આવે તો ચૈતન્યમાં સઘળા શરીરની વ્યાપકતા ન આવી શકવાના કારણે ચૈતન્ય વિષ્ટિત શરીરના અવયવોમાંજ આઘાત આદિ થવાથી વેદનાનો અનુભવ થઈ શકશે. જે પ્રદેશોમાં ચૈતન્યનું અધિષ્ઠાતાપણું ન હોય એ શરીર પ્રદેશોમાં વેદનાનો અનુભવ થઇ શકે નહીં. પરંતુ એવું બનતું નથી. તેમજ ન તો તેવું અનુભવમાં પણ આવે છે. એક આઘાત લાગવાથી તેની વેદના સઘળા શરીરમાં લાગે છે. એથી આત્મા અંગુષ્ઠ પ્રમાણ નથી. પરંતુ આખા શરીરમાં વ્યાપક છે. આવી રીતે કર્તૃત્વ પણ આત્મામાં એકાન્ततः ક્રિતસંગત પ્રતિત થતા નથી.

અક્રિયાવાદી આત્માને અસ્તિક્રિયા વિશિષ્ટ માની શકાતો નથી. આથી તેનો મત પણ અસંગત જ છે. કેમકે, "अहं सुखी" ઇત્યાદિ ! પ્રત્યય એને અસ્તિક્રિય વિશિષ્ટ સિદ્ધ કરે છે. આત્માના અભાવમાં "अहं सुखी" ઇત્યાદિ પ્રત્યય લાગુ થઈ શકતું જ નથી.

વિનયવાદિઓની એવી માન્યતા છે કે, સુર, નૃપતિ, ગજ, વાજી, ગાય, મૃગ, કરભ, ઉંટ, ભેંસ, કુકકુર, છગલ, કાક, મકર, આદિને નમસ્કાર કરવાથી કર્મોનો ક્ષય થાય છે. વિનયના આશ્રયથીજ આત્માનું શ્રેય છે એ શીવાય નહીં. આવી માન્યતા વિનયવાદીની છે. તો આવી કલ્પના પણ ઉચિત નથી. કેમકે, વિનય તો ગુણવાળાઓનોજ કરવામાં આવે છે. જો કે, ગુણાધિકતા તો ફક્ત કેવળીઓમાંજ ઉત્કૃષ્ટરૂપથી છે છતાં પણ વચ્ચેના જીવોમાં ક્રમ અનુસાર તેનો પ્રકાશ થાય છે. આથી સઘળાને વિનયના પાત્ર ન માનીને ગુણાધિકને જ વિનયનું સ્થાન માનવામાં આવેલ છે. અન્ય અજ્ઞાની પ્રાણીઓનો વિનય ઉલ્ટો અશુભ ફળને આપનાર બતાવવામાં આવેલ છે.

અજ્ઞાનવાદી જ્ઞાનને મોક્ષના પ્રતિકારણરૂપથી માનતા નથી તેમનું કહેવું છે કે, આ સંસારમાં આત્માના વિષયમાં ભિન્ન ભિન્ન માન્યતાઓ પ્રચલિત છે. ત્યારે કઇ કઇ માન્યતાઓમાં સત્યતા છે, કઈ કઇમાં અસત્યતા છે ? આ વાતનો નિર્ણય કોણ કરી શકે છે ? આ કારણે તપ કરવામાં જ ઈષ્ટસિદ્ધિ નિહિત છે. આના વગર નહીં. તો આવી માન્યતા પણ બરોબર નથી. કેમકે, જ્ઞાન વગર તપરૂપ કષ્ટોનું અનુષ્ઠાન કરવું તે, અજ્ઞાનથી ભરેલું હોવાથી પશુક્રિયા પ્રમાણે વ્યર્થ છે. આ ક્રિયા, અક્રિયા, વૈનયિક તથા અજ્ઞાનીના ભેદ (૩૬૩) ત્રણસો ત્રેસઠ છે. ક્રિયાવાદીના ભેદ એકસો એસી (૧૮૦) છે. અક્રિયાવાદીના ભેદ ચોર્યાસી (૮૪) છે, વૈનયિકોના ભેદ (૩૨) બત્રીસ છે. તથા અજ્ઞાનવાદીઓના ભેદ સડસઠ (૬૭) છે. આ સહુની માન્યતાઓ યુક્તિયુક્ત નથી. આથી એમનું કથન કુત્સિત કથન છે. આ કારણે એમનો મત જીવોને ઉપાદેય નથી. ॥૨૩॥

આ અભિપ્રાય પોતાના મનથી કહેવામાં આવેલ નથી, તેને કહે છે.—

"इइ" ઇત્યાદિ !

અન્વયાર્થ—**बुद्धे–बुद्धः** બુદ્ધ તત્વજ્ઞાતા વળી જે **परिनिव्वुडे–परिनिवृत्तः** કષાયરૂપ અગ્નિના સંપૂર્ણપણે શાન્ત થઇ જવાથી સઘળી બાજુથી શીતળ એવા તથા **विज्जाचरणसंपन्ने–विद्याचरणसंपन्नः** ક્ષાયિક જ્ઞાન અને ચારિત્રથી સંપન્ન એથી **सच्चे–सत्यः** સત્યવાણી બોલવાવાળા આપ્ત તથા **सच्चपरक्कमे–सत्यपराक्रमः** અનંત વિર્ય સંપન્ન એવા **नायए–ज्ञातकः** જ્ઞાતપુત્ર શ્રી મહાવીર પ્રભુએ જ "આ इइ **पाउकरे–इति प्रादुरकार्षित्** "આ ક્રિયાવાદિ વગેરે ખોટું બોલે છે." તેનું સ્વરૂપ બતાવેલ છે. અમે અમારા તરફથી કાંઇ કહેલ નથી. ॥૨૪॥

ક્રિયાવાદિંયોં કે પાપકારિત્વ કા વર્ણન

એ ક્રિયાવાદી આદિઓની તથા જીનપ્રણીત સદ્ધર્મની આરાધના કરવાવાળાની શું શું ગતિ થાય છે તેને કહે છે—"**पडंति**" ઇત્યાદિ!

અન્વયાર્થ—**पावकारिणो–पापकारिणः** ક્રિયાવાદી આદિ વ્યક્તિઓ દ્વારા કરાતી અસત્ પ્રરૂપણાનું સેવન કરવામાં પરાયણ **जे–ये** જે **नरा–नराः** મનુષ્ય છે તે **घोरे नरए पडंति–घोरे नरके पतन्ति** મરીને ભયંકર સીમંતક આદિ નરકાવાસમાં જાય છે તથા જે વ્યક્તિ **च आरियं धर्मं चरित्ता–आर्यं धर्मं चरित्वाः** જીન પ્રરૂપિત ધર્મનું સેવન કરે છે તે તેના સેવનથી **दिव्वं गइ गच्छति–दिव्यां गतिं गच्छन्ति** દેવલોકને અથવા સમસ્ત ગતિઓમાં પ્રધાનભૂત ગતિ સિદ્ધગતિને પ્રાપ્ત કરે છે. આ કારણે હે સંયત મુનિ! અસત્ પ્રરૂપણાનો પરિત્યાગ કરીને તમારે સત્ય પ્રરૂપણા કરવામાંજ પરાયણ બની રહેવું જોઈ એ. ॥૨૫॥

એ ક્રિયાવાદી આદિ પાપકારી કેવા છે? આ વાતને ક્ષત્રિય રાજર્ષિ પ્રદર્શિત કરે છે.—"**माया बुइयं**" ઇત્યાદિ!

અન્વયાર્થ—હે સંજય મુનિ? ક્રિયાવાદી આદિજનો દ્વારા જે કંઇ પણ પ્રરૂપિત કરવામાં આવેલ છે **एयं–एतत्** તે સઘળું **माया बुइयम्–मायोक्तम्** માયાથી જ કહેવામાં આવેલ છે. તથા **मुसाभासा निरत्थिया–मृषाभाषा निरर्थिका** એની ભાષા, વાણી, મૃષા, સર્વથા અલીક છે. અને નિરર્થક શિવસુખથી જીવોને વર્જીત કરવાવાળી છે. આ કારણે હું **अहं संजममाणो वि–अहं संयच्छन्नपि** ક્રિયાવાદી આદિના મતને સાંભળવાથી દૂર રહીને નિશ્ચયથી **वसामि–वसामि** પોતાના આત્મામાં વસું છું. આ વાત સંજય મુનિની સ્થિરતાના માટે જ ક્ષત્રિય રાજર્ષિએ કહેલ છે. તાત્પર્ય આનું એ છે કે, જે પ્રકારે હું ક્રિયાવાદી આદિની અસત્ પ્રરૂપણાથી દૂર રહું છું એજ પ્રમાણે તમારે પણ દૂર રહેવું જોઇએ. કહ્યું પણ છે—"**ठीओ य ठावए परं**" જે સ્વયં સ્થિત હોય છે. તે બીજાને પણ સ્થિર કરે છે. **य इरियामि–च ईरे** તથા હું સંયમમાર્ગમાં વિચરણ કરું છું. ॥૨૬॥

ક્રિયાવાદિયોં કે મતકે શ્રવણ સે નિવૃતિ કે કારણ કા કથન

આપ ક્રિયાવાદી આદિના મત શ્રવણથી કઇ રીતે નિવૃત બન્યા છો? આવી સંજયની જીજ્ઞાસાનું સમાધાન કરતાં ક્ષત્રિયરાજર્ષિ કહે છે—"**सव्वे ते**" ઇત્યાદિ!

અન્વયાર્થ—હે સંજય મુનિ! **ते सव्वे मिच्छादिट्ठी अणारिया मज्झं विदिता–ते सर्वे मिथ्यादृष्टयः अनार्याः मम विदिताः** પૂર્વોક્ત એ સઘળા ક્રિયાવાદી આદિ મિથ્યાદૃષ્ટી છે તથા અનાર્ય છે. એ હું સારી રીતે જાણું છું. તથા એ **विज्जमाणे परे लोए–विद्यमाने परे लोके** સઘળા વિદ્યમાન પરલોકમાં વિવિધ પ્રકારની યાતના-

એનો અનુભવ કરશે, નરક નિગોદાદિકના ભયંકર કષ્ટોને સહન કરશે, આ વાત પણ **सम्मं जाणामि-सम्यक् जानामि** સારી રીતે જાણું છું. અથવા **"परलोको वि मानो"** પરલોક વિદ્યમાન છે આ વાત પણ હું અતિશય જ્ઞાનથી જાણું છું. તથા જાતિ સ્મરણ જ્ઞાનના લાભથી **अप्पगं सम्मं जाणामि-आत्मानं सम्यक् जाणामि** હું મારા આત્માને પણ જાણું છું. આ માટે હું એમની સંગત કરવાથી દૂર રહું છું. ॥૨૭॥

આજ અર્થને ફરીથી સ્પષ્ટ કરતાં તેઓ કહે છે—**"अहमासि"** ઇત્યાદિ !

અન્વયાર્થ—હે મુનિ ! **महापाणे-महाप्राणे** બ્રહ્મનામના પાંચમા દેવલોકના મહાપ્રાણ નામના વિમાનમાં **अहं-अहम्** હું **जुइमं-द्युतिमान्** દીપ્તિ વિશિષ્ટ **वरिससओवमे-वर्षशतोपमः** સો વર્ષના પૂર્ણ આયુવાળા જીવની સમાન હતો. અર્થાત મનુષ્યલોકમાં કોઈ જીવ સો વર્ષની આયુ-સુધી જીવીત રહે છે તે જેમ પૂર્ણ આયુષ્યવાળો કહેવાય છે, એજ પ્રમાણે હું પણ તેજ વિમાનમાં પરિપૂર્ણ આયુષ્યવાળો દેવ હતો. સ્વર્ગમાં પલ્ય પ્રમાણ અને સાગર પ્રમાણ સ્થિતિ દેવોની બતાવવામાં આવેલ છે તો અહીં પાલી શબ્દથી પલ્ય પ્રમાણ અને મહાપાલી શબ્દથી સાગર પ્રમાણ સ્થિતિ ગ્રહણ કરવી જોઈએ. ક્ષત્રિય રાજર્ષિ કહી રહ્યા છે કે, ત્યાં મારી **दिव्वा-दिव्या** દેવ સંબંધી સ્થિતિ **वरिससओवमा महापाली-वर्षशतोपमा महापालि** મનુષ્ય પર્યાયની સો વર્ષ પ્રમાણ આયુ ભોગવનારા જીવના સમાન દસ સાગરની પૂર્ણ સ્થિતિ હતી. ॥૨૮॥

क्षत्रिय राजऋषि का उपदेश

તથા—**"से चुओ"** ઇત્યાદિ !

અન્વયાર્થ—**अह-अथ** દેવભવરૂપી આયુષ્ય પૂર્ણ થવાથી **बंभ लोगाओ चुओ-ब्रह्मलोकात् च्युतः** તે પાંચમા સ્વર્ગથી આયુબંધ પુરો થતાં ત્યાંથી ચ્યવીને **माणुस्सं भवमागओ-मानुष्यं भवमागतः** હું મનષ્યભવમાં આવેલ છું. આ પ્રમાણે પોતાનું જાતિસ્મરણાત્મક વર્ણન કરીને તે ક્ષત્રિય રાજર્ષિએ સંજય મુનિને એ પણ કહ્યું કે, હું **अप्पणो परेसिं च जहा आउं तहाजाणे-आत्मनः परेषां च यथा आयुः तथा जाने** મારૂં પોતાનું તથા બીજાનું આયુષ્ય કેટલું છે તે પણ જાણું છું ઉપલક્ષણથી ગતિને પણ જાણું છું ॥૨૯॥

આ પ્રમાણે ન પૂછવા છતાં પણ પોતાના વૃત્તાંતને ક્ષત્રિય રાજર્ષિએ સંજયમુનિને કહીને ફરીથી ઉપદેશ આપતાં કહ્યું કે,—**"नाणारुई"** ઇત્યાદિ !

ક્ષત્રિય રાજઋષિ દ્વારા અપને આચાર કા પ્રતિપાદન

અન્વયાર્થ—હે સંજય ! **संजए–संयतः** સાધુનું કર્તવ્ય છે કે, તે **नाणारुइं च छंदं च परिवज्जिज्ज–नानारुचिं च छंदं च परिवर्जयेत्** અનેકવિધ ક્રિયાવાદી આદિ મિથ્યાદૃષ્ટીઓના મતવિષયક અભિલાષાનો તથા સ્વમતિકલ્પિત અભિપ્રાયનો સર્વથા પરીત્યાગ કરી દે. તથા **अणत्था जे य सव्वत्था–अनर्थाः ये च सर्वाथाः** સઘળા અનર્થોનું કારણ જે પ્રાણાતિપાત દોષ છે તેનો પણ તે પરિહાર કરી દે. **इइ–इति** આ પ્રકારની આવી **विज्जामणु–विद्यामनु** સમ્યગ્જ્ઞાનરૂપ વિદ્યાને લક્ષમાં રાખીને તમે **संचरे–संचरे** સંયમ માર્ગમાં રત રહો. ॥૩૦॥

હવે ક્ષત્રિય રાજર્ષિ પોતાના આચારને કહે છે—**"पडिक्कमामि"** ઇત્યાદિ !

અન્વયાર્થ—હે સંજયમુનિ ! હું **पसिणाणं पुणो परमंतेहिं वा–प्रश्नेभ्यः पुनः परमंत्रेभ्यःवा** શુભાશુભ સૂચક અંગુષ્ઠાદિના પ્રશ્નોથી અથવા ગૃહસ્થજનોના તત્તત્કાર્યો લોચનરૂપ જે મંત્ર છે તેનાથી **पडिक्कमामि–प्रतिक्रमामि** હું સર્વદા નિવૃત્ત થઇ ગયો છું. અર્થાત્ હવે હું તેવા પ્રકારના સાવદ્યરૂપ કર્મને કરતો નથી. જે સંયત આ પ્રકારના સાવદ્યરૂપ પ્રશ્નાદિકના વ્યાપારના પરિવર્જનથી સંયમના તરફ સદા **उट्ठिए–उत्थितः** ઉત્થાનશીલ બની રહે છે. **अहो–अहो** એના વિષયમાં શું કહેવાનું હોય ! આવા તો કોઈક જ મહાત્મા હોય છે. આથી હે સંયત મુનિ ! આ અનંતરોક્ત અર્થને **विज्जा–विद्यात्** જાણો અને **अहोरायं–अहोरात्रम्** પ્રતિક્ષણ **तव चरे-तपश्चरे** સાવદ્ય વ્યાપાર વિરતરૂપ તપનું અનુષ્ઠાન કરો. પ્રશ્નાદિકમાં સમય વિતાવો નહીં.॥૩૧॥

આયુ કે જ્ઞાન કે વિષયમેં જિનશાસન કે મહત્વ કા પ્રતિપાદન

સંજયમુનિએ ક્ષત્રિયરાજર્ષિને પૂછયું કે, આપ આયુને કઇ રીતે જાણો છો ? ત્યારે ક્ષત્રિય રાજર્ષિ કહે છે—**"जंच मे"** ઇત્યાદિ !

અન્વયાર્થ—હે સંયત ! **सुद्धेण चेयसा–शुद्धेन चेतसा** અતિ નિર્મળ ચિત્તવાળા એવા તમે **मे–माम्** મને **काले पुच्छसी–काले पृच्छसि** આયુના વિષયમાં જે પૂછી રહ્યા છો તો **ताइं–तत्** આ વિષયના જ્ઞાનને **बुद्धे–बुद्धः** સર્વજ્ઞ મહાવીર પ્રભુએ પ્રગટ કરેલ છે. **तं नाणं–तत् ज्ञानम्** તે જ્ઞાન **जिणसासणे–जिनशासने** જીન પ્રરૂપિત સિદ્ધાંતમાંજ છે. અન્ય સુગતાદિ પ્રણીત શાસ્ત્રોમાં નથી. આથી તમે જીન શાસનમાં આ જ્ઞાનની પ્રાપ્તિ માટે પ્રયત્નશીલ રહો. મેં પણ આ જ્ઞાન એમાંથીજ પ્રાપ્ત કરેલ છે. ॥૩૨॥

ફિરસે ક્ષત્રિયરાજઋષિ કા ઉપદેશ

ફરીથી ઉપદેશ કહે છે—"किरियं च" ઇત્યાદિ !

અન્વયાર્થ—હે સંજય **धीरे किरियं रोयए–धीरः क्रियां रोचयेत्** સંયમમાં જ્ઞાન સંપન્ન મુનિનું કર્તવ્ય છે કે, તે સદનુષ્ઠાનાત્મક પ્રતિક્રમણ અને પ્રતિલેખન રૂપ ક્રિયાને બન્ને સમય કરે. તથા બીજાઓ પાસે કરાવે. અથવા "જીવ છે. અજીવ છે" ઇત્યાદિરૂપથી જીવ અને અજીવની સત્તાનો તે સ્વયં સ્વીકાર કરે અને બીજાઓ પાસે પણ તેનો સ્વીકાર કરાવે તથા **अकिरियं परिवज्जए–अक्रियां परिवर्जयेत्** મિથ્યાદૃષ્ટિઓ દ્વારા કલ્પિત અજ્ઞાનરૂપ કષ્ટ ક્રિયાનું અથવા જીવનથી અજીવ નથી ઇત્યાદિ જીવા જીવરૂપ નાસ્તિત્વ ક્રિયાનો પરિત્યાગ કરે **अने दिट्ठीए–दृष्टया** સમ્યગદર્શનરૂપ બુદ્ધિની સાથે **दिट्ठिसंपन्ने–दृष्टिसंपन्नः** સમ્યગ્જ્ઞાનથી સંપન્ન બને. જ્યારે મુનિના માટે પ્રભુનો આ પ્રકારનો ઉપદેશ છે ત્યારે તમે પણ **सुदुच्चरं धम्मं चर–सुदुश्चरं धर्मः चर** કાયર જનોથી અસાધ્ય એવા આ શ્રુત ચારિત્રરૂપ ધર્મની આરાધના કરવામાં સદા સાવધાન રહો. ॥૩૩॥

સંજયમુનિ કો અપને કર્ત્તવ્ય મેં રહને કે ઉપદેશ ભરત ચક્રી કા ઉદાહરણ

આ પ્રકારે ક્ષત્રિય રાજર્ષિ સંજયમુનિને પોતાના કર્તવ્યમાં સ્થિર રહેવાના ઉપદેશના પ્રસંગમાં દૃષ્ટાંત દ્વારા સમજાવે છે—"अेयं" ઇત્યાદિ !

અન્વયાર્થ—**अत्थधम्मोवसोहियं–अर्थधर्मोपशोभितम्** સ્વર્ગ મોક્ષરૂપ પદાર્થથી અને આ પદાર્થની પ્રાપ્તિમાં ઉપાયરૂપ ધર્મથી શોભિત **एयं पुण्णपयं सोच्चा–एतत्पुण्यपदं श्रुत्वा** આ પુરુષોક્ત પદને સાંભળીને **भरहोऽवि–भरतोऽपि** ભરત નામના પ્રથમ ચક્રવર્તીએ પણ **भारहं वासं कामावइं चिच्चा–भारतं वर्षं कामान् त्यक्त्वा** ભારતવર્ષના સઘળા સામ્રાજ્યનો તથા શબ્દાદિરૂપ કામભોગોનો પરિત્યાગ કરીને **पव्वइए–प्रव्रजितः** દીક્ષા અંગીકાર કરી.

ભરત ચક્રવર્તી કી કથા

ભારત વર્ષમાં અયોધ્યા નામની એક નગરી હતી. તે પોતાની રચનાથી સઘળી નગરીઓમાં પ્રધાનરૂપે હતી. તેને ઇન્દ્રની આજ્ઞાથી વૈશ્રવણ દેવ કુબેરે રચેલ હતી. તેના શાસક પ્રથમ જીનેન્દ્ર ઋષભદેવ હતા. તેમના પુત્રનું નામ ભરત હતું. ભરતે પૂર્વભવમાં મુનિઓની વૈયાવૃત્તિ (સેવા) કરેલ હતી. એનાથી અર્જીત પુણ્યરાશિના પ્રભાવથી જ તેને ઋષભદેવ જેવા તીર્થંકરના પુત્ર થવાનું સૌભાગ્ય

પ્રાપ્ત થયું હતું. ભગવાને દીક્ષા અંગિકાર કર્યા પછી ભરતને ચક્રવર્તીપદની પ્રાપ્તિ થઇ હતી। ચક્રવર્તી પદના ઉપલક્ષ્યમાં તેમને સ્વર્ગની સમૃદ્ધિને પણ ઝાંખી પાડે એવી અયોધ્યા નગરીના શાસક થવાનો યોગ સાંપડયો હતો. નવનિધિ અને ચૌદ રત્નોના એ અધિપતિ હતા. બત્રીસ હજાર મુગટધારી રાજવીઓ તેમની સેવામાં રહેતા હતા. બોંતેર હજાર (૭૨૦૦૦) નગર ઉપર એમનું શાસન હતું છન્નુ કરોડ (૯૬૦૦૦૦૦૦૦) ગામોમાં તેમની અખંડ આજ્ઞા ચાલતી હતી. બત્રીસ હજાર (૩૨૦૦૦) દેશોના સૌભાગ્યનો નિર્ણય એમના હાથમાં હતો. અડતાલીસ હજાર (૪૮૦૦૦) પટ્ટણોના એ અધીશ્વર હતા. નવ્વાણુ હજાર (૯૯૦૦૦) દ્રોણ મુખોના એ રક્ષક હતા. ચોર્યાશી લાખ (૮૪૦૦૦૦૦) હાથી અને એટલાજ ઘોડાઓ એમની સેનામાં હતા. છન્નુ કરોડ (૯૬૦૦૦૦૦૦૦) સૈનીકોના એ સ્વામી હતા. સોળ હજાર (૧૬૦૦૦) દેવોના તથા છ ખંડ મંડિત ભરતક્ષેત્રનું એકાધિપત્ય એમના હાથમાં હતું. તેમને ચોસઠ હજાર (૬૪૦૦૦) અન્તઃપુર હતા. તેઓ પોતાની વિભૂતિના અનુસાર સાધર્મિક વાત્સલ્યો પણ કર્યા કરતા હતા. જીનશાસનની પ્રભાવના પણ કરતા હતા. દીનહીનજનોની રક્ષા પણ કરતા હતા. આવી રીતે એમનું જીવન આનંદ પૂર્વક વ્યતીત થતું હતું.

એક સમયની વાત છે કે, ચક્રવર્તીએ સવારમાં પોતાના શરીરની માલિશ કરાવી અને એને વિવિધ પ્રકારના ઉવટનોથી ઘસાવ્યું. ત્યાર બાદ સ્નાનાગારમાં જઈને સારી રીતે સ્નાન કર્યું. શરીરને લૂછયું, લૂછયા પછી શરીરને સુરભિવાસિત વસ્ત્રોથી સુસજ્જીત અને વિશિષ્ટ આભુષણોથી અલંકૃત કરી તે પોતાના આદર્શ ભુવનમાં ગયા ત્યાં જે વખતે તેઓ પોતાના શરીરની શોભાનું નિરીક્ષણ કરી રહ્યા હતા. એ વખતે એમની આંગળીમાંથી એક વીંટી નીકળી મણીરત્નવાળી ભૂમિ ઉપર જઈ પડી.–"વીંટી આંગળીમાંથી સરી જઈને ભૂમિ ઉપર પડી છે." આ વાતની તેમને એ સમયે ખબર ન પડી. દર્પણમાં વીંટી રહિત એવી બૂચી આંગળી તેમને જોવામાં આવતાં પોતાની તે આંગળી શોભાયુક્ત ન જણાઈ જેથી ચક્રવર્તીએ બીજી આંગળીમાંથી પણ વીંટી ઉતારી તો તે પણ સુશોભિત ન લાગી. આ પ્રકારે તેમણે ક્રમશઃ પાંચે આંગળીઓમાંથી વીંટીઓ ઉતારી નાખી તો તે પણ તેમને સોહામણી ન લાગી. આ પ્રમાણે તેમણે પોતાના શરીર ઉપરનાં સઘળાં આભરણો ઉતારી નાખ્યાં અને શરીરને જ્યારે અરિસામાં જોયું તો અલંકાર રહિત એવું શરીર તેમને સાવ બેડોળ દેખાયું. આ પ્રકારની શારીરિક પરિસ્થિતિથી તેના દિલમાં સંવેગભાવ જાગી ઉઠયો. તેમણે વિચાર કર્યો કે, જુઓ! આ શરીર કેટલું અશોભિતું છે, તેનું પોતાનું સૌંદર્ય તો કાંઇ પણ નથી. આ તો બહારની સુંદર વસ્તુઓના સમાગમથી જ સુંદર લાગે છે. જે પ્રાણી શરીરને સુંદર માનીને તેમાં રાતદિવસ આસક્ત બની રહે છે તે, નિયમતઃ વિવેકથી વિકળ બની રહેલ છે. આ અશે ભન એવા શરીરના સંબંધથી મનોજ્ઞ અન્નપાન વિવિધ પ્રકારનાં ખાદ્ય, સ્વાદ્ય, પુષ્પ, ગંધ, વસ્ત્રઆદિ એ સઘળી જ વસ્તુઓ અપવિત્ર અને વિનષ્ટ થઇ જાય છે કહ્યું પણ છે—

"मणुन्नं असणं पाणं, विविहं खाइमसाइमं ।
सरीरसंगमावन्नं, सव्वंपि असुई भवे ॥१॥
वरं वत्थं वरं पुप्फं, वरं गंधविलेवणं ।
विनस्सए सरीरेण, वरं सयणमासणं ॥२॥
निहाणं सव्वरोगाणं, कयग्घमथिरं इमं ।
पंचासुहभूयमयं, अथक्कपरिकम्मणं ॥३॥

જ્યારે તેની આ સ્થિતિ છે તો એ કેટલી અચરજની વાત છે કે વિદ્વાન પણ તેની પાછળ બિલકુલ અવિવેકી બની જાય છે, તો પછી મુર્ખાઓના વિષયમાં તો કહેવાનું જ શું હોઈ શકે ? પરંતુ પોતાની જાતને વિદ્વાન માનવાવાળા પ્રાણી પણ અનિત્ય એવા સંસારના અર્થે મૂર્ખાઓની માફક અનેક પ્રકારના પાપો કરીને મોક્ષના દ્વારભૂત આ મનુષ્યભવને વ્યર્થ ગુમાવી દે છે. જેમ કોઇ જુગારી જુગાર રમવાની હોંશમાં પોતાના સર્વ દ્રવ્યને ગુમાવતાં આગળ પાછળનો વિચાર કરતો નથી એવી રીતે મોક્ષસાધનભૂત આ મનુષ્યજન્મને શરીરના નિમિત્ત નષ્ટભ્રષ્ટ કરીને એ પ્રાણી આગળ પાછળનો જરા સરખોએ વિચાર કરતો નથી, આથી આ મનુષ્યભ આવી રીતે નષ્ટભ્રષ્ટ કરવાને યોગ્ય નથી કહ્યું પણ છે—

"लोहाय नावं जलधौ भिन्नत्ति, सूत्राय वैडूर्यमणिं दृणाति ।
सच्चन्दनं लोषति भस्महेतोः, यो मानुषत्वं नयतीन्द्रियार्थे ॥१॥"

જે પ્રાણી પ્રાપ્ત મનુષ્ય જન્મને ઇન્દ્રિયોના વિષયોની પુષ્ટિ નિમિત્તે નિષ્ફળ કરે છે તે એ મૂર્ખ પ્રાણીના જેવા છે કે જે સમુદ્રમાં પડી રહેલા જહાજને કેવળ લોઢાની પ્રાપ્તિ અર્થે તોડી રહેલ હોય તથા સૂત્રના માટે પોતાના વૈડૂર્યમણીની માળાને તોડી રહેલ હોય, અથવા તો મલયગિરિ ચંદનને કેવળ રાખના માટે બાળી રહેલ હોય. આ પ્રકારનો વિચાર કરી રહેલા ચક્રવર્તીના ચિત્તમાં સંવેગના તરંગો ઉઠવા લાગ્યા. જ્યારે સંવેગભાવ પૂર્ણ રીતે પુષ્ટ થયો ત્યારે ચક્રવર્તીએ એ વખતે મોક્ષપ્રાસાદ ઉપર પહોંચવા માટે નિસરણી સ્વરૂપ ક્ષપકશ્રેણી ઉપર આરોહણ કર્યું.

આ પ્રમાણે જ્યારે તેઓ ક્ષપકશ્રેણી ઉપર ચઢયા ત્યારે એ સમયે ચાર ઘાતી કર્મોના વિનાશથી ભાવચારિત્ર વિશિષ્ટ એવા એમના આત્મામાં અજ્ઞાનતિમિર વિનાશક એવું કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં એજ સમયે વિનયાવનત ઇન્દ્ર એમની પાસે આવીને ઉપસ્થિત થયા. બે હાથ જોડીને ઇન્દ્રે કહ્યું— 'મહારાજ ! હવે આપ દ્રવ્યલિંગ ધારણ કરી લ્યો કે જેનાથી અમે લોકો આપનો દીક્ષામહોત્સવ કરી શકીએ.' આ પ્રકારનાં ઇન્દ્રનાં વચન સાંભળીને ભરતમહારાજે પોતાના માથાના વાળનો પોતાના હાથથી પંચમુષ્ટિ લોચ કર્યું અને ઇન્દ્રે ભેટ ધરેલ મુનિવેશને ધારણ કર્યો. ચંદ્રમા જે પ્રમાણે મેઘના આડંબરથી રહિત થઇને પૂર્ણસ્વરૂપે બહાર નીકળે છે એજ પ્રમાણે ભરત મહારાજા પણ એ આદર્શભવનમાંથી બિલકુલ નિર્લેપ બનીને બહાર નીકળ્યા. ભરત મહારાજને આ પ્રકારે મુનિવેષમાં બનેલા જોઇને, અર્થાત્ મુખ ઉપર સદોરકમુખવસ્ત્રિકા બાંધેલ વગેરે જોઇને દસ હજાર અન્ય રાજાઓએ પણ દીક્ષા અંગીકાર કરી. ભરત મહારાજે એમને

પ્રતિબોધિત કર્યા. આ કારણે તેમની સંસાર ઉપરની વાંચ્છના પરિક્ષીણ બની ચૂકી હતી. તેથી જ તેમણે દીક્ષા અંગિકાર કરી લીધી. ઇન્દ્રાદિક દેવ વિગેરે તેમને નમન કરી પછી પોતપોતાના સ્થાન પર ચાલ્યા ગયા. ભરત કેવલી મહારાજ પણ દસ હજાર સાધુઓથી પરિવૃત બનીને ભૂમંડળમાં વિહાર કરવા લાગ્યા અને સ્થળે સ્થળે ભવ્ય જીવોને દેશનાનું પાન કરાવીને તૃપ્ત કરવા લાગ્યા. એક લાખ પૂર્વથી થોડા ઓછા સમય સુધી કેવળી પર્યાયમાં રહીને પછીથી ભરત મહારાજે સિદ્ધ ગતિને પ્રાપ્ત કરી લીધી. ભરતના સ્થાન ઉપર ઇન્દ્રે તેમના પુત્ર આદિત્યયશને સ્થાપિત કર્યા.

ભરત મહારાજના કુમાર કાળમાં સીત્તોતેર લાખ (૭૭૦૦૦૦૦) પૂર્વ, તથા માંડલિક પદમાં એક હજાર (૧૦૦૦) વર્ષ વ્યતીત કરી પછીથી તેમને ચક્રવર્તી પદની પ્રાપ્તિ થયેલી. છ લાખ પૂર્વમાં એક હજાર વર્ષ ઓછાં એટલો સમય એમણે ચક્રવર્તી પદને ભોગવ્યું. આ પ્રમાણે ગૃહસ્થાવસ્થામાં રહીને તેઓએ ત્યાસી લાખ પૂર્વ વ્યતીત કરેલાં. સંપૂર્ણ શ્રામણ્ય (સાધુ) પર્યાયમાં એમણે એક લાખ પૂર્વ વ્યતીત કરેલાં. આ પ્રમાણે તેમનું આયુષ્ય (૮૪૦૦૦૦૦) ચોર્યાસી લાખ પૂર્વનું હતું. ॥૩૪॥

એ રીતે ભરત ચક્રવર્તીની કથા સંપૂર્ણ થઇ.

सगर चक्रवर्ती की कथा

ફરીથી દૃષ્ટાંત કહે છે—"**सगरो वि**" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે સંજયમુનિ! હવે હું તમને સગરચક્રવર્તીનું દૃષ્ટાંત પણ સંભળાવું છું. **नराहिवो–नराधिपः** નરાધિપ **सगरो वि–सगरोऽपि** સગર ચક્રવર્તી પણ **सागरंतं–सागरान्तम्** સાગર પર્યંત–ત્રણ દિશાઓમાં સમુદ્ર પર્યંત તથા ઉત્તર દિશામાં ચૂલ હિમવત્ પર્યંત **भारहवासं–भारतवर्षम्** ભારતવર્ષનું શાસન કરીને પછીથી તેમણે **केवलं इस्सरियं–केवलं ऐश्वर्यम्** અસાધારણ ઐશ્વર્યનો **हिच्चा–हित्वा** પરિત્યાગ કરીને **दयाए परिनिव्वुए–दयया परिनिवृत्तः** સંયમની આરાધનાથી મુક્તિને પ્રાપ્ત કરેલ છે.

સગર ચક્રવર્તીની કથા આ પ્રકારની છે—

અયોધ્યા નગરીમાં ઇક્ષ્વાકુ કુળના ભૂષણ સ્વરૂપ એવા એક જીતશત્રુ નામે રાજા રાજ્ય કરતા હતા. તેમને એક નાના ભાઈ હતા કે જેમનું નામ સુમિત્ર હતું. રાજા જીતશત્રુની રાણીનું નામ વિજયા હતું. તે સર્વ ગુણોથી યુક્ત હતી. સુમિત્ર યુવરાજની રાણીનું નામ યશોમતી હતું. એક સમયની વાત છે કે, કોમળ શૈયા ઉપર સુતેલી બન્ને રાણીઓએ રાત્રિના પાછલા પહોરમાં ચૌદ સ્વપ્નાં જોયાં. તે જોએલાં સ્વપ્ન અનુસાર જીતશત્રુ રાજાની રાણીએ અજીત નામના પુત્રનો, તથા સુમિત્ર યુવરાજની રાણીએ સગર નામના પુત્રનો જન્મ આપ્યો અજીત બીજા તીર્થંકર અને સગર બીજા ચક્રવર્તી થયા. શુકલપક્ષના ચંદ્રમાની માફક આ બન્ને કુમારો કાળક્રમથી

જ્યારે યુવાવસ્થા સંપન્ન થયા ત્યારે માત પિતાએ એ બન્નેના વિવાહ કરી દીધા. જ્યારે એ બન્નેના વિવાહનું કાર્ય સારી રીતે સંપૂર્ણ થયું, અને એ બન્ને આનંદપૂર્વક રહેવા લાગ્યા ત્યારે પિતા જીતશત્રુ અને સુમિત્રે મળીને એક દિવસ એવો વિચાર કર્યો કે, આ બન્ને જણા હવે રાજ્યધુરાનું વહન કરવામાં સમર્થ છે આથી આપણા બન્ને માટે એ ઇચ્છનીય છે કે, રાજ્યધુરાનો ભાર એ બન્ને કુમારોને સોંપી આપણે દીક્ષિત બની જઇએ. જ્યારે આ બન્ને જણાનો એ વિચાર પ.કો થયો ત્યારે તે બન્ને જણાએ અજીતને રાજગાદી, તથા સગરને યુવરાજ પદ પ્રદાન કરી એકી સાથે મુનિ દીક્ષા ધારણ કરી. અજીત કુમારે રાજ્ય શાસનનો ભાર ઘણી જ બુદ્ધિમત્તાથી સંભળિયો અને ચલાવ્યો. તેમણે પોતાની પ્રજાનું પોતાનાં સંતાનની માફક પાલન કર્યું. જ્યારે તીર્થ પ્રવર્તનનો સમય આવ્યો ત્યારે પોતાના સ્થાન ઉપર યુવરાજ સગરને સ્થાપિત કરી અજીત કુમારે પણ જીન દીક્ષા ધારણ કરી. તપસ્યાની આરાધના કરીને તથા તીર્થંકર પદને આશ્રિત કરીને ધર્મચક્રને પ્રવર્તાવતાં એ અજીતકુમાર તીર્થંકર ભૂમંડળમાં વિહાર કરવા લાગ્યા.

આ તરફ સગર રાજા ચૌદ રત્નોના અધિપતિ બનીને છ ખંડ ધરતી માંહેના ભરત ક્ષેત્રને પોતાના આધિન કરીને ચક્રવર્તી પદનો ઉપયોગ કરતા પોતાની પ્રજાનું ભલી રીતે પાલન કરવાનું શરૂ કર્યું. સગર ચક્રવર્તીને સાઠ હજાર પુત્રો હતા આ સઘળામાં જે જ્યેષ્ઠ પુત્ર હતા તેનું નામ જહ્નુકુમાર હતું. તેણે વિનયાદિ ગુણોથી પિતા સગર ચક્રવર્તીને પોતાના તરફ આકર્ષ્યા હતા. સગર ચક્રવર્તીએ એક દિવસ જહ્નુકુમારને કહ્યું કે, જે તમને રૂચે તે વરદાન મારી પાસેથી માગી લ્યો. પિતાની આ વાતનો પ્રત્યુત્તર આપવા માટે જહ્નુકુમારે એવું કહ્યું કે, કદાચ આપ સંતુષ્ટ થઈને મને આપવા માટે તૈયાર હો તો મારી ઇચ્છા છે કે, હું ચૌદરત્ને થી યુક્ત બની સઘળા ભાઇઓને સાથે લઈ સૈન્ય સહિત આ ભૂમંડળ ઉપર ફરૂં જહ્નુકુમારની આ પ્રકારની વાત સાંભળીને સગરચક્રવર્તીએ કહ્યું કે, " તમારી ઇચ્છા મુજબ વર્તો " આ પ્રમાણે તેની વાતનો સ્વીકાર કરી અનુમતી આપી. જહ્નુકુમાર પણ સૈન્યને સાથે લઇ પોતાના ભાઇઓની સાથે ભૂમંડળના પરિભ્રમણ માટે નીકળ્યો. ફરતાં ફરતાં તેણે ભૂમિના મોટાં મોટાં આશ્ચર્ય જોયાં જેમ જેમ તે આગળ વધવા માંડયા તેમ તેમ તેને ઘણી એવી વાતોનો અનુભવ થવા લાગ્યો. ચાલતાં ચાલતાં તે એવે સ્થળે પહોંચ્યા કે જે જગ્યાએ હૈમ નામનો પર્વત અડગપણે ઉભેલ હતો. તેણે ત્યાં પહોંચતાં જ પર્વતની તલેટીમાં પોતાનો પડાવ નાખ્યો. અને ભાઇઓ સાથે પર્વત ઉપર ચડવાનો પ્રારંભ કર્યો. પર્વતની શોભા જોતાં જોતાં જ્યારે તે આગળ વધી રહેલ હતા ત્યારે સહસા તેના મનમાં વિચાર આવ્યો કે, કદાચ કોઈ સમય કોઈ આ શોભા નષ્ટ ન કરી દે એટલા માટે આ પર્વતની રક્ષા નિમિત્તે કાંઈક બંદોબસ્ત કરવો જોઇએ. આવો વિચાર કરી તે ભાઇઓની સાથે પર્વત ઉપરથી નીચે ઉતરી આવ્યો. અને પર્વતની ચારે દિશાઓમાં દંડરત્નથી તેણે સઘળાની સાથે ખાઈ ખોદવાનો પ્રારંભ કર્યો. ખોદતાં ખોદતાં વિશેષ ભૂમિની નીચે પહોંચી ચૂકયા ત્યારે ભૂમિની નીચે રહેલા જ્વલનપ્રભ નાગરાજ પોતાના નાગલોકને ગભરાયેલા

આકુળ–વ્યાકુળ જોઇને ક્રોધના આવેશમાં આવી ગયા. ક્રોધના આવેશમાં આવીને નાગરાજે કહ્યું, અરે મૂર્ખાઓ ! તમે સઘળા આ શું કરી રહ્યા છો ? શું મરવાની ઇચ્છા છે ? નાગરાજને જ્યારે આ પ્રમાણે ક્રોધના આવેશથી ભરેલા જોયા ત્યારે સઘળાઓએ તેને શાન્ત કરવાના આશયથી ઘણા વિનયની સાથે તેને કહેવા લાગ્યા, હે નાગરાજ ! અમારા આ અપરાધને આપ ક્ષમા કરો. તથા પ્રસન્ન થાઓ. અને આપના ક્રોધના આવેશને શાંન્ત કરવાની કૃપા કરો. અમે જે આ કામનો આરંભ કર્યો છે તેનો હેતુ ફક્ત હેમપર્વતની રક્ષા કરવી એજ માત્ર છે. આમાં જો આપની અપ્રસન્નતા થાય છે તો અમો આ કામ બંધ કરી દઇએ. આગળ આવું કરીશું નહીં. યુવરાજ આદિ કુમારોનું આ પ્રકારનું વચન સાંભળીને નાગરાજનો કોપ ઉતરી ગયો. શાંત બનીને તેમણે કહ્યું, ઠીક છે. હવે તમો સઘળા અહીંથી ચાલ્યા જાવ. હું તમારૂં અનિષ્ટ કરવા ચાહતો નથી. કેમ કે, તમે સઘળા ચક્રવર્તીના પુત્ર છો. નાગરાજનું આ પ્રકારનું વચન સાંભળીને એ સઘળાએ પરિખાથી બહાર નીકળી આવ્યા અને બહાર આવીને જહ્નુકુમારે ભાઇઓને કહ્યું કે, જોકે, આપણે ખોદેલી ખાઈ ઓળંગવી દુર્લભ બની ગયેલ છે છતાં પણ આની શોભા જળ વગર સુંદર ન દેખાય જો કદાચ એ ખાઈ આવીને આવી જ રહે તો કદી નેકદી એ ધૂળ માટી આદિથી ભરાઈ જવાની અને એ કારણે આપણો પરિશ્રમ વ્યર્થ થઈ જવાનો આથી આને જો ગંગાજળથી ભરવામાં આવે તો ઘણું જ સારૂં થાય. જહ્નુકુમારની આ વાત સાથે બધા સહમત થયા. જહ્નુકુમારે દંડરત્નથી ગંગાના એક કિનારાનું ભેદન કરીને એના જળથી એ ખાઈ ભરી દીધી. જ્યારે એ ખાઇ પાણીથી ભરાઇ ગઈ ત્યારે નાગરાજે એ પાણીના આવેગથી નાગલોકને આકુળ વ્યાકુળ બનેલું જોયું અને તુરત જ નાગરાજે બહાર આવીને રાજકુમારો તરફ ક્રોધયુક્ત બનીને કહેવા માંડયું રે મૂર્ખાઓ ! એક વખત મેં તમારો અપરાધ ક્ષમા કરીદીધો પરંતુ તમે પોતાના સ્વભાવને છોડતા નથી. સમજાવવા છતાં પણ તમો અપરાધ કરવાથી રોકાતા નથી. આથી તમારા કરેલાનું ફળ ભોગવો. એવું કહીને નાગરાજે દૃષ્ટિવિષ સર્પોને મોકલ્યા. એ સર્પોએ એજ વખતે પોતાના નેત્રની અગ્નિજ્વાળાથી બાળીને ખાખ કરી દીધા. ભસ્મિભૂત થયેલા કુમારોને જોઇને સૈન્યમાં હાહાકાર મચી ગયો. સઘળા સૈનિકોએ વિચાર કર્યો, કે જુઓ ! અમારા લોકોની હતભાગ્યતા સઘળા કુમારો મરી ચૂક્યા છે એમાંથી એક પણ બાકી બચેલ નથી. હવે ચક્રવર્તીને માટે વજ્રપાત સમાન આ વૃત્તાંતને તેમની પાસે જઈને કઇ રીતે કહી શકાય ? આથી સહુથી સારી વાત તો એ છે કે, આપણે સઘળા પણ અહીંજ ચિતા ખડકીને બળી મરીએ. આ પ્રકારનો વિચાર કરીને તે સઘળા લોકોએ ચિતા તૈયાર કરી તેમાં પ્રવેશ કરવાની તયારી કરી રહેલ હતા એ સમયે ત્યાં એક બ્રાહ્મણ આવી પહોંચ્યો. તેણે પેલા લોકોને ચિતામાં જીવતા બળી મરવાની તૈયારી કરતા જોઇને તે બ્રાહ્મણે તેમને કહ્યું–કહો શું વાત છે ? તમો જીવતા બળી મરવાની તયારી

શા માટે કરી રહ્યા છો ? બ્રાહ્મણની વાત સાંભળીને સઘળા સૈનિકોએ જે કાંઇ બીના બનેલ હતી તે યથાર્થરૂપથી તેને કહી સંભળાવી. સાંભળીને બ્રાહ્મણે કહ્યું– તમે લોકો વિષાદ ન કરો. કારણકે, જે સંસારમાં જન્મ્યા છે તેનું મૃત્યુ તો અવશ્ય છેજ "जातस्य हि ध्रुवो मृत्युः" એવો સિદ્ધાંત છે. એકાન્તતઃ આત્યંતિક સુખ અને દુઃખ આ પ્રાણીને સંસારમાં સ્થિર રૂપથી હોતાં નથી. કહ્યું પણ છે—

" कालम्मि अणाइए जीवाणं, विविहकम्मवसगाणं।
तं नत्थि संविहाणं, जं संसारे न संभवई ॥ १ ॥ "

આ કારણે ચીતામાં પ્રવેશ કરવાથી આપ લોક રોકાઇ જાવ. હું જઇને સગર ચક્રવર્તીને સઘળા સમાચાર કહી દઉં છું. આ પ્રકારના બ્રાહ્મણના વચનથી તે સઘળા સૈનિક ચીતામાં પ્રવેશ કરતાં રોકાઈ ગયા.

બીજી બાજુ સનિકોને આશ્વાસન આપી નીકળેલ તે બ્રાહ્મણ કોઈ અનાથ મરેલા બાળકને લઈને રાજદ્વારમાં પહોંચ્યો. અને ત્યાં પહોંચીને રાડો પાડીને જોરજોરથી રોવા લાગ્યો. વારંવાર જોરશોરથી ચિત્કાર કરતા એ બ્રાહ્મણને પોતાની પાસે બોલાવીને સગર ચક્રવર્તીએ પૂછ્યું. હે બ્રહ્મદેવ ! કહો કેમ રોઈ રહ્યા છો ? બ્રાહ્મણે કહ્યું, રાજન્ મારો આ એકજ પુત્ર હતો તેને સાપે કરડી ખાધો છે. જેથી તે ચતન્ય સહિત થઈને આ અવસ્થાને પામ્યો છે. કૃપા કરીને તેને આપ જીવતો કરી દો. હું તેના વગર એક ક્ષણ પણ જીવીત રહી શકું તેમ નથી. જો આપ મારા આ બાળકને જીવાડી દેશો તો ખૂબજ દયા થશે મહારાજ ! બ્રાહ્મણ જ્યારે આ પ્રકારની વાત કરી રહેલ હતો એજ સમયે રાજકુમારોની સાથે ગયેલા સામંત જન આદિ ત્યાં આવીને બેસી ગયા. રાજાએ વિષવૈદ્યને બોલાવવા માણસોને દોડાવ્યા વિષવૈદ્યો આવ્યા અને ચિકિત્સાનો પ્રારંભ પણ કર્યો પરંતુ તે મરેલ બાળક કોઈ પણ રીતે જીવીત થઇ શકયો નહીં. ચક્રવર્તીએ જ્યારે આ જોયું તો તેણે એ બ્રાહ્મણને દીલાસો આપવા નિમિત્તથી આ પ્રમાણે કહ્યું, હે બ્રાહ્મણ ! જે ઘરમાં કોઇનું પણ મૃત્યુ થયેલ ન હોય તેવા ઘેર જઈને રાખ લઇ આવો. એટલે હું તમારા પુત્રને જીવતો કરી દઇશ. ચ વર્તીની વાત સાંભળીને બ્રાહ્મણ નગરમાં પ્રત્યેક ઘર પર જઈને ચક્રવર્તીના કહ્યા અનુસાર રાખની માગણી કરવા લાગ્યો. પરંતુ કોઇ પણ જગ્યાએ તેને આ પ્રકારની રાખ મળી નહીં. આથી તે નિરાશ થઈને ચક્રવર્તીની પાસે પાછો ફર્યો. સગરે બ્રાહ્મણને જોઇને કહ્યું, હે બ્રાહ્મણ ! ધૈર્ય ધારણ કરો. પુત્રના મરણ જન્ય સંતાપ છોડો, એવો કોઈ પણ પ્રાણી જગતમાં નથી કે, જે પેદા થઈને મરે નહીં. જે ઉત્પન્ન થાય છે તેનું મૃત્યુ અવશ્ય થાય છે જ. મારા પ ઘણા પૂર્વજો કાળનો કોળીઓ બની ચૂકયા છે. મૃત્યુ તો કોઈને પણ છોડતું નથી. સઘળાએ કોઈ એક દિવસ રવાનું તો છે જ. કહ્યું પણ છે કે—

"अत्थि कोइ भवणे, जस्स जायाइं नेव यायाइं ।
नियकम्म परिणइए, जम्म मरणाइं संसारे ॥१॥"

આ ત્રિભુવનમાં એવું કોઇ પણ નથી કે, જેનો જન્મ થયો હોય પરંતુ મૃત્યુ ન થયું હોય. સંસારમાં પોત પોતાના કર્મની પરિણતીથી જ જન્મ મરણ થાય છે. આ કારણે જ્યારે આવી વાત છે તો, હે બ્રાહ્મણ તમે સમજદાર હોવા છતાં પણ કેમ દુઃખીત થઇ રહ્યા છો. આ વાત ખૂબજ અનુચિત છે. આથી હવે શોકનો પરિત્યાગ કરી આત્મહીતનું સાધન કરવાનો પ્રયત્ન કરો. કે જેનાથી મૃગતુલ્ય એવા તમે મૃત્યુરૂપી સિંહ વડે ઝડપાઇ ન જાવ.

ચક્રવર્તીની આ પ્રકારની શિક્ષાપ્રદ વાણીને સાંભળીને બ્રાહ્મણે કહ્યું-હે રાજન! આપ જે કાંઇ કહી રહ્યા છો તે સઘળું હું સારી રીતે જાણું છું. અને તે હું સમજું છું. પરંતુ શું કરૂં? આ એકજ મારો પુત્ર હતો અને એ પણ મરી ગયો હવે તો મારા કુળનો સર્વથા વિનાશ જ થઇ ચૂકેલ છે. કુળક્ષયનો વિચાર આવતાં જ મારૂં ધૈર્ય ખૂટી જાય છે, હૃદય પણ આ સમયે એવા વિચારથી ફાટી જાય છે, આથી હું કોઇ પણ રીતે ધૈર્યનું અવલંબન કરી હૃદયને દૃઢ કરવામાં સમર્થ થઇ શકતો નથી. માટે હે રાજન્! ગમે તેમ કહી આપ મારા આ મરેલા પુત્રને જીવીત કરી દો. આપ ઘણા દયાળુ છો, મને મનુષ્યન ભિક્ષા આપીને કૃતાર્થ કરો. મારા કુળનું નીકંદન દૂર કરો. આપ દીનહીન અનાથ જનોના રક્ષક છો. શક્તિ અને પ્રતાપ પણ આપનો વિશાળ છે. આ કારણે આપ મારા આ વિલીન થતા કૂળને ઉગારવા માટે આપનો હાથ લંબાવો.

આ પ્રકારની બ્રાહ્મણની આર્દ્રતાભરી વાણીને સાંભળીને ચક્રવર્તીએ કહ્યું-હે બ્રાહ્મણ! અનુપાયસિદ્ધ વસ્તુમાં સહનશીલતા રાખવી એજ સહુથી સારો સંતોષ પામિનો માર્ગ છે તેને જુઓ. જેનો કોઇ રીતથી પ્રતિકાર થઇ શકતો નથી, ત્યાં કોઇ કાંઇ કરી શકતું નથી. જે કાંઇ બનો ગયું તે બની ગયું. આમાં સંતોષ કરવાથીજ હવે ભલાઇ છે. જ્યારે માણસ ઉપર અદૃશ્ય પ્રહારવાળા વિધિનો કોપ ઉતરે છે તેજ સમયે સઘળાં શસ્ત્ર એક બાજુ પડયાં રહે છે. મંત્રતંત્ર આદિ સઘળા ઉપાય વ્યર્થ જાય છે તેના ઉપર કોઇનો પણ પુરુષાર્થ ચાલતો નથી. આથી હે બ્રાહ્મણદેવ! મારી તમને એ વિનંતી છે કે, તમે શોકના સ્થાનમાં સંતોષ અને પરલોક હિતાવહ ધર્મનેજ સ્થાન આપો, શોક કરવો એ બુદ્ધિમાનનું કામ નથી કોઈ વસ્તુનો નાશ થવાથી, ચોરાઇ જવાથી, તેમજ મૃત્યુ થવાથી, મૂર્ખ માણસ જ તેનો શોક કરે છે. જે બુદ્ધિમાન હોય છે તે. એવા સમયે સઘળા પદાર્થોને અનિત્ય જાણીને તેના વિયોગમાં પણ કલ્યાણકારક ધર્મનો જ આશ્રય ગ્રહણ કરે છે.

આ પ્રકારનાં ચક્રવર્તીના હિતવિધાયક વચનોને સાંભળીને બ્રાહ્મણે કહ્યું કે હે રાજન્! આપે જે કાંઇ કહ્યું છે તે સર્વથા સત્ય જ કહ્યું છે. "પુત્રના મરી જવાથી પિતાએ શોક ન કરવો જોઇએ." આપનું આ કહેવું સર્વથા શાસ્ત્ર અનુકૂળ છે. આવી રીતે આપે પણ શોક ન કરવો જોઇએ. કારણકે, આપને પણ શોક કરવાનું કારણ સમુપસ્થિત થયેલ છે. બ્રાહ્મણની અટપટી વાત સાંભળીને ચક્રવર્તીએ સભ્રાન્ત

ચિત્ત થઇ પૂછયું કે, હે બ્રાહ્મણ ! તમો શું કહી રહ્યા છે ? મારા શોકનું કારણ કઇ રીતે ઉપસ્થિત થયેલ છે. જલદી સ્પષ્ટરૂપથી બતાવો ! ચક્રવર્તીનો આતુરતા જોઇને બ્રાહ્મણે કહ્યું, મહારાજ ! આપને ખબર નથી પણ આપના (૬૦) સાઠ હજાર પુત્રો એકી સાથે કાળનો કોળીયો બની ચૂકેલ છે. બ્રાહ્મણનાં આ આઘાતકારક સમાચારનું ત્યાં બેઠેલા રાજકુમારની સાથે ગયેલા સામંતોએ પણ સમર્થન કર્યું. પછી શું બાકી રહ્યું ? વજ્રના આઘાત જેવું પુત્રોના મરણનું વૃત્તાંત સાંભળીને સગર ચક્રવર્તી એકદમ સિંહાસનથી નીચે ગબડી પડયા અને મૂર્છિત બની ગયા. આ વખતે એવું દેખાતું હતું કે, ખરેખર વજ્રના આઘાતથીજ ચક્રવર્તીની ચેતના નષ્ટ બની ચૂકેલ છે, સેવકોએ જ્યારે સંપૂર્ણ શિતળ ઉપચારો કર્યા અને રાજાને જ્યારે સ્વસ્થ કરવામાં આવ્યા ત્યારે આર્તસ્વરથી વિલાપ કરીને તેમણે આ પ્રકારે દર્દભર્યો પ્રલાપ કર્યો.

હાય પુત્રવૃન્દ ! હૃદયના એકમાત્ર અવલંબન, બંધુ વલ્લભ, શુભ સ્વભાવ સંપન્ન, વિનીત, સઘળા ગુણવાળા તમો સઘળા મને એકલો મૂકિને કયાં ચાલ્યા ગયા ? શું તમને ખબર ન હતી કે, તમારા વગર મારી શું દશા થશે ? હોય ! તમોએ કાંઇપણ વિચાર્યું ? બેટાઓ ! તમો જ્યાં હો ત્યાંથી આવીને રોઇ રહેલી મારી આ આંખોને પુલકિત બનાવો. હાય ! નિર્દય પાપી દૈવ ! એક સાથે જ મારા હૃદયના એ હારોને હરણ કરવાવાળા તને મારા ઉપર જરા પણ દયા ન આવી ? હે વિધાતા ! ન કરવા યોગ્ય કામ તેં શા માટે કર્યું ? હે હૃદય હવે તું પુત્રોના વિરહમાં કઇ રીતે શાંતિ ધારણ કરી શકીશ ? આ કારણે સારૂં છે કે તું આજ વખતે ફાટી જા. પુત્રોનું મરણ સાંભળીને પણ તું ફાટતું નથી. આથી એવું જાણી શકાય છે કે તું અતિ નિષ્ઠુર છે. અરે ! હું મારા પુત્રોનું મૃત્યુ સાંભળીને પણ જીવતો રહ્યો છું ? આનાથી એ જાણી શકાય છે કે પુત્રો ઉપર મારો પ્રેમ કેવળ કૃત્રિમ જ હતો.

આ પ્રમાણે વિલાપ કરતા ચક્રવર્તીને બ્રાહ્મણે કહ્યું—હે મહારાજ ! આપ શું કરી રહ્યા છો ? વિચારો તો ખરા, હમણાં જ આપે મને કેવા સુંદર ઉપદેશથી સમજાવ્યો હતો. પછી તેને આપ એકદમ ભૂલી જાવ છો ? આપે હમણાં તો કહ્યું હતું કે પુત્રના મરણમાં બુદ્ધિમાને શોક કરવો ન જોઇએ, તો પછી આપ પોતે જ અબુદ્ધિમાન કેમ બની રહ્યા છો ? શું એ જ વાત છે કે—

"परवसणंमि सुहेणं, संसारासारयं कहेइ लोओ ।
णिय बंधुजन विणासे, सव्वस्स विचलइ धीरत्तं" ॥

બીજાઓનેજ દુઃખમાં સંસારની અસારતા બતાવીને ધીરજ અપાય છે કિન્તુ જ્યારે પોતાના ઉપર દુઃખ આવી પડે છે ત્યારે બધાયનું ધૈર્ય ચલાયમાન થઈ જાય છે.॥૧॥ બીજાઓને જ દુઃખમાં ધૈર્ય બતાવાય છે, પોતાની જાતને નહીં. જો કે એ વાત સત્ય છે કે પુત્રના મરણમાં સહુ કોઇનું ધર્ય વિચલીત થઈ જાય છે. પુત્રનું મરણ-જન્ય દુઃખ પ્રાણીઓને અસહ્ય થઈ જાય છે. એક પુત્રના મરણથી મને અસહ્ય દુઃખ થઇ રહ્યું છે ત્યારે સાઠ હજાર (૬૦૦૦૦) પુત્રોના મરણથી આપના દુઃખનું

વર્ણન કરવું અશકય છે. છતાં પણ હે રાજન્! જે સત્પુરુષ હોય છે તેજ આવા કષ્ટોને સહન કરવામાં શક્તિશાળી બને છે. વજ્રનો પાત તો પૃથ્વી જ સહન કરે છે, બીજું કોઇ નહી. આ માટે આપ ધૈર્ય ધારણ કરો. જે પ્રકારે સમુદ્ર દુઃસહ વડવાગ્નિને સહન કરે છે તે રીતે આપે, પણ આ અસંભવનીય દુઃખ સહન કરવું જોઇએ. ધીર પુરુષો તો એજ છે કે બીજાને સમજાવીને પોતે ધૈર્યને ધારણ કરતા હોય છે. જે રીતે બીજાઓને સહનશીલ બનવાનું કહે છે એજ આચરણને પોતે આચરતા હોય છે. આમ હવે વિલાપ કરવાથી કોઇ લાભ નથી. કહ્યું છે—

"सोयं ताणं वि नो ताणं, कम्मबंधो उ केवलो ।
तो पंडिया नो सोयंति, जाणंता भवरूवयं ॥१॥

જો કે મરેલાઓની પાછળ રોવાવાળા મનુષ્ય તે મૃત આત્માની જરાપણ રક્ષા કરી શકતા નથી. કેવળ કર્મ બંધજ કરે છે.

ઇત્યાદિ વચનો દ્વારા રાજાને સમજાવી બ્રાહ્મણે સ્વસ્થ કર્યા. રાજા સ્વસ્થ બન્યાથી બ્રાહ્મણે સામંત આદિને સઘળો વૃત્તાંત જણાવવાનું કહ્યું, ત્યારે તે લોકોએ બની ગયેલ સઘળા બનાવની યથાવત વિગત કહી સંભળાવી, તથા અવસરોચિત વચનોથી રાજાને સમજાવીને ધૈર્ય ધારણ કરાવ્યું. આ પછી ધૈર્યથી સમન્વીત બનીને ચક્રવર્તી સગર રાજાએ પોતાના એ મૃત્યુ પામેલા સાઠ હજાર પુત્રોની કાલોચિત સઘળી ક્રિયાઓ કરી, અને ધીરે ધીરે પુત્રોના મૃત્યુનો શોક પણ વિસરી ગયા. થોડા સમય પછી ચક્રવર્તી સગર રાજાએ સારા મુહૂર્તમાં યુવરાજ જહ્નુના ભગિરથ નામના પુત્રનો રાજ્યાભિષેક કરીને પોતે ભગવાન અજીતનાથની પાસે જઇને જીન-દીક્ષા અંગિકાર કરી, અને ખૂબ તપસ્યા કરવા માંડી. આ રીતે તપસ્યામાં એકાગ્ર-ચિત્ત બનીને રાગ વગરે કર્મક્ષય કરીને સિદ્ધપદને પ્રાપ્ત કર્યું.

એક સમયની વાત છે કે આ તરફ ભગિરથ રાજાએ અજીતનાથના શાસન-વર્તી વિશ્વામિત્ર નામના અતિશય જ્ઞાનસંપન્ન મુનિરાજને પૂછ્યું—ભગવાન! એ તો બત મારા પિતા અને તેમના બીજા ભાઇઓ સગર રાજાના (૬૦) સાઠ હજાર પુત્રોએ સઘળાનું કયા પાપના ઉદયથી એક જ કાળમાં મૃત્યુ થયું છે? ભગિરથનો આ પ્રશ્ન સાંભળીને જ્ઞાની મુનિરાજે કહ્યું કે હે રાજન્! સાંભળો. હું તમને એનું કારણ બતાવું છું, તે આ પ્રકારે છે—

એક સમય પાંચ મહાવ્રતોના ધારક, ષટકાય જીવોના પ્રતિપાલક, રજોહરણથી સુશોભિત, યાત્રાદિક ઉપકરણને ધારણ કરેલા અને મુખ ઉપર નિબદ્ધ સદોરકમુખ-વસ્ત્રિકા સંપન્ન સાધુ સંઘ ગામેગમવિહાર કરતા કરતા એક અનાર્ય ગામમાં જઈ પહોંચ્યા. એ ગામમાં અનાર્યોની સંખ્યા સાઠ હજાર (૬૦)ની હતી. સાધુ-ઓને જોઇને તે અનાર્યોએ તેમને ગુપ્તચર સમજ્યા. આવા વિચારથી સઘળાએ મળીને તેમના ઉપર અનેક પ્રકારના ઉપદ્રવ કરવાનો પ્રારંભ કર્યો. કેટલાક મુનિ-રાજોના રજોહરણ ઝાળી નાખ્યા, કેટલાકોના મુખ ઉપરની દોરા સાથેની મુખવસ્ત્રિ-

કાઓ ખેંચીને બાળી નાખી. કેટલાકની વસ્ત્રપાત્રાદિક ઉપધીને બાળી નાખી. એ ગામમાં એક સુશીલ કુંભાર પણ રહેતો હતો. તેણે મુનિયો તરફ આચરવામાં આવતો અનાર્યો તરફનો આવો વ્યવહાર જોયો. ત્યારે સઘળાને સમજાવી બુઝાવીને શાંત કર્યા અને સાધુઓની રક્ષા કરી. આ સમયે એમણે એ સંબંધી કર્મ બંધ કર્યો. એક દિવસની વાત છે કે તેઓમાંના કોઈ એક ચોરે કોઈ ગામમાં જઈને રાજ-ભવનમાં ચોરી કરી. રાજાના માણસોએ ચોરનો પીછો પકડયો. એ ગામે રાજના સનિકો પહોંચી ગયા. ગામમાં એક કુંભારને સાધુપુરુષ સમજીને તેને ગામમાંથી બહાર કાઢીને પછીથી એ ગામના સઘળા ઘરોના દરવાજા બંધ કરી દઈને એ ચોરોની સાથે સઘળા ગામને બાળી મૂકયું. આથી એ સઘળા સાઠ હજાર (૬૦૦૦૦) અનાર્યો અગ્નિમાં ભસ્મીભૂત થઈ ગયા. મરીને એ સઘળા વિરાટ દેશમાં અંતિમ ગ્રામમાં કોદ્રવ ધાન્યની પર્યાયમાં ઉત્પન્ન થયા. કોદ્રવ ધાન્ય રૂપથી પૂંજીભૂત થયેલ એ અનાર્ય જીવોને કોઇ હાથીએ પોતાના પગ તળે મસળી નાખ્યા. એ પર્યાયથી ચ્યુત થઇને પછીથી તેઓ નાના પ્રકારના દુઃખો ભોગવતા અનેક યોનીઓમાં પરિભ્રમણ કરતા રહ્યા. અનન્તર ભવમાં એમણે કાંઇક પુણ્યનો સંચય કર્યો એના પ્રભા-વથી તેઓ સગર ચક્રવર્તીને ત્યાં પુત્રરૂપે ઉત્પન્ન થયા. પરંતુ દુષ્કર્મ એમના ઉદ-યમાં અવશિષ્ટ હતાં જેથી કરીને એના પ્રભાવથી જ નાગોના ક્રોધ રૂપી અગ્નિમાં આ રીતે પ્રજ્વલિત બન્યા છે. એ કુંભાર કે જેણે પહેલાં એ અનાર્યોને સાધુઓ ઉપર ત્રાસ ન ગુજારવા સમજાવેલ. એ પુણ્યબંધથી પોતાનું આયુષ્ય પૂરું થતાં મરીને કોઈ નગરમાં ધનધાન્યાદિક સમૃદ્ધ વણિક કુળમાં ઉત્પન્ન થયો. ત્યાં તેણે દાનાદિક દ્વારા સુકૃત્યનો ખૂબ સંચય કર્યો, સાધુઓની સારી રીતે સેવા કરી અને એ રીતે ધાર્મિક વૃત્તિથી પોતાનો સમય કાઢયો. એ પછી ત્યાંથી મરીને તે કોઇ રાજાને ત્યાં પુત્રરૂપે ઉત્પન્ન થયો, ત્યાં તેણે સારી રીને રાજકાર્ય સંભાળ્યું. શુભાનુ-બંધવાળા શુભ કર્મોના ઉદયથી તે રાજકુમારે પછીથી રાજયનો પરિત્યાગ કરી દીક્ષા અંગિકાર કરી. શુદ્ધ ચારિત્રનું સારી રીતે પાલન કરીને એ ત્યાંથી મરીને દેવ પર્યાયમાં ઉત્પન્ન થયા ત્યાંથી ચ્યવીને આજે તે યુવરાજ જહ્નુના પુત્ર ભગિરથ નામથી અવતરેલ છે. હે રાજન્! એ તમેજ છો. આ પ્રકારનાં મુનિરાજનાં વચન સાંભળીને ભગિરથે તેમની પાસે શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. અને શુદ્ધ શ્રાવક બનીને એ ત્યાંથી પોતાના નગરમાં પાછા ફર્યા. ॥૩૫॥

मघवा चक्रवर्ती की कथा

तथा—"चइत्ता" इत्यादि !

अन्वयार्थ—**महाजसो—महायशाः** મહાયશસ્વી નવનિધિ અને ચૌદ રત્નોના અધીશ્વર અથવા વૈક્રિય લબ્ધિથી યુક્તિ **मघवं नाम चक्कवट्टी—मघवा नाम चक्रवर्ती** મઘવા નામના ત્રીજા ચક્રવર્તીએ **भारहं वासं—भारतं वर्षम्** ભરતક્ષેત્રના ષટ્‌ખંડની

રિદ્ધિનો **चइत्ता–त्यक्त्वा** ત્યાગ કરી **पव्वज्जमब्भुवगओ–प्रव्रज्यामभ्युपगतः** સંયમને ધારણ કરેલ. એમની કથા આ પ્રકારની છે–

આ ભરતક્ષેત્રમાં ધર્મનાથ અને શાંતિનાથ ભગવાનના સમય કાળમાં મહીમંડળ નામના નગરના નરપતિ નામના એક સુપ્રસિદ્ધ રાજા હતા તે રાજા પ્રજાનું પાલન પોતાની સંતતિની માફક કરતા હતા. "સમ્યગ્ધર્મની છત્રછાયામાં રહીને લોકો પોતાનું હિત કરે" આવા વિચારથી એ તેના પ્રચારના સાધનોમાં કદી પણ કમીપણું આવવા દેતા નહીં ધર્મનો પ્રચાર કરવો અને પ્રજાનું સારી રીતે પાલન કરવું. આ બન્ને કાર્યોમાં એમના સમયનો વધુમાં વધુ ભાગ વ્યતીત થતો હતો. આ પ્રમાણે શાસન કરતાં કરતાં કેટલાક વર્ષો વીતી ગયાં. એક સમય એ નગરના ઉદ્યાનમાં વિશ્રુત કીર્તિ નામના મુનિરાજ આવેલા. રાજા ધર્મશ્રવણ માટે એમની પાસે ગયા અને ત્યાં મુનિરાજના શ્રીમુખથી સમ્યગ્ધર્મનો ઉપદેશ સાંભળી રાજાને વૈરાગ્યભાવ જાગૃત થયો. આથી તેણે રાજ્યનો પરિત્યાગ કરી વૈરાગ્ય ભાવે સંયમ ધારણ કર્યો. મુનિધર્મમાં પ્રમાદ રહિત થઈને રાજાએ વિશુદ્ધ ચારિત્રનું સારી રીતે પાલન કર્યું. ચારિત્રને પાળતાં પાળતાં કાલના અવસરે કાલ કરીને તે મધ્યમ ગ્રૈવેયકમાં અહમિંદ્ર થયા. ત્યાંની ભવસ્થિતિ સમાપ્ત કરીને ત્યાંથી ચ્યવીને ભારતક્ષેત્રની શ્રાવસ્તી નગરીમાં રાજા સમુદ્રવિજયની ભદ્રા નામની રાણીની કૂખે પુત્રરૂપે અવતર્યા. એમના આગમન સમયે રાણીએ ચૌદ સ્વપ્ન જોયાં. પોતે જોયેલાં એ સ્વપ્નોનું શુ. ફળ છે એ જાણવા માટે રાણી ભદ્રાએ પોતાના પતિને કહ્યું. ત્યારે તેના પ્રત્યુત્તરમાં રાજાએ રાણીને કહ્યું કે, દેવિ ! તમારા ગર્ભથી ઉત્પન્ન થનાર બાળક ચક્રવર્તી બનશે. આ વાતની સૂચના આ સ્વપ્નાઓથી મળે છે. ચક્રવર્તી જેવા પુત્રની માતા બનનાર તું ખૂબજ ભાગ્યશાળી છો આ પ્રમાણે જોયેલાં સ્વપ્નોનું ફળ પોતાના પતિ પાસેથી જાણીને રાણી ખૂબજ હર્ષિત બની. પુરા નવ માસ અને સાડાસાત દિવસનો સમય પૂર્ણ થયો ત્યારે રાણીએ પુત્રરત્નને જન્મ આપ્યો. માતાપિતાને ઘણો આનંદ થયો. એનું નામ તેમણે મઘવા રાખ્યું શુકલપક્ષના ચંદ્રમાની માફક મઘવાના શરીરની વૃદ્ધિ થવા લાગી. જ્યારે ને યુવાવસ્થામાં પહોંચ્યો ત્યારે સમુદ્ર વિજયે રાજ્યનો ભાર તેને સોંપી દઇ પોતે પરલોકનાં હિતાવધાયક કાર્યોની આરાધના કરવામાં સાવધાન બની ગયા. આ પ્રમાણે સમાહિત ચિત્ત બનીને સમુદ્રવિજયે આત્મ-કલ્યાણના માર્ગની સાધના કરતાં કરતાં પોતાના જીવનનો સમય પુરો કર્યો. મઘવા રાજાએ પણ પિતાએ સોંપેલા રાજ્યની સારી રીતે દેખભાળ કરવા ઉપરાંત પ્રજાને સંપૂર્ણપણે સંતોષવાનું કાર્ય કર્યું. સમય વિતતાં તેને ચક્રવર્તી પદનાં સૂચક ચૌદ રત્નોની પ્રાપ્તિ થઇ તેણે છ ખંડથી ભરેલા ભરતક્ષેત્રમાં સર્વત્ર વિજય કરી પોતાનું એક છત્ર રાજ્ય સ્થાપ્યું આ રીતે ચક્રવર્તીપદની પ્રાપ્તિ અને તેના વૈભવનો ઉપભોગ કરતાં તેનો ઘણો સમય વીત્યો. એક વખત ત્યાં ધર્મઘોષ નામના મુનિરાજનું આગમન થતાં એમની પાસેથી શ્રુત ચારિત્રરૂપ ધર્મનો ઉપદેશ સાભળીને સંસારથી વરાગ્ય ઉત્પન્ન થતાં તેણે તુરતજ રાજ્યનો પરિત્યાગ કરી તેમની પાસેથી દીક્ષા ધારણ કરી લીધી. ધર્મનું સારી રીતે પરિપાલન કરીને તે ચક્રવર્તી મરીને ત્રીજા દેવલોકમાં ગયા. અને ત્યાંનું આયુષ્ય પુરૂ કરી ત્યાંથી ચ્યવીને મહાવિદેહમાં કેવળી થઇને સિદ્ધિપદને પ્રાપ્ત કર્યું. એમનું આયુષ્ય પાંચ લાખ વર્ષનું હતું. ॥૩૬॥

પછી પણ—"सणंकुमारो" ઇત્યાદિ !

અન્વયાર્થ—**सो–सः** એ પ્રસિદ્ધ **महिड्ढिओ–महर्द्धिकः** મહા રિદ્ધિ સંપન્ન **मणुस्सिंदो–मनुष्येन्द्रः** મનુષ્યોમાં ઇન્દ્ર જેવા ચોથા **चक्कवट्टी–चक्रवर्ती** ચક્રવર્તી **सणंकुमारोऽवि–सनत्कुमारोऽपि** સનત્કુમારે પણ **पुत्तं रज्जे ठवित्ताणं–पुत्रं राज्ये स्थापयित्वा** પોતાના પુત્રને રાજ્યશાસનની ધુરા સોંપી દઈ **तवं चरे–तपःअचरत्** ચારિત્રના આરાધના કરી.

સનત્કુમાર ચક્રવર્તીની કથા—

ભારતવર્ષમાં કુરૂજાંગલ નામનો એક દેશ છે, એમાં હસ્તિનાપુર નામના નગરમાં ધર્મનાથ અને કુંથુનાથ પ્રભુ થયા હતા. એમના અંતરાળના સમયમાં ત્યાં અશ્વસેન રાજાનું શાસન હતું. એમની રાણીનું નામ સહદેવી હતું. સહદેવીની કૂખે સનત્કુમાર ચક્રવર્તીનો જન્મ થયો હતો. જ્યારે સનત્કુમાર ગર્ભાવાસમાં હતા ત્યારે સહદેવીને ચૌદ સ્વપ્ન આવેલ હતા. રાણીએ જ્યારે સઘળા લક્ષણથી યુક્ત એવા પુત્રને જન્મ આપ્યો ત્યારે રાંજાએ તેના જન્મનો ભારે ઠાઠમાઠથી ઉત્સવ મનાવ્યો હતો. અને એનું નામ સનત્કુમાર રાખ્યું. જે પ્રમાણે ઉગેલું કલ્પવૃક્ષ ક્રમશઃ ખૂબ વધે છે. આ પ્રમાણે સનત્કુમાર પણ દિનપ્રતિદિન ક્રમશઃ વધવા માંડ્યા સૂર નામનો એક બીજો ક્ષત્રિય પણ હસ્તનાપુરમાં રહેતો હતો. તેને કાલિન્દી નામની સ્ત્રી હતી. જેનાથી સુરને એકપુત્ર પ્રાપ્તિ થયેલ હતી, જેનું નામ મહેન્દ્રસિંહ હતું કે જે સનત્કુમારનો મિત્ર હતો. મિત્રની સાથે સનત્કુમારે કળાચાર્યની પાસે સકળ કળાઓનો અભ્યાસ કર્યો. અને યુવાવસ્થાએ પહોંચ્યા.

એક સમયની વાત છે કે, વસંતઋતુના સમયે સનત્કુમાર પોતાના મિત્ર મહેન્દ્રસિંહની સાથે તથા અન્ય રાજકુમારોની સાથે વિવિધ પ્રકારની ક્રીડા કરવા માટે મકરન્દ નામના ઉદ્યાનમાં ગયા હતા. મિત્રની સાથે તેણે એ ઉદ્યાનમાં વિવિધ પ્રકારની ક્રીડાઓ કરી. સાથેના રાજકુમારોએ પણ પોતપોતાના ઘોડાઓ ઉપર ચઢીને ઘોડાઓને નચાવવાનું શરૂ કર્યું. સનત્કુમાર પણ જલધિકલ્લોલ નામના ઘોડા ઉપર સવાર થયેલ હતા. ઘોડો પવનવેગથી દોડવા માંડ્યો. સનત્કુમારે ઘોડાની વાયુવેગથી ચાલવાની ચાલ જોઈને તેને રોકવા માટે લગામ ખેંચી. લગામ ખેંચતાં ઘોડો વધુ વેગથી દોડવા લાગ્યો. આ પ્રકાર તેજીથી દોડતા ઘોડાને કારણે રાજકુમારના જે સાથીઓ હતા તે સઘળા પાછળ રહી ગયા અને ઘોડો સનત્કુમારને લઈને એટલી તેજીથી આગળ વધતો ગયો કે, સાથીદારો દેખાતા પણ બંધ થઈ ગયા. જ્યારે આ ખબર અશ્વસેનને મળ્યા તો તે સનત્કુમારની શોધ કરવા માટે બહાર નીકળ્યા પરંતુ શોધ કઈ રીતે કરવી આ વિચાર મુંજવનારો હતો. છેવટે ઘોડાના પગના ચિન્હો જોઈને તે તરફ તપાસ કરવા જવાનું ઉચિત માન્યું. અને એમ જ કર્યું. પરંતુ એજ સમયે ભયંકર એવો વાવંટોળ ઉઠતાં ઘોડાનાં એ પદચિન્હો પણ ભુસાઇ ગયાં. નિરૂપાય બનીને રાજા પોતાના પરિવાર સહિત ઘેર પાછા ફર્યા. અશ્વસેનને ઘેર પાછા ફરેલા જોઈને મહેન્દ્રસિંહે ઘણાજ વિનયભાવથી તેમને કહ્યું–હે દેવ ! દૈવ દુર્વિપાકથીજ આ સઘળો અનિષ્ઠ થયેલ છે. તો પણ હું મારા મિત્રની શોધ કરીશ. અને તેને સાથે લઈને આપના ચરણમાં પાછો ઉપસ્થિત થઈશ આ પ્રકારનું રાજાને ધૈર્ય બંધાવી મહેન્દ્રસિંહ સૈન્યને પોતાની સાથે લઈ સનત્કુમારની શોધ કરવા

નીકળી પડયો. શોધખોળ કરતાં કરતાં તે એ જંગલમાં જઇ પહોંચ્યો કે, જ્યાં અગાઉ રાજકુમારની શોધ કરવા માટે સનિકો જઇ આવ્યા હતા. જંગલ ખૂબજ અટપટું હોવાથી તેની સાથેના સૈનીકોની હિંમત પણ આગળ વધવામાં ચાલતી ન હતી. છેવટે મહેન્દ્રસિંહ એકલોજ પોતાના ધનુષ્યને સુસજ્જીત કરીને આગળ વધ્યો ભારે કષ્ટ સાથે તે ગિરીકંદરાઓમાં, ઘાડા જંગલમાં, નદીઓના તટોમાં, રખડતો રખડતો પોતાના મિત્રની શોધ કરતો હતો. જ્યારે આ પ્રમાણે રાજકુમારની શોધમાં ભટકી રહ્યો હતો ત્યારે અચાનક તેના કાનો ઉપર અવાજ અથડાયો તેણે સાંભળ્યું-

"कुरुवंशावसंतश्री, अश्वसेननृपात्मज ।
सनत्कुमार ! सौभाग्य ! जितमार चिरंजय ॥१॥
जय अश्वसेन–नभस्तल–मृगाङ्क ! कुरुभवनलग्नस्तंभ !
जय त्रिभुवननाथ ! सनत्कुमार ! जय लब्धमाहात्म्य ॥२॥

હે કુરૂવંશના આભૂષણ શ્રી અગ્નિસેન રાજાના સુપુત્ર સનત્કુમાર હે સૌભાગ્યશાળી હે જીતેન્દ્રિય આપનો જય થાવ હે અશ્વસેન રૂપી આકાશ મણ્ડલના ચંદ્ર હે કુરૂવંશરૂપી ભવનમાં લાગેલા સ્તંભ હે ત્રિભુવનનાથ સનત્કુમાર આપનો જય થાવ હે પૂર્વભવના વૈરી દેવને જીતી તે જયલક્ષ્મીને મેળવેલા હે સનત્કુમાર આપનો જય થાવ.

આ પ્રમાણે સનત્કુમ રનાં સ્તુતિકર વચનોને સાંભળીને મહેન્દ્રસિંહે નિશ્ચય કર્યો કે, અવશ્ય સનત્કુમાર અહીયાં છે. આથી તેને ઘણોજ હર્ષ થયો અને તે પ્રસન્નચિત્ત થઈને ઉતાવળે ત્યાંથી આગળ વધ્યો. જોયું તો સનત્કુમાર બેઠેલ છે. જલદીથી તેની પાસે પહોચીને મહેન્દ્રસિંહે મોતાનું મસ્તક એના ચરણો ઉપર રાખી દીધું. મહેન્દ્રને જોતાંજ સનત્કુમારના નયનોમાં પણ જળબિંદુ આવી ગયાં. તેને બન્ને હાથેથી પકડીને ઉભો કર્યો અને ગાઢ આલિંગન આપ્યું, પછી વિદ્યાધરોએ લાવેલા સિંહાસન ઉપર બન્ને બેઠા. વિદ્યાધર પણ એમની પાસે ત્યાં બેઠા. પછી સનત્કુમારે મહેન્દ્રસિંહને કહ્યું કે, હે મિત્ર ! તમને એ કયાંથી ખબર પડી કે, હું અહિં આ સ્થળે છું ?

મહેન્દ્રસિંહે પ્રત્યુત્તરસાં કહ્યું કે, કુમાર ! પહેલા આપ જ બતાવો કે જ્યારે ઘોડો આપને અહીં સુધી ખેંચી લાવ્યો. ત્યારે કેવી કેવી મુશ્કેલીઓ આપને સહન કરવી પડી. મહેન્દ્રની વાત સાંભળીને રાજકુમાર સનત્કુમારે પોતાની પાસે બેઠેલી બકુલમતિને કહ્યું કે, બકુલમતિ ! આને મારૂં સઘળું વૃત્તાંત કહી સંભળાવો. મને આ સમય નિદ્રા આવી રહી છે તેથી હું આરામ કરવા માટે જાઉં છું. આ પ્રમાણે કહી બકુલમતિને વૃત્તાંત સંભળાવવાનો આદેશ આપીને સુવા માટે સનત્કુમાર ચાલી ગયા. બકુલમતિએ પોતાની વિદ્યાના બળથી સનત્કુમારથી સંબંધ રાખવાવાળા સઘળાં વૃત્તાંતને જાણીને આ પ્રકારે કહેવાનો પ્રારંભ કર્યો.

મહેન્દ્રસિંહ ! આપ લોકોના જોતાં જોતાં જ્યારે તે ઘોડો આર્યપુત્રને લઇને વનમાં ચાલી નીકળેલો ત્યારે વનમાં પ્રવેશ્યા પછી પણ તેનું દોડવાનું શાંત ન થયું આવી રીતે એક દિવસ અને એક રાત સતત એ ઘોડો દોડતો રહ્યો. બીજા દિવસના મધ્યાહ્ન કાળ સુધી પણ તેણે પોતાનું દોડવાનું ચાલુ રાખેલું આખરે તે ભૂખ

અને તરસથી વ્યાકુળ બની ગયો. ત્યારે ઉભો રહી ગયો. કુમાર તેના ઉપરથી નીચે ઉતરી પડયા અને ઘોડો એ પછી તુરતજ ભૂખ તરસની વ્યાકુળતાને લઈને પડીને મરી ગયો. કુમારે તે સમયે ત્યાંથી ચાલવા માંડયું તેને ભૂખ અને તરસ સતાવી રહેલ હતી આથી તે ચાલતાં ચાલતાં એક શીતળ વૃક્ષની છાયા તળે જઇને બેસી ગયા. આ સમયે તે વૃક્ષ ઉપર રહેવાવાળા એક યક્ષે આર્યપુત્રના પુણ્ય પ્રભાવથી પ્રેરીત બની તેનો વિમલ શીતળ જળથી અભિષેક કર્યો અને પાણી પણ પાયું. પછી જ્યારે આર્યપુત્ર સ્વસ્થ બન્યા ત્યારે તેણે તે યક્ષને કહ્યું કે, હે ઉપકારક ! કહો તમો કોણ છો અને આ પાણી કયાંથી લાવ્યા ? કુમારને તેણે કહ્યું કે, હું આ વૃક્ષ ઉપર રહેવાવાળો યક્ષ છું અને મારૂં નામ અસિતાક્ષ છે. હે પુણ્યશાળી ! આપના માટે આ નિર્મળ પાણી હું માનસરોવરમાંથી લાવ્યો છું. યક્ષની આ વાત સાંભળીને કુમારે તેને ફરીથી કહ્યું કે, હે મિત્ર તમે મને અભિષિક્ત સિંચિત કર્યો તે ઠીક, પરંતુ હું પોતે જ્યાં સુધી માન સરોવરમાં સ્નાન ન કરૂં ત્યાં સુધી મારો તાપ શાંત થઈ શકશે નહીં. કુમારની વાત સાંભળીને યક્ષ તેને માનસરોવર ઉપર લઇ ગયા. કુમારે ત્યાં પહોંચીને સ્નાન કર્યું જેથી તેનામાં સ્વસ્થતા આવી ગઈ. સ્નાનથી નિવૃત્ત થઈ તે સરોવરમાંથી બહાર નિકળવાની તૈયારીમાં હતા. એ વખતે યક્ષના મનમાં વિચાર આવ્યો કે, આ તો મારો પૂર્વભવનો વેરી છે, જેથી બદલો લેવાનો આ ખરેખરો સમય છે. એવો પોતાના મનમાં વિચાર કરી તેણે કુમારની સામે લાલ આંખ કરીને એક વૃક્ષ ઉખાડીને ફેંકયું. કુમારે જ્યારે પોતાના ઉપર વૃક્ષને પડતાં જોયું તો તેણે બન્ને હાથ લાંબા કરીને તેને અદ્ધર જ ઝીલી લીધું. આ જોઈ યક્ષે ચારે દિશાઓને ધૂળના ગોટેગોટાથી ભરી દઇને આગના ભડકા જેવું કરાળમુખ ધરાવતા તથા ભયંકર અટ્ટહાસ્ય કરવાવાળા એવા પિશાચોને પોતાની વૈક્રિયશક્તિના પ્રભાવથી ઉત્પન્ન કરી બતાવ્યા. આ સમયે પણ આર્યપુત્ર એ માયાવી માયાથી ન ડગતાં નિર્ભયતાથી ઉભા રહ્યા. આ પછી યક્ષે આર્યપુત્રને નાગપાશથી બાંધી લીધા. પરંતુ હાથી જે પ્રમાણે જુના દોરડાઓને તોડીને ફેંકી દે તે તેવી રીતે એ નાગપાશને આર્યપુત્રે તોડી નાખ્યાં. યક્ષે આર્યપુત્ર ઉપર હાથથી જુલ્મ ગુજારવો શરૂ કર્યો પરંતુ આર્યપુત્રે પણ તેનો એવોજ સજ્જડ સામનો કર્યો કે જેથી ઉલટ યક્ષનેજ સહન કરવું પડયું. તે પછી લોઢાની ગદાના પ્રહારો તેણે રાજકુમાર ઉપર કરવા માંડયા. જેથી રાજકુમારે પણ એક ચંદન વૃક્ષને ઉખાડીને યક્ષના ઉપર ફેંકયું. એ ચંદન વૃક્ષના આઘાતથી યક્ષ નીચે પટકાઇ પડયો. થોડો વખત અચેતન હાલતમાં તે જમીન ઉપર પડી રહ્યો આ પછી સચેત બન્યો અને તેણે આર્યપુત્ર ઉપર એક પર્વત ઉપાડીને ફેંકયો. આ પર્વતના ભાર તળે તે થોડા દબાયા અને થોડી ચોટ પહોંચી. પરંતુ સ્વસ્થ થઇને પછીથી બન્ને બાથંબાથી કરવા લાગ્યા. લડતાં લડતાં જ્યારે બન્ને સમાનતાએજ રહ્યા. કોઇ હાર્યું નહીં. ત્યારે કુમારના હાથમાં એક લોઢાનું મુદ્ગળ (ગદા) આવી જતાં એનાથી યક્ષને એવો માર્યો કે, ભયંકર આંધીના વેગથી જેમ વૃક્ષ ઉખડીને પડી જાય છે તેવી રીતે તે યક્ષ પડી ગયો અને અધમુવો બની ગયો. જ્યારે

આ પ્રકારની યક્ષની સ્થિતિ થઈ ગઈ ત્યારે તે યક્ષ થોડા સમય પછી ત્યાંથી ઉઠીને રોતો રોતો ચાલતો થઈ ગયો અને પછી પાછો દેખાયો નહીં.

આર્યપુત્રના આ વિજયથી પ્રસન્ન થઈ અગાઉથીજ યુદ્ધને જોવાની અભિલાષાથી ઉપસ્થિત થયેલા દેવોએ અને વિદ્યાધરોએ માળીને એમના ઉપર પુષ્પવૃષ્ટિ કરી અને પ્રશંસા કરી. ત્યાંથી વિજય મેળવીને કુમાર પ્રિયસંગમ નામની વિદ્યાધરનગરીમાં ગયા. ત્યાં પહોંચતાંજ કુમારને ભાનુવેગ નામના વિદ્યાધરે પોતાની કન્યા અર્પણ કરી. ત્યાંથી કુમાર ચાલી નીકળ્યા અને થોડે દૂર જઇને તેઓએ પર્વત શિખર ઉપર મણીમયસ્તંભોથી શોભતા અને સુધાથી દેદિપ્યમાન એવા સાતમાળવાળા એક દિવ્ય ભવનને જોયું. એને જોઇને તે "આ શું છે?" એવો વિચાર કરીને તેની પાસે પહોંચ્યો તો ત્યાં એક સ્ત્રીના રૂદનનો અવાજ તેના કાને અથડાયો કે જે ઉપરોક્ત ભવનની અંદરથી આવી રહેલ હતો અવાજ પોતાના કાને અથડાતા જ કુમાર ઘણી ઉતાવળથી એ ભુવનની અંદર જઇ પહોંચ્યા અને એક પછી એક મજલા ચડીને છેલ્લા મજલા ઉપર જઈ પહોંચ્યા. ત્યાં તેમણે એક વિલક્ષણ ઘટના જોઈ. તે એ હતી કે, ત્યાં એક સુંદર એવી કન્યા વિલાપ કરતાં કરતાં બોલતી હતી કે, "હે ત્રણ લોકમાં ઉત્કૃષ્ટ કુરૂવંશના સૂર્ય સનત્કુમાર જન્માંતરમાં તમે મારા પતિ બનો" આ સ્થિતિને જોઇને કુમારે મનમાં વિચાર કર્યો કે, આ કોણ છે કે, જે મારૂં સ્મરણ કરી રહેલ છે? આ પ્રકારે વિચારીને કુમાર કરૂણ સ્વરથી વિલાપ કરતી એ કન્યાની પાસે જઇને કહેવા લાગ્યા કે, હે ભદ્રે! તમો કોણ છો, અને સનત્કુમારની સાથે તમારો શો સંબંધ છે, તમે કયા દુઃખથી પીડિત થઇને તેને વારંવાર યાદ કરીને રોઇ રહેલ છો? કુમારે જ્યારે એ કન્યાને આ પ્રમાણે પૂછ્યું તો તે ખૂબજ વિસ્મય પામી અને એકદમ ઉભી થઈ ગઇ અને કુમારને બેસવા માટે આસન આપ્યું. હસીને પછીથી તે તેને કહેવા લાગી. હે કુમાર! મારૂં નામ સુનંદા છે. હું સાકેતપુરના અધિપતિ સુરાષ્ટ્ર રાજની ચંદ્રકળા નામની પત્નીથી ઉત્પન્ન થયેલ છું. બાલ્યકાળથી હું મારા માતાપિતાના નયનોને હર્ષિત બનાવતી રહી છું. તેઓએ મને પ્રત્યેક કળાઓમાં નિપુણ બનાવેલ છે. ત્યાં સુધીકે, કળાઓને શીખતાં શીખતાંજ હું યુવાન બની ગઈ. તેઓએ જ્યારે મને આ અવસ્થામાં જોઈ એટલે મારાં લગ્ન માટે તેમને ભારે ચિંતા થવા લાગી. "આનો પતિ કોણ બનશે!" આ વિચારથી તેઓ મને રાજાઓની છબીઓ મંગાવીને બતાવવા લાગ્યા. પરંતુ જે પ્રમાણે સુકા કુલમાં ભમરીનું ચિત્ત લાગતું નથી, એ પ્રમાણે મારૂં ચિત્ત પણ એ છબી જોતાં સંતુષ્ટ ન થયું. એક દિવસની વાત છે કે, કોઈ જોશીએ મારા પિતાની પાસે આવીને એવું કહ્યું કે, "તમારી પુત્રીનો પતિ સનત્કુમાર થશે" મેં પણ તેની એ વાત સાંભળીને એજ સમયથી સનત્કુમારને મારા હૃદયના દેવ તરીકે સ્થાપિત કરેલ છે.

એક દિવસ રાત્રે હું મારા શયનભૂવનમાં સૂતેલી હતી. સવારના ઉઠીને જોઉં છું તો આ ભવનમાં હું આવી પડેલી હોવાનું જણાયું. મારી આ સ્થિતિ જોઇને

હું સમજી ગઇ કે, કોઇ વિદ્યાધરે પોતાની વિદ્યાના બળથી મારૂં અપહરણ કરેલ છે, અને પોતે પોતાની વિદ્યાના જોરથી બનાવેલા આ ભવનમાં મને રાખેલ છે. અને પોતે ન માલુમ કયાં ચાલી ગયેલ છે. આથી અસહાય બનેલ એવી હું કુમારને યાદ કરી કરીને રોઇ રહી છું. કેમકે, "बालानां रोदनं बलम्" બાળાઓ અને દુઃખિત અબળાઓનું એક માત્ર બળ રૂદન જ છે.

આ પ્રકારનાં સુનંદાનાં વચનોને સાંભળીને સનત્કુમારે કહ્યું—તું જેના માટે રોઇ રહેલ છે તે વ્યક્તિ તારી સામેજ ઉભેલ છે, મારૂં નામજ સનત્કુમાર છે. આ સમયે અશનિવેગ વિદ્યાધરનો પુત્ર વજ્રવેગ ક્રોધથી ભરપૂર એવો ત્યાં આવી પહોંચ્યો અને તેણે તે સમયે સનત્કુમારને પકડીને હાથથી આકાશ તરફ ઉછાળી દીધો. સુનંદાએ સનત્કુમારને પકડીને ઉછાળતાં જોયો ત્યારે તે આઘાતનાથી અનિષ્ટની આશંકા કરવા લાગી અને રોતાં રોતાં તે મૂર્છિત બની ગઈ અને એક તરફ પછડાઈ પડી. સનત્કુમાર જ્યાં આકાશ તરફથી જમીન ઉપર પડયા અને પડતાંની સાથેજ ઉઠીને તેણે વિદ્યાધરની છાતીમાં એક વજ્રતુલ્ય મુક્કો લગાવ્યો. સનત્કુમારના હાથનો વજ્રતુલ્ય મુક્કો પોતાની છાતીમાં પડતાં એ વિદ્યાધર દુઃખથી પિડાવા લાગ્યો અને લોહીની ઉલટીઓના ભારે વહનથી તેનું ત્યાંજ મૃત્યુ નીપજ્યું. સનત્કુમારને કયાંય જરા સરખી પણ ચોટ ન લાગી. હસતાં હસતાં તે સુખરૂપ સુનંદાની પાસે ગયા અને મધુર વચનોથી બોલવા લાગ્યા. "તમે ચિંતા ન કરો, ધર્ય ધરો, એ દુષ્ટ વિદ્યાધર મરી ગયેલ છે. હવે કોઇ રીતે ગભરાવાની જરૂર નથી." આ પ્રમાણે રાજકુમારી સુનંદાને સમજાવીને તેણે પછી તેને પોતાનું સઘળું વૃત્તાંત પણ સંભળાવી દીધું. અને તેની સાથે ગાંધર્વવિધિથી વિવાહ પણ કરી લીધો. આથી સુનંદા સનત્કુમાર ચક્રવર્તીની પત્ની બની ગઇ

થોડા સમય બાદ ત્યાં વજ્રવેગ વિદ્યાધરની બહેન કે, જેનું નામ સંધ્યાવલિ હતું તે ત્યાં આવી અને પોતાના ભાઈને મરેલો જોઈને તે આર્યપુત્ર તરફ ક્રોધાયમાન બની પરંતુ જોશ-જોનારના વચનની સ્મૃતિ આવી જવાથી તેણે આર્યપુત્રની સામે આવીને ઘણા વિનયથી એવું કહ્યું કે, કુમાર ! મને જોશ જોનારે કહ્યું છે કે, જે તારા ભાઇને મારનાર હશે તેજ તારો પતિ થશે. માટે આપ મને પોતાની પત્ની બનાવીને કૃતાર્થ કરો." તેની આવી વાતો સુનંદાએ સાંભળી તો તેણે સનત્કુમારને તેની સાથે લગ્ન કરવાની અનુમતી આપી. બન્નેના લગ્ન થઈ ગયાં.

આ પછી મારા બે ભાઇ આર્યપુત્રની પાસે આવ્યા, એકનું નામ હરિશ્ચંદ્ર અને બીજાનું નામ ચંદ્રસેન આ બન્ને ભાઈઓએ આર્યપુત્રને કવચ અને રથ સમર્પિત કરતાં કહ્યું કે કુમાર ! અમે બન્ને ચન્દ્રવેગ અને ભાનુવેગ વિદ્યાધરના પુત્ર છીએ, તેમણે આપના માટે કવચ અને રથ મોકલેલ છે તો એનો સ્વીકાર કરો.એ બન્ને આપની સહાયતા માટે સૈન્ય સહિત આ તરફ જલદીથી આવી રહ્યા છે. તેની આ વાતને સાંભળીને કુમારે કહ્યું. મારી સાથે યુદ્ધ કરવા માટે કોણ આવી રહ્યું છે, જેથી

આપ લોક મને સહાય કરવામાં ઉદ્યમશીલ બની રહ્યા છો ? ત્યારે એ બન્નેએ કહ્યું કે આપે વજ્રવેગ વિદ્યાધરને મારી નાખેલ છે. આ સમાચારને તેના પિતા અશનીવેગે પોતાની વિદ્યાના બળથી જાણી લીધેલ છે. જેથી તે સૈન્યને સજ્જ કરીને તમારી સામે લડવા માટે આવી રહેલ છે. આથી અમે લોકો આપને સહાય કરવામાં ઉદ્યમશીલ થઈ રહ્યા છીએ જ્યારે આ પ્રકારની વાતો થતી હતી એજ સમયે ચંદ્રસેન અને વાયુવેગ વિદ્યાધર પોતાની સેના સાથે સનત્કુમારની સહાયતા માટે ત્યાં આવી પહોંચ્યા સંધ્યાવલીએ આ સમયે આર્યપુત્રને પ્રજ્ઞપ્તિ નામની વિદ્યા આપી. અશનીવેગ પણ પોતાના લશ્કર સાથે ત્યાં આવી પહોંચ્યો સામસામે યુદ્ધનો મોરચો રચાઇ ગયો. આર્યપુત્ર, ભાનુવેગ તથા ચંદ્રવેગની સાથે સૈન્યને લઇને અશનીવેગની સામે યુદ્ધ કરવા રણાંગણમાં જઇ પહોંચ્યા. સહુથી પહેલાં ચંદ્રવેગ અને ભાનુવેગે અશનીવેગની સાથે યુદ્ધ કરવાના પ્રારંભ કર્યો. ઘણો સમય તેમનું યુદ્ધ ચાલુ રહ્યું અશનીવેગના જોર સામે એમનું સન્ય ટકી શકયું નહીં. આર્યપુત્રે જ્યારે આ હાલત જોઇ તો તેઓ પોતે હાથમાં ધનુષ્ય લઇને અશનીવેગની સામે યુદ્ધ કરવા તત્પર બન્યા. અશનીવેગ અને આર્યપુત્ર બન્ને પરાક્રમશાળી હોવાથી ભયંકર એવું યુદ્ધ ચાલ્યું. પોતાના હાથનું ચાતુર્ય બતાવતાં આર્યપુત્રે અશનીવેગની સેના ઉપર બાણોની વૃષ્ટિ કરવા માંડી. તેણે અસંખ્ય એવાં બાણોની વર્ષા કરી કે જેને લઇને સૂર્યનું બિંબ પણ ઢંકાઇ ગયું. આથી અશનીવેગની સેનામાં અંધકાર છવાઇ ગયો. અશનીવેગે એ સમયે આર્યપુત્ર તરફ નાગાસ્ત્ર છોડયું. એના પ્રતિકાર માટે આર્યપુત્રે ગરૂડાસ્ત્ર છોડયું. પછી અશનીવેગે અગ્નિઅસ્ત્ર છોડયું, તો આર્યપુત્રે વારૂણાસ્ત્ર છોડયું. અશનીવેગે વાયવ્યાસ્ત્ર છોડયું તો કુમારે પર્વતાસ્ત્ર છોડયું. આ પ્રકારે બન્ને બાજુએથી દિવ્યાસ્ત્રોથી સંગ્રામ ચાલવા લાગ્યો. અંતમા આર્યપુત્રે પોતાના દિવ્યાસ્ત્રોથી અશનીવેગના દિવ્યાસ્ત્રોને સર્વથા નિષ્ફળ બનાવી દીધાં. પોતાના પ્રયત્નોની નિષ્ફળતા જોઈને અશનીવેગનો ચહેરો ક્રોધની જવાળાથી ધમધમી ઉઠયો. તેણે એજ સમયે ધનુષ્યને હાથમાં લઈને તેનાથી બાણો છોડવાનું ચાલુ કર્યું. આર્યપુત્રે એ સમયે અર્ધેન્દુ બાણથી તેનું ધનુષ્ય વચમાંથી કાપી નાખ્યું. જ્યારે અશનીવેગે પોતાના ધનુષ્યને કપાતું જોયું તો ક્રોધમાં આવીને તે આર્યપુત્રને મારવાના અભિપ્રાયથી રથમાંથી ઉતરીને તરવારની ચોટ લગાવવા દોડયો. આ સમયે આર્યપુત્રે પોતાના તીક્ષ્ણ એવા બાણથી તેના બન્ને હાથોને કાપી નાખ્યા. પોતાની બન્ને ભુજાઓ કપાઇ જવા છતાં પણ અશનીવેગને ક્રોધના આવેશમાં પોતાની તરફ દોડયો આવતો જોયો ત્યારે આર્યપુત્રે વિદ્યાદ્વારા પ્રદત્ત ચક્રથી તેનું માથું કાપી નાખ્યું. આ પ્રકારે આર્યપુત્રના હાથથી અશનીવેગનો વિનાશ થયો હોવાનું જાણીને વિદ્યાધરોને ઘણીજ ખુશી થઈ, તેમણે "જયજય" શબ્દોથી આકાશ અને પૃથ્વીને ગજાવી મૂકી. આનં-

દિત થયેલ સુનંદા અને સંધ્યાવલીને સાથે લઇને પછી આર્યપુત્ર ત્યાંથી ચંદ્રવેગ આદિ વિદ્યાધરોની સાથે વૈતાઢયગિરિ ઉપર પહોંચ્યા. ત્યાં સઘળા વિદ્યાધરોએ મળીને આર્યપુત્રને વિદ્યાધરોના ચક્રવર્તીપદ ઉપર સ્થાપિત કર્યા.

એક સમયની વાત છે કે, મારા પિતા ચંદ્રવેગે આર્યપુત્રની પાસે જઇને કહ્યું કે, હે કુમાર! અર્ચિમાલી જ્યોતિષીએ મને એવું કહેલ છે કે, ભાવી ચક્રવર્તી સનત્કુમાર તમારી સો પુત્રીઓના પતિ બનશે. જ્યારે એ મહાબાહુ અહીં માનસરોવર ઉપર એક મહિનામાં આવશે અને આવીને તે અસિતાક્ષ યક્ષને પરાજીત કરશે. આ કારણે હે કુમાર! બકુલમતિ આદિ મારી સો પુત્રીઓનો આપ સ્વીકાર કરી મને કૃતાર્થ કરો. આ પ્રમાણે મારા પિતાએ જ્યારે આર્યપુત્રને કહ્યું ત્યારે આર્યપુત્રે અમો સઘળી બહેનોની સાથે ઘણા જ ઉત્સાહપૂર્વક વિવાહ કર્યો. જ્યારથી અમારી સાથે આર્યપુત્રનો વિવાહ થયેલ છે ત્યારથી આર્યપુત્ર વિવિધ કળાઓમાં ચતુર વિદ્યાધરીઓની સાથે આનંદપૂર્વક પોતાનો સમય વિતાવી રહેલ છે. સઘળા વિદ્યાધરેન્દ્ર તેમના ચરણકમળની સેવા કરવામાં તત્પર રહે છે. આજે અમો સઘળાની સાથે વનક્રીડા કરવા માટે આર્યપુત્ર અહીં આવેલ છે અને એજ સમયે ભાગ્યવશાત આપનો અહીં પર સમાગમ થઈ ગયો.

આ પ્રકારે મહેન્દ્રસિંહને બકુલમતી સનત્કુમારની કથા સંભળાવી રહી હતી હતી તે સમયે સનત્કુમાર પણ આરામ લઇને બહાર આવી પહોંચ્યા, અને પછી મહેન્દ્રસિંહને સાથે લઈ સપરિવાર તે વૈતાઢયની તરફ ચાલ્યા નીકળ્યા.

એક સમયની વાત છે કે, મહેન્દ્રસિંહે યોગ્ય સમય જોઈને કુમારને કહ્યું, હે કુમાર! આપના માતાપિતા આપના વિરહથી દુઃખી થઈ રહ્યાં છે. આ કારણે આપ એવું કરો કે ઘેર ચાલીને આપ એમને મળો કે જેનાથી એમનો વિષાદ દૂર થાય અને તેમના ચિત્તમાં પ્રસન્નતા આવી જાય. મહેન્દ્રસિંહના આ પ્રકારનાં વચન સાંભળીને કુમાર એજ સમયે ત્યાંથી વિમાન, હાથી, ઘોડા, વાહન આદિથી સજ્જ બનીને વિદ્યાધર વૃન્દની સાથે પોતાની પત્નીઓને સાથમાં લઇને ગગન માર્ગથી હસ્તિનાપુરની તરફ ઉપડયા. થોડા જ વખતમાં હસ્તિનાપુર પહોંચી ગયા. કુમારના આગમનથી સઘળા નગરજનોમાં હર્ષની લહેર દોડવા લાગી, એની અપાર વિભૂતિ તેમ જ સ્ત્રીઓની પ્રાપ્તિ અને સાથે આવેલા વિદ્યાધરોના પરિવારને જોઈ સહુ કોઈ વાહવાહ પોકારવા લાગ્યા. માતાપિતાએ ભારે મમતાથી કુમારને છાતી સાથે ચાંપ્યા, આથી તેમનામાં જાણે કોઈ નવીન ચેતના આવી ગયેલ હોય તેવો ભાસ સહુ કોઈને થવા લાગ્યો. નગરભરમાં ઉલ્લાસ જ ઉલ્લાસ જણાવા લાગ્યો. નગરજનોએ ભારે ઉત્સાહ મનાવ્યો અને રાજા અશ્વસેને ભારે સમારંભની સાથે કુમારનો રાજ્યાભિષેક કર્યો. કુમારના મિત્ર મહેન્દ્રસિંહને સેનાપતિપદે સ્થાપવામાં આવ્યા બાદમાં રાજા રાણી બન્નેએ ધર્મઘોષ મુનિની પાસે જઈ દીક્ષા ધારણ કરી અને પોતાના મનુષ્યભવને સફળ બનાવ્યો.

સનત્કુમારે રાજ્યધુરા ગ્રહણ કર્યા પછી રાજ્યના કોષ (ખજાના)માં તેમ જ બળ (સૈન્ય)માં સારી એવી વૃદ્ધિ થવા લાગી, અને થોડા જ સમય પછી સનત્કુમાર ચક્રવર્તી પદથી અલંકૃત બની ગયા. તેમણે સ્વચક્ર અને પરચક્રના ભયને દૂર કરી સઘળા પ્રજાજનોનું ન્યાયનીતિ અનુસાર પાલન કરવાનો પ્રારંભ કરી દીધો. નવનિધિ ચોદ રત્નોની પ્રાપ્તિ પણ તેને થઇ ગઇ. ચક્રરત્ન દ્વારા પ્રદર્શિત માર્ગ અનુસાર તેમણે ભરતક્ષેત્રના છએ ખંડો ઉપર પોતાનો વિજયધ્વજ ફરકાવી દીધો.

એક સમય સુધર્માસભામાં સૌધર્મેન્દ્ર અનેક દેવ અને દેવીઓની સાથે વાતચીત કરતાં પોતાના સિંહાસન ઉપર બેઠેલ હતા એટલામાં ઇશાન કલ્પનો કોઇ એક દેવ તેમની પાસે આવ્યો. એ આવેલા દેવની દેવપ્રભાથી ત્યાં બેઠેલા દેવોની દેહપ્રભા સૂર્યના પ્રકાશથી ચંદ્ર તારાઓ વગેરે જેમ ઝાંખા પડી જાય તેવી દેખાવા લાગી. ત્યાં આવતાં જ તેમણે સૌધર્મેન્દ્રને નમન કર્યું અને પોતાના સ્થાન ઉપર ચાલ્યા ગયા. તેમના જવા પછી ત્યાં બેઠેલા દેવોએ સૌધર્મેન્દ્રને પૂછ્યું, સ્વામિન્! કયા કારણથી એ આવેલા દેવની દેહપ્રભા એટલી ઉજ્જવળ હતી? સૌધર્મેન્દ્રે પ્રત્યુત્તરમાં કહ્યું કે, હે દેવો! તેણે પૂર્વભવમાં અખંડ આચામ્લવ્રતનું આરાધન કરેલ છે. તેના પ્રભાવથી જ એના દેહની આ કાન્તિ થયેલ છે. દેવોએ ફરીથી ઇન્દ્રને પૂછ્યું, શું આવો ઉત્કૃષ્ટ દેહપ્રભાવાળા બીજા પણ કોઈ છે? જે એમની સમાનતા કરી શકે? ઇન્દ્રે કહ્યું, હા છે. હસ્તિનાપુરમાં કુરુવંશમાં જન્મેલ સનત્કુમાર ચક્રવર્તી એવા છે, તે પોતાની દેહપ્રભાથી સમસ્ત દેવોની દેહપ્રભાને ફિક્કી પાડે છે. આ પ્રમાણે ઇન્દ્રે કહેલ વાત ઉપર વિશ્વાસ ન કરવાવાળા બે દેવો વિજય અને વિજયંતે બ્રાહ્મણનો વેશ લઇને સનત્કુમારની દેહપ્રભાનું નિરીક્ષણ કરવાનો વિચાર કર્યો. તેઓ બ્રાહ્મણનો વેશ લઈ હસ્તિનાપુર આવ્યા. આ બ્રાહ્મણદેવોની વિશિષ્ટ તેજસ્વીતા જોઇને "આ કોઈ વિશિષ્ટ વ્યક્તિ છે" આવો વિચાર કરી પ્રતિહારીએ તેમનો ચક્રવર્તીના મહેલમાં પ્રવેશ કરાવ્યો અને ચક્રવર્તીની પાસે પહોચાડયા. રાજાની પાસે પહોંચીને એ દેવોએ તે સમયે રાજાને તેલનું મર્દન કરતાં જોયાં. ઇન્દ્રે ચક્રવર્તીના રૂપની જે પ્રશંસા કરેલ હતી તેથી પણ વધારે રૂપરાશીને જોઇને બન્ને દેવો વિસ્મય થયા. તેમને જોઈને ચક્રવર્તીએ પૂછ્યું, કહો! આપનું આગમન કયા કારણે થયું છે? બ્રાહ્મણ વેશધારી એ દેવોએ ચક્રવર્તીને કહ્યું, હે રાજન્! આપના સૌંદર્ય વિશે અમે સાંભળ્યું છે કે ત્રિભુવનમાં તે સર્વશ્રેષ્ઠ છે. જેથી તેને જોવાની ઇચ્છાથી અમે અહીંયા આવેલ છીએ. તેમના આ વચન સાંભળીને રૂપથી ગર્વિત થયેલ ચક્રવર્તીએ તેમને કહ્યું–બ્રાહ્મણો! આ સમય મારૂં શું રૂપ છે કે જેને આપ જોઈ રહ્યા છો? મારૂં રૂપ એ સમયે જોવું કે જે સમયે હું વિભૂષિત શરીરવાળો બનીને સભામંડપમાં જાઉં. ચક્રવર્તીનું વચન સાંભળીને '**एवमस्तु**' કહીને તે બન્ને બ્રાહ્મણ રાજનિર્દિષ્ટ સ્થાનમાં બોલાવવાની પ્રતીક્ષા કરતા જઇને બેસી ગયા. રાજાએ સવિધિ

સ્નાન કર્યું અને ત્યારપછી સઘળાં આભૂષણો પહેર્યાં. સંપૂર્ણપણે સુસજ્જીત બનીને પછીથી તે રાજસભામાં આવી સિંહાસન ઉપર બેસી ગયા. એ પછી તેણે પ્રતિહારને આવેલા તે બન્ને બ્રાહ્મણોને બોલાવી લાવવા જણાવ્યું. પ્રતિહારે બન્નેને બોલાવ્યા તેથી તેઓ સામે આવ્યા. અને સિંહાસન ઉપર બેઠેલા રાજાને તેમણે જોયા. જોતાંજ નાક અને મોઢું બગાડતાં તેમણે કહ્યું, અહો મનુષ્યનું રૂપ, લાવણ્ય અને યૌવન ક્ષણભરમાં જોતજોતામાં વિનિષ્ટ થઈ જાય છે. તેમના આ પ્રકારનાં ખેદખિન્ન રીતે કહેવામાં આવેલા વચનોને સાંભળીને ચક્રવર્તીએ તેમને કહ્યું, કહો શું વાત છે, શા માટે તમે લોકો મારા શરીરની આ પ્રકારે નિંદા કરી રહ્યા છો ? તેમણે ચક્રવર્તીના વચનોના પ્રત્યુત્તરમાં કહ્યું, રાજન્ ! દેવોનું રૂપ યૌવન અને લાવણ્ય પ્રથમ અવસ્થાથી લઈને ભઠ્ઠમડિનાની છેલ્લી ઘડીઓ પહેલાં એકસરખું રહે છે. તે યાવત્ જીવ હિયમાન નથી. પરંતુ આપનું આ શરીર એવું નથી. થોડા વખત ઉપર આપનું રૂપ લાવણ્ય વિશિષ્ટ પ્રકારનું હતું તેવું અત્યારે નથી. રાજાએ તેમની વાત સાંભળીને કહ્યુ, આ વાત કઇ રીતે તમે જાણી ? આનો ઉત્તર આપતાં તેમણે કહ્યું કે, થૂંકીને આપ એની પરીક્ષા કરો. રાજાએ એ પ્રમાણે કર્યું, થૂંકીને જોયું તો એમાં કૃમિ જીવાતો થોકબંધ જોવામાં આવી. બાદમાં કેયૂરાદિથી વિભૂષિત પોતાની બન્ને ભુજાઓને તેમ જ હાર આદિથી વિભૂષિત વક્ષઃસ્થળને વિવર્ણ જોઈને ચક્રવર્તીએ વિચાર કર્યો કે સંસારની કેવી અનિત્યતા છે ? શરીરની પણ અસારતા છે, મારૂં જે શરીર ત્રિભુવનમાં સુંદર હતું તે આટલા થોડા જ સમયમાં વિવર્ણ થયેલું દૃષ્ટિએ પડે છે. આથી આ સંસારમાં મનુષ્યની આસક્તિ જ અયુક્ત છે. શરીરના મોહનું કારણ અજ્ઞાનભાવ છે. રૂપ અને યૌવનનું અભિમાન કરવું એ મનુષ્યની મોટામાં મોટી નિર્બળતા છે. ભોગોનું આ સેવન એક પ્રકારનો ઉન્માદ છે. પરિગ્રહ ગ્રહની માફક ભયંકર દુઃખને આપનાર છે. આથી એ સંઘળાનો પરિત્યાગ કરીને પરલોકમાં હિતસાધક સંયમ જ સર્વ પ્રકારથી સેવન કરવા યોગ્ય છે. આવો વિચાર કરીને ચક્રવર્તીએ પોતાના ચંદ્રસેન નામના પુત્રનો રાજ્યગાદ્દી ઉપર અભિષેક કરીને પ્રવ્રજ્યા ધારણ કરવાની પ્રવૃત્તિ શરૂ કરી દીધી. આ વાત જ્યારે એ બ્રાહ્મણ વેશધારી દેવોએ જાણી તો તેઓ ચક્રવર્તીની પ્રશંસા કરતા કહેવા લાગ્યા કે, ધન્ય છે આપને કે, આપે આપના પૂર્વજોના પગલાનું અનુકરણ કર્યું છે. ભરત ચક્રવર્તીએ પણ આજ પ્રમાણે કરેલ હતું. આ પ્રકારની પ્રશંસા કરીને તે દેવ ચાલ્યા ગયા. પછીથી ચક્રવર્તીએ સઘળા પરિગ્રહનો પરિત્યાગ કરીને વિજયધર આચાર્યની પાસે દીક્ષા ધારણ કરી લીધી. મુનિ દીક્ષાથી યુક્ત થયેલા ચક્રવર્તીની પાછળ સ્ત્રીરત્ન આદિ ચૌદ રત્ન, સઘળો સ્ત્રીસમાજ, સઘળા સામંતવર્ગ,

સૈન્યવૃંદ, નવનિધિ અને વિદ્યાધર રાજા વગેરે છ મહિના સુધી ફરતા રહ્યા. પરંતુ તેણે એમની તરફ આંખ ઉઠાવીને પણ જોયું નહીં.

પ્રથમ ષષ્ઠભક્ત કરીને જ્યારે તે પારણા માટે કોઇ ગૃહસ્થને ત્યાં ગયા ત્યારે ત્યાં તેમણે અજાતકૂ-બકરીની છાસથી પારણું કર્યું. આ પ્રમાણે તેઓ ષષ્ઠભક્ત કરતા રહ્યા અને પારણું અન્તપ્રાન્ત નિરસ આહારથી કરતા રહ્યા. આ પ્રકારના અન્ત-પ્રાન્ત નિરસ આહારના કારણે એમના શરીરમાં જીર્ણજ્વર, કાસ, શ્વાસ, સ્વરભંગ, અક્ષિપિડા અને ઉદરવ્યથા એવા અનેક રોગો ઉત્પન્ન થયા. આ સઘળા રોગોને ચક્ર-વર્તીએ સાતસો (૭૦૦) વર્ષ સુધી સહન કર્યા. તપસ્યાની આરાધનામાં કયાંય કશી પણ ત્રુટી આવવા ન દીધી અને દિનપ્રતિદિન મક્કમતાપૂર્વક તપસ્યાની આરાધના કરવામાં પોતાની જાતને આગેડી બનાવી. આથી તેમને આમર્શૌષધિ, શ્લેષ્મૌષધિ, વિપ્રુડૌષધિ, જલ્લૌષધિ, સર્વૌષધિ ઇત્યાદિ અનેક પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત થઇ. લબ્ધિઓ પ્રાપ્ત થવા છતાં પણ ચક્રવર્તીએ પોતાના શરીરમાંના કોઈ પણ રોગનો પ્રતિકાર ન કર્યો.

એક સમય સુધર્માસભામાં સઘળાની સામે સૌધર્મેન્દ્રે સનત્કુમાર ઋષિની પ્રશંસા કરીને એવું કહ્યું કે, હે દેવો ! જુઓ સનત્કુમાર મુનિની ધીરતા કે જેઓ પોતે વ્યાધિઓને દૂર કરવાની શક્તિવાળા હોવા છતાં પણ વ્યાધિઓને દૂર કરવાની ઇચ્છા પણ કરતા નથી. ઇન્દ્રના આ પ્રશંસા ભરેલાં વચનો સાંભળીને પહેલાના એ બે દેવોને તેમની વાત ઉપર વિશ્વાસ ન બેઠો. આથી તેઓ સનત્કુમાર મુનિના ધૈર્યની પરીક્ષા કરવા નિમિત્ત વૈદ્યનો વેશ લઇને તેમની પાસે આવ્યા અને કહેવા લાગ્યા કે, હે ઋષિ ! આપનું શરીર અનેક વ્યાધિઓથી આ સમયે વ્યાકુળ જણાય છે. અમો વૈદ્ય હોવાથી ઇચ્છીએ છીએ કે, આપનાં દર્દોનો ઇલાજ કરીએ, તો કૃપા કરી આપ જલ્દીથી આજ્ઞા આપો. આ પ્રકારે જ્યારે બન્ને દેવોએ કહ્યું તો સનત્કુમાર ઋષિએ તેમની વાતનો કાંઈ પણ ઉત્તર આપ્યો નહીં, પરંતુ મૌનનું અવલંબન કરીને સ્થિત રહ્યા. મૌન બનેલા મુનિને જાણીને ફરીથી એજ વાત દેવોએ કહી, પરંતુ ઋષિએ બીજી વખત કહેવાયેલી વાતનો પણ કોઇ પ્રત્યુત્તર આપ્યો નહી. જ્યારે દેવોએ ત્રીજી વખત તેવું જ કહ્યું ત્યારે ઋષિએ કહ્યું–હે વૈદ્યો ! મને પહેલાં આપ એ બતાવો કે, આપ શારીરિક વ્યાધિને દૂર કરવામાં શક્તિશાળી છો કે કર્મવ્યાધિને દૂર કરવામાં ? ઋષિની વાતને સાંભળીને વૈદ્ય વેશધારી દેવોએ કહ્યું, મહારાજ ! અમે લોકો તો શારીરિક વ્યાધિને જ દૂર કરવા શક્તિશાળી છીએ, કર્મવ્યાધિને નહીં. તેમની આવી વાત સાંભળીને ઋષિએ પોતાના મુખમાંથી થૂંક કાઢીને તેને પોતાની એક આંગળી ઉપર લગાડયું. થૂંકને આંગળી ઉપર લગાડતાંજ તે રોગથી પિડાતું સઘળું શરીર સુવર્ણમય થઇ ગયું અને સઘળા રોગ મટી ગયા. મુનિરાજનો આ પ્રકારનો પ્રભાવ જ્યારે દેવોએ જોયો તો તેમની સહનશક્તિથી તેઓ ઘણા જ ખુશી થયા, અને ઇન્દ્રના વચનો ઉપર વિશ્વાસ કરીને અને મુનિ-

રાજને નમન કરી પોતાને સ્થાને ચાલ્યા ગયા. સનત્કુમાર ઋષિએ કુમારકાળમાં પચાસ હજાર (૫૦૦૦૦) વર્ષ, માંડલીકપદમાં પણ પચાસ હજાર (૫૦૦૦૦) વર્ષ તથા ચક્રવર્તીપદનાં એક લાખ (૧૦૦૦૦૦) વર્ષ અને મુનિપદમાં પણ એક લાખ (૧૦૦૦૦૦) વર્ષ કાઢયાં. આ પ્રકારે તેમની સંપૂર્ણ આયુષ્ય ત્રણ લાખ (૩૦૦૦૦૦) વર્ષનું હતું. એ સઘળા આયુનો આ પ્રકારે ભોગ કરીને પછીથી તેઓ દ્વિર્ઘતર કાળને સિદ્ધપદને ભોગવનાર બનશે. કેમ કે, અહીંથી ત્રીજા દેવલોકમાં જઈને ત્યાંથી મહાવિદેહમાં જન્મ લઈને મોક્ષમાં જશે. સ્થાનાકાંગસૂત્રમાં પણ આજ વાત કહેલ છે-

"आहावरा तच्चा, अंतकिरिया महाकम्म पच्चाया एयावि भवइ। से णं मुंडे भवित्ता अगाराओ जाव पव्वइए। जहा दोच्चाए वर दीहेणं परियाएणं सिज्झइ जाव सव्व दुःखाणमंतं करेइ। जहा से सणंकुमारे राया चाउरंत चक्कवट्टी। तच्चा अंतकिरिया"।

॥ સનત્કુમાર ચક્રવર્તીની કથા સમાપ્ત ॥

शांतिनाथ की कथा

तथा—"चइत्ता" इत्यादि.

अन्वयार्थ—**महड्ढिओ–महर्द्धिकः** ચૌદરત્ન અને નવવિધિ આદિ રિદ્ધિઓથી યુક્ત **चक्कवट्टी–चक्रवर्ती** પાંચમા ચક્રવર્તી **लोए संतिकरे–लोके शान्तिकरः** તથા ત્રિભુવનમાં શાંતિના કરતા એવા **संति–शान्तिः** શાંતિનાથ પ્રભુએ પણ કે જેઓ સોળમા તીર્થંકર થયા છે. તેમણે **भारहं वासं–भारतं वर्षम्** ષટ્‌ખંડની રિદ્ધિનો **चइत्ता–त्यक्त्वा** પરિત્યાગ કરીને **अणुत्तरं गइं पत्तो–अनुत्तरां गतिं प्राप्तः** સર્વોત્કૃષ્ટ સિદ્ધિરૂપ ગતિને પ્રાપ્ત કરેલ છે.

શ્રી શાંતિનાથ પ્રભુની કથા આ પ્રકારની છે—

આ જમ્બૂદ્વિપની અંદર પૂર્વ મહાવિદેહમાં પુષ્કલાવતી વિજય છે. એમાં મહા-રિદ્ધિસંપન્ન પુંડરીક નામનું એક નગર હતું. એના શાસક અદ્‌ભૂત પરાક્રમશાળી એવા ઘનરથ નામના રાજા હતા. જેમને બે રાણીઓ હતી. એકનું નામ પ્રીતિમતી અને બીજીનું નામ મનોરમા હતું. એક સમય પ્રીતિમતી રાણીની કૂંખેથી ગ્રૈવેયક ચ્યવીને વજ્રાયુધના જીવે અવતાર લીધો. આ સમયે રાણીએ સ્વપ્નામાં પોતાના મોઢામાં ગર્જતા મેઘને પ્રવેશ કરતાં જોયો કે જે એ સમયે અમૃતની ઝડીથી વરસી રહેલ હતો. રાણીએ સવારના ઉઠીને રાત્રિના સ્વપ્નાની હકીકત રાજાને સંભળાવી. રાજાએ તેનો ઉત્તર આ પ્રમાણે આપતાં કહ્યું કે, હે દેવી! મેઘની માફક સંતાપને દૂર કરનાર એવો પુત્ર તમારી કૂખેથી અવતરશે. આ સમયે મનોરમાએ પણ સ્વપ્નામાં એક મનોરમ એવો રથ જોયો. તેણે પણ પોતાના સ્વપ્નની વાત રાજાને કહી.

તેના ઉત્તરમાં પણ રાજાએ આ પ્રમાણે કહ્યું કે તમારી કૂખેથી અવતરનાર પુત્ર એક જબ્બર મહારથી થશે. આ સ્વપ્ન મનોરમાએ એવા સમયે જોયેલ હતું કે તેના ગર્ભમાં ગ્રૈવેયકથી ચ્યવીને સહસ્રાયુદ્ધના. જીવનો સંચાર થયો હતો. ગર્ભનો સમય બન્ને રાણીઓને પૂરો થયો ત્યારે બન્નેને નયનને આનંદ પમાડે તેવા શુભ લક્ષણોના ધારક પુત્રોનો જન્મ થયો. પ્રીતિમતીના પુત્રનું નામ મેઘરથ અને મનોરમાના પુત્રનું નામ વજ્રરથ રાખવામાં આવ્યું. ક્રમે ક્રમે વધીને જ્યારે એ બન્ને યુવાવસ્થાએ પહોંચ્યા ત્યારે ઘનરથે તે બન્નેના લગ્ન રાજકન્યાઓની સાથે કરાવ્યાં. બન્ને પુત્રો કામભોગોને ભોગવતા રહીને પોતાનો સમય આનંદમાં વ્યતીત કરવા લાગ્યા.

એક સમયની વાત છે કે રાજા ઘનરથને લોકાન્તિક દેવોએ આવીને પ્રતિબોધિક કર્યા ત્યારે તેણે નિર્નિદાન, વાર્ષિકદાન, દીન અનાથ અને સાધર્મિક જનોને દઈને રાજપદના અધિકારપદે મોટા પુત્ર મેઘરથને સ્થાપી તેમજ વજ્રરથને યુવરાજપદ આપી દીક્ષા અંગીકાર કરી. દીક્ષા ગ્રહણ કર્યા પછી તેમણે ખૂબ તપ કર્યું અને ઘાતીયા કર્મોનો વિનાશ કરી કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું અને અર્હંત કેવલી બની ગયા. આ પછી ભગવાન ઘનરથે ભવ્ય જીવોને પ્રતિબોધિત કરવા માટે ભૂમંડળ ઉપર વિહાર કરવાનો પ્રારંભ કર્યો. આ બાજુ મેઘરથે પણ ઈન્દ્રની માફક સઘળા વસુધામંડળનું શાસન કરવાનો પ્રારંભ કર્યો.

એક સમયની વાત છે કે જ્યારે મેઘરથ સિંહાસન ઉપર બેઠેલા હતા ત્યારે ભયથી કંપી રહેલું એક કબૂતર તેમના ખોળામાં આવી પડયું. આથી રાજાને ઘણું જ આશ્ચર્ય થયું. રાજાને આશ્ચર્યચકિત જાણીને ખોળામાં પડેલા એ કબૂતરે વાણી દ્વારા એવું કહ્યું કે હે રાજન્! હું મારી રક્ષાની યાચના માટે જ આપના શરણે આવેલ છું. આથી આપનું કર્તવ્ય છે કે આપ મારી રક્ષા કરો. કબૂતરની આ પ્રકારની વાણી સાંભળીને રાજાએ તેને ધીરજ આપતાં કહ્યું કે, હે કબૂતર! તું ગભરા નહીં. નિર્ભય થઈને મારા ખોળામાં બેસી રહે. અહીં તને કોઈ પ્રકારનો ભય નથી. આ પ્રકારનું રાજાનું અભયવચન સાંભળીને તે કબૂતર ત્યાં સુખપૂર્વક શાંત બન્યું. સાપની પાછળ જેમ ગરૂડ ફરે છે એજ પ્રમાણે કબૂતરની પાછળ પડેલ શિકારી આ સ્થળે આવી પહોંચ્યો અને ઉચ્ચ સ્વરથી રાજાને ઉદ્દેશીને કહેવા લાગ્યું કે હે રાજન્! આ કબૂતર મારો ભક્ષ છે, આથી આપ તેને છોડી દો. શકરાની વાત સાંભળીને મેઘરથ રાજાએ કહ્યું કે, હે શિકારી! મારા શરણે આવેલા આ કબૂતરને હું છોડી શકું નહીં. કેમકે ક્ષત્રિયોની એ પ્રકૃતિની ટેવ હોય છે કે તેઓ પોતાનો પ્રાણ આપીને પણ શરણાગત પ્રાણીની રક્ષા કરે છે, તથા હે શિકારી તારા જેવા વિવેકી જનને માટે બીજાના પ્રાણનો નાશ કરીને પોતાના પ્રાણનું રક્ષણ કરવું એ વ્યાજબી નથી. તને જેમ તારો પ્રાણ પ્રિય છે એવી જ રીતે બીજા પ્રાણીઓને પણ પોતાનો પ્રાણ પ્રિય હોય છે. આથી તારે વિચારવું જોઇએ કે તું તારા પ્રાણની જે રીતે રક્ષા કરે છે એજ રીતે બીજાઓના પ્રાણોનો પણ રક્ષક

બન. બીજી એક વાત એ પણ છે કે તને તો આ કબૂતરને ખાઈ જવાથી એક ક્ષણ પૂરતી તૃપ્તિ થશે. પરંતુ આ બિચારાના પ્રાણનો તો નાશ જ થઇ જવાનો. સંસારમાં ભૂખની તૃપ્તિ માટે પદાર્થોનો તોટો નથી. દ્રાક્ષ, ખજૂર આદિ સારા સારા પદાર્થો પુરતા પ્રમાણમાં છે અને તેને ખાઇને તું જ્યારે તારી ભૂખને સંતોષી શકે તેમ છે તો પછી શા માટે નકામો આ તુચ્છ પેટને ભરવા માટે નરક નિગોદાદિકને આપનાર એવી ઘોર પ્રાણીહિંસા કરે છે ? હે દેવાનુપ્રિય ! મારૂં તો તને એ કહેવાનું છે કે, તું આ હિંસાનો પરિત્યાગ કરી અહિંસારૂપ ધર્મનો આશ્રય લે કે જેના પ્રભાવથી તું આલોકમાં તેમ જ પરલોકમાં ઉત્તમ સુખોનો ભોક્તા બની શકે. રાજાનું આ પ્રકારનું વચન સાંભળીને શકરાએ કહ્યું કે, હે રાજન્ ! આ કબૂતર મારાથી ભયભીત થઇને આપની શરણમાં આવેલ છે અને હું આ સમયે ભૂખથી પિડાઇ રહ્યો છું તો કહો ! અત્યારે હું કોનો આશ્રય લઉં ? હે રાજા ! તમો જે રીતે આ કબૂતરનું રક્ષણ કરવાનું ચાહી રહ્યા છો તો એજ રીતે આપ મારી પણ શરણાગત જાણીને રક્ષા કરો ! મનુષ્ય જ્યારે સ્વસ્થ હોય છે ત્યારે તેને ધર્મ અધર્મના વિચાર આવી શકે છે. ભૂખથી પિડાતો મનુષ્ય સઘળી વાતો ભૂલી જાય છે. આથી આ અવસ્થામાં પ્રાણીથી જે પાપ ન થાય તેટલું ઓછું છે આપ પણ આ વાતને જાણોજ છો. આથી હે રાજેન્દ્ર ! આપ એ વાત નિશ્ચિત માનો કે, બીજી કોઇ પણ વસ્તુથી મારી ક્ષુધાની તૃપ્તિ થવાની નથી. કેમકે, હું પ્રાણીના તાજા માંસને ખાવાના સ્વભાવવાળો છું. આ કારણે આપ આટલા દયાળુ છો તો ક્ષુધાથી વ્યાકુળ બનેલા મારા આ ભક્ષને મને સોંપી દેવાની કૃપા કરો. જો આપ આ પ્રમાણે કરવા ન ઇચ્છતા હો તો તેના વજન જેટલું માંસ આપ આપના દેહથી મને કાઢી આપો. આ પ્રકારનું શકરાનું વચન સાંભળીને તને રાજાએ કહ્યું, તમે ભૂખથી મરી ન જાવ આ માટે હું આ કબૂતરના વજન જેટલું માંસ મારા શરીરમાંથી તમને આપું છું. આ રીતે પોતાના શરીરને કાપીને કબૂતરના વજન જેટલું માંસ આપવા તત્પર બનેલા રાજાને મંત્રી અદિકાએ કહ્યું, દેવ ! આપ આ શું કરી રહ્યા છો ? વિચારો તો ખરા ! આપના આ શરીરથી સઘળી પૃથ્વીનું પાલનપોષણ થઈ રહેલ છે. માટે આપે આપના શરીરને આવા તુચ્છ પક્ષિના કારણે નષ્ટ કરવું એ ઉચિત નથી. મંત્રીજનોનાં આ પ્રકારના વચનોને સાંભળીને રાજાએ તેમને ધર્મનું મહાત્મ્ય સમજાવ્યું, સમજાવીને એવુ કહ્યું કે, પોતાના ધર્મ ન માટે સ્વેચ્છાએ કરવામા આવેલો પ્રાણનો પરિત્યાગ પણ કલ્યાણકારકજ મનાયેલ છે. આ પ્રકારે કહીને રાજાએ ત્રાજવામાં એક તરફ એ કબૂતરને રાખ્યું અને સામા ત્રાજવાસાં પોતાના શરીરમાંનું માંસ કાપી કાપીને રાખવા માંડયું. શરીરથી કાપી કાપીને જેમ જેમ માંસ ત્રાજવામાં મૂકાતું ગયું તેમ તેમ તે કબૂતરનું વજન પણ વધવા માંડયું. છેવટે રાજાએ પોતાના શરીરને ત્રાજવામાં રાખી દીધું. રાજાનું સઘળું શરીર ત્રાજવામાં મુકાઈ જવા છતાં પણ કબૂતરની ભારોભાર

વજન ન થયું. આ પ્રમાણેની પરિસ્થિતિ જોતાં રાજાને ઘણું જ આશ્ચર્ય થયું અને વિચારવા લાગ્યા કે, મને ધિક્કાર છે કે, મારું આ શરીર ઘણું જ ઓછા વજનનું નિકળ્યું. જો મારું આ શરીર વધારે વજનદાર હોત તો આ બિચારા દીન કબૂતરની રક્ષા કરવામાં હું સમર્થ થઈ શકત. હવે શું કરું ? કઈ રીતે આ કબૂતરની રક્ષા કરું. ? આ પ્રકારની કરૂણાથી આર્દ્ર બનેલા ચિત્તથી વિચાર કરતા રાજાના મનોગત ભાવોને કબૂતર અને શકરાના વેશવાળા એ બન્ને દેવોએ પોતપોતાના અવધી જ્ઞાનથી જાણીને પોતાનું અસલી સ્વરૂપ પ્રગટ કરી દીધું. આ સમયે તેઓ દિવ્ય ઋધિથી સંપન્ન બની ગયા અને દિવ્ય કાંતિદ્વારા દશે દિશાઓને પ્રકાશિત કરવા લાગ્યા અને તેઓએ રાજાના કપાયેલા અવયવોને યોગ્ય સ્થળે ગોઠવીને તથા તેના શરીરમાં દિવ્ય વર્ણ દિવ્યરૂપ દિવ્યલાવણ્ય, પ્રગટ કરીને, રાજાને દિવ્ય સિંહાસન ઉપર બેસાડી તેના ચરણોમાં નમી પડયા તથા હાથ જોડીને રાજાને કહેવા લાગ્યા રાજન્ ! "મેઘરથ રાજાને ધર્મથી વિચલિત કરવામાં દેવ પણ સમર્થ નથી" આ પ્રકારના સૌધર્મેન્દ્રના વચનને સાંભળીને અમોને તે વાત ઉપર શ્રદ્ધા ન થવાથી અમોએ વેશ પરિવર્તન કરીને આપની પરીક્ષા કરી. આપ વાસ્તવમાં જેવું સૌધર્મેન્દ્ર તરફથી આપના વિષયમાં કહેવામાં આવેલ હતું તેનાથી પણ વધુ પ્રમાણમાં આપની દૃઢત્તા પ્રતીતિ થયેલ છે. આ પરીક્ષામાં અમારા તરફથી જે કાંઈ વિરૂદ્ધ આચરણ થવા પામેલ હોય તો તેની આપની પાસે ક્ષમા માગીએ છીએ. અને આશા છે કે, આપ અમારા આ અપરાધની ક્ષમા આપશો. સૌધર્મેન્દ્રે આપનો ધાર્મિક અનુરાગ જે સ્વરૂપથી કહેલ છે તે રૂપથી વધુ પ્રમાણમાં ધાર્મિક અનુરાગ અમોએ આપનામાં જોયેલ છે. ધન્ય છે આપના આ પ્રખર ધર્માનુરાગને ! આપે આપના જન્મને ખરેખર રીતે આ ભૂમિમાં સફળ બનાવેલ છે. આ પ્રકારે રાજાની વારંવાર સ્તુતિ કરીને એ બન્ને દેવો પોતાના સ્થાન ઉપર ચાલ્યા ગયા. આ પ્રકારની કરૂણારસની વર્ષાથી રાજાએ તીર્થંકર નામ ગોત્રનું ઉપાર્જન કર્યું. ધર્મ ધ્યાનથી પોતાના સમયનો સદૂઉપયોગ કરવાવાળા આ રાજાએ ન્યાયમાર્ગથી પૃથ્વીનું પાલન કરીને જીવનનો કેટલોકકાળ આનંદમાં વીતાવ્યો.

એક સમયની વાત છે કે નગરના ઉદ્યાનમાં ભગવાન ઘનરથનું આગમન થયું રાજાને જ્યારે આ સમાચાર મળ્યા ત્યારે તેઓ પોતાના નાનાભાઈ વજ્રરથની સાથે તેમને વંદના કરવા માટે ઉદ્યાનમા પહોચ્યા. પ્રભુની વૈરાગ્યવાળી ધાર્મિક દેશનાને શ્રવણ કરીને રાજાને સાંસારીક કાર્યોથી વૈરાગ્ય જાગૃત બન્યો. રાજભવનમાં પાછા ફર્યા પછી તેણે પોતાના નાનાભાઇ વજ્રરથને કહ્યું કે, આયુષ્યમન ! હવે તમે આ રાજ્યનું સંચાલન કરો, હું દીક્ષા ગ્રહણ કરવા ચાહું છું. પોતાના મોટાભાઈના આ પ્રકારનાં વચનોને સાંભળીને નાનાભાઇએ તેને કહ્યું કે, આર્ય ! હું પણ આપના જ માર્ગનું અનુસરણ કરવા ઇચ્છું છું. મને આ રાજ્યની જરા પણ ઇચ્છા નથી. નાનાભાઈનો આ પ્રકારનો મનોભાવ જાણી લીધા પછી રાજા મેઘરથે પોતાના ચંદ્રશેખર નામના પુત્રને રાજયાસને બેસાડીને નાનાભાઈની સાથે

પોતાના સાતસો પુત્ર, અને બીજા ચાર હજાર રાજાઓની સાથે ભગવાન ધનરથની પાસેથી દીક્ષા અંગીકાર કરી. આ પછી દ્વાદશાંગનું અધ્યયન કરીને પોતાની શિષ્ય મંડળી સાથે ભૂમંડળમાં વિહાર કરવા લાગ્યા.

મેઘરથ મુનિએ **વિંશતિ** સ્થાનોની ફરી ફરી આરાધના કરી. આ પ્રમાણે સ્થાનિકવાસિત્વની સમારાધના કરીને સાધુ સિંહ મેઘરથ મુનિએ ઉગ્ર **સિંહ નિષ્ક્રીડીત** તપ પૂર્વલક્ષ સુધી આચર્યું. આ પ્રમાણે સંયમની પાલના તેમજ અનશનનું આચરણ કરતાં કરતાં તેમણે અંતિમ સમયે કાળ કરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ પર્યાયને પ્રાપ્ત કરી. મેઘરથ મુનિરાજના અન્ય બંધુજન પણ કેટલાક કાળનું અનશન કરીને કાળ કરીને સર્વાર્થસિદ્ધમાં દેવ થયા.

આ ભરતક્ષેત્રમાં સઘળા પ્રકારની વિભૂતિઓથી સમન્વિત હસ્તિનાપુર નામનું નગર કે જે, ઇન્દ્રપુરી સમાન હતું. અલકામાં કુબેરની જેમ આ નગરના વિશ્વસેન નામના રાજા હતા. શીલરૂપી અલંકારોથી વિભૂષિત અને સઘળાગુણોની ખાણ સમાન અચિરા નામની રાજની પટ્ટરાણી હતી. આ રાણી સદોરકમુખવસ્ત્રિકા મોઢા ઉપર બાંધીને ત્રિકાળ સામાયિક કરતી હતી. તથા બન્ને કાળ પ્રતિક્રમણ પણ કરતી હતી. અભયદાન અને સુપાત્રદાન આપતી હતી, સાધર્મી બંધુજનોનું પોષણ, દીન, હીન, અનાથ વ્યક્તિઓનું સંરક્ષણ અને કોઈના તરફથી પીડીત કરાયેલા પ્રાણીનું ભરણપોષણ કરવું એ પણ રાણીનું દૈનિક કાર્ય હતું. ધર્મની પ્રભાવના તો એનાથી કદાં પણ છૂટતી ન હતી. એ ખૂબજ ધર્મપરાયણ હતી.

એક સમયની વાત છે કે, રાણી રાત્રીના સમયે પોતાના શયનભવનમાં કુલ આચ્છાદિત મૃદુ શય્યા ઉપર સુતેલ હતી એ સમયે તેના ઉદરના ગર્ભમાં સર્વાર્થસિદ્ધથી ચ્યવીને મેઘરથના જીવે પ્રવેશ કર્યો. આ સમયે રાણીને એક પછી એક એમ ચૌદ મહાસ્વપ્નો આવ્યાં. સવારે આ સ્વપ્નની વાત તેણે રાજાને કરી. રાજાએ એ સ્વપ્નાઓનું ફળસ્વરૂપ બતાવતાં કહ્યું કે, હે દેવી! તમારા ગર્ભમાં કાંતો કોઈ સર્વજ્ઞે પ્રવેશ કરેલ છે, અથવા તો કોઇ સાર્વભૌમ–સર્વભુમિના અધિપતિ ચક્રવર્તીએ પ્રવેશ કરેલ છે, આથી રાણીને ખૂબજ હર્ષ થયો. આ તરફ જેમ જેમ ગર્ભ પુષ્ટ થઇ રહેલ હતો તેમ તેમ રાજ્યમાં શાંતિનું સામ્રાજ્ય સ્થાપવા લાગ્યું, મહામારી આદિ રોગો પણ શાન્ત થઇ ગયા. કુરૂદેશમાં સર્વજ્ઞના પ્રભાવના કારણે રોગાદિકની શાંતિ થવાની સાથે સાથે સારાં માંગલિક કાર્યો ઉત્સાહભેર થવા લાગ્યાઃ ક્રમશ; વધતાં વધતાં પુરા નવ મહિના વીતી ચૂકયા ત્યારે રાણીએ પુત્રને જન્મ આપ્યો કે જે પૂર્ણ ચંદ્રમાની કાંતિથી શોભિત જણાતો હતો. ઉજ્જવળ વર્ણવાળા અને મનમોહક કાંતિવાળા પુત્રનો જન્મ થયાના અવસર મળતાં જ લોકોમાં પણ વિશિષ્ટ એવા આનંદની લહેર ઉઠી. ચારે તરફ પ્રકાશ જ પ્રકાશ દેખાવા લાગ્યો. નારકિઓને પણ શાંતિ વળી. આ બધું જ્યારે જ્યારે પ્રભુનો

જન્મ થાય છે ત્યારે બને છે. પોતપોતાના આસનો કંપિત થવાથી છપ્પન દિકકુમારીઓ જીનેશ્વર ભગવાનનો જન્મ સમય જાણીને ઉતાવળી ગતીથી પ્રસૂતિ કર્મ કરવામાં દોડી ગઇ. ઇન્દ્રે પણ પોતાના આસનના કંપવાથી અવધિજ્ઞાન દ્વારા જાણ્યું કે પ્રભુનો જન્મ થઈ રહ્યો છે એમ જાણીને અષ્ટાન્હિક મહોત્સવ બધા દેવોની સાથે મળીને કર્યો. આ બાજુ વિશ્વસેન રાજાએ પણ સંતુષ્ટ થઈને દાસદાસી આદિકોને સારૂં એવું દાન આપ્યું. અને પુત્રજન્મની ખુશાલીમાં અનેક રીતે મહોત્સવો ઉજવ્યા. પુત્રનું નામ શાંતિનાથ રાખવામાં આવ્યું. પ્રભુનું નામ શાંતિનાથ રાખવાનું કારણ એજ કે પ્રભુના જન્મ પહેલા રાજ્યમાં મહામારી–મરકી વગેરે ત્રાસજન્ય જીવલેણ રોગચાળો ચાલતો હતો. પરંતુ પ્રભુનું ગર્ભમાં આગમન થતાં વ્યાપેલા રોગ શોક શાંત થયા. આ કારણે જ પ્રભુનું નામ શાંતિનાથ રાખવામાં આવ્યું. ભગવાન શાંતિનાથ તેમના અંગુઠામાં ઇંદ્રે મૂકેલા અમૃતનું પાન કરીને શુકલપક્ષના ચંદ્રમાની માફક વધવા–મોટા થવા લાગ્યા તેમનું રૂપ અને તેજની શ્રી ન વર્ણવી શકાય તેવાં અનુપમ હતાં. માતાપિતા જગતના માણસોમાં અજોડ એવા મનોહર તથા નયન અભિરામ એવા પુત્ર શાંન્તિનાથને જોઇને નિરૂપમ અનુભવ કરતા હતા. જંગમ કલ્પવૃક્ષ પ્રમાણે બાળ પ્રભુ જ્યારે રાજભવનના આંગણામાં પા પગલી કરતા ચાલતા થયા ત્યારે ભારે મનોહર લાગતા હતા. બાળકનાં રૂપ બનાવીને આવેલ દેવોની સાથે પ્રભુ હલતી ચોટલીવાળા બનીને બાળ ઉચિત વિવિધ ક્રીડાઓ પણ કરતા હતા. આ પ્રકારથી સુખપૂર્વક ક્રમે ક્રમે વૃદ્ધિ પામતાં પ્રભુ યુવાવસ્થામાં આવ્યા. ભગવાનના શરીરની ઉંચાઇ આ સમયે ચાલીસ ધનુષની હતી. પ્રભુએ પોતાના સદાચારોથી સઘળાનું મન જીતી લીધું હતું. પિતાએ શાંતિનાથનો વિવાહ યશોમતી આદિ રાજકન્યાઓ સાથે કર્યો. આ પ્રકારે ભગવાનના જન્મથી માંડીને યુવાવસ્થા સુધી જીવનનાં પચીસ હજાર (૨૫૦૦૦) વર્ષ વ્યતીત થયાં. માતાપિતાએ એમને રાજ્યગાદિ ઉપર સ્થાપિત કરીને પોતાના જીવનને સફળ કરવા માટે દીક્ષા અંગીકાર કરી અને એ રીતે તેમણે પોતાના જન્મને સફળ બનાવ્યો.

શાંતિનાથ પ્રભુ પણ આ તરફ પ્રજાનું પોતાના પુત્રોની માફક પાલન કરવા લાગ્યા. એક સમયની વાત છે કે, ભગવાનના પૂર્વજન્મનો નાનો ભાઈ કે જે વજ્રરથ હતો અને જે સર્વાર્થસિદ્ધ વિમાનમાં વર્તમાન દેવ પર્યાયથી રહેલ હતો તે ત્યાંથી ચ્યવીને તે એમની ધર્મપત્ની યશોમતિના ગર્ભમાં આવ્યો. આ સમયે યશોમતીએ સ્વપ્નમાં ચક્ર જોયું. એ સ્વપ્નની હકીકત તેણે પોતાના પતિ શાંતિનાથને કહી. ઉત્તરમાં પ્રભુએ કહ્યું કે, દેવી ! વિશ્વના મન્ડનસ્વરૂપ પુત્રનો તમારી કૂખે જન્મ થશે. સ્વપ્નનું આ પ્રમાણે ફળ સાંભળીને યશોમતી ઘણી પ્રસન્ન થઈ અને તે પોતાના ગર્ભનું શાંતિ અને આનંદની સાથે પાલન કરવામાં સાવધાન બની ગઈ. ગર્ભનો સમય જ્યારે પુરો થયો ત્યારે સુલક્ષણોથી સંપન્ન એવા પુત્રને જન્મ આપ્યો. શાંતિતાથ પ્રભુએ પુત્રનું નામ દેખાયેલા સ્વપ્ન અનુસાર

ચક્રાયુધ રાખ્યું. ક્રમશઃ વૃદ્ધિને પામતાં ચક્રાયુધ જ્યારે યૌવન અવસ્થાએ પહોંચ્યા ત્યારે સ્વયંવરવિધિ અનુસાર તેણે અનેક રાજકુમારીઓની સાથે વિવાહ કર્યો.

આ પ્રમાણે પુત્રાદિકોથી યુકત પચીસહજાર (૨૫૦૦૦) વર્ષ સુખપૂર્વક રહેતાં રહેતાં વ્યતીત થઈ ગયાં. ત્યારે ભગવાન શાંતિનાથના શસ્ત્રાગારમાં ચક્રરત્નની ઉત્પત્તિ થઇ તેના બળ ઉપર તેઓએ છ ખંડ ભરતક્ષેત્રમાં વિજય પ્રાપ્ત કર્યો. અને તેમાં પોતાનું એકછત્ર રાજ્ય સ્થાપિત કર્યું. પછીથી તે શાંતિનાથ ચક્રવર્તી કે જેના ચરણોની સેવામાં બત્રીસ હજાર મુગટધારી રાજા હાજર રહેતા હતા તેમજ તેઓનો બહારનો શત્રુસંઘ શાંત બની ચૂકેલ હતો. વિજય પ્રાપ્ત કરીને તેઓ હસ્તિનાપુર પાછા ફર્યા. આ પછી દેવ અને રાજવીગણોએ મળીને તેમનો દ્વાદશ વર્ષીય ચક્રવર્તી પદ ઉપર અભિષિકત થવાનો મહાન ઉત્સવ કર્યો ચક્રવર્તીની અનુપમ વિભૂતિને ભોગવતાં તેમનાં પચીસ હજાર વર્ષ વ્યતીત થયાં. પછીથી "તીર્થની આપ પ્રવૃત્તિ કરો' 'આ પ્રમાણે લોકાન્તિક દેવોએ જ્યારે તેમને કહ્યું ત્યારે તેઓએ નિર્દિદાન, વાર્ષિકદાન દીન, અનાથ અને સાધર્મીકજનોને આપ્યું. અને રાજ્યગાદીએ ચક્રાયુધ ને સ્થાપિત કર્યો અને સર્વાર્થા નામની પાલખીમાં બેસીને તેમણે સહસ્રઆમ્રવન નામના ઉદ્યાનમાં જઈને એ પાલખીમાંથી ઉતર્યા. આ સમયે તેમનો નિષ્ક્રમણ મહોત્સવ સુરેન્દ્ર અસુરેન્દ્ર અરે નરેન્દ્રોએ ઘણા ઠાઠ માઠથી કર્યો પ્રભુએ જ્યારે દીક્ષા ધારણ કરી તેમની સાથે એક હજાર બીજા રાજાઓએ પણ દીક્ષા ધારણ કરી. દીક્ષા ધારણ કરતાં જ ભગવાન શાંતિનાથને ચોથું મનઃપર્યય નામનું જ્ઞાન પ્રાપ્ત થયું. એમ તો ભગવાનને ગર્ભમાં આવવાથી માંડીને જ્યાં સુધી તેઓ દીક્ષિત નહોતા થયા ત્યાં સુધી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન હોય જ છે. પરંતુ જ્યારે તેઓ દીક્ષા ધારણ કરે છે ત્યારે તે સમયે તેમને ચોથું મનઃપર્યય જ્ઞાન પણ પ્રાપ્ત થાય છે. આ પ્રકારે શાંતિનાથ ભગવાન દીક્ષિત બનીને વાયુની માફક અપ્રતિબદ્ધ વિહારી બની ને ભૂમંડળમાં વિહાર કરતા કરતાં ફરીથી એક વર્ષ પછી તે સહસ્રઆમ્રવન નામના ઉદ્યાનમાં પધાર્યા તેમને શુકલધ્યાનના આશ્રયથી ઉજ્જવલ કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. પ્રભુને કેવળજ્ઞાન થવાથી સુર અને અસુરોનું આસન કંપવા લાંગ્યું. તેમણે જ્ઞાન મૂકીને જોયું તો જણાયું કે ઓહો ! આતો ભગવાનને કેવળજ્ઞાન થયું. આથી તેઓ સઘળાં ભગવાનનું સમવસરણ રચવા માટે તે ઉદ્યાનમાં તાત્કાલિક હાજર થયા. અને ત્યાંજ સમવસરણની રચના કરી. જ્યારે સમવસરણ રચાઈ ગયું ત્યારે પ્રભુએ દેવ મનુષ્યોની પરિષદામાં એ દેવ મનુષ્યોને દેશના આપવાનો આરંભ કર્યો. ઉદ્યાનપાલને જ્યારે આ વાતની નજરોનજર ખબર પડી ત્યારે તેણે ઉતાવળે પગલે જઇને મહારાજ ચક્રાયુધને ભગવાન શાંતિનાથને થયેલા કેવળજ્ઞાનના સમાચાર આપ્યા ભગવાનને કેવળ જ્ઞાન પ્રાપ્ત થવાના સમાચાર ઉદ્યાનપાલકના મુખેથી સાંભળીને ચક્રાયુધ રાજાને અપાર હર્ષ થયો. એણે એ વખતે વધાઈ પહોંચાડનાર ઉદ્યાનપાલકને પ્રીતિ દાન આપીને વિદાય કર્યો અને પોતે ખુશખુશાલ થતા સહસ્રઆમ્રવનમાં આવ્યા

ત્યાં તેમણે ભગવાનને વિનયપૂર્વક નમસ્કાર, વંદના સ્તુતિ કરીને પ્રભુની ધર્મદેશનાને સાંભળી. પ્રભુની ધર્મદેશના જ્યારે પૂરી થઈ ત્યારે ચક્રાયુધે નમસ્કાર કરીને કહ્યું, હે ભગવાન ! આ અમારૂં પરમ સૌભાગ્ય છે કે, કરૂણારસના સાગર એવા આપનાં દર્શન અમોને થયાં. હું આ ભવસાગરથી અત્યંત ડરી રહ્યો છું આથી પ્રાર્થના કરૂં છું કે, આપ દીક્ષા પ્રદાન કરીને મને સાથમાં લ્યો. આ પ્રકારે ચક્રાયુધનું વચન સાંભળીને ભગવાને તેમને કહ્યું, હે દેવાનુપ્રિય ! જેમ તમને ઠીક લાગે તેમ કરો. આ રીતે પ્રભુ પાસેથી અનુમતિ મેળવીને ચક્રાયુધે પોતાના સહસ્રાયુધ નામના પુત્રને રાજ્ય સોંપીને નેવ્યાસી રાજાઓની સાથે ભગવાનની પાસે દીક્ષા અંગીકાર કરી. ભગવાને નેવું મુનિઓને પોતાના ગણધર બનાવ્યા આથી શાંતિનાથ પ્રભુને નેવુ ગણધર થયા છે. એ ગણધરોએ ત્રિપદીના અનુસાર દ્વાદશાંગીની રચના કરી. તે સમયે અનેક નરનારીઓએ દીક્ષા ધારણ કરીને પોત પોતાના જીવનને સફળ બનાવ્યું. આ પ્રમાણે ભગવાન શાંતિનાથે ધર્મતીર્થની પ્રવૃત્તિ કરી. તેમના સાધુઓની સંખ્યા બાસઠ ૬૨હજાર અને સાધ્વીઓની સંખ્યા એકસઠ હજાર છસોની (૬૧૬૦૦) હતી. શ્રાવકોની સંખ્યા બે લાખ નેવું હજારની હતી. તેમજ શ્રાવિકાઓની સંખ્યા ત્રણ લાખ ત્રાણુ હજારની હતી. આ પ્રમાણે દાન, શીલ તપ, અને ભાવનાના ભેદથી ચાર ભેદવાળા એવા ધર્મની પ્રભાવના કરવાવાળો એવો પ્રભુનો આ ચતુર્વિધ સંઘ બન્યો. આ સંઘ કેવો હતો કે, જે સદ્‌ગુણરૂપી ઉદધીનો એક સમુદાય હતો. પ્રભુએ દીક્ષા પર્યાયમાં પણ પચ્ચીસ હજાર વર્ષ વ્યતીત કર્યાં પછીથી નવસો સાધુઓની સાથે તેઓ એક માસનું અનશન કરી સિદ્ધિને પામ્યા.

ભગવાનનો કુમાર કાળ પચ્ચીસ હજાર વર્ષનો, માંડલીક પદ પચ્ચીસ હજાર વર્ષનું, ચક્રવર્તીનું પદ પચ્ચીસ હજાર વર્ષનું, અને દીક્ષા પર્યાય પણ પચ્ચીસ હજાર વર્ષની હતી. આ પ્રમાણે ભગવાનનું સંપૂર્ણ આયુષ્ય એક લાખ વર્ષનું હતું. ભગવાનનો નિર્વાણ મહોત્સવ સુર અને અસુરોએ મળીને ઘણા ઉત્સાહની સાથે મનાવ્યો. પ્રભુના નિર્વાણકાળે ત્રણે લોકમાં જીવોને દરેક પ્રકારે શાંતિ પ્રાપ્ત થઈ તેમના સંતાપોનું શમન થયું. ભગવાનના મોક્ષ પધાર્યા પછી કેટલાક કાળ પછી મુની ચક્રાયુધ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મુક્તિપદને પામ્યા. ॥૩૭॥

॥ આ પ્રકારનું શાંતિનાથ પ્રભુનું ચરિત્ર છે. ॥

તથા—"इक्खागु"

અન્વયાર્થ—**इक्खागुरायवसभो–इक्ष्वाकुराजवृषभः** ઇક્ષ્વાકુ વંશના રાજાઓમાં શ્રેષ્ઠ **कुन्थुनाम नराहिवो–कुन्थुर्नामनराधिपः** કુન્થુ નામના છઠા ચક્રવર્તી થયેલ છે. **विक्खायकित्ती–विख्यातकीर्तिः** તથા એજ પ્રસિદ્ધ કીર્તિસંપન્ન **भयवं–भगवान्** સુશોભિત પ્રતિહારોથી સત્તરમા તીર્થંકર થયેલ છે. તેમણે **अणुत्तरं गइं पत्तो–अनुत्तरां गतिं प्राप्तः** સર્વોત્કૃષ્ટ સિદ્ધગતિ પ્રાપ્ત કરેલ છે.

તેમની આ કથા આ પ્રમાણે છે—

આ જમ્બૂદ્વીપની અંદર પૂર્વ વિદેહમાં એક આવર્ત નામનું વિજય છે. તેમાં ખડ્ગિપુરી નામનું એક નગર હતું ત્યાંનો શાસક સિંહાવહ નામનો રાજા હતો. તેમણે સંસારની વિચિત્રતા જાણીને વૈરાગ્યની દૃઢતાથી કોઇ એક સમય વિશ્રુતાચાર્યની પાસે દીક્ષા ધારણ કરી, અને વીસ સ્થાનોની સમ્યક્ આરાધના દ્વારા સ્થાનકવાસીપણાની આરાધના કરી તીર્થંકર નામ કર્મનું ઉપાર્જન કર્યું. પછી પવિત્ર ચારિત્રની ઘણા સમય સુધી આરાધના કરીને તેમણે અનશનપૂર્વક દેહનું વિસર્જન કર્યું. તેના પ્રભાવથી તેઓ સર્વાર્થસિદ્ધ વિમાનમાં મહાઋદ્ધિવંત દેવની પર્યાયથી ઉત્પન્ન થયાં. ત્યાંનું આયુષ્ય જ્યારે પૂર્ણ થયું ત્યારે ત્યાંથી ચ્યવીને ભારતવર્ષમાં આવેલા હસ્તિનાપુરમાં ત્યાંના રાજા સુરની ધર્મપત્ની શ્રીદેવીની કૂખે પુત્રરૂપે અવતર્યા. તેઓ જ્યારે ગર્ભવાસમાં હતા ત્યારે શ્રીદેવીને રાત્રીના સમયે ચૌદ સ્વપ્ન આવ્યાં. આ સ્વપ્નનું ફળ પોતાની કૂખે પ્રભાવશાળી પુત્ર હોવાનું જાણીને તેણે આનંદમગ્ન બનીને પોતાના ગર્ભની સંપૂર્ણપણે સંભાળ રાખવા માંડી જ્યારે ગર્ભ સમય પુરેપુરા નવ માસ સાડાસાત દિવસનો થયો ત્યારે સુલક્ષણ સંપન્ન સુકુમાર પુત્રનો જન્મ થયો. તેમનો વર્ણ સોનાના વર્ણ જેવો હતો. એમને જોઇને જોવાવાળાના નેત્રોને આનંદ થતો હતો. તેમનો જન્મ થતાંજ છપ્પન દિકકુમારીઓનાં આસન કંપાયમાન થયાં આથી તેમણે જ્ઞાન મૂકીને જોયું તો તીર્થંકર પ્રભુનો જન્મકાળ નજરે પડયો. આથી તે સર્વ તાબડતોબ એ સ્થળે પહોંચી ગઇ. દેવેન્દ્રોએ પણ દેવોની સાથે આઠ દિવસ સુધી એકધારો જન્મમહોત્સવ મનાવ્યો. જન્મમહોત્સવ પછી એમની માતાએ સ્વપ્નમાં પૃથ્વી ઉપર ઉભેલા રત્નસ્તૂપના ઉપર મુનિગણો કે જેમણે પોતાના મોઢા ઉપર સદોરકમુખવસ્ત્રિકા બાંધી રાખી છે. તેમને જોયા, ભગવાન જ્યારે ગર્ભમાં હતા એ વખતે સઘળા દુશ્મનો એમના પિતાના ચરણોમાં આવી શીશ નમાવી ગયા હતા-શરણે આવ્યા હતા આ કારણે તેમના માતાપિતાએ એમનું નામ કુન્થુ રાખ્યું હતું. સકળ ગુણોના સાગર એ ભગવાન ધીરે ધીરે વૃદ્ધિ પામતા જ્યારે યુવાવસ્થાને પામ્યા ત્યારે પિતાએ રાજકન્યાઓની સાથે તેમનો વિવાહ કરી દીધો. જ્યારે તેઓ રાજ્યધુરાને વહન કરવામા સમર્થ બન્યા ત્યારે પિતાએ તેમનો રાજ્યાભિષેક કરી પોતે દીક્ષા અંગીકાર કરી, આત્મકલ્યાણના માર્ગની સિદ્ધિ કરવામાં લવલીન થઇ ગયા.

કુન્થુનાથે રાજ્યાસને આવતા એનું સારી રીતે સંચાલન કર્યું અને પ્રજાજનોને પોતાના પુત્રવત્ માનીને પાલન પોષણ કર્યું. આ કાર્યમાં તેમનો ઘણો કાળ વ્યતીત થયો રાજ્ય કરતાં કરતાં તેમના શસ્ત્રાગારમાં જ્યારે ચક્રરત્નની ઉત્પત્તિ થઈ ત્યારે તેના સૂચિત માર્ગ ઉપર ચાલીને કુન્થુનાથે છ ખંડ ભરતક્ષેત્ર ઉપર પોતાના વિજયનો ડંકો વગાડીને એક છત્ર રાજ્યની રથાપના કરી. આ પ્રમાણે સઘળી પૃથ્વીના શાસક બનીને તેઓ જ્યારે હસ્તિનાપુર પાછા ફર્યા ત્યારે ચક્રવર્તીના પદ ઉપર દેવોએ મળીને તેમનો અભિષેક કર્યો. એ કુન્થુનાથ ચક્રવર્તીએ આ પૃથ્વી ઉપર ખૂબ રાજ્ય કર્યું. જ્યારે આ પ્રમાણે રાજ્યાદિકનું પાલન કરતાં કરતાં એમનાં કેટલાંએ વર્ષો વ્યતીત થયાં ત્યારે લોકાન્તિક દેવોએ આવીને તેમને બોધિત કર્યા લોકાન્તિક દેવોથી પ્રતિબોધિત થવાથી તેઓએ રાજ્યનો ભાર પોતાના વિશ્વપ્રિય નામના પુત્રને સુપ્રદ કરીને દીન, અનાથ, અને ધાર્મિકજનોને નિયાણુ રહિત દાન કર્યું.

ત્યારપછી તેઓ પાલખીમાં આરૂઢ થઈને સહસ્રઆમ્રવનની તરફ ગયા તેમનો નિષ્ક્રમણ મહોત્સવ દેવ અને નરેન્દ્રોએ ભારે ઉત્સાહની સાથે મનાવ્યો. સહસ્ર-આમ્રવનમાં પહોંચીને તેઓએ એક હજાર રાજાઓની સાથે દીક્ષા ધારણ કરી દીક્ષા ગ્રહણ કરવાથી તેમને મનઃપર્યય જ્ઞાન ઉત્પન્ન થયું, ભારન્ડ પક્ષીના માફક અપ્રમત્ત બનીને પ્રભુ સઘળા સાધુઓની સાથે આ ભૂમિ મંડળ ઉપર વિહાર કરવા લાગ્યા. વિહાર કરતાં કરતાં પછી સોળમા વર્ષે એજ સહસ્ર આમ્રવનમાં જ્યારે પધાર્યા ત્યારે તેમને ત્યાં લોકાલોકનું પ્રકાશક કેવળજ્ઞાન પ્રાપ્ત થયું.

આ પ્રકારે ભગવાન જ્યારે કેવળજ્ઞાની બન્યો ત્યારે પોતપોતાનાં આસનો ચલાયમાન થવાથી દેવેન્દ્રોએ ભગવાનના આ કેવળજ્ઞાનની પ્રાપ્તિનો મહોત્સવ ખૂબ હર્ષ પૂર્વક મનાવ્યો–અને સમવસરણની રચના કરી. બાર પ્રકારની પરિષદાની વચમાં પાંત્રીસ ધનુષ પ્રમાણ કાયાવાળા પ્રભુએ સમવસરણમાં બીરાજમાન થઈને પાંત્રીસ ગુણોથી અલંકૃત વાણી દ્વારા ધર્મનો ઉપદેશ આપ્યો. ભગવાનની આ ધાર્મિકદેશ-નાનું પાન કરી અનેક ભવ્ય પ્રાણીઓએ એમની પાસેથી દીક્ષા લઈને પોતાના જીવનને સફળ બનાવ્યું. ભગવાનના પાંત્રીસ ગણધર હતા. અને પાંત્રીસ ગચ્છ હતા. પ્રભુની સાથે સાઠ હજાર સાધુ. છાસઠ હજાર સાધ્વિઓ. એક લાખ અગણ્યાશી હજાર, શ્રાવક અને ત્રણ લાખ એકાશી હજાર શ્રાવિકા હતી. આ પ્રકારે ચતુર્વિધ સંઘની સ્થાપના કરીને કુન્થુનાથ પ્રભુએ એક હજાર મુનિઓની સાથે એક મહિનાનો સંથારો કરી પાછળથી સિદ્ધી પદને પ્રાપ્ત કર્યું. ભગવાન કુન્થુનાથનું આયુષ્ય પંચાણુ હજાર વર્ષનું હતું. તેમાં ત્રેવીસ હજાર સાતસો પચાસ વર્ષ કુમારપદ ઉપર, અને એટલાજ વર્ષ માંડ-લીકપદ ઉપર અને એટલાજ વર્ષ ચક્રવર્તી પદ ઉપર અને એટલાજ વર્ષ સંયમ અવ-સ્થામાં રહ્યા. આ પ્રમાણે ભગવાનનું સઘળું આયુષ્ય પંચાણુ હજાર વર્ષનું હતું. ॥૩૯॥

॥ આ પ્રકારે કુન્થુનાથ ચક્રવર્તીની આ કથા છે. ॥

તથા—"सागरंतं" ઇત્યાદિ !

અન્વયાર્થ—नरवरीसरो નરાધિપ **अरो-अरः** અર નામના સાતમા ચક્રવર્તીએ **अरयंपत्तो-अरजः प्राप्तः** વૈરાગ્ય પ્રાપ્ત કરીને **सागरंतं भरहं-सागरान्तम् भारतम्** આ સાગરાન્ત ભરતક્ષેત્રનો **णं-खलु** નિશ્ચયથી **चइत्ता-त्यक्त्वा** પરિત્યાગ કરીને **अणुत्तरं गइं पत्तो-अनुत्तरां गतिं प्राप्तः** સર્વોત્કૃષ્ટ સિદ્ધગતિને પ્રાપ્ત કરી. આ અઢારમા તીર્થંકર થયા છે. એમની કથા આ પ્રમાણે છે—

આ જમ્બદ્વીપની અંદર પૂર્વ વિદેહમાં વત્સ નામનું એક વિજય છે તેમાં સીમાપુરી નામનું નગર હતું ત્યાંના શાસક ધનપતિ નામના મહાપરાક્રમી રાજા હતા. કોઇ સમય એમને વૈરાગ્યભાવની પુષ્ટિથી સમન્તભદ્રાચાર્ય નામના એક મુનીશ્વરની પાસે તેમણે દીક્ષા અંગીકાર કરી. દીક્ષા ધારણ કરી એકાદશાંગિના પૂર્ણપાઠી થઇને વિંશતિસ્થાનકોની સમારાધના દ્વારા સ્થાનકવાસીપણાની આર ધનાના પ્રભાવથી તીર્થંકર નામ ગોત્રનું ઉપાર્જન કર્યું. ઉત્કૃષ્ટ ચારિત્રની આરાધના કરતાં કરતાં જ્યારે તેમનો ઘણો કાળ વ્યતીત થયો ત્યારે આયુના અંતમાં દેહનો પરિત્યાગ કરીને અંતિમ ગ્રવેયકમાં દેવની પર્યાયમાં ઉત્પન્ન થયા. જ્યારે ત્યાંની સ્થિતિ સમાપ્ત થઇ ત્યારે ત્યાંથી ચ્યવીને ભારતવર્ષના એક ભાગમાં હસ્તિનાપુરમાં ત્યાંના શાસક શ્રી સુદર્શન રાજાની પટ્ટરાણી દેવી નામની રાણીના ગર્ભમાં પુત્રરૂપે ઉત્પન્ન થયા ગર્ભમાં તેમના જીવે પ્રવેશ કરતાંજ રાણીએ રાત્રીના પાછલા પહોરમાં ચૌદ સ્વપ્નો જોયાં. સ્વપ્નોનો વૃત્તાંત પોતાના પતિને કહેવાથી જ્યારે તેને એમ લાગ્યું કે, મારી કુખેથી જે પુત્ર અવતરશે તે વિશિષ્ટ પ્રભાવશાળી થશે. આ જાણીને એ ખૂબ જ હર્ષિત બની અને ખૂબજ પ્રસન્નતાથી પોતાના ગર્ભની સંભાળ રાખવા લાગી. જ્યારે ગર્ભનો સમય પુરા નવમાસ અને સાડાસાત દિવસનો પૂર્ણ થયો ત્યારે રાણીએ સુવર્ણની કાંતિ જેવા અને આંખોને આનંદ પમાડે તેવા સુમનોહર સુકુમાર પુત્રને જન્મ આપ્યો. છપ્પન દિગ્કુમારીઓનાં આસન કંપવાથી તેઓ તીર્થંકર પ્રભુનો જન્મ થયો જાણી તાબડતોબ ત્યાં પહોંચી ગઈ અને પ્રસૂતિકાર્યમાં લાગી ગઇ આજ પ્રમાણે ઇન્દ્રનું આસન પણ કંપવાથી તેઓ "તીર્થંકર" પ્રભુનો જન્મ થઇ રહ્યો છે એવું અવધિજ્ઞાનથી જાણીને દેવોની સાથે ત્યાં પહોંચ્યા અને આઠ દિવસ સુધી બાળકુમારના જન્મનો ઉત્સવ મનાવ્યો રાજા સુદર્શન પણ પુત્રના જન્મની ખુશીથી એટલા હર્ષિત બની ગયા કે, ઘણીજ ઉદારતાની સાથે દીન, અનાથ જનોને દાન દેવા લાગ્યા માતાએ સ્વપ્નમાં રત્નોનો અર—આરા જોયા હતા. આથી એજ અનુસાર પુત્રનું અર (નાથ) એવું નામ રાખ્યું. અરનાથ વધતાં વધતાં યૌવન અવસ્થાએ પહોંચ્યા ત્યારે માતાપિતાએ તેમનો વૈવાહિક સંબંધ અનેક રાજકન્યાઓની સાથે કર્યો. ત્યારબ દ

અરનાથને રાજ્યધુરાનું સંચાલન કરવામાં સમર્થ જાણીને સુદર્શન રાજાએ તેમના હાથમાં રાજ્યનો વહીવટ સોંપી દીધો અને પોતે રાણીની સાથે સિદ્ધાચાર્યની પાસે દીક્ષા અંગીકાર કરી. આ પ્રમાણે બન્નેએ આત્મકલ્યાણની સાધના કરવામાં પોતાની જાતને લગાડી દીધી.

આ તરફ અરનાથ પ્રભુએ પોતાની પ્રજાનું યથાયોગ્ય રીતથી પાલન કરીને રાજ્યનું સંચાલન કરવા માંડયું. આ પ્રમાણે પ્રભુનાં વધારે વર્ષો પૃથ્વીનું શાસન કરતાં કરતાં વ્યતીત થયાં અને જ્યારે તેમના શસ્ત્રાગારમાં ચક્રરત્નની ઉત્પત્તિ થઈ ત્યારે તેઓએ તેના દ્વારા પ્રદર્શિત માર્ગનું અનુસરણ કરીને પૃથ્વીના છ ખંડોને જીતી પોતાને આધિન કરી લીધા. આ પ્રકારે જ્યારે છખંડ પૃથ્વીનું સામ્રાજ્ય તેમના હાથમાં આવી ગયું ત્યારે તેઓ હસ્તિનાપુર પાછા પહોંચી ગયા અને આ પછી દેવોએ મળીને તેમનો ચક્રવર્તી પદ ઉપર અભિષેક કર્યો. ઘણા વરસો સુધી અરનાથ પ્રભુએ ચક્રવર્તી પદનો અનુભવ કર્યો. જ્યારે ચક્રવર્તી પદની શ્રીનો અનુભવ કરતાં કરતાં ઘણો સમય વીતી ગયો ત્યારે લોકાંતિક દેવોએ એક દિવસ આવીને તેમને પ્રાર્થના કરી કે, હે પ્રભુ! હવે તીર્થ પ્રવૃત્તિ કરવાનો સમય આવી ગયો છે. તો આપ તીર્થની પ્રવૃત્તિ કરો. આ પ્રમાણે લોકાંતિક દેવો દ્વારા તીર્થની પ્રવૃત્તિ કરવા માટે પ્રાર્થના કરતાં અરનાથ પ્રભુએ દીન અનાથ અને સાધર્મિકજનોને વાર્ષિક દાન આપીને તથા પોતાના પુત્ર મરસેનને રાજ્યગાદી સુપ્રત કરીને પોતે એક પાલખીમાં બેસીને સહસ્ત્ર આમ્રવન તરફ રવાના થવા. ત્યાં પહોંચીને પ્રભુ પાલખીમાંથી નીચે ઉતર્યા અને એક હજાર બીજા રાજાઓની સાથે દીક્ષા અંગીકાર કરી દીક્ષા ધારણ કર્યા પછી પ્રભુને મનઃપર્યય જ્ઞાનની પ્રાપ્તિ થઈ પૃથ્વી ઉપર વિહાર કરતાં કરતાં અરનાથ પ્રભુ ત્રણ વર્ષ પછી ફરીથી તે ઉદ્યાનમાં પાછા ફર્યા ત્યારે તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ ઈન્દ્રોએ પણ પોતપોતાનાં આસનો કંપાયમાન થતાં જોયું કે પ્રભુને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ છે તેથી તેઓએ સમવસરણની રચના કરી એ સમવસરણમાં પૂર્વ તરફ બેઠેલા પ્રભુએ સર્વ જીવોને પરિણમિત થયેલી પોતાની એક યોજન સુધી સંભળાતી વાણી દ્વારા ઉપદેશ કર્યો. પ્રભુનો દિવ્ય ઉપદેશ સાંભળીને અનેક વ્યક્તિઓએ વિરકત થઈને ત્યાં દીક્ષા ધારણ કરી આ અરનાથ પ્રભુના સંઘમાં પચાસ હજાર મુનિ, સાઠ હજાર સાધ્વિઓ, એક લાખ ચોર્યાસી હજાર શ્રાવકો અને ત્રણ લાખ બેતેર હજાર શ્રાવિકાઓ હતી. આ પ્રમાણે પોતાનું તેમજ બીજાનું કલ્યાણ કરવાને માટે વિહાર કરતાં કરતાં પ્રભુએ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. ભગવાન અરનાથનું સમગ્ર આયુષ્ય ચોર્યાસી હજાર વર્ષનું હતું. આમાં કુમારકાળમાં એકવીસ હજાર, માડલીકપદમાં એકવીસ હજાર, ચક્રવર્તી અવસ્થામાં એકવીસ હજાર, અને સંયમ અવસ્થામાં એકવીસ હજાર વર્ષ વ્યતીત થયાં. નિર્વાણ પ્રાપ્તનો જ્યારે સમય આવ્યો ત્યારે પ્રભુએ એક હજાર સાધુઓની સાથે અનશન કરીને આયુષ્યના અંતમાં સિદ્ધિપદને પ્રાપ્ત કર્યું. ઈન્દ્ર અને દેવોએ મળીને તેમનો નિર્વાણ મહોત્સવ મનાવ્યો. ॥૪૦॥

॥ આ પ્રમાણે અરનાથ પ્રભુની આ કથા છે. ॥

તથા—"चइत्ता"

અન્વયાર્થ—महड्ढिओ—महर्द्धिकः ચૌદરત્ન અને નવનિધી આદિ મહા ઋદ્ધિ ઓના અધિપતિ चक्कवट्टी—चक्रवर्ती નવમા ચક્રવર્તી महापउमो=महापद्मः મહાપદ્મ તેઓ મુનિ સુવ્રત સ્વામીના શાસન કાળમાં થયા છે. भारहं वासं चइत्ता—भारतं वर्षम् त्यक्त्वा આ સઘળા ભારત વર્ષનો પરિત્યાગ કરીને તથા उत्तमे भोगे चइत्ता—उत्तमान् भोगान त्यक्त्वा ઉત્તમ ભોગોનો પરિત્યાગ કરીને तवं चरे—तपःअचरत् તપસ્યાની આરાધના કરી, તથા સકળ કર્મોનો ક્ષય કરીને મોક્ષમાં પધાર્યા ॥૪૧॥

એમની કથા આ પ્રમાણે છે—

આ ભરતક્ષેત્રમાં અંતર્ગત હસ્તિનાપુર નામનું નગર હતું ત્યાં ઈક્ષ્વાકુ વંશના પદ્મોત્તર રાજાનું શાસન હતું. જ્વાલા અને લક્ષ્મી નામની બે પટરાણીઓ હતી. જ્વાલા દેવીએ એક દિવસ કોમળ શૈયા પર સુતાં સુતાં સ્વપ્નામાં એક સિંહ જોયો સ્વપ્ન અનુસાર તેમની કૂખે એક પુત્ર અવતર્યો, જેનું નામ વિષ્ણુ રાખવામાં આવ્યું આ પછી એક દિવસ એવી ઘટના બની કે, જ્યારે તે પોતાની કોમળ શૈયા ઉપર સૂતી હતી ત્યારે તેણે સ્વપ્નમાં ચૌદ સ્વપ્ન જોયાં. આ સ્વપ્ન અનુસાર તેને એક બીજો પુત્ર થયો. જેનું નામ મહાપદ્મ રાખવામાં આવ્યું. મહાપદ્મ ક્રમશઃ બીજના ચંદ્રમાની માફક વૃદ્ધી પામવા લાગ્યા. આ રીતે તેઓ યુવાવસ્થાએ પહોંચ્યા અને કળાચાર્યની પાસે જઈને સઘળી કળાઓનો અભ્યાસ કર્યો. જો કે તેઓ નાના પુત્ર હતા છતાં પણ તેમણે પોતાના ગુણોથી પિતાને પોતાના તરફ ખૂબજ આકર્ષિત બનાવ્યા હતા. આથી પદ્મોત્તર રાજાએ તેમને યુવરાજપદ ઉપર સ્થાપિત કર્યા. વાત પણ ઠીક છે. બ્રાહ્મણોમાં પ્રભાશાળીની તેમજ ક્ષત્રિઓમાં જયશાળીની પ્રતિષ્ઠા ઘણી યોગ્ય હોય છે. આ સમયે ઉજ્જૈની નગરીમાં શ્રીવર્મા નામના રાજા હતા. તેમને નમુચી નામના એક પ્રધાન હતા. તે વિત ડાવાદી હતા. એક દિવસની વાત છે કે, ત્યાં ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કરતાં મુનિ સવ્રતનાથના શિષ્ય સુવ્રતાચાર્ય પધાર્યા. આચાર્યશ્રીનું આગમન સાંભળીને નગરજનો એમને વંદના કરવા જવા લાગ્યા. મહેલના ઉપરના ભાગમાં બેઠેલા રાજાએ જ્યારે આ રીતે લોકોને ઉદ્યાનની તરફ જતા જોયા, જેથી પાસે બેઠેલાં નમુચી પ્રધાનને પૂછ્યું કે આજે શું કોઈ ઉત્સવ છે કે જેથી નગર નિવાસીઓ ઉત્સાહથી સમુદાયરૂપમાં એકત્રિત થઈને બહાર જઈ રહ્યા છે ? આ સાંભળીને નમુચીએ કહ્યું કે, મહારાજ ઉત્સવતો કોઇ નથી. પરંતુ આજે બહાર ઉદ્યાનમાં કેટલાક શ્રમણ આવેલા છે. તો તેમના આ ભક્તજનો તેમને વંદના

કરવાં માટે ત્યાં જઇ રહ્યા છે. રાજાએ કહ્યું કે, પ્રધાનજી ત્યારે તો આપણે પણ તેમની વંદના કરવા માટે ત્યાં જવું જોઇએ. નમુચીએ પ્રત્યુત્તરમાં કહ્યું, હા, મહારાજ ! જેવી આપની આજ્ઞા પરંતુ હું વંદના કરવાના અભિપ્રાયથી ત્યાં આવવા ઇચ્છતો નથી. હું ચાહું છું કે, ત્યાં જઇને આપને મધ્યસ્થી બનાવી તેમની સાથે વાદવિવાદ કરૂં, અને એમને પરાસ્ત કરૂં. રાજાએ નમુચીની વાત માની અને તેને સાથે લઈને મુનિ વંદના માટે ચાલી નીકળ્યા. ત્યાં પહોંચતાંજ નમુચીએ મુનિરાજોને ઘણા ગર્વથી કુલાઇને કહ્યું કે, આપ લોકો ધર્મનું વાસ્તવિક સ્વરૂપ જાણો છો કે, નહીં ? જો જાણતા હોતો તેનું થોડું ઘણું વિવેચન કરો શ્રમણોએ તેની આ પ્રકારના વચનની અસંયમિતતા જોઇને ચૂપ રહેવાનુંજ ઉચિત માન્યું તે સઘળાએ તેની વાતનો કશો પ્રત્યુત્તર ન આપતાં મૌન બેસી રહ્યા જ્યારે નમુચીએ તેમની પોતાના વચનો તરફ ઉપેક્ષાવૃત્તી જોઇ ત્યારે કષાયના આવેશમાં આવીને કહેવા માંડયું કે, આતો કોરા બળદ છે. આ બિચારા ધર્મતત્વનું સ્વરૂપ કયાંથી સમજી શકે ? આ પ્રકારે એ દુર્મતિએ મુનિરાજોની વિશેષરૂપથી નિંદા કરવાનો પ્રારંભ કર્યો. તેની આ પ્રકારની અસભ્ય વર્તણુક જોઇને શ્રમણોએ તેને કહ્યું કે મનુષ્ય પોતાના મોઢાથી કાંઇપણ કહે તેને કોઇ રોકી શકતું નથી, પરંતુ બીજાઓન વગર કારણે નીંદા કરવી અને તેમની સામે અસભ્ય વ્યવહારનું વર્તન ચલાવવું એ તેના માટે જરા પણ ઉચિત નથી. અમે એવું ચાહતા નથી કે, ધાર્મિક પ્રશ્નોના કારણે વાતાવરણને ઉગ્ર બનાવવામાં આવે. પરંતુ આપની પ્રવૃત્તિ જોઇને અમોને વિશ્વાસ આવી રહ્યો છે કે, આપના મુખમાં ઉગ્ર પ્રમાણથી બોટી હઠ જાગી રહી છે. આથી આપ જો આપની એ વિનાકારણની હઠને પુરીજ કરવા ચાહતા હો તો અમો એ માટે તૈયારજ છીએ. જ્યારે આ પ્રકારે ગુરુજન તેને કહી રહ્યાં હતા એટલામાં એમના કોઇ એક નાના શિષ્યે એમને ખૂબજ વિનય કરીને કહ્યું કે, મહારાજ ! આપ હુમણાં રોકાઇ જાવ. પહેલાં અમોને જ તેમની સાથે ચર્ચા કરી લેવાની આજ્ઞા આપો. જ્યારે આ હઠાગ્રહીની બુદ્ધિને અમોજ યોગ્ય માર્ગ ઉપર લાવી શકીએ તેમ છીએ ત્યારે આપ પૂજ્યોએ આના માટે કષ્ટ ઉઠાવવાની જરૂરત નથી. નાના શિષ્યનું આ પ્રકારનું વચન સાંભળીને નમુચિનું સઘળું શરીર ક્રોધના આવેશથી ધમધમી ઉઠયું, અને તે વચમાં જ ટપકીને કહેવા લાગ્યો કે આપ લોક શૌચથી રહિત અને વેદોના સિદ્ધાંતથી બહિર્મુખ છો. આથી આપ લોકોને અહીંયા રહેવા દેવા એ સઘળી રીતે અનુચિત છે. કહો આપની પાસે આનો શો જવાબ છે ? નમુચિની આ પ્રકારની વાત સાંભળીને જવાબ આપતાં નાના શિષ્યે કહ્યું કે, સાંભળો આ પાંચ સૂના છે. જળકુંભ, પ્રમાર્જની, ચુલ્લી, કંડની અને વૈષણી. શ્રુતિઓમાં એવું કહેલ છે કે આ પાંચ સૂનાઓનો જે આશ્રય કરે છે તેજ વેદબાહ્ય છે. આનો આશ્રય અમે લોકો તો કરતા જ નથી. ત્યારે અમારામાં વેદબાહ્યતા કયાંથી આવી શકે ? આજ રીતે અમે લોકો શૌચ વિવર્જીત પણ નથી. અશૌચનું નામ મૈથુન છે. જે મનુષ્ય આનું સેવન કરે છે તેજ શૌચ વિવર્જીત માનવામાં આવ્યા છે. આથી મૈથુન સેવનથી રહિત અમે લોકો અશૌચ કઇ રીતે રીતે થઇ શકીએ ? પરંતુ આપ લોક જ શાચ રહિત આનાથી સિદ્ધ થાઓ છો.

આ પ્રમાણે નાના શિષ્ય તરફથી નમુચિને જ્યારે કહેવામાં આવ્યું તો તે તેના પ્રત્યુત્તરમાં જવાબ ન આપી શકવાથી નિરુત્તર બની ગયો. પરંતુ આ સાધુઓની ઉપર તેની કષાયની પ્રબળતા પહેલાંથી પણ અધિક પ્રમાણમાં વધી ગઇ. રાજાની સાથે તે પોતાના સ્થાને પાછો ફર્યો. રાજાની હાજરીમાં પોતે ઉત્તર ન આપી શકવાના કારણે તેને પોતાનું અપમાન વિશેષ ખટકવા લાગ્યું. આથી સાધુઓની પાસેથી તેનો બદલો અવશ્ય લેવો જોઇએ એવો નિશ્ચય તેણે પોતાને ઘેર આવીને કર્યો. આ દૃઢ નિશ્ચય અનુસાર પોતાના અપમાનનો બદલો લેવા માટે મધ્યરાત્રિના સમયે ક્રોધથી આંધળો ભીંત બનીને તે સાધુઓને મારવા માટે ઉદ્યાનમાં ગયો. તે ત્યાં પહોંચતાં જ તિર્યન્ચોની ભક્તિ થી તપ્રોત થયેલી ત્યાંની વનદેવીએ તેને બાંધી દીધો. જ્યારે પ્રાતઃકાળનો સમય થયો ત્યારે નગરજનોની અવરજવર શરૂ થતાં આવતાજતા લોકોએ નમુચિ મંત્રીને બંધાયેલ હાલતમાં જોતાં આશ્ચર્ય થયું. ધીરે ધીરે આ વાત સઘળા નગરમાં પ્રસરી ગઈ અને છેવટે રાજાના કાન સુધી આ વાત પહોંચતાં રાજા પણ ત્યાં પહોંચી ગયા. પહેલાં તો સઘળાએ મુનિરાજોની પાસે બેસીને ધાર્મિક દેશનાનું શ્રવણ કર્યું, પછીથી જે સ્થળે નમુચિ મંત્રી બંધાયેલ હતા ત્યાં સૌ કોઇ આવ્યા. સઘળાએ આ સ્થિતિમાં રહેલા નમુચિની નિંદા કરી. આ પ્રમાણે તેને સઘળા નગરજનોથી નિંદિત થયેલો જાણીને વનદેવીએ તેને મુક્ત કર્યો. આથી તે લજ્જિત થતો થતો પોતાને ઘેર ચાલ્યો ગયો. લોકો પણ પોતપોતાને ઘેર ચાલ્યા ગયા. લજ્જિત બનેલો નમુચિ મંત્રી ઉજ્જૈની છોડીને હસ્તિનાપુર ચાલ્યો ગયો અને ત્યાં જઇ યુવરાજ મહાપદ્મની પાસે રહેવા લાગ્યો. જો કે તે ઘણો પાપી હતો તો પણ પૂર્વના પુણ્યના પ્રભાવથી યુવરાજ મહાપદ્મ તેને પ્રધાનપદે સ્થાપિત કર્યો.

મહાપદ્મ રાજાનો સિંહના સમાન પ્રબળ પરાક્રમશાળી સિંહબલ નામનો એક રાજા વૈરી હતો. તે બન્ને રાજ્યોની સીમા એકબીજાને અડીને હતી. મહાપદ્મના રાજ્યમાં વારંવાર પ્રવેશી એ ચોર વૃત્તિથી પ્રજાજનોના ધનનું તે હરણ કરી જતો. જ્યારે તેનો સામનો થતો અને પકડાઈ જવાતો પ્રસંગ આવતો ત્યારે પોતાના દુર્ગમાં છુપાઈ જતો. મહાપદ્મના સૈનિકોના અનેકવિધ પ્રયાસો છતાં તે પકડી શકાતો નહીં મહાપદ્મ રાજા એ રાજા ઉપર ખૂબ ગુસ્સે રહ્યા કરતા અને ઇચ્છતા હતા કે કોઇને કોઇ ઉપાયે પણ એને પકડી લેવો. એક દિવસ મહાપદ્મ રાજાએ આ વાત નમુચિ મંત્રીને કહી કે, તમો સિંહબલને પરાસ્ત કરવાનો કોઈ ઉપાય જાણો છો ? નમુચિએ હકારમાં જવાબ આપ્યો. આથી રાજાએ પ્રસન્નચિત્ત બનીને કહ્યું કે તો પછી શા માટે વાર કરો છો ? જાઓ પકડી લો. નમુચિને એટલું જ જોઇતું હતું તે સૈન્યને સાથે લઇને સિંહબલના રાજ્ય ઉપર ઘેરો ઘાલ્યો. અવરજવરના માર્ગો રોકી લીધા. આ પછી યુક્તિથી તેના દુર્ગને તોડીફોડીને તેને પકડીને બાંધી લીધો અને મહાપદ્મ રાજાની સામે લાવીને રજુ કરી દીધો. આથી રાજા નમુચિ પ્રધાન ઉપર ખૂબ જ પ્રસન્ન થયા અને કહ્યું, તમે એક ઘણું જ મહત્વનું

કાર્ય કરેલ છે. આવા મહત્વના કાર્યની સાધકતાના બદલામાં તમારી ઇચ્છા થાય તે માગી લો. રાજાને પોતાના ઉપર આ રીતે પ્રસન્નચિત્ત જાણીને નમુચિએ રાજાને કહ્યુ, મહારાજ ! જ્યારે જરૂરત જણાશે ત્યારે આપના તરફથી આપવામાં આવેલ વરદાનને હું અવશ્ય માગી લઈશ. મહાપદ્મ રાજાએ નમુચિની એ વાતને સ્વીકારી. આ પછી નિષ્કંટક બનીને પોતાના રાજ્યના સંચાલન કાર્યમાં તે લાગી રહ્યા.

એક સમયની વાત છે કે સુવ્રતાચાર્ય પોતાની શિષ્યમંડળી સાથે વિહાર કરતાં કરતાં હસ્તિનાપુર આવી પહોંચ્યા. એ સમયે ત્યાં પરિવ્રાજક પણ આવેલા હતા. પોતપોતાના ધાર્મિક મંતવ્યો અનુસાર બન્નેએ ધાર્મિક દેશના આપવાનો પ્રારંભ કર્યો. પદ્મોત્તર રાજાની મોટી રાણી કે જેનું નામ જવાલાદેવી હતું અને જે મહાપદ્મની માતા હતી અને જિનધર્મની ભક્ત હતી, તથા બીજી રાણી કે જેનું નામ લક્ષ્મીદેવી હતું જે વૈદિક ધર્મને માનનાર હતી. બન્ને રાણીઓના હૃદય પોતપોતાના માન્ય એવા ધર્મોની દેશના સાંભળવાનો વિચાર આવ્યો. આ સમયે રાજ્યમાં એક જ રથ હતો. જવાલાદેવીએ પ્રતિજ્ઞા કરી કે હું આજ રથમાં બેસીને જિનધર્મની દેશના સાંભળવા જઇશ નહીં તો અનશન કરીશ. આવી રીતે લક્ષ્મીદેવીના દિલમાં પણ વૈદિક ધર્મની દેશના સાંભળવા જવાનો વિચાર થયો અને એણે પણ નક્કી કર્યું કે, આ રથમાં બેસીને જ હું વૈદિક ધર્મની દેશના સાંભળવા જઈશ, નહીંતર અનશન કરીશ. આ પ્રમાણે બન્ને રાણીઓનો પરસ્પર વિવાદ સાંભળીને રાજાપદ્મોત્તરે એવું કહી દીધું કે એ રથ ઉપર બેસીને કોઇ પણ ધાર્મિક દેશના સાંભળવા ન જાય. મહાપદ્મ પુત્રે પોતાની માતા જવાલાદેવીની અભિલાષા પૂરી ન થતી જોઇને તે દુઃખથી અતિશય દુઃખી થઇને એવો વિચાર કરવા લાગ્યો કે એ ઘણા આશ્ચર્યની વાત છે કે મારા જેવો પુત્ર હોવા છતાં પણ મારી માતાની અભિલાષા પૂર્ણ થઈ શકતી નથી. જે રીતે કૃપણનું ધન જમીનમાં દટાયેલું રહીને આખરે અદૃશ્ય બને છે. આજ પ્રમાણે મારી માતાની અભિલાષા પણ તેના અંતરમાં દટાયેલી જ રહી છે. શક્તિશાળી હોવા છતાં પણ જે પુત્ર પોતાની માતાના મનોરથોને પૂરા કરી શકતો નથી, તે સુપુત્રોની ગણનામાં પોતાનું સ્થાન કઈ રીતે પ્રાપ્ત કરી શકે ? પિતાએ પણ મારી માતાના મોટાપણાની રક્ષા ન કરી. આ કારણે હવે મારે અહીં ન રહેવું જોઇએ. આ પ્રકારનો વિચાર કરી જ્યારે રાજમહેલમાં સઘળા સૂઈ ગયા ત્યારે રાત્રે એકલો ઘરથી બહાર નીકળીને અહીંતહીં ભટકીને જંગલમાં રહેતા તપસ્વીઓના આશ્રમમાં પહોંચી ગયો. ત્યાં તપસ્વીઓએ તેનો સારો સત્કાર કર્યો. આ પ્રકારે તપસ્વીઓનો સત્કાર પામીને એ ત્યાં જ આનંદથી રહેવા લાગ્યો.

આ તરફ ચંપાપુરીને કાળ નામના કોઇ રાજાએ ઘેરી લીધી. જ્યારે ત્યાંના અધિપતિ જનમેજયને આ સમાચાર મળ્યા ત્યારે તે પોતાની સેનાને સાથમાં લઇને તેની સાથે યુદ્ધ કર્યું. પરંતુ તેઓ હારી ગયા આથી એ પલાયન થઈ કોઈ અજ્ઞાત સ્થાને જઇને છુપાઇ ગયો. શત્રુ સૈનિકો કિલ્લાની અંદર દાખલ થયા. આથી નગરમાં મહાન

કોલાહલ મચી ગયો. સઘળા લોકો અહીંતહીં નાસભાગ કરવા લાગ્યા. રાજાના અંતઃપુરની મહિલાઓ રક્ષણ વગર આકુળવ્યાકુળ થવા લાગી અને જેનાથી ભાગવાનું શકય બન્યું. તેઓ જ્યાં ત્યાં પોતાના પ્રાણોની રક્ષા ખાતર ભાગી છૂટી. રાજા જનમેજયની પટ્ટરાણી નામવતી પણ પોતાની પુત્રી મદનાવલીની સાથે ભાગીને એ તપસ્વીઓના આશ્રમમાં આવી પહોંચી. કુળપતિએ તેમને ધીરજ આપી. આથી તે ત્યાં રહેવા લાગી. રહેતાં રહેતાં મહાપદ્મ અને મદનાવલીમાં પરસ્પર અનુરાગ થઈ ગયો અને તે ખૂબ આગળ વધ્યો. જ્યારે આ વાત આશ્રમવાસીઓની જાણમાં આવી ગઈ ત્યારે નાગવતીએ મહાપદ્મને સામાન્ય રાજપુત્ર સમજીને મદનાવલીને કહ્યું, હે પુત્રી ! તું ચક્રવર્તીની પટ્ટરાણી થઈશ એવું જોશીનું વચન શું તને યાદ નથી ? આ કારણે હું તને સમજાવું છું કે જ્યાં ત્યાં પોતાની વૃત્તિઓને ન જવા દેતાં સ્થિર બનાવ. કુલપતિએ પણ આ વાત જાણીને કે, આ બન્ને પરસ્પરના પ્રેમમાં છે અને એ કારણે કયારેકને કયારેક લગ્ન કરી લેશે. આથી તેમણે કુમારને પોતાની પાસે બોલાવીને કહ્યું, કુમાર ! તમો અહીંથી કોઈ બીજા સ્થળે ચાલ્યા જાવ. કુલપતિનું આ પ્રકારનું વચન સાંભળીને મહાપદ્મ એજ સમયે ત્યાંથી ચાલી નીકળ્યો. પરંતુ મદનાવલીનો વિયોગ તેને બહુ જ દુ.ખી કરી રહેલ હતો. ચાલતાં ચાલતાં મહાપદ્મે વિચાર કર્યો કે મદનાવલી જ્યારે ભાવી ચક્રવર્તીની પટરાણી થનાર છે એવું જોષ જોનારે કહેલ છે તેથી એ નિશ્ચિત છે કે તે મારી પટરાણી થવાની. પરંતુ ચક્રાદ્રિ રત્ન કયારે ઉત્પન્ન થશે અને હું કયારે છ ખંડ પૃથ્વીને જીતીને મદનાવલીને પરણવાનો ? આ પ્રકારનો વિચાર કરીને મહાપદ્મ કુમાર સિંધુનંદન નામના એક નગરમાં પહોંચ્યો. ત્યાં તે દિવસે કોઈ વિશેષ ઉત્સવ હતો. સઘળી સ્ત્રીઓ બગીચામાં આવેલ હતી. આ મહિલાઓનો જબ્બર અવાજ સાંભળીને મહાસેન રાજાનો ખાસ હાથી મદોન્મત્ત બનીને, આલાનસ્તંભ ઉખેડીને તથા મહાવતને મારીને નગરમાં તોફાન મચાવતો તે ઉદ્યાન તરફ પહોંચ્યો. હાથીને પોતાના તરફ આવતો જોઈને સઘળી મહિલાઓ ભયથી વિહ્વળ બની ગઈ અને અનિષ્ટની આશંકાથી ગભરાઈને ચીસો પાડવા લાગી. ચીસો પાડતી એ બિચારી મહિલાઓએ એવું પણ કહ્યું કે, અરે ! જો કોઈ વીર પુરુષ હોય તો તે અમારી રક્ષા કરે. આ પ્રમાણે સ્ત્રીઓનાં વચનોને સાંભળીને ત્યાં આવી પહોંચેલ મહાપદ્મ કુમાર એ હાથીને મહાત કરવા દોડી આવ્યો. હાથી પાછો ફરીને મહાપદ્મકુમારની સામે થઈ ગયો. પોતાની સામે હાથીને આવતો જોઈને મહાપદ્મકુમારે પોતાનું ઉત્તરીય વસ્ત્ર હાથીની સામે ફેંકયું. ફેંકાયેલા એ ઉત્તરીય વસ્ત્રને જ ક્રોધમાં અંધ બનેલા ગજરાજે મનુષ્ય જાણીને એના ઉપર દાંત તેમ જ પગના પ્રહારો કરવા માંડયા. કોલાહલને સાંભળીને સઘળા પુરવાસી જનો પણ એકત્રિત થઈ ગયા હતા. મહાસેન રાજા પણ પોતાના મંત્રીની સાથે ત્યાં આવી પહોંચ્યા. આવીને તેમણે મહા-

પદ્મને કહ્યું કે, કુમાર! ક્રોધિષ્ટ થયેલા કાળના જેવા આ હાથીની સામેથી તમે જલદીથી દૂર જાવ અને પોતાની જાતને બચાવો, નહીં તો એ તમને મારી નાખશે. રાજાનાં આ પ્રકારનાં વચન સાંભળીને મહાપદ્મકુમારે તેમને કહ્યું કે, હે રાજન્! તમારૂં કહેવું ઠીક છે, પરંતુ આપ જુઓ કે આ હાથીની હું કેવી હાલત કરૂં છું? હવે થોડી જ વારમાં હું તનો મદ ઉતારી દઉં છું. એમ કહીને મહાપદ્મકુમારે એ વખતે નીચું મોઢું કરીને ઉત્તરીય વસ્ત્ર ઉપર પ્રહાર કરી રહેલા એ ગજરાજને મારવાનો પ્રારંભ કર્યો. આથી ગજરાજ ઉત્તરીય વસ્ત્રને છોડીને એના તરફ વળ્યો. હાથી એની તરફ ફરતાં જ કુમાર ઉછળીને તેના ઉપર ચડી બેઠો અને બેસતાંની સાથે જ કુમારે તે ગજરાજને મુઠી અને પાટુથી તથા બીજી રીતે માર મારીને તેમ જ વિવિધ પ્રકારના શિષ્ટ વચનોથી તથા અંકુશ વગેરેથી પોતાના વશમાં કરી લીધો તથા હાથીના બચ્ચાની માફક તે હાથીને ખૂબ નચાવ્યો. કુમારના આ સાહસે મહાસેન રાજાને ચકિત બનાવી દીધા. કુમારથી વશ કરવામાં આવેલા તે હાથીને બીજા મહાવતોની સાથે તેના સ્થાને મોકલી દીધો. રાજાએ કુમારનું ખૂબ સન્માન કર્યું અને પોતાની સાથે રાજમહેલમાં લઇ ગયા. ત્યાં જઇને રાજાએ વિચાર કર્યો કે આ કોઈ મહાન કુળમાં જન્મેલ વ્યક્તિ છે, આથી જ એ આટલો પ્રભાવશાળી છે. આવો વિચાર કરીને રાજાએ તેના કુળ વગેરેનો પરિચય મેળવીને વિચાર કર્યો કે પુણ્યથી જ આવો જમાઇ મળી શકે. આથી પોતાની એક સો કન્યાઓ તેની સાથે પરણાવી દીધી. એક દિવસની વાત છે કે કુમાર જ્યારે રાત્રિના વખતે સુખશૈયા ઉપર સૂતો હતો ત્યારે અર્ધી રાત વિત્યા પછી વેગવતી નામની વિદ્યાધરીએ તેનું અપહરણ કરી તેને આકાશમાર્ગે લઇ ચાલી રસ્તામાં જ્યારે તેની આંખ ખુલી ત્યારે તેણે તે વિદ્યાધરીને મારવાનો વિચાર કરીને મુઠી ઉગામીને તેને

, બતાવ તું કોણ છે? અને મને આ રીતે ઉપાડીને અપહરણ કરીને ક્યાં લઈ જાય છે? જો નહીં બતાવે તો એક જ મુઠીના પ્રહારથી તારો પ્રાણ કાઢી નાખીશ. આ પ્રકારે જ્યારે કુમારે કહ્યું ત્યારે વિદ્યાધરી બોલી, હે કુમાર! ક્રોધ કરવાની કોઈ જરૂરત નથી આપનું હરણ કરવાનું કારણ શું છે તે હું આપને બતાવું છું તે સાંભળ. તે આ પ્રમાણે છે—

વૈતાઢ્ય પર્વત ઉપર સુરોદય નામનું એક નગર છે. તેના અધિપતિ એક વિદ્યાધર છે તેમનું નામ ઇન્દ્રધનુ છે. તેમની સ્ત્રીનું નામ શ્રીકાન્તા છે. આ શ્રીકાન્તા સ્ત્રિયોચિત બધા ગુણોથી અલંકૃત છે. તેને એક પુત્રી છે જેનું નામ ચંદ્રા છે. આ વખતે તે યુવાવસ્થામાં છે છતાં પણ કોઈ પુરુષમાં તે અભિલાષાવાળી થઈ નથી. આ પ્રમાણેની તેની પરિસ્થિતિ જોઇને તેમના માતાપિતાએ મને કહ્યું કે, તું ભરતક્ષેત્રના રાજવીઓનાં ચિત્રો દોરીને તેને બતાવ. આથી મેં એ પ્રમાણે કર્યું, છતાં પણ તે પૈકી કોઈની પણ ચાહના કરતી નથી. અંતમાં મેં જ્યારે તેને આપનું ચિત્ર બતાવ્યું તો એને જોઇને તે આપનામાં અત્યંત અનુરક્ત બની

ગઇ અને કહેવા લાગી કે, જો આ પુરુષ મારા પતિ નહીં બને તો મારો એ નિશ્ચય છે કે એના વિયોગમાં હું મારા પ્રાણ આપી દઇશ. જ્યારે તેની આ પરિસ્થિતિ તેના માતાપિતાના જાણમાં આવી ત્યારે તેમણે મને કહ્યું કે જે રીતે બની શકે તે રીતે તું તેને અહીં લઇ આવ. જો તું તેનું હરણ કરીને લાવી શકતી હોય તો તે પ્રમાણે લઇ આવ. પરંતુ લાવવામાં ઢીલ ન કર. આ કારણે હું આપનું હરણ કરીને ત્યાં લઇ જાઉં છું, આ કારણે આપ મને મારો નહીં.

આ પ્રકારનાં એ વિદ્યાધરીનાં વચન સાંભળીને કુમારને પણ તે કન્યા ઉપર અનુરાગ જાગૃત થયો. આ પછી વિદ્યાધરીને તેણે કહ્યું કે, તું જેટલી ઝડપથી મને ત્યાં જઇ શકતી હો એટલી ઝડપથી ત્યાં લઇ જા. કુમારની આ પ્રકારની વાત સાંભળીને એ વિદ્યાધરી પોતાની વિદ્યાના પ્રભાવથી એકદમ ઝડપી ગતિથી તેને લઇને જલદીથી વિદ્યાધરોના અધિપતિ ઇન્દ્રધનુની પાસે આવી પહોંચી. વિદ્યાધરોનાં અધિપતિએ અત્યંત રૂપરાશી વિશિષ્ટ કુમારને જોઇને તેનું મન ઘણું જ હર્ષિત થઈ ગયું. શુભ મુહૂર્ત જોઇને કુમારની સાથે પોતાની કન્યા જયચંદ્રાનો વિવાહ આનંદની સાથે કરી દીધો. જ્યારે આ સમાચાર ગંગાધર અને મહિધર નામના બે વિદ્યાધરોને માલુમ પડયા ત્યારે તેઓએ આવીને યુદ્ધ કરવાની ઇચ્છાથી સુરોદયપુરને ઘેરો ઘાલ્યો. કારણ કે એ બન્નેની ઇચ્છા એવી હતી કે, જયચંદ્રાનો વિવાહ પોતાની સાથે થાય, પરંતુ તેવું બન્યુ નહીં. આથી આ લોકોએ યુદ્ધ કરવા માટે સુરોદયપુરને ઘેરી લીધું. મહાપદ્મકુમાર પણ વિદ્યાધર સૈનિકોને સાથે લઇને યુદ્ધસ્થાન ઉપર પહોંચ્યો અને ગંગાધર તથા મહિધર વિદ્યાધરોના સૈન્યની સામે યુદ્ધ કરવા તત્પર બન્યા. બન્ને બાજુથી યુદ્ધનો પ્રારંભ થયો, પરંતુ મહાપદ્મની સામે ન કોઈ રથી ટકી શકયો કે ન કોઇ અશ્વારોહિ, નિષાદિ (હાથીદળ સૈન્ય) કે પદાતિ. પ્રતિપક્ષનો કોઈ પણ માણસ જ્યારે કોઈ પણ પ્રકારથી તેનો સામનો કરી શકયો નહીં. પરંતુ તે એવા દબાઇ ગયા કે દક્ષિણના પવનને કારણે જળવાદળી જેવી રીતે આમતેમ વિખરાઇ જાય છે. તથા જે સૈનિકો તદ્દન હતાશ બની ગયા હતા તેઓ યુદ્ધભૂમિ છોડીને આડાઅવળા ભાગવા માંડયા, ત્યારે મહાપદ્મને ખૂબ જ પરાક્રમી જાણીને ગંગાધર અને મહિધર વિદ્યાધર પણ યુદ્ધભૂમિમાંથી ભાગી છૂટયા. આ પ્રકારે મહાપદ્મકુમાર જીતીને ઇન્દ્રધનુની પાસે જઈ પહોંચ્યો વિજયના લાભથી ઇન્દ્રધનુએ ખૂબ વિજયઉત્સવ મનાવ્યો. પછી કેટલોક સમય કુમાર ત્યાં જ રહ્યો. ત્યાં તેના શસ્ત્રાગારમાં ચક્ર આદિ રત્નોની ઉત્પત્તિ થઇ. આથી તેમણે છ ખંડ ભરતક્ષેત્ર ઉપર પોતાના વિજયની ધજા ફરકાવી. આટલું સઘળું હોવા છતાં પણ એક મદનાવલી સિવાય કુમારને તે ચક્રવર્તીનો વૈભવ સાવ ફિક્કો લાગતો હતો. કોઈ સમયે તે મહાપદ્મ ચક્રવર્તી કૌતુકવશ આમ તેમ ઘૂમતાં ઘૂમતાં એ તપસ્વીના આશ્રમમાં જઈ પહોંચ્યા. ચક્રવર્તીને આવેલ જાણીને તપસ્વીઓએ તેમનું ખૂબ સ્વાગત કર્યું આ સમયે જનમેજય રાજા પણ ત્યાં આવી પહોંચ્યા.

તેમણે પોતાની પુત્રી મદનાવલીનો વિવાહ ઘણા જ આનંદ સાથે મહાપદ્મકુમાર ચક્રવર્તીની સાથે કરી આપ્યો. આ પછી મહાપદ્મ ચક્રવર્તી પોતાની સમગ્ર વિભૂતિ સાથે પોતાની હસ્તિનાપુર નગરીમાં જઇ પહોંચ્યા. ત્યાં પહોંચીને તેણે પોતાના માત પિતાના ચરણોમાં વિનયપૂર્વક પ્રણામ કર્યા. માતાપિતા પુત્રની આવી અસાધારણ વિભૂતિ જાણીને ઘણા જ ખુશ થયા. આ બાજુ મુનિ સુવ્રત ભગવાનના શિષ્ય સુવ્રતાચાર્યની કે જેઓ આ સમયે ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કરતાં હસ્તિનાપુર આવી પહોંચ્યા હતા. તેમનું આગમન જાણીને રાજા પદ્મોત્તરના રાણી પુત્રાદિ સહિત વંદના કરવા માટે ગયા હત. તેમની ધર્મદેશના સાંભળીને પોતાના મોટા પુત્ર વિષ્ણુકુમાર સહિત દીક્ષા અંગીકાર કરી. ત્યારબાદ મહાપદ્મ ચક્રવર્તીએ આ ભૂમિમંડળ ઉપર જૈનધર્મની સારી રીતે પ્રભાવના કરી. ચક્રવર્તીની માતા જ્વાલાદેવી પણ પોતાના પુત્રને જૈનધર્મની પ્રભાવના કરવામાં પરાયણ જાણીને પરમ સંતોષી બની. પદ્મોત્તર મુનિએ કેવળજ્ઞાન પ્રાપ્ત કરી મુક્તિનો લાભ કરી લીધો. વિષ્ણુકુમાર મુનિને પણ તપશ્ચર્યાના પ્રભાવથી અનેક લબ્ધિઓની પ્રાપ્તિથી તેઓ સુમેરૂ પર્વતની સમાન ઉતુંગ થઈ શકતા હતા, ગરૂડની માફક આકાશમાં ગમન કરી શકતા હતા, દેવોની સમાન વિવિધરૂપ બનાવી શકતા હતા તથા કંદર્પના સમાન વિશિષ્ઠ રૂપ સંપન્ન બની શકતા હતા. લબ્ધિઓના પ્રતાપથી તેમનામાં આ પ્રકારની શક્તિ આવી હતી. પરંતુ તેને કદી પણ પોતાની આ લબ્ધિઓનો પ્રયોગ કરવાનો અવસર મળ્યો ન હતો. આથી એ લબ્ધિઓ તેમનામાં લબ્ધિરૂપથી જ વિદ્યમાન હતી કારણ કે જૈનમુનિ વગર કારણે કદી પણ લબ્ધિઓનો પ્રયોગ કરતા નથી.

એક સમયની વાત છે કે વર્ષાકાળ આવવાથી સંયમ અતિશય સંપન્ન સુવ્રતાચાર્ય વર્ષાકાળ વ્યતીત કરવા માટે હસ્તિનાપુરમાં પધાર્યા. આ સમયે નમુચિએ પોતાના વેરનો બદલો લેવાના વિચારથી ચક્રવર્તીને નિવેદન કર્યું, સ્વામિન! આપે જે વરદાન મને પહેલાં આપેલ છે તેની આજે મારે આવશ્યકતા છે, તો આપ મને તે આપવાની કૃપા કરો. નમુચિની વાત સાંભળીને ચક્રવર્તીએ કહ્યું. ઠીક છે. જે તમારી ઇચ્છા હોય તે માગી લો. એ વરદાન પૂરૂં કરવામાં આવશે. ત્યારે નમુચિએ કહ્યું, મહારાજ! હું યજ્ઞ કરવા ચાહું છું. આથી આપને પ્રાર્થના છે કે આપ જ્યા સુધી યજ્ઞની સમાપ્તિ ન થાય ત્યા સુધી આ દેશનું આધિપત્ય મને પ્રદાન કરી દો. સત્યપ્રતિજ્ઞ ચક્રવર્તીએ નમુચિની આ વાતને સ્વીકારી તેને રાજ્ય સિંહાસન ઉપર સ્થાપિત કરી દીધો. અને આપ પોતે અંતઃપુરમાં ચાલ્યા ગયા. રાજ્યનું આધિપત્ય પામીને બગલાની માફક કૂટનીતિ સંપન્ન નમુચિ પણ નગરની બહાર યજ્ઞશાળામાં જઇને માયાચારીથી યજ્ઞકર્મમાં નિયુક્ત બની ગયો. નગરનિવાસીઓએ જ્યારે આ વાત સાંભળી કે નમુચિને રાજ્યગાદી સુપ્રદ કરવામાં આવેલ છે ત્યારે તે સઘળા તેને વધાઇ આપવા માટે આવ્યા, સાધુસંત પણ આવ્યા,

ન આવ્યા તો એક જૈન મુનિજ ન આવ્યા. જ્યારે આ પ્રકારે જૈનમુનિઓની પોતાના વૃદ્ધિપણાની ક્રિયામાં શુભ સંમતિ ન જોઈ ત્યારે તે આ બહાન થી તેમના તરફ વધારે ઈર્ષાળુ બન્યો. જૈનસાધુઓનો આ એક પ્રબળ અપરાધ છે કે આ અવસર ઉપર તેઓ વધાઇ આપવા આવ્યા નથી. આ પ્રકારનો જનતામાં પ્રચાર કરી આ અપરાધ માટે તેણે સુવ્રતાચાર્ય આદિ મુનિજનોને બોલાવ્યા અને કહેવા લાગ્યો. આપ લોકો વ્યવહારથી બિલકુલ અનભિજ્ઞ અને ઉદ્દંડ છો. તમોને શું એ ખબર નથી કે રાજ્યપદ ઉપર રાજાએ મારો અભિષેક કરેલ છે ? તમોએ એ ધ્યાનમાં રાખવું જોઇએ કે જ્યારે કોઈ નવો રાજા થાય છે ત્યારે તેને વધાઈ આપવા માટે સાધુસંતો પણ જાય છે. કેમકે તેમના તપોવનની રક્ષાનો ભાર રાજા ઉપર રહે છે, આથી રાજાના તરફ સન્માન પ્રકટ કરવું એ તપસ્વીઓનું પણ કર્તવ્ય છે. પરંતુ આપ લોકોએ એ લૌકિક કર્તવ્યનું પાલન કરેલ નથી. આથી મને એ વાત નિશ્ચિત થઇ ચૂકી છે કે તમો સઘળા મારા એક પ્રકારના નિંદક છો. આ કારણે એ ગુરુત્તર અપરાધનો દંડ તમારા માટે એક જ છે કે તમારામાંથી કોઇ પણ અમારા રાજ્યની અંદર ન રહે. જે કોઇ તેનો ભંગ કરશે તો તેને મોતની સજા કરવામાં આવશે તથા લોક અને રાજ્યના વિરોધી એવા તમો લોકોને જે કોઈ પણ વ્યક્તિ આશ્રય આપશે તેને પણ મોતની સજા કરવામા આવશે, આ પ્રકારનાં નમુચિનાં વચનોને સાંભળીને આચાર્યદેવે કહ્યું, રાજન્ ! અમારા લોકો માટે એ બરોબર નથી કે અમે કોઇને પણ વધાઇ દેવા જઇએ કેમકે એ વાત મુનિમાર્ગથી વિરુદ્ધની છે, આજ કારણને લઈ અમે લોકો આ ઉત્સવમાં સંમિલિત ન થયા. અમે લોકો સઘળા જીવોના તરફ સમાન ભાવ રાખીએ છીએ એવો અમારો સનાતન સિદ્ધાંત છે. જોકે, અમોએ તમોને વધાઈ નથી આપી તેમ આપની કોઈ જગ્યાએ નિંદા પણ નથી કરી. નિંદા કરવી કે સ્તુતિ કરવી એ જૈન સાધુઓના આચાર માર્ગથી તદ્દન વિરુદ્ધનો માર્ગ છે. આ પ્રકારનાં સુવ્રતાચાર્યનાં વચન સાંભળીને દુર્બુદ્ધિ નમુચિએ કહ્યું કે હવે હું કાંઇ વધારે કહેવા ચાહતો નથી તેમ તમારું કાંઈ પણ સાંભળવા ચાહતો નથી. મારો તમારા લોકો માટે અંતિમ આદેશ એકજ છે કે સાત દિવસની અંદર તમો સઘળા આ રાજ્યની હદ છોડીને ચાલ્યા જાવ. મારા રાજ્યમાં તમારામાંથી જો કોઈ પણ રહેશે તો હું તેને ચોર સમજીને ફાંસી ઉપર લટકાવી દઈશ. નમુચિની આ પ્રકારની કઠોર વાતચીતને સાંભળીને સઘળા મુનિરાજો પોતાના સ્થાને આવીને વિચાર કરવા લાગ્યા કે જુઓ ! આ નમુચિ જૈનધર્મની સામે દ્વેષ રાખે છે તથા સાત દિવસ સુધીની આપણા લોકોને રહેવાની આજ્ઞા આપે છે. આવી સ્થિતિમાં વર્ષાકાળ આવી ચૂકેલ હોવાથી શો ઉપાય કરવો ? આ વાત સાંભળીને તેમાંના એક સાધુએ કહ્યું સાંભળો, હું એનો ઉપાય કહું છું તે આ પ્રકારનો છે.

છસો વર્ષ સુધી આકરા તપની આરાધના કરવાવાળા વિષ્ણુકુમાર મુનિરાજ આ સમયે મેરુતુંગ પર્વત ઉપર બિરાજમાન છે એમનો અને અહીંના મહાપદ્મ

રાજાનો સંબંધ છે. તેઓ મહાપદ્મ રાજાના મોટાભાઇ છે. તેમના કહેવાથી આ શાંત બની જશે હવે ફક્ત રહી ત્યાં સુધી પહોંચવાની વાત. જો આપણા-માથી જે કોઇ લબ્ધિસંપન્ન હોય એ ત્યાં જાય. આ વિચારધારાને સાંભળીને એક બીજા મુનિરાજે કહ્યું, મારામાં એવી લબ્ધિ તો છે કે એના પ્રભાવથી હું ત્યાં પહોંચી શકું છું; પરંતુ ત્યાંથી પાછા આવવાની લબ્ધિ ન હોવાથી અહીં પાછો કરી શકું તેમ નથી. સાધુની વાત સાંભળીને સુવ્રતાચાર્યે કહ્યું, કોઇ ચિંતાની વાત નથી. તમો અહીં થી જાઓ. પછી વિષ્ણુકુમાર મુનિરાજ તમોને અહીં લઇ આવશે આ પ્રમાણે આચાર્ય મહા-રાજનો આદેશ મેળવીને તે મુનિ પક્ષીની માફક આકાશ માર્ગેથી ઉડયા અને ઉડતાં ઉડતાં એક જ ક્ષણમાં મેરૂતુંગ નામના પર્વત ઉપર વિષ્ણુકુમાર મુનિરાજ પાસે પહોંચી ગયા. વિષ્ણુકુમાર મુનિરાજે આ નવીન આવેલા મુનિને જોઇને વિચાર કર્યો કે સંઘનું કોઇ આવશ્યક કાર્ય જરૂર ઉપસ્થિત થયું છે, નહીં તો વર્ષાકાળમાં આ મુનિને આવવાની આવશ્યકતા હોય જ નહીં. વિષ્ણુકુમાર મુનિરાજ આ પ્રકારનો વિચાર કરતા હતા એટલામાં એ મુનિ તેમની પાસે જઈ પહોંચ્યા અને તેમને પ્રણામ કરી, અથથી ઇતી સુધીનો સઘળો વૃત્તાંત તેમને કહી સંભળાવ્યો. સાંભળીને વિષ્ણુકુમાર મુનિરાજ એ મુનિને સાથે લઇને તુરત જ હસ્તિનાપુર જવા ઉપડયા. હસ્તિનાપુર પહોંચતાની સાથે જ તેમણે સહુ પ્રથમ ગુરૂઓને નમસ્કાર કર્યા પછીથી તેઓ મુનિઓને સાથે લઇને નમુ-ચિની પાસે ગયા ત્યાં જેટલા રાજાઓ ઉપસ્થિત હતા તે સઘળાએ તેમને નમસ્કાર કર્યા. એ સ્થળે વિષ્ણુકુમારે ધર્મની દેશના આપી ધર્મનો દેશના જે સમયે ત્યાં ચાલી રહેલ હતી એ વખતે ત્યાં નમુચિ પણ હાજર હતો. તેને જોઇને મુનિરાજે નમુચીને કહ્યું, જુઓ ! આ સમયે વર્ષાકાળ ચાલી રહેલ છે. આથી વર્ષાકાળની સમાપ્તિ સુધી આ સઘળી મુનિમંડળી અહીંયાં રહે, તેઓ પોતે પણ એક જ સ્થળે ઘણો વખત સુધી રહેતા નથી. ફક્ત વર્ષાકાળના ચાર મહિના જ એક સ્થાને એકત્ર રહેવાનો આદેશ છે. આથી તે અનુસાર આ સઘળા મુનિઓ અહીં રોકાયેલ છે. કારણ કે આ સમયે પૃથ્વી અનેક સુક્ષ્મ જીવજંતુઓથી ઉભરાયેલી રહે છે આ મુનિયો વર્ષાકાળના ચાર મહિના આપના નગરમાં રહે તો એથી આપને શું આપત્તિ છે ? આપ આમને શા માટે અહીં રોકાવા નથી દેતા ? આ પ્રકારનું મુનિરાજ વિષ્ણુ-કુમારનું વચન સાંભળીને નમુચીએ ક્રોધિત બનીને તેમને કહ્યું, વારંવાર વધુ કહેવાની જરૂ-રત નથી. જોકે, પાંચ દિવસ પછી આપ લોકોમાંથી કોઇપણ સાધુ અહીં જોવામા આવશે તો તેને પકડી લેવામાં આવશે. આ પ્રકારની નમુચીની વાત સાંભળીને વિષ્ણુકુમારે ફરીથી તેનેકહ્યું, આ મહર્ષિજન છે. જો તેઓ નગરની બહારના ઉદ્યાનમાં રોકાય તો તેમાં શું હરકત છે ? સાંભળતાંજ આથી વધુ ક્રોધના આવેશમાં આવીને નમુચિ કહેવા લાગ્યો કે, નગર કે, બગીચાની વાત તો દૂર રહી પરંતુ આ પાખંડી સફેદ સાધુઓ મારા સન્યલશ્કરમાં કયાંય પણ રહી શકતા નથી. આથી તમો સઘળા સાધુ જો તમારી

પોતાની કુશળતા ચાહતા હોતો વહેલામાં વહેલી તકે મારા રાજ્યની હદમાંથી અન્ય સ્થળે ચાલ્યા જાવ. નમુચિની વાત સાંભળીને વિષ્ણુકુમાર મુનિને ક્રોધનો અંશ આવી ગયો. તેઓએ તને કહ્યું, ઠીક છે. તમે હવે એવું કરો કે, ત્રણ પગલાં જમીન આપો જેમાં સઘળા મુનિ રોકાઇ જશે. આ વાતને સાંભળતાંજ નમુચિએ એનો સ્વીકાર કર્યો, અને કહ્યું કે, આ ત્રણ પગલા જમીનની બહાર જે મુનિ રહેશે તેને ઠાર કરવામાં આવશે. કહો આ વાત તમને મંજુર છે? નમુચિની એ વાતને મંજુર કરીને વિષ્ણુકુમારે પોતાના શરીરને વિક્રિયા ઋદ્ધિથી વધારવાનો પ્રારંભ કરી દીધો. તેમનું શરીર ઉંચા પર્વતના જેવું ઉત્તુંગ થઈ ગયું. આ અવસ્થામાં મુગટ, કુંડળ, માળા, તથા શંખ ચક્ર, ગદા અને પદ્મને ધારણ કરેલા એવા એ મુનિરાજે પ્રલય-બળના પ્રબળ વાયુ સમાન સુસવાટા કરતાં પોતાના ચરણોના આઘાતો દ્વારા સઘળા મંડળે કંપાયમાન બનાવી દીધું. સમુદ્રો ઉછળવા લાગ્યા, શિખરો ઉપરનાં પત્થરો પડવા લાગ્યા, નક્ષત્ર ચક્રોને આંબળીની માફક દૂર કરી દીધા અને પોતાના વિવિધ રૂપો દ્વારા દેવ દાનવોને ક્ષુભિત કરી દીધા. આ પ્રકારની પ્રબળ વિશિષ્ટ શક્તિનો સંચય તેમના શરીરમાં થઇ ગયો. આ પ્રમાણે સમસ્ત જગતનો વિજય કરવામાં શક્તિ સંપન્ન બનેલ આ વિષ્ણુકુમાર મુનિરાજે ત્રણ પગલામાં જમીનને માપવાનો જ્યારે પ્રારંભ કર્યો ત્યારે તેના બે ચરણોમાં જ પૂર્વ સમુદ્ર અને અપૂર્વ સમુદ્ર સમાઈ ગયા હવે ત્રીજું સ્થાન એવું રહ્યું નહીં કે, જ્યાં ત્રીજું પગલું રાખી શકે. ત્યારે ત્રીજું પગલું મૂકવા માટે નમુચિને કહ્યું કે, હે નમુચિ! હવે બતાવો કે, ત્રીજું પગલું ક્યાં રાખું? પૂછતાંજ નમુચિ આકુળવ્યાકુળ બની ગયો અને કહ્યું કે, હે મુનિ! મારા મસ્તક ઉપર ત્રીજો પગ આપ રાખો. આ પ્રમાણે તે કહી રહ્યો હતો ત્યારે એ સમયે મહાપદ્મ ચક્રવર્તી અંતઃપુરમાં ત્યા સઘળો વૃત્તાંત સાંભળીને ત્યાં આવી પહોંચ્યા. તેઓએ ખૂબ વિનયથી મુનિરાજના ચરણોમાં વંદન કરીને કહ્યું, મહાત્મન! જો કે, આ અધમ મંત્રીએ મુનિગણોની અશાતના કરી છે પરંતુ આ પાપીના એ પાપથી આ સંસારમાં વસનારાઓને માટે મહાભય જાગી પડેલ છે. પ્રત્યેક પ્રાણી પોતાના પ્રાણોની રક્ષા કરવાની ફીકરમાં પડી ગયેલ છે એથી હે નાથ! આપ ત્રિભુવનની રક્ષા કરો. આજ પ્રમાણે તે મુનિરાજની ત્યાં ઉભેલા દેવ અને દાનવોએ પણ વિનંતી કરી તેમ સમસ્ત સંઘે પણ વિનંતી કરી. વિવિધ વાકયો દ્વારા ઉચ્ચ સ્વરથી પોતાને શાંત કરવામાં પ્રવૃત્ત થયેલા આ સઘળાને પોતાના ચરણોમાં ઉંધા પડી નમન કરી રહેલા જોઇને વિષ્ણુકુમાર મુનિરાજે વિચાર કર્યો કે, આ સમયે બધા ભયભીત બની ચૂકેલ છે. જેથી મારે આ વૈક્રિય શરીરને સંકેલી લેવું જોઈએ. આ પ્રકારનો વિચાર કરવાથી તેમનું શરીર હતું તેવું બની ગયું. આ કારણે એ સમયથી લઇને વિષ્ણુકુમારનું બીજું નામ ત્રિવિક્રમ પ્રસિદ્ધ થયેલ છે. આ પછી જ્યારે વિષ્ણુકુમાર મુનિરાજ ફરીથી મૂળ સ્વરૂપમાં આવી ગયા અને

અત્યંત દયાના સમુદ્ર હોવાથી જ્યારે તેમના દ્વારા તે દુષ્ટ પાપી નમુચિની પણ રક્ષા થઈ ત્યારે ચક્રવર્તીએ "આ પાપીનું રાજ્યમાં રહેવું ઉચિત નથી" આવા વિચારથી તેને દેશનિકાલ કરી દીધો. આ પ્રમાણે સંઘના કાર્યને સુસંપાદિત કરીને અને આલોચના દ્વારા શુદ્ધ થઈને તે વિષ્ણુકુમાર મુનિરાજે ચિરકાળ પર્યંત ખૂબજ અઘરાં એવાં તપોને તપીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરી અંતે મુક્તિને પામ્યા. મહાપદ્મ ચક્રવર્તીએ પણ ખૂબ લાંબા સમય સુધી ચક્રવર્તી પદની વિભૂતિનો ઉપભોગ કરીને પાછળથી સુવ્રતાચાર્યની પાસેથી જીન દીક્ષા અંગીકાર કરી દસ હજાર વર્ષ સુધી મહાન તપોની આરાધના કરી તથા આથી તેમના ઘનઘાતીયાં કર્મોનો નાશ થઇ જવાથી કેવળજ્ઞાની બન્યા. ત્યાર પછી તે અઘાતીયા કર્મોના વિનાશથી મુક્તિ પ્રાપ્ત કરી. એમના શરીરની ઉંચાઈ વીસ ધનુષની હતી. તથા તેમનું કુલ આયુષ્ય ત્રીસ હજાર વર્ષનું હતું. ॥૪૧॥

હરિષેણ ચક્રવર્તી કી કથા

તથા—"**एगच्छत्तं**" ઇત્યાદિ.

અન્વયાર્થ—**माननिसूरणो–माननिषूदनः** મદોન્મત શત્રુઓના અહંકારનું મર્દન કરવાવાળો **मणुस्सिदो–मनुष्येन्द्रः** એકવીસમા તીર્થંકરના વખતમાં થયેલા હરિષેણ નામના દસમા ચક્રવર્તીએ **महीं–महिं** પૃથ્વીને **एगच्छत्तं–एकच्छत्रं** પૂર્ણપણે પોતાના આધીન કરીને **अणुत्तरं गइम् पत्तो–अनुत्तरां गतिं प्राप्तः** સર્વોત્કૃષ્ટ મોક્ષ ગતિને પ્રાપ્ત કરી.

એમની કથા આ પ્રમાણે છે—

આ ભરતક્ષેત્રની અંદર કાંપિલ્યપુરમાં મહાહરિ નામના રાજા રાજ્ય કરતા હતા. તેને મેરા નામની પદરાણી હતી. તે રાત્રીના વખતે પોતાની મુકોમળ શૈયા પર સુતેલી હતી ત્યારે તેણે ચૌદ સ્વપ્ન જોયાં આ પછી તેને એક સર્વાંગ સુંદર કુમારનો જન્મ થયો. જેનું નામ હરિષેણ રાખવામાં આવ્યું. શુકલ પક્ષમાં જે રીતે ચંદ્રમાની વૃદ્ધિ થાય છે એવી રીતે પ્રતિદિવસ વધતાં વધતાં એ બાળક પોતાના યોગ્ય સમયે સકળ કળાઓમાં પારંગત બની ગયા. જ્યારે તેઓ યુવાવસ્થા સંપન્ન થયા ત્યારે મહાહરિ રાજાએ રાજ્યનો સઘળો કારોબાર તેમને સુપ્રદ કરી દઇ રાજ્યાસને બિરાજમનિ કર્યા. પિતાએ સોંપેલા રાજ્યનો સુંદરરીતે વહીવટ કરીને તેમજ લોકોનું પોતાના સંતાન સમાન હરેક રીતે પાલન પોષણ કરીને તથા સંરક્ષણ કરીને કેટલાક વર્ષો વ્યતીત કર્યાં. તેમના શરીરની ઉંચાઇ પંદર ધનુષ્યની હતી. એક દિવસ તેમના શસ્ત્રાગારમાં ચક્રરત્નની ઉત્પત્તિ થઇ તેના પ્રભાવથી તેમણે છ ખંડ ભરતક્ષેત્ર પર પોતાનું પૂર્ણ પ્રભુત્વ સ્થાપિત કર્યું ચક્રવર્તી પદને ભોગવતાં તેમના કેટલાંક વર્ષ વ્યતીત થયાં. એક દિવસની વાત છે કે, જ્યારે ચક્રવર્તી આનંદથી

પોતાના મહેલની અટારીમાં બેઠેલ હતા ત્યારે તેમણે શરદ્‌કાળના નિર્મળ ચંદ્રમાને થોડા સમય પછી રાહુથી ઘેરાયેલ જોયો. જોતાં જ લઘુકર્મી હોવાથી સંસારથી તેમનું ચિત્ત વિરક્ત બની ગયું તેઓએ વિચાર કર્યો. મને પૂર્વોપાર્જિત વિશિષ્ટ એવાં સત્કાર્યોના પ્રભાવથી આ મનુષ્ય જન્મમાં આટલી વિશિષ્ટ સમૃદ્ધિ પ્રાપ્ત થયેલ છે. આથી મારામાટે હવે એજ ઉચિત છે કે, હું પરલોકમા હિતાવહ એવા એક માત્ર ધર્મનું જ શરણ લઉં. કહ્યું પણ છે—

"मासैश्चष्टभिरह्ना वा, पूर्वेण वयसा तथा ।
कार्यं वर्षासु रात्रौ वा, वार्द्धक्ये स्यात्सुखं यथा" ॥१॥

આઠ મહિનામાં આ જીવે એવું કામ કરવું જોઇએ કે, જેના પ્રભાવથી તેને વર્ષા કાળના ચાર મહિનામાં સુખ મળતું રહે. તથા દિવસમાં એવું કર્તવ્ય કરતા રહેવું જોઇએ કે, જેનાથી તેને રાત્રીમાં સુખ મળતું રહે. તથા પૂર્વવયમાં પણ એવું કામ કરતા રહેવું જોઈએ કે, જેનાથી વૃદ્ધાવસ્થા સુખશાંતિથી વ્યતીત થતી રહે. તથા—

"आजन्म तत्तु कर्तव्यं, नरैः विमलमानसैः ।
येन लोके परे नित्यं, सुखं स्यात्परमं ध्रुवम्" ॥

નિર્મળ મનવાળા મનુષ્ય માટે એ જરૂરી છે કે, તે આ જન્મમાં એવું કર્તવ્ય કરે કે, જેનાથી પરલોકમાં નિત્ય અને ધ્રુવસુખ મળે આ પ્રમાણે વિચાર કરી હરિષેણ ચક્રવર્તીએ પોતાના પુત્ર વિમળસેનને રાજગાદી સુપ્રત કરીને સુભદ્રાચાર્યની પાસેથી દીક્ષા અંગિકાર કરી ચારિત્રનું સમ્યક્‌ રીતિથી પરિપાલન કરીને ચક્રવર્તીએ કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. આ પછીથી બાકી રહેલાં કર્મોનો પણ વિનાશ કરી મુક્તિપદ મેળવ્યું. આ હરિષેણ ચક્રવર્તીનું આયુષ્ય એકંદર દસ હજાર વર્ષનું હતું. ॥ ૪૨ ॥

जय चक्रवर्ती की कथा

तथा—"अन्निओ" इत्यादि !

અન્વયાર્થ—નમીનાથના શાસનકાળમાં **जयनामो–जयनाम** જય નામના અગીયારમાં ચક્રવર્તીએ **जिणक्खायं-जिनाख्यातम्** જીનેન્દ્ર પ્રતિપાદિત શ્રુત ચારિત્ર રૂપ ધર્મનું શ્રવણ કરી **रायसहस्सेहिं अन्निओ–राजसहस्रैः अन्वितः** હજાર રાજાઓની સાથે **सुपरिच्चाइ–सुपरित्यागी** રાજ્ય, સ ત દારા, આદિનો પરિત્યાગ કરીને જીનદીક્ષાને અંગિકાર કરી અને **दमं चरे–दमम् अचरत्** ઇન્દ્રિયો ઉપર કાબુ મેળવી તેનાથી તેઓ **अणुत्तरं गइम् पत्तो–अनुत्तराम् गतिं प्राप्तः** સર્વોત્કૃષ્ટ ગતિ એટલે મોક્ષને પ્રાપ્ત કર્યું.

તેમની કથા આ પ્રકારની છે—

આ ભરતક્ષેત્રમાં રાજગૃહ નામનું એક નગર હતું. ત્યાંનો વૈભવ જોતાં એવું જણાતું હતું કે, સઘળી સંપત્તિઓનું એ જાણે ઘર જ હોય. ત્યાંના શાસક યશરૂપી સુધાનો સમુદ્ર એવા સમુદ્રવિજય નામના રાજા હતા. તેમને વપ્રા નામની પટ્ટરાણી

હતી. તે લાવણ્ય અને તારૂણ્યથી પરિપૂર્ણ તથા શીલરૂપ અલંકારોથી અલકૃત હતી. ગુણવળીરૂપ શાળીધાન્યની ઉત્પત્તિ માટે તે વપ્રક્ષેત્ર જેવી હતી. તે એક સમય રાત્રીના વખતે પોતાના રાજભવનમાં કોમળ એવી શૈયા ઉપર સૂતેલી હતી. ત્યારે તેણે રાત્રીના પાછલા પહોરમાં ચૌદ સ્વપ્નાં જોયાં. સ્વપ્નોનું યથાવત વૃત્તાંત પોતાના પતિને નિવેદન કરીને પછીથી તેમની પાસેથી જાણવા મળ્યું કે, "મને મહાપ્રતાપી પુત્ર થશે" આ સાંભળીને રાણીને અપાર હર્ષ થયો. તેણે પોતાના ગર્ભની રક્ષા તેમજ પુષ્ટી કરવામાં જરા પણ કચાસ ન રાખી. જ્યારે ગર્ભ પૂરા નવ માસ અને સાડાસાત દિવસનો પૂર્ણ અને પરિપકવ થઈ ચૂકયો ત્યારે યોગ્ય સમયે વપ્રાએ એક પુત્રને જન્મ આપ્યો. માતા પિતાને તેના જન્મથી હર્ષ થયો. તેઓએ તેનું નામ જય રાખ્યું. જય જ્યારે યુવાન થયો ત્યારે રાજકન્યાઓની સાથે એમનો વિવાહ કરી આપ્યો. તેના શરીરની ઉંચાઇ બાર ધનુષ્યની હતી. પિતાએ રાજ્યધુરાનું વહન કરવાની તેનામાં સંપૂર્ણ શક્તિ જાણી ત્યારે તેઓએ તેને રાજ્યગાદ્દી સુપ્રત કરીને પોતે સંભૂતિ વિજયાચાર્યની પાસેથી દીક્ષા લીધી અને આત્મકલ્યાણ કરવાની સિદ્ધિમાં લાગી ગયા. જયના શસ્ત્રાગારમાં રાજ્યની પ્રાપ્તિ પછી ચૌદ રત્નોની ઉત્પત્તિ થઇ ચક્રરત્ન દ્વારા પ્રદર્શિત માર્ગ અનુસાર ચાલીને જયે સઘળા ભરતક્ષેત્રને પોતાના આધિન કરીને ચક્રવર્તીના પદ ઉપર બીરાજમાન થયા. ચક્રવર્તી પદની વિભૂતિ ભોગવતાં ભોગવતાં જયનાં જ્યારે અનેક વર્ષ વીતિ ચૂકયાં ત્યારે એક સમયે રમણીય સંધ્યાકાળના થોડા સમય પછી સંધ્યાના એ રંગોને વિલીન થયેલા જોતાં તેના ચિત્તમાં વૈરાગ્યભાવ જાગૃત થઇ ગયો. તેમણે વિચાર્યું—

"सुचिर मपि उषित्वा, स्यात्प्रियैर्विप्रयोगः,
सुचिर मपि चरित्वा, नास्ति भोगेषु तृप्तिः ।
सुचिर मपि सुपुष्टं, याति नाशं शरीरम्,
सुचिर मपि विचिन्त्यो, धर्म एकः सहायः" ॥१॥

આ પ્રકારનો વિચાર કરી, સંસાર, શરીર, અને ભોગોથી વૈરાગ્ય આવી જતા ચક્રવર્તીએ પુત્રને રાજગાદ્દી ઉપર સ્થાપિત કરીને વિજયભદ્રાચાર્યની પાસે દીક્ષા અંગીકાર કરી અને ખૂબજ કઠીન એવાં તપોનું આરાધન કરવાનો પ્રારંભ કર્યો આ પ્રકારથી ઉગ્ર તપસ્યારૂપ અગ્નિથી કાલાન્તરમાં ઘાતીયા કર્મરૂપી ઇંધણને ભસ્મિભૂત બનાવીને તેઓએ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરીને પછીથી બાકી રહેલાં અઘાતીયા કર્મોનો પણ નાશ કરીને મુક્તિ પ્રાપ્ત કરી. તેમના સઘળા આયુષ્યનું પ્રમાણ ત્રણ હજાર વર્ષનું હતું ॥ ૪૩ ॥

તથા—"दसण्णरज्जं" ઇત્યાદિ.

અન્વયાર્થ—सक्खं सक्केण चोइओ—साक्षात् शक्रेण नोदितः અધિક સંપત્તિના બતાવવાથી ધર્મ તરફ પ્રેરિત કરવામાં આવેલા दसण्णभद्दो—दशार्णभद्रः દશાર્ણભદ્ર નામના રાજાએ मुइयं दसण्णरज्जं चइत्ता—मुदितं दशार्णराज्यं त्यक्त्वा સમૃદ્ધિશાળી એવા દશાર્ણ દેશના રાજ્યનો પરિત્યાગ કરીને णिक्खंतो—निष्क्रान्तः દીક્ષા અંગિકાર કરી અને मुणी चरे—मुनिः अचरत् મુનિ અવસ્થામાં રહીને આ પૃથ્વી મંડળમાં અપ્રતિબદ્ધ વિહારી બન્યા

એમની કથા આ પ્રકારની છે—

દશાર્ણદેશમાં દશાર્ણપુર નામનું એક પુર હતું. એના શાસક કલ્યાણોના આશ્રયભૂત દશાર્ણભદ્ર રાજા હતા. માનસરોવરમાં હંસોની માફક તે રાજા સજ્જનોના માનસમાં નિવાસ કરતા હતા. જીનધર્મની આરાધના કરવામાં એમનું અંતઃકરણ ઘણું આસક્ત રહ્યા કરતું હતું. તેમને પાંચસો રાણીઓ હતી. રૂપ, યૌવન અને લાવણ્યવાળી હતી. સમુદ્રના જળની માફક તેની સેના સમસ્ત ભૂમંડળને વ્યાપ્ત કરી દેવામાં સમર્થ હતી. તો પણ તે કદી મર્યાદાનું ઉલ્લંઘન કરતી ન હતી. જો કે, રાજામાં એવી અધિક સામર્થ્ય શક્તિ હતી, કે બીજા રાજાઓ ઉપર આક્રમણ કરીને તેમને પોતાના આધિન બનાવી શકે. તો પણ તેમણે એવું કદી પણ કરેલ ન હતું.

આ સમયે વિરાટ દેશમાં ધન ધાન્યથી પરિપૂર્ણ ધનમિત્ર નામના ગામડાના એક મુખીનો વસુમિત્ર નામનો પુત્ર હતો તેની પત્નિનું નામ કુડૂમલા હતું, તે રૂપલાવણ્યથી ભરપૂર હતી. પરંતુ ચારિત્રમાં તદ્દન ઉતરતી કોટીની હતી. જ્યારે તેનો પતિ વસુમિત્ર ઘેરથી બહાર કોઇ ગામ જતો ત્યારે તે કોઈ નગર રક્ષકમાં અનુરક્ત રહેતી હતી. કોઇ એક સમયે ત્યાં ઘણાં નટલોક આવ્યા હતા. તેઓએ ત્યાં નાટક કર્યું તેની અંદર એક તરૂણ નટ સ્ત્રીનો વેશ લઈને નાચ્યો. તેને જોઈને કુડૂમલા તેના ઉપર આસક્ત થઈ ગઈ. કારણ કે, તેણીએ અનુમાનથી એવું જાણી લીધું કે, આ સ્ત્રી નથી પરંતુ સ્ત્રીના વેશમાં તરુણ નટ છે. આથી તેણે તેને પોતાના ઘર ઉપર બોલાવ્યો અને તેના માટે ખીરનું ભોજન બનાવ્યું. અને તેની સામે થાળીમાં એ ખીર પીરસીને રાખી દીધી. નટ આ ખાવાની તયારી કરી રહ્યો હતો એવામાં કોટવાળે આવીને કહ્યું કે, કમાડ ખોલો. કોટવાળનો અવાજ સાંભળીને કુડૂમલા ગભરાઈ ગઈ અને ધીરેથી તે નટને કહેવા લાગી કે, તું તેલના કોઠારમાં જઈને એક તરફ છુપાઇ જા. નટ તરતજ તેલના કોઠારમાં જઇને એક બાજુ છુપાઇ ગયો. કુડૂમલાએ એ પછી કમાડ ખોલ્યું. કમાડ ખુલતાં નગરરક્ષક અંદર આવ્યો આવતાં જ તેણે તે ખીરથી પીરસેલા થાળને જોયો. આથી તેણે કુડૂમલાને પૂછ્યું કે, આ થાળ કોના માટે પીરસી રાખ્યો છે? એણે

તરતજ કુટીલતાથી જવાબ આપ્યો કે, હું ભૂખી હતી જેથી ખાવા માટે બેસતી હતી ત્યાં આપ આવ્યા જેથી થાળ પીરસેલો રહેલ છે. અને મારે આપના માટે કમાડ ખોલવા આવવું પડયું. આ સાંભળીને નગરરક્ષકે કહ્યું તું પાછળથી ખાઈ લેજે. આ વખતે હું ખૂબ ભૂખ્યો થયો છું જેથી તારી પહેલાં હું ખાઇ લઉં છું આમ કહીને જ્યારે તે ખાવા બેસવાની તૈયારી કરતો હતો તેવામાં તેનો પતિ વસુદેવ આવ્યો અને અવાજ દીધો કે, કમાડ ખોલો. તેના પતિનું અચાનક આગમન જાણીને નગરરક્ષકે કહ્યું કે, કહો હવે કયાં જાઉં ? આ સાંભળીને કુડ્મલાએ કહ્યું કે, આપ તેલના કોઠારમાં દૂર ન જતાં પાસે જ એક તરફ છુપાઈ જાવ. ખૂણામાં છુપાતાં નહીં. કારણ કે, ત્યાં સર્પ રહે છે. ત્યારપછી જઇને કુડ્મલાએ પોતાના પતિને માટે કમાડ ખોલ્યું. પતિ અંદર આવ્યો, ભોળા એવા તે બીચારાએ ખીરથી પીરસેલા થાળને જોઇને કહ્યું કે, ખીરનો થાળ કોના માટે પીરસ્યો છે? ત્યારે તેણે એ જવાબ દીધો કે. હું ભૂખી હતી અને થાળ પીરસી જ્યાં જમવાનો વિચાર કર્યો ત્યાં આપે દરવાજો ખોલવાનો અવાજ દીધો જેથી આને જેમની તેમ છોડી ને આપના માટે દરવાજો ખોલવા ચાલી આવી. જેથી આ ખીર પીરસેલી પડી છે. પતિની વાત સાંભળીને વસુમિત્રે કહ્યું, પ્રિયે! મારે કાર્યવશાત બીજી જગ્યાએ જવાનું છે જેથી હુંજ તે ખાઈ લઉં છું. આ સાંભળીને તે કુડ્માએ કહ્યુ, નાથ! આજ તો અષ્ટમી છે તો સ્નાન કર્યા વગર આપ કેમ ખાશો. તે સાંભળીને વસુમિત્રે કહ્યું. મારે સ્નાન કરવાની શું આવશ્યકતા છે? તેં સ્નાન તો કર્યું છે. તે માની લે કે, મેં સ્નાન કર્યું છે પતિની વાત સાંભળીને કુડ્મલા પછીથી બોલી કે, આપણે તો શૈવધર્મી છીએ શૈવોએ સ્નાન કર્યા વગર ભોજન કરવું ઉચિત નથી. આ તરફ પતિના કહેવા પર વસુમિત્રે જરાય ધ્યાન આપ્યું નહીં અને જબરજસ્તીથી ખાવા બેસી ગયો.

બીજી તરફ તેલના કોઠારના એક ખુણામાં છુપાયેલા નટે વિચાર કર્યો કે "આ વખતે હું ખૂબ ભુખ્યો થયો છું જેથી અહીં ભરેલા તલને ખાઇને મારી ભૂખને શા માટે શાન્ત ન કરૂં" આવો વિચાર કરીને તેણે તલને મસળીને તેમજ ફુંકીને ખાવાની શરૂઆત કરી તેનો આ ફુંકાર સાંભળીને ગ્રામરક્ષકે વિચાર કર્યો કે, કુડ્મલાએ ખૂણામાં સર્પ હોવાની જે વાત કરેલ હતી તે ખરેખર સત્ય જ છે. કારણ કે ખૂણામાંથી સર્પનો ફુંકાર સંભળાઈ રહ્યો છે. કદાચ તે નીકળીને જો મને કરડશે તો મારૂં અકાળ મરણ થશે જેથી જ્યારે ઘરનો માલીક ખાવામાં તલ્લીન થઇ ગયો છે એવી સ્થિતિમાં છુપાઇને અહીંથી નીકળી જવામાં હરકત જેવું નથી. આવો વિચાર કરીને તે નગરરક્ષક તે તેલના કોઠારમાંથી છુપાઇને નાસી છુટયો. નટે પણ "આ સમય ભાગવાનો છે" એવો વિચાર કર્યો. જેથી તે પણ છુપાઈને ભાગી ગયો. વસુમિત્રે જ્યારે બી પુરૂષને આ પ્રમાણે ઘરમાંથી બહાર નીકળતા જોયા તો તેણે કુડ્મલાને પૂછયું કે ઘરમાંથી આ બે કોણ નીકળ્યા? ત્યારે કુડ્મલાએ કહ્યું, નાથ! મેં નિરંતર સેવા કરવાને માટે ઘરમાં શંકર પાર્વતીને રોકી લીધા હતા પરંતુ આજે આપે

સ્નાન કર્યા વગર ભોજન કર્યું તેથી બીજાઇને આપણે ત્યાંથી ચાલી ગયેલ છે. આ વાત સાંભળીને પશ્ચાત્તાપ કરતાં તે ભોળા વસુમિત્રે કહ્યું, પ્રિયે ! હવે તે ફરીથી આપણા ઘરમાં કેમ પાછા આવે ? પત્નિએ એવો વિચાર કર્યો કે જો " આ પરદેશ ચાલ્યો જાય તો હું આનંદપૂર્વક મન માન્યું કરું " આવું વિચારીને પતિને કહ્યું કે, તમે ધંધામાંથી ખૂબ ધન કમાઈને શંકર પાર્વતીની પૂજા કરો તો એ બન્ને ફરીથી આપણા ઘરમાં રહેવા માટે આવે. પત્નિની આવી વાત સાંભળીને વસુમિત્ર દશાર્ણ દેશમાં જઈને કોઇ એક ક્ષેત્રમાં ધંધો કરવા લાગી ગયો. તેમાંથી તેણે દશ ગદ્દિયાણા પ્રમાણ સોનું પેદા કર્યું. જો કે, તે ધન ઘણું જ થોડું હતું આથી તેને સંતોષ ન થયો તો પણ તેને ઘેર પહોંચવાની ભારે ઉત્કંઠાથી વ્યાકુળ બનાવી દીધો. આથી તે પોતાના ઘરના તરફ નીકળી પડયો. મધ્યાન્હ કાળમાં જ્યારે તે કોઈ ઝાડની છાયામાં વિશ્રામ કરવા માટે બેઠેલ હતો તે સમયે ત્યાં ખૂબજ દોડથી કુદતા ચાલનારા ઘોડાથી અપહૃત થયેલ અને તૃષાતુર બનેલ એવા દશાર્ણરાજા પણ આવી પહોંચ્યો. આકૃતિથી રાજાને સત્પુરૂષ જાણીને વસુમિત્રે પાણી લાવીને તેને પાયું. જળ પીને રાજા ઘોડા ઉપરથી પલાણ વગેરે ઉતારી તેને બીછાવીને તે છાયામાં વિશ્રામ કરવા માટે બેઠો ક્ષણભર વિશ્રામ લીધા બાદ રાજાએ વસુમિત્રને પૂછયું, તમે કોણ છો ? કયાંથી આવી રહ્યા છો ? રાજાના પુછવાથી વસુમિત્રે પોતાનો સઘળો વૃત્તાંત તેને કહી સંભળાવ્યો રાજા જ્યારે તેના વૃતાંત્તથી પરિચિત થયા ત્યારે તેણે વિચાર્યું કે, અવશ્ય આની પત્નિ દુશ્ચરીત્રવાળી છે. આથી તેણે આ સરળ સ્વભાવવાળા માણસને તેને આ રીતે ઠગેલ છે. પરંતુ આ કેટલો ભલો મનુષ્ય છે કે, તે આ રીતે ઠગાવા છતાં પણ પોતાના દેવ અને ધર્મની શ્રદ્ધામાં દૃઢ બની રહે છે ? તેની આ શ્રદ્ધા મને આશ્ચર્ય ચકિત બનાવી. રહેલ છે. તેનો સ્વધર્મ પ્રત્યે કેટલો અનુરાગ છે જે ધન ન હોવા છતાં તેના ઉપાર્જનથી પોતાના દેવતાની અર્ચના કરવા માટે લાલસા વાળો બની રહેલ છે. સંસારમાં ખરેખર એવું જ જોવામાં આવે છે કે વિદ્વાન હોવા છતાં પણ લોક ઉર્શંઙ્ખલ્ત દ્રવ્યનું વ્યસન આદિના સેવન કરવામાં ખોટી રીતે ઉપયોગ કરે છે. પરંતુ આ જો કે મુગ્ધ છે છતાં પણ ધનનો આ પ્રકારથી ખોટા ઉપયોગ કરવા માટે ઉપાર્જન કરવાની ભાવના વાળો દેખાતો નથી. ખરેખર ધર્મ કરવાના માટે જ ધન કમાવાની ભાવના આ રાખી રહેલ છે. અને એના માટે જ એનું ઉપાર્જન કરવામાં દુઃખોનો સામનો કરી રહેલ છે. તો આવા દૃઢ ધર્મીનું મારાથી કાંઇક સારૂં થાય તો એ ઘણી જ સારી વાત છે. આવો વિચાર કરી પછીથી એવો વિચાર કર્યો કે, જ્યારે ચરમ તીર્થંકર મહાવીર પ્રભુ અહીં આવશે ત્યારે હું પણ તેમની ઉત્કૃષ્ટ ભાવનાથી પર્યુપાસના કરીશ. રાજા આ પ્રકારની વિચારધારામાં જ્યારે એકતાન બની રહેલ હતા એટલામાં અશ્વના પગલાને જોતા જોત તેમના

સનિકો પણ ત્યાં આવી પહોંચ્યા. રાજા તે વસુમિત્રને પોતાના સૈનિકોની સાથે લઈને દશાર્ણપુર આવી પહોંચ્યા. ત્યાં તેઓએ ભોજન વગેરેથી તે વસુમિત્રનું ખૂબ સ્વાગત કર્યું. થોડા સમય પછી પ્રતિહારે આવીને રાજાને નિવેદન કર્યું કે, મહારાજ! આજ પુરના ઉદ્યાનમાં ચરમ તીર્થંકર મહાવીર પ્રભુ આવેલ છે પ્રતિહારની આ કર્ણ અમૃત વાણીને સાંભળીને રાજાના હર્ષનો પાર ન રહ્યો. તેના શરીરે રોમાંચ અનુભવ્યો. સાંભળતાં જ તે સિંહાસનથી ઉઠીને તે દિશામાં કે, જ્યાં પ્રભુ બીરાજમાન હતા તે તરફ સાત આઠ પગલાં આગળ જઈને ભૂમિમાં માથુ ટેકવીને નમસ્કાર કર્યો. પછી પ્રભુના આગમનનાં ખબર આપનાર પ્રતિહારને જીવીકા યોગ્ય પ્રીતિદાન આપ્યું. પ્રભુનું આગમન સાંભળીને રાજાને અંતઃકરણમાં એવો વિચાર ઉઠયો કે, જ્યારે આ વિદેશી વસુમિત્ર જો કે, વાસ્તવિક વિવેકથી વિકલ અને નિર્ધન છે અને પોતાના દેવતાની આરાધના કરવા માટે પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરવા માટે તત્પર થઇ રહેલ છે તો મારા જેવી ધનસંપન્ન વ્યક્તિઓને કે જેની પાસે કોઈપણ પ્રકારની સામગ્રીની ન્યૂનતા નથી સઘળું છે. આથી એ શિક્ષા લેવી જોઈએ કે, હું પણ અરહંત દેવની સેવા વિશેષ રૂપથી કરૂં.

આ પ્રકારનો વિચાર કરી રાજાએ ગજ, ઘોડા, આદિનું રક્ષણ કરનાર પુરૂષોને બોલાવી એવી આજ્ઞા આપી કે, સવારમાં અર્હંતપ્રભુની વંદના કરવા માટે અમો જવાના છીએ તો તમો પોત પોતાના અધિકારમાં રહેલા હાથી, ઘોડા, વગેરેને સઘળા આભૂષણોથી સુસજ્જ કરીને તૈયાર રાખજો. આ પ્રમાણે પોતાના રાજપુરૂષોને પણ આદેશ આપ્યો કે આપ સઘળા નગરભરમાં એવી ઘોષણા કરાવો કે, સવારમાં સર્વજ્ઞ વીર પ્રભુની વંદના કરવા માટે જવાનું છે તો સઘળા સચિવ, સામંત, અને પુરિવાસી લોકોશ્રેષ્ઠ સામગ્રીને સજાવી રાખે રાજાનો આદેશ મળતાં જ સઘળા કર્મચારી અને પદાધીકારીઓએ પોત પોતાના કર્તવ્યનું પાલન કર્યું. તેમજનગરને પણ ધ્વજ પતાકા આદિદ્વારા શણગારાવ્યું. આ સમયે નગર સ્વર્ગ જેવું સુંદર દેખાવા લાગ્યું. બીજા દહાડાનો પ્રાતઃકાળ થતાં જ રાજા પોતાનું સમસ્ત પ્રાતઃકર્મ પુરૂં કરી, ચંદનથી દેહને લેપી અને દેવદૂષ્ય બે વસ્ત્રોને ધારણ કરી પછી આભૂષણોને યથાસ્થાન પહેર્યાં ત્યાર બાદ હાથી ઉપર સવારી કરી પ્રભુને વંદના કરવા માટે ચાલ્યા. આ પ્રમાણે પ્રભુને વંદના કરવા જવાનો તેણે પહેલેથી જ સંકલ્પ કરેલ હતો. રાજા જ્યારે હાથી ઉપર સવારી કરીને પ્રભુ વંદના માટે જઇ રહ્યા હતા ત્યારે તેના માથા ઉપર પૂર્ણચંદ્ર મંડળ જેવું ધરાયેલું શ્વેતછત્ર સુશોભિત લાગતું હતું તથા આજુબાજુથી ચાર ધોળાં ચમર ઢોળાઇ રહ્યાં હતાં સામંત જન પણ સંપૂર્ણ પણે સજ્જ થઇને પોતપોતાના હાથી ઉપર બેસીને રાજાની સાથે સાથે જઇ રહ્યા હતા તે સમયે જોવાવાળાને એમ લાગતું હતું કે, જાણે સામાનીક દેવોથી પરિવૃત ઈંદ્ર જ જઇ રહેલ છે. હાથીનું સંચાલન રાજા સ્વયં કરી રહેલ હતા. રાજાના પગની આંગળીઓથી પ્રેરીત બનીને હાથી તેમની ઈચ્છા પ્રમાણે ધીરેધીરે

ચાલી રહેલ હતો. સાથે બીજા પણ અઢાર હજાર હાથી હતા. જે મણી વગેરેથી શણગારાયેલ હતા તેમના ચાલવાથી એવું લાગતું હતું કે જાણે જંગમ પર્વતજ ચાલીને જઈ રહેલ છે એમની પાછળ નાના પ્રકારના શણગારથી સજ્જયેલા ચોવીસ લાખ ઘોડા તથા સૂર્યના રથની માફક એકવીસ હજાર રથ કે જેમાં ઉત્તમમાં ઉત્તમ શણગારેલા ઘોડા જોડવામાં આવેલ હતા. તેમની પાછળ પાછળ અનેક પ્રકારના શસ્ત્રોને ધારણ કરેલા અને સઘળી વિપત્તિઓનું નિવારણ કરવાવાળા એવા કરોડો સૈનિકો ચાલી રહેલ હતા. સાથે પાંચસો રાણીઓ પણ પાલખીમાં આરૂઢ થઇને જઈ રહેલ હતી. પાલખીઓને ઉપાડનારાઓ પોતપોતાની કાંધો ઉપર ઉઠાવીને જઈ રહ્યા હતા. જેમ દેવીઓથી અધિષ્ટિત વિમાન પોતાની સુંદરતાથી અનુપમ લાગે છે તેવી રીતે આ પાલખીઓ પણ તે રાણીઓના તેમાં બેસવાથી વિશેષ સુંદર દેખાઇ રહી હતી. ઘુઘરીઓના મધુરા શબ્દથી ગુંજતી પાંચવર્ણવાળી સોળ હજાર ધજાઓ ઉંચે ઉંચે ફરકતી સાથે જઈ રહી હતી આ સમયે, બંસરી, વીણા, મૃદંગ, ઝાંઝ આદિ વિવિધ વાજીંત્રો દ્વારા તથા એક જ સાથે વાગતા ભંભા, ભેરી, આદિના નાદથી શબ્દાદ્વૈતવાદીનો સિદ્ધાંત પુષ્ટ કરાઇ રહેલ હતો. કેમ કે, આ સમયે શબ્દો સિવાય બીજું કાંઇ પણ સાંભળમાં આવતું ન હતું. હજારો મંગળ પાઠક જનો માંગલિક વાકયો બોલી રહ્યા હતા. ગાનારાઓ મધુર ગીતો દ્વારા શ્રોતાઓના કર્ણમાં અમૃતની વર્ષા જેવું સંભળાવી રહ્યા હતા આ પ્રકારે ઘણા ઠાઠમાઠ સાથે સઘળા જનોના મનને આનંદિત કરતા પ્રભુની ભકિત ભાવરૂપ અમૃતથી સુકૃતિ જનોના મનમાં સંચિત કરતા કરતા, કલ્પવૃક્ષ સમાન યાચક જનોને દાન દેતા દેતા, દશાર્ણભૂપતિ પોતાને ઘણાજ અધિકરૂપથી ઉત્કૃષ્ટ પુણ્યરૂપ સંપત્તિના ભોકતા માનીને પુરજનો તેમજ વસુમિત્રની સાથે ચાલતાં ચાલતાં સમવસરણની પાસે આવી પહોચ્યા. જ્યારે તેમણે આંખ ઉઠાવીને પોતાની વેશ ભૂષા તેમ જ કિમતી માણીકય આદિકોથી વિભૂષિત થયેલ અપાર ચતુરંગીણી સેનાને સામંતચક્રને તથા સર્વોત્કૃષ્ટ વિભૂતિને જોઇ ત્યારે મનમાં વિચાર કરવા માંડયો કે, જે ઠાઠમાઠથી હું પ્રભુની વંદના કરવા આવ્યો છું એવા ઠાઠમાઠથી કોઇ પણ આવેલ નથી. તેમના આ મનોગત ભાવને પ્રભુની વંદના માટે આવેલા ઇન્દ્ર અવધિજ્ઞાનથી જાણીને વિચાર કર્યો કે જુઓ ! આ રાજાની પ્રભુમાં કેટલી અડગ શ્રદ્ધા છે. આ પ્રકારની ભક્તિ જીનેશ્વર તરફ કોઈ કોઈ પુણ્યશાળીને જ થાય છે. પરંતુ આ વિષયમાં તેણે અભિમાન કરવું ઉચિત નથી. કેમકે, ચક્રવર્તી બળદેવ અને વાસુદેવ પણ તીર્થંકરને વંદના કરવા આવે છે ત્યારે એમના અશ્વર્યની સામે આ રાજાનું અશ્વર્ય કેટલા પ્રમાણનું છે.? આવો વિચાર કરી ઇન્દ્રે રાજાને સંપત્તિના ઉત્કૃર્ષથી ઉત્પન્ન થયેલા અભિમાનને દૂર કરવા માટે તથા તેને પ્રતિ બોધિત કરવા માટે શુક્લત્વગુણ અને ઉચ્ચત્વગુણ દ્વારા કલાસ પર્વતને ઝાંખો પાડનાર ચોસઠ હજાર હાથીઓને પોતાની

વૈક્રિય શક્તિ દ્વારા ઉત્પન કર્યા આમાં દરેક હાથીનાં પાંચસો બાર ૫૧૨ મોઢાં, એક એક મોઢાંમાં આઠ આઠ દાંત, એક એક દાંતમાં આઠ આઠ મનોહર પુષ્કર અને પ્રત્યેક પુષ્કરમાં એક એક લાખ પત્તાવાળાં આઠ આઠ કમળ ઇન્દ્રે ઉપજાવ્યાં. પ્રત્યેક પત્તામાં બત્રીસ પ્રકારના નાટકને કરવાવાળા નટોને, અને કમળોની પ્રત્યેક કર્ણિકામાં ચાર દરવાજાવાળા પ્રાસાદ પણ ઇન્દ્રે બનાવ્યા તથા પ્રત્યેક પ્રાસાદમાં આઠ આઠ ઇન્દ્રાણીઓની સાથે બેસીને ઇન્દ્ર બત્રીસ પ્રકારનાં નાટકોને જોઈ રહ્યા છે, એવું પણ ઇન્દ્રે ત્યાં બતાવ્યું. આ પ્રકારનાં ઐશ્વર્ય થી સંપન્ન બનીને તે ઇન્દ્ર આકાશથી નીચે ઉતર્યા અને પ્રભુને ત્રણ પ્રદક્ષિણા કરી પછીથી વંદના કરી હાથ જોડી તેમની સામે બેસી ગયા. રાજાએ જ્યારે આ પ્રકારની વિભૂતિથી વિશિષ્ટ ઇન્દ્રને ભગવાનને વંદના કરતા જોયા તો મનમાં વિચાર કર્યો કે, હું કેટલો અજ્ઞાની છું, જે મને આ તુચ્છ સંપત્તિ પર અભિમાન જાગ્યું. મને ધિક્કાર છે. આમની સંપત્તિની સામે મારી આ સંપત્તિની શું ગણના છે ? સાચું છે કે, સૂર્યના તેજ પાસે આગીયાનું તેજ શી વીસાતમાં ? જે પ્રાણી તુચ્છ હોય છે તેજ કિચડવાળાં પાણીમાં રહેલા દેડકાની માફક પોતાની સંપત્તિને જ ઘણી ભારે સમજે છે, અને તેના ગર્વમાં ફુલાઇ રહે છે, ધર્મના પ્રભાવથી જ પ્રાણીઓને સંપત્તિની પ્રાપ્તિ થાય છે. મને પણ જે આ સંપત્તિ પ્રાપ્ત થઈ છે તેમાં પણ ધર્મનો પ્રભાવ કારણ ભૂત છે. ધર્મ વગર સંપત્તિ મળી શકતી નથી, અને જો મળે તો પછી સંસારમાં કોઇ નિર્ધન રહે જ નહીં. આથી એ નિશ્ચિત વાત છે કે, પ્રકૃષ્ટ સંપત્તિની પ્રાપ્તિમાં પ્રકૃષ્ટ ધર્માચરણ જ કારણ છે. વિષાદનો પરિત્યાગ કરી સઘળા શ્રેયનું મૂળ કારણ એક ધર્મનો જ મારે આશ્રય કરવો જોઈએ.

આ પ્રકારનો સારી રીતે વિચાર કરવાથી રાજાને સંસાર, શરીર, અને ભોગોથી વૈરાગ્યભાવ જાગૃત થયો તેવા વૈરાગ્યભાવનાં મગ્ન બનેલા એ દશાર્ણભદ્ર રાજા ભગવાનની પાસે પહોંચ્યા અને વંદના કરીને કહેવા લાગ્યા કે, ભગવાન ! ભવ ઉદ્વીગ્ન એવા આ પ્રાણીને દીક્ષા દાન આપીને અનુગૃહિત કરો. આ પ્રમાણે વ્રતાર્થી એ રાજાએ પોતાના હાથથી કેશોનું લોચન કરવા માંડયું. આ પ્રમાણે પોતાના હાથથી કેશોનું લોચન કરતા રાજાને વિશ્વના વત્સલ એવા વીર પ્રભુએ તને દીક્ષા આપી. એની સાથે જ વિશ્વમિત્રે પણ દીક્ષા અંગીકાર કરી લીધી. સાચું છે કે, સત્યપુરૂષોનો સંગ સકલ કલ્યાણોને આપનાર બની જાય છે. ઇન્દ્રે જ્યારે આ જોયું કે દશાર્ણભદ્ર રાજ ઋષિ બની ચૂકેલ છે ત્યારે ઇન્દ્રે રાજાને કહ્યું કે, હે મુનિ ! આપને ધન્ય છે. કે, આપે આટલી ઉત્કૃષ્ટ વિભૂતિનો જલદીથી ત્યાગ કરી દીધો છે. હે સત્ય પ્રતિજ્ઞ મહાત્મન્ ! આ પ્રમાણે મેળવેલા રાજ્યનો પરિત્યાગ કરીને સંયમનો સ્વીકાર કરવાળા આપે પોતાની પ્રતિજ્ઞા સાચી કરી બતાવેલ છે. અને

ચાર પ્રત્યેક બુદ્ધ કે નામ

તથા— "**नमी–नमेइ**" ઇત્યાદિ !

અન્વયાર્થ—**नमि–नमिः** નમી નામના રાજા કે જે **वैदेही–वैदेहः** વિદેહ દેશમાં ઉત્પન્ન થયેલ હતા. **गेहं–गृहम्** તે ગૃહનો **चइउण–त्यक्त्वा** ત્યાગ કરીને **समणे पज्जुवट्ठिओ–श्रामण्येपर्यु स्थितः** ચારિત્ર ધર્મનું અનુષ્ઠાન કરવામાં એકરૂપ બન્યા હતા. જો કે, એમની **सक्खं सक्केण चोइओ–साक्षात् शक्रेण नोदितः** સાક્ષાત બ્રાહ્મણરૂપધારી ઇન્દ્રે જ્ઞાનચર્યામાં પરીક્ષા કરી હતી તો પણ તેમણે **अप्पाणं नमेइ–आत्मानं नमयति** ન્યાયમાર્ગમાં જ પોતાના આત્માને ઝુકાવેલ હતો–સ્થાપિત કરેલ હતો. આથી તે કર્મરજથી રહિત બની ગયા. તેની કથા પાછલા નવમા અધ્યયનમાં વર્ણવાઈ ચુકેલ છે આથી ત્યાંથી જોઈ લેવી ।। ૪૫ ।।

હવે બે ગાથાઓ દ્વારા સૂત્રકાર ચાર પ્રત્યેક બુદ્ધોને જેઓ એકજ સમયમાં સિદ્ધ બનેલ છે. એમનાં નામ પ્રદર્શિત કરે છે.—"**करकंडू**" ઇત્યાદિ.

અન્વયાર્થ—**कलिंगेसु–कलिङ्गेषु** કાલિંગ દેશમાં **करकंडू–करकण्डुः** કરકંડૂ નામના રાજા હતા. **य पंचालेसु दुम्मुहो–च पंचालेषु द्विमुखः** પંચાલમાં દ્વિમુખ **विदेहेसु नमी–विदेहेषु नमीः** વિદેહમાં નમી, તથા **गंधारेसु नग्गई–गंधारेषु नगगतिः** ગાંધાર દેશમાં નગપતિ **ए ए नरिंद वसहा–एते नरेन्द्रवृषभा :** આ ચારે ઉત્તમ રાજાઓએ **पुत्ते रज्जे ठवेउणं–पुत्रान् राज्ये स्थापयित्वा** પોતપોતાના વિજય વૈજન્ત જયંત અને અપરાજીત નામના પુત્રોને રાજયગાદી સોંપીને **जिणसासने–जिनशासने** જીનેન્દ્ર પ્રભુદ્વારા સ્થાપિત ધર્મમાં **निक्खंता–निष्क्रान्तः** સ્થાપિત બન્યા—દીક્ષા અંગિકાર કરી અને **सामण्णं पज्जुवट्ठिया–श्रामण्यं पर्युपस्थिताः** ચારિત્રની આરાધનાથી મુકિત પ્રાપ્ત કરી.

આ ચાર પ્રત્યેક બુદ્ધોમાંથી ત્રીજા નમિરાજ ઋષિની કથા તો નવમા અધ્યયનમાં કહેવાઈ ગયેલ છે. આમાંના કરકન્ડુ, દ્વિમુખ અને નવગતિની યથા કહેવાની બાકી છે. તો આમાં પ્રથમ કરકન્ડૂની કથા આ પ્રકારની છે—

કરકણ્ડૂ રાજા કી કથા

આ ભારતક્ષેત્રનીઅંદર કલિંગ નામનો દેશ છે. આમાં ચંપા નામની નગરી હતી. એના અધિપતિ દધિવાહન નામના રાજા હતા તે ગુણરૂપ રત્નોના સમુદ્ર અને વિશિષ્ઠ પરાક્રમશાળી હતા. તેમની પટ્ટરાણીનું નામ પદ્માવતિ હતું તે ચેટક

રાજાની પુત્રી હતી. પદ્માવતી શીલઆદિ સદ્‌ગુણોથી વિભૂષિત હોવાના કારણે પતિ દધીવાહન રાજાને વિશેષ રૂપથી પ્રિય હતી. રાજાની સાથે પોતાના પુણ્ય ફળને ભોગવી રહેલી પદ્માવતી સુખપૂર્વક કાળને વ્યતિત કરતી હતી. કાળાન્તરે એને ગર્ભ રહ્યો ગર્ભના પ્રભાવથી રાણીને એ પ્રકારનો ભાવ દોહદ ઉત્પન્ન થયો કે, હું વિવિધ રૂપ વિશેષણોથી અલંકૃત બની પટ્ટહાથીના સ્કંધ ઉપર બેસાને ઉદ્યાનમાં ફરું પરંતુ લજ્જાના કારણે રાણી પોતાના આ ભાવને રાજાની સમક્ષ પ્રગટ કરી ન શકી આથી પોતાનામાં જાગેલો ભાવ પૂરો ન થવાના કારણે કૃષ્ણ પક્ષની ચંદ્ર કળાની માફક તે ધીરે ધીરે સુકાવા લાગી. રાજાએ જ્યારે રાણીના દેહને આ રીતે સુકાતો ભાળ્યો ત્યારે તેણે "આ કૃષતાનું કારણ શું છે?" એ જાણવા માટે રાણીને પૂછયું, રાણીએ જેમ તેમ "પોતાનો ભાવજ એનું કારણ છે" આવી વાત રાજાને કહી. રાજાએ એના ભાવની પૂર્તિ માટે રાજા પોતે પોતાની આ રાણીની સાથે "જય કુંવર" હાથી ઉપર સવાર થઈને બગીચામાં પહોંચ્યા. બગીચાની શોભા આ સમયે વર્ષા ઋતુના આગમનથી અતિ રમણીય દીસતી. રાજાએ ચાલતી વખતે રાણીના ઉપર પોતે પોતાના હાથોથો પૂર્ણ ચંદ્ર જેવું રમણીય છત્ર ધરી રાખેલ હતું. સાથમાં સૈનિકજનો પણ ચાલતા હતા. પુરવાસીઓએ પણ હર્ષ મનાવ્યો. બગીચામાં પહોંચતાં જ હાથી વર્ષાના નવીન જળથી ભીંજાયેલી ભૂમિમાંથી આવતી તૃપ્તિકારક સુગંધને ઘ્રાણેન્દ્રિય દ્વારા સુંઘતા જ તેનામાં વિંધ્યાચળની સ્મૃતિ જાગી જતાં તે તરફે એ બન્નેને લઇને ભાગ્યો. અનેક યોદ્ધાઓએ તે હાથીની આ ઉદ્દંડતાનું નિવારણ કરવાનો ઘણો પ્રયત્ન કર્યો તો પણ હઠાગ્રહથી શઠની માફક તે પોતાની એ ગમનરૂપ ઉદ્દંડતાથી અટકયો નહીં. પાછા ફેરવવાની ક્રિયામાં અસફળ બનેલા એ યોદ્ધાઓના જોતાં જોતાંમાં જ તો તે ગજરાજ રાજા રાણીને લઈને એક ભયંકર જંગલમાં પહોંચી ગયો. રાજાએ દૂરથી આવી રહેલા એક વટવૃક્ષને જોઈને રાણીને કહ્યું, જુઓ! આ હાથી પેલા સામે દેખાતા વટવૃક્ષની નીચે થઈને પસાર થશે તો તમો તેની નીચે લટકતી વટવૃક્ષની ડાળીને પકડી લેજો હું પણ પકડી લઇશ. આથી આપણે આ હાથીની સ્વચ્છંદ ગતિથી સુરક્ષિત બની આનંદ પૂર્વક આપણા નગરમાં પહોંચી જઇશું. રાજા આ પ્રકારે રાણીને સમજાવી રહ્યા હતા કે, એટલામાં જ તે હાથી એ વટવૃક્ષની નીચે આવી પહોંચ્યો પહોંચતા જ રાજાએ તેની ડાળીને પકડી લીધી પરંતુ રાણીએ જ્યાં ડાળીને પકડવાનો પ્રયાસ કર્યો કે, એટલામાં તે ગજરાજ ત્યાંથી આગળ નીકળી ગયો. આથી રાણી એકલી જ હાથી ઉપર રહી ગઈ. હાથી જ્યારે દૂર નીકળી ગયો ત્યારે વટવૃક્ષથી નીચે ઉતરેલા રાજાએ પોતાની રાણીના વિરહમાં દુઃખી બની વિલાપ કરવા માંડયો. વિલાપ કરતાં રાજાએ કહ્યું, હે રાણી! ભયંકર વનમાં પહોંચીને તારી એકલીની ત્યાં શું દશા થશે? હવે હું તને કઈ રીતે મળી શકીશ? હાય હાય! આ હાથીરૂપી વેરીએ મને ઠગીને મારા ઘરનું સત્યાનાશ વાળી દીધું. હે રાણી! કહો તો ખરાં કે, હું આ દવાગ્નિના

જેવા દુઃસહ અભૂતપૂર્વ તમારા વિયોગના દુઃખને કઇ રીતે સહન કરી શકીશ ? ઘટતાં જે રીતે સમુદ્ર સમાઈ શકતો નથી તે પ્રકારથી હે રાણી ! તારૂં આ વિયોગ દુઃખ મારા હૃદયમાં સમાતું નથી. હવે આ સમયે હું શું કરૂં ? કયાં જાઉં ? કોને મારી આવી વિપત્તિની કથા કરૂં ? આ પ્રમાણે વિલાપ કરતાં કરતાં તે રાજા ત્યાંથી હાથીના પગલાંને જોતાં જોતાં ચંપાપુરીમાં પાછા ફર્યા.

આ તરફ હાથી પદ્માવતીને લઈને સિંહ, વાઘ, આદિ ભયંકર પ્રાણીઓથી ભરેલા મહા અરણ્યમાં પહોંચ્યો. ત્યાં એક સરોવર હતું તેમાં પાણી પીવા માટે તે ઉતર્યો. જ્યારે તે પાણી પી ચૂકયો ત્યારે સમુદ્રમાં ઐરાવતની માફક તે એ સરોવરમાં ક્રીડા કરવા લાગ્યો. ક્રીડામાં વિશેષ મગ્ન થઈ જવાથી, મહાપર્વત ઉપરથી ઉતરતી મૃગલાની માફક ધીરે ધીરે તેના ઉપરથી ઉતરી ગઈ. અને જળમાં તરતી તરતી તે કિનારા ઉપર પહોંચી ગઈ. પોતાના જુથથી જૂદી પડેલી મૃગલીની માફક અશરણ બનેલી રાણીએ જ્યારે ચારે બાજુ પોતાની દૃષ્ટિ ફેરવી તો તેને જંગલના સિવાય કશું પણ નજરે ન પડયું. આ કારણે ભયથી વિહ્વળ બની તે જોર જોરથી એકદમ રોવા લાગી. ત્યાંના પક્ષીઓએ જ્યારે તેનું આવું રૂદન સાંભળ્યુ તો તેઓ બિચારા પણ તેના દુઃખથી દુઃખિત બની તેની સાથે રોવા લાગ્યા. રાણીએ વિચાર્યું કે હવે અહીં રોવાથી કોઈ અર્થ સરવાનો નથી. પછી તેણે ધૈર્ય ધારણ કરીને વિચાર્યું કે, પોતપોતાના કર્મ અનુસાર જ પ્રત્યેક પ્રાણી સુખ અને દુઃખને ભોગવે છે. મારે પણ જે આ આપત્તિનો સામનો કરવો પડયો છે. તેમાં મારૂં પૂર્વોપાર્જીત અશુભ દુષ્કર્મ જ કારણરૂપ છે. આ રૂદનરૂપ જળથી અતિ ચીકણા આ કર્મરૂપ રજનું અપનયન થઇ શકવાનું નથી. આથી અહીં રોવું વ્યર્થ છે. આ જંગલ સિંહ, વાઘ આદિ હિંસક પશુઓથી ભરેલું છે. અહીં સુરક્ષિત થઇને રહેવાની પણ શકયતા નથી. કેમકે આ હિંસક વૃત્તિના જીવોથી મરણનો ભય પ્રતિક્ષણ રહેલો જ છે. માટે આ બાબતમાં બુદ્ધિથી કામ લેવું જોઇએ. પ્રમાદથી કામ બગડી જાય છે. આ પ્રમાણે ખૂબ વિચાર કરીને રાણીએ સઘળા જીવોની ક્ષમાપના કરી ચાર શરણાંનો અંગિકાર કરી, શુદ્ધ આશય સંપન્ન બની ગઇ. અને પૂર્વકૃત પાપોની નિંદા કરીને " જંગલમાંથી જ્યાં સુધી મારો છુટકારો નહીં થાય ત્યાં સુધી હું સાકાર અનશનથી રહીશ " આ પ્રકારનો નિયમ લઇને અને પંચપરમેષ્ટીને નમસ્કાર કરીને તે ત્યાંથી દિગ્મૂઢ હોવાના કારણથી પોતાના નગરના મારગને ન જાણતી હોવા છતાં કોઇ એક દિશાની તરફ ઝડપથી ચાલવા લાગી. ચાલતાં ચાલતાં જ્યારે તે એ જંગલનો ઘણો એવો ભાગ ઓળંગી ચૂકી ત્યારે તેને એક તાપસ દૃષ્ટિએ પડયા. તેને જોતાં જ જેમ કોઇ તુટી પડેલા દિલનો માણસ બીજાને પોતાની તરફ આવતો જોઇને આનંદિત બને છે. આ જ પ્રકારે એ રાણીને પણ આનંદનો અનુભવ થવા લાગ્યો. પ્રણામ કરવાથી તેને એ

તાપસે પૂછયું કે, હે પુત્રી ! તમે કોણ છો, અને અહીં એકલી શા માટે આવી છે ? તાપસની આ વાતને સાંભળીને રાણીએ તેને પોતાનો સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. કે હું રાજા ચેટકની પુત્રી છું અને ચંપાપુરીના રાજા દધિવાહનની પત્ની છું મારૂં નામ પદ્માવતી છે. મને એક મદોન્મત્ત હાથી ઉપાડીને અહીં લઇ આવેલ છે. તાપસે જ્યારે પદ્માવતીના મોઢેથી આ પ્રકારની હકીકત સાંભળી ત્યારે તેને ધૈર્ય આપતાં કહ્યું કે, પુત્રી ! હવે તું ચિંતા, ભય અને શોક ન કર. હું તારા પિતા ચેટકનો મિત્ર છું. આ પ્રમાણે કહીને તે તપસ્વીએ પદ્માવતીનો પાકા ફળો આદિથી સત્કાર કર્યો, પછીથી તે તેને સાથે લઇને આગળ ચાલ્યો અને ચાલતાં ચાલતાં જંગલને વટાવ્યા બાદ તે બોલ્યા હે ભદ્રે ! આ સામું દેખાય તે ભદ્રપુર નગર છે. એટલે તેમાં જઇને હવે તું નિર્ભયતાથી રહેજે. હું તારી સાથે આવત પરંતુ આ સમયે જમીનમાં હળ ચાલી હેલ છે–ચાતુર્માસ છે, જેથી તેની અંદરથી ચાલવું તે મારા આચારથી વિરૂદ્ધનું છે. આ માર્ગે જતાં જતાં તને દંતપુર નામનું નગર મળશે તેના અધિપતિ દંતવક્ર છે ત્યાંથી તું ફરી ચંપા નગરીમાં સારી રીતે પહોંચી શકીશ. ત્યાંથી આગળ કોઈ ભય નથી. આ પ્રમાણે પદ્માવતીને જવાના સ્થાનનાં પુરાં ઠેકાણાં બતાવીને તે તપિસ પાછા ફરી ગયા. પદ્માવતી આ પ્રમાણે તપસ્વીએ બતાવવામાં આવેલા માર્ગે ચાલીને દંતપુર પહોંચી. આ સમયે ત્યાં સુગુપ્તવ્રતા સાધ્વિ પધારેલાં હતાં. તે તેની પાસે ગઇ ત્યાં જઇને તેણે સાધ્વીજીની ત્રણ વાર વંદના કરી. સાધ્વીજીએ પદ્માવતીને પૂછયું, હે શ્રાવિકે, તું આ સમયે કયાંથી આવી રહી છો ? પોતાના ગર્ભની વાત છુપાવીને પદ્માવતીએ પોતાનો સઘળો વૃત્તાંત સાધ્વીજીને કહેવા માંડયો. કહેતાં કહેતાં જ્યારે તેને પૂર્વે અનુભવેલા દુઃખોનું સ્મરણ થતું તો વચમાં વચમાં તે રડવા લાગ જતી. રાણીની આ પ્રકારની સ્થિતિ જાણીને પ્રવર્તિનીજીએ તેને કહ્યું, રાણી હવે તમો ખેદ ન કરો. કર્મોનો વિપાક જ એવો હોય છે કે, જે દેવતાઓને પણ ચક્કરમાં નાખીને તેમને મૂઢ બનાવી દે છે. તેનો કોઈ ઉપાય નથી. પવનથી પ્રેરિત ધજાનો જેમ ઉપલો ભાગ હોય છે તેની માફક આ ધન ધાન્યાદિરૂપ ઐશ્વર્ય ચંચળ છે. પ્રિયજનનો સંગમ પણ સદા સ્થાયી નથી. અને સમાગમમાં કોઇ સુખ પણ નથી. આ સંસાર જન્મ, જરા અને મરણ આદિ ભયંકર એવા ઉપદ્રવોથી ભરાયેલો છે. તો પછી ભલા, એમા રહેવાવાળા પ્રાણીઓને દુઃખના સિવાય સુખ કયાંથી મળી શકે. ? વિષય આદિના ઉપભોગથી જેને સંસારીઓ સુખ માની રહ્યા છે. તે વાસ્તવમાં સુખ નથી. પરિણામમાં વિરસ હોવાથી તે તો એક દુઃખનો પ્રકારજ છે. જે નિરંતર દુઃખોનું સ્થાન છે, તેનું નામ જ સંસાર છે. આ માટે વિવેકી જન મોક્ષ માર્ગને અપનાવે છે, અને તેને છોડવાનો પ્રયાસ કરે છે. આ પ્રમાણે સાધ્વીજીની ધર્મદેશનાનું પાન કરીને પદ્મ વતીનું મન વૈરાગ્યથી ભરપૂર થઇ જવાના કારણે દીક્ષા ગ્રહણ કરવાને માટે તે તૈયાર થઇ ગઇ. સાધ્વીજીએ તેને ગર્ભ હોવાની વાત

પૂછી પરંતુ તેણીએ એવા ભયથી કે, જો ગર્ભની વાતની તેમને જાણ થઈ જશે તો મને દીક્ષા નહીં આપે એવું સમજીને તેણે ગર્ભની વાત કરી નહીં. સાધ્વીજીએ તેને દીક્ષા આપી દીધી. પછી પદ્માવતીના સમ્યક્ રીતિથી સાધ્વી આચાર પાલન કરતાં કરતાં દિવસ જવા લાગ્યાં. અને દિવસોના વ્યતીત થવાથી સાથે સાથે ગર્ભ પણ વધવા લાગ્યો ત્યારે સાધ્વીઓને પદ્મવતિ ગર્ભિણી હોવાની વાત જાણવા મળી. તેમણે તેને ગર્ભનું કારણ પૂછ્યું. પ્રત્યુતરમાં તેણે વિનય પૂર્વક સાધ્વીજીને કહ્યું કે, " આપ લોક મને ગર્ભ સંપન્ન જાણીને દીક્ષા નહીં આપો " એવા ભયથી મેં આપનાથી મારા ગર્ભની વાત છુપાવી હતી. સાધ્વી એ કોઇ સુયાણીને તેના ગર્ભના સમાચાર કહેવરાવ્યા. પ્રસુતિનો જ્યારે ઠીક સમય આવ્યો ત્યારે રાણીએ રોહણાચળની ભૂમિ જેમ મણીને ઉત્પન્ન કરે છે તેમ એક પુત્ર રત્નને જન્મ આપ્યો. પુત્રનો જન્મ થતાંની સાથે જ તેને સ્મશાનમાં છોડી દીધો. અને એ બાળકને કોણ લઇ જાય છે એ વાત જાણવાને માટે તથા ઉપદ્રવથી તેની રક્ષા કરવાના માટે તે પોતે એ સ્થળે એક બાજુ છુપાઈને ઉભી રહી અને છુપાએલી હાલતમાં ખૂબ પ્રેમપૂર્વક નવા જન્મેલા બાળકને જોતી રહી એવામાં એક નીર્વંશી ચાંડાલ ત્યાં આવ્યો અને બાળકને લઈને ચાલ્યો ગયો. ઘેર જઈને તેણે તે બાળક પોતાની સ્ત્રીને સોંપી દીધું આ બધું જોઈને પછીથી સાધ્વી પદ્માવતી પણ ઉપાશ્રયમાં ચાલી ગઈ. ચંડાલે તેનું નામ અવકર્ણક રાખ્યું.

કાદવમાં જે પ્રકારે પંકજ-કમળ વધે છે તે પ્રમાણે અવકર્ણક પણ તે ચંડાળને ત્યાં પાલણપે ઘણુ પામીને નિરંતર વધવા લાગ્યો. બાળકના શરીરમાં જન્મતાંની સાથે જ રૂક્ષકંડૂનો રોગ હતો આ કારણે તેને ખંજવાળવાનું ઘણું જ પ્રિય લગતું હતું. જ્યારે તે બાળક ચંડાલ બાળકોની સાથે ખેલતો ત્યારે તેમને એ કહેતો કે હું તમારો રાજા છું. તમે સઘળા મને કર આપો એની એ વાત ઉપરથી બાળકો તેને કહેતા કે કહો અમે તમને શું કર આપીએ ? ત્યારે તે તેમને કહેતો કે તમે બધા મને ખૂબ ખજવાળતાં રહો. ફકત આ જ કર તમારે મને આપવાનો છે. અને એથી હું તમારા ઉપર સંતુષ્ટ રહીશ. તેની આ વાત સાંભળીને સઘળા બાળકો મળીને તેને ખજવાળતા. આથી બાળકોમાં કન્ડૂયન પ્રિય હોવાથી તેનું નામ કરકન્ડૂ રાખી દીધું. ગુણ ક્રિયા આદિના નિમિત્તથી નામ પણ ફરી જાય છે અને એની જગ્યાએ બીજુ નામ પડે છે. મોટો થતાં થતાં કરકન્ડૂ પ્રૌઢ અવસ્થાએ પહોંચ્યો ત્યારે તે સ્મશાનની રખેવાળી કરવામાં લાગી ગયો. કેમ કે, ચંડાલ કોમમાં આ કામ પ્રતિષ્ઠિત મનાય છે. એક દિવસની વાત છે કે, જ્યારે આ સ્મશાનમાં બે મુનિરાજ-ગુરૂ-શિષ્ય ધ્યાન કરવા માટે આવ્યા. આમાં ગુરૂ દંડના લક્ષણોના જ્ઞાતા હતા. તેમણે એક વાંસને જોઈને પોતાની સાથેના શિષ્યને તે બતાવીને કહ્યું. કે, ભૂમિમાં રહેલ આ ચતુર અંગુલ ભાગ સહિત વસિના દંડને જો કોઈ ગ્રહણ કરે તો તે રાજા

બની જાય. મુનિનાં આ વચનોને પાસેની નિકુંજમાં ઉભેલા કરકન્ડૂ અને કોઈ એક બ્રાહ્મણે સાંભળી લીધી. સાંભળતાં જ એ બ્રાહ્મણે ચુપચુપ ચાર આંગળ પ્રમાણ ભૂમિ ખોદીને તે વાંસના દંડને કાઢી લીધો અને તેને લઇને ચાલવા લાગ્યો. જ્યારે એ દંડને લઈ જતા બ્રાહ્મણને કરકન્ડૂએ જોયો ત્યારે તે તેના ઉપર ક્રોધાયમાન બની ગયો અને જબરદસ્તીથી તેના હાથમથી તે દંડ પડાવી લીધો બ્રાહ્મણે કરકન્ડૂ ઉપર દાવો કર્યો. કચેરીમાં જઈને તેણે કહ્યું કે, આણે મારા હાથમાંથી જબરદસ્તીથી દંડ છીનવી લીધો છે. તેના ઉત્તરમાં કરકન્ડૂએ કહ્યું. કે જે દંડ મેં તેના હાથમાંથી ઝોડાવી લીધો છે તે દંડ મારાથી રક્ષણ કરવામાં આવતી સ્મશાન ભૂમિમાં ઉત્પન્ન થયેલ છે જેથી તેના ઉપર મારો અધિકાર છે, તેનો નહી. પોતાના અધિકારની વસ્તુ લેવામાં દોષિત કરવ નો એનો શું અધિકાર છે! ઉલટા દંડના ભોગી તો એણે બનવું પડશે કારણ કે, મારી વસ્તુને મને પૂછ્યા સિવાય તેણે લઇ લીધી છે. વચ્ચે બોલીને બ્રાહ્મણે તેને કહ્યું કે, મને આ દંડનું તાત્પર્ય છે માટે આ દંડને બદલે હું તને બીજો દંડ આપું અને આ દંડ તું મને આપી દે આમાં તને કયું નુકશાન છે? જ્યારે બ્રાહ્મણે આ પ્રમાણે કહ્યું ત્યારે કરકન્ડૂએ તેની વાતને માની નહીં ત્યારે ન્યાયાધીશે કહ્યું, કરકન્ડૂ એવી કઇ વાત છે કે, તું એને બદલીમાં દંડ આપતો નથી? ત્યારે કરકન્ડૂએ ન્યાયાધીશને કહ્યું સાંભળો! હું આ દંડના પ્રભાવથી રાજા બનીશ આથી આપજ વિચારો કે, આવો ઉપયોગી દંડ કોઇ બીજાને આપી દે ખરો! કરકન્ડૂની વાત સાંભળીને ન્યાયાધીશને હસવું આવી ગયું અને તેણે કહ્યું. ખેર! જ્યારે તું રાજા બની જાય ત્યારે આ બ્રાહ્મણને એક ગામ આપી દેજે. આ પ્રમાણે કરકન્ડૂ ન્યાયાધીશનાં વચનને માન્ય કરીને એ દંડ લઇ પોતાને ઘેર પહોંચ્યો. બ્રાહ્મણે પણ પોતાને ઘેર જઈને પોતાના જાતભાઈઓને એવું કહ્યું કે, જુઓ! ચાંડાલના બાળકે બળપૂર્વક મારો દંડ આંચકી લીધો છે. જેથી હું જેમ બનશે તેમ તેને મારીને પણ એ દંડ પાછો લઇ આવીશ. કરકન્ડૂની માતાએ જ્યારે બ્રાહ્મણના આ વિચારને બીજા પાસેથી સાંભાળી લીધે ત્યારે તેના પતિની સાથે કરકન્ડૂને લઇને ત્યાંથી બીજા ગામે ચાલી નીકળ્યા. ચાલતાં ચાલતા તેઓ કાંચનપુરમાં પહોંચ્યા. રાત્રીનો સમય હોવાથી તે ગામ બહાર સુઇ રહ્યા. આ સમયે એ ગામનો રાજા અપુત્ર ગુજરી ગયો આથી મંત્રીઓએ વિચાર કર્યો કે, આ વખતે રાજ્યનો કોઇ સ્વામી નથી માટે સ્વામીની શોધ માટે રાજ્યના હાથીની સૂંઢમાં માળા આપીને તેને છુટો મુકવો તે જેના ગળામાં માળા નાખે તેને આ રાજ્યનો માલીક બનાવવામાં આવે. આવો વિચાર કરીને મુખ્ય હાથીની સૂંઢમાં માળા દઇને તેને છુટો મુકી દીધો. આ હાથીની સાથે યોદ્ધાઓને જવાની આજ્ઞા કરી રાજ્યનો એ મુખ્ય હાથી યોદ્ધાઓની સાથે પોતાની સૂંઢમાં માળા લઇને અહીંતહીં ફરવા માંડયો, ફરતાં ફરતાં જ્યાં ચાંડાળ બાળક સૂતો હતો ત્યાં આવી પહોંચ્યો ત્યાં સૂતેલા એ ચાંડાળ બાળકના ગળામાં તેણે માળા પહેરાવી દીધી. સુલક્ષણ એવા

શ્રેષ્ઠ બાળકને જોઇને હાથીની સાથેના સૈનિકોએ આ સમયે વાજાઓ વગાડી જયજય કાર કરવાનું શરૂ કરી દીધું. આ જયજયકાર સાંભળીને ત્રણે જણા જાગી ઉઠયા. અને બેબાકળા જેવા બની ગયા. સૈનિકોએ તે બાળકને હાથીના ઉપર બેસાડી દીધો તથા તેના માતાપિતાને રથમાં બેસાડીને વાજાઓના ગડગડાટની સાથે નગર તરફ લઈને ચાલ્યા આ સમયે નગ નિવાસી બ્રાહ્મણોએ વેષ આદિથી આ ચાંડાલ છે તેમ જાણીને "આ ચાંડાલ બાળક રાજા થવાને યોગ્ય નથી" એ પ્રમાણે કહીને તેનો વિરોધ પ્રદર્શિત કર્યો અને આવીને બધા તેને ચારે તરફથી ઘેરીને ઉભા રહી ગયા. જ્યારે કરકન્ડૂએ આ દૃશ્યને જોયું ત્યારે તેણે તે દંડને ઉંચો કરીને ત્યાં દેખાડયો બ્રાહ્મણો અગ્નિ સમાન જાજ્વલ્યમાન એ દંડને જોઇને તેની સ્તુતિ કરી અને આશીર્વાદ આપીને તેને વધાઈ આપી. આ પછી કરકન્ડુનો નગરમાં વાજતે ગાજતે પ્રવેશ કરાવ્યો. સચિવ સામંત વગેરેએ મળીને સારી રીતે તેનો રાજાના પદ ઉપર અભિ-ષેક કર્યો ત્યારે કરકન્ડૂએ તે બ્રાહ્મણોને કહ્યું કે, હે બ્રાહ્મણો! આપ લોકોએ મારો માતંગ સમજીને જે તિરસ્કાર કરેલ છે તેના પ્રાયશ્ચિત્ત રૂપમાં આપલોક વાટધાન-કના રહેવાવાળા જે સઘળા માતંગ છે બધાને શુદ્ધ કરીને બ્રાહ્મણ વર્ણમાં સ્થાપિત કરી દો. કારણ કે, જાતિ અવસ્થા સંસ્કાર આધિન છે કરકન્ડૂનાં આ વચનોને સાંભ-ળીને રાજાના ભયથી તે ચાંડાલોની શુદ્ધિ કરી તેમને બ્રાહ્મણ બનાવી દીધા આ વાત—

"दधिवाहनपुत्रेण, राज्ञा च करकण्डूना ।
वाटधानकवास्तव्या, श्वाडाला ब्राह्मणाः कृताः । इति ।

આ શ્લોકથી કહેવામાં આવેલ છે. જ્યારે "કરકન્ડૂ રાજાના પદ ઉપર સ્થાપિત કરાઈ ચૂકેલ છે" આ વાત પહેલાના દંડચ્છેદિ બ્રાહ્મણે સાંભળી તો આવીને તેણે કરકન્ડૂને કહ્યું, રાજન્! આપ આપનો પ્રતિજ્ઞાવાળી વાતને યાદ કરીને મને એક ગામ આપવાની કૃપા કરો. બ્રાહ્મણની વાત સાંભળીને કરકન્ડૂ રાજાએ એને કહ્યું કે, બોલો તમે કયુ ગામ ઇચ્છો છો? બ્રાહ્મણે કહ્યું કે રાજન! આપને ખબર તો છે, કે, મારૂં ઘર ચંપામાં છે. અર્થી એ તરફ એક ગામડું આપવામાં આવે તો સારૂં થાય બ્રાહ્મણનું વચન સાંભળીને કરકન્ડૂએ ચંપા નરેશ દધિવાહનને આ પ્રમાણે એક પત્ર લખ્યો—

"स्वस्तिश्रा कांचन पुरात, करकडूर्महीपतिः ।
संभाषते नृपं चंपा, धीश श्री दधिवाहनम् ॥१॥
श्री जीनेन्द्र प्रभावेण, कल्याणमिह विद्यते ।
श्रीमद्भिरपि तद् ज्ञाप्यं, स्वशरीरादि गोचरम् ॥२॥
किंचास्मै ब्राह्मणायैको, ग्रामो देयः समीहितः ।
दास्ये ते रुचिरं ग्रामं, नगरं वा तदास्पदे ॥३॥

इदं कार्यं ध्रुवं कार्यं नात्र कार्या विचारणा ।
मूल्यावाप्तौ विमर्शोहि व्यर्थ एवेति मङ्गलम् ॥४॥

ભાવાર્થ—આ શ્લોકોનો આ પ્રકારનો ભાવાર્થ થાય છે.-કાંચનપુરના મહિપતી કરકન્ડુનું ચંપાપુરાધીશ શ્રી દધિવાહનના તરફ એવું નિવેદન છે કે, અહીંયાં શ્રી જીનેન્દ્ર દેવના પ્રભાવથી બધા પ્રકારની કુશળતા છે, આપ આપના શરીરાદિકની કુશળતાના સમાચાર લખશો. વિશેષમાં આ બ્રાહ્મણને આપ એની ઈચ્છા અનુસાર એક ગામ આપવાની કૃપા કરશો. તેના બદલામાં આપ જેવું ઇચ્છશો તેવું ગામ એક હું આપને આપીશ. મને સંપૂર્ણ આશા છે કે આપ આ કાર્ય કોઇ પણ જાતનોવિચ ર કર્યા સિવાય તુરત જ પુરૂ કરશો, કારણ કે, તે ગામના બદલામાં હું કોઇ બીજું ગામ અથવા નગર આપવા રૂપ મૂલ્ય દેવા તત્પર છું.

કરકન્ડૂએ આ પ્રમાણે પત્ર લખીને તે બ્રાહ્મણને આપીને રાજા દધિવાહન પાસે મોકલ્યો, પત્ર લઈને તે બ્રાહ્મણ દધિવાહનની પાસે પહોંચ્યો ત્યારે દધિવાહને તે પત્ર વાંચતાં જ તેની આંખો લાલચોળ બની ગઈ, ભ્રકુટી એકદમ વાંકી બની ગઇ, અને કહેવા માંડયું. અરે! આ માતંગનો બાળક. તો, પોતાની જાતજ ભૂલી ગયો છે. આ પ્રકારે પોતાની જાતને ભૂલી જનારા એણે મારી પાસે આ પ્રમાણે પત્ર લખીને મોકલેલ છે. અસ્પૃશ્યના તરફથી લખવામાં આવેલા આ અપવિત્ર પત્રને હાથમાં લઇને હું પોતે અપવિત્ર બની ગયેલ છું અથવા અજ્ઞાનથી જ આમ બનેલ છે, આથી તેમાં અશુચિતા જન્ય કોઇ પણ દોષ મને લાગતો નથી. આવો વિચાર કરી દધિવાહને એ ક્રોધના આવેશમાં તે બ્રાહ્મણને કહ્યું કે—વિપ્ર! તમો અહીંથી સત્વર ચાલ્યા જાવ, નહિતર મારા ક્રોધાગ્નિમાં તમારે ભોગ બનવું પડશે જ્યારે આ પ્રમાણે દધિવાહને કહ્યું તો બ્રાહ્મણ ત્યાંથી ચાલીને કરકન્ડૂ રાજાની પાસે પહોંચ્યો. અને દધિવાહને જે કાંઇ કહ્યું હતું તે સઘળું તેને કહી સંભળાવ્યું. બ્રાહ્મણના મુખેથી દધિવાહનના વ્યવહારને સાંભળીને કરકન્ડુ ઘણો જ ક્રોધિત થયો અને એ સમયે તેણે પોતાની સેનાને યુદ્ધ કરવા તૈયાર થવાનો આદેશ આપી દીધો. જ્યારે સેના તૈયાર થઈ ચૂકી ત્યારે દધિવાહનની સામે સંગ્રામ કરવા માટે કરકન્ડૂ રાજા પોતાના નગરથી બહાર નીકળીને ચંપાનગરની તરફ ચાલ્યા. ચંપાપુરીની પાસ પહોંચીને તેણે તે નગરીને ચારે બાજુથી ઘેરો ઘાલ્યો. જ્યારે દધિવાહને પોતાના નગરની આવી સ્થિતિ જાણી ત્યારે તે પોતાની નગરીને ઘેરીને પડેલા કરકન્ડૂની સામે યુદ્ધ કરવા માટે પોતાના સૈનિકોને તૈયાર કરવા લાગ્યા. જ્યારે સઘળા સૈનિકો તૈયાર થઈ ગયા ત્યારે બન્ને તરફથી યુદ્ધનું ધમસાણ મચી ગયું. જ્યારે આ યુદ્ધના સમાચાર પદ્માવતી સાધ્વીને મળ્યા ત્યારે તેણે વિચાર કર્યો કે, બન્ને પિતા પુત્ર અજ્ઞાનથી યુદ્ધ કરવા લાગી ગયા છે આથી વ્યર્થમાં બન્ને તરફથી અનેક પ્રાણી મરશે તેનો દોષ એ બન્ને એ ભોગવવો પડશે. આથી એ બન્નેનું હું આવું હિંસાજનક પાપ ક્રૂર કરૂં તો સારૂં થાય. આ પ્રકારનો વિચાર કરીને પદ્માવતી સાધ્વી પોતાના ગુરૂણીજીની આજ્ઞા લઇ કરકન્ડૂની પાસે પહોંચ્યાં આ મહાસતી સાધ્વીજીને જોતાં જ કરકન્ડૂએ

પોતાના સિંહાસનથી ઉઠીને પ્રણામ કર્યા. સાધ્વીએ એકાન્ત મેળવીને તેને કહ્યું કે, હું તમારી માતા છું અને દધિવાહન રાજા તમારા પિતા છે. તમારા પિતાની સાથે યુદ્ધ કરવું તમારા માટે યોગ્ય નથી. જે કુલિન પુરૂષ હોય છે તે, પોતાના ગુરૂ-જનોની સામે અવિનીત થતા નથી. એમનો તે ગમે તેવી સ્થિતિમાં પણ વિનય જ કરે છે. આ પ્રકારનું એનું મહાસતી સાધ્વી વચન સાંભળીને કરકન્ડૂ પોતાના માતંગ જાતિય માતા પિતાને પૂછવા લાગ્યો કે આપ લોકો બતાવો કે હું આપનો ઔરસ પુત્ર છું. કે પાલક પુત્ર છું ? તે સાંભળીને તે લોકોએ કહ્યું, બેટા ! અમે શું કહીયે ? તું અમોને સ્મશાનમાંથી મળેલ હતો. આથી આવી અવસ્થામાં તું અમારો પાલિત પુત્ર જ છે. ઔરસ પુત્ર નથી આ પ્રકારનું પોતાનું વૃત્તાંત માતંગ જાતિય માતા પિતા પાસેથી જાણીને તેને મહાસતી સાધ્વી પદ્માવતી સાધ્વીનાં વચનોમાં જો કે વિશ્વાસ થઇ ગયો હોવા છતાં પણ અહંકારને લઇને યુદ્ધ કાર્યથી પાછો ન હટયો.

જ્યારે પદ્માવતીએ તેનો આ સ્થિતિ જાણી ત્યારે તે ત્યાંથી ઝડપથી ચંપાપુરીના મધ્ય માર્ગથી ચાલીને રાજભવનમાં પહોંચી ત્યાં પહોંચતાં જ દાસીઓએ તેને ઓળખી લીધી. ઘણાજ આદરથી સહુએ તેમને પ્રણામ કર્યા. અને કહેવા લાગ્યાં કે, હે માતા ! આજે અમોને તમારાં દર્શન ઘણાજ ભાગ્યથી થયાં છે. આટલા સમય સુધી આપ કયાં રહ્યાં હતાં ? કયા કારણથી આપે આ સાધ્વીના વ્રતને ધારણ કરેલ છે. ? આ પ્રમાણે કહેતાં કહેતાં રાજભવનની એ સઘળી દાસીઓ રોવા લાગી. આ વાત સાચી છે કે, પોતાનું ભલું કરનાર વ્યક્તિનાં દર્શનથી જુનામાં જુનું દુઃખ પણ નવા જેવું બની જાય છે. જ્યારે રોવાનો કોલાહલ રાજમહેલમાં થવા લાગ્યો ત્યારે રાજા દધિવાહન પણ આ કોલાહલને સાંભળીને ત્યાં આવી પહોંચ્યા, આવતાંની સાથેજ તેમણે સાધ્વીના વેશમાં પદ્માવતીને જોઈ, જોતાંની સાથે જ પ્રણામ કરીને તે બોલ્યા. હે દેવી ! તમારો એ ગર્ભ કયાં છે ? રાજાની વાતને સાંભળીને પદ્માવતી સાધ્વીએ કહ્યું કે, મારો એ ગર્ભ એ જ છે કે, જેણે આપની નગરીને ઘેરો ઘાલ્યો છે. પદ્માવતીની વાત સાંભળીને તેમ જ પુત્રનો પરિચય પામીને દધિવાહન રાજાને અપાર એવો હર્ષ થયો. તેઓ એજ સમયે પુત્રને જોવાની ઇચ્છાથી સામંતો અને સચિવોને સાથે લઇને ચાલ્યા. આ તરફ જ્યારે કરકન્ડુએ પિતાના આવવાના સમાચાર સાંભળ્યા ત્યારે તે પણ પોતાના સચિવ આદિને સાથે લઇને તેમનું સ્વાગત કરવા માટે ખુલ્લા પગે સામે જવા નીકળ્યો. ચાલતાં ચાલતાં જ્યારે તે રાજા દધિવાહન પાસે પહોંચ્યો ત્યારે ઝડપથી તેણે પોતાનું માથું પિતાના પગમાં ઝુકાવી દીધું. પિતાએ પણ પોતાના ચરણે માથું નમાવેલા પુત્રને બન્ને હાથોથી ઉઠાડીને હૃદયની સાથે ચાંપ્યો. આ પ્રમાણે પુત્રના અંગસ્પર્શથી આનંદ અનુભવતા અને એથી પોતાના અંજના સંતાપને શાંત કરતાં રાજાને એ સમયે જે પરમ સુખ પ્રાપ્ત થયું તે તો એ જ સમજી શકે યા તો કેવળી જ જાણી શકે. પુત્રને જોઇને રાજાની આંખોમાંથી આનંદાશ્રુની ધારાઓ વહેવા માંડી અને એજ આંસુઓ દ્વારા તેમણે

સહુથી પ્રથમ એનો અભિષેક ત્યાં જ કરી દીધો હતો. પરંતુ જ્યારે તે સિંહાસન ઉપર બેઠા ત્યારે રાજ્યાભિષેકની ઔપચારિક વિધિ માત્ર જ એમાં હતી. આ પ્રકારથી રાજા દધિવાહને રાજ્યપદ પુત્રને સોંપીને કહેવા માંડયું કે, હે આયુષ્યમન્! કુળપરંપરાથી ચાલ્યા આવતા આ રાજ્યનું તમારે એ રીતે પરિપાલન કરવું જોઇએ કે જેનાથી પ્રજાજનોને મારી યાદ ન આવે. પુત્રને આવી રીતે યોગ્ય શિક્ષા આપીને રાજાએ ધર્માચાર્યની પાસેથી દીક્ષા ધારણ કરી. સદ્ધર્મના અનુષ્ઠાનથી પોતાના કલ્યાણના માર્ગને નિષ્કંટક બનાવી દીધો. આ તરફ કરકણ્ડુ રાજા પણ પોતાની તેજસ્વી રાજપ્રભાથી ભલભલા દુશ્મનોને પણ પોતાના ચરણોમાં ઝુકાવનારો બન્યો. તેમ પ્રજામાં પણ તેની ભારે ચાહના થવા લાગી. આ પ્રમાણે નીતિપૂર્વક બન્ને રાજ્યોનું સંચાલન ભારે યોગ્યતાથી કરવા માંડયું. તેણે પોતાની રાજધાની ચંપામાં જ રાખી અને પેલા બ્રાહ્મણને તેની ઈચ્છા મુજબનું એક સુંદર ગામ પણ આપ્યું. રાજા કરકણ્ડુનો સ્વભાવ ગોપ્રિય હતો જેના કારણે તેણે દેશાન્તરમાંથી સારી જાતની ગાયો મંગાવીને પોતાની ગૌશાળામાં રાખી અને તેનું ભલીભાંતિથી પાલન પોષણ કરવામાં આવતું. અવારનવાર રાજા ગૌશાળામાં જતા અને ગાયોની દેખરેખ રાખતા. એક સમય વર્ષાકાળની પછી રાજા ગૌશાળામાં ગયેલા ત્યાં તેણે સર્વાંગ સુંદર અને શુભ્ર એવા એક વૃષભને જોઇ તેના તરફ તેને ખૂબ જ વહાલ ઉપજ્યું. આથી ગોપાળને બોલાવીને તેણે કહ્યું કે આ વાછડાની માનું દૂધ ન કાઢતાં એને જ પીવા દેવું અને એની મા દૂધ આપતી બંધ થાય ત્યારે બીજી ગાયોને દોહીને તેનું દૂધ આને પાવું તથા એની યોગ્ય દેખભાળ રાખવી. રાજાના હુકમનો અમલ ગોપાળે એજ પ્રમાણે કર્યો. જેથી વધતાં વધતાં એ બચ્ચું જ્યારે પૂર્ણ જુવાન બન્યું ત્યારે તેની શુભ્ર શારીરિક શોભાની આગળ ચંદ્ર પણ ઝાંખો લાગે તેવું તેનું રૂપ ખીલી નીકળ્યું. શરીર ઉપર માંસનો ખૂબ જ ભરાવો થઈ ગયો કે જેથી કરીને તેનું એક પણ હાડકું કયાંય દેખાતું નહીં. એનામાં અપાર એવું બળ ભરાયું હતું. તેની કાંધ પણ વિશાળ અને ઉન્નત ગિરીશૃંગ જેવી જણાતી હતી. તેનાં શીંગ લાંબા ગોળ અને ઉંચાં હતાં. જ્યારે રાજા એ બળદને બીજા બળદોની સાથે લડાવતો ત્યારે તેની સામે એક પણ બળદ ટકી શકતો નહીં. રાજ્યકાર્યમાં ખૂબ જ ગુંથાયેલ હોવાના કારણે રાજાને કેટલાક વર્ષો સુધી ગૌશાળાનું નિરીક્ષણ કરવાનો સમય મળ્યો નહીં. એક દિવસે ગમે તે રીતે સમય મેળવીને જ્યારે રાજાએ ગૌશાળાનું નિરીક્ષણ કર્યું ત્યારે તેની દૃષ્ટિ એક એવા બળદ ઉપર પડી કે, જે વૃદ્ધાવસ્થાને કારણે જર્જરિત બની ગયેલ હતો અને તેનાં દાંત પણ પડી ગયા હતા, શક્તિનો સમૂળગો અભાવ જણાતો હતો, બગાઈઓ જેના ઉપર થોકબંધ જામી પડી હતી, શરીર સાવ કૃશ બની ગયું હતું, ફક્ત હાડકાંનો માળખો જ દેખાતો હતો. તેને જોઇને પહેલાના બલિષ્ટ બળદની સ્મૃતિ રાજાને થઈ આવી. જેથી તેણે ગોવાળને પૂછ્યું કે, અગાઉનો બલિષ્ટ બળદ કયાં છે? રાજાને પ્રત્યુત્તર આપતાં તે ગોવાળે કહ્યું કે, દેવ! આ એજ બળદ છે. ગોવાળનાં આ

પ્રકારનાં વચન સાંભળીને શુભઆશયવર્તી રાજાએ વિચાર કર્યો, અહા ! આ કેવી અચરજની વાત છે કે આ બલિષ્ટ બળદની આજે આવી દયાજનક સ્થિતિ બની ગઈ. એ ખરૂં છે કે સંસારમાં બધા પદાર્થ અનિત્ય છે. આ સંસારમાં કોઈ પણ વસ્તુ શાશ્વત નથી જે વૃષભ પોતાના પરાક્રમથી સઘળા બળવાન બળદોને હરાવતો હતો. તેની બરોબરીનો અહીં એક પણ બળદ ન હતો. જેનો અવાજ સાંભળીને ધનુષ્યનો ટંકાર સાંભળીને જેમ પક્ષીઓ ફફડી ઉઠે તે પ્રમાણે સઘળા બળદો પૂંછડું ઉચું કરીને ભાગવા માંડતા હતા. આજે તે બળદની આવી કરૂણાજનક હાલત થઇ ગયેલ છે. બિચારો વૃદ્ધાવસ્થાથી જર્જરિત કાયાવાળો બની ગયેલ છે, શ્વાસની અધિકતાથી ઘરઘર શબ્દના કારણે તેના બંને હોઠ કાંપી રહ્યા છે. તેની એક તરફની દૃષ્ટિ પણ નાશ પામેલ છે. પરાક્રમ તો સંપૂર્ણપણે લુપ્ત બની ગયેલ છે. ચાલવાની શક્તિ એટલી બધી ક્ષીણ થઇ ગયેલ છે કે એક ડગલું પણ તે ભરી શકતો નથી. પહેલાં આની સામે કાગડા જોવાની પણ હિંમત કરતા ન હતા તે આજે તેના ઉપર બેસીને તેને ફોલીને તેના માંસને ચુંથી રહ્યા છે જેના નેત્રને ઠારે તેવા રૂપને જોઈને જોવાવાળાને એકવાર ચંદ્રમાને જોવાની પણ અરૂચી થતી આજ એને જોવાનું પણ કોઇને સારૂં લાગતું નથી. અશુચિ પદાર્થના દર્શનની માફક તેને જોવામાં ઘણા થાય છે. આથી આ વાત ધ્રુવ સત્ય છે કે,. પ્રાણીઓનું વય રૂપ, બળ, વિભૂત્વ, આદિ સઘળું પતંગની માફક ચંચળ છે. આ સઘળી વાતો દરરોજ લોકોની સામે જો કે જોયા જ કરે છે તો પણ મોહથી વશ બનેલા લોકોમાં વિવેક જાગૃત થતો નથી જેથી તેનાથી તે કોઇ પણ જાતની શિક્ષા પ્રાપ્ત કરી શકતા નથી. આથી મોહને હટાવીને આ માનવજન્મની સફળતા કરવામાં જ શ્રેય સમાયેલું છે એજ એક માત્ર કર્તવ્ય છે, આ સઘળું વીતરાગ પ્રભુના ધર્મની જીવને પ્રાપ્ત થઈ શકે છે જેથી તેમની મારે આરાધના કરવી જોઈએ.

આ પ્રકારના વિચારથી પરમ વરાગ્યભાવ ઉત્પન્ન થયો. પરભવના સંસ્કારોના ઉદયથી પોતે પોતાની મેળે જ પ્રતિબુદ્ધ થયેલા આ રાજાએ રાજ્યનો તણખલાની જેમ પરિત્યાગ કરી દઇને પોતાની મેળે જ કેશોનું લોચન કરીને શાશનદેવ તરફથી આપવામાં આવેલ સદોરકમુખવસ્ત્રિકા અને રજોહરણ વગેરેને ગ્રહણ કરીને મુનિવેશ ધારણ કર્યો. દીક્ષા લઈને પ્રતિબુદ્ધ જીવી પ્રત્યેક પ્રતિબુદ્ધ કરકન્ડૂ રાજાએ અપ્રતિબદ્ધ વિહારી બનીને ઉગ્ર તપસ્યાની આરાધનાથી અંતમાં સમાધિમરણ કરીને સિદ્ધ ગતિને પામ્યા. એમ નવિષયમાં કહેવાયેલી આ વાત બીજા સ્થળે આ પ્રમાણે કહેવામાં આવેલ છે.

"श्वेतं सुजातं सुविभक्तशृंगं गोष्ठाङ्गणे वीक्ष्य वृषं जरार्त्तम् ।
ऋद्धिं च वृद्धिं च समीक्ष्य बोधात् कलिङ्गराजर्षिरवाप धर्मम्" ॥१॥

॥ આ કરકન્ડૂ રાજાની કથા થઈ ॥

દ્વિમુખ રાજા કી કથા

દ્વિમુખ રાજાની કથા આ પ્રમાણે છે—

પાંચાલ દેશમાં કામ્પિલ્યપુરમાં જયવર્મા નામે એક રાજા હતા. તેની પટ્ટરાણીનું નામ ગુણમાલા હતું. રાજા અને રાણી પોતાના પુણ્યફળને ભોગવીને પોતાનો સમય આનંદ થીવિતાવતાં હતાં. એક સમયની વાત છે કે, જ્યારે આસ્થાનમંડપમાં બેઠેલા રાજાએ દેશાંતરથી આવેલા એક દૂતને કૌતુકની સાથે પૂછયું, તમોએ તો અનેક રાજ્ય જોયાં છે તો કહો ! એમાં કઇ વિશિષ્ટતા જોઈ કે, જે મારા રાજ્યમાં તમારા જોવામાં આવતી ન હોય. રાજાની વાત સાંભળીને દૂતે કહ્યું, મહારાજ ! આપના રાજ્યમાં ચિત્રશાળા નથી. દૂતની વાત સાંભળીને રાજાએ ગૃહનિર્માણમાં અત્યંત જાણકાર એવા શિલ્પિઓને બોલાવીને તેમને કહ્યું, તમે લોકો મારા માટે એક સર્વાંગ સુંદર એવી ચિત્રશાળા તૈયાર કરો. રાજાની આજ્ઞાને માનીને શિલ્પિઓએ ચિત્રશાળા બનાવવાનો પ્રારંભ કર્યો. સહુથી પહેલાં તેમણે પાયો ખોદ્યો આ કામ પાંચ દિવસ સુધી ચાલ્યું. પાંચમા દિવસે તેમને ત્યાંથી તેજથી ચમકતો રત્નમય મુગટ ખોદકામમાં મળ્યો. આ વાત શિલ્પિઓએ રાજાની પાસે જઇને કહી. રાજાએ અત્યંત હર્ષથી સપરિવાર આવીને તે મુગટને લીધો અને શિલ્પિઓને વસ્ત્રાદિક વગેરેથી સત્કાર્યા. ધીરે ધીરે ચિત્રશાળા તૈયાર થઈ ગઈ. ભીંતમાં જડેલા મણીગણોથી એ ચિત્રશાળા ખૂબ પ્રકાશિત દેખાવા લાગી. દેવી જેવી વિવિધ માણીક્ય પુતળીઓથી અધિષ્ટિત કરવામાં આવેલી એ ચિત્રશાળા દેવવિમાનના અનુપમ ધામ સરખી બની ગઈ. તેમાં જે તોરણ લગાડવામાં આવેલ હતાં તે મણીઓનાં હતાં. આથી તેના પ્રકાશને કારણે તે ઈન્દ્ર ધનુષથી પણ તે અતિ શોભાયમાન લાગતી હતી. તેનું કુટ્ટિમ તળ–આંગણું પાંચ વર્ણના મણિઓથી બનાવવામાં આવેલ હતું. તેના ઉપર જે શિખર બનાવવામાં આવેલાં તે ખૂબ ઉચાં હતાં તેમાં રત્નો જડેલાં હતાં. તેનાથી એમ લાગતું હતું કે "સુધર્માસભા શું મારાથી પણ અધિક સુંદર છે ?" માનો કે આ વાતની તપાસ કરવા માટે તેણે પોતાના મસ્તકને ઉન્નત બનાવેલ છે. ત્યાં મસ્તકના સ્થાનાપન્નરૂપ શિખર અને તેમાં લાગેલા રત્નોને નેત્રના સ્થાનાપન્નરૂપ જાણવાં જોઇએ. શિખરો ઉપર જે ધજાઓ લગાવવામાં આવી હતી તે પવનથી ઉડતી હતી ત્યારે એવી વાત મનમાં આવતી હતી કે આ ચિત્રશાળાની રચના જોવાથી જગતભરને વિસ્મય બનાવી દીધેલ છે તેને જોવા માટે તે દેવોને બોલાવી રહેલ છે. આ પ્રમાણે સર્વાંગ રૂપથી પૂર્ણ સુશોભિત એવી એ ચિત્રશાળામાં રાજાનું સિંહાસન ગોઠવવામાં આવ્યું. રાજા ખોદકામમાં મળેલા મુગટને પહેરીને તેની ઉપર બેસતા હતા. આ મુગટના પ્રભાવથી તેને જોવાવાળાની નજરમાં તે રાજા બે મોઢાવાળો–દ્વિમુખી દેખાતો હતો. આ કારણે લોકોમાં " દ્વિમુખ " આ નામથી એની પ્રસિદ્ધિ થઇ. દ્વિમુખ રાજા પોતાની પ્રજાનું પાલણપોષણ પુત્રવત્ કરતા હતા. આ પ્રમાણે આનંદની સાથે પ્રજાનું સંરક્ષણ કરતાં કરતાં એ રાજાનો અનેક વર્ષોનો સમય નીકળી ગયો. તેમને સાત પુત્રો હતા, પરંતુ એક પણ પુત્રી ન હતી. આથી રાજાની રાણી ગુણમાલા વિશેષ ચિંતિત રહેતી હતી. એણે વિચાર કર્યો કે, પોતાને સાત પુત્રો હોવા છતાં પણ કુળદ્વયની કીર્તિને અખંડ રાખવા-

વાળી પુત્રી તો મારે ત્યાં નથી. પુત્રીની વિના મારા આ પુત્રોની અને મારી કોઇ શોભા નથી. આ પ્રકારનો એના મનમાં વિચાર હતો જ ત્યારે સમયના જતાં તેને એક સર્વાંગ સુંદર પુત્રીનો જન્મ થયો. રાજાએ પુત્રીના જન્મનો મહોત્સવ ખૂબ ધામધુમથી મનાવ્યો. પુત્રીનું નામ મદનમંજરી રાખવામાં આવ્યું. નંદનવનમાં કલ્પ લતાની માફક તે પિતાના ઘરમાં ક્રમશઃ મોટી થવા લાગી, અને વધતાં વધતાં મનને હરણ કરે તેવા રૂપલાવણ્યવાળી, સુશીલતા આદિ ગુણસંપત્તિથી અલંકૃત યુવાવસ્થાને પ્રાપ્ત બની. એના રૂપની બરોબરી કરી શકે તેવી કોઇ સુંદરી દેખાતી ન હતી, આટલી તો એ સુંદર લાગતી હતી.

જે સમયની આ વાત છે એ સમયે ઉજ્જયીની નગરીમાં ચંડપ્રદ્યોતન નામના રાજા રાજ્ય કરતા હતા કોઇ કામને લઇને તેમનો દૂત કામ્પિલ્યનગરમાં આવ્યો હતો. એને ત્યાંના લોકોના મોઢેથી જયવર્મા રાજાને દ્વિમુખ રાજાને મળેલા એ મુગટના પ્રભાવની વાત સાંભળવામાં આવી. જ્યારે તે પોતાનું કામ પૂરું કરીને પાછો ઉજ્જયિની ગયો ત્યારે તેણે ત્યાં પોતાના રાજાને જયવર્મા રાજાને મળેલા મુગટના પ્રભાવની વાત કરી. દૂતે કહ્યું, હે દેવ ! કામ્પિલ્યનગરના રાજા જયવર્માને એક મુગટ મળેલ છે, આ મુગટને ધારણ કરવ થી તે લોકોની નજરમાં બે મોઢા-વળો દેખાય છે. આ કારણે તેના પ્રજાજનોમાં તે દ્વિમુખ એ નામે જાહેર છે. દૂતની પાસેથી આ સમાચારને સાંભળીને ચંડપ્રદ્યોતનના મનમાં એ મુગટને હસ્તગત કરવ નો લોભ જાગ્યો. તેણે એ વખતે એક ચતુર દૂતને બોલાવ્યો અને તેને પોતાના હૃદયની વાત સમજાવીને તેને જયવર્માની પાસે મોકલ્યો. ત્યાંથી ચાલીને તે દૂત કામ્પિલ્યનગરમાં આવીને ચિત્રશાળામાં સિંહાસન ઉપર બેઠેલા રાજાની પાસે પહોંચ્યો. તેણે ત્યાં રાજાને મસ્તક ઉપર રાખેલા મુગટના પ્રભાવથી બે મુખવાળા જોયા. જોતાં જ તેણે પ્રણામ કરીને જયવર્મા રાજાને કહ્યું, રાજન્ ! ઉજ્જયીનીના રાજા ચંડપ્રદ્યોતન રાજાએ આપની પાસે એવા પ્રકારનો સંદેશો મોકલ્યો છે કે, જે આપની પાસે બે મુખપ્રદર્શિત કરવાવાળો જે મુગટ છે તે મને આપો. જો તેમાં જરાપણ આનાકાની કરશો તો તેમાં યુદ્ધના સિવાય બીજો કોઇ ઉપાય નથી. દૂતના મોઢેથી ચંડપ્રદ્યોતનના આ સંદેશાને સાંભળીને દ્વિમુખ રાજાએ તેને કહ્યું કે, જો તમારો રાજા હું ઇચ્છું તે વસ્તુ મને આપવા તૈયાર થાય તો હું તેને આ મુગટરત્ન આપી શકું છું. દ્વિમુખની વાત સાંભળીને દૂતે કહ્યું, રાજન્ ! આપ કહો, તે ઇચ્છિત વસ્તુ કઇ છે ? રાજાએ કહ્યું, સાંભળો, ૧ તેના રાજ્યના સ્તંભરૂપ અનલગિરિ નામનો ગન્ધ હાથી, ૨ અગ્નિભિરૂ નામનો ઉત્તમ રથ, ૩ શિવા નામની રાણી, ૪ લોહજંઘા દૂત. આ ચારે ચીજો તેના રાજ્યની મને ખૂબ પસંદ છે. જો તે આ ચારે ચીજો મને આપી શકે તો હું પણ મારા રાજ્યના સારભૂત એવા આ મુગટને તેને આપી શકું છું. દ્વિમુખ રાજાની આવી અટપટી વાત સાંભળીને તે દૂતે પાછા

ઉજ્જયીની પહોંચીને સઘળી વાત ચંડપ્રદ્યોતનને કહી સંભળાવી. સાંભળતાં જ ચંડપ્રદ્યોતન ક્રોધના આવેશમાં આવી ગયો અને તરત જ તેણે દ્વિમુખની સામે યુદ્ધ કરવા માટેનું રણશીંગું ફુંકાવ્યું. રણશીંગનો શબ્દ સાંભળીને સૈન્ય એકત્રિત થઈ ગયું. રાજા ચંડપ્રદ્યોતન સૈન્ય લઈને પૃથ્વીને કંપાવતો કંપાવતો પાંચાલ દેશની તરફ ચાલ્યો. તેની સાથે બે લાખ હાથી હતા તે સઘળા મેઘગર્જનાની માફક ગડગડાટના શબ્દો દ્વારા સઘળી દિશાઓને વ્યાપ્ત કરતા ચાલી રહેલ હતા. તે સમયે તેના મેઘધારા સમાન વરસતા મદજળોથી પૃથ્વી કિચડમય બની ગયેલ હતી. એ સઘળા હાથીઓ વિદ્યુતલતા સમાન સોનાના આભૂષણોથી ચમકતા હતા. એ જોનારને એવુ પ્રતીત થતું હતું કે, જાણે આકાશમાં મેઘોનું એક સાથે મિલન થયેલ છે. સેનામાં પોતાની ગતિથી વાયુની ગતિને પણ નબળી કરવાવાળો પચાસ હજાર ઘોડેસ્વારોનો સમૂહ હતો અનેક પ્રકારનાં શસ્ત્રઅસ્ત્રોથી ભરેલા વીસહજાર રથ હતા જેને જાતિમાન અશ્વ જોડેલ હતા. સાત કરોડ મહાનશક્તિશાળી એવા પાયદળ સૈનિકો હતા. આવી વિશાળ સેનાથી સજ્જ થઈને ચંડપ્રદ્યોતન રાજા થોડા સમયમાં પાંચાલ દેશની પાસે આવી પહોંચ્યા. દ્વિમુખ રાજાને દૂતો દ્વારા એમના આવવાના સમાચાર મળ્યા ત્યારે તે પણ બમણી સેનાથી સજ્જ થઈને પોતાના ચાર પુત્રોની સાથે ચંડપ્રદ્યોતન સાથે યુદ્ધ કરવા માટે પોતાના નગરથી નીકળ્યો. બન્ને સેનાઓ પાંચાલની સરહદ ઉપર સામસામે આવી ગઇ. પ્રચંડ યુદ્ધ જામી પડ્યું. દ્વિમુખના સૈનિકોએ અંતે ચંડપ્રદ્યોતના સઘળા સૈનિકોને અસ્તવ્યસ્ત બનાવી દીધા. આથી તેઓ યુદ્ધભૂમિને છોડીને ભાગી ગયા. કેટલાકનો નાશ થયો. જ્યારે ચંડપ્રદ્યોતે પોતાને અસહાય જોયો ત્યારે તે પણ અંતે પોતાના પ્રાણને બચાવવા ત્યાંથી નાસી છૂટયો. પરંતુ દ્વિમુખે તેનો પિછો છોડયો નહીં સસલાની માફક ભાગી રહેલા તે રાજાને દ્વિમુખ રાજાએ પકડી લીધો અને તેને બંદીવાન બનાવી દીધો. આ પ્રમાણે ચંડપ્રદ્યોતનને બાંધીને એને પોતાની સાથે લઇને દ્વિમુખ રાજા વિજય મેળવીને પોતાના નગરમાં પ્રવેશ્યા. આ સમયે શહેરને શણગારમાં આવેલ હતું. આ યુદ્ધમાં મળેલા વિજયને કારણે પુરવાસીઓએ તેમજ બંદીજનોએ તેમની ખૂબ સ્તુતિ કરી. સઘળા તરફથી પ્રશંસા મેળવેલ એ દ્વિમુખ રાજા પછી મહેલમાં ગયા. ત્યાં તેઓએ ચંડપ્રદ્યોતના બન્ને પગોમાં બેડીઓ પહેરાવી દીધી, અને કારાગારમાં પૂરી દીધો. ધીરે ધીરે જ્યારે દ્વિમુખ રાજાનો ક્રોધ શાંત થવા લાગ્યો ત્યારે તેને વિચાર આવવા લાગ્યો કે ભલે આ ચંડપ્રદ્યોતન રાજા દૈવદુર્વિપાકથી જ આ દુર્દશાને પામ્યો છે, પરંતુ મારા તરફથી હવે તેને કોઇ પ્રકારનું દુઃખ થવું ન જોઇએ. આ પ્રકારના સુંદર વિચારથી દ્વિમુખ રાજાએ તેને બંધનરહિત કરીને કારાગારમાથી મુક્ત કરી દીધો, અને વિવિધ પ્રકારની ભોજન સામગ્રીથી તેનો સત્કાર કરવા લાગ્યો, તથા જે સમયે તે પોતાની સભામાં સિંહાસન ઉપર બેસતો ત્યારે પણ તે તેને પોતાની સાથે જ અર્ધા સિંહાસન ઉપર ઘણા જ આદરની સાથે બેસાડતા.

એક દિવસ ચંડપ્રદ્યોતનને દ્વિમુખ રાજાની પુત્રી મદનમંજરી કે જેનાં નેત્રો

મા લીનાં નેત્રો જેવાં હતાં. એને જોતાં જ તેનો એનામાં એવો અનુરાગ જાગૃત થયો કે, તેના આવેશથી રાત્રિમાં તેને નિદ્રા પણ ન આવી. એની એ રાત્રિ મદનમંજરીના વિષયમાં વિચાર કરતાં કરતાં જ પૂરી થઇ જ્યારે સવાર થયુ અને ચંડપ્રદ્યોતન રાજસભામાં ઉપસ્થિત થયો ત્યારે દ્વિમુખ રાજાએ એના ચહેરા ઉપરનાં દુઃખનાં ચિન્હો જોવાથી પૂછયું, હે રાજન્! શું વાત છે, શું આજે આપનું સ્વાસ્થ્ય બરોબર નથી? આપનું મુખ હેમંતમાં કમળની માફક મ્લાન માલુમ પડી રહ્યું છે, દ્વિમુખની આ વાતનો ચંડપ્રદ્યોતને કાંઈ ઉત્તર ન આપ્યો ત્યારે વ્યાકુળ બનીને દ્વિમુખે તેને સોગન દઇને કહ્યું, હે રાજન્! મેં જે પૂછેલ છે તેનો ઉત્તર આપો આપને જે કાંઈ કષ્ટ થઇ રહેલ હોય તે સાફ સાફ કહો. સંકોચ પામવાની કાંઇ જરૂર નથી કેમકે, જ્યાં સુધી અમોને આપની ચિંતાનું કારણ જાણવા નહીં મળે ત્યાં સુધી અમો તેનો ઉપાય પણ કઇ રીતે કરી શકીએ? દ્વિમુખની આ પ્રકારની પ્રેમપૂર્વકની વાતને સાંભળીને ચંડપ્રદ્યાતને 'હાય' આ પ્રકારે બોલીને તથા લજ્જાને છોડીને આ પ્રકારે કહ્યું, રાજન્! મને કોઇ કષ્ટ નથી, છતાં પણ મારી આ દશાનું કારણ શું છે એ જાણવાનું આપને કુતૂહલ થઇ રહેલ છે. જે હું કોઇ પણ પ્રકારનો મનમાં સંકોચ ન રાખતાં આપની સમક્ષ જાહેર કરૂં છું તેને આપ સાંભળો. ગઇ કાલે મેં આપની પુત્રી મદનમંજરીને જોઇ, તેને જોતાં જ મારો તેનામાં અનુરાગ દૃઢ બની ગયેલ છે. આ કારણથી મારી આ દશા થયેલ છે. આથી આપને નિવેદન કરૂં છું કે, આપ મદનમંજરી મને આપીને મારી આ માનસિક ચિંતાને દૂર કરવાની કૃપા કરો. ચંડપ્રદ્યોતનના આ વાકયોને સાંભળીને દ્વિમુખે વિચાર કર્યો કે, શું હરકત છે? મદનમંજરીને યોગ્ય વર આ છે જ. આથી જ્યારે તે મદનમંજરીને ચાહે છે ત્યારે તેને મદનમંજરી આપવામાં મને કોઈ વાંધો નથી. આ પ્રકારનો મનમાં વિચાર કરીને રાજા દ્વિમુખે શુભ મુહૂર્તમાં પોતાની કન્યા મદનમંજરીનું ઘણા જ ઉત્સવની સાથે ચંડપ્રદ્યોતનની સાથે લગ્ન કરી દીધું. દહેજમાં મોટા પ્રમાણમાં હાથી, ઘોડા આદિ તથા મણી માણેક આદિ રત્ન અને તેનું મેળવેલ રાજ્ય પણ દ્વિમુખે તેને આપી દીધું. આ પ્રકારે ચંડપ્રદ્યોતન રાજા દ્વિમુખ રાજા તરફથી આપવામાં આવેલ મદનમંજરીની પ્રાપ્તિથી પોતાની જાતને વિશેષ ભાગ્યશાળી માનીને ત્યાંથી વિદાય થઇને નવી રાણીની સાથે આનંદપૂર્વક ઉજ્જયીનગાં જઇ પહોંચ્યા.

એક સમય ઇન્દ્ર મહોત્સવના પ્રસંગે રાજા દ્વિમુખે નગરના નિવાસીઓને ઇન્દ્રધ્વજના સંસ્થાપન અર્થે આદેશ આપ્યો. રાજાનો આદેશ મળતાં નાગરીકોએ ઝડપથી મંગળપાઠ સાથે ઇન્દ્રધ્વજને હવામાં લહેરાવ્યો. એ ધ્વજમાં નાગરીકોએ ઘુઘરીઓની માળાઓ બાંધી હતી, પુષ્પોનાં માળાઓથી તેની સજાવટ કરી હતી. મણિમાણેક આદિથી તેને સુંદર રીતે શણગારેલ હતો ધ્વજવંદનના દંડને સુંદર વસ્ત્રોથી આચ્છાદિત કરીને તેના ઉપર ઇન્દ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો ધ્વજનું

વસ્ત્ર પણ બહુ મુલ્યવાન હતું. આ પ્રકારે જ્યારે ધ્વજનું રોપણ કરવામાં આવ્યું ત્યારે કેટલાક નગરનિવાસીઓએ એ ધ્વજની નીચે ઘણા જ રસીલા સ્વરોથી હર્ષાવેશમાં આવી જઈ ગાવા નાચવા માંડયું. કેટલાકોએ દીન અનાથોને દાન આપવા માંડયું. કેટલાક જનોએ કપુર મિશ્રિત કુમકુમ જળને છાંટીને તેમ જ પરસ્પરમાં સુગંધી ચુર્ણોની મુઠીઓ ભરીને છાંટવા માંડયું. આ પ્રકારનો આનંદમય છ દિવસ લોકોએ ઘણા હર્ષથી ઉજવ્યો; પરંતુ જ્યારે સાતમા દિવસનો પ્રારંભ થયો ત્યારે આ દિવસે પૂર્ણિમા હોવાથી દ્વિમુખ રાજાએ પણ તે ઉત્સવમાં ભાગ લઇને ઉત્સવને ખૂબ જ દેદિપ્યમાન બનાવ્યો. ઇન્દ્રધ્વજને જોઇને રાજાને પણ અપાર હર્ષ થયો. ઉત્સવની સમાપ્તિ થતાં સઘળા નાગરિક જનો પોતપોતાનાં વસ્ત્રાદિકને લઈને તથા દંડ સહિત એ ઇન્દ્રધ્વજને ભૂમિમાં પધરાવીને પોતપોતાના ઘેર પહોંચી ગયા. બીજા દિવસે દ્વિમુખ રાજા કોઈ કારણવશાત્ બહાર ગયા ત્યારે તેમણે એ ઇન્દ્રધ્વજને ધુળમાં રગદોળાતો તેમ જ ખરાબ સ્થાનમાં પડેલો જોયો અને નાના નાના બાળકો તેને જમીન ઉપર આમતેમ ઘસડી રહ્યાં હતા. ઇન્દ્રધ્વજની આ પ્રકારની સ્થિતિ જોઇને રાજાના મનમાં વિચાર આવ્યો કે, ગઈ કાલ સુધી મનુષ્યોના મનના ઉત્સાહનુ કારણ હતો એજ ઇન્દ્રધ્વજ આજે આ પ્રકારની વિટંબણાને પ્રાપ્ત કરી રહેલ છે. જુઓ! અભ્યુદયની ક્ષણિકતા. એ અભ્યુદય નદીના પૂરની માફક આવે છે અને ચાલી જાય છે. આવી જ રીતે લક્ષ્મીનો પણ કોઈ વિશ્વાસ નથી કે તે સદાને માટે સ્થાયી બની રહે. એ તો વિજળીના સમાન ચંચળ છે, આથી વિજળીના જેવી ચંચળ એ લક્ષ્મીમાં આસક્તિ રાખવી એ બુદ્ધિમાનો માટે બરોબર નથી. જ્યારે આમ વાત છે તો પછી હું વિટંબનાવાળી આ રાજ્યસંપત્તિની આસક્તિમાં શા માટે પડયો રહું? એનો પરિત્યાગ કરીને હું એકન્તતઃ શ્રેયસ્કારીણી શિવસામ્રાજ્ય લક્ષ્મીનો આશ્રય કેમ ન કરું? આવો વિચાર કરીને રાજાએ પરપદાર્થોમાં જે મમત્વબુદ્ધિ હતી તેનો પરિત્યાગ કરી દીધો. આ પ્રમાણે તેને વૈરાગ્યની જાગૃતિ થવાથી પોતાના હાથેથી પોતાના કેશનું લોચન કરીને તથા દેવો તરફથી આપવામાં આવેલી સદ્ધોરકનુખવસ્ત્રિકા અને રજોહરણ આદિરૂપ સાધુનો વેશ ધારણ કરીને પ્રત્યેક બુધ બનેલા દ્વિમુખ મુનિરાજે અપ્રતિબદ્ધ વિહાર કરતાં કરતાં વીતરાગ ધર્મનો પ્રચાર કર્યો અને અંતકાળે સિદ્ધિગતિને પામ્યા. કહ્યું પણ છે—

"क्रीक्ष्याहतं पौरजनैः सुरेशः, ध्वजं च लुप्तं पतितं परेऽह्नि ।
भूतिं त्वभूतिं द्विमुखो निरीक्ष्य, बुद्धः प्रपेदे जीनराजधर्मम्" ॥१॥

नगगति राजा की कथा

નગગતિ રાજાની કથા આ પ્રકારની છે—

ભરતક્ષેત્રના ગાંધાર દેશમાં એક પુંડ્રવર્ધન નામનું નગર હતું. ત્યાં સિંહરથ નામના રાજા રાજ્ય કરતા હતા. એક સમયની વાત છે કે, તે રાજાને ઉત્તરભારતથી કોઈ એક વ્યક્તિએ બે સુંદર એવા ઘોડા ભેટ તરીકે આપ્યા. તે ઘોડાઓની

પરીક્ષા કરવા માટે એક ઘોડા ઉપર રાજા પોતે તેમજ બીજા ઘોડા ઉપર એક બીજી વ્યક્તિ બેઠી. રાજા તથા તેમના સાથીદાર આ પ્રમાણે એ બન્ને ઘોડાઓ ઉપર સવારી કરીને બીજા ઘોડેસ્વારો સાથે નગરની બહાર નીકળ્યા. જે ઘોડા ઉપર રાજાએ સ્વારી કરેલ હતી તે ઘોડો ખૂબ તોફાની હતો. તેની ચાલ કેવી છે તે જોવાના ઉદ્દેશથી રાજાએ એ ઘોડાને એક ચાબુક લગાવ્યો. ચાબુક લાગતાં જ એ ઘોડો પવન-વેગથી દોડવા લાગ્યો. એને રોકવા માટે તેની લગામને રાજા જેમ જેમ ખેંચતા તેમ તેમ તે ઘોડો ખૂબ જ વેગથી દોડવા માંડતો. આ પ્રમાણે મહાવેગવતી ગતિથી ચાલતાં ચાલતાં તે બાર જોજન નીકળી ગયો. જે પ્રમાણે નદીનો વેગ કિનારા ઉપરના વૃક્ષને પોતાના પ્રવાહમાં ખેંચીને મહાસાગરમાં પહોંચાડી દે છે એજ રીતે આ ઘોડાએ પણ રાજાને એક મહાભયંકર એવા અરણ્યમા પહોંચાડી દીધો. જ્યારે રાજાએ જોયું કે, ઘોડો લગામ ખેંચવાથી રોકાતો નથી અને વધુ વેગવાળો બની એક જ રથ હતો. જવાલાદેવીએ પ્રતિજ્ઞા કરી કે હું આજ રથમાં બેસીને જિન-ધર્મની દેશના સાંભળવા જઇશ નહીં તો અનશન કરીશ. આવી રીતે લક્ષ્મીદેવીના દિલમાં પણ વૈદિક ધર્મની દેશના સાંભળવા જવાનો વિચાર થયો અને એણે પણ નક્કી કર્યું કે, આ રથમાં બેસીને જ હું વૈદિક ધર્મની દેશના સાંભળવા જઈશ, નહીંતર અનશન કરીશ. આ પ્રમાણે બન્ને રાણીઓનો પરસ્પર વિવાદ સાંભળીને રાજાપદ્મોત્તરે એવું કહી દીધું કે એ રથ ઉપર બેસીને કોઇ પણ ધાર્મિક દેશના સાંભળવા ન જાય. મહાપદ્મ પુત્રે પોતાની માતા જવાલાદેવીની અભિલાષા પૂરી ન થતી જોઇને તે દુઃખથી અતિશય દુઃખી થઇને એવો વિચાર કરવા લાગ્યો કે એ ઘણા આશ્ચર્યની વાત છે કે મારા જેવો પુત્ર હોવા છતાં પણ મારી માતાની અભિલાષા પૂર્ણ થઈ શકતી નથી. જે રીતે કૃપણનું ધન જમીનમાં દટાયેલું રહીને આખરે અદૃશ્ય બને છે. આજ પ્રમાણે મારી માતાની અભિલાષા પણ તેના પછી રાજાએ તેને પૂછયું, હે સુભગે ! તમો કોણ છો, અને આ નિર્જન વનમાં એકલી શા માટે રહો છો ? રાજાએ જ્યારે આ પ્રકારથી પૂછયું, ત્યારે તેણે ઘણીજ ઉત્કંઠાથી એવું કહ્યું કે. હે સુભગ ! પહેલા તમો આ ભવનની વેદિકામાં મારી સાથે લગ્ન કરી લો, પછી સ્વસ્થ ચિત્તે હું મારૂં સઘળું વૃત્તાંત તમોને કહી સંભળાવીશ. કર્ણપ્રિય એવાં એનાં આ પ્રકારનાં વચન સાંભળીને રાજાએ સુંદર ભોજનની પ્રાપ્તિથી ક્ષુધાતુર માફક અત્યંત હર્ષિત થઈને સંધ્યા સમયે તેના કહેવા પ્રમાણે તે કન્યા સાથે ગાંધર્વ વિધિથી લગ્ન કરી લીધું ત્યારબાદ રાત્રીનો સમયવીત્યા પછી પ્રાતઃ કાળના કામોથી નિવૃત્ત થઇને રાજાની સાથે બેનો ઉપભોગ પામેલી એ કન્યાએ પોતાનું વૃત્તાંત આ પ્રમાણે કહેવાની શરૂઆત કરી.—

આ ભરતક્ષેત્રમાં ધનધાન્યદિકથી સમૃદ્ધ એવું ક્ષિતિપ્રતિષ્ઠિત નામનું એક નગર હતું. એ નગરનું આધિપત્ય જીતશત્રુ નામના રાજવીનું હતું. તેમણે એક દિવસ

ચિત્રશાળા બનાવ ને અને એ ચિત્રશાળાને બનાવનારા સઘળા શિલ્પીઓને પોતાની પાસે બોલાવ કહ્યું કે, જુઓ ! તમારા લોકોનાં જેટલાં ઘર છે એટલો જ વિભાગ આ ચિત્રશાળાની ભીંતો ઉપર આલેખો પછી એકએક ભાગ વહેંચી લઇને તેને શોભાયુકત ચિત્રોથી તેને શણગારો. રાજાનાં આ પ્રકારનાં વચનને સાંભળીને એ સઘળા ચિત્રકારોએ કહ્યું કે, મહારાજ ! આપની આજ્ઞા પ્રમાણે સઘળું કાર્ય યથા-યોગ્ય સ્વરૂપમાં થઈ જશે. એવું કહીને એ લોકોએ પોતાનાં જેટલા ઘરો હતાં એટલા ભાગોથી ચિત્રશાળાની ભીંતને વિભક્ત કરી અને તેમાં ચિત્ર રચવાનો પ્રારંભ કર્યો. આ ચિત્રકારોના ઉપર ચિત્ર બનાવવાં એ રાજાનો કર હતો. એ ચિત્રકારોમાં ચિત્રાંગદ નામનો એક ચિત્રકાર હતો જેને કોઇ પુત્ર ન હતો, તેના ભાગે ભીંત ઉપર ચિત્રકામનો જેટલો ભાગ આવેલ હતો તે ભાગ ચિત્રિત કરવામાં તે એકલોજ લાગી રહેલો હતો. તેને એક પુત્રી હતી જેનું નામ કનકમંજરી હતું. તે રૂપ, યૌવન, કળા અને ચાતુર્યથી યુક્ત હતી તે રોજ ભોજન લઇને પોતાના પિતા માટે ચિત્ર-શાળામાં જતી તેના આવ્યા પછી જ તે ચિત્રકાર શૌચક્રિયા આદિના માટે બહાર જતો. એક દિવસની વાત છે કે જ્યારે કનકમંજરી ભોજન લઇને રસ્તેથી આવતી હતી ત્યારે તેણે ઘણા વેગથી ઘોડાને દોડાવી રહેલા એક રાજાને જોયા. ઘોડો એટલા વેગથી દોડી રહ્યો હતો કે, ડુંગરાળ નદીના પુરનો વેગ પણ તેનાથી ઓછો જણાતો હતો. ઘોડાને દોડાવી રહેલ વ્યક્તિને પેલી કન્યાએ કોઇ સાધારણ વ્યક્તિ માનેલ હતી. "હું ઘોડાની અડફેટમાં ન આવી જાઉં" આવો વિચાર કરીને તે રાજમાર્ગનો રસ્તો છોડી દઇને એક ગલીમાં થઈને ચિત્રશાળામાં પહોંચી ગઇ. ભોજન લઈને આવેલી પોતાની પુત્રીને જોઇને ચિત્રકાર શૌચ આદિ કાર્ય માટે બહાર ચાલ્યો ગયો. એના બહાર જવા પછી કનકમંજરીએ હાથમાં પીંછી લઇને અનેક પ્રકારે એ ભીંત ઉપર હુબહુ એક મોરલોના ચિત્રને અંકિત કર્યું આ સમયે જીતશત્રુ રાજા પણ ચિત્રશાળામાં ચિત્રોને જોવા માટે આવી પહોંચ્યો. તેણે આવતાંની સાથેજ એ ભીંત ઉપર ચિતરવામાં આવેલ મોરના ચિત્રને જોયું તો તેણે ખરેખર મયુર (મોર)ને જાણીને તેને ઉપાડવા માટે પોત ના હાથને આગળ લંબાવ્યો. પરંતુ તે ચિત્રરૂપ હોવાથી રાજાના હાથમાં કશું આવ્યું નહીં અને રાજાની આંગળીના નખને ઇજા પહોંચી. વાત પણ બરોબર હતી. તત્વને ન જાણવાવાળી વ્યકિતની પ્રવૃત્તિની નિષ્ફળ જ જાય છે. રાજાને પોતાની આ પ્રકારની ચેષ્ટાને કારણે ભારે લજ્જા ઉત્પન્ન થઈ તથા આ ચેષ્ટાથી મને કોઇએ જોયો તો નહીં હોય ? આવા અભિપ્રાયથી તે ભય-ભીત બનીને ચારે તરફ જોવા લાગ્યો તે સમયે આ પ્રકારની ચેષ્ટામાં ગુંથાયેલા રાજાને કનકમંજરીએ જોઈ લીધો હતો. આથી તે ચકિત થઇને એવા અભિપ્રાય ઉપર આવી ગઈ કે, આ કોઈ રાજા નથી પરંતુ સાધારણ વ્યક્તિ છે, એથી હસીને કહેવા લાગી કે, પલંગ ત્રણ પાયાથી કદી બરોબર ટકી શકતો નથી. અર્થાત તેના ચોથા પાયાનો શોધ કરવાવાળી મને આપ ચોથા મુરખ મળી ગયા છો. આ પ્રકા-રના ચતુરાઇ ભરેલા એનાં વચનને સાંભળીને રાજાએ કહ્યું કે, ત્રણ મુરખ કોણ છે ?

અને ચોથો મુરખ હું કઇ રીતે? કનકમંજરીએ તેના પ્રત્યુત્તરમાં કહ્યું સાંભળો! હું વૃદ્ધ ચિત્રકાર ચિત્રાંગદની પુત્રી છું. મારૂં નામ કનકમંજરી છે. આજ પિતાના માટે ભોજન લઇને હું અહીં આવી રહી હતી ત્યારે મેં રાજમાર્ગ ઉપર એક ઘોડેસ્વારને ઘણા વેગથી ઘોડાને દોડાવતાં જોયો, તેને હું પહેલા નંબરનો મૂર્ખ માનું છું. કેમકે, રાજમાર્ગ સ્ત્રીઓ, બાળકો, વૃદ્ધો વગેરેથી ઉભરાયેલો જ હોય છે. બુદ્ધિમાન માણસ આવા રાહદારીના જાહેર રસ્તા ઉપર ઘોડાને કદી વેગથી દોડાવતાં નથી. કેમકે, આવી સ્થિતિમાં અકસ્માત થવાનો ભય રહે છે. જે નિર્દય અને મુરખ હોય છે તે જ આવા રાજમાર્ગ ઉપર ઘોડાને વેગથી દોડાવે છે. આ કારણે મેં આવા માણસને પલંગનો પ્રથમ પાયો માનેલ છે. અને બીજો પાયો અહીંનો રાજા જીતશત્રુ છે. જે બીજાઓની વેદનાને બીલકુલ સમજતો નથી. જુઓ તો ખરા! ચિત્રકારોના ઘરોની માફક આ ચિત્રશાળાની ભીંતને શોભિત બનાવવાનો તેણે આદેશ આપેલ છે. તેનો એ આદેશ સમજદારીથી તદન ઉલ્ટો છે. કારણ કે, બીજા ચિત્રકારોના ઘરમાં તો ઘણા ચિત્રકામ કરનારા માણસો છે. પરંતુ મારા પિતા કે, જે અપુત્ર અને નિર્ધન છે, વૃદ્ધાવસ્થાને લઈ આ કામને માટે યોગ્ય નથી કારણ કે, વૃદ્ધાવસ્થાથી તેમનું શરીર તદન નબળું બની ગયેલ છે. છતાં પણ આ વાતનો વિચાર ન કરીને રાજાએ બીજા ચિત્રકારોની સાથે તેને તેના ભાગે આવતા ભાગને ચિતરવાનું કામ સોંપેલ છે. આ માટે રાજાને પલંગનો બીજો પાયો માનું છું. ત્રીજો પાયો મારી દૃષ્ટિમાં મારા પિતા છે. જે વગર વેતને ચિત્રશાળાને ચિતરતાં ચિતરતાં પૂર્વોપાર્જીત જે કાંઈ દ્રવ્ય છે તેને ખાઇ રહેલ છે. ઉપાર્જન કરી ન શકનારનું દ્રવ્ય કયાં સુધી કામ આપવાનું છે.? લુખું સુકું જે કાંઇ ખાવાનું ઘરમાં હોય છે તે લઈને જ્યારે હું અહીં આવું છું ત્યારે જ તે ચિત્રનું કામ મૂકીને શૌચાદિ માટે ઉઠે છે. જ્યાં સુધી તે શૌચાદિથી નિવૃત્ત થઇને આવે છે ત્યાં સુધીમાં લાવવામાં આવેલું ભોજન પણ ઠંડુ થઇ જાય છે. ઠંડુ ભોજન રસ વગરનું બની જાય છે. એ ભલેને ઉત્તમ ભોજન હોય છતાં પણ તે સ્વાદ વગરનું અને રૂક્ષ બની જાય છે. ઠંડુ બનેલું એ ભોજન પણ વિરસ જ બની જાય તેમાં નવાઈ શી? આથી ગરમ ભોજનને ઠંડુ કરીને ખાનાર એવા મારા પિતા પણ પલંગનો ત્રીજો પાયો છે. એ પલંગનો ચોથો પાયો આપ છો. કારણ કે, ચિતરેલા મયૂરનાં પીંછાંને સાચાં માનીને ઉપાડવાની ક્રિયા કરી તે સમયે આપે એટલો પણ વિચાર ન કર્યો કે મોર અહિં આવી શકતો નથી. તો તેનાં પીંછાં સાચારૂપમાં અહીં કઇ રીતે આવી શકે? કારણ કે, જ્યારે મોર આવે તો જ એનાં પીંછાં અહીં પડે. જો એવી સંભાવના કરવામાં આવે કે, મોર અહીં ન આવે–ભલે ન આવે પરંતુ તેના પીંછાંને તો કોઇ આ સ્થળે જરૂરથી લાવી શકે છે. આથી એ વાત માની શકાય છે. પરંતુ જે ચિત્રાયેલા મયુર પીંછાને સાચું માની આપે ઉપાડવાની ચેષ્ટા કરી એ વખતે આપે એટલું તો જોવું જોઇતું હતું કે, તેનાં ફરવાડાં ફરકે છે કે નહીં? આવો

કોઈ પણ નિર્ણય ન કરતાં તેને ઉઠાવવાની આપે ચેષ્ટા કરી. આ દૃષ્ટિએ મારી નજરમાં આપ પલંગના ચોથા પાયા છો. આ પ્રકારની એની વાત સાંભળીને રાજાએ એની વાતનો સ્વીકાર કરવો પડયો. આ પછી રાજાએ એવો વિચાર કર્યો કે, જ્યારે આ એટલી ચતુર અને લાવણ્યથી યુકત વિદુષિ છે તો તેની સાથે વૈવાહીક સંબંધ જરૂરથી કરવો જોઈએ. આ પ્રમાણે સઘળી રીતે વિચાર કરીને રાજા પોતાના મહેલે ગયા અને આ તરફ કનકમંજરી પણ એના પિતાને ભોજન કરાવીને પોતાને ઘેર પહોંચી ગઇ. પોતાના મહેલમાં પહોંચીને રાજાએ પોતાના સચિવ કે જેનું નામ શ્રી ગુપ્ત હતું તેને ચિત્રાંગદ ચિત્રકારની પાસે તેની કન્યા માટે માગું લઈને મોકલ્યો. સચિવે ચિત્રકાર પાસે જઈને રાજાના માટે તેની કન્યા કનકમંજરીની યાચના કરી. મંત્રીની માગણી સાંભળીને ચિત્રકારે કહ્યું, હે મંત્રિવર! મારી પુત્રીની સાથે રાજા વિવાહીક સંબંધ કરવા માગે છે. એ મારૂં સૌભાગ્ય છે. પરંતુ આપે એ જાણવુ જોઈએ કે, હું એક નિર્ધન વ્યક્તિ છું. આ કારણે હું વિવાહનો ઉત્સવ અને રાજાનો સત્કાર કઈ રીતે કરી શકું? આજકાલ તો નિર્ધનોની ઉદરપૂર્તિ પણ ઘણી કઠિનતાથી થાય છે. આ સાંભળીને મંત્રીએ તમામ વાત આવીને રાજાને કહી. રાજાએ ચિત્રકારનું ઘર ધન ધાન્ય અને સુવર્ણ આદિથી ભરાવી દીધું. જેની તેને ત્યાં કમીના હતી તે સઘળી વસ્તુઓ રાજાએ તેને ત્યાં પહોંચાડી દીધી. કાંઈ પણ વસ્તુની તેને ત્યાં કમીના ન રહી. પછી બાકી શું હતું? ચિત્રકારે આથી પ્રસન્ન બનીને કનકમંજરીની સાથે વિવાહ કરીને રાજાએ તેના માટે અલગ મહેલ તથા દાસ દાસી આદિનો પ્રબંધ કરી દીધો. જે દિવસે રાજા જીતશત્રુ કનકમંજરીને પરણીને પોતાને ત્યાં લઇ આવેલ એ દિવસે રાજાના શયનગૃહમાં જવાનો તેનો વારો હતો. પોતાની મદનિકા નામની દાસીને તેણે પહેલેથીજ કહી રાખેલ હતું કે હે સખી! જે સમયે રાજા સુઇ જાય તે સમયે તું કથા કહેવા માટે મને ઉત્સાહિત બનાવજે. દાસીએ એની વાતનો સ્વીકાર કર્યો. કનનમંજરીના પહોંચતાં રાજા પણ શયનગૃહમાં પહોંચી ગયો, કનકમંજરીએ ઉઠીને રાજાનો સત્કાર કર્યો. રાજા આવીને જ્યારે તે પોતાનાં પલંગ ઉપર સુઇ ગયા તે વખતે મદનિકાએ કનકમંજરીને કહ્યું, સ્વામિની! કૌતુક ઉપજાવે તેવી કોઇ કથા કહો, તેની વાત સાંભળીને કનકમંજરી બોલી, રાજાને સુઈ જવાદો, એ પછી કહીશ. રાજાએ આ વાત સાંભળી એટલે વિચાર કર્યો કનકમંજરીની વચન ચાતુરી તો ઘણીજ સારી માલુમ પડે છે. જે એનાં વચનને એક વખત સાંભળી લે છે એને દ્રાક્ષ પણ મીઠી લાગતી નથી આ કારણે એ જે વાત કહેવા માગે છે તેને જરૂરથી સાંભળવી જોઇએ. આવો વિચ ર કરી રાજા સુવાનું બહાનું કરીને ચુપચુપ પલંગમાં પડી રહ્યા. જ્યારે મદનિકાએ રાજા સુઇ ગયા છે તેવું જાણ્યું ત્યારે કનકમંજરીને કહ્યું. દેવી! રાજાજી સુઈ ગયા

હવે આપ આપની વાતનો પ્રારંભ કરો. કનકમંજરીએ કહ્યું, સારૂ સાવધાન થઇને સાંભળ હું કહું છું. એ કથા આ પ્રકારની છે—

વસંતપુરમાં વરૂણ નામનો એક શેઠ રહેતો હતો. તેણે એક હાથ ઉંચા પંથરનું દેવમંદિર બનાવ્યું. તેમાં તેણે ચાર હાથની દેવમૂર્તિ રાખી. એની આ વાતને સાંભળીને મદનિકા વચ્ચેજ બોલી ઉઠી. દેવી! એક હાથ પ્રમાણવાળા મંદિરમાં ચાર હાથની દેવમૂર્તિ કઈ રીતે સમાઇ શકે? આપ મારા આ સંશયનનું પહેલાં સમાધાન કરીને પછીથી વાર્તાને આગળ વધારો. મદનિકાની એ વાતને સાંભળીને કનકમંજરીએ કહ્યું. એક તો હું આ સમયે થાકેલી છું. બીજું મને નિદ્રા પણ સતાવી રહેલ છે. આથી બાકીની કથા હવે કાલે સમાપ્ત કરીશ. આજ અહીં સુધીજ રહેવા દો. મદનિકા મદનમંજરીની વાત સાંભળીને સુવા માટે પોતાના સ્થાન ઉપર ચાલી ગઈ આ તરફ રાજાએ વિચાર કર્યો કે, મદનિકાની વાત તો ઠીક છે. કારણ કે, એક હાથના મંદિરમાં ચાર હાથની મૂર્તિ કઈ રીતે સમાઇ શકે? આથી અત્યારે જ આનું રહસ્ય જાણી લેવું જોઇએ. પરંતુ હું જો તેને આ વાત પૂછીશ તો તે મને મૂર્ખ જ માનશે, આથી એ પૂછવું બરોબર નથી. આથી એ સ્વયં પોતે જ એને સ્પષ્ટ કરશે. જ્યાં સુધી વાર્તા અધુરી હોય છે ત્યાં સુધી તે પ્રિય લાગે છે. આ કારણે એ કથાની સમાપ્તિ નિમિત્તે હું કાલે પણ તેને અહીં આવવાનો અવસર આપીશ. આ પ્રકારના વિચારથી રાજાએ બીજે દિવસે પણ પોતોના શયન ભુવનમાં એને આવવાનો આદેશ આપ્યો. રત થતાં મદનમંજરી પોતાની દાસી મદનિકાની સાથે પહેલાંથી જ ત્યાં આવી પહોંચી. આ પછી રાજા આવ્યા પરંતુ વાર્તા સાંભળવાની અભિલાષાથી સુઈ જવાનું બહાનું કરીને તે પોતાના પલંગમાં ચુપચુપ પડી ગયા. જ્યારે આ સ્થિતિ મદનિકાએ જોઈ ત્યારે તેણે કહ્યું કે, દેવી! રાજા સુઈ ગયા છે. માટે હવે આપ ગઇ કાલની અધુરી વાર્તા આજે ચાલુ કરો. અને બીજી પણ કથા સંભળાવો. કનકમંજરીએ કહ્યું ઠીક છે. કાલે તેં જે શંકા કરેલ હતી કે, એક હાથના મંદિરમાં ચાર હાથની મૂર્તિ કઇ રીતે સમાઈ તો તેનું તાત્પર્ય એ છે કે. આ મંદિરમાં ચાર હાથવાળા જે નારાયણ છે. તેનું સ્થાપન કરવામાં આવ્યું હતું તેમ જાણવું જોઇએ. હવે હું બીજી કથા કહું છું તેને સાંભળો—

કોઇ એક મહાવનમાં લાલ અશોકનું મોટું એવું વૃક્ષ હતું એને સો ડાળીઓ હતી. પરંતુ એને છાયા ન હતી. મદનિકાએ ફરીથી વચમાં બોલતાં કહ્યું, સ્વામિની! એતો સમજમાં નથી આવતું. કેમકે સો જેટલી ડાળીયો હોવા છતાં પણ એ અશોક વૃક્ષની છાયાં ન પડે એ કેમ બની શકે? આપ તો ઘણાજ અચરજની વાત સંભળાવો છો. કૃપા કરીને આ વાતને પણ સ્પષ્ટ કરી દો અને પછીજ કથાને આગળ વધારો. આથી મદનમંજરીએ કહ્યું, મદનિકા હવે મને નિદ્રા આવી રહી છે જેથી કાલે તારા સંશયનું સમાધાન કરીશ. આજે તો આ કથા અહીં જ પૂરી કરીએ. આ પ્રમાણે કનકમંજરીએ વાતને અધુરી રાખતાં રાજાના મનમાં પણ ભારે કુતુહલ રહ્યું. અને એ રીતે ત્રીજા દિવસે પણ પોતાના શયનભુવનનો કનકમંજરીનો વારો રાખવામ

આવ્યો. ત્રીજા દિવસે રાત્રીના સમયે પ્રથમ કનકમંજરી અને મદનિકા રાજાના શયનગૃહમાં પહોંચ્યાં ત્યારપછી થોડીવારે રાજા પણ પહોંચી ગયા, પરંતુ વર્તા અને તેના ભેદને જાણવાની અભિલાષાથી રાજાએ આગલા દિવસોની જેમ નિદ્રાનું ખોટું બહાનું કરી પલંગમાં લંબાવ્યું રાજાને સુઈ ગયેલા, જાણીને મદનિકાએ બત વેલા સંદેહના ખુલાસો આ પ્રમાણે કર્યો. કાલે જે અશોક વૃક્ષની છાયા વગરની સો ડાળીઓ બતાવેલ હતી તો તેનું તાત્પર્ય આ પ્રકારે જાણવું કે વૃક્ષની નીચેજ છાયા હતી તેની ઉપર નહીં. હવે હું ત્રીજી કથા કહું છું તેને સાવધાનીથી સાંભળ.

કોઈ એક ગામમાં એક રબારી રહેતો હતો. તેનું એક ઉંટ ચરતાં ચરતાં વનમાં પહોંચી ગયું. ત્યાં તેની દૃષ્ટિમાં ફળફૂલથી લચીપચી રહેલ એક બાવળનું ઝાડ દેખાયું એને જોતાં જ ઉંટની ઈચ્છા તેને ખાવાની થઈ તે ત્યાં પહોંચ્યું અને તેના ફળફુલને ખાવા માટે તેણે વારંવાર પોતાની ગરદન ઉંચી કરી પરંતુ તે તેને પહોંચી શકયું નહીં આથી તે ઉંટ ઘણુંજ ક્રોધે ભરાયું અને તેણે તે વૃક્ષની ઉપર લીંડાને મૂત્ર કરી દીધું. વાત તો ખરી છે કે, કૃપણ ઉપર કોણ અપ્રસન્ન ન થાય ? ખરેખર બધાં જ અપ્રસન્ન જ રહે છે. આ કથા સાંભળીને મદનિકાના આશ્ચર્યનું ઠેકાણું ન રહ્યું. તેણે કહ્યું સ્વામીની! જ્યારે અતિ પરિશ્રમ કરવા છતાં પણ ઉંટને તે બાવળના વૃક્ષનું એક પણ પાંદડું ખાવા ન મળ્યું ત્યારે તેણે ક્રોધમાં આવીને તેના ઉપર લીંડાને મૂત્ર કરી દીધું. આ વાતને કઈ રીતે માની શકાય ? આ વાતને સ્પષ્ટતાથી સમજાવી દો. કનકમ જરીએ દરરોજનો માફક આવતી કાલે ઉત્તર આપીશ તેવું કહી દીધું અને આરામ કરવાની ઈચ્છા છે તેવું જણાવ્યું. કનકમંજરીના આ પ્રમાણેના કહેવાથી મદનિકા પોતાના સ્થાને જઈને સુઇ ગઇ. રાજાએ પણ મદનિકાના પ્રશ્નનો ઉત્તર સાંભળવાના આશયથી કનકમંજરીને પોતાના શયનાગાર માટે ચોથો દિવસ પણ આપ્યો ચોથે દિવસે મદનિકાને સાથે લઈને રાત્રીનો સમય થતાં કનકમંજરી શયન ભવનમાં પહોંચી ગઇ અને રાજા પણ ત્યાં આવીને હંમેશની માફક કપટ નિદ્રા ધારણ કરીને સુઈ ગયો. રાજાના સુવા પછી મદનિકાએ કનકમંજરીને કથા કહેવા માટે કહ્યું. આગલા દહાડાની શંકાનો ઉત્તર આપતાં કનકમંજરીએ કથાની શરૂઆત કરતાં કહ્યું કે, ઉંટના મોઢામાં તે બાવળનું ઝાડનું એક પણ પાદડું ન આવ્યું તેનું કારણ એ હતું કે તે બાવળનું ઝાડ કુવામાં ઉગેલું હતું તેથી પરિશ્રમ કરવા છતાં પણ ઉંટની ગરદન ત્યાં પહોંચી શકી નહીં. નીચું હોવાથી તેના ઉપર મળમૂત્રની ક્રિયા થઇ શકી હતી, આ પછી તેણે બીજી કથા કહેવાનું શરૂ કર્યું જે આ પ્રમાણે છે—

મગધની અંદર પાટલીપુત્ર નામનું નગર હતું. ત્યાં અરિમર્દન નામનો રાજા રાજ્ય કરતો હતો, તેણે પોતાના રાજ્યમાં ઉપદ્રવ કરવાવાળા બે ચોરોને પકડયા. રાજા દયાળુ હતો એટલે મારવાને યોગ્ય હોવા છતાં એ બન્ને ચોરોને માર્યા નહીં

પરંતુ એક પેટીમાં બંધ કરીને નદીમાં તે પેટી વહેતી મૂકી દીધી. બીજા ગામમાં નદીના કિનારે ઉભેલા માણસોએ નદીમાં તરતી આવતી પેટીને જોઈ ત્યારે તેને નદીમાંથી બહાર કાઢીને ખોલી તો બન્ને ચોર દેખાયા ચોરોને પેટીમાંથી બહાર કાઢીને તેમને પૂછયું કે, તમને આ પેટીમાં પુર્યાને કેટલા દિવસ થયા. આ સાભળીને એક ચોરે જવાબ દીધો આજે ચોથો દિવસ છે. આ વાત સાંભળીને માનિકાએ કનકમંજરીએ પૂછયું, સ્વામીની! જ્યારે બન્ને ચોર પેટીમાં બંધ હતા તો એમને એ વાત કેમ માલુમ પડી કે, પેટીમાં પુરાયાને ચાર નિવસ થઇ ચૂકયા છે? કનકમંજરીએ તેનો ઉત્તર બીજે દિવસે આપવાનું કહીને પછીથી જઈને સુઈ ગઈ. આથી મદનિકા પણ પોતાના સ્થાને જઈને સુઇ ગઇ. રાજાએ પણ આ કથાનો ઉત્તર સાંભળવા માટે પાંચમા દિવસે પણ કનકમંજરીને પોતાના શયનભવનમાં આવવાનું કહ્યું. રાત્રીના સમયે મદીનકા સાથે કનકમંજરી શયનભવનમાં પહોંચી. રાજા પણ પાછળથી પહોંચ્યા અને વાતનો ભેદ સાંભળવાની અભિલાષાથી રોજની પ્રમાણે સુવાનો ઢોંગ કરીને પલંગમાં પડી રહ્યા. આ પછી રાજાને સુઈ ગયેલા જાણીને મદનિકાએ કનકમંજરીને વાત આગળ ચલાવવા કહ્યું. ગઇ કાલની અધુરી વાતનો પ્રત્યુત્તર આપવાની નેમથી મદનમંજરીએ શરૂઆત કરી. અને ઉત્તર આ પ્રમાણે આપ્યો કે, જે માણસે આ જાણ્યું હતું કે પેટીમાં બંધ થયાને આજે ચોથો દિવસે છે. એને તરીયો તાવ આવતો હતો આનાથી તેણે જાણી લીધું કે, મને આજે તરીયો તાવ આવેલ નથી કાલે આવીને ઉતરી ગયેલ છે. આથી આજે ચોથો દિવસ છે. આ પછી તેણે બીજી કથા કહેવાનો પ્રારંભ કર્યો. જે આ પ્રમાણે છે,—

કલીંગ દેશમાં ચંપાપુરી નગરીમાં બળવાહન નામના એક રાજા રહેતા હતા તેને અનેક રાણીઓ હતી. આમાંની એક રાણી રાજાને ખૂબજ પ્રિય હતી. રાજાએ તેના માટે ખાનગી રીતેથી સુવર્ણનાં આભૂષણો બનાવરાવ્યાં કે જેથી જેની બીજી રાણીઓને ખબર ન પડે. વાસ્તવિક વાત એ હતી કે, રાજાએ જમીનની અંદરના ભોંયરામાં સોનીઓને બસાડયા હતા. એક દિવસની વાત છે કે જ્યારે સોનીઓને કૌતુકવશાત કે ઇને પૂછયું કે અત્યારે દિવસ છે કે રાત છે? આમાંથી એકે કહ્યું કે રાત્રી છે. આ વાત સાંભળીને મદનિકાએ કહ્યું કે, ભૂમિની અંદર રહેલ આ સોનીએ કઇ રીતે જાણ્યું કે, આ સમય દિવસને બદલે રાત્રીનો છે? પૂછવામાં આવેલ એ વાતનો કાલે ઉત્તર આપવાનું કહીને કનકમંજરી સુવા ચાલી ગઈ અને મદનિકા પણ પોતાના સ્થાને જઇને સુઇ ગઇ. આનો ઉત્તર સાંભળવાની ઈચ્છાથી રાજાએ કનકમંજરીને છઠે દિવસે પણ પોતાના શયનગૃહમાં આવવાનો અવસર આપ્યો. રાત્રી થતાં જ કનકમંજરી મદનિકા સાથે પહોંચી ગઈ રાજા પણ આવીને સુઇ ગયા. આગલા દિવસની શંકાનો ઉત્તર મદનિકાને આપતાં કનકમંજરીએ કહ્યું કે, જે માણસે ભૂમિગૃહમાં રહેતા હોવા છતાં પણ "રાત્રી છે" એમ જાણ્યું તે રતાંધળો હતો, કનકમંજરીએ આ પછી એક બીજી કથા કહી તે આ પ્રમાણે છે.—

સૌવીર દેશમાં સિંધુપુર નામનું એક નગર હતું જ્યાં સુદ્યુમ્ન નામના એક

રાજા હતા. રાજાને કોઇએ નજરાણામાં આભૂષણોથી ભરેલી એક પેકબંધ પેટી ભેટ કરી રાજાએ તે પેટીને ખોલ્યા વિના જ તેમાં રહેલ દરેક અલંકારોને જોઈ લીધા. કનકમંજરીએ કહેલી આ આશ્ચર્યજનક વાતને સાંભળીને મદનિકાએ કહ્યું, સ્વામીનિ! પેટી ખોલ્યા વિના તેની અંદર રખાયેલા આભૂષણોને રાજાએ કઈ રીતે જોઇ લીધા? કનકમંજરીએ કહ્યું તારી આ વાતનો ઉત્તર કાલે આપીશ અત્યારે તો મને ઊંઘ આવે છે, એમ કહીને કનકમંજરી સૂઇ ગઈ. અને મદનિકા પણ પોતાના સૂવાના સ્થાને ચાલી ગઇ. રાજાએ ફરીથી સાતમે દિવસે પણ તેને પોતાના શયનગૃહમાં આવવાનું કહ્યું. સાતમા દિવસે રાત્રીનો સમય થતાં કનકમંજરી મદનિકાની સાથે શયનગૃહમાં પહોંચી. રાજા પણ વાતને જાણવાના આશયથી આવીને કપટનિદ્રાથી સૂઇ ગયો, ગઈ કાલની શંકાના સમાધાન માટે મદનિકાએ પૂછ્યું, ત્યારે કનકમંજરીએ કહ્યું, રાજાએ પેટીને ખોલ્યા વગર જ અંદર રહેલા આભૂષણોને સારી રીતે જોઈ લીધાં એથી એમ જણાય છે કે, તે પેટી સ્ફાટિક મણીની બનેલી હતી જેથી સ્વચ્છ હોવાને કારણે તેની અંદર રહેલાં આભૂષણો રાજાને સ્પષ્ટ દેખાતાં હતાં. આ પ્રમાણે વિચિત્ર આખ્યાનો દ્વારા તેણે છ મહિનાનો સમય વ્યતીત કરી દીધો. રાજા તેની આ પ્રકારની વાતોથી ખૂબજ પ્રસન્ન થયો. બીજી રાણીઓની કુશળતા પણ રાજાએ આ સમય દરમ્યાન ન પૂછી. આથી રાજાને અપ્રિય બનેલી એવી બધી રાણીઓ મદનમંજરીની કુથલી કરવામાં તેમજ તેની ઝીણામાં ઝીણી નબળી કડી શોધવાના કામમાં લાગી ગઈ. સઘળી રાણીઓએ એક સાથે મળીને એનો બદલો લેવાનો નિશ્ચય કર્યો. એકઠી મળીને બધી રાણીઓએ વિચાર કર્યો કે, ચોક્કસ આણે રાજાને વશ કરી લીધો છે. આથી અમારા જેવી કુલીન સ્ત્રીઓનો ત્યાગ કરીને રાજા એક ચિત્રકારની પુત્રીમાં અનુરક્ત થઇ ગયેલ છે, અને અમારી સાથે વાતચીત પણ કરતો નથી.

આ તરફ ચિત્રકારની પુત્રી કનકમંજરી ભૂમિગૃહમાં બેસીને મધ્યાહ્ન કાળના સમયે પિતા તરફથી આપવામાં આવેલાં આભૂષણોને પહેરીને રોજ પોતાનીજા તને ઉચ્ચસ્વરથી આ પ્રકારે સમજાવતી હતી. રે જીવ! તું અભિમાન ન કર. કદી પણ ભૂલીને રિદ્ધિનું અભિમાન ન કરી શ. સંપત્તિને મેળવવા છતાં પણ તું તારા પહેલાંની અવસ્થાને કદી ન ભૂલ. આ કથીરનાં આભરણો અને જીર્ણ એવાં વસ્ત્રો જ તારાં છે. આ સિવાયનું બીજું બધું રાજાનું છે માટે હે આત્મા! ગર્વનો પરિત્યાગ કરી શાંત ચિત્તવાળો થા, કે જેથી તું આ સંપત્તિને લાંબા કાળ સુધી ભોગવી શકે. નહિંતર રાજા તને ગળેલા અંગવાળા કુતરાની માફક તારું ગળું પકડીને બહાર કાઢી મૂકશે. આ પ્રકારની મદનમંજરીની ચેષ્ટા જોઇને એના તરફ દ્વેષ રાખવાવાળી રાણીઓએ એક સમય એકાન્તમાં બેઠેલા રાજાને કહ્યું,–નાથ! જો કે, હવે આપને અમારા તરફ પ્રેમ રહ્યો નથી, છતા આપ અમારા દેવજ છો. આથી દેવના સ્થાને પતિને માનનારી એવી અમો સર્વનું કર્તવ્ય છે કે, અમો આપનું વિઘ્ન સમયે રક્ષણ કરીએ. આપે જેને સહુથી પ્રિયમાતી રાખેલ

છે તે કનકમંજરી આપને વશ કરવા માટે રોજ કાંઇકને કાંઇક કર્યા જ કરે છે. આપને એ વાતનો ખ્યાલ પણ નથી. કારણ કે, તેણીએ આપને પે તાના વશમાં કરી રાખેલ છે. રાણીઓની આ જાતની વાત સાંભળીને રાજાએ એ શું કરે છે?" આ પ્રમાણે રાણીઓને પૂછયું ત્યારે તે કહેવા લાગી કે, તે રોજ બપોરના સમયે ભુમિગૃહની અંદર છૂપાઇને એનો દરવાજો બંધ કરીને પહેલાં તો મેલાં કપડાં પહેરે છે, પછી તે કથીરનાં આભૂષણોને પહેરીને મનમાં કાંઇક ગણગણાટ કરતી રહે છે. આ પ્રકારનાં રાણીઓનાં ઇર્ષાળુ વચનો સાંભળીને રાજાએ એ વાતની તપાસ કરવાનું શરૂ કર્યું. તે ભુમિગૃહની અંદર જઇને છૂપાઈ ગયો, અને કનકમંજરીની સર્વે ચેષ્ટાઓને ધ્યાન પૂર્વક જોવા લાગ્યો. તેણે જોયું તો કનકમંજરી પહેલાંની માફક પોતાની જાતને પ્રતિબોધિત કરી રહેલ હોવાનું તેને જણાયું. આથી રાજાનો તેના ઉપર ખૂબજ વધુ પ્રમાણમાં સ્નેહ વધ્યો. અને મનમાં ને મનમાં તે વિચારવા લાગ્યા કે, જુઓ તો ખરા! આની બુદ્ધિ કેવી શુભ છે, આનો વિવેક અને નિપુણતા તથા માન અને અપમાનમાં સમતા જોઇને મારૂં મન એનામાં અધિક અનુરાગયુક્ત બની જાય છે. જ્યારે સાધારણ માનવી થોડી પણ વિભૂતિ મળતાં મદોન્મત્ત બની જાય છે. ત્યારે આતો મારા તરફથી આપવામાં આવેલ રાજ્ય સંપત્તિ ને પ્રાપ્ત કરવા છતાં પણ આશ્ચર્ય છે કે, જરા સરખું ય અભિમાન કરતી નથી. આ તો સંપૂર્ણ ગુણની ખાણ જ છે. પરંતુ દુઃખની વાત છે કે, આ બધી રાણીઓ આના તરફ વિના કારણ જ ઇર્ષા કર્યા કરે છે. અને એનામાં દોષજ જોયા કરે છે. કહ્યું પણ છે—

जाड्यं ह्रीमति गण्यते व्रतरुचौ दम्भः शुचौ कैतवम्,
शूरे निर्घृणता ऋजौ विमतिता दैन्यं प्रियालापिनि ।
तेजस्विन्यवलिप्तता मुखरता वक्तर्यशक्तिः स्थिरे,
तत्को नाम गुणो भवेत्स गुणिनां यो दुर्जनैर्नाङ्कितः ॥१॥

દુર્જનોનો તો એ સ્વભાવ જ હોય છે કે તેઓ જે લજ્જાવાન વ્યક્તિ હોય છે એને મૂર્ખ, તથા વ્રતમાં રૂચિ રાખનાર વ્યક્તિને કપટી, નિષ્કપટ વ્યક્તિને ધૂર્ત, શૂરવીરને નિર્દય, સીધી સાદી વ્યકિતને કમ અક્કલ, સદા પ્રિય બોલનાર વ્યકિતને પામર, તેજસ્વીને અભિમાની, વકતાને બકવાદ કરનાર તેમજ સ્થિરને અશકત માને છે. ભલા ગુણી જનનો એવો કયો ગુણ છે કે જેને દુર્જન લોકોએ કલંકિત ન કર્યો હોય.

આ રીતે વિચારીને રાજાએ કનકમંજરીને પટ્ટરાણી બનાવી દીધી. એ વાત સત્ય જ છે કે, ગુણોની જ પ્રતિષ્ઠા થાય છે, કુળાદિકની નહીં. એક દિવસની વાત છે કે, રાજા અને કનકમંજરી મુનિ વિમલચન્દ્રાચાર્યને વંદના કરવાં માટે ગયાં. ત્યાં તેમણે બન્નેએ શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો. આ પછી તેમણે શ્રાવક ધર્મને ઘણા કાળ સુધી સારી રીતે પાળ્યો. અંતે ચિત્રકારની પુત્રી કનકમંજરી ધર્મ ના પ્રભાવથી મરીને દેવલોકમાં ઉત્પન્ન થઇ. ધર્મનું આરાધન કરનાર વૈમાનિક દેવ જ થાય છે. ત્યાંનું આયુષ્ય પૂરૂં કરીને ત્યાંથી ચવીને તે વતાઢય તોરણપુરમાં

દૃઢ શકિત નામના રાજાની ગુણમાળા રાણીની કૂખે પુત્રી રૂપે અવતરી. માતા પિતાએ એનું નામ કનકમાળા રાખ્યું, એ ખૂબજ સ્વરૂપવાન હતી. જ્યારે તે યુવાવસ્થાને પ્રાપ્ત થઈ ત્યારે એ સર્વાંગસુંદર રૂપસુંદરીને જોઇને વાસવ નામનો વિદ્યાધર તેનું હરણ કરી ગયેા. હરણ કરીને તેને આ પર્વત ઉપર લઇ આવ્યેા. તેણે વિદ્યાના પ્રભાવથી આ સ્થળે એક સુંદર મહેલ બનાવ્યેા. આ પછી એ વિદ્યાધરે કનકમાળા સાથે લગ્ન કરવા વેદિકા બનાવી પરંતુ એટલામાં એ કનકમાળાનેા કનકતેજ નામનેા મેાટેાભાઇ તેને શેાધતેા શેાધતેા ત્યાં આવી પહેાંચ્યેા, તેઓ બન્નેએ સામ સામે યુદ્ધ કર્યું, વિદ્યા અને બળમાં બન્નેમાંથી કેાઇ ઓછું ન હતું. આથી લડતાં લડતાં બન્નેનું મૃત્યુ થયું. એ બન્નેનાં શરીર શસ્ત્ર અને અસ્ત્રોના પ્રહારેાથી તદ્દન ચારણી જેવાં બની ગયાં હતાં. કનકમાળાને પેાતાના ભાઇના મૃત્યુની જાણ થઇ ત્યારે તે ખૂબ વિલાપ કરવા લાગી અને એ બન્નેના મૃત્યુનું કારણ પેાતે જ છે એમ માનીને કનકમાળા પેાતાની જાતને ખૂબજ નિંદવા લાગી એજ સમયે એક વ્યંતરદેવ એ સ્થળે આવી પહેાંચ્યેા અને તેણે કનકમાળાને ઘણાજ પ્રેમથી કહ્યું કે, તું મારી પુત્રી છેા બનવા કાળ બની ને જ રહે છે. એનેા ખેદ કરવેા વૃથા છે, વ્યંતરદેવ આ પ્રકારે તેને સાંત્વન આપી રહ્યા હતા એજ સમયે તેની શેાધ ખેાળ માટે નિકળેલ તેના પિતા પણ ત્યાં આવી પહેાંચ્યા, આથી વ્યંતરદેવે પેાતાની શકિતના પ્રભાવથી કનકમાળાને મરી ગઈ હેાય તેમ બનાવી દીધી. દૃઢશકિત રાજાએ આ બધું જોયું, પેાતાના પુત્ર અને પુત્રીને તેમજ વિદ્યાધરને મરેલી હાલતમાં જોયા ત્યારે તેણે મનમાં વિચાર કર્યેા કે, ખરેખર વાસવ અને કનકતેજ પરસ્પરના પ્રહારેાથી જ પરલેાકમાં પહેાંચેલ છે, પરંતુ વાસવે કનકમાળાને તેા પહેલેથી જ તેણે મારી નાખેલ છે આ પ્રકારનેા વિચાર ધારાથી રાજા દૃઢશકિતના દિલમાં એકાએક આ સંસાર પ્રત્યે વૈરાગ્ય જાગી ઉઠયેા. આથી તે વિચારવા લાગ્યા કે, જુઓ ? આ સંસારની અનિત્યતા આમાં કેાઈ પણ પદાર્થ નિત્ય નથી. જે દેખાય છે એ બધું અનિત્ય અને ક્ષણભંગુર છે. આ કારણે દુઃખથી ભરેલા આ સંસારમાં વિવેકીજનેાએ અનુરાગ કરવેા ન જોઇએ. એમાંજ જીવની ભલાઈ છે. આથી આ સઘળા ક્ષણભંગુર પદાર્થોનેા પરિત્યાગ કરી એક માત્ર ધર્મનેા જ આશ્રય કરવેા જોઈએ. કારણ કે, "ચલવિચલ એવા આ સંસારમાં જે કેાઇ સ્થિર હેાય તેા તે એક માત્ર ધર્મ જ છે. જીવની સાથે કેાઈ પણ સંયેાગી પદાર્થ પરભવમાં જઇ શકતેા નથી પરંતુ જે સાથે જઇ શકે તેવું કાંઇ હેાય તેા તે એક માત્ર ધર્મ જ છે." આ પ્રકારના વિચારમાં એકરૂપ બની ગયેલા વિદ્યાધરાધીશ દૃઢશકિત રાજાએ પેાતાના હાથથી જ પેાતાના વાળેાનું લુંચન કર્યું અને શાસન દેવતા તરફથી આપવામાં આવેલ દેારાવાળી મુખવસ્ત્રિકા અને રજોહરણ આદિ મુનિનેા વેશ લઇને દીક્ષા ધારણ કરી. આ પ્રકારે દૃઢશક્તિએ મુનિવેશનેા અંગિકાર કરતાં જ એ દેવે પેાતાની દેવશક્તિને સમેટી લીધી. આથી કનકમાળા જાગૃત બની. જાગૃત થઇને તેણે મુનિને વંદના કરી ઉપરાંત ભાઇના મૃત્યુની સઘળી હકીકત કહી સંભળાવીઃ આ વાત સાંભળીને મુનિરાજે કહ્યું કે,

મેં તો હમણાં જ ત્રણ મડદાં જોયાં હતાં. મુનીરાજની આ વાત સાંભળીને તે વ્યંતર દેવે કહ્યું કે, હે મુનિ ! દૈવી શક્તિના પ્રભાવથી આપને મેં ત્રણ મડદાં બતાવેલ છે. 'તમોએ કઈ રીતે બતાવ્યાં' આ પ્રકારે મુનિના પૂછવાથી વ્યંતરદેવે કહ્યું કે, હે મુનિ ! આનું કારણ હું તમને કહું છું તે સાંભળો આ કનકમાળા પહેલા ભવમાં ક્ષિતિપ્રતિષ્ઠિતપુરના રહેવાસી ચિત્રાંગદ નામના ચિત્રકારની પુત્રી હતી. એનું નામ કનકમંજરી હતું. એનો વિવાહ ત્યાંના રાજા જીતશત્રુની સાથે થયો હતો, ત્યાં તેણે શ્રાવકના વ્રતોનું સારી રીતે પાલન કર્યું જેથી તે પરમ શ્રાવિકા બની ગઈ. મરણ સમયે પાંચ નમસ્કાર મંત્રના આરાધનથી એ દેવલોકમાં ઉત્પન્ન થઇ અને ત્યાંથી ચ્યવીને તે આપને ત્યાં પુત્રી રૂપે અવતરેલ છે. એનો પૂર્વભવનો પિતા કે, જે વૃદ્ધ ચિત્રકાર હતો તે મરીને વ્યન્તરદેવ થયેલ છે. અને તે હું છું. આ સમયે મેં જ્યારે તેને દુઃખી હાલતમાં જોઇ ત્યારે તેની પાસે આવીને તેને ધીરજ આપી વળી આને જોતાં જ જ્યારે મારા ચિત્તમાં સ્નેહ જાગૃત બન્યો ત્યારે મેં જ્ઞાનના ઉપયોગથી વિચાર કર્યો ત્યારે મને જણાયું કે, આતો મારી પૂર્વ ભવની પુત્રી છે. આ સમયે આપ પણ અહીં આવી પહોંચ્યા. આપને આવતાં જોઇને મને મનમાં વિચાર આવ્યો કે, આપ આને લઇને અહીંથી ચાલ્યા જશો. આથી મારાથી એનો વિયોગ સહી શકાશે નહીં. આવું વિચારીને મેં મારી દૈવીશક્તિથી તેણીને મરણ પામેલી હાલતમાં તમોને બતાવી હતી. માટે હે મુનિરાજ ! આપ મારા એ અપરાધની મને ક્ષમા આપો. આ પ્રકારનાં વ્યંતરદેવનાં વચન સાંભળીને મુનિરાજે કહ્યું- હે દેવ ! મને તો આપે દીક્ષા ગ્રહણ કરવામાં સહાયતા કરેલ છે આ કારણે આપે તો મારા ઉપર ભારે ઉપકાર કર્યો છે આપનાથી જ તો હું આ અપાર સંસાર-સાગરના કાદવથી પાર થઇ શકયો છું. આ પ્રમાણે કહીને દૃઢશક્તિ વિદ્યાધર મુનિરાજ ત્યાંથી વિહાર કરી ગયા. કનકમાળાએ પણ દેવના મુખેથી પૂર્વભવનો વૃત્તાંત સાંભળીને જાતિસ્મૃતિ થઇ આવવાથી પોતાના પૂર્વભવને સ્પષ્ટરૂપથી જોઇ લીધો. અને "આ મારા પૂર્વભવના પિતા છે" આ વિચારથી તે એ દેવમાં અત્યંત સ્નેહ ધરાવનાર બની ગઇ. એક સમય તેણે દેવને પૂછયું તાત ! મારા પતિ કોણ બનશે ? અવધિજ્ઞાનથી વિચાર કરીને દેવે તેને કહ્યું કે, પુત્રિ ! તમારા પૂર્વભવના પતિ જીતશત્રુ જ તમારા પતિ થશે. તે જીતશત્રુ રાજા મરીને દેવલોકમાં ગયા. ત્યાંથી ચવીને હવે તે દૃઢસિંહ રાજાને ત્યાં પુત્રરૂપે અવતરેલ છે. અને તેનું નામ ત્યાં સિંહરથ રાખવામાં આવેલ છે. આ પ્રકારનાં દેવનાં વચન સાંભળી કનકમાળાએ ફરીથી દેવને પૂછયું કે, હે તાત ! તેમની સાથે મારો મેળાપ કયારે થશે ? ત્યારે દેવે કહ્યું કે, પુત્રિ ! એ તારા પૂર્વભવના પતિ અહીં ઘોડાથી અપહૃત થઇને આવવાના છે. આથી તું ઉદ્વેગને તજી દઇને અહીં આનંદપૂર્વક રહે અને હું પણ આજ્ઞા

વશ વર્તી થઇને તારી પાસે ત્યાં સુધી રહીશ. આ પ્રમાણે કહીને તે દેવ પરિવાર સાથે અહીં રોકાયેલ છે. આ પ્રમાણે હે નાથ! જે કનકમાળાના વિષયમાં મેં આપને કહ્યું, તે કનકમાળા હું જ છું. અને એ પિતાનો જીવ ગઇ કાલે જ અહીંથી કોઇ કારણ વશાત્ સુમેરૂ પર્વત ઉપર ગયેલ છે. એક તરફથી એમનું જવાનું થયું ત્યારે બીજી તરફથી મારા પૂર્વપુણ્યના ઉદયથી આપનું અહીં આગમન થયેલ છે. આથી આપનાં દર્શન કરીને હું મારા એ દેવ પિતાના આગમનની પ્રતીક્ષા કરવાનું પણ ભૂલી ગઈ છું. મેં મારી જાતને આપના ચરણમાં અર્પણ કરી દીધી છે આ મારૂં વૃત્તાંત છે. જેનું મેં આપની સમક્ષ નિવેદન કર્યું છે.

આ પ્રકારનાં કનકમાળાનાં વચન સાંભળીને સિંહરથને પણ જાતિસ્મરણ જ્ઞાન થઇ આવ્યું. અને એજ સમયે દેવીઓને સાથે લઈને એ દેવ પણ એ સ્થળે આવી પહોંચ્યા. એમના આવતાં જ સિંહરથે ભારે વિનય પૂર્વક તેમને અભિવંદન કર્યું.

કનકમાળાએ પણ પોતાનો વિવાહ થઇ જવાના શુભ સમાચાર પ્રસન્ન ચિત્તથી દેવને કહ્યા. દેવ પણ ત્યાં એ બધાની સાથે થોડા દિવસ આનંદપૂર્વક રહ્યા. સિંહરથને જ્યારે ત્યાં એ પર્વત ઉપર એક મહિનાનો સમય પૂરો થયો ત્યારે તેણે કનકમાળાને કહ્યુ, પ્રિયે! જે પ્રમાણે રક્ષણ વગરનું ભોજન કાગડાઓ ઉડાવી જાય છે એજ પ્રમાણે મારૂં રાજ્ય પણ મારા વગર મારા શત્રુઓ તરફથી ભયભીત બની રહેલ હશે આ કારણે તું હવે મને જવાની પરવાનગી આપ. સિંહરથની વાત સાંભળીને કનકમાળાએ કહ્યું, સ્વામિન્! આપનું રાજ્ય અહીંથી ઘણું જ દૂર છે. જેથી આપ પગ રસ્તે ત્યાં કઇ રીતે પહોંચી શકશો, અને જવા પછીથી અહીં પાછા કઇ રીતે આવી શકશો? આથી આપની સુરક્ષા નિમિત્તે હું આપને પ્રજ્ઞપ્તિ નામની વિદ્યા આપું છું આપ એનો સ્વીકાર કરો. આ વિદ્યાનો એવો પ્રભાવ છે કે, આપનામાં એના પ્રભાવથી આકાશમાં જવાની શક્તિ પ્રગટ થશે. જેનાથી એક ક્ષણમાં આપ આપના રાજ્યમાંથી અહી આવી શકશો અને બીજી ક્ષણે રાજ્યમાં પહોંચી શકશો. કનકમાળાની વાત સાંભળીને સિંહરથે તેની પાસેથી એ વિદ્યા લીધી. અને સવિધિ એને સાધ્ય કરી લીધી. જ્યારે વિદ્યા સાધ્ય થઇ ચૂકી એટલે કનકમાળાની સંમતિ લઇને સિંહરથ ઘણી જ ઉતાવળથી પોતાના નગરમાં પહોંચી ગયો. લોકોએ પૂછવાથી તેણે પોતાનો સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. "રાજા સકુશળ પોતાના નગરમાં પાછા આવી ગયેલ છે" આ નિમિત્ત લોકોએ ભારે ઠાઠ માઠથી તેના આગમનનો મહોત્સવ ઉજવ્યો. રાજાના વૃત્તાંતથી પરિચિત થયેલા લોકો આશ્ચર્ય ચકિત બનીને પરસ્પરમાં આ પ્રકારની વાતો કરવા લાગ્યા— "અહો! જુઓ તો ખરા, આ રાજાનું ભાગ્ય કેટલું ઉજ્જવળ છે કે, જે મુસીબતોના સ્થાનમાં પણ તેને સંપત્તિનો લાભ કરાવે છે. જ્યારે બીજા લોકો તો સંપત્તિના સ્થાનમાં પણ વિપતિઓને ભોગવતા હોય છે" આ પ્રમાણે નગર જનોની વાતોનો વિષય બનેલા સિંહરથ રાજાએ રાજ્યની બધી વાતોનો યોગ્ય પરિચય મેળવી લીધો.

સતત ચાર દિવસ સુધી તેણે એકધારૂં રાજકાર્યમાં જ ચિત્તને પરોવી રાખ્યું. પાંચમા દિવસે રાજાને કનકમાળાની યાદી આવી ગઈ અને તે આથી વ્યાકુળ બનીને તુરતજ આકાશ માર્ગેથી ચાલીને એ પર્વતની પાસે પહોંચ્યા. અને કનકમાળાને મળ્યા તેમજ વિયોગની વ્યથાને શાંત કરવા થોડા દિવસ તે ત્યાં રહ્યા. એ પછી પાછા પોતાના નગરમાં આવી ગયા. આ પ્રમાણે અવાર નવાર એ પર્વત ઉપર અવર જવર થતી રહી. તેના આ પ્રકારના અવરજવરના કારણે લોકોએ તેનું નામ નગગતિ રાખી દીધું. અને એજ નામથી પ્રસિદ્ધ થયા.

એક દિવસ એ વ્યન્તર દેવે કનકમાળાની પાસે આવેલા એ રાજાને કહ્યું-રાજન્ ! મારા સ્વામી ઇન્દ્રની આદેશથી હવે હું અહીંથી જવા ચાહું છું, જો કે, મારો જીવ કનકમાળાને છોડવા ચાહતો નથી તો પણ સ્વામીના આદેશથી હું બંધાયલો છું જેથી હવે હું અહીં રહી શકું તેમ નથી. જ્યાં હું જઈશ ત્યાં મારે ઘણા સમય સુધી રહેવું પડશે. આથી આપને મારૂં એ કહેવાનું છે કે, આપ મારી આ પુત્રીને અહીં એકલી મુકીને ન જાવ. એ આપની સાથે આવવા ચાહે તો આજે જ આવી શકે છે, પરંતુ આ સ્થાન સિવાય તેનું મન કોઈ પણ સ્થળે આનંદમાં રહી શકે તેમ નથી. આ કારણે તેનું આ સ્થળે જ રહેવું ઠીક છે. પરંતુ જો આપ તેને આ સ્થળે એકલીજ છોડી જશો તો એને મારા વગર ભારે આઘાત પહોંચશે. આ પ્રમાણે કહીને તે દેવ પોતાના પરિવારને સાથે લઇને ત્યાંથી ચાલ્યા ગયા.

" કનકમાળાને પિતાના વિયોગથી દુઃખનો આઘાત ન લાગે " આ વિચારથી નગગતિ રાજાએ ત્યાં તેની પ્રસન્નતા માટે એક નવું નગર વસાવ્યું. લોકોને અનેક પ્રકારનાં પ્રલોભનો આપીને તેણે ત્યાં વસાવ્યા નગગતિ રાજાએ રાજ્યનું સારી રીતે પરિપાલન કરતાં કરતાં ત્રિવર્ગના સાધનમાં કોઈ પ્રકારની કમીના ન રાખી. એક દિવસ રાજા પોતાની સેનાને સાથે લઈ કાર્તિક મહીનાની પુનમના દિવસે નગરની બહાર ગયેલ હતા. ત્યાં તેમણે એક આંબાનું વૃક્ષ જોયું જે ત્રાંબાના રંગના પાંદડાંથી શોભાયમાન અને મોરના આવવાથી પીળું દેખાઇ રહ્યું હતું. એ જોવામાં છત્રી જેવા ગોળાકારનું દેખાતું હતું રાજાએ ઉલ્લાસિત મનથી એ વૃક્ષના મોરની એક શાખા તોડી. રાજાએ મોરની શાખા તોડી. એ જોઈને સાથેના સૈનિકોએ પણ તેનું અનુકરણ કરવા માંડયું તે ત્યાં સુધી કે, તેનો મોર અનેપાંદડાં બધું ય તોડાઈ ગયું. અને ઝાડને ઠૂંઠું બનાવી દીધું. રાજા જ્યારે બગીચામાં જઇને પાછા ફર્યા ત્યારે તેણે તે આમ્રવૃક્ષના ઠૂંઠાને જોયું. ત્યારે તેણે મંત્રીને પૂછયું કે, હે રાજન્ ! એ ખીલેલું આંબાનું વૃક્ષ જે અહીં હતું તે કયાં ગયું ? રાજાની વાત સાંભળીને મંત્રીએ કહ્યું-મહારાજ ! જુઓ આ સામે દેખાય છે એજ એ આંબાનું ઝાડ છે. રાજાએ ફરીથી મંત્રીને પૂછયું-આની આવી દુર્દશા કઇ રીતે થઇ ? ઉત્તર આપતાં મંત્રીએ

કહ્યું–સ્વામિન્! આપે પ્રથમ વૃક્ષના મોરને તોડયો આથી આપને આ રીતે તોડતાં જોઈને સૈનિકોએ પણ આપનું અનુકરણ કર્યું. સઘળાએ મળીને તેનાં પુષ્પ પત્ર આદિ તોડીને તેને આ સ્થિતિએ પહોંચાડેલ છે. ચોરો દ્વારા લુંટાયેલા ધનની માફક એ બિલકુલ શ્રી શોભા વગરનું બની ગયેલ છે. આ પ્રકારનાં મંત્રીનાં વચન સાંભળીને રાજાએ વિચાર કર્યો કે, જુઓ! શ્રી–શોભાની ચંચળતા. જે આમ્રવૃક્ષ થોડાજ સમય પહેલાં પોતાની શોભાથી માણસોના મનને આકર્ષી રહેલ હતું. તેજ વૃક્ષ અત્યારે શોભા વગરનું બની જવાથી લોકોને એના તરફ જોવાનું મન પણ થતું નથી. જેમ પાણીના પરપોટા અને સંધ્યાનો રંગ સ્થિર હોતાં નથી, આજ પ્રમાણે સંસારના સઘળાં પદાર્થો અસ્થિર અને વિનાશશીલ છે આથી આવી વિનાશશીલ રાજ્ય સંપત્તિનું હવે મારે કંઇ કામ નથી. અસ્થિરની સાથે કરવામાં આવેલી પ્રીતિ સ્વયં અસ્થિરતાનું કારણ હોય છે. આથી એ સઘળાનો પરિત્યાગ કરવો તેમાં જ આત્માનું શ્રેય છે. આવો વિચાર કરવાથી રાજાને પોતાના મનથીજ વૈરાગ્ય જાગી ગયો. અને એજ વખતે એમણે પોતાના હાથથી માથાના વાળનો લોચ કરીને શ્વાસન દેવે આપેલ દોરાવાળી મુખવસ્ત્રિકા અને રજોહરણ આદિ મુનિવેષ ધારણ કરી અપ્રતિબદ્ધ વિહાર કરવાનો પ્રારંભ કર્યો. અંતે તેમણે સમાધિમરણથી દેહનો પરિત્યાગ કરી નગગતિ મુનિરાજે સિદ્ધ ગતિને પ્રાપ્ત કરી આ પ્રમાણે આ ચોથા પ્રત્યેક બુદ્ધ નગતિની કથા છે.

કરકણ્ડૂ દ્વિમુખ, નમિ અને નગગતિ એ ચારેય પ્રત્યેક બુદ્ધ મહાશુક્ર નામના સાતમા દેવલોકમાં પુષ્પોત્તર વિમાનમાં ઉત્કૃષ્ટ સત્તર સાગરનીસ્થિતિવાળા બનીને સાથે સાથેજ ત્યાં ઉત્પન્ન થયા અને સાથે સાથે જ ત્યાંથી ચવીને સાથે સાથે જ દીક્ષા લઈને એક સાથે જ મોક્ષમાં ગયા. ॥ ૪૭ ॥

उदायन राजर्षि की कथा

तथा—"सोवीरररायवसहो" इत्यादि!

अन्वयार्थ—**सोवीरराय वसहो–सौवीरराजवृषभः** સૌવીર દેશના સર્વોત્તમ રાજા **उदायणो–उदायनः** ઉદાયને **चइत्तणं–त्यक्त्वा** સઘળા રાજ્યનો પરિત્યાગ કરીને કરીને **पव्वइओ–प्रव्रजितः** મુનિદીક્ષા અંગીકાર કરી અને **मुणीचरे–मुनिःअचरत्** એજ મુનિ અવસ્થામાં રહેતાં રહેતાં તેમણે સર્વોત્કૃષ્ટ એવી ગતિ મુક્તિને પ્રાપ્ત કરી.

ઉદાયન રાજર્ષિની કથા આ પ્રકારની છે—

આ ભરત ક્ષેત્રતાં સિંધુ સૌવિર નામનો એક દેશ છે તેમાં વીતભય નામનું એક પટ્ટણ હતું. તેના ઉદાયન નામે રાજા હતા. એ રાજા ખૂબ જ પુણ્યશાળી હતા.

શૌર્ય, ઔદાર્ય અને ધર્મ આદિ સ્વભાવિક ગુણોથી સમન્વિત એ રાજા વીતભય આદિ ત્રણસો ત્રેસઠ ૩૬૩ પુરોના તથા સિંધુ સૌવીર જેવા મુખ્ય સોળ ૧૬ દેશોના અધિપતિ હતા. મહાસેન આદિ દસ મુગટબંધ વીર રાજાઓ ઉપર એમનું આધિપત્ય હતું. એવા એ ઉદાયન રાજા પોતાની રાજ્યશ્રીથી એવા શોભતા હતા કે, જાણે બીજા ઈન્દ્ર જ કેમ ન હોય ! એમની પટ્ટરાણીનું નામ પ્રભાવતી હતું. જે જૈનધર્મની ઉપાસક હતી અને ચેટક રાજાની એ પુત્રી હતી. પ્રભાવતી રાણીના ઉદરથી એક પુત્ર ઉત્પન્ન થયો જેનું નામ અભીચિ હતું. રાજા ઉદાયનને એક ભાણેજ હતો જેનું નામ કેશી હતું. રાજાએ અભીચિને યુવરાજ પદે સ્થાપિત કર્યો હતો.

એ સમયે ચંપાપુરીમાં ધન ધાન્યાદિકથી સમૃદ્ધ એવો એક સોની રહેતો હતો. જેનું નામ કુમારનંદી હતું. સ્ત્રિયોમાં એને ખૂબજ આસકિત હતી. જ્યાં જ્યાં એની નજરે સારી રૂપવતી કન્યા જોવામાં આવતી કે તે એની સાથે વૈવાહિક સંબંધ કરવાની ઇચ્છા કરી લેતો. અને એ કન્યાના પિતા વગેરેને ૫૦૦ સુવર્ણમુદ્રાઓ આપીને એ તેની સાથે લગ્ન કરી લેતો. આ પ્રમાણે એણે ૫૦૦ પાંચસો કન્યાઓ સાથે પોતાનાં લગ્ન કરેલ હતાં છતાં તેની કામ ભોગોથી તૃપ્તી થઈ ન હતી. ખરું જ છે. આ સંસારમાં સ્ત્રી, ધન, ભોજન અને જીવન આ સઘળાથી કોઇ પણ પ્રાણીને તૃપ્તી થતી નથી. તેણે એ સઘળી સ્ત્રીઓને એક સ્તંભવાળા એક જ ઘરમાં રાખેલ હતી આનું કારણ એ હતું કે 'એ કોઇની સાથે રખેને કયાંય ચાલી ન જાય" આવા અભિપ્રાયથી આ વ્યવસ્થા તેણે કરેલ હતી.

જે સમયની આ વાત છે એ સમયે સમુદ્રની મધ્યમાં આવેલા પંચશૈલ નામના દ્વિપમાં વિદ્યુન્માલી નામના કોઈ એક વિશિષ્ટ રિદ્ધિવાળા વ્યન્તરદેવ રહેતા હતા હાસા અને પ્રહાસા નામની એને બે દેવીઓ હતી. એક દિવસ એ આ બન્ને દેવીઓની સાથે કોઈ સ્થળે જઈ રહેલ હતા ત્યારે માર્ગમાં જ એનું આયુષ્ય પૂરું થઇ જવાથી તેનું મૃત્યુ થયું. આથી એ બન્ને દેવીઓ ખૂબજ ચિંતાતુર બની અને પછીથી એવો વિચાર કર્યો કે, ચાલો હવે કોઇ વિષયલોલુપી મનુષ્યને આપણા વશમાં કરીએ કે જે આપણો પતિ બની શકે. આ પ્રકારનો વિચાર કરીને એ બન્ને દેવીઓએ ભૂમંડળ ઉપર ભ્રમણ કરવાનો પ્રારંભ કર્યો. ફરતાં ફરતાં તે ચંપાપુરી નગરીમાં પહોંચી અને ત્યાં પહોંચતાજ તેમણે એ કામી સોનીને જોયો તેને જોતાં જ એણે વિચાર કર્યો કે, આ અમારો પતિ થવા લાયક છે, આ પ્રકારનો નિશ્ચય કરીને તે બન્નેએ તેને પોતાનું પરમ મનોહર રૂપ બતાવ્યું. સોનીએ મનોહર રૂપને જોઈને એના તરફ મુગ્ધ બની ગયો, અને તે એને કહેવા લાગ્યો કે–કહો ! તમો કોણ છો ? સોનીનો એ પ્રશ્નને સાંભળીને એ બન્ને વિલાસિની દેવીઓએ કહ્યું કે, અમે બન્ને હાસા અને પ્રહાસા નામની બે મહદ્ધિક દેવીઓ છીએ, જો તમારી અમોને મળવાની ઇચ્છા હોય તો તમે અમારા નિવાસસ્થાન ઉપર કે

જે સમુદ્રની વચમાં આવેલા પંચશૈલ પર્વત ઉપર છે, ત્યાં આવો, આ પ્રમાણે કહીને એ બન્ને દેવીઓ વિજળીની માફક ત્યાંથી અંતર્ધ્યાન બની ગઇ, સોની એ બન્નેમાં ખૂબજ આસકત બની ગયેલ હોવાથી ઘણા સમય સુધી એ જે દિશા તરફ અંતર્ધ્યાન થઈ હતી તે તરફ લાકડાના ઠૂંઠાની જેમ હલ્યા ચલ્યા વગર ઉભો ઉભો જોતો રહ્યો, આ પછી તેને વિચાર થયો કે, હવે મને આ સંસાર એ હાસા અને પ્રહાસા દેવીઓના વગર આંધળાની માફક શૂન્ય જેવોજ દેખાય છે અહા! કેવું આનંદપ્રદ એનું રૂપ હતું! એ રૂપરાશીની સામે તો આ રમણીઓની કોઇ કિંમત નથી, રત્નની સામે જે રીતે કાચના ટુકડાથી સમજદાર મનુષ્યને સંતોષ થતો નથી એજ પ્રમાણે એ અનુપમ રૂપ ગર્વિતાની સામે મને આ રમણીઓની જરા સરખી પણ કિંમત લાગતી નથી. આ કારણે રૂપના નવા માર્ગમાં મારે માટે ભ્રમણ કરવાનું સૌભાગ્ય જે રીતે પ્રાપ્ત થઈ શકે એ પ્રકારે પ્રયત્ન કરવો જોઇએ. આ પ્રકારનો વિચાર કરીને તે સોની રાજ દરબારમાં પહોંચ્યો. રાજાની સામે તેણે ઘણી સુવર્ણમુદ્રાઓ ભેટ મૂકી અને કહ્યું કે, આપ નગરભરનાં એવી ઘોષણા કરાવી દયો કે, "જે કોઇ વ્યક્તિ કુમારનંદી સોનીને ઝડપથી પંચશૈલ પર્વત ઉપર પહોંચાડશે તેને એ એક કરોડ સુવર્ણમુદ્રાઓ આપશે" રાજાએ આ પ્રકારની ઘોષણા કરવાનો આદેશ આપ્યો. એ ઘોષણા નગરમાં થઇ રહી હતી ત્યારે તેને એક વૃદ્ધ નાવિકે પોતાના જીવનના ભોગે પણ તેને પંચશૈલ પર્વત ઉપર પહોંચાડવાનું વચન આપ્યું, સોનીએ પણ તેને ઘોષણા અનુસાર એક કરોડ સુવર્ણમુદ્રાઓ આપી. નાવિકે આ પછી પોતાની નૌકાને તૈયાર કરવાનું શરૂ કર્યું. જ્યારે નૌકા સંપૂર્ણપણે તૈયાર થઇ ચૂકી ત્યારે એ નાવિક પોતાના પુત્રોને એ સુવર્ણમુદ્રાઓ આપીને રસ્તાના ભાતા માટેની યોગ્ય વ્યવસ્થા કરવાનું સૂચવ્યું. જ્યારે ભાતા વગેરેની સંપૂર્ણ તૈયારી થઈ ગઈ ત્યારે સોનીને નૈકામાં બેસાડીને એ નાવિક ચાલી નીકળ્યો. ચાલતાં ચાલતાં કેટલાક દિવસે તે ઘણે દૂર નીકળી ગયા. અને આગળ વધવાનો રસ્તો જ્યારે વિકટ આવ્યો ત્યારે તે નાવિકે સોનીને કહ્યું–શું આગળ કાંઇ દેખાય છે? સોનીયે કહ્યું, હાં કાંઈક કાળી ચીજ દેખાય છે. ત્યારે નાવિકે, આ સમુદ્રના કિનારા ઉપર પર્વતના મૂળ પ્રદેશમાં ઉગેલું એ વડનું વૃક્ષ છે. જે છેટેથી કાળું દેખાય છે. તમો હવે એ ધ્યાનમાં રાખજો કે, જ્યારે આ નૌકા એ ઝાડની નીચેથી પસાર થઈને આગળ વધશે એટલે આવર્તમાં ફસાઇ જશે. આથી નૈકા જ્યારે ઝાડની નીચે પહોંચે કે, તરતજ તમો ઠેકડો મારીને એ વડલાની ડાળને પકડી લેજો. અને એ ઝાડ ઉપર ચડી જજો. અહીંથી તમને પંચશૈલ પર્વતનો માર્ગ હાથ લાગી જશે. રાત્રીના વખતે અહીં પર્વત ઉપર ભારંડ પક્ષી આવે છે અને રાતના રહે છે. સવાર થતાંજ તે આહારની શોધમાં પંચશૈલ પર્વત ઉપર પહોંચે છે. ભારંડ પક્ષીઓની ઓળખાણ એ પ્રકારની છે કે, એને બે મોઢાં હોય છે. અને ત્રણ પગ હોય છે. તમે એ ભારંડપક્ષીઓમાંથી કોઇ એક ભારંડપક્ષીના પગને વસ્ત્રથી તમારા શરીર સાથે બાંધી લેશો. આ પ્રમાણે કરવાથી એ પક્ષીની સાથે ઉડીને તમો પંચશૈલ દ્વિપમાં પહોંચી જશો. હું પણ તમારી સાથે ચાલત. પરંતુ મારી વૃદ્ધાવસ્થા હોવાથી મારામાં

એટલી શક્તિ રહેલ નથી કે હું કૂદકો મારીને વડલાની ડાળને પકડી શકું. હું તો આ નૌકાની સાથે અહીંજ ખલાસ થઈ જવાનો છું કેમકે, એ વડલાનાં વૃક્ષથી જ્યાં નૌકા આગળ વધશે કે તે નિયમથી મહાવર્તમાં ફસાઇ જવાની અને મારૂં મૃત્યુ થવાનું જ આ પ્રમાણે વૃદ્ધ નાવિક તેની સાથે વાતચીત કરી રહેલ હતો અને નૌકા આગળ વધી રહેલ હતી ત્યાં વડલાનું વૃક્ષ આવી ગયું. સોનીએ ઝડપથી કૂદીને એની ડાળને પકડી લીધી. આ તરફ નૌકા જ્યારે થોડી આગળ વધી કે, તે સમુદ્રના વમળમાં સપડાઇ ગઇ નાવિક અને નૌકા બન્ને એથી નષ્ટ થયાં વડલાની ડાળને પકડીને ઉપર ચડી ગયેલ સોની વૃદ્ધનાવિકે બતાવેલા રસ્તે ચાલી નીકળ્યો અને એની સૂચના પ્રમાણે વર્તવાથી પોતાના ઇચ્છિત સ્થાન પંચશૈલ દ્વિપમાં પહોંચી ગયો. ભેગમાં ઉત્સુકતા ધરાવતા એ સોનીને પોતાની પાસે આવી પહોંચેલ જોઈને હાસા અને પ્રહાસાએ તેને કહ્યું-તમો આ મનુષ્યના શરીરથી તો અમારી સાથે રહી શકો તેવું નથી આથી એવું કરો કે, અહીંથી તમો પોતાના ઘેર પાછા જાવ અને ત્યાં જઈ પોતાનું સઘળું દ્રવ્ય દીન અનાથોને વહેંચી દઇને અગ્નિમાં પ્રવેશ કરો. આમ કરવાથી તમો આ દ્વીપની સ્ત્રીની સાથે સાથ અમારાં પતિ બની શકશો. જુઓ કાન જ્યાંસુધી વિંધાવાની વેદનાને સહન નથી કરતા ત્યાં સુધી તેને સોનાની સંગત પ્રાપ્ત થતી નથી. તથા સોનું પણ જ્યાં સુધી અગ્નિના કષ્ટને સહન કરતું નથી ત્યાં સુધી તેને મણીની સંગત મળી શકતી નથી. આ માટે આપને જો અમારી સાથે સંગત કરવાની અભિલાષા હોય તો આપ અમારા નિમિત્તે આટલું કષ્ટ અવશ્ય સહન કરો. ત્યારે જ તમારો અને અમારો સંયોગ બની શકે તેમ છે. એ સિવાય નહીં. દેવીઓનાં આ પ્રકારનાં વચન સાંભળીને સોનીએ કહ્યું કે, હવે હું ઘેર પાછો કઈ રીતે જઇ શકું ? આથી સોનીની પરવંશતાનું ધ્યાન કરીને કામાધીન બનેલી એ બન્ને દેવીઓએ તે સોનીને એના ઘેર પહોંચતો કરી દીધો. સોનીને ચંપાપુરીમાં પાછો આવેલો જોઇને લોકોએ તેને પૂછ્યું કે, પંચશૈલ દ્વિપથી તમે પાછા કેમ આવી ગયા ? ત્યાંના સમાચાર સંભળાવો. ત્યાં શું વિચિત્રતા જોઈ ? જ્યારે લોકોએ આ પ્રમાણે પૂછ્યું ત્યારે તે એમને " હાસા પ્રહાસા " કયાં છે ? આ પ્રમાણે વારંવાર કહેવા લાગ્યો. અને અગ્નિમાં પ્રવેશ કરીને મરવા માટે પણ તૈયાર થઈ ગયો. જ્યારે આ પ્રકારની એની સ્થિતિ એના નાગિલ નામના શ્રાવક મિત્રે જોઇ ત્યારે એ તેને કહેવા લાગ્યો કે, મિત્ર ! તમે પોતેજ બુદ્ધિમાન છો તો પછી આવું કુપુરૂષોચિતા કામ કરવા કેમ તૈયાર થયા છો ? જેમ સિંહના માટે ઘાસનું ભક્ષણ કરવું ઉચિત નથી મનાતું એજ પ્રમાણે આપના જેવી બુદ્ધિમાન વ્યકિતનું આ પ્રકારનું મરણ બરોબર નથી. જુઓ મિત્ર ! આ મનુષ્યભવ પુન્યના ભારે ઉદયથી મળે છે. આને મેળવીને પણ જે મનુષ્ય તુચ્છ ભોગ સુખોના નિમિત્તે આને ખોઈ બેસે છે તે વૈડૂર્ય મણીને વેચીને કાચને ખરીદે છે. તમોને જો કામ સુખની જ ઇચ્છા હોય તો તમે કલ્પવૃક્ષની માફક સઘળા સુખોને આપનાર જીન ધર્મનું શરણું કેમ નથી સ્વીકારતા ? આ ધર્મ ધનની ઇચ્છા કરનારને ધન, કામની ઇચ્છા કરનારને

કામ, સ્વર્ગાર્થીના માટે સ્વર્ગ, અને મોક્ષાર્થીને માટે મોક્ષને આપનાર છે. આ પ્રકારે મિત્રના સમજાવવા છતાં પણ મોહથી તેણે એની વાતને ન માની અને આખરે બકરીની લીંડીઓનો તથા છાણાંનો ઢગલો કરી તેને સળગાવીને એ અગ્નિમાં કૂદી પડયો. અગ્નિએ તેને જોત જોતામાં બાળીને ખાખ કરી નાખ્યો. આ રીતે એ અકામ નિર્જરાના પ્રભાવથી મરીને વિદ્યુન્માલી નામનો વ્યંતર દેવ થઇ ગયો. અગ્નિ મરણથી મરેલા પોતાના મિત્ર કુમારનંદીને જોઇને નાગિલના ચિત્તમાં સંસાર પ્રત્યે ઉદાસિનતા આવી ગઈ અને તેણે વિચાર કર્યો કે, જુઓ કેટલા આશ્ચર્યની વાત છે કે, જે સુલભ ઉપાયોથી મળી શકે છે તેવા ભોગાદિકની પ્રાપ્તિના અર્થે મૂઢ માણસો રાત દિવસ દુઃખી થયા કરે છે. પરંતુ ચતુર્વર્ગ પ્રદાયી જીનધર્મનું શરણ અંગિકાર કરવા તૈયાર થતા નથી! આવા મૂઢોનું પણ કયાંય કોઇ ઠેકાણું છે? આવા પ્રકારનો વિચાર કરીને નાગિલ શ્રાવકે, સુભદ્રાચાર્યની પાસે જઇને દીક્ષા અંગીકાર કરી લીધો. સાધુ ધર્મના સમ્યક્ પરિપાલનના પ્રભાવથી જ્યારે તે અંતકાળે સમાધીમરણ પૂર્વક મર્યો ત્યારે બારમા દેવલોક અચ્યુત સ્વર્ગમાં દેવ થયા. ત્યાં ઉત્પન્ન થઈને અવધિ-જ્ઞાનથી પોતાના મિત્રની પરિસ્થિતિ જાણીને તેને સંબોધિત કરવાનો વિચાર કર્યો. તે પરમ દેદિપ્યમાન રૂપ લઇને તેના મિત્રની પાસે પહોંચ્યા. મિત્રે જ્યારે આ નવીન વ્યક્તિને પોતાની પાસે આવેલ જોઇ ત્યારે અત્યંત અચંબામાં પડી ગયો. તેના તેજને સહન નહીં કરી શકવાથી તે વિદ્યુન્માલી દેવ ત્યાંથી ભાગવા લાગ્યો. જ્યારે તે દેવે તેને ભાગતો જોયો કે તરતજ પોતાના તેજને સંકુચિત કરી લીધું અને તેને કહેવા લાગ્યા કે, અરે! તું કયાં ભાગે છે? શું મને નથી ઓળખતો? ત્યારે વિદ્યુન્માલીએ તેની વાત સાંભળીને કહ્યું-શક્રાદિક દેવોને કોણ નથી જાણતું. શ્રાવકના જીવ દેવે જ્યારે એ જોયું કે, તે અસ્વસ્થ બની ચૂકયો છે ત્યારે પોતાના આગલા ભવનું સ્વરૂપ પ્રગટ કરીને તેને કહેવા માંડયું કે, હું તારા પૂર્વભવનો મિત્ર નાગિલ શ્રાવક છું. ભોગાની કામનાને વશ થઇને જ્યારે તને બાળમરણથી મરતો જોયો ત્યારે એ સ્થિતિએ મારામાં એકદમ પરિવર્તન આણ્યું. મેં તેજ સમયે સંસારથી વિરકત થઇએ દીક્ષા અંગીકાર કરી, અને વ્રતોનું વિશુદ્ધ પાલન કરવાથી અંતકાળે સમાધી મરણદ્વારા દેહનો ત્યાગ કરીને હું અચ્યુત સ્વર્ગનો દેવ બનેલ છું. તને યાદ હોવું જોઇએ કે, જ્યારે બાળમરણ દ્વારા તારા પ્રાણોની તું આહુતી આપી રહ્યો હતો ત્યારે મેં તને કેટલો સમજાવ્યો હતો પરતુ તેં મારી એક વાત પણ માનેલ ન હતી. એનોજ આ પ્રભાવ છે કે, તું મરીને વ્યંતરદેવ બનેલ છો, જો તે જીનેંદ્ર કહેલ ધર્મનો આશ્રય સ્વીકાર્યો હોત તો મારા જેવી સ્થિતિને ભોગવનાર બની જાત. અચ્યુત સ્વર્ગીય દેવનાં આ પ્રકારનાં વચન સાંભળીને પ્રબુદ્ધ થયેલા વિદ્યુન્માલી દેવે કહ્યું કે, હવે જે થયું તે થયું. તેનો વિચાર કરવાથી શું લાભ! હવે તો આપ મને એવો રસ્તો બતાવો કે, જેના ઉપર ચાલવાથી પરલોકમાં મારૂં કલ્યાણ થાય. વિદ્યુન્માલીની આ પ્રકારની વાત સાંભળીને નાગિલ શ્રાવકના જીવ દેવે

તેને કહ્યું.—સાંભળો તમો એવો ઉપાય કરો કે જેનાથી જીન ધર્મનો પ્રચાર થાય. આનાથી તમારૂ પરલે કમાં કલ્યાણ થશે. આ પ્રમાણે સમજાવીને તે દેવ અતર્ધ્યાન થઈ ગયા.

એ દેવના અંતર્ધ્યાન થવા પછી વિદ્યુન્માલીએ વિચાર કર્યો કે, હું કયા ઉપાયોથી જીન ધર્મનો પ્રચાર કરૂં ? એવો કયો ઉપાય છે કે, જેનું અવલંબન કરવાથી જૈનધર્મનો પ્રચાર થઇ શકે ? આ પ્રમાણે વિચાર કરતાં કરતાં તેના મનમાં આવ્યું કે. તેનું કારણ રાજા હોઇ શકે છે. કારણ કે, "જેવા રાજા હોય છે તેવી તેની પ્રજા બની જાય છે" આ નીતિ છે. આ કારણે કોઇ પ્રભાવશાળી રાજાને શ્રાવક બનાવવો જોઈએ. કે તેને જોઇને બીજા રાજાઓ અને તેના પ્રજાજનો પણ શ્રાવક બની જાય એવો વિચાર કરીને તેણે પોતાની ઉપયોગના પ્રભાવથી વીતભય પાટણના અધિપતિ તાપસ ભકત ઉદાયનને જાણ્યા, તેને શ્રાવક બનાવવા માટે તેણે આ પ્રમાણે ઉપાય કર્યો—પહેલાં ચંદનના લાકડાની એક પેટી બનાવી અને તેની અંદર સદોરકમુખવસ્ત્રિકા અને રજોહરણ આદિરૂપ મુનિના વેશને તેમાં રાખી દીધો. પછી તેને બધી બાજુથી બંધ કરી દીધી. એવામાં એક ઘટના તેના જોવામાં આવી કે સમુદ્રમાં છ મહિનાથી ઉત્પાતના કારણે એક વહાણ આમ તેમ ચકરાવો લઇ રહ્યું છે. તેની અંદર બેઠેલા સઘળા જીવોએ પોતાના જીવનની આશા છોડી દીધી છે. તેની અંદર જેટલા યાત્રીઓ હતા તે સઘળા પોતાના જીવનની ઘડિઓ ગણી રહ્યા હતા. કયારે તે વહાણ ઉંધુ વળી જાય અને જીવન સમાપ્ત થઇ જાય તે કોઇ જાણતું ન હતું આ ઘટનાને જોઇને વિદ્યુન્માલીએ પોતાના પ્રભાવથી ઉત્પાતને શાંત કરી દીધો. ઉત્પાત શાંત થવાથી બધાને ખૂબ હર્ષ થયો. વ્યંતરદેવે ઉત્પાત શાંત થતાં જ પોતાની જાતને પ્રત્યક્ષ પ્રગટ કરી દીધો. તે લોકોએ તેની ખૂબ સ્તુતી કરી. અંતમાં વિદ્યુન્માલીએ પોતાની પેટી તેમને દઇને તેમને કહ્યું કે, જુઓ આ મારી લાકડાની પેટી છે તેથી તમે લોકો તેને લઇ જઇને વીતભય પાટણના રાજા ઉદાયનને તે આપજો. અને મારાવતા તેને એ કહેજો કે તેમાં પ્રવચનનાં ઉપકરણ છે. એ જે સંપ્રદાયનાં છે એ સંપ્રદાયના પ્રવર્તકનું નામ લઇને જો આના ઉપર કુહાડાનો આઘાત કરવામાં આવશે તો પણ એ ખુલશે નહીં અને તેના ઉપર પડનાર કુહાડો પોતેજ બૂઠો થઈ જશે. જેથી જેના નામના પ્રભાવથી આ પેટી ખૂલી જાય. તેને સાચા શ્રેષ્ઠ દેવ માનવા અને એમનો પ્રવર્તાવેલો ધર્મ જ સાચો ધર્મ છે. અને તે તમારે પાલન કરવા યોગ્ય છે. આ પ્રકારે તે વિદ્યુન્માલી દેવે રાજાને પોતાનો સંદેશો મોકલાવ્યો. સાથમાં એવું પણ કહ્યું કે, મને પૂરેપૂરી આશા છે કે, છ મહિનાના આ ઉપદ્રવને શાંત કરવાના ઉપલક્ષ્યમાં મારો આ સંદેશો રાજાને પહોંચાડવામાં તમો પ્રમાદ નહીં કરો. વિદ્યુન્માલીનો આ સંદેશો સાંભળીને તે સઘળા લોકોએ પેટીને રાજા સુધી પહોંચાડવાનો તે દેવને વિશ્વાસ દીધો અને કહ્યું કે, આપ વિશ્વાસ રાખો કે આપે દીધેલો આ

સંદેશો રાજા સુધી અવશ્ય પહોંચાડીશું. તે લોકો તરફથી આ પ્રમાણે સ્વીકાર કરાયા પછી એ દેવ ત્યાંથી અંતર્ધ્યાન થઈ ગયા.

એ નૌકાના પ્રવાસીઓ એ પછી સમુદ્રના કિનારે નિર્વિઘ્ને પહોંચી ગયા અને ત્યાંથી ચાલીને વીતભય પાટણમાં જઈને વિદ્યુન્માલીદેવે આપેલા સંદેશાને કહીને તે દારૂ–પેટીને તે લોકોએ રાજા ઉદ્રાયનને આપી. આજે આ પેટીને ખોલવામાં આવશે. આ વૃત્તાંતને સાંભળીને ત્યાં ઘણાં બ્રાહ્મણો આવી પહોંચ્યા અને તેમાંથી કેટલાક એમ કહેવા લાગ્યા "જે આ સંસારના સ્રષ્ટા છે તથા સ્વસૃષ્ટ વેદોનો જે સર્વ પ્રથમ ઋષિઓને ઉપદેશ આપે છે એવા તે દેવાધિદેવ બ્રહ્માના સંપ્રદાયાનુગત વેશ આ પેટીમાં છે. તેમનું નામ લેવાથી આ પેટી ખૂલી જાય." એવું કહીને જ્યારે તે લોકોએ તેના ઉપર કુહાડાનો ઘાત કર્યો કે તે સમયે તે કુહાડો શાસ્ત્રના ભૂલી જવાથી જેમ પંડિતની બુદ્ધિ કુંઠિત બની જાય તે પ્રમાણે બુઠ્ઠો થઈ ગયો, કેટલોક એમ કહેવા લાગ્યા "જે યુગના અંતમાં પેટની અંદર સઘળા વિશ્વને ધારણ કરે છે તથા વિશ્વદ્રોહી રાક્ષસોને જે નાશ કરે છે તે બ્રહ્માંડ રક્ષક વિષ્ણુ સંપ્રદાય અનુગત વેશ આમાં છે. માટે તેમનું નામ લેવાથી આ પેટી ખૂલી જશે. આવું કહીને જ્યારે તે લોકોએ વિષ્ણુનું નામ લઈને તે ઉપર કુહાડાનો ઘા કર્યો ત્યારે તેની શક્તિ એવી બુઠ્ઠી થઇ ગઈ કે જે પ્રકારે નદીના પ્રવાહમાં અગ્નિની શક્તિ હરાઈ જાય તે પછીથી કેટલાક માણસોએ તીક્ષ્ણ કુહાડાને લઈને એ પ્રમાણે કહેવા લાગ્યા કે, "જે દેવોના પણ દેવ છે તથા વિશ્વયોની અને અયોનીજ છે એવા સકળ કારણભૂત મહાદેવના સંપ્રદાય અનુગત વેશ આમાં છે. તેથી એ મહાદેવના અંશભૂત બ્રાહ્મા અને વિષ્ણુ છે. જેથી તેમના નામના પ્રભાવથી આ પેટી ઉઘડી જાવ." એવું કહીને જ્યારે તેના પર તે લોકોએ કુહાડાનો આઘાત કર્યો ત્યારે જે પ્રકારે સિંહની પુંછડીથી ગિરિતટ ભેદાતો નથી તે પ્રમાણે તે પેટી પણ તેનાથી તૂટી નહીં. આથી લોકોમાં ભારે આશ્ચર્ય થયું. આ વૃત્તાંતને જ્યારે રાણી પ્રભાવતીએ સાંભળ્યું ત્યારે તે ત્યાં આવી પહોંચી તેણે પોતાના હાથમાં કુહાડાને લઈને એવી અમૃતોપમ વાણીથી કહ્યું કે, "જે રાગ દ્વેષ અને મોહ આદિ વિકારો થી સર્વથા રહિત છે તથા આ સંસારરૂપ સમુદ્રને જેઓ પાર કરી ગયા છે, જે સઘળા ભવ્ય પ્રાણીઓના એક માત્ર આધારભૂત છે તથા સર્વ દેવોના પણ અભિદેવ છે. સર્વજ્ઞ અને જીન છે તેમને મારા નમસ્કાર એમના જ સંપ્રદાય અનુગત વેશ આમાંછે. તેમના પુણ્ય નામ સ્મરણથી આ પેટી ઉઘડી જાય" એમ કહીને જ્યારે તેણે કુહાડીનો એ દારૂ પેટીને સ્પર્શ કરાવ્યો એટલામાં જ તે કુહાડોના સ્પર્શ માત્રથી સૂર્યના કિરણના સ્પર્શ માત્રથી જેમ કમળ ખૂલી જાય છે તેમ તે ઉઘડી ગઇ. તે ખૂલતાં જે સઘળાને ઘણુંજ આશ્ચર્ય થયું કે, તેની અંદર તો સદોરકમુખવસ્ત્રિકા

અને રજોહરણ આદિ મુનિવેશ છે. રાણી પ્રભાવતીને એ સમયે જે અપૂર્વ આનંદ થયો જે વચન તીત છે. ઉદાયન રાજાએ તે સમયથી જીનદેવને સાચા દેવ માનવાની શરૂઆત કરી દીધી અને તેમાં દૃઢતર ભક્તિ જાગૃત થઈ રાજાએ દરેક રીતે જીન ધર્મનો પ્રચાર કરવામાં પોતાની સઘળી શક્તિઓ ખર્ચવા માંડી. આ પ્રમાણે પતિને જીનધર્મની આરાધના કરવામાં અને તેનો પ્રચાર કરવામાં તત્પર જોઈને રાણી પ્રભાવતીને અપાર આનંદ થવા લાગ્યો.

એક દિવસ જ્યારે રાણી પ્રભાવતી સામાયિક કરવાને તૈયાર થઈ રહેલ હતી ત્યારે પોતાની જીર્ણશીર્ણ સદોરક મુહપત્તિને જોઇને દાસીને કહેવા લાગી–દાસી ! મારી આ સદોરક મુહપત્તિ જીર્ણશીર્ણ થઈ ગયેલ છે. આથી આજે નવી મુહપત્તિ લાવીને મને આપો. દાસીએ એ વાત સાંભળીને રાણીને રક્ત સદોરક મુહપત્તિ લાવીને આપી. રાણીએ જ્યારે તેને જોઇ ત્યારે તેણે એને કહ્યું–દાસી ! સામાયિક જેવા ધર્મ કાર્યમાં રકત વસ્ત્રનો ઉપયોગ કરવામાં આવતો નથી. છતાં પણ તેં આમ કર્યું. જા, બીજી મુખવસ્ત્રિકા લઇ આવ. આવું કહીને રાણી પ્રભાવતીએ દાસીને હાથથી ધક્કો માર્યો. બનવા કાળે રાણીના હાથનો ધક્કો લાગવાથી તે પડી ગઇ અને તેનું પ્રાણ પંખેરૂં ઉડી ગયું. દાસીની આ દશા જોઇને રાણી પ્રભાવતી ખૂબજ દુઃખી થઇ આ સમયે તેના મનમાં એવો વિચાર આવ્યો કે, આ નિરપરાધી દાસીની હત્યા મારાથી થઇ છે તેથી મેં મારા વ્રતને ખંડિત કર્યું છે. સંસારમાં વ્રત ખંડિત વ્યકિતઓનું જીવન કોઇ કામનું રહેતું નથી. જેથી હવે મારે જીવવાથી શું લાભ ? કારણ કે, જે વિવેકીહોય છે તે વ્રતભંગ થવાથી પોતાના જીવનનો પરિત્યાગ કરી દે છે. આથી હું અનશન કરીને મારા પાપનું પ્રયશ્ચિત્ત કરૂં એમાં જ મારૂં ભલાઇ છે. આ પ્રમાણે વિચાર કરીને રાણીએ પોતાનો અભિપ્રાય રાજા ઉદાયનને કહ્યો. આ સાંભળીને રાજાએ કહ્યું દેવી ! એ તો તું જાણે છે કે. મારૂં જીવન તારે આધીન છે. તું નહ હોતો હું એક ક્ષણ પણ જીવિત રહી શકું નહી. એવી સ્થિતિમાં આ અનશન વ્રતથી તને કોઇ લાભ નથી. રાણીએ જ્યારે રાજાને પોતાનાથી પ્રતિકૂળ જોયા ત્યારે રાજાને અનેક રીતે સંસારની અનિત્યતા સમજાવી પોતે અનુકૂળ બનાવી લીધા. રાજા જ્યારે અનુકૂળ બનો ગયા ત્યારે રાણીએ અનશનવ્રત ધારણ કરવાનો વિચાર કર્યો. પરંતુ રાજાએ ફરીથી રાણીને એ પ્રમાણે કહ્યું–દેવી હું તમારા આ વ્રતની અનુમોદના ત્યારે કરી શકું કે, જ્યારે તું દેવ પર્યાય પ્રાપ્ત કરીને મને આર્હત ધર્મમાં પ્રતિબોધિત કરવાની પ્રતિજ્ઞા કરે. રાણીએ રાજાનું વચન માની લીધું. અને ચતુર્વિધ આહારનું પ્રત્યાખ્યાન કર્યું. એ અનશન વ્રતની આરાધનાના પ્રભાવથી મરીને તે સ્વર્ગમાં પહોંચી ગઈ. સ્વર્ગની પ્રાપ્તિ જીવો માટે જૈનધર્મની આરાધનના આનુષંગિક ફળરૂપ માનવી જોઈએ. રાણી જ્યારે સ્વર્ગ લોકમાં જઈને દેવીના પર્યાયથી ઉત્પન્ન થઈ ત્યારે તેણીએ રાજાને સ્વપ્નમાં જૈનધર્મની વિશિષ્ટતા વારંવાર સમજાવી. પરંતુ રાજાના હૃદયમાં તપસ્વીઓ

તરફ જે ભક્તિ હતી તે ઓછી ન થઈ ખરૂં છે કે, પ્રાણીઓનો દૃષ્ટિરાગની નીલોરાગની માફક દુર્ભેદ્ય હોય છે. આ દેવીએ એક સમય તપસ્વીઓમાંથી રાજાનો અનુરાગ દૂર કરવા માટે પોતે જ તાપસનું રૂપ લઈને રાજાને માટે ઘણાંજ અમૃતમય ફળો લાવીને આપ્યાં રાજાએ જ્યારે તેને ચાખ્યાં તો તેને તેનો સ્વાદ એકદમ આનંદપ્રદ લાગ્યો. એને ખાઈને તે ઘણા જ ખુશી થઈને તે આવેલા તપસ્વીને કહેવા લાગ્યા. તપસ્વીન ! કહો તો ખરા કે, આવાં ફળ કયાં ઉત્પન્ન થાય છે, સાંભળીને તાપસે કહ્યું–રાજન્ ! અહિંથી થોડે દૂર અમારા આશ્રમમાં આવાં જન દુર્લભ ફળ ઘણાંજ છે. રાજાએ જ્યારે આ વાત સાંભળી ત્યારે એ ફળોની ચાહનાથી આકૃષ્ટ થઈને તે તાપસના આશ્રમે ગયા. આના પહેલાં એ દેવીરૂપ તાપસે પોતાની દૈવીશક્તિના પ્રભાવથી તાપસ આશ્રમ અને તપસ્વીઓને ત્યાં બનાવ્યા હતા. જ્યારે તે રાજાની સાથે આશ્રમે પહોંચ્યા ત્યારે તે દેવી કલ્પિત તાપસોએ તેને કહ્યું–" અરે ! તમે કોણ છો, અને અહીં શા માટે આવ્યા છો ?" આ પ્રમાણે ક્રોધાવેશથી બોલતાં બોલતાં તે લોકો રાજાને મારવા માટે તૈયાર થઈ ગયા. રાજાએ જ્યારે તેમનો આવો વહેવાર જોયો ત્યારે મનમાં વિચાર્યું કે, સઘળા તાપસ લોકો દુષ્ટ છે. એમની સાથે પરિચય રાખવો યોગ્ય નથી. આ પ્રકારના વિચારથી ભયભીત બનીને તે પોતાના નગરની તરફ ભાગવા માંડયો, તેને ભાગતો જોઈને તાપસો પણ તેની પાછળ પાછળ દોડયા. દોડતા એ રાજાને તે જંગલમાં કેટલાક મુનિ નજરે પડયા. જેથી રાજાએ ઘણા જોરથી રાડો પાડીને કહ્યું. મહારાજ ! આપ લોકો મને આ પાપકારી તાપસોથી બચાવો. હું આપની શરણમાં આવેલ છું. રાજાની વાત સાંભળીને મુનિઓએ કહ્યું-રાજન્ ! ગભરાવ નહી. હવે જ્યારે તમો અમારી શરણમાં આવી ચૂકયા છો તો, કોઇ પણ પ્રકારનો તમારા માટે ભય નથી. આ પ્રમાણે જ્યારે તે મુનિઓએ રાજાને કહ્યું તો, એ દેવીએ પોતાના પ્રભાવથી ઉત્પન્ન કરેલા તાપસો ત્યાંથી પાછા વળી ગયા. મુનિઓના શરણમાં આવેલા આ વીતભય પાટણના અધીશ્વરને કર્ણોને પ્રિય લાગે તેવાં અમૃતતુલ્ય વચનોથી જૈનધર્મનો ઉપદેશ સંભળાવ્યો. ઉપદેશ સાંભળીને રાજા પ્રતિબુદ્ધ થઈ ગયા તેમણે ત્યાંને ત્યાંજ શ્રાવક ધર્મને અંગિકાર કરી લીધો. પ્રભાતમાં મેઘની ગર્જના જેવો દેવોનો ઉપાય નિષ્ફળ થતો નથી. આ પછી એ દેવી રાજાને જૈનધર્મમાં સ્થિર કરીને અને પોતાનું સ્વરૂપ પ્રગટ કરીને પોતાના સ્થાને ચાલી ગયાં. આ પ્રકારે રાજા શ્રાવક ધર્મમાં દૃઢ થઈ જવાથી તેમના અનુયાયી બીજા રાજા તથા તેમની સઘળી પ્રજાએ શ્રાવક ધર્મનો સ્વીકાર કરી લીધો.

એક સમયની વાત છે કે, કોઇ વિદ્યાધર શ્રાવક વૈરાગ્ય ભાવનાથી વાસિત અંતઃકરણવાળો બનીને ભગવાન મહાવીર પ્રભુની વંદના કરવા માટે આવી રહેલ હતો ચાલતાં ચાલતાં રસ્તામાં તેને વીતભય પાટણ આવ્યું. તે ત્યાં આવીને રાજાનો મહેમાન થયો. કર્મ સંજોગે તે ત્યાં પહોંચતાંજ માંદો પડયો. રાજાની એક દાસી હતી જેનું નામ કુબ્જા હતું. તેણે એ શ્રાવકની સેવા પોતાના પિતાની માફક

કરી. આથી એની માંદગી ચાલી ગઇ આ વિદ્યાધર શ્રાવકની પાસે એકસો ગોળીઓ હતી જેનાથી સઘળા અભીષ્ટની સિદ્ધિઓ થતી હતી. એ શ્રાવકોએ સઘળી ગોળિયો એ કુબ્જા દાસીને આપી દીધી. અને પ્રવ્રજ્યા ગ્રહણ કરવા માટે તે પોતે ભગવાનની પાસે ચાલ્યા ગયા. કુબ્જા દાસીએ એ ગોળીયોમાથી એક ગોળી "હું સોનાના વર્ણ જેવી બની જાઉં" એવા અભિપ્રાયથી ખાધી તો તે એજ વખતે સોનાના જેવા રંગવાળી બની ગઇ. અને તેથી સુવર્ણગુલીકા એવું એનું નામ પણ પડી ગયું. થોડોક કાળ વીત્યા પછી ચારે બાજુએ ફેલાયેલી એ વાતને સાંભળીને ચંડપ્રોદ્યતને તેને બોલાવવા માટે પોતાના દૂતને મોકલ્યો. એ દૂતે વીતભય પાટણમાં આવીને સુવર્ણ ગુલીકાને કહ્યું,–કે હું અવંતિ નરેશ ચંડ પ્રદ્યોતન તરફથી તમારી પાસે આવેલ છું. જેથી તમો મારી સાથે અવંતિ ચાલો. આ પ્રકારનું દૂતનું વચન સાંભળીને સુવર્ણ ગુલીકાએ કહ્યું, કે આ નીતિ છે કે, કોઇ સ્ત્રી પહેલાં નહીં જોયેલ પુરૂષની પાસે પોતાની મેળે જતી નથી. આથી જો ચંડપ્રદ્યોતન રાજા અહીં આવે તો હું તેની સાથે આવું. એ સીવાય નહીં. આ પ્રકારનું સુવર્ણગુલીકાનું કહેવાનું સાંભળીને દૂત પાછો અવંતી ચાલી ગયો. અને ચંડપ્રદ્યોતન રાજાને સુવર્ણગુલીકાએ જે કાંઇ કહ્યું હતું તે સઘળું કહ્યું. ચંડપ્રદ્યોતન દૂત સાથે આવેલા સુવર્ણગુલીકાના પ્રત્યુત્તરને સાંભળીને અવંતિથી તે પોતાના ગંધ હસ્તી અનલગિરી હાથી ઉપર સવાર થઇને ચાલ્યો. ચાલતાં ચાલતાં રાત્રીના સમને ગુપ્ત રીતે તે વીતભય પાટણ પહોંચ્યો. ત્યાં આવતાંજ તે સુવર્ણગુલીકાને ગુપ્ત રીતે મળ્યો. રાજા તેને હાથી ઉપર બેસાડીને ઉજ્જયીની લઇ ગયો. અનલગિરી હાથી વીતભય પાટણમાં આવેલ હતો ત્યારે તેણે ત્યાં મળમૂત્ર કરેલું ગંધને સુંઘતાંજ ત્યાંના સઘળા હાથીઓ મદ વગરના થઈ ગયા અને ગંધ હસ્તી જે દિશામાં ગયો જ દિશા તરફ સઘળા હાથી સુંઢને ઉંચી કરીને મોઢું ફાડી રાખીને જોતા જોતા ઉભા હતા. સવાર થતાંજ મહાવતોએ જ્યારે આ દેખાવને જોયો. અને હાથીઓને મદવગરના બકરીના જેવા જોયા ત્યારે સભ્રાંત બનીને રાજાની પાસે દોડી ગયા. અને આ સઘળા સમાચાર તેમણે રાજાને સંભળાવ્યા. રાજાએ જ્યારે હાથીઓની આવા પ્રકારની દયામય સ્થિતિ સાંભળી તો તેમણે તુરતજ હાથીઓની ચિકિત્સા કરવાવાળા વદ્યોને હાથીઓની ચિકિત્સા કરવા માટે મોકલી આપ્યા. તેઓએ ત્યાં પહોંચીને ઘણીજ સાવધાનીથી ચિકિત્સા કરીને તે હાથીને મૂળ સ્થિતિમાં લાવી દીધા. પછીથી રાજા પાસે જઇને તેમણે એ પ્રમાણે કહ્યું–મહારાજ ! આપના આ સઘળા હાથી ગંધહાથીના મળમૂત્રની ગંધને સુંઘવાથીજ નિર્મદ થયા છે. આ સિવાય આવા રોગથી સપડાઇ જવાની કોઇ પણ સંભાવના રહેતી નથી. ગંધહસ્તીના અધિપતિ જો આ સમયે કોઇ પણ હોય તો તે એક ચંડપ્રદ્યોત રાજાજ છે ખબર પડે છે કે, તેમનો એ હાથી રાત્રીના વખતે અહીંયા આવેલ છે. જ્યારે આવી વાત તે વૈદ્યરાજે

તે રાજાને કહી રહ્યા હતા કે, એટલામાંજ નગર નિવાસીઓએ પોતાના નગરમાં તેના પગલાને જોઈને તે હાથીનું આવવું રાજા પાસે જાહેર કર્યું. રાજા આ વાતથી જાણકાર બનીને પોતાના રાજપુરૂષોને કહેવા માંડયો–જુઓ ચંડપ્રદ્યોતન અહીં કેવી રીતે આવ્યો ? આ સમયે રાજમહેલની એક દાસીએ આવીને રાજાને ખબર આપી કે મહારાજ ! સુવર્ણગુલીકા દેખાતી નથી. એ સમાચાર સાંભળતાંજ રાજાના દિલમાં નક્કી થઈ ગયું કે, અવશ્ય સુવર્ણગુલીકાનું હરણ કરવા માટેજ ચંડપ્રદ્યોતન અહીં આવેલ હશે. આ પ્રકારનો વિચાર કરીને તેના આવા નિંદિત કૃત્યથી ક્રોધિત બનીને રાજાએ તે સમયે પોતાના એક દૂતને સમાચાર પહોંચાડવા ચંડપ્રદ્યોતન પાસે મોકલ્યો. દૂતે ત્યાં જઈને ચંડપ્રદ્યોતનને કહ્યું–રાજન્ ! જેના પરાક્રમથી ભલભલા શત્રુઓ તેનાથી દબાઇને શરણાધીન બનેલ છે તેવા મહાપ્રતિભાશાળી ઉદાયન રાજાએ મને સંદેશો પહોંચાડવા આપની પાસે મોકલેલ છે કે, તમે અમારા નગરમાં ચોરની માફક આવીને મારી સુવર્ણગુલીકા દાસીનું હરણ કરી ગયેલ છો. તે કામ સારૂં નથી કર્યું, એનું પરિણામ ખૂબજ ખરાબ આવશે. જે ચોર હોય છે તે નીતિ અનુસાર દંડને પાત્ર જ હોય છે. તમો નિર્લજ્જ બનીને આવા કૃત્યમાં પ્રવૃત્ત થયા છો તો પછી તમોને દંડ શા માટે આપવામાં ન આવે ? આ સઘળા વિચારોથી હું તમોને શિક્ષા આપવા માટે તમારા નગર ઉપર ચડાઇ કરીશ. આથી તમો લડાઇ માટે તૈયાર રહેશો. આ પ્રકારના ઉદાયન રાજાએ મોકલેલા સમાચાર દૂતના મોઢેથી સાંભળીને ચંડપ્રદ્યોતન રાજાએ ક્રોધમાં આવીને દૂતને કહ્યું દૂત ! શું તમો જાણતા નથી કે, જે રાજા સમર્થ હોય છે તે, ચાહે તેના રત્નનું હરણ કરી શકે છે. તેમાં લજ્જાની કોઇ વાત નથી. મેં એવું જ કરેલ છે. આથી ઉદાયન રાજાના દાસી રત્નને હરણ કરવાવાળા મને નિર્લજ્જ બતાવવો એ ઉચિત નથી. હવે રહી યુદ્ધ કરવાની વાત તો જઇને તેમને કહી દો કે, પર્વત સાથે માથું ટકરાવનારનું જ માથું ફૂટે છે. પર્વતનું કાંઇ બગડતું નથી. બિચારા ઉદાયનમાં એવી કઇ શક્તિ છે કે, તે મારો સામનો કરી શકે ? શું તેને ખબર નથી કે, મારા ગંધહાથીની સામે પર્વત પણ ટકી શકતો નથી. તો પછી ઉદાયનના મામુલી હાથીઓનું તો શું સામર્થ્ય છે કે, જે એની સામે ટકકર લઇ શકે, ? છતાં પણ જો તેને યુદ્ધ કરવાની ઉમ્મીદ થઇ રહી હોય તો તેને માટે મારૂં આમંત્રણ છે. યાદ રાખજો કે. તે અહીંથી જીવતો જઈ શકશે નહીં. નિયમથી મૃત્યુના અતિથિ બનીને જ પાછા જશે. આ પ્રકારના ચંડપ્રદ્યોતનના સંદેશાને સાંભળીને દૂત વીતભય પાટણ પાછો ફર્યો અને ઉદાયન રાજાને અક્ષરશઃ જે કાંઇ ચંડપ્રદ્યોતને કહ્યું હતું તે કહી સંભળાવ્યું. તથા એ પણ કહી દીધું કે, મહારાજ ચંડપ્રદ્યોતન આપની સાથે યુદ્ધ કરવા માટે તૈયાર થઇ રહેલ છે. તે પોતાના અન્યાયને પણ ન્યાયનીજ તુલા ઉપર તોળી રહેલ છે. આથી એવી અન્યાયી વ્યક્તિનો મદ અવશ્ય ઉતારવો જોઇએ. દૂતની વાત સાંભળીને તુરતજ રાજાએ યુદ્ધની ઘોષણા કરાવી દીધી. સેનાપતિને એવો પણ આદેશ આપ્યો કે, આપણા અનુયાયી જે દસ રાજા છે તેને પણ આ સંદેશો પહોંચાડી દો. જેથી તેઓ પણ પોતાની સેનાને સાથે લઇને આપણી સહાયતા માટે

તૈયાર રહે. આ પ્રકારની સઘળી ઉચિત વ્યવસ્થા કરીને રાજા ઉદાયન જેઠ મહીનામાં સૈન્ય સહિત મુગટ બંધ તે દસ રાજાઓને તથા પોતાના સૈન્યને સાથે લઇ અવંતીની તરફ ચાલી નીકળ્યા. ઉદાયનના ચાલતા એ સૈન્યથી ઉડેલી ધૂળથી ચારે દિશાઓ ધૂળથી ઘેરાઇ ગઇ હતી આ પ્રમાણે ભારે આડંબર સાથે ચાલીને ઉદાયન રાજા કેટલેક સ્થળે દરમજલ મુકામ કરીને મરૂભૂમિમાં જઈ પહોંચ્યા. ત્યાં પાણીની ખેંચ હોવાને કારણે એ પ્રદેશમાં પાણી મળવું દુર્લભ હોવાથી રાજાના કેટલાક સૈનિકો પાણી ન મળવાથી જ્યારે મૂર્ચ્છિત બની ગયા ત્યારે રાજાએ તે સમયે પ્રભાવતી દેવીનું સ્મરણ કર્યું. આથી તેણે ત્યાં આવીને અગાધ જળથી છલોછલ ભરેલા તથા કમળોથી સુશોભિત ત્રણ જળાશયોની રચના કરી દીધી, રાજાના સૈનિકોએ જળાશયોમાં મન માન્યું જળપાન કર્યું અને સ્વસ્થ થઇને પછી તે આગળ ચાલ્યા. અન્નના વગર તો પ્રાણી કોઈરીતે જીવી શકે છે પરંતુ પાણી વગર જીવી શકાતું નથી. જ્યારે રાજાની એ ચિંતા શાંત થઇ ત્યારે દેવી રાજાને પૂછીને પોતાના સ્થાન ઉપર ચાલી ગઈ. ચાલતાં ચાલતાં રાજા ઉજ્જયીની પાસે પહોંચી ગયા અને પોતાના તંબુ ત્યાં ઉભા કરાવી દીધા. રાજાએ એ સમયે વિચાર કર્યો કે આ સંગ્રામમાં બન્ને તરફના યોદ્ધાઓનો વ્યર્થમાં જ વિધ્વંસ થશે. આથી ઉચિત તો એ છે કે, મારૂં અને ચંડપ્રદ્યોતનનું જ સામ સામું યુદ્ધ શા માટે ન થાય ? આ પ્રકારના વિચારથી રાજા ઉદાયને પોતાના એક દૂતને રાજા ચંડપ્રદ્યોતનની પાસે સંદેશો લઇને મોકલ્યો, દૂત રાજા ઉદાયનનો સંદેશો લઇને રાજા ચંડપ્રદ્યોતન પાસે પહોંચ્યો અને રાજા ઉદાયનનો સંદેશો સંભળાવ્યો કે "નિરપરાધી સૈનિકોનો વિનાશ સર્વથા અનુચિત છે. આથી હું અને તમો બન્નેનું જ યુદ્ધ થાય તે ઠીક છે" આમ કહી દીધું. તથા સાથે એવું પણ કહ્યું કે, મહારાજ ઉદાયન રાજાએ એવું પણ પૂછાવ્યું છે કે, આપ રથ ઉપર, ઘોડા ઉપર કે હાથી ઉપર ચડીને યુદ્ધ કરવા ચાહો છો અથવા તો ભૂમિ ઉપર રહીને ? જેવું આપને ઠીક લાગે તેવુ આપ કરો પરંતુ આના ખબર અમને અવશ્ય અવશ્ય મોકલાવજો. જેથી અમો પણ એ પ્રમાણે યુદ્ધ સ્થાન ઉપર પહોંચીએ ઉદાયન રાજાના દૂતનો મોઢેથી આવા પ્રકારનો સંદેશો સાંભળીને ચંડપ્રદ્યોતને કહ્યું–હે દૂત! તમો જઇને તમારા રાજાને કહી દો કે હું રથમાં બેસીને જ યુદ્ધ કરીશ. દૂતે ચંડપ્રદ્યોતનના આ સમાચાર રાજા ઉદાયનને કહી સંભળાવ્યા. બીજે દિવસે રાજા ઉદાયન યુદ્ધ માટે તૈયાર થયા અને રથ ઉપર બેસીને યુદ્ધ ભૂમિ ઉપર જઇ પહોંચ્યા પરંતુ કુટિલમતિ ચંડપ્રદ્યોતને વિચાર કર્યો કે. જો હું રાજા ઉદાયનની સામે રથમાં બેસી યુદ્ધ કરવા જાઉં તો મારો વિજય થવો અસંભવ છે આથી અનલગિરિ હાથી ઉપર ચડીને જ યુદ્ધ કરવું ઉચિત છે. આવા પ્રકારનો વિચાર કરી ચંડપ્રદ્યોતન અનિલગિરિ હાથી ઉપર બેસીને યુદ્ધ ભૂમી ઉપર પહોંચ્યો. આ પ્રમાણે ચંડપ્રદ્યોતનને યુદ્ધ ભૂમી ઉપર આવેલ જોઇને ઉદાયને કહ્યું–અરે જુઠું બોલનારા ! તમો પ્રતિજ્ઞા ભ્રષ્ટ કેમ થઈ રહ્યા છો! જે રથને છોડીને હાથી ઉપર ચડીને આવ્યા છો. છતાં પણ યાદ રાખો કે તમારી

કુશળતા નથી. આ પ્રમાણે કહીને ઉદાયન રાજાએ પોતાના રથને મંડલાકાર ફેરવ્યો. ચંડપ્રદ્યોતને પણ પોતાના હાથીને એની પાછળ પાછળ દોડાવ્યો. જેમ જેમ હાથી દોડવા માટે પગને ઉપાડવા લાગ્યો તેમ તેમ ઉદાયને પોતાના તીક્ષ્ણ તીરો દ્વારા એના એ પગલાનું વેધન કરવાનું શરૂ કર્યું. આ પ્રમાણે ચરણોથી ઘાયલ બનેલ એ ગજરાજ આકુળ વ્યાકુળ થઇને યુદ્ધ ભૂમીને છોડીને ભાગવા માંડયો. હાથીને ભાગતો જોઇને ઉદાયને હાથીની પીઠ ઉપર બેઠેલા ચંડપ્રદ્યોતનને યુકિતથી પાશ નાખીને નીચે પછાડી દીધો. અને પછી અગ્નિમાં તપાવેલા લોઢાનાસળીયાથી તેના મસ્તક ઉપર "આ દાસી પતિ છે" આ પ્રકારના અક્ષરોને અંકિત કરાવી દીધા. પછીથી લાકડાના એક પાંજરામાં તેને બંધ કરીને તેને સાથે લઈને પોતાના દેશ તરફ રવાના થઇ ગયા ચાલતાં ચાલતાં રસ્તામાં વર્ષાઋતુનો પ્રારંભ થઇ ગયો અને રસ્તાઓ ચારે તરફથી જળથી ભરાઈ ગયા હતા. રાજા ઉદાયને જ્યારે આ પ્રકારની સ્થિતિ જોઈ ત્યારે તેણે પોતાના સૈન્યને નગરના એક ભાગમાં સ્થાપિત કરી દીધું. અર્થાત સૈન્યને અલગ અલગ સ્થળોએ નગરમાં વસાવી દીધું. અને એ સ્થળે માટીથી એક મકાન તૈયાર કરાવીને દસ રાજાઓને એના રક્ષણ માટે નિયુકત કર્યા. આ પ્રકારે સૈન્યોના વસવાટથી વેપાર માટે કેટલાક વેપારીઓ પણ ત્યાં આવીને વસ્યા. આ નગરનું નામ દસ રાજાઓના રક્ષણ તળે રખાયેલ હોવાથી દસપુર એવું પડયું. રાજા ઉદાયને પોતાની સાથે પકડીને લાવેલા ચંડપ્રદ્યોતનનો આદર સત્કાર સારી રીતે કરવામાં કોઇ જાતની ઉણપ ન રાખી, તેમજ પોતાની માફક તેની રક્ષા કરી.

એક દિવસે પર્યુષણ પર્વથાં સંતત્સરીના દિવસે રાજા ઉદાયને પોષધ કર્યું. ત્યારે રસોયાએ ઉદાયનની આજ્ઞાથી ચંડપ્રદ્યોતનને પૂછયું-રાજન્! આજે આપ શું જમશો? રસોયાનો આવો પ્રશ્ન સાંભળીને ચંડપ્રદ્યોતને મનમાં વિચાર કર્યો, આજે નિશ્ચયથી ઝેર આપીને આ લોકો મને મારી નાખવા ચાહે છે. નહીંતર આવો પ્રશ્ન કરવાની આજે શું જરૂર હતી? આજ સુધી તો મને પૂછયા વગર આ લોકો મને ખાવા માટે સારાનાં સારૂં ભોજન આપતા હતા. તો પછી આજે "આપ શું-ખાશો?" આ પ્રશ્ન પૂછવાનું કારણ શું? ચંડપ્રદ્યોતન જ્યારે આ પ્રકારના વિચારમા મગ્ન હતો ત્યારે તે સમયે આ પ્રશ્નનું સ્પષ્ટીકરણ કરતાં રસોઇયાએ કહ્યું-આજે આપને એ ખાતર પૂછવામાં આવે છે કે આજે સંવત્સરીનો દિવસ છે. એટલા માટે રાજાએ સપરિવાર પોષધ કરેલ છે. રાજા ચંડપ્રદ્યોતને આ વાત સાંભળી ત્યારે તેને ઘણીજ પ્રસન્નતા થઈ અને કહેવા લાગ્યા કે, દેવાનુપ્રિય! આજે તેં ઘણું જ સારૂં કર્યું છે કે, આજે સંવત્સરી પર્વ હોવાના સમાચાર મને આપ્યા. હું પણ શ્રાવકનો પુત્ર છું, જેથી હું પણ આજે પોષધ કરીશ. રસોઇયાએ ચંડપ્રદ્યોતનનું આમ કહેવું સાંભળીને ઉદાયન રાજાને નિવેદન કરતાં કહ્યુ કે, મહારાજ! આજે ચંડપ્રદ્યોતને પણ પોષધ કરેલ છે. કારણમાં તેમનું એવું કહેવાનું છે કે, હું પણ શ્રાવક છું. રસોઇયાની વાત સાંભળીને ઉદાયને કહ્યું, હું જાણું છું, કે એ શ્રાવક છે. પરંતુ માયારૂપ આ

આ શ્રાવક બંધાયેલ રહેવાથી મારૂં આજનું પર્યુષણ શુદ્ધ નહીં રહે જેથી એને બંધનમુકત કરી દેવો જોઈએ. એવો વિચાર કરીને ઉદાયને ચંડપ્રદ્યોતનને બંધન મુકત કરી દીધો, અને તેની સાથે સપરિવાર પોષધ કર્યું. ચંડપ્રોદ્યતનને કોઇએ કહી દીધું કે, જુઓ આજે સંવત્સરીનો દિવસ છે જેથી આપને બંધન મુકત કરવામાં આવેલ છે. જેથી જ્યારે રાજા આપની પાસે સાંજના વખતે ક્ષમાપના કરવા આવે ત્યારે તેને આ પ્રમાણે કહેજો કે, "જો તમો મને સંપૂર્ણ પણે મુક્ત કરી દો તો હું આપની સાથે ક્ષમાપના કરી શકું" ચંડતેદ્યોતને આ પ્રમાણે કર્યું. રાજા જ્યારે સાંવત્સરિક પ્રતિક્રમણ કરીને ચંડપ્રદ્યોતનની ક્ષમાપના કરવા લાગ્યા ત્યારે ચંડ-પ્રદ્યોતને કહ્યું કે, જો આપ મને સંપૂર્ણ બંધાન મુક્ત કરી દેતા હો તો ક્ષમાપના કરી શકું. ઉદાયને ચંડપ્રદ્યાતનના આ પ્રસ્તાવનો ઘણાજ હર્ષ સાથે સ્વીકાર કરી લીધો. બીજે દિવસે ઉદાયને ચંડપ્રદ્યોતનની સાથે પારણું કર્યું. જ્યારે વર્ષાકાળ પુરો થઇ ગયો ત્યારે ઉદાયન ચંડપ્રદ્યોતનની સાથે વીતભય પાટણમાં આવ્યા અને પોતાની કન્યાનો વિવાહ ચંડપ્રદ્યોતનની સાથે કરી દીધો. દહેજમાં ઉદાયને તેનું જીતેલું રાજ્ય આપી દીધું. અને કપાળ ઉપર લોઢાની સળીથી અંકિત કરેલ અક્ષરોને ઢાકી રાખવા નિમિત્તે પાઘડી બંધાવી. આથી રાજાઓ માથા ઉપર પાઘડી બાંધવા લાગ્યા. આના પહેલાં તો રાજાઓ માથા ઉપર મુકટ ધારણ કરતા હતા. કેટલાક દિવસો પછી ચંડ-પ્રદ્યોતને ઉજ્જયની જવા માટે ઉદાયનને કહ્યું, ત્યારે ઉદાયને તેને જવાની આજ્ઞા આપી આથી રાજા ઉદાયનની પુત્રીની સાથે પોતાની રાજધાનીમાં પાછો આવી ગયો.

એક દિવસ રાજા ઉદાયન પોષધ કરવા માટે પોષધશાળામાં રહ્યા ત્યાં રાત્રીના વખતે ધર્મ જાગરણથી જાગતા રહીને એવો વિચાર કર્યો કે, જે નગર, ગ્રામ, આકર અને દ્રોણ આદિવાળા માણસો ધન્ય છે કે, જ્યાં જગત્ગુરૂ વર્ધમાન સ્વામી વિહાર કરે છે. તથા એ નૃપાદિકને પણ ધન્ય છે કે, જે પ્રભુની અમૃતમય વાણી સાંભળીને દીક્ષા ગ્રહણ કરે છે. અગર તો શ્રાવકનું વ્રત લ્યે છે. જો વીર પ્રભુનું આગમન આ વીતભય પાટણમાં થઇ જાય તો હું પણ તેમની પાસેથી દીક્ષા ગ્રહણ કરીને મારૂં જીવન સફળ કરી લઉં. ભગવાન મહાવીર પ્રભુએ ઉદાયનના આ વિચારને પોતાના જ્ઞાન દ્વારા જાણીને ચંપાપુરીથી વિહાર કરી. ગ્રામાનુગ્રામ વિચરણ કરતાં કરતાં વીતભય પાટણના ઉદ્યાનમાં આવી પહોંચ્યા. જ્યારે ઉદાયનને પ્રભુના આગમનના ખબર મળ્યા ત્યારે તે ભગવાનની પાસે આવીને વંદના અને પર્યુપાસના કરીને બેસી ગયા પ્રભુએ ધર્મનો ઉપદેશ આપ્યો. આ સાંભળીને ઉદાયને ભગવાનને નિવેદન કર્યું,– ભગવાન! જ્યાંસુધી હું મારા પુત્રને રાજ્યાસન સુપ્રદ કરીને દીક્ષા લેવા માટે આપની પાસે આવું ત્યાંસુધી આપ અહીંજ બીરાજમાન રહો. ઉદાયનની વાત સાંભળીને પ્રભુએ કહ્યું–ઉદાયન! શુભકાર્યમાં વિલંબ કરવો ન જોઇએ. પ્રભુનો એ આદેશ મળતાં ઉદાયન પોતાના મહેલમાં આવ્યો અને વિચારવા લાગ્યો કે, જો હું પુત્ર અભિજીતને રાજ્ય સોંપું તો તે તેમાં આસક્ત બની જશે. અને એ કારણે આત્મકલ્યાણથી વિમુખ બની તે આ સંસારમાં ઘણાકાળ સુધી જન્મ મરણના ચક્કરમાં ફસાયેલો રહેશે. આ કારણે પુત્રને રાજ્ય ન આપતાં આ રાજ્ય ભાણેજને આપી દેવું જોઇએ. આ પ્રકારનો વિચાર પોતાના પુત્ર અભિજીત સમક્ષ પ્રગટ કરીને ઉદાયને રાજ્યગાદી પોતાના કેશી નામના ભાણેજને સુપ્રદ્ કરી. અને પોતે વીર પ્રભુની પાસે જઇને દીક્ષા અંગીકાર કરી ઉદાયનનો દીક્ષા મહોત્સવ કેશીએ કર્યો. રાજા ઉદાયને મુની બનીને અતિ દુષ્કર એવા માસ ઉપવાસરૂપ તપેદ્વારા કર્મોનું અને શરીરનું શોષણ કરતાં કરતાં વિચરવા માંડયું. જે દિવસે પારણાનો દિવસ થતો હતો તે દિવસે તેઓ અન્તપ્રાન્ત આહાર લેતા હતા. આથી એમનાં શરીરને રોગોએ ઘેરી લીધું. રોગોને શાન્ત કરવા માટે ગ્રામાનુગ્રામ

વિહાર કરવાવાળા મુનિરાજ ઉદાયને વીતભય પાટણ તરફ વિહાર કર્યો જ્યારે લોકોને આ ખબર મળ્યા કે ઉદાયન મુનિ વીતભય પધારી રહ્યા છે તો કારણ વગરના વેરી દુષ્ટ મંત્રીઓએ કેશી રાજાને એવું કહ્યું કે, મહારાજ! આપના મામા ઉદાયન મુની પરીષહને સહન કરવામાં અસમર્થ બનવાથી તેઓ હવે રાજ્યની લાલસાથી અહીં પધારી રહ્યા છે. આથી એમના અહીં આવવાથી આપ તેમનો વિશ્વાસ કરશો નહીં મંત્રીઓની આ વાતને સાંભળીને કેશી રાજાએ કહ્યું, ભાઇ! રાજ્ય તો એમનું જ છે જો તેઓ લેવા ઇચ્છે તો લઈ લે. આમાં મને કોઈ વાંધો નથી. ધન સ્વામી પોતાના મૂકેલા–સોંપેલા ધનને જો પાછું માગે તો વણિક પુત્રને ક્રોધ કરવો તે મૂર્ખતા છે. આવું સાંભળીને દુષ્ટ મંત્રીઓએ કહ્યું, સ્વામીન્! આ વણિક જનોની વાત નથી. આ વાત તો ક્ષત્રિયોની છે. ક્ષત્રિયોનો એ ધર્મ નથી કે, પોતાને મળેલા રાજ્યને તે પાછું આપી દે. ક્ષત્રિય તો પોતાના પિતાની પાસેથી પણ બળાત્કારે રાજ્ય આંચકી લે છે. આથી રાજ્ય પાછું આપવું તેમાં આપની શોભા નથી. ભલા સંસારમાં એવો કોઇ છે કે, જે પોતાને મળેલું રાજ્ય પાછું આપી દે? કેશીએ કહ્યું કે, તો બતાવો આ વિષયમાં શું કરવું જોઈએ? દુષ્ટોએ પોતાનો પાસો બરોબર પડેલો જોઇને એટલે કે પોતાની વિચારધારા રાજાએ સ્વીકારી લીધી છે તેમ જાણીને કહ્યું કે, આજેજ એવા પ્રકારની રાજઘોષણા કરાવી દો કે, જે કોઇ ઉદાયન મુનિને રહેવા માટે સ્થાન આપશે તે રાજાનો અપરાધી ગણાશે અને દંડને પાત્ર બનશે. તેમજ આ રાજઆજ્ઞા જે મુનિ સુધી પહોંચાડશે તે પણ દંડને પાત્ર થશે. જો માની લેવામાં આવે કે કોઇ નિર્ભય વ્યક્તિ આ રાજઆજ્ઞાની પરવા ન કરતાં તેમને સ્થાન આપી પણ દે તો તેવી સ્થિતિમાં આપે એવું કરવું જોઈએ કે, આપ તેમને સન્માન સાથે આપના ઉદ્યાનમાં લઈ આવો અને ત્યાં વિષ મેળવેલા આહારના દાનથી તેમને મારી નાખવા.

આ તરફ વિહાર કરતાં કરતાં મુનિરાજ ઉદાયન પણ વીતભય પાટણમાં આવી પહોંચ્યા. પરંતુ કોઇએ પણ તેમને સ્થાન ન આપ્યું. ત્યાં એક કુંભાર હતો તેણે તેમને પોતાની વાસણ બનાવવાની કોઠમાં સ્થાન આપ્યું કેશીને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તે દુષ્ટ મંત્રીઓ સાથે ત્યાં આવ્યો અને નમસ્કાર કરીને કહેવા લાગ્યો. ભદન્ત! આપ રોગી છો, આ કુંભારની કોઠ આપને રહેવા યોગ્ય નથી. આથી આપ ઉદ્યાનમાં પધારીને ત્યાં નિવાસ કરો તો સારૂં થાય. ત્યાં આપના રોગનું નિદાન કરાવીને રાજવૈદ્યો દ્વારા ઔષધિ વગેરેની વ્યવસ્થા પણ કરવામાં આવશે. આનાથી આપનો રોગ પણ શાન્ત થઈ જશે કેશીની આ પ્રાર્થનાને સાંભળીને મુનિરાજ ઉદાયન ઉદ્યાનમાં જઈને રોકાયા. કેશીએ તેમના રોગના ઈલાજમાં વૈદ્યો મારફત વિષભેળવેલી ઔષધીઓ અપાવી. મુનિ ઉદાયને એ ઔષધીઓને પી લીધી. પરંતુ તે પીતાંની સાથેજ વિષથી તેમના શરીરમાં ભારે આકુળ-

વ્યાકુળતા જાગી પડી. આથી તેમના મનમાં નિશ્ચય થયો કે, મને વૈદ્યો દ્વારા વિષ મિશ્રિત ઔષધીઓ આપવામાં આવેલ છે. ભલે અપાવેલ હોય એની શી ચિંતા છે. આ શરીર તો વિનશ્વર જ છે. આથી મારૂં કાંઇ બગડવાનું નથી. આવા પ્રકારની પવિત્ર વિચારધારાથી ઉદ્દાયનમુનિ ક્ષપકશ્રેણી ઉપર આરૂઢ થયા. તેમણે તે સમયે સુપરિણામરૂપ પ્રશસ્ત અધ્યવસાયના પ્રભાવથી કેવળ અવસ્થાને પ્રાપ્ત કરી મુક્તિપદને પામ્યા. ઉદ્દાયન મુનિના મોક્ષ ચાલ્યા જવાથી તેમની ભક્ત એવી કોઈ દેવીએ તેમના મૃત્યુનું કારણ જાણીને એ આશ્રય આપનાર કુંભારને એ નગરથી બહાર કરીને સીનપલ્લી નામના એક ગામમાં વસાવી દીધો. પછીથી એ નગરને ધૂળને વરસાદ કરીને તેનો નાશ કરી દીધો, કેશી રાજા કે તેના દુષ્ટ મંત્રીઓ તથા સઘળા પુરવાસીઓમાંથી કોઈ પણ જીવતું ન બચ્યું. પછીથી દેવીએ પોતાની શક્તિ દ્વારા કુંભારના નામથી સીનપલ્લી ગામને કુંભકારપુરના નામથી વસાવી દીધું.

આ તરફ ઉદ્દાયન પુત્ર અભિજીતે જ્યારે જાણ્યું કે પિતાએ રાજગાદી ઉપર કેશીને સ્થાપિત કરી દીધેલ છે ત્યારે તેણે ભારે ચિંતાગ્રસ્ત બનીને એવા પ્રકારનો વિચાર કર્યો કે, હું પ્રભાવતીના ઉદરથી ઉત્પન્ન થયેલ છું. ઉદ્દાયનનો નીતિમાર્ગી અને વિવેકશાળી તથા તેમની ભક્તિ કરવાવાળો પુત્ર છું છતાં પણ મારી હયાતિ હોવા છતાં જે પિતાએ ભાણેજ કેશીને રાજ્ય આપ્યું તે તેમણે ઠીક કર્યું નથી. જડ પુરુષ પણ એ વાત જાણે છે કે, ભાણેજને પોતાના ઘરનો અધિકારી બનાવવામાં આવતો નથી. જ્યારે મારા પિતાએ આવું કામ કર્યું તો શું તેમને આથી-અટકાવનાર–રોકનાર કોઇ નહીં હોય ? જે થયું તે થયું, હવે મારે આવો વિચાર કરવો નકામો છે. કેમકે તેઓ અધિકારી છે, જે પ્રમાણે કરવા ચાહે તે પ્રમાણે તેઓ કરી શકે છે. પરંતુ હું ઉદ્દાયનનો પુત્ર છું જેથી કેશી રાજાની સેવા કરવી એ મારે માટે ઉચિત નથી. આ પ્રકારના અનેક સંકલ્પ વિકલ્પોથી અભિજીતનું ચિત્ત વ્યગ્ર બની ગયું. તે ત્યાંથી ઝડપથી નીકળીને પોતાની માસીના પુત્ર કૂણીકની પાસે ચંપાપૂરી પહોંચી ગયો. કૂણીકે તેને પોતાને ત્યાં આવેલ જોઈને તેનો ભારે આદરસત્કાર કર્યો, અને દરેક રીતે તેને સહાયતા કરવાનો પણ દૃઢ નિશ્ચય કર્યો. કૂણીકે અભિજીતને વિપુલ સંપત્તિ આપીને શ્રાવક ધર્મની આરાધના કરવામાં તેને ખૂબ મદદ પહોંચાડી. અભિજીત પણ ત્યાં સુખપૂર્વક રહીને શ્રાવક ધર્મની યથાવત્ આરાધના કરવા લાગ્યો. ઘણા સમય સુધી શ્રાવક ધર્મની આરાધના કરવા છતાં અભિજીતના દિલમાંથી પિતાએ આચરણમાં મુકેલ વાતનું દુ:ખ ન મટયું. વારંવાર તેને પિતા તરફથી કરાયેલા અપમાનની યાદ આવતી હતી. આથી શ્રાવક ધર્મની લાંબા સમય સુધી આરાધના કરવા છતાં પણ પિતાના કૃત્ય અંગેના વેરની આલોચના ન કરવાના કારણે જ્યારે તે પાક્ષિક અનશન કરીને મર્યો ત્યારે સ્વર્ગમાં પલ્યોપમ આયુષ્યવાળા મહર્ધિક દેવ થયા ત્યાંથી ચવીને તે મોક્ષમાં જશે. ॥ ૪૮ ॥

કાશીરાજ નન્દન બલદેવ કી કથા

તથા—"तहेव कासी राया" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે સંયત મુનિ! **तहेव–तथैव** આગળના એ ભરત રાજા વગેરે રાજાઓની માફક **सेओ सच्चपरक्कमे-श्रेयः सत्यपराक्रमः** કલ્યાણને કરવા વાળા સંયમમાં પરાક્રમશાળી **कासीराया–काशीराजः** કાશી રાજાએ કે, જેમનું નામ નંદન અને જે સાતમા બળદેવ હતા. **कामभोगे परिच्चज्ज–कामभोगान् परित्यज्य** કામ શબ્દ, રૂપ, ભોગ, ગંધ, રસ, સ્પર્શનો પરિત્યાગ કરીને **कम्ममहावणं पहणे–कर्ममहावनम् प्राहन्** જેમણે કર્મરૂપ મહાવનનો નાશ કરેલ છે. તેની કથા આ પ્રકારની છે—

બનારસ નગરીમાં અઢારમા તીર્થંકર અરનાથના શાસનમાં અગ્નિશિખ નામના એક રાજા હતા. જયંતિ અને શેષવતી નામની એમને બે પટ્ટરાણીઓ હતી. જયંતિથી નંદન નામના સાતમા બળદેવ અને શેષવતીથી સાતમા દત્ત નામના વાસુદેવ આ ક્રમાણે બે પુત્રો થયા. ક્રમે ક્રમે વધીને એ બન્ને તરૂણ અવસ્થાએ પહોંચ્યા એ બન્નેના શરીરની ઉંચાઇ છવ્વીસ ધનુષની હતી. પિતાના રાજ્યની પ્રાપ્તિ કરી દત્તે પોતાના નાનાભાઇ નંદનને સાથે લઇને ભરતખંડના ત્રણ ખંડોને પોતાના કબજે કરી લીધા છપ્પન હજાર વર્ષનું આયુષ્ય દત્તે અર્ધ ચક્રવર્તીની લક્ષ્મીને ભોગવવામાં જ પૂર્ણ કર્યું. અંતે તે મરીને પાંચમી નર્કમાં પહોંચ્યો. જ્યારે નંદને દીક્ષા લઈને કેવળ જ્ઞાન પ્રાપ્ત કર્યું. પાંસઠ હજાર વર્ષનું આયુષ્ય પૂર્ણ થતાં મુક્તિ શ્રીના લાભથી પોતાના જીવનને સફળ બનાવ્યું. ॥ ૪૯ ॥

વિજયરાજ કી કથા

તથા—"तहेव विजओ" ઇત્યાદિ.

અન્વયાર્થ—**तहेव–तथैव** આ પ્રકારે **आनट्ठा कित्ति-आनष्टाकीर्तिः** અપકીર્તિથી રહિત અને **महाजसो–महायशाः** મહાયશ સંપન્ન **विजयो राया–विजओ राया** વિજય નામના બીજા બળદેવે **गुणसमिद्धं रज्जं पहाय–गुणसमृद्धं राज्यं प्रहाय** સ્વામી, આમાત્ય, સુહૃત્, કોષ, રાષ્ટ્ર, દુર્ગ અને બળ આ સાત રાજ્યાંગોથી સમૃદ્ધ રાજ્યનો પરિત્યાગ કરીને **पव्वए–प्राव्राजीत्** દીક્ષા અંગિકાર કરી.

વિજય રાજાની કથા આ પ્રકારની છે—

દ્વારકા નગરીમાં બારમાં તીર્થંકર વાસુપૂજ્યના શાસનમાં બ્રહ્મરાજ નામના

એક રાજા હતા. એની પટરાણીનું નામ સુભદ્રા હતું. તેમની કૂખેથી દ્વિપૃષ્ટ અને વિજય નામના બે પુત્રો થયા, તેમાં દ્વિપૃષ્ટ વાસુદેવ હતા. અને વિજય બળદેવ હતા. વિજય બળદેવનું આયુષ્ય પંચોતેરલાખ વર્ષનું હતું. દ્વિપૃષ્ટ વાસુદેવ જ્યારે મૃત્યુ પામ્યા ત્યારે વિજય બળદેવે દીક્ષા ધારણ કરી. અને શ્રામણ્ય પર્યાયની સમ્યક્ પાલનાથી કેવળજ્ઞાન પ્રાપ્ત કરી પંચોતેર લાખ વર્ષ પ્રમાણ પોતાનું સઘળું આયુષ્ય પૂર્ણ કરીને અંતે મોક્ષની પ્રાપ્તિ કરી. દ્વિપૃષ્ટનું આયુષ્ય પંચોતેર લાખ વર્ષનું હતું. એ બન્નેના શરીરની ઉંચાઈ સાત સાત ધનુષ્યની હતી. ॥ ૫૦ ॥

महाबलराज की कथा

तथा—"तहेवुग्गं" इत्यादि.

अन्वयार्थ—**तहेव**—तथैव આજ પ્રમાણે **महब्बलो रायरिसी**—महाबलः राजऋषिः મહાબલ નામના રાજર્ષિએ **सिरिं सिरसा आदाय**—श्रीयं शिरसा आदाय શ્રીને પોતાના મસ્તક ઉપર ઘણાજ આદર ભાવ સાથે ધારણ કરી **अव्वक्खित्तेण चेयसा**—अव्याक्षिप्तेन चेतसा ચંચલતા વર્જીત ચિત્તની એકાગ્રતાથી **उग्गं तवं किच्चा**—उग्रं तपः कृत्वा ઉગ્ર તપસ્યા કરીને ત્રીજા ભવમાં મુક્તિનો લાભ કરેલ છે. મહાબલની કથા આ પ્રકારની છે—

ભરત ક્ષેત્રની અંદર આવેલા હસ્તિનાપુર નગરમાં આગળ અતુલ એવા બળશાળી એક બલ નામના રાજા હતા તેની સ્ત્રીનું નામ પ્રભાવતી હતું. તે એક દિવસ પોતાની સુકોમળ શૈયા ઉપર રાત્રે સૂતી હતી ત્યારે તેણે સ્વપ્નામાં એક સિંહને જોયો. સવારની ક્રિયાઓથી નિવૃત્ત થઈને તે પોતાના પતિની પાસે પહોંચી અને રાત્રીમાં જોયેલા સ્વપ્નની વાત કહીને તે સ્વપ્નના ફળને પૂછયું. રાજાએ સ્વપ્નના ફળને એ પ્રમાણે કહ્યું, દેવી! જે પ્રમાણે સિંહ મૃગ આદિ પશુઓને જીતીને વનનું રાજ કરે છે. આ પ્રમાણે તમારી કૂખે ઉત્પન્ન થનાર પુત્ર પણ શત્રુઓને પરાસ્ત કરી સર્વોપરી બનીને નિષ્કંટ રાજ કરશે. આ પ્રકારનાં પતિના મીઠા વચનોને સાંભળીને પ્રભાવતી રાણી પોતાના ગર્ભનું ઘણાજ આનંદની સાથે રક્ષણ કરવા લાગી. ગર્ભની પુષ્ટી થતાં થતાં જ્યારે નવ માસ સાડાસાત દિવસ પૂરા થયા ત્યારે પ્રભાવતીએ પ્રસૂતિના સમયે શુભ લક્ષણ યુકત એવા એક પુત્રનો જન્મ આપ્યો. રાજાએ ઘણાજ સમારોહ સાથે પુત્ર જન્મનો ઉત્સવ ઉજવ્યો. પુત્રનું નામ મહાબલ રાખવામાં આવ્યું. લાલન પાલન માટે રાજાએ પાંચ ધાવની દેખરેખ નીચે મહાબળને રાખ્યો. ધાવ માતાઓ તરફથી ઘણાજ પ્રેમપૂર્વક તેનું લાલન પાલન કરવામાં આવ્યું, વધતાં વધતાં મહાબલ ક્રમશઃ યુવાવસ્થાએ પહોંચ્યો. એ સમય દરમ્યાન તેણે કલાચાર્યો પાસેથી વિવિધ પ્રકારની કળાઓ શીખી લીધી. આ રીતે જ્યારે મહાબલ સઘળી રીતે યોગ્ય થયો ત્યારે માતા પિતાએ જૂદા જૂદા રાજયોની આઠ કન્યાઓ સાથે તેનું

લગ્ન કર્યું. કન્યાઓના માતાપિતાએ તેમને એટલું દહેજ આપ્યું કે જે તેની સાત પેઢી સુધી પહોંચી શકે. પોતાની એ આઠ સ્ત્રિઓ સાથે મહાબલ સાંસારિક સુખોને ભોગવી પોતાનો સમય વ્યતીત કરવા લાગ્યો. એક સમયે નગરમાં પાંચસો મુનિઓની સાથે ધર્મઘોષ નામના આચાર્ય મહારાજ પધાર્યા. જેઓ વિમલનાથ પ્રભુના વંશજ હતા. આચાર્ય મહારાજનું આગમન સાંભળીને પ્રસન્ન ચિત્તથી મહાબલ તેમને વંદના કરવા ગયો. આચાર્યશ્રી પાંચસો મુનિઓની સાથે જ્યાં રોકાયેલ હતા એ સ્થળે પહોંચીને મહાબલે તેમને વંદના કરી, તેમ જ તેમના મુખારવિંદથી ધર્મદેશનાનું જ્યારે પાન કર્યું કે કર્મબળની વિશુદ્ધિ કરવાવાળા આ ધર્મદેશનાના પ્રભાવથી મંદભાગ્ય પ્રાણીઓને દુર્લભ એવો વૈરાગ્યભાવ તેનામાં જાગૃત થયો. વૈરાગ્યભાવ જાગૃત થવાથી મહાબલે આચાર્ય મહારાજને નમસ્કાર કરી નિવેદન કર્યું કે પ્રભુ! આપે આપેલો ધર્મનો ઉપદેશ મને રૂચ્યો છે. આથી હું મારા માતાપિતાની આજ્ઞા લઇને પાછો ફરું ત્યાં સુધી આપ કૃપા કરી અહીંયાં બિરાજી રહો. મહાબલની આ પ્રકારની વાત સાંભળીને આચાર્ય મહારાંજે કહ્યું–ઠીક છે. તમારા જેવા ભાગ્યશાળીઓ માટે એ ઉચિત જ છે. પરંતુ વત્સ! આવા શુભ કાર્યમાં કાળક્ષેપ ન કરવો જોઇએ. આ પ્રકારની આચાર્ય મહારાજની અનુમતી મળતાં મહાબળ પોતાના નિવાસ સ્થાને ગયો અને ત્યાં પહોંચીને માતાપિતાને નમસ્કાર કરી કહેવા લાગ્યો– હે તાત! હે માતા! આજે મેં શ્રી ધર્મઘોષ આચાર્યની પાસેથી ધર્મદેશનાનું પાન કરેલ છે. અને સાંભળતાંજ મારૂં અંતઃકરણ આ સંસારથી ભયભીત બની ગયેલ છે. મારી ઇચ્છા છે કે હું આપની આજ્ઞાથી તેમની પાસે દીક્ષા અંગીકાર કરૂં. એ પૂછવા માટે જ હું આપની પાસે આવેલ છું. આપ મને આ વિષયમાં આજ્ઞા આપીને કૃતાર્થ કરો એવી સંપૂર્ણ આશા છે, ભલા સંસારમ એવો કયો પ્રાણી હશે કે જે સંસારસમુદ્રમાં ડૂબતો હોય ત્યારે નાવ મળી જતાં તેનો અશ્રય ગ્રહણ ન કરે? આ પ્રકારનાં પુત્રનાં વચન સાંભળીને તેની માતા પ્રભાવતી એ સમયે મૂર્ચ્છિત થઇને પડી ગઇ. શીતલોપચારથો જ્યારે તે સ્વસ્થ થઈ ત્યારે રોતાં રોતાં પુત્રને આ પ્રમાણે કહેવા લાગી.–બેટા! હું તમારા વિયોગને જરા સરખોએ સહન કરી શકીશ નહીં. આથી જ્યાંસુધી અમો જીવીત છીએ ત્યાં સુધી તમો અમારી આંખો સામે રહો. પછીથી દીક્ષા અંગીકાર કરજો. માતાનાં આવાં પ્રેમભર્યાં વચનોને સાંભળીને મહાબળે તેમને કહ્યું–હે જનની! શું તમો જાણતાં નથી કે, આ સંસારના જેટલા પણ સંયોગ છે એ સઘળા સ્વપ્ન જેવા છે, તથા જીવન પણ ઘાસ ઉપર ચોંટેલા ઝાકળના બિંદુની માફક ચંચલ છે. જ્યારે આ પ્રકારની અહીં સ્થિતિ છે ત્યારે પછી એ કોણ જાણી શકે કે, પહેલાં કોણ મરી જવાનું છે, અને પછીથી કોણ મરવાનું છે. આ કારણે મમતાનો પરિત્યાગ કરી આજે જ આજ્ઞા આપો કે જેથી હું દીક્ષા ધારણ કરી મારા બાકીના જીવનને સફળ બનાવી શકું મહાબળની આ પ્રકારની વાત સાંભળીને તેની માતાએ ફરીથી તેને કહ્યું–વત્સ! આ તારૂં શરીર ખૂબ જ સુકુમાર છે. અને દીક્ષામાં તો અનેક પ્રકારના પરીષહ તથા ઉપસર્ગોનો સામનો કરવો પડે છે. આવી સુકુમાર કાયાથી

તું. એને કઇ રીતે સહન કરી શકીશ ? આ કારણે એજ ઉચિત છે કે, હમણાં તો તું ઘરમાં રહીને સુખોને ભોગવ. પછી વૃદ્ધાવસ્થામાં દીક્ષા લઇ લેજે. માતાની આવા પ્રકારની વાતને સાંભળીને કુમારે કહ્યું–હે માતા ! આ શરીર અશુચિથી ભરેલું તથા મળથી મલીન છે. રોગોનું આ ઘર છે. એથી કારાગારના જેવા અસાર આ શરીરમાં મનુષ્યોને સુખદાયી એવી કઈ વસ્તુ છે ? જ્ઞાનીઓનો તો એજ આદેશ છે કે, જ્યાં સુધી શરીરમાં સામર્થ્ય હોય છે ત્યાં સુધી જ વ્રતોની આરાધના થઇ શકે છે. બુઢાપામાં એવી આરાધના થઈ શકતી નથી. કારણ કે, એવી અવસ્થામાં જ્યારે શરીર સામર્થ્ય વગરનું બની જાય છે. આથી એ અવસ્થામાં વ્રતોનું પાલન મહામુશ્કેલીથી થાય છે. આ પ્રકારનું કહેવાનું સાંભળીને માતાએ તેની સામે ભોગોને ભોગવવાનું પ્રલોભન રજુ કરતાં કહ્યું–પુત્ર ! રમણી ગુણોથી વિભૂષિત એવી એ આઠ કુળવધૂઓની સાથે હમણાં તો તમો ભોગોને ભોગવો. આ સમયે તમારે દીક્ષાથી શું કામ છે ?

કુમારે એના પ્રત્યુત્તરમાં કહ્યું–માતા ! આ વિષ જેવા વિષયોથી મને હવે કાંઈ કામ રહ્યું નથી. એ તો મને આ સમયે દુઃખને આપનાર અને બાલ અજ્ઞાનીના જેવા જ દેખાઈ રહેલ છે. એમાં દુઃખના બંધન સીવાય બીજું કાંઈ જીવોના ફાળે આવતું નથી. કોણ એવો ભાગ્યહીન હશે કે, જે આ મનુષ્ય જન્મને કોડીની પ્રાપ્તિના માટે રત્નની માફક ભોગોની પ્રાપ્તિના નિમિત્ત નષ્ટ–ભ્રષ્ટ બનાવી દેશે ? હે માતા ! કદાચ તમે એવું કહો કે, દીક્ષાથી શું લાભ છે ? કમાગત આ દ્રવ્ય સમૂહ તમારા પુણ્યનું ફળ છે, જે તમારી સામે ઉપસ્થિત છે. એને બતાવવાની જરૂરત નથી. આથી એને ભોગવીને આનંદ કરો. વ્યર્થ તપસ્યાના ચક્કરમાં શા માટે પડો છો ? તો હે માતા ! એમ કહેવું પણ ઉચિત નથી. કેમકે, જે ધન આપણને પુણ્યના ફળ રૂપમાં મળેલ છે તે આજ રૂપમાં સદા કાયમને માટે બન્યું રહેશે એ માની શકાતું નથી. કેમકે, દ્રવ્યનો નાશ થવાના ઘણા રસ્તા છે. ચોર લોકો એને ચોરી જાય છે, કુટુંબીજનોમાં એના ભાગ પડી જાય છે, રાજા એને આંચકી લ્યે છે, તથા અગ્નિથી એનો ક્ષણભરમાં વિનાશ પણ થઇ જાય છે. આથી આ ક્ષણભંગુર એવા દ્રવ્યને ભોગવવાનું પ્રલોભન બનાવવું એ હે માતા ! કોઇ રીતે ઉચિત માની શકાતું. નથી. ધર્મના સેવનથી જે પ્રકારની જીવને પરલોકમાં સુખની પ્રાપ્તિ થાય છે. તથા ધર્મ જીવની સાથે જે રીતે પરલોકમાં જઇ શકે છે. એ રીતે ધન કાંઈ પણ ઉપયોગી બનતું નથી. આથી ધર્મની સામે ધનની કાંઇ પણ કીંમત નથી. તેમ ધનથી જીવને અનંત શિવસુખ પણ મળતું નથી એતો ધર્મના સેવનથી જ મળે છે. આથી જો વિચાર કરીને જોવામાં આવે તો ધર્મ એજ સર્વોત્તમ ધન છે. આ અચેતન દ્રવ્ય ધન નથી. એ તો એક પ્રકારની વિટંબણા જ છે.

પુત્રની આવી વાતો સાંભળીને માતાએ કહ્યું–બેટા ! જીન વ્રતોની આરાધના સુલભ નથી. એતો અગ્નિની જ્વાળાઓના આસ્વાદ જેવી દુષ્કર છે. એવા દુષ્કર વ્રતોને બેટા! આ સુકુમાર શરીરથી કઇ રીતે તમો પાળી શકશો ?

માતાની આ પ્રકારની વાતને સાંભળીને કુમારને થોડું હસવું આવ્યું. તેણે

કહ્યું–હે માતા! આ તમો શું કહી રહ્યાં છો? વ્રતોને દુષ્કર તો કાયર જનો જ માને છે. ધીર મનુષ્યો તો પ્રાણોને પણ અર્પણ કરીને વ્રતોનું પાલન કરતા હોય છે. જેઓ એ વાતને ચાહતા હોય, છે કે, અમારો પરલોક સુંદર તેમજ મૌલિક બને તે વ્રતોને દુષ્કર સમજતા નથી. આ માટે હે પૂજ્ય માતાજી! આપ મને વ્રતોથી આરાધના કરવા માટે છુટો મૂકી દો. સજ્જનોનું એ કામ છે કે, તેઓ ધર્મ કરવામાં ઉત્સાહિત બનેલા એવા બીજા માણસને પણ સહાયતા પહોંચાડે છે, તો પછી હું તો તમારો પુત્ર છું. મને આ વિષયમાં સહાયતા કરવી એ આપનું સ્વાભાવિક કર્તવ્ય છે. આ માટે આપ મને પ્રેમથી વ્રતોનું પાલન કરવાની સંમતિ પ્રદાન કરો. આવી આપને મારી પ્રાર્થના છે.

પુત્રનો આ પ્રકારનો દૃઢ નિશ્ચય જાણીને તથા વૈરાગ્યથી તેને પાછો વાળવાનું પોતાનામાં અસામર્થ્ય જોઈને માતાપિતાએ એ તત્વજ્ઞને ઘણી મુશ્કેલીથી વ્રતોની આરાધના કરવાની શુભ સંમતિ આપી:

જ્યારે તે દીક્ષા લેવા માટે ઘેરથી નીકળીને ધર્મઘોષ આચાર્ય પાસે જવા તૈયાર થયા ત્યારે રાજાએ ઘણા જ ઠાઠથી તેને વિદાય આપવાનો સમારંભ રચ્યો. આમાં સહુ પ્રથમ રાજાએ પોતાના હાથે પવિત્ર જળથી તેને સ્નાન કરાવ્યું, અને ચંદ્રની ચાંદનીની માફક ચંદનપંકથી એના શરીરને સારી રીતે લેપન કર્યું. પછીથી દૂધના ફીણ જેવાં ઉજળાં બે વસ્ત્રને ધારણ કરવાવાળા મહાબલ કુમારના શરીર ઉપર તેમણે દેદીપ્યમાન માણેકનાં આભૂષણો પહેરાવ્યાં આ પ્રમાણે કુમારને તૈયાર કરી પાલખીમાં તેને લાવીને બેસાડી દીધા. તે સમયે નોકરોએ તેના ઉપર સફેદછત્ર ધર્યું. ચામર ઢોળવાવાળાઓએ તેના ઉપર કલ્લોલ જેવા ચંચળ ચામરોને ઢોળવાનો પ્રારંભ કર્યો. કુમાર એ શિબિકા–પાલખીમાં બેસીને આગળ વધવા લાગ્યાં પાછળ ચતુરંગ બળ સાથે બળરાજા પ્રભાવતી સાથે ચાલવા લાગ્યા. કહે છે કે, એ સમયે ભેરીના તથા વાદ્યોના જે શબ્દો નીકળતા હતા તે મેઘ ગર્જનાનું અનુકરણ કરતા હતા. આથી એને સાંભળીને ક્રીડા મયૂરોએ અકાળે જ નૃત્ય કરવાનો આરંભ કરી દીધો હતો. તથા "ધન્ય છે તેને કે જેણે યુવાવસ્થામાં પણ રાજ્ય લક્ષ્મીનો પરિત્યાગ કરી આ દીક્ષા લેવા જઇ રહેલ છે ઘણો જ એ ભાગ્યશાળી છે" આ પ્રકારની પુરવાસી જનો એની સ્તુતિ કરવા લાગી ગયા કુમારે પાલખીમાં બેસતાં પહેલાં યાચક જનોને ચિંતામણી જેવા બનીને ખૂબ દાન આપવા માંડયું આ પ્રમાણે ઠાઠમાઠની સ થે ધર્મઘોષ આચાર્યના ચરણોથી પવિત્ર થયેલા એ ઉદ્યાનમાં આવી પહોંચતાં જ તે પાલખીમાંથી નીચે ઉતર્યા અને માતા પિતાને આગળ કરીને તે ધર્મ ઘોષ આચાર્યની પાસે પહોંચ્યા. આચાર્ય મહારાજને વંદના કરીને બલરાજા અને પ્રભાવતી રાણીએ આ પ્રમાણે કહ્યું-ભદન્ત! આ અમારો પ્રિય પુત્ર મહાબલ કુમાર વિરકત બનીને આપની પાસે દીક્ષા લેવા ચાહે છે. આ માટે અમો એને આજ્ઞા આપી ચૂકયાં છીએ. આથી આપ એને દીક્ષા આપો. રાજા અને રાણીની આ વાતને સાંભળીને આચાર્યશ્રીએ એનો સ્વીકાર કર્યો.

પછીથી મહાબલ કુમારે ઈશાન દિશા તરફ જઈને વિકારોની માફક સઘળા અલંકારોને શરીર ઉપરથી ઉતારી નાખ્યા. મહાબલે ઉતારેલા એ આભૂષણોને તેની માતા પ્રભાવતીએ જ્યારે પોતાના ખોળામાં લીધાં ત્યારે તેની આંખોમાંથી એકદમ મોતીની તૂટેલી માળાથી વિખરેલાં મોતીઓની જેમ ટપક ટપક આંસુ પડવા લાગ્યાં. ધૈર્ય ધારણ કરીને તેણે મહાબલને કહ્યું કે, હે વત્સ ! તમો ધર્મકાર્યમાં કદી પણ પ્રમાદી બનશો નહીં. સાચા મિત્રનાં વચનોની માફક ગુરૂદેવનાં વચનોનો સદા સર્વદા આદર કરજો અને એમના કહ્યા મુજબ ચાલજો. આ પ્રકારે મહાબલને સમજાવીને રાણી પ્રભાવતી પોતાના પતિની સાથે આચાર્યશ્રીને વંદન કરીને રાજભવન તરફ પાછી વળી. મહાબલે પંચમુષ્ટિ લોચ કર્યા પછી આચાર્ય મહારાજને નમન કરીને આ પ્રમાણે નિવેદન કર્યું. ભદન્ત ! સંસાર સાગરમાં ડૂબવાવાળા મને તેમાંથી પાર ઉતરવા માટે દીક્ષારૂપી નાવનો સહારો આપો. આ પ્રકારે મહાબલે નિવેદન કરવ થી આચાર્ય મહારાજે તેને દીક્ષા આપી દીક્ષિત થઈને મહાબલ મુનીરાજે ઘોર એવું તપ તપીને ચૌદ પૂર્વોનો અભ્યાસ કર્યો. આ પ્રમાણે અતિ ઉગ્ર એવી તપસ્યા કરતાં કરતાં મહાબલ મુનિરાજે બાર વર્ષ સુધી નિર્વિઘ્ન રીતે સાધુના આચારનું પાલન કર્યું. પછીથી અંતમાં એક માસનું અનશન કરીને તેઓએ કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને સિદ્ધગતિને પ્રાપ્ત કરી. ॥ ૫૧ ॥

આ પ્રમાણે ક્ષત્રિય રાજર્ષિએ મહાપુરૂષોના દૃષ્ટાંતો દ્વારા જ્ઞાનપૂર્વક ક્રિયાના ફળને પ્રગટ કરીને પછી શું કહ્યું, તે આ ગાથા દ્વારા કહેવામાં આવે છે— "कहं धीरे" ઇત્યાદિ !

અન્વયાર્થ—**धीरे–धीरः** પ્રજ્ઞા સંપન્ન થઈને પણ જે **उम्मत्तोव्व–उन्मत्तइव** ઉન્મત્તની માફક **अहेऊहिं–अहेतुभिः** ખોટી ખોટી યુક્તિઓ દ્વારા તત્વોનો અપલાપ કરે છે અને નિરર્થક બકતા રહે છે તે સાધુ **महिं कहंचरे–महीं कथं चरेत्** પૃથ્વી ઉપર નિર્વિઘ્ને કઈ રીતે વિહાર કરી શકે ? અર્થાત્ કરી શકતા નથી **ए ए–एते** એ પૂર્વોકત ભરત આદિએ **विसेसमादाय–विशेषम् आदाय** મિથ્યા દર્શનનો ત્યાગ કરી જૈન દર્શનની વિશિષ્ટતા જાણીને **सुरा–शूराः** સંયમને ગ્રહણ કરવ માં શૂરવીરતા ધારણ કરીને તેનું પરિપાલન કરવામાં **दढ परक्कमा–दृढ पराक्रमाः** દૃઢ પ્રરાક્રમશાળી બનેલ છે. ॥ ૫૨ ॥

વળી પણ— "अच्चंत" ઇત્યાદિ.

અન્વયાર્થ— **अच्चंत नियाणक्खमा–अत्यंतनिदानक्षमाः** કર્મબળનું શોધન કરવામાં ઘણા જ સમર્થ અથવા સમિચીન હેતુઓથી યુક્ત " જીન શાસન જ આશ્રય કરવા યોગ્ય છે " એવી આ **सच्चावाई–सत्यावाग्** સત્ય વાણી જ **मे भासिया–मया भाषिता** મેં કહેલ છે. તો આ વાણીનો સ્વીકાર કરીને જ પહેલાં આ સંસાર સાગરથી ઘણા પ્રાણીઓ **अतरिंसु–अतरन्** પાર થયા છે. **एगे–एके** કેટલાક આજે પણ **तरंति-तरन्ति** પાર થઈ રહ્યા છે, અને **अणागया–अनागताः** કેટલાક ભાગ્યશાળી પુરૂષ **तरिस्संति–तरिष्यन्ति** ભવિષ્યમાં પાર થશે. ॥ ૫૩ ॥

અતઃ—"कहं धीरे" ઇત્યાદિ.

અન્વયાર્થ—**धीरे–धीरः** જે પ્રજ્ઞાશાળી આત્મા છે તે **अहेऊहिं–अहेतुभिः**

મિથ્યાત્વના કારણભૂત ક્રિયાવાદી આદી દ્વારા કલ્પિત કુહેતુઓથી **अत्ताणं कहं परियावसे–आत्मानं कथं पर्यावासयेत्** પોતે પોતાને કઇ રીતે ભાવિત કરી શકે છે ?–કદી નહીં. આ કારણે આથી એવો આત્મા**सव्वसंगविणिम्मुक्को–सर्वसंगविनिर्मुक्तः** સર્વ સંગથી દ્રવ્યની અપેક્ષા ધનાદિકના પરિગ્રહથી તથા ભાવની આપેક્ષા મિથ્યાત્વરૂપ આ ક્રિયાવાદ આદિકોથી રહીત બનીને **नीरए–नीरजा** કર્મરજથી રહીત બની જાય છે. અને **सिद्धे भवइ–सिद्धो भवति** અંતે તે સિદ્ધ બની જાય છે. આ ગાથા દ્વારા સૂત્રકારે અહેતુ પરિહારનું ફળ કર્મમળ આદિથી રહિત થઇને આત્માને સિદ્ધત્વરૂપ ફળની પ્રાપ્તિ થવાનું બતાવેલ છે. **त्ति बेमि–इति ब्रवीमि** આ પદોનો અર્થ આગળના અધ્યયનમાં કહેવાઇ ગયેલ છે. ॥ ૫૫ ॥

શ્રી ઉત્તરાધ્યન સૂત્રના અઢારમા અધ્યયનનો આ ગુજરાતી
ભાષા અનુવાદ સંપૂર્ણ થયો. ॥ ૧૮ ॥



ઉન્નીસવેં અધ્યયન કા પ્રારંભ ઔર ઉસ કી અવતરણિકા

ઓગણીસમા અધ્યયનનો પ્રારંભ—

અઢારમું અધ્યયન આગળ કહેવાઇ ગયું, હવે ઓગણીસમા અધ્યયનનો પ્રારંભ થાય છે. આ ઓગણીસમા અધ્યયનનું નામ મૃગાપુત્રક છે. આ અધ્યયનનો સંબંધ આગલા અઢારમા અધ્યયનની સાથે આ પ્રકારનો છે.–ત્યાં ભોગ ઋદ્ધિનો ત્યાગ બતાવતાં એવું કહેવામાં આવેલ છે કે, શ્રામણ્ય આ ભોગ ઋદ્ધિના ત્યાગથી જ મેળવી શકાય છે, વળી આ ત્યાગમાં જે પ્રશસ્યતા–અતિપ્રશસ્તપણું આવે છે તે રોગાદિ અવસ્થામાં ચિકિત્સા ન કરાવવા રૂપ અપ્રતિકર્મતાથી આવે છે, માટે જ આ અધ્યયનમાં એ જ અપ્રતિકર્મતાનું કથન મૃગાપુત્રનો અધિકાર લઇને કરવામાં આવે છે આ કારણે અહીં મૃગાપુત્રના ચારિત્રને કહે છે—**"सुग्गिवे"** ઇત્યાદિ !

અન્વયાર્થ—**काणणुज्जाणसोहिये**—કાનનોદ્યાનશોભિતે વન અને ઉદ્યાનથી સુશોભિત **सुग्गीवे**—સુગ્રીવે સુગ્રીવ નામના **रम्मे नयरे**—રમ્યે નગરે મનોરમ્ય નગરમાં **बलभद्दोत्तिराया**—બલભદ્ર ઇતિરાજા બલભદ્ર નામનો એક રાજા હતો **तस्सग्गमहिसी**—તસ્ય અગ્રમહિષી તેની પટરાણીનું નામ **मिया**—મૃગા મૃગા હતું. ॥ ૧ ॥

"**तेसिं**" ઇત્યાદિ!

અન્વયાર્થ—**तेसिं**—તયોઃ તેનો **पुत्ते**—પુત્રઃ પુત્ર **बलसिरि**—બલશ્રી બલશ્રી નામનો હતો, કે જે લોકોમાં **मियापुत्तेत्ति विस्सुए**—મૃગા પુત્ર ઇતિ વિશ્રુતઃ મૃગા પુત્રના નામથી જાણીતો હતો. એ મૃગાપુત્ર **अम्मा पिऊण**—અમ્બાપિત્રોઃ માતા પિતાને **दयिए**—**दयितः** અત્યંત પ્રિય લાડીલો હતો. માતા પિતાએ એને **जुवराया**—**युवराजः** યુવરાજપદે સ્થાપિત કર્યો. **दमीसरे**—**दमीश्वरः** જન્મથીજ એ ઇન્દ્રિયોનું ખૂબ જ દમન કરનાર હોવાથી લોકો તેને દમીશ્વર પણ કહેતા હતા. ॥ ૨ ॥

"**नंदणे**" ઇત્યાદિ!

અન્વયાર્થ—**मुइयमाणसे**—**मुदितमानसः** પ્રસન્નચિત્ત બનીને એ યુવરાજ **नंदणे पासाए**—**नन्दने प्रासादे** નન્દન નામના રાજમહેલમાં **दोगुंदगे देवेव्व**—**दोगुन्दुक देवइव** ત્રાયસ્ત્રિંશ દેવની માફક **इत्थिहिं सह कीलए**—**स्त्रिभिः सह नित्यं क्रीडति** સ્ત્રિઓની સાથે નિત્ય ક્રીડા કરતો હતો. ॥ ૩ ॥

"**मणिरयण**" ઇત્યાદિ!

અન્વયાર્થ—એક દિવસની વાત છે કે, મૃગાપુત્ર **मणिरयणकुट्टिमतले**—**मणिरत्नकुट्टिमतले** ચંદ્રકાન્ત આદિ મણીઓથી અને અને કર્કેતન આદિ રત્નોથી મઢવામાં આવેલ ભૂમિવાળા **पासायालोयणे**—**प्रासादालोकने** મહેલની અટારીમાં **ठिओ**—**स्थितः** બેસીને પોતાના **नयरस्स चउक्कतिगचच्चरे**—**नगरस्य चतुष्कत्रिक चत्वराणि** નગરના જૂદાજૂદા ચોક તેમ જ બજારોને, ચાર રસ્તા, ત્રણ રસ્તા જ્યાં મળતા હતા એવા સ્થળોનું **आलोएइ**—**आलोकयति** અવલોકન કરી રહેલ હતો. ॥ ૪ ॥

એ સમયે શું બન્યું તેને કહે છે—"**अह**" ઇત્યાદિ!

અન્વયાર્થ—**अह**—**अथ** આ સઘળું જોયા પછી તેણે **तवनियमसंजमधरं**—**तपो नियमसंजमधरम्** અનશન આદિ બાર પ્રકારના તપોને આચરવાવાળા તથા સાવદ્ય વિરમણરૂપ સત્તર પ્રકારના સંયમને ધારણ કરવાવાળા, તથા **सीलड्ढं**—**शीलाढयम्** અઢાર હજાર **शीलाग रथने** ધારણ કરવાવાળા, એજ કારણથી **गुणआगरम्**—**गुणाकरम्** જ્ઞાનાદિક ગુણોની ઉંડી ખાણ સ્વરૂપ એવા **समणसंजयं**—**श्रमणसंयतम्** શ્રમણ સંયતને અર્થાત્ પરીષહ ઉપસર્ગોને સહન કરવાવાળા હોવાથી શ્રમણ, વાયુકાયના રક્ષણને માટે મોઢા ઉપર દોરા સહિત મુખવસ્ત્રિકા બાંધેલ હોવાથી સંયત એવા મુનિને **तत्थ**—**तत्र** **चतुष्क, त्रिक,** અને **चत्वर** પર **आइच्छंते**—**अतिक्रामन्तम्** આવતાં તેણે **पासइ**—**पश्यति** જોયા. ॥ ૫ ॥

"तं पासइ" ઇત્યાદિ !

અન્વયાર્થ—**मियापुत्ते–मृगापुत्रः** મૃગા પુત્રે **अनिमेसाए दिट्ठीए–अनिमेषया दृष्ट्या** અનિમેષ દૃષ્ટિથી **त पासइ–तं पश्यति** એ સંયતને જોયા અને વિચાર કર્યો કે, **मन्ने–मन्ये** મને લાગે છે કે, **मए–मया** મેં **इरिसं रूवं–इदृशं रूपम्** આવું સ્વરૂપ–વેષ **पुरा–पुरा** પહેલાં **दिट्ठपूव्वं–दृष्टपूर्वम्** કોઇક સ્થળે જોયું છે. ॥ ૬ ॥

"साहुस्स" ઇત્યાદિ !

અન્વયાર્થ—**साहुस्स दरिसणे–साधोर्दर्शने** સાધુને જોતાંજ **मोहंगयस्स–मोहंगतस्य** "આવું રૂપ-વેષ મેં કયાંક જોયેલ છે." આ પ્રકારનો વિચાર કરતાં કરતાં તેને મૂર્ચ્છા આવી ગઈ **संतस्स–सतः** સન્જ એવા એ **मियापुत्तस्स–मृगापुत्रस्य** મૃગા પુત્રને **सोहणे अज्झवसाणम्मि–शोभने अध्यवस्तने** क्षायोपशमिक ભાવવર્તી અંતઃકરણ પરિણામ થવાથી તેને **जाइसरणं समुप्पन्नं–जातिस्मरणं समुत्पन्नं** જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તેનો ભાવ આ પ્રકારનો છે સહુ પ્રથમ મૃગાપુત્રે મોઢા ઉપર સદૈ રકમુખવસ્ત્રિકા ધારણ કરેલા મુનિને આવતાં જોયા તેમને જોતાં જ તેના આત્મામાં સમ્યક્ પરિણામ ઉદ્ભવ્યું. એનાથી "મેં આવું રૂપ કયાંક પહેલા જોયેલ છે" એવી વીચારસરણીએ ચઢયો વિચારે ચઢતાં મૂર્ચ્છાની પરિણતિ થઇ અને પરિણામે તેને જાતિ સ્મરણ જ્ઞાન થયું. ॥ ૭ ॥

"जाइ सरणे" ઇત્યાદિ,

અન્વયાર્થ—**जाइसरणे समुप्पन्ने–जातिस्मरणे समुत्पन्ने** જાતિ સ્મરણ નામનું મતિજ્ઞાન થવાથી **महद्धिए मियापुत्ते–महर्द्धिकः मृगापुत्रः** રાજ્ય લક્ષ્મીરૂપ મોટી રિદ્ધિ સંપન્ન મૃગાપુત્રને **पोराणिय जाइं–पौराणिकं जातिं** પોતાના પૂર્વજન્મની સ્મૃતિ થઈ **तथा पुराकयं सामण्णं च–पुराकृतं श्रमण्यं च** પૂર્વભવમાં પોત પાળેલા ચારિત્રની **सरइ–स्मरति** તેને સ્મૃતિ થઈ આવી ॥ ૮ ॥

જાતિસ્મરણ જ્ઞાનથવાથી મૃગાપુત્રે જે કર્યું તેને કહે છે—" **विसएसु** " ઇત્યાદિ.

અન્વયાર્થ—**विसएसु–विषयेषु** વિષયોથી **अरज्जतो–अरज्यन्** વિરક્ત બનીને તેમજ **संजमम्मि य रज्जंतो–संयमे च रज्यन्** સત્તર પ્રકારના સંયમમાં આત્મ પરિણતીને અનુરક્ત કરી મૃગપુત્રે **अम्मापियरं उवागम्म–अम्बापितरौ उपगम्य** માતા પિતાની પાસે આવીને **इमं वयणमब्बवी–इदं वचनं अब्रवीत्** આ પ્રકારથી કહ્યું—

ભાવાર્થ—પૂર્વભવની યાદ આવવાથી મૃગાપુત્રને મનોજ્ઞ શબ્દાદિક વિષયોની તરફ ચિત્તમાં વિરકતી આવી ગઇ. અને સંયમના તરફ અનુરાગભાવ વધી ગયો આથી તે માતાપિતાની પાસે જઇને કહેવા લાગ્યો ॥ ૯ ॥

મૃગપુત્રે પોતાના માતાપિતાને જે કહ્યું તેને કહે છે—"**सुयाणिमे**" ઇત્યાદિ !

અન્વયાર્થ—**अम्मो–अम्ब** હે માતા ! **मे–मया** મેં જન્માન્તરમાં **पंचमहव्वयाणि–पञ्चमहाव्रतानि** પાંચ પ્રાણાતિપાત વિરમણ આદિક મહાવ્રતોને સાંભળેલ છે. તથા **नरएसु तिरिक्खजोणिसु दुक्खं–नरकेषु तिर्यग्योनिषु दुक्खं** નરક ગતિ અને તિર્યંચ ગતિમાં–ઉપલક્ષણથી દેવ અને મનુષ્ય ગતિમાં જે દુઃખ છે તેને પણ સાંભળેલ છે. આ માટે **महण्णवाओ निविण्णकामोम्हि–महार्णवात् निर्विण्णकामः अस्मि** આ સંસારથી હું વિરકત થઇ ગયો છું અને એ કારણે હું **पव्वजिस्सामि–प्रव्र-**

जिष्यामि દીક્ષા લેવા ચાહું છું. માટે આપ સૌ મને अणुजाणह–अनुजानीत એ માટે આજ્ઞા આપો.

ભાવાર્થ—મૃગાપુત્રે કહ્યું કે, હે માતા ! ચતુર્ગતિરૂપ આ સંસારના દુઃખો થી હું સારી રીતે પરિચિત છું. તથા તેની નિવૃત્તિના ઉપાયથી પણ પરિચિત છું. આથી મારી ઇચ્છા હવે આ સંસારમાં રહેવાની નથી. હું એમાંથી નીકળવા ઇચ્છું છું. આથી હું વિનંતી કરું છું કે, આપ લોકો આ માટે મને આજ્ઞા આપો ॥ ૧૦ ॥

માતા પિતાએ ભોગોના માટે આગ્રહ કરવાથી ભોગોનો નિષેધ કરીને મૃગાપુત્ર કહે છે—"अम्मताय" ઇત્યાદિ !

અન્વયાર્થ—अम्मताय–अम्बातातौ હે માતા પિતાજી ! विसफलोवमा–विषफलोपमाः વિષ ફળના જેવા–પ્રથમ દૃષ્ટિએ અપાત રમણીય અર્થાત ભોગવતી વખતે સારા લાગનાર પરંતુ पच्छा–पश्चात् પાછળથી कडुग विवागा–कटुकविपाकाः અનિષ્ટ ફળને આપવાવાળા એવા એ अणुबंधदुहावहा–अनुबंधदुःखावहा નિરંતર નરક નિગોદ આદિનાં દુઃખોને આપનાર भोगा–भोगाः એવા કામ ભોગો मए–मया મેં ખૂબ भुत्ता–भुक्ता ભોગવ્યા છે. હવે એ ભોગોને ભોગવવાની મારી જરાપણ ઇચ્છા થતી જ નથી.

ભાવાર્થ—વિષફળ-કિંપાક ફળ, કે જે ખાતી વખતે ખૂબજ સ્વાદિષ્ટ લાગે છે પરંતુ પરિણામે એ મીઠા ફળને આપનાર જ હોય છે. આજ પ્રમાણે ભોગવતી વખતે આનંદપ્રદ લાગનારા આ કામભોગ પણ વિપાકમાં માઠાં ફળને આપવાવાળા છે. આથી એનો પરિત્યાગ કરવાની જ મારી ઇચ્છા છે. ॥ ૧૧ ॥

છતાં પણ—"इमं" ઇત્યાદિ !

અન્વયાર્થ—इमं सरीरं अणिच्चं–इदं शरीरं अनित्यम् આ શરીર અનિત્ય, असुइं–अशुचि સ્વભાવથી અપવિત્ર અને असुइसंभवं–अशुचिसंभवम् મળમૂત્ર આદિથી ઉત્પન્ન થયેલ છે. આમાં જીવની સ્થિતિ અલ્પકાળ સુધી જ રહેવાવાળી હોય છે આ કારણે असासयावासम्–अशाश्वतावासम् આ અશાશ્વતાવાસ-અલ્પકાળ સુધીજ ટકવાવાળો વળી જન્મ, જરા, મરણ આદિ दुःक्खकेसाण भायणम्–दुःखक्लेशानाम् भाजनम् એનું તથા ધન હાની, સ્વજન વિયોગ, આદિ કલેશોનું સ્થાન છે.

ભાવાર્થ—વિષયભોગ તો ત્યારે જ સારા અને સુંદર લાગે છે કે, જ્યારે શરીરમાં શાંતિ અને આનંદ હોય પરંતુ વિચાર કરવાથી હે માતા ! એવું જાણી શકાયું –છે કે, આ શરીરમાં એવું કાંઇ પણ નથી. આ તો સ્વભાવથી જ જન્મ, જરા. અને મરણના દુઃખોથી તથા ધનહાની, અનિષ્ટ સંયોગ તેમજ ઇષ્ટ વિયોગથી સદા વ્યથિત છે જીવની તેમ શાશ્વતિક અવસ્થા પણ નથી. આ શરીર જાતે પણ અપવિત્ર અને શુક્ર તથા લોહીરૂપ અપવિત્ર કારણોથી જ ઉત્પન્ન થયેલ છે. આ પ્રમાણે નિઃસાર એવા આ શરીરમાં વિષયભોગ પોતાની સારતા કઇ રીતે પ્રાપ્ત કરી શકે છે ? ॥ ૧૨ ॥

આ માટે—"असासए" ઇત્યાદિ !

અન્વયાર્થ—असासए–अशाश्वते અનિત્ય અને पच्छा पुराय चइयव्वे–पश्चात् पुरा च त्यक्तव्ये ભોગોને ભોગવવાની અવસ્થામાં વૃદ્ધાવસ્થામાં તથા અભુકત ભોગા-

વસ્થામાં, બાલ્ય આદિ અવસ્થામાં અથવા પછીથી આયુષ્યના પૂરા થયા પછીથી, તથા પૂરા સો વર્ષના પહેલાં પણ ખરેખર **चइयव्वे–त्यक्तव्ये** ત્યજવા યોગ્ય તેમજ **फेणबुब्बुय सन्निभे–फेनबुद्बुदसन्निभे** પાણીના પરપોટા જેવા આ **सरीरंमि शरीरे** શરીરમાં **अहं रइं नोवलभाम–अहं रतिं न उपलभे** મને કોઈ જાતનો આનંદ દેખાતો નથી.

ભાવાર્થ—મૃગાપુત્રે માતા પિતાને એ પણ કહ્યું કે, જ્યારે આ શરીર પાણીના પરપોટાની જેમ જલદીથી નાશ થઈ જનાર એવું અનિત્ય છે. વળી એવો પણ કોઈ નિશ્ચય નથી કે, જીવને જેટલા આયુષ્યનો બંધ થયેલ છે તે એટલું ભોગવીને સમાપ્ત કરશે. તેના પહેલાં આ શરીરનો પરિત્યાગ કરશે નહીં. અથવા ભુક્ત ભોગાવસ્થા પછીજ તેનું મરણ થશે–અભુક્ત ભોગાવસ્થામાં નહીં. એવી સ્થિતિમાં આપજ કહો કે, આનંદ માનવા માટે અહીં જગ્યાજ કયાં છે ? ૩ ।

આ પ્રકારે ભોગ નિમંત્રણાના પરિહારને કહીને હવે મનુષ્યત્વના વૈરાગ્યના કારણને કહે છે —"**माणुसत्ते**" ઇત્યાદિ !

અન્વયાર્થ—**असारम्मि–असारे** કેળના વૃક્ષની માફક નિઃસાર તથા **वाहीरोगाणआलए–व्याधिरोगाणामालिये** કે ઢ, શૂળ આદિ વ્યાધિઓ અને જ્વર આદિ રોગોના ઘરરૂપ તથા **जरामरणघत्थम्मि–जरामरणस्तेग्र** જરા અને મરણથી ગ્રસ્ત બનેલા **माणुसत्ते–मानुषत्वे** આ મનુષ્ય ભવમાં **खणंपि अहं न रमाम–क्षणं अपि अहं न रमे** મને તો એક ક્ષણ માત્ર પણ સુખ દેખાતું નથી. ।। ૧૪ ।।

આ પ્રકારે મનુષ્ય ભવના અનુભવથી મનુષ્યત્વના વૈરાગ્યનું કારણ કહીને હવે સંસારના વૈરાગ્યનું કારણ કહે છે.—"**जम्मं**" ઇત્યાદિ !

અન્વયાર્થ—**जम्मं दुक्खं–जन्म दुःखम्** જન્મ એ દુઃખનું કારણ હોવાથી સ્વયં દુઃખરૂપ છે. **जरादुक्खं–जरा दुःखम्** જરા પણ દુઃખનું કારણ હોવાથી તે પણ દુઃખ સ્વરૂપ છે. કહ્યું પણ છે—

" गात्रं संकुचितं गतिर्विगलिता भ्रष्टा च दंन्तावलिः ।
दृष्टिर्भ्राम्यति रूपमप्युपहतं वक्त्रं च लालायते ।
वाक्यं नैव करोति बान्धवजनः पत्नी न शुश्रूषते,
धिक्कष्टं जरयाऽभिभूतपुरुषं पुत्रोप्यवज्ञायते ॥१॥ "

જુઓ જ્યારે વૃદ્ધાવસ્થાનો સમય આવે છે ત્યારે શરીરમાં કરચલીઓ પડી જાય છે. ચાલવાની સ્થિતિ બે ઢંગી બની જાય છે, દાંત પડી જાય છે, આંખોની ચમક ઘણીજ ઓછી થઇ જાય છે, રૂપ વિરૂપ થઈ જાય છે, મોઢામાંથી લાળ પડવા માંડે છે. સ્વજનો પણ આવા સમયે પાસે બેસીને સારી રીતે વાતચિત કરતા નથી.

વધારે શું કહેવામાં આવે, પોતાના જીવનની સુખદુઃખની સાથી એવી પોતાની પત્ની પણ સેવા સુશ્રૂષા કરવાનું છોડી દે છે. અરે ! વધારે તો શું પોતાનો ઔરસ -સગો પુત્ર પણ અપમાન કરવા લાગી જાય છે. આવા દુઃખો ઉપરાંત **રોગા-રોગાઃ** રોગ પણ આવી અવસ્થામાં વધારે સતાવ્યા કરે છે. આથી એ પણ દુઃખ જ છે. **મરણાણિ-મરણાનિ** મરણ પણ એક દુઃખ છે. આથી એ વાત તો નિશ્ચિત છે કે આ ચતુર્ગતિરૂપ સંસાર સંપૂર્ણ દુઃખમય જ છે. **જત્થ-યત્ર** જેમાં **જંતુણો કીસંતિ-જન્તવઃ ક્લિશ્યન્તિ** પ્રત્યેક જીવ દુઃખજ ભોગવ્યા કરે છે. અર્થાત્-આ ચતુર્ગતિરૂપ સંસાર પોતે જ એક દુઃખ છે. આમાં રહેનાર કોઈ પણ પ્રાણી સુખને પામતા નથી. આમાં જન્મ, જરા, મરણ, અને રોગ, આ સઘળાં દુઃખજ દુઃખ છે. ॥ ૧૫ ॥

છતાં પણ—"**खित्तं**" ઇત્યાદિ !

અન્વયાર્થ—**खित्तं वत्थुं हिरण्णं च पुत्तदारं च बन्धवे इमं देहं णं चइत्ता-क्षेत्रं वास्तु हिरण्यं च पुत्रदारं च बान्धवान् इमं देहं खलु त्यक्त्वा** ક્ષેત્ર, વાસ્તુ-ગૃહ, મહેલ આદિ હિરણ્ય-સુવર્ણ, પુત્ર, દારા, બાન્ધવ, આ સઘળાંને તથા આ શરીરને છોડીને **अवसस्स मे गन्तव्वम्-अवशस्य मे गन्तव्यम्** કર્માધીન બનેલ એવો હું અહીંથી જનાર છું, રહેનાર નથી. **जातस्य हि ध्रुवो मृत्युः** "-જે જન્મ્યો છે તેનું ચોક્કસ મૃત્યુ છે આ સિદ્ધાન્ત છે. માટે હે માતા પિતા ! તમે મને શા માટે આ સંસારમાં ફસાવવાની ચેષ્ટા કરો છો. મારો ઉદ્ધાર જે રીતે થઇ શકે, તેવો પ્રયત્ન કરો. ॥ ૧૬ ॥

હવે દૃષ્ટાંતની સાથે ભોગોના પરિણામને કહે છે—"**जहा**" ઇત્યદિ !

અન્વયાર્થ—**जहा किंपागफलाणं-यथा किंपाकफलानां** જે પ્રકારે ઝેરી ફળોનું **परिणामो न सुंदरो-परिणामो न सुन्दरः** પરિણામ સુંદર નથી હોતું, પરંતુ પ્રાણનો નાશ કરનાર જ હોય છે **एवं भुत्ताणभोगाणं परिणामो न सुंदरो-एवं भुक्तानां भोगानां परिणामो न सुन्दरः** એ પ્રમાણે ભોગવેલા ભોગોનું પરિણામ પણ નરક નિગોદ આદિ દુઃખોને દેવાવાળું હોવાથી સુંદર નથી હોતું ॥ ૧૭ ॥

ભોગ આદિકોની અસારતાને કહીને હવે દૃષ્ટાંતથી પોતાના આશયને પ્રગટ કરે છે—"**अद्धाणं**" ઇત્યાદિ !

અન્વયાર્થ—**जो-यो** જે પુરૂષ પોતાની સાથે **अपाहेओ-अपाथेयः** ભાતું લીધા વગર **महंतं अद्धाणं पवज्जइ-महान्तं अध्वानं प्रपद्यते** ઘણા લાંબા માર્ગે જવા માટે ઘેરથી બહાર નીકળે છે તે **गच्छंतो-गच्छन्** પોતાના જવાના સ્થાન ઉપર જ્યાંસુધી પહોંચતો નથી. ત્યાં સુધી ચાલતાં ચાલતાં વચમાં જ **छुहा तण्हाहि पीडिओ-क्षुत्-तृष्णाभ्यां पीडितः** ભૂખ અને તરસથી પીડિત થઇ **दुही होइ-दुःखी भवति** દુઃખથી વ્યથિત થાય છે. ॥૧૮॥

હવે તેને દૃષ્ટાંતિકથી સમજાવે છે —"**एवं धम्मं**" ઇત્યેાદિ !

અન્વયાર્થ—**एवं-एवं** આ પ્રકારે જે પ્રાણી **धम्मं अकाऊणं-धर्मं अकृत्वा** ધર્મને નહીં આચરતાં **परं भवं गच्छई-परं भवं गच्छति** જ્યારે પરભવ તરફ પ્રયાણ કરે છે. તે જ્યાં સુધી મુક્તિ અવસ્થાને નથી પામતો ત્યાં સુધી **गच्छंतो सो दुही होइ-गच्छन् स दुःखी भवति** આ સંસારમાં ભ્રમણ કરતાં કરતાં દરેક ગતિમાં દુઃખિત રહ્યા કરે છે. તે કયારેક **वाहिरोगेहिं पीडिए-व्याधिरोगैः पीडितः** વ્યાધિથી દુઃખિત થાય છે, તો કયારેક માનસિક ચિંતા આદિથી, અને કયારેક રોગ આદિથી,

દુઃખી રહ્યા કરે છે. દેવગતિમાં રોગ નથી તો પણ માનસિક દુઃખોથી તો દુઃખિત બનેલા રહે છે, તિર્યંચ ગતિમાં તથા મનુષ્ય ગતિમાં, વ્યાધિ અને રોગપ્રત્યક્ષ દેખાય છે. નરકોમાં દસ પ્રકારનાં વેદનાજન્ય દુઃખો શાસ્ત્રોમાં વર્ણવેલ છે ॥ ૧૯ ॥

પછી દૃષ્ટાંત કહે છે--"अद्धाणं" ઇત્યાદિ !

અન્વયાર્થ--जो-यः જે પ્રાણી सपाहिज्जो-सपाथेयः ભાતાને સાથે લઇ अद्धाणं पवज्जइ-अध्वानं प्रपद्यते લાંબા માર્ગને પાર કરે છે से-सः તે गच्छंते-गच्छन् ચાલતાં ચાલતાં કોઇ પણ સ્થળે छुहा तण्हा वि वज्जिओ-क्षुत्पिपासाविवर्जितः ભૂખ અને તરસની પિડાને ભોગવતો નથી. આ પ્રમાણે તે सुही होइ-सुखी भवति સુખ પૂર્વક પોતાના ધારેલા સ્થળે પહોંચીને આનંદ પામે છે.

ભાવાર્થ--"પાસે જો હોય ભાતું તો સફરમાં જાય ગાતું" આ કહેવત અનુસાર જે માણસ ઘેરથી ભાતું બાંધીને બીજે ગામ જવા માટે નીકળે છે તે સાથે ખાવા પીવાની જરૂરત પુરતી સાધન સામગ્રી હોવાના કારણથી તેને ખાવા પીવાની કોઈ પણ જાતની ચિંતા થતી નથી. અને પોતાના ધારેલા સ્થળે-આનંદથી માર્ગને પૂરો કરીને પહોંચી જાય છે. આ વાત તો વ્યવહારમાં સ્પષ્ટ રીતે દેખાય છે ॥ ૨૦ ॥

હવે આના ઉપર દાર્ષ્ટાંતિક કહે છે--"एवं धम्मंपि": ઇત્યાદિ !

અન્વયાર્થ--एवं-एवम् આજ રીતે जो-यः જે પ્રાણી धम्मं-धर्मम् સાવદ્ય વ્યાપારના પરિવર્જનરૂપ ધર્મ काऊणं-कृत्वा સાથે લઇને परंभवं गच्छइ-परंभवं गच्छति પરલોકમાં જાય છે सो-सः એ પરભવમાં જનાર જીવ अप्पकम्मे-अल्पकर्मा પાપકર્મ રહિત થઈને अवेयणे-अवेदनः અસાતા-વેદનરૂપ દુઃખથી રહિત બને છે. એ રીતે તે सुही होइ-सुखी भवति સુખી બને છે. સાતા વેદનરૂપ સુખને ભોગવનાર થાય છે. આ ગાથાઓ દ્વારા સૂત્રકારે ધર્મ કરવાના તથા ધર્મ ન કરવાના ગુણ અને દોષોના પ્રદર્શનથી એ વાતને પુષ્ટ કરી છે કે, ધર્મ કરવો એજ શ્રેયસ્કર છે.

ભાવાર્થ-- અસાતા વેદનનું નામ દુઃખ અને સાતા વેદનનું નામ સુખ છે. જ્યારે ધર્મની શીતલ છત્ર છાયાનો આશરો મેળવી લ્યે છે ત્યારે તે સાવદ્ય વ્યાપારો કરવાથી વિરત થઇ જાય છે આ રીતે પાપકર્મથી રહિત બનેલો એ જીવ જ્યારે પરલોકમાં જાય છે ત્યારે તેને પરલોકમાં સાતા વેદનરૂપ સુખનો જ અનુભવ થાય છે આ રીતે એ સુખી બની જાય છે. ॥ ૨૧ ॥

એજ આશયને સૂત્રકાર દૃષ્ટાંત દ્વારા દૃઢ કરે છે--"जहा" ઇત્યાદિ !

અન્વયાર્થ--जहा-यथा જેમ गेहे पलित्तंमि-गेहे प्रदीप्ते ઘરમાં આગ લાગે છે ત્યારે तस्स गेहस्स जो पहू-तस्य गेहस्य यः प्रभुः એ ઘરનો જે સ્વામી હોય છે તે सारभंडाइं नीणेइ-सारभाण्डानि निष्कासयति કીમતી વસ્ત્રાદિક તથા આભરણ આદિ કીમતી ચીજોને સૌ પ્રથમ કાઢી લે છે તથા असारं अवज्झइ-असारं अपोज्झति અસાર વસ્તુઓનો પરિત્યાગ કરી દે છે. ॥ ૨૨ ॥

હવે એનું જ દાર્ષ્ટાંતિક કહે છે.—"एवं लोए" ઇત્યાદિ !

અન્વયાર્થ--एवं-एवम् આજ રીતે जराए मरणेण-जरया मरणेन જરા અને મરણથી लोए पलित्तंमि-लोके प्रदीप्ते આ સઘળો સંસાર સળગી રહ્યો છે, તો એવી સ્થિતિવાળા આ લોકમાં હું પણ अप्पाणं-आत्मानम् મારી જાતને तुब्भेहिं अणुमन्निओ तारइस्सामि-युष्माभि अनुमतः तारयिष्यामि આપની આજ્ઞા મળતાં બહાર કાઢવા માંગુ છું.

ભાવાર્થ—બુદ્ધિમાન ઘરનો સ્વામી પ્રશંસા યોગ્ય તો એજ મનાય છે કે, જે ઘરમાં બે કાબુ આગ લાગવાથી એમાંથી પોતાની કીમતી ચીજોને બહાર કાઢી લ્યે છે અને અસાર વસ્તુઓનો પરિત્યાગ કરી દે છે. આજ પ્રમાણે આ સઘળા સંસારમાં હે માતા પિતા! વૃદ્ધાવસ્થા અને મરણની આગ લાગી રહી છે ત્યારે મોક્ષના અભિલાષીનું એજ કર્તવ્ય છે કે, તે પોતાના શરીરથી પોતાનો ઉદ્ધાર કરી લ્યે. આથી હું આપની પાસેથી આજ્ઞા માગું છું કે, આપ લોક મને આના માટે આજ્ઞા પ્રદાન કરો. હું પણ અસાર કામ ભોગાદિકોનો પરિત્યાગ કરી ધર્મની સહાયતાથી સારભૂત આત્માનો ઉદ્ધાર કરવા ચાહું છું. ॥ ૨૩ ॥

આ પ્રકારનું મૃગાપુત્રનું વચન સાંભળી માતા પિતાએ જે કાંઇ કહ્યું તે બીસ ગાથાઓ દ્વારા અહીં પ્રગટ કરવામાં આવે છે—"जं" ઇત્યાદિ!

અન્વયાર્થ—**अम्मापियरो—अम्बापितरौ** માતા પિતાએ **तं—तम्** તે મૃગાપુત્રને **वित्तं—अब्रूतम्** કહ્યું **पुत्त—पुत्र** હે પુત્ર! **सामण्णं दुच्चरम्—श्रमण्यं दुश्चरम्** એ શ્રામણ્ય—સાધુપણું ઘણું જ દુષ્કર છે. કેમકે, **भिक्खुणा गुणाणं सहस्साइं धारेयव्वाइं—भिक्षुणा गुणानां सहस्राणि धारयितव्यानि** સાધુએ એ અવસ્થામાં શ્રામણ્યના ઉપકારક શીલાંગોના સહસ્રોને ધારણ કરવાં પડે છે. એના સીવાય શ્રામણ્ય બની શકાતું નથી.

ભાવાર્થ—મૃગાપુત્રને શ્રામણ્યની દુશ્ચરતા બતાવવાના નિમિત્તે માતા પિતાએ કહ્યું, કે બેટા! જ્યાં સુધી અઢાર હજાર શીલના ભેદ નથી પળાતા ત્યાં સુધી શ્રામણ્યને પાળી શકાતું નથી. તમો એને પાળી શકશો કે કેમ. એમાં અમોને પૂરો સંદેહ છે માટે તમે ઘેર જ રહો. અને કામભોગોને ભોગવો. આ શ્રમણ્ય-સાધુપણાના ચક્કરમાં ન પડો. ॥ ૨૪ ॥

"समया" ઇત્યાદિ!

અન્વયાર્થ—વળી **भिक्खुणा—भिक्षुणा** ભિક્ષુનું કર્તવ્ય છે કે, તે **जगे—जगति** જ્યાં સુધી આ સંસારમાં વિચરણ કરે છે, અર્થાત ભિક્ષુ પર્યાયમાં રહે છે ત્યાં સુધી તેણે **सव्वभूएसु सत्तुमित्तेसु य—सर्वभूतेषु शत्रुमित्रेषु च** એકેન્દ્રિય આદિ જીવો ઉપર તેમજ સઘળા જીવો ઉપર તથા શત્રુ મિત્ર ઉપર સમતા ભાવ રાખવો પડે છે રાગદ્વેષ ન રાખવો જોઇએ તથા તેણે **पाणाइवायविरई—प्राणातिपातविरतिः** પ્રથમ મહાવ્રતરૂપ જે પ્રાણાતિપાત વિરમણ છે તેનું પુરેપુરૂં પાલન કરવું પડે છે. **जावज्जीवाइ दुक्करं—यावज्जीवं दुष्करम्** એ સઘળું તમારાથી આ જીવનભર પાલન કરવું ઘણું જ દુષ્કર છે.

ભાવાર્થ—આગળ ચાલીને માતા પિતાએ મૃગાપુત્રને એ પણ સમજાવ્યું કે, જો શ્રાણય-ચારિત્રની શોભા તો સઘળા સંસારી જીવો ઉપર ચાહે તો તે શત્રુ હોય કે મિત્ર હોય એ દરેકના ઉપર સમતાભાવ રાખવામાં જ વળી પ્રાણાતિપાત

વિરમણ-પણ શ્રામણ્યનું એક સર્વશ્રેષ્ટ એવું મનોહર ભૂષણ છે. એનું તમારાથી જીંદગી સુધી પાલન થવું મુશ્કેલ છે. એથી આ શ્રામણ્યના ચક્કરમાં ન પડો. ॥ ૨૫ ॥

"निच्चकाल" ઇત્યાદિ !

અન્વયાર્થ—વળી ભિક્ષુએ **निच्चकालाप्पमत्तेणं निच्चाउत्तेगं-नित्यकालाप्रमत्तेन नित्यायुक्तेन** નિત્યકાળ-સદાનિદ્રા આદિ પ્રમાદોથી રહિત અને ઉપયોગ સહિત રહેવું જોઇએ ત્યારે જ તે **मुसावायविवज्जणं हियं सच्चं भसियव्वं-मृषावादविवर्जनम् हितं सत्यं भासितव्यम्** મૃષાવાદનો ત્યાગ અને હિતકારક સત્યને બોલી શકે છે. આ સઘળું કર્તવ્ય જીવનભર માટેનું છે. જે સાધુ નિદ્રા આદિ પ્રમાદોથી પતિત થાય છે. તે મૃષાવાદનું પરિવર્જન કરવામાં સદા અસમર્થ રહે છે. વળી પ્રમાદ રહિત હોવા છતાં પણ જે-અનુપયુકત ઉપયોગથી શૂન્ય છે-તે આવી સ્થિતિમાં પણ સત્ય બોલી શકતા નથી. આ માટે તેને પ્રમાદના પરિવર્જનની એને ઉપયુકત રહેવાની જીવન પર્યંત ખાસ જરૂરત છે. પરંતુ આ સઘળા નિયમ જીંદગી સુધી પાળવા ઘણા જ **दुक्करम्-दुष्करम्** કઠીન છે. આથી બીજા મહાવ્રતની દુશ્ચરતા પ્રગટ કરવામાં આવી છે. ॥ ૨૬ ॥

પછી—"दंतसोहणमाइस्स" ઇત્યાદિ !

અન્વયાર્થ-- હે પુત્ર ! **अदिन्नस्स दंतसोहणमाइस्स विवज्जणम्-अदत्तस्य दन्तशोधनादेः विवर्जनम्** મુનિરાજ કદી પણ આપ્યા વગર દાંત બોતરવા માટે સળી-પણ લેતા નથી. વળી અપાયેલ છતાં પણ **अणवज्जेसणिज्जस्स गेहणा-अनवद्यैषणीयस्य गृहणम्** અનવદ્ય-નિર્દોષ અચિત પ્રાસુક તથા બેતાલીસ દોષોથી રહિત એષણીય પીંડને જ તેઓ ગ્રહણ કરે છે. તો હે બેટા ! આ પણ તમારાથી જીંદગીભર નીભાવવું **दुक्करम्-दुष्करम्** દુષ્કર-મુશ્કેલ છે.

ભાવાર્થ—સાધુની જેટલી પણ મહાવ્રતાદિરૂપ ક્રિયાઓ છે તે સઘળી તેના માટે જીવનભર માટેની છે. આથી જ્યારે તે અદત્ત એક સળીને પણ લઇ શકતા નથી તથા અપાયેલ પણ અનવદ્ય અને એષણીય જ ગ્રહણ કરે છે. ત્યારે આ સઘળું તમારા માટે દુષ્કર છે આથી ત્રીજા મહાવ્રતની દુષ્કરતા બતાવવામાં આવેલ છે. ॥ ૨૭ ॥

"विरई" ઇત્યાદિ !

અન્વયાર્થ—હે પુત્ર ! સાધુએ જીંદગીભર **अबंभचेरस्स विरई-अब्रह्मचर्यस्य विरतिः** અબ્રહ્મચર્યનો ત્યાગ કરવાનો હોય છે. વળી, **उग्गं महव्वयं बंभं धारेयव्वं-उग्रं महाव्रतं ब्रह्मधारयितव्यम्** ઘોર-નવવાડથી વિશુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરવાનું હોય છે આ વ્રત **कामभोगरसन्नुणा सुदुक्करं-कामभोगरसज्ञेन दुष्करम्** કામ--શબ્દરૂપ તથા ભોગ, ગંધ, રસ અને સ્પર્શના રસથી પરિચિત બનેલ તમારાથી થઇ શકશે નહીં જે કામભોગ રસથી અજાણ છે તે તો ભલી ભાતિથી એને અનાયાસે જીંદગીભર પાળી શકે પરંતુ જે આ રસના રસિયા બની ચૂકયા છે. તેનાથી તેનું સઘળી રીતે પાલન કરવું મુશ્કેલ છે. માટે હે બેટા ! વ્યર્થમાં એ ચક્કરમાં તું ન ફસાઇશ. આમાં ચોથા મહાવ્રતની દુષ્કરતા બતાવવામાં આવેલ છે. ॥ ૨૮ ॥

વળી પણ—"धणधन्ना" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે પુત્ર! સાધુ **धणधन्नपेसवग्गेसु–धनधान्यप्रेष्यवर्गेषु** ધન, ધાન્ય અને દાસી, દાસ આદિના વિષયમાં **परिग्गहविवज्जणा–परिग्रहविवर्जनम्** સંગ્રહ કરવાનો ત્યાગ જીંદગીભર કરી દેવો પડે છે. વળી **सव्वारंभपरिच्चाओ–सर्वारंभपरित्यागः** દ્રવ્યાદિકના ઉપાર્જનરૂપ આરંભનો પણ તે ત્યાગી હોય છે, તેમ જ કોઇ **निम्ममत्तं–निर्ममत्वं** કોઈ પણ વસ્તુમાં "આ મારી છે" આ પ્રકારનો ભાવ કરાતો નથી. માટે હે પુત્ર! આ સઘળું **सुदुक्करम्–सुदुष्करम्** તમારાથી જીંદગીપર્યંત સાધી શકાવાનું નથી. આ માર્ગ ઘણો જ કઠીન છે. આ ગાથા દ્વારા પાંચમા મહાવ્રતની દુષ્કરતા પ્રગટ કરવામાં આવેલ છે.

ભાવાર્થ—માતાપિતાએ મૃગાપુત્રને એ પણ સમજાવ્યું કે, હે બેટા! સાધુ અવસ્થામાં સાધુએ જીંદગીભર ધન, ધાન્ય, દાસ, દાસી આદિનો તેમ જ સઘળા પ્રારંભનો પરિત્યાગ કરી દેવો પડે છે. વળી કોઈ પણ ઠેકાણે "આ મારૂં છે" આ પ્રકારની ભાવના છોડી દેવી પડે છે. પરંતુ તમે તો રાજપુત્ર છો તો પછી આ સઘળી વાતો તમારાથી કઈ રીતે પાળી શકાશે? માટે શ્રામણ્ય પદના ચક્કાવામાં ન પડતાં અમારી વાતને માનીને આપણે ઘેર જ રહો. ॥ ૨૯ ॥

છઠ્ઠા રાત્રી ભોજનના વિષયમાં કહે છે—"चउव्विहे" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે પુત્ર! સાધુ અવસ્થામાં સાધુ માટે **चउव्विहे वि आहारे राईभोयणवज्जणा–चतुर्विधेऽपि आहारे रात्रिभोजनवर्जनम्** ચતુર્વિધ આહારના વિષયમાં રાત્રિભોજનનો જીંદગીપર્યંત ત્યાગ કરવો પડે છે. તથા **संनिहीसंचओ चेव वज्जेयव्वे सुदुक्करम्–संनिधिसंचयश्चैव वर्जयितव्यः सुदुष्करम्** ઘી, ગોળ આદિને સંઘરી રાખવું એ પણ તેમને જીંદગીભરની મનાઈ છે. આ સઘળી વાતોથી અમોને લાગે છે કે, હે બેટા! તમારાથી આમાનું કશું પણ પાળી શકાશે નહીં. આમાં છઠ્ઠા વ્રતની દુષ્કરતા બતાવવામાં આવેલ છે.

ભાવાર્થ—રાત્રિભોજનના ત્યાગરૂપ જે છઠ્ઠું વ્રત છે તે પણ બેટા! તમારાથી પાળી શકાય તેમ નથી. કારણ કે તેમાં ચારે પ્રકારના આહારનો સાધુએ જીવનપર્યંત ત્યાગ કરી દેવાનો હોય છે. વળી તે રાત્રિના સમયમાં ઘી, દૂધ વસ્તુઓ રાખી શકતા નથી જીંદગીપર્યંત તેનો પણ ત્યાગ કરી દેવો પડે છે. આથી હે બેટા! આ વ્રત તમારાથી કઇ રીતે પાળી શકાશે તેનો અમોને ભારે સંદેહ છે. ॥ ૩૦ ॥

છએ વ્રતોની દુષ્કરતા કહીને હવે પરીષહોને સહન કરવાની દુષ્કરતાને કહે છે—"छुहा" ઇત્યાદિ.

અન્વયાર્થ—**छुहा तण्हाय सीउण्हं दंसमसगवेयणा–क्षुधा तृष्णा शीतोष्णं दंशमशकवेदना** ક્ષુધા પરીષહ, તૃષ્ણા પરીષહ, દંશ–મચ્છર પરીષહ, **अक्कोसा दुक्खसेज्जा य तणफासा जल्लमेव य–आक्रोशा दुःखशय्या तृणस्पर्शा जल्लं एव** આક્રોશ પરીષહ, દુઃખશય્યા પરીષહ, તૃણસ્પર્શ પરીષહ તથા મળ પરીષહ. ભૂખના દુઃખને સહન કરવું તે ક્ષુધા પરીષહ છે. તરસના દુઃખને સમતાપૂર્વક સહન કરવું તે તૃષા પરીષહ શરદી અને ગરમીની પીડાને સહન કરવી તે શીતોષ્ણ પરીષહ છે. ડાંસ–મચ્છર વગેરે જીવોના કરડવાથી જે દુઃખ સહન કરવું પડે છે તેને દંશમશકવેદના પરીષહ કહે છે. દુર્વચનોને શાંતિપૂર્વક સહન કરવાં તે આક્રોશ પરીષહ છે. નીચી ઊંચી જમીનમાં બેસવું, ઉઠવું આદિ દુઃખને સહન કરવું તે દુઃખશય્યા પરીષહ છે. સંસ્તારકમાં તૃણસ્પર્શથી ઉત્પન્ન થનારા દુઃખને સહન કરવું તે તૃણસ્પર્શ પરીષહ છે. શરીર ઉપર જામેલા મેલના દુઃખને સહન કરવું તે જલ્લ પરીષહ છે. ॥૩૧॥

તથા—"तालणा" ઇત્યાદિ.

અન્વયાર્થ—**भिक्खायरिया जायणा अलाभता दुक्खं–भिक्षाचर्या याचना अलाभता दुःखं** ભિક્ષાચર્યા, યાચના અને અલાભતા એ સઘળાં દુઃખરૂપ છે. **तालणा तज्जणा चेव वहबंध परीसहा–ताडना तर्जश्चैव वधबन्ध परीषहौ** થપ્પડ વગેરેનું મારવું એનું નામ તાડના છે. આંગળીથી સંકેત કરીને કુત્સિત વચનોથી અપમાનિત કરવું તે તર્જના છે, લાકડી વગેરેથી આઘાત પહોંચાડવો તેનું નામ વધ છે, દોરી વગેરેથી હાથ વગેરેને બાંધવા તેનું નામ બંધ છે.

ભાવાર્થ—મૃગાપુત્રને માતાપિતા આમ કહી રહ્યાં હતાં કે બેટા! સાધુચર્યા બેટલા માટે કઠણ છે કે જેમાં સાધુ મારવા છતાં પણ તેનો પ્રતિકાર કરી શકતા નથી. તેમને કોઇ પણ ચાહે તે પ્રકારે મારી શકે છે. હરકોઇ એને ધાકધમકી આપી શકે છે. દોરડાથી તેના હાથપગ બાંધી શકે છે. આ સઘળાં દુઃખ આવી પડતાં સાધુએ સમતાપૂર્વક સહન કરવાં જોઇએ, નહીં તો તે સાધુ નથી. જો થોડીવાર માટે એમ માની લેવામાં આવે કે આવી બધી વાતો સાધુઅવસ્થામાં સઘળાને બનતી નથી, પરંતુ ભિક્ષાચર્યા તો બધાએ કરવી જ પડે છે એ શું ઓછા દુઃખની વાત છે? આ પ્રમાણે યાચના કરવી અને યાચના કરવા છતાં પણ માંગેલી વસ્તુ ન મળે તે અતિ દુઃખદ છે, માટે હે બેટા! આ સાધુ બનવાના આગ્રહને છોડી દે કારણ કે સાધુ બનવામાં ભારે દુઃખ છે. ॥ ૩૨ ॥

છતાં પણ શ્રામણ્યની દુષ્કરતા બતાવે છે—"कावोया" ઇત્યાદિ.

અન્વયાર્થ—સાધુજનોની **जा–या** જે **इमा–इयम्** આ સંયમયાત્રાના નિર્વાહના ઉપાયરૂપ **कावोयावित्ती–कापोतीवृत्तिः** કાપોતિ વૃત્તિ છે તે ખૂબ કઠીન છે. તથા **केसलोओय दारुणो–केशलोचश्च दारुणः** વાળોને–કેશને ઉખેડવા

એ પણ ખૂબ જ કઠણ છે. આ પ્રમાણે યોગ્ય સમયે પ્રતિલેખન કરવું, સ્વાધ્યાય કરવું, ધ્યાન કરવું, અનિયતવાસ કરવો એ સઘળું કઠણ છે. **અમહપ્પણા ઘોરં બંભવ્વયં ધારેઉં દુક્ખં–અમહાત્મના ઘોરં બ્રહ્મવ્રતં ધારયિતું દુઃખમ્** કાયર જનો માટે ઘોર બ્રહ્મચર્યવ્રતનું આરાધન કરવું એ પણ ખૂબ જ કઠણ છે.

ભાવાર્થ—જે પ્રમાણે કબૂતર શંકિત મનથી પોતાના આહારની શોધમાં નીકળે છે અને જ્યારે તેને થોડોઘણો આહાર મળે છે તે ખાઇ પીઇને કાલની ચિંતાથી એ મુક્ત બની જાય છે તથા બીજા દિવસના આહાર માટે પણ તેનો સંગ્રહ કરતા નથી. જેટલી આવશ્યકતા હોય છે એટલા જ પ્રમાણમાં તે ખાય છે. આ પ્રમાણે એષણા દોષોથી શંકિત ચિત્ત થઇને આહાર ગ્રહણ કરવામાં સાધુ પ્રવૃત્ત થાય છે. પોતાના ઉદરની પૂર્તિના નિમિત્તે જેટલું પણ મળે છે એને ખાઈપીને તે પોતાના કર્તવ્યમાં લાગી જાય છે, કાલની ચિંતા રાખતા નથી તેમ જ કાલ માટે સંગ્રહ પણ કરતા નથી. આ અવસ્થામાં સાધુએ પોતાના વાળનો લોચ કરે છે, બ્રહ્મચર્ય વ્રતની આરાધના કરવી પડે છે. બેટા! આ સઘળી વૃત્તિઓ તારાથી જન્મભર આચરી શકાશે નહીં. કારણ કે, તે ખૂબ જ કઠણ છે, માટે ઘેર જ રહો. ॥ ૩૩ ॥

છએ વ્રતોનો તથા પરીષહ સહન કરવાની દુષ્કરતા બતાવીને ઉપસંહાર કરતાં મૃગાપુત્રના માતાપિતા પોતાના અભિપ્રાયને કહે છે—**"સુહાઇઓ"** ઇત્યાદિ.

અન્વયાર્થ—**પુરે–પુત્ર** હે પુત્ર! **તુમં સુહોઇઓ–ત્વં સુખોચિતઃ** તારી ઉમર સુખ ભોગવવાને લાયક છે, કારણ કે, તું **સુકુમાલો–સુકુમારઃ** સુકુમાર છે. તને મેં **સુમજ્જિણો–સુમજ્જિતઃ** સારી રીતે સ્નાન, ગંધ, લેપન વગેરેથી તથા આભૂષણ વગેરેથી સુસજ્જીત કરીને પાળેલ પોષેલ છે. **પુત્તા તુમં સમણ્ણમણુપાલિઉં પહુ ન હુસી–હે પુત્ર ત્વં શ્રમણ્યમનુપાલયિતું પ્રભુઃ ન ભવસિ** આથી તું આગળ કહેલા ગુણવાવાળા આ શ્રામણ્ય પદનું પાલન કરવાને માટે સમર્થ થઇ શકીશ નહીં. જે સુખમાં ઉછરેલ સુકુમાર અને સુમજ્જીત નથી હોતા તે શ્રામણ્યપદને કદાચિત પાળી શકે છે. પરંતુ હે બેટા! તારા જેવો લાડીલો રાજકુમાર નજ પાળી શકે. ॥ ૩૪ ॥

હવે ચારિત્રપાલનની અસમર્થતાને દૃષ્ટાંતથી કહે છે—**"જાવજ્જીવ"** ઇત્યાદિ.

અન્વયાર્થ—**પુત્તે–પુત્ર** હે પુત્ર! **ગુણાણં–ગુણાનામ્** ચારિત્ર સંબંધી મૂળ ગુણો અને ઉત્તર ગુણોનો ભાર તે કોઇ મામુલી ભાર નથી. **મહબ્ભરો–મહાભારઃ** ઘણોજ ભારે ભાર છે. **લોહભારોવ્વ ગરુઓ–લૌહભાર ઇવ ગુરુકઃ** લોઢાનો ભાર જેમ ખૂબ ભારે હોય છે તે પ્રમાણેનો આ ભાર ભારે છે. આથી તે **દુવ્વહો હોઇ–દુર્વહઃ ભવતિ** વહન ન થઈ શકે તેવો છે. તેને ઉપાડવાવાળી વ્યક્તિના માટે કદી પણ **અવિસ્સામો –અવિશ્રામઃ** વિશ્રામ મળી શકતો નથી. અર્થાત્ આ ભારને જીવનપર્યંત ઉઠાવવો પડે છે.

ભાવાર્થ—લોઢાનો ભાર જેમ ઘણો જ ભારે હોય છે. તેજ પ્રકારનો ચારિત્રનો ભાર છે. તેને ઉપાડવાવાળી વ્યક્તિને કયારેય પણ વિશ્રાંતિ મળતી નથી. લૌકિક ભાર જ્યારે ઉઠાવવાવાળાને વ્યથિત કરી દે છે ત્યારે તે તેને ઉતારીને વિશ્રામ પણ લઇ શકે છે. પરંતુ આ ચારિત્રગુણના લોકોત્તર ભારનો એક વખત અંગિકાર કર્યા પછી તેને પાછો ઉતારી શકાતો નથી. તે જીવનપર્યંત ધારણ કરવાને માટે જ હોય છે. માટે જ્યારે તું સુખોચિત સુકુમાર અને સુમજ્જીત છે ત્યારે કહો તો બેટા! તમો એ ભારને જીંદગીપર્યંત કઈ રીતે ઉઠાવી શકશો? ॥ ૩૫ ॥

કિંચ—"आगासे" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે પુત્ર ! આ **गुणोदही—गुणोदधिः** ગુણોદધિ-જ્ઞાનાદિક ગુણરૂપ સમુદ્ર **आगासे गंगसोओव्व—आकाशे गंगास्रोत इव** આકાશગામી ગંગાના પ્રવાહની માફક દુસ્તર છે. અથવા **पडिसोओव्व दुत्तरो—प्रतिस्रोत इव दुस्तरः** પ્રતિકુળ સ્રોતની માફક તરવું અશક્ય છે. આ પ્રમાણે **बाहुहिं सागरो चेव तरियव्वो—बाहुभ्यां सागर इव तरीतव्यः** બાહુઓથી આવા સમુદ્રને પાર કરવાનું સંપૂર્ણતઃ અશક્ય છે. આ પ્રમાણે મનવચન અને કાયાનું નિયંત્રણ કરવું સર્વથા અશક્ય છે. આ ગુણોદધિને તરવું પણ તમારા માટે સર્વથા અસંભવ છે.

ભાવાર્થ—માતાપિતા સમજાવતાં મૃગાપુત્રને કહી રહેલ છે કે, બેટા ! જે પ્રમાણે આકાશગામી ગંગાનો પ્રવાહ અથવા પ્રતિકુળ નદીનો પ્રબળ પ્રવાહ તરી શકાતો નથી અને ન તો સમુદ્ર પણ બાહુઓથી પાર કરી શકાય છે. આ પ્રમાણે આ ગુણોદધિ પણ તારાથી પૂર્ણપણે પાળી શકાય તેમ નથી-પાર કરી શકાય તેમ નથી. ॥૩૬॥

તથા—"वालुया कवले" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે પુત્ર ! **संजमे—संयमः** સંયમ-પ્રાણાતિપાત વિરમણ આદિરૂપ સત્તર પ્રકારના સંયમ **वालुआ कवले चेव निरस्साए—वालुका कवल इव निरास्वादः** રેતીના કોળીયાની માફક સ્વાદવર્જીત છે-સર્વથા નીરસ છે તથા તલવારની તીક્ષ્ણ ધાર ઉપર ચાલવા જેવું **असिधारागमणं चेव तवो चरिउं दुक्करं—असिधारागमनमिव तपः चरितुं दुष्करम्** દુષ્કર છે, એવી જ રીતે અનશન આદિ બાર પ્રકારના તપોને તપવાં એ પણ દુષ્કર છે.

ભાવાર્થ—રેતીનો કોળીઓ સર્વથા જેમ સ્વાદરહિત હોય છે તેવો જ આ સંયમ છે અને અનશન આદિ બાર પ્રકારનાં તપોને તપવા એવા દુષ્કર છે, જાણે કે તલવારની દુષ્કર તીક્ષ્ણ ધાર ઉપર ચાલવાનું હોય છે આથી હે બેટા ! સાધુ થવાનું છોડી દો. ॥ ૩૭ ॥

ફરી સાંભળો—"अहिवेगंतदिट्ठीए" ઇત્યાદિ.

અન્વયાર્થ—પુત્ર ! **अहिवेगंतदिट्ठीए—अहिरिव एकान्त दृष्टया** સર્પ જે પ્રકારે પોતાના ચાલવાના માર્ગથી આડીઅવળી દૃષ્ટિ ફેરવીને ચાલતો નથી, પરંતુ પોતે જે તરફ જાય છે એ તરફ જ સીધી દૃષ્ટિ રાખીને જ ચાલે છે આજ પ્રમાણે સાધુનો પણ એજ માર્ગ છે કે, તે પણ ચારિત્ર માર્ગ ઉપર ચાલતાં આડું અવળું ન જોતાં એ તરફ જ લક્ષ રાખીને ચાલતા રહે છે. પરંતુ આ ચાલવા રૂપ **चरित्ते—चारित्रम्** ચારિત્ર **दुक्करं—दुष्करम्** દુષ્કર છે. કેમકે મનનું વિષયોથી હટાવવું ઘણું જ કઠણ કામ છે. વળી જેમ **लोहमया जवा—लौहमया यवा** લોઢાના ચણાને **चावेयव्वा—चर्वितव्या** ચાવવા એ દુષ્કર છે. એજ પ્રમાણે ચારિત્ર પાળવું પણ દુષ્કર છે.

ભાવાર્થ—ચારિત્ર આરાધક પુરુષનું એ જ કર્તવ્ય છે કે તે પોતાના ચારિત્રની સંભાળમાં જ પોતાના જીવનને ખપાવી દે. આજ લક્ષ્યની સિદ્ધિમાં તે પોતાને વિસર્જીત કરી દે. વ્યર્થ વાતોમાં એ પડતા નથી. એમની દૃષ્ટિ સર્પની દૃષ્ટિની જેમ પોતાના લક્ષ્ય ઉપર સ્થિર–અતૂટ રહેવી જોઇએ, કેમકે ચારિત્ર એ લોઢાના ચણા ચાવવા જેવું છે. એને ચાવવાનું કામ જેમ સરળ કામ નથી એજ પ્રમાણે ચારિત્રનું પાલન કરવું એ પણ સરળ કામ નથી. માટે બેટા ! અમારી વાત સમજો, માનો અને ઘેર રહીને આનંદ કરો. ॥ ૩૮ ॥

વળી પણ—"जहा" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે પુત્ર! **जहा–यथा** જેમ **दित्ता–दीप्ता** પ્રજ્વલિત **अग्गिसिहा–अग्निशिखा** અગ્નિની જ્વાળાને **पाउं सुदुक्करा होइ–पातुं सुदुष्करा भवति** પીવી એ અત્યંત દુષ્કર છે. **तह–तथा** એજ પ્રમાણે **तारुण्णे–तारुण्ये** યૌવનમાં **समणत्तणं करेउं दुक्करं–श्रमणत्वं कर्तुं दुष्करम्** ચારિત્રનું પાલન પણ ખૂબ જ કઠણ છે.

ભાવાર્થ—ચાહે ગમે તેવો સમજદાર તેમ જ શક્તિશાળી માણસ કેમ ન હોય, પરંતુ તે જે રીતે પ્રજ્વલિત અગ્નિશિખાનું પાન કરી શકતો નથી એજ પ્રમાણે હે પુત્ર ! યૌવન અવસ્થામાં ચારિત્રનું નિર્દોષ પાલન પણ થઈ શકતું નથી. માટે ડાહ્યો થા અને આ ચારિત્રપાલનનાં સ્વપ્ન સેવવાનું છોડ એમાં જ તારી ભલાઇ છે. ॥૩૯॥

વળી પણ—"जहा दुक्खं" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે પુત્ર **जहा–यथा** જેવી રીતે **कुत्थलो–कुत्थलः** કોથળાને **वायस्स भरेउं दुक्खं–वातेन भर्तुं दुःक्खं** વાયુથી ભરવો અસાધ્ય છે–અશક્ય છે. **तहा–तथा** એજ પ્રમાણે **कीवेण समणत्तणं करेउं दुक्खं–क्लीबेन श्रमणत्वं कर्तुं दुःखम्** કાયર મનુષ્ય માટે ચારિત્રનું પાલન કરવું પણ અશક્ય છે. અહીં કોથળો વસ્ત્રમય જ ગ્રહણ કરવામાં આવેલ છે. ચામડાનો કે અન્યનો નહીં, કેમકે તેનામાં તો વાયુ ભરી શકાય છે.

ભાવાર્થ—જે પ્રમાણે વસ્ત્રના કોથળામાં વાયુને પૂરી શકાતો નથી એજ પ્રમાણે નિઃસત્વ વ્યક્તિથી પણ ચારિત્રનું પાલન થઈ શકતું નથી. આથી હે બેટા ! જ્યારે તમો સુખોચિત, સુકુમાર અને સુમજ્જીત છો તો તમારામાં એટલી શક્તિ ક્યાંથી હોઇ શકે કે, જેથી તમો ચારિત્રનું અ જીવન પાલન કરી શકો ? આ માટે સંયમ લેવાનું માંડી વાળો. ॥ ૪૦ ॥

વળી પણ—"जहा तुलाए" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે પુત્ર! **जहा–यथा** જે રીતે **तुलाए–तुलया** ત્રાજવાથી **मंदरो गिरि तोलेउं दुक्करो–मन्दरः गिरिः तोलयितुं दुष्करः** મેરૂ પર્વતને તોળવો એ અશક્ય છે **तहा–तथा** એજ પ્રમાણે **निहुयं–निभृतम्** નિશ્ચલ–વિષયાભિલાષથી અક્ષોભ્ય તથા **निस्संकं–निःशंकं** શરીરાદિક નિરપેક્ષ અથવા શંકા નામના અતિચારથી રહિત **समणत्तणं–श्रमणत्वं** સાધુપણું પણ ખૂબ જ **दुक्करं–दुष्करम्** દુષ્કર છે. ॥૪૧॥

તથા—"जहा भुजाहिं" ઇત્યાદિ.

અન્વયાર્થ—**जहा रयणायरो भुजाहिं तरिउं दुक्करो–यथा रत्नाकरः भुजाभ्यां तरितुं दुष्करः** જે રીતે ભુજાઓથી સમુદ્રને પાર કરવો અશક્ય છે **तहा अणुवसंतेणं दमसागरो दुक्करो–तथा अनुपशान्तेन दमसागरः दुष्करः** એજ રીતે ઉત્કૃષ્ટ કષાય-

યુક્ત પ્રાણી દ્વારા ઉપશમરૂપ સમુદ્રને પાર કરવો મુશ્કેલ છે. પહેલાં ગુણોદધિપદ દ્વારા સઘળા ગુણોનું ગ્રહણ કરવામાં આવેલ છે. અહીં ફકત એક ઉપશમ ગુણનું કે જે સહુમાં પ્રધાન છે. આ વાતને પ્રગટ કરવા માટે ગ્રહણ કરાયેલ છે. ॥૪૨॥

આ પ્રકારે દૃષ્ટાંત આપીને ચારિત્રની દુષ્કરતા બતાવીને હવે ભોગોના ઉપભોગ માટે આગ્રહ કરે છે—"भुंज" ઇત્યાદિ.

અન્વયાર્થ—જ્યારે આમ વાત છે ત્યારે **जाया–जातः** હે પુત્ર! **तुमं–त्वम्** તમે **पंचलक्खणए माणुस्सए भोए भुंज–पंचलक्षणकान् मानुष्यकान् भोगान् भुंक्ष्व** શબ્દ, રૂપ; ગંધ, રસ અને સ્પર્શરૂપ મનુષ્ય સંબંધી ભોગોને ભોગવો **तओ भुत्त भोगी–ततः भुक्तभोगी** અને પછીથી ભુક્તિભોગી થઈને **पच्छा–पश्चात्** વૃદ્ધાવસ્થામાં **धम्मं चरिस्सामि–धर्मं चरिष्यसि** ચારિત્રની આરાધના કરજો. ॥ ૪૩ ॥

માતાપિતાના આ પ્રકારના વચનને સાંભળીને મૃગાપુત્રે પ્રત્યુત્તર રૂપે શું કહ્યું? આ બાતને હવે અહીં ચૂંવાળીસમી ગાથાથી ચૂંવોતેરમી ગાથા 'सव्वमवेसु' સુધી એકત્રીસ ગાથાઓથી સ્પષ્ટ કરવામાં આવે છે—

"सोविंत" ઇત્યાદિ.

અન્વયાર્થ—**सो अम्मापियरो विंत-अम्बापितरौ ब्रूते** મૃગાપુત્રે માતાપિતાને કહ્યું કે, હે માતાપિતા! આપલોકોએ **एवं–एतम्** પૂર્વોક્ત પ્રકારથી ચારિત્રનું પાલન દુષ્કર બતાવેલ છે. તો **एयं जहाफुडम्–एतत् यथास्फुटम्** એ આપનું કહેવું સત્ય છે. પરંતુ **निप्पिवासस्स–निष्पिपासस्य** જેઓ નિસ્પૃહ છે. એને માટે **इहलोगे–इहलोके** આ લોકમાં **किंचिवि दुक्करंनत्थि–किञ्चिदपि दुष्करम् नास्ति** આ લોકમાં કાંઇ પણ દુષ્કર નથી. ॥ ૪૪ ॥

નિઃસ્પૃહતાનો હેતુ કહેવામાં આવે છે—"सारीरमाणसा" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે માતાપિતા! પૂર્વભવના સિદ્ધાંત અનુસાર **मए–मया** મેં પૂર્વભવોમાં **सारीरमाणसा–शारीरमानसः** શારીરિક અને માનસિક **अणंतसो–अनन्तशः** અનંત પ્રકારની **भीमाओ–भीमाः** ભયંકર રૌદ્ર **वेयणाओ–वेदनाः** વેદનાઓ **सोढाओ–सोढाः** સહી છે. તથા **असइं–असकृत्** અનેકવાર રાજા તરફથી આપવામાં આવેલા **दुक्ख भयाणि–दुःख भयानि** દુઃખ ઉત્પાદકભયોને પણ સહન કરેલ છે. ॥૪૫॥

વધુમાં—"जरामरणकंतारे" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે માતતાત! **जरामरणकंतारे–जरामरणकान्तारे** વૃદ્ધાવસ્થા તથા મરણરૂપ ભયંકર એવા જંગલમાં તથા **भयागरे–भयाकरे** ભયરૂપ ખાણથી વિશિષ્ટ એવા **चाउरंते–चातुरन्ते** ચતુર્ગતિરૂપ સંસારમાં **मए–मया** મેં અતિ દુઃખજનક **भीमाणि–भीमानि** ભયંકર **जम्माणि मरणाणि य–जन्मानि मरणानि च** જન્મ અને મરણો **सोढाणि–सोढानि** સહન કરેલ છે. ॥ ૪૬ ॥

વધુમાં—"जहा" ઇત્યાદિ.

અન્વયાર્થ—**जहा–यथा** જે રીતે **इहं–इह** આ સંસારમાં **अगणि–अग्निः** અગ્નિ **उण्हो–उष्णः** ઉષ્ણ ગુણસંપન્ન છે. **इत्तो अणंतगुणो तहिं–इतः अनन्तगुणः तत्र**

એનાથી પણ અનન્તગણા ઉષ્ણ ગુણવાળી અગ્નિ નરકોમાં છે. કે જ્યાં હું અગાઉના જન્મોમાં ઉત્પન્ન થઈ ચૂકયો છું. આ નરકોમાં **मए–मया** મેં **असाया–असाताः** દુઃખરૂપ **उण्हा वेयणा वेइया–उष्णा वेदना वेदिताः** એ ઉષ્ણ વેદનાઓને ભોગવી છે. નરકોમાં બાદર અગ્નિ નથી હોતો પરંતુ તેની પૃથ્વીનો સ્પર્શ જ ઉષ્ણ હોય છે. ॥૪૭॥

તથા—"**जहा**" ઇત્યાદિ.

અન્વયાર્થ—**जहा–यथा** જે રીતે **इहं–इह** આ સંસારમાં **इमं–इदम्** અનુભવી શકાય તેવી પોષ અને મહા મહિનાની ઠંડી પડે છે. **एत्तोणंतगुणे तहिं–इतः अनन्तगुणः तत्र** આનાથી પણ અનંતગણી ઠંડી એ નરકોમાં છે કે જ્યાં હું અગાઉ ઉત્પન્ન થઈ ચૂકયો છું. **नरएसु–नरकेषु** એ નરકોમાં **असाया सीया वेयणा मए वेइया–असाताः शीताः वेदनाः मया वेदिताः** આવી અસહ્ય એવી શીત વેદનાને પણ મેં સહન કરી છે.

આ ૪૪, ૪૫, ૪૬, ૪૭ અને ૪૮ મી ગાથાઓનો ભાવ કેવળ એટલો જ છે કે, જે સસ્પૃહ છે તેને જ બધું કઠણ છે તથા દુઃખરૂપ છે. નિસ્પૃહિને ન કાંઈ કઠણ છે, ન કાંઈ દુઃખરૂપ છે. શારીરિક અને માનસિક વેદનાઓનો અનુભવ આ પર્યાયમાં નવીનરૂપથી કરવામાં નથી આવતો. એ તો કંઈકિવાર કરી ચૂકયો છે. નરકોમાં અહીંના કરતાં અનંતગણી ઉષ્ણ વેદનાઓનો તથા ઠંડીની વેદનાઓનો અનુભવ કરેલ છે તો પછી આપલોકો કઇ વાતનો ભય મને કહી બતાવો છો ? ॥૪૮॥

છતાં પણ—"**कंदंतो**" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે માતાપિતા ! **उड्ढपाओ अहोसिरा–उर्ध्वपादः अधः शिराः** ઉંચે પગ અને નીચે માથું રાખીને મેં **कंदंतो–क्रन्दन्** રોતાં રોતાં **कंदुकुंभीसु–कंदुकुंभीषु** લોઢાની મોટી મોટી કડાઇઓમાં તથા કુંભીઓમાં **हुआसणे जलंतम्मि–हुताशने ज्वलति** અગ્નિથી પ્રજ્વલિત થઇને **अणंतसो–अनन्तशः** અનંતવાર **पक्कपुव्वो–पक्कपूर्वः** પુર્વભવમાં બળી ચૂકયો છું—શેકાઇ ચૂકયો છું.

ભાવાર્થ—વર્તમાનની વેદનાઓને બતાવીને હે માતાપિતા ! મને શા માટે ભયભીત કરી રહ્યા છો ? આગલા ભવોમાં મારા આ જીવે અનંતવાર કુંભિયો અને કડાઇઓમાં ભડકે બળતા અગ્નિમાં શેકાવાની અપાર વેદનાઓનો અનુભવ કર્યો છે. ॥૪૯॥

છતાં પણ—"**महादवग्गिसंकासे**" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે માતાપિતા ! મેં **महादवग्गिसंकासे–महादवाग्निसंकाशे** મહાદવ અગ્નિ તુલ્ય તથા મરૂ પ્રદેશમાં રહેલ રેતીના પુંજની જેવી **वइरवालुए–वज्रवालुके** વજ્રવાલુકા નામની નદીના તથા **कलंबवालुयाए–कदम्बवालुकायाम्** ખૂબ તપેલ કદંબવાલુકા નદીમાં **अणंतसो–अनन्तशः** અનંતવાર **दड्ढपुव्वो–दग्धपूर्वः** આગલા ભવમાં શેકાઈ ચૂકયો છું.

ભાવાર્થ—પોતે અગાઉ ભોગવી ચૂકેલી નરકની યાતનાની અપેક્ષાએ મૃગાપુત્ર વર્તમાનકાળમાં સાધુજીવનમાં અનુભવવા પડતા ભયોથી પોતાને નિર્ભય બતાવીને કહેછે કે, હે માતાપિતા ! આપે મને બતાવેલ સાધુજીવન દરમ્યાન સહન કરવા પડતા ભયોની એટલા માટે પરવા નથી કે મેં આનાથી પણ અધિક કષ્ટ નરકોમાં સહન કર્યાં છે. ત્યાંની અત્યંત જાજ્વલ્યમાન વજ્રવાલુકા નદીમાં તથા કદંબવાલુકા નદીમાં અનંતવાર આગલા ભવમાં શેકાઈને અહીં આવ્યો છું. ॥ ૫૦ ॥

તથા--"**रसंतो**" ઇત્યાદિ.

અન્વયાર્થ--હે માતાપિતા અત્યંત ઉકળતા તેલથી ભરેલી **कुंदु कुंभीसु**–કન્દુ કુંભીષુ અધઃ સ્થિત કંદુ કુંભિઓમાં પરમાધાર્મિક દેવો દ્વારા **उड्ढंबद्धो**–ઉર્ધ્વં બદ્ધઃ "રખેને આ ભાગી ન જાય" એ આશયથી ઉંચા વૃક્ષની ડાળી ઉપર મને બાંધીને **करवत्त करकयाईहिं**–કરપત્ર ક્રકચાદિભિઃ છિન્નપૂર્વો કરપત્ર અને કકચ કરવત આદિ શસ્ત્રોથી મારા આગલા ભવોમાં છિન્નભિન્ન કરાયો હતો. **रसंतो**–રસન્ એ દુઃખથી હું ખૂબ રોયો. પરંતુ **अबंधुवो**–અબાંધવઃ ત્યાં કોઇ બંધુ મારી સહાયતા માટે ન આવ્યો-તે દુઃખ મેં એકલાએ જ ભોગવ્યું.

ભાવાર્થ--નરકોમાં પરમાધાર્મિક દેવ પહેલાં તો નવીન નરયિકને-નરકમાં આવનાર જીવને વૃક્ષની ડાળીએ બાંધીને કરવતથી વહેરે છે અને પછી ઉકળતા તેલથી ભરેલ કંદુકુંભિઓ કે જે વૃક્ષની નીચે હોય છે તેમાં તળે છે. નૈરયિક જીવ એ સમયે ચીસાચીસ કરતી રાડો પાડે છે. પરંતુ એવી કરૂણ સ્થિતિમાં ત્યાં કોઇ પણ બાંધવ તેની સહાયતા કરવા પહોંચતો નથી. બિચારો એકલો જ દુઃખ ભોગવ્યા જ કરે છે. મારી પણ હે માત પિતા ! પૂર્વભવમાં આવી હાલત અનેક વખત થયેલ છે, તો પછી વર્તમાનકાળમાં સાધુજીવનનાં આવાં મામુલી દુઃખોથી ડરવાની ચિંતા શા માટે કરવી ? ॥૫૧॥

અને પણ—'**अइ तिक्ख**" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે માતાપિતા ! અત્યંત પૂર્વભવોમાં **अइतिक्खकंटयाइण्णे तुंगे सिंबलिपायवे**–અતિતીક્ષ્ણકંટકાકીર્ણે તુંગે શાલ્મલિ પાદપે તીક્ષ્ણ કાંટાઓથી ભરેલા તથા અત્યંત ઉંચા શાલ્મલી વૃક્ષ ઉપર મને **पासबद्धे**–પાશબદ્ધઃ દોરીથી બાંધીને પરમાધાર્મિક દેવોએ **दुक्करम्**–દુઃસહમ્ ખૂબ બુરી રીતે **कड्ढोकड्ढाहिं**–કૃષ્ટાવકૃષ્ટૈઃ ખેંચાખેંચ કરીને ફેંકી દીધેલ હતો.

ભાવાર્થ—નરકોમાં આ પરમાધાર્મિક દેવોએ હે માતાપિતા ! મારા પૂર્વભવમાં ખબ જ દુર્દશા કરેલ છે. ખૂબ જ ધારવાળા કાંટાથી ભરેલા ઉંચામાં ઉંચા શાલ્મલી વૃક્ષ ઉપર મને એ લોકોએ ખૂબ નિર્દયતાથી દોરડાઓથી બાંધીને ખેંચાખેંચ કરીને ફેંકયો હતો. ॥ ૫૨ ॥

વળી પણ—"**महाजंतेसु**" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે માતાપિતા ! **पावकम्मो**–પાપકર્મા પૂર્વભવમાં કરેલા કર્મોના ઉદયથી હું **अणंतसो**–અનન્તશઃ અનેકવાર **उच्छूवा**–ઇક્ષુરિવ શેરડીની માફક **महाजंतेसु**–મહાયંત્રેષુ પાપીઓને નિષ્પીડિત કરવાને માટે તૈયાર કરેલ યંત્રોમાં **सुभेरवं आरसंतो**–સુભૈરવં આરસન્ ખૂબ ખરાબ રીતે રાડો પાડતાં પાડતાં **सकम्मेहिं**–સ્વકર્મભિઃ પૂર્વોપાર્જીત દુષ્કર્મોના નિમિત્તથી **पीलिओम्मि**–પીડિતોઽસ્મિ પીલાયેલ છું.

ભાવાર્થ—હે માતાપિતા ! જે પ્રમાણે મોટા યંત્રોમાં શેરડીને પીલવામાં આવે છે તે પ્રકારે નરકમાં હું આવી જાતના યંત્રોમાં એકવાર નહિ પણ અનેકવાર

પીલવામાં આવેલ છું. હું તેમની સમક્ષ રોયો છું, રાડો પાડી છે, પરંતુ મારા ઉપર ત્યાં દયા કરવાવાળું કોઇ ન હતું. પૂર્વોપાર્જીત અશુભ કર્મોના નિમિત્તથી મારી એવી દશા ત્યાં થઇ હતી ॥ ૫૩ ॥

તથા—"कूयंतो" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે માતાપિતા ! પૂર્વભવમાં **कोलसुणयेहिं–कोलशूनकैः** સૂવર તથા કૂતરાંનાં રૂપ ધારણ કરવાવાળા **सामेहिं–श्यामैः** શ્યામ તથા **शबलेहि–शबलैः** સબળ નામના પરમાધાર્મિક દેવોએ **कूयंतो-कूजन्** ભયથી રોતા અને **विस्फूरंतो–विस्फुरन्** આમતેમ ભાગતા એવા મને **अणेगसो–अनेकशः** અનેક **भुविपाडिओ–भूविपातितः** જમીન ઉપર પછાડીને **फालिओ–स्फाटितः** જીર્ણ વસ્ત્રની માફક ખાધો છે તથા **छिन्नो–छिन्नः** વૃક્ષની માફક કાપેલ છે.

ભાવાર્થ—મૃગાપુત્રે માતાપિતાને દુઃખ ભોગવવાની બાબતમાં આમ કહ્યું કે, મેં પૂર્વભવોમાં ભોગવેલ દુઃખોને વધારે કયાં સુધી સંભળાવું ? નરકોમાં શ્યામ અને સબળ જાતિના પરમાધાર્મિક દેવોએ જે મારી દુર્દશા કરી છે તેને હું જાણું છું. તે લોકોએ ભયથી કાંપી રહેલા એવા મને અનેક વખત જમીન ઉપર પછાડીને તથા જમીન ઉપર પછડાયેલા મારા શરીરને જુના વસ્ત્રની માફક ચીરી નાખ્યું અને ઝાડની માફક મને છેદી નાખ્યો. ॥૫૪॥

વળી પણ—"असीहिं" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે માતાપિતા ! નરકમાં **पावकम्मुणा–पापकर्मणा** પાપકર્મના ઉદયથી **उववण्णो–उपपन्नः** ઉત્પન્ન થયેલ હું પમારધાર્મિક દેવો દ્વારા **अयसीवण्णाहिं असिहिं–अतसीवर्णैः असिभिः** અળશીના ફૂલના જેવી કાળા રંગવાળી તલવારોથી **छिन्नो–छिन्नः** છેદાયો છું તથા **भल्लेहिं–भल्लैः** ભાલાઓથી **भिन्नो–भिन्नः** વિંધાયો છું તથા **पट्टिसेहिय–पट्टिशैश्च** અવનવા શસ્ત્રોથી મારા **विभिन्नो–विभिन्नः** નાના નાના ટુકડા કરાયા હતા. ॥ ૫૫ ॥

તથા—"अवसो" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે માતાપિતા ! નરકોમાં **अवसो–अवशः** સર્વથા પરાધીન બનેલ એવો હું પરમાધાર્મિક દેવો દ્વારા **समिलाजुए जलंते लोहरहे जुत्तो–श्यामायुते ज्वलति लोहरथे युक्तः** યુગરંધ્રમાં ક્ષેપણીય ચુંકોવાળા તથા અગ્નિની માફક દેદિપ્યમાન અને ખૂબ તપેલા એવા લોઢાના રથમાં જોતરવામાં આવ્યો હતો તથા **तोत्तजोत्तेहिं–तोत्रयोक्त्रैः** એ રથને ખેંચવાને માટે એ લોકોએ મને ચાબુકોથી ખૂબ ફટકાર્યો હતો અને મારી નાથને ખૂબ ખેંચેલ હતી. એમ છતાં પણ જ્યારે હું એ રથને ખેંચી ન શકતો તો તેઓએ ગડદાપાટુથી મને ખૂબ માર્યો હતો. વળી ખૂબ **रोज्झोवा पाडिओ–रोज्झइव पातितः** મારી મારીને રોઝ જાનવરની માફક જમીન પર ફેંકી દીધો હતો.

ભાવાર્થ—નરકોને પ્રાપ્ત કરીને સંપૂર્ણપણે પરાધીન બનેલા એવા મને પરમાધાર્મિક દેવોએ લોઢાના ખૂબ ભારે રથને ખેંચવાને માટે પહેલાં તો મને એમાં જોતરી દીધેલ પરંતુ જ્યારે રથ મારાથી ન ખેંચાયો ત્યારે તે લોકોએ મને તે રથ ખેંચવા માટે તે ચાબુકથી ખૂબ ફટકાર્યો હતો અને મારી નાથને ખૂબ ખેંચી હતી. એમ છતાં પણ જ્યારે હું ન ચલો શકયો ત્યારે ગડદાપાટુથી તે લોકોએ મને મારા મર્મ સ્થાનોમાં ખૂબ માર માર્યો અને મારીપીટીને પછી તે લોકોએ રોઝની માફક જમીન ઉપર ફેંકી દીધો. ॥ ૫૬ ॥

પરંતુ—"हुयासणे" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે માત પિતા! નરકમાં **पावकम्मेहिं पाविओ**–પાપકર્મભિઃ પ્રવૃત્તઃ અને પાપકર્મોથી ઘેરાયેલા એવા **अवसो**–અવશઃ પરતંત્ર બનેલા એવા મને પરમાધાર્મિક દેવોએ પોતાની વૈક્રિય શક્તિથી બનાવેલી **चियासु**–ચિતાસુ ચિતાઓમાં **जलंतम्मि हुयासणे**–જ્વલતિ હુતાશને ભડભડ બળતા અગ્નિમાં **महिसोविव**–મહિષઇવ ભેંસની માફક **दड्ढो पक्को**–દગ્ધઃ પક્વઃ પહેલાં તો ખૂબ શેકયો અને પછી રીંગણાની માફક મારૂં ભડથું બનાવ્યું.

ભાવાર્થ—જે પ્રમાણે પાપી લોકો પાડાને બંધન વગેરેથી પરતંત્ર બનાવીને અગ્નિમાં ફેંકી દે છે અને પછી તેને રીંગણાની માફક શેકે છે. એજ પ્રમાણે પૂર્વોપાર્જીત કરેલાં પાપકર્મો દ્વારા ઝકડાઈને નરકને પ્રાપ્ત કરેલા એવા મારા શરીરને પહેલાં તો પરમાધાર્મિક દેવોએ પોતાની વૈક્રિય શક્તિથી બનાવેલી ચિતાઓમાં ખૂબ શેકયો અને તેનું ભડથું બનાવ્યું. ॥ ૫૭ ॥

બીજું પણ—"बला" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે માતાપિતા! **संडास तुंडेहिं**–સન્દંશ તુણ્ડૈઃ સાણસીના આકાર જેવા મોઢાવાળા તથા **लोहतुण्डेहिं**–લૌહતુણ્ડૈઃ લોઢાના જેવા કઠોર મોઢાવાળા એવા **ढंक गिद्धेहि**–ઢઙ્ક ગૃદ્ધૈઃ ઢંકગૃદ્ધ નામના પક્ષીઓ દ્વારા **विलवंतोऽहं**–વિલપન્ અહમ્ વિલાપ કરી રહેલ એવો હું **अणंतसो**–અનંતશઃ અનંતવાર **विलुत्तो**–વિલુપ્તઃ છિન્નભિન્ન કરાયેલ છું. નરકોમાં પક્ષી હોતા નથી. નારકી જ સ્વયં વૈક્રિય શકિતથી પક્ષી જેવા બની જાય છે. ॥ ૫૮ ॥

આ પ્રમાણે કદર્થિત થવાથી તરસ લાગવાથી શું થયું તેને કહે છે—

"तण्हा किलंतो" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે માતાપિતા! આ પ્રકારે કદર્થિત થવાથી જ્યારે મને ખૂબ જ તરસ લાગી ત્યારે **तण्हा किलंतो**–તૃષ્ણયા ક્લામ્યન્ તરસથી ખેદખિન્ન થયેલો હું **धावंतो**–ધાવન્ પાણી શોધવા માટે અહીંતહીં દોડતો અને **वैयरणिं नइं पत्तो**–વૈતરણીં નદીં પ્રાપ્તઃ વૈતરણી નામની નદીને જોઇને તરસ શાન્ત કરવા ત્યાં જઇ પહોંચ્યો. **जलं पाहंति चिंतंतो**–જલં પિબામીતિ ચિન્તયન્ પાણી પીવાની તૈયારી કરતો હતો કે એટલામાં **खुर धाराहिं विवाइओ**–ક્ષુરધારાભિઃ વ્યાપાદિતઃ છરાની ધાર જેવી એની તીક્ષ્ણ લહેરોથી મારો ચુરેચુરો કરી નાખવામાં આવતો. આ નદીનું પાણી છરાની ધારના જેવું ગળાને ચીરી નાખે તેવું હોય છે. ॥ ૫૯ ॥

કિંચ—'उण्हाभितत्तो" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે માતા પિતા! નરકમાં જ્યારે હું **उण्हाभितत्तो**–ઉષ્ણાભિતપ્તઃ ગરમીથી અત્યંત અકળાઇ ગયો ત્યારે છાયાની શોધમાં **असिपत्तं महावणं संपत्तो**–અસિપત્રં મહાવનં સમ્પ્રાતઃ તલવારની ધાર જેવા તીક્ષ્ણ પાંદડાવાળા વૃક્ષોના મહાવનમાં જઇ પહોંચ્યો, જ્યારે હું ત્યાં પહોંચતો કે ત્યાં **पडंतेहिं पतद्भिः** ઝાડ પરથીખરતા તીક્ષ્ણ **असिपत्तेहिं**–અસિપત્રૈઃ પાંદડાઓથી **अणेगसो** અનેકશઃ અનેક પ્રકારે **छिन्नपुव्वो**–છિન્નપૂર્વઃ આગલા ભવોમાં હું છેદાયો હતો. ॥ ૬૦ ॥

કિંચ— "मुग्गरेहिं" ઇત્યાદિ।

અન્વયાર્થ—હે માતા પિતા! નરકમાં **मुग्गरेहिं मुसंढेहिं सूलेहिं मुसलेहिय—मुद्गरैः मुसंढीभिः शूलैः मुसलैश्च** લોઢાના મુગ્દળોથી, લપડાકથી વિશેષથી—શૂળ અને મુશળોથી જ્યારે પરમાધાર્મિક દેવો મારા ઉપર પ્રહાર કરતા હતા ત્યારે **भग्गगत्तेहिं—भग्नगात्रेण** ભગ્ન શરીર બનીને **गयासं—गताशम्** પોતાના જીવનની અથવા પરિત્રાણની આશા છોડી દેતો હતો. અને **अणंतसो दुक्खम् पत्तं—अनन्तशः दुःखम् प्राप्तम्** અનંત દુઃખોને પ્રાપ્ત કરતો હતો ત્યાં એવી અવસ્થામાં મારો કોઇ સહાયક ન હતો, ॥ ૬૧ ॥

તથા— "खुरेहिं" ઇત્યાદિ।

અન્વયાર્થ—હે માતા પિતા! નરકમાં હું **अणेगसो—अनेकशः** અનેક વાર **कप्पणीहिय—कल्पनीभिः** કાતરથી **कप्पिओ—कल्पितः** કપાયો છું અને **फासिओ—पाटितः** વસ્ત્રની માફક ચિરાયો છું. **तिक्खधाराहिं खुरेहिं—तीक्ष्णधाराभिः क्षुरैः** તીક્ષ્ણધારવાળી છરીઓથી **छिन्नो—छिन्नः** છિન્ન ભિન્ન કરાયેલ છું. તથા વધારે તો શું કહું પરંતુ **छुरियाहिं—क्षुरिकाभिः** છરાઓ અને અસ્ત્રાઓ દ્વારા **उक्कित्तो—उत्कृतः** મારી ચામડી કાપી કાપીને મારાથી જુદી કરાઈ છે. ॥ ૬૨ ॥

છતાં પણ— "पासेहिं" ઇત્યાદિ!

અન્વયાર્થ—હે માતા પિતા! નરકમાં अहं—अहम् પરમાધાર્મિક દેવોએ એ સમયે **पासेहिं कूडजालेहिं—पाशैः कूटजालैः** મને બંધન અને કૂટ જાળોથી **वाहिओ—वाहितः** ખૂબ બાંધ્યો હતો તથા બંધન બાંધીને **बद्ध रुद्धो—बद्ध रुद्धः** તેઓએ એક તરફ ફેંકી દીધો હતો. અને આ રીતે મારૂં હલનચલન પણ અટકાવી દીધેલ એવી સ્થિતિમાં હું **मिओवा अवसो—मृग इवअवशः** મૃગલાની માફક સાવ પરાધીન બનીને **बहुसो चेव—बहुशः एव** એ દેવોને ઘણીવાર વીનવતો હતો.

ભાવાર્થ—માતાપિતાને પોતાના દુઃખની કથા સંભળાવવાના ઉદ્દેશથી મૃગાપુત્ર એમને કહે છે કે હે માતાપિતા! એ પરમાધાર્મિક દેવોએ પૂર્વભવમાં નરકમાં મારી ખૂબ જ દુર્દશા કરી હતી. જે પ્રમાણે મૃગને કોઇ પારધી પહેલાં પાશ તેમ જ કૂટબંધનથી ઠગી લે છે પછીથી તે તેને તે દ્વારા જકડીને તેની સાથે પોતાનું મનમાન્યું કરે છે. એજ પ્રમાણે આ દુષ્ટ દેવોએ મારી હાલત કરી હતી. તેઓએ પહેલાં તો મને બંધનથી ઠગ્યો. પછી જ્યારે હું નિર્બંધ બની ચૂકયો ત્યારે તેમણે મને જાળમાં ફસાવી દીધો અને એ રીતે મારી એવી સ્થિતિમાં તેઓએ પોતાને મન ફાવ્યું તે રીતે મારી સાથે વર્તન કર્યું. તે એટલે સુધી કે અનેકવાર તે દેવોએ મારા શરીરના ટુકડે ટુકડા કરી નાખ્યા છતાં પણ આ અભાગિનું અકાળ મૃત્યુ પણ ન થયું—મોત ન આવ્યું. ॥ ૬૩ ॥

વળી—"गलेहिं" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે માતાપિતા! નરકમાં **गलेहिं मगरजालेहिं—गलैः मकरजालैः** ગલથી—માછલીને પકડવાને માટેના એક પ્રકારના કાંટાથી માછલીનું રૂપ ધારણ કરવાવાળા પરમાધાર્મિક દેવોએ બનાવેલ જાળોથી **मच्छो वा अवसो—मत्स्य इवावशः** માછલાની માફક પરાધીન બનેલ એવો હું **अणंतसो-अनन्तशः** અનેકવાર **उल्लिहिओ—उल्लिखितः** ભેદાયેલો છું. **फालिओ—पाटितः** ફડાયેલ છું. **गृहीओ—गृहीतः** પકડાયેલ છું, અને **मारिओ—मारितः** મરાયેલ છું.

ભાવાર્થ—જે પ્રકારે માછીમાર અહીંયાં જાળ અને વાંસથી માછલીઓને પકડી લે છે ત્યારબાદ તેને મારીને ખાઇ જાય છે એ પ્રમાણે પરમાધાર્મિક દેવોએ પણ નરકમાં મારી એવી દુર્દશા કરી હતી. મને તેઓએ પકડીને કાપેલ છે, ચીરેલ છે, અને મારેલ છે. ॥૬૪॥

વળી પણ—"**विदंसएहिं**" ઇત્યાદિ !

અન્વયાર્થ—હે માતા પિતા ! હું **अणंतसो—अनन्तशः** અનેક વખત નરકોમાં **सउणोविव—शकुन इव** પક્ષીઓની માફક **विदंसएहिं जालेहिं लिप्पाहिं—विदंशकैः जालैः लेप्यैः** વિદંશકોથી, પક્ષીઓને પકડવાવાળા શિકારીઓ બાજ પક્ષીઓની, મદદથી પકડે છે અથવા જાળદ્વારા તેને **गहियो बद्धोय लग्गोय—गृहितः बद्धः लग्नश्च** બાંધે છે અને ચોંટાડવાના ગુંદર જેવા ચીકણા લેપથી એને ચોંટાડી દે છે, **मारिओ—मारितः** પછી મારી નાખે છે એજ પ્રમાણે હું પકડાયો છું, બંધાયો છું ચોંટાડાયો છું અને મરાયો છું.

ભાવાર્થ—જે પ્રકારે લુબ્ધક (શિકારી) આ લોકમાં શિકારીઓ બાજ પક્ષીયોની સહાયતાથી પક્ષીઓને પકડી લે છે અથવા જાળથી તેને બાંધી લે છે, તથા ચોંટાડવાવાળો લેપ ચોપડીને તેને ચોંટાડી દે છે અને પાછળથી મારી નાખે છે એજ પ્રમાણે પરમાધાર્મિક દેવ પોતાની વૈક્રિય શક્તિથી નરકમાં આ જીવને બાજ વગેરેનાં રૂપ બનાવીને પકડી લે છે તથા તેને જાળમાં બાંધી લે છે અને લેપ્ય દ્રવ્યથી તેને ચોંટાડી દે છે અને પછીથી તેને મારી નાખે છે. જેથી હે માતા પિતા ! મારી પણ એ દેવોએ ત્યાં એવી હાલત કરી હતી અને તે એકવાર નહીં પણ અનેકવાર કરી હતી. ॥૬૫॥

તથા—"**कुहाउ**" ઇત્યાદિ !

અન્વયાર્થ—જે પ્રમાણે આ લોકમાં **वड्ढई हिं कुहाउपरसुमाईहिं द्रुमोविव-वर्द्धकिभिः कुठारपरश्वादिभिः द्रुमइव** સુતાર મોટા કુહાડા આદિ શસ્ત્રોથી વૃક્ષ અને લાકડાને **अणंतसो कुट्टिओ फालिओ छिन्नो तच्छिओ य—कुट्टितः पाटितः छिन्नः तक्षितश्च** નાના ટુકડા ના રૂપમાં કરી નાખે છે. ચીરિ નાખે છે, છેદી નાખે છે, અને છોલી નાખે છે. આજ પ્રમાણે નરકમાં પણ એ પરમાધાર્મિક દેવોએ મારી એવી દશા અનંતવાર કરેલ છે. ॥૬૬॥

ફરી—"**चवेड**" ઇત્યાદિ !

અન્વયાર્થ—હે માતા પિતા ! જેવી રીતે **कुमारेहिं अयं पिव चवेड मुट्टि माईहिं—कुमारैरयइव चपेटामुष्ट्यादिभिः** કુંભાર, લુહાર ઘણ લઈને લોઢાને ટીપે છે તે પ્રમાણે **अनंतसो ताडिओ कुट्टिओ भिन्नो चुन्निओ य—अनंतशः ताडितः—कुट्टितः भिन्नश्चूर्णितश्च** પરમાધાર્મિક દેવોએ પણ મારી આ પ્રમાણેની દુર્દશા નરકમાં અનેકવાર કરી છે. તેઓએ મને ત્યાં માર્યો છે, ટીપ્યો છે, મારા ટુકડે ટુકડા કર્યા છે, અને મારો ચૂરા પણ કર્યો છે. ॥૬૭॥

કિંચ—"**तत्ताइं**" ઇત્યાદિ !

અન્વયાર્થ—હે માતા પિતા ! **तत्ताइं कलकलंताइं तंबलोहाइं-तप्तानि कलकलायमानानि ताम्रलोहानि** નરકમાં પરમાધાર્મિક દેવોએ તપેલા તથા ઉકળતા એવા તાંબા અને લોઢાના પાણીને, **तउआणि सीसगाणि य—त्रपुकानि सीसकानि च** ત્રપુ રાંગના પાણીને, સીસાના પાણીને, **सुभेरवं—सुभैरवम्** ભયંકર **आरसंतो—आरसन्**

ઇદન કરનારા એવા મને **पाइओ-पायितः** પીવરાવ્યું છે. નરકમાં નારકીઓને પાણીની જગાએ ઉકળતું લોહું, રાંગા, અને સીસું પીવરાવીને પરમાધાર્મિક દેવો પીડે છે. મૃગા પુત્ર કહે છે કે આ દશા મારી ત્યાં થયેલ હતી. ॥૬૮॥

તથા—"**तुहं**" ઇત્યાદિ !

અન્વયાર્થ—હે માતા પિતા ! એ પરમાધાર્મિક દેવોએ મને એવું કહીને માંસ ખવડાવ્યું છે કે હે નારક ! તને પહેલા ભવમાં **खंडाइं-खण्डानि** ખંડ રૂપ તથા **सोल्लाणि य-शूलाकृतानि च** શૂળ ઉપર પરોવીને પકાવેલું **मंसाइं-मांसानि** માંસ **पियाइं-प्रियाणि** ઘણું જ પ્રિય હતું જેથી હવે અહીંયાં પણ આજ પ્રકારનું માંસ ખા. આ પ્રમાણે સ્મરણ કરાવીને તે લોકોએ **समंसाइं-स्वमांसानि** મારા શરીરમાંનું માંસ કાપીને અને તેના ટુકડા બનાવીને શૂળ ઉપર ચડાવી પછી તેને **अग्गिवण्णाइ=अग्निवर्णानि** પકાવીને મને ખૂબ ગરમા ગરમ **अणेगसो खाइओमि-अनेकशः खादितोस्मि** ખવરાવ્યું હતું અને તે એક વખત નહીં પરંતુ અનેક વખત. ॥૬૯॥

કિંચ—"**तुहं**" ઇત્યાદિ

અન્વયાર્થ—હે માતા પિતા ! પરમાધાર્મિક દેવોએ નરકમાં મને **तुहं सुरा मेरओ य महूणि य पिया-तव सुरा सीधुः मैरेयश्च प्रिया** એ વાતની સ્મૃતિ કરાવીને ખૂબ ગરમાગરમ સુરા ચંદ્રહાસ નામનું મદ્ય, તાડ વૃક્ષની તાડી, મૈરેય,-પિષ્ટોદ્ભવ મદ્ય, મધુ-પુષ્પોમાંથી તૈયાર કરવામાં આવેલું મદ્ય, એવી અનેકપ્રકારની શરાબ મને અનેકવાર **पाइओ-पायितः** પીવરાવેલ છે તથા **जलंतीओ वसाओ रुहिराणि य-ज्वलन्तीःवसा रुधिराणि च** ગરમા ગરમ ચરબી અને લોહી પણ અનેકવાર **पाइओ-पायितः** પીવરાવેલ છે. કે હે નારક ! તને પૂર્વભવમાં આ બધી ચીજો ઘણી પ્રિય હતી. ॥ ૭૦ ॥

હવે નરકના દુઃખોનો ઉપસંહાર કરતાં કહે છે—"**निच्चं**" ઇત્યાદિ !

અન્વયાર્થ—હે માતા પિતા ! નરકમાં **निच्चं-नित्यं** હંમેશાં **भीएण-भीतेन** ભયવાળા તથા **तत्थेणं-त्रस्तेन** ઉદ્વિગ્ન એ કારણથી **दुहिएणं-दुःखितेन** દુઃખિત અને વ્યથિત બનેલા **मए-मया** એવા મેં **दुहसंवद्धा-दुक्खसंवद्धाः** દુઃખોના સબંધ-રૂપ **परमा-परमाः** અનેક પ્રકારની **वेयणा-वेदनाः** વેદનાઓ અનેકવાર **वेइया-वेदिताः** અનુભવ કરેલ છે.

ભાવાર્થ—નરકની વકતવ્યતાનો ઉપસંહાર કરી રહેલા મૃગાપુત્ર કહે છે કે, હે માતા પિતા ! આ પ્રમાણે મેં નરકની વેદનાઓને અનેકવાર ભોગવી છે. ॥૭૧॥

તથા— "**तिव्वचंडप्पगाढाओ**" ઇત્યાદિ !

અન્વયાર્થ—હે માતા પિતા ! **तिव्वचंडप्पगाढाओ-तीव्रचंडप्रगाढाः** રસાનુભાવની અધિકતા વાળી હોવાથી તીવ્ર, વકતુમ અશકય હોવ થી ચંડ, અને ભારે હોવાના કારણથી પ્રગાઢ એવા **घोराओ-घोराः** રૌદ્ર જેને સાંભળતાં શરીરમાંથી કંપારી છુટે છે એવી તથા **अइदुस्सहा-अतिदुस्सहा** અત્યંત દુઃસહ અને **महाभयाओ भीमाओ-महाभयाभीमाः** મહા ભયોત્પાદક અથવા મહાન ભયના સ્થાન રૂપ તથા

ભીમ જેને સાંભળવાથી ભય લાગે છે. એવી વેદનાઓ **मए–मया** મેં **नरएसु नरकेषु** નરકમાં **वेइया–वेदिताः** ભોગવી છે. ॥ ૭૨ ॥

આ વેદનાઓની તીવ્રતાનું વર્ણન કરે છે—**"जारिसो"** ઇત્યાદિ !

અન્વયાર્થ—**ताया–तात** હે માતા પિતા ! **माणुसे लोए–मानुषे लोके** મનુષ્ય લોકમાં **जारिसा–यादृश्या** જે પ્રકારની **वेयणा–वेदनाः** વેદનાઓ જોવામાં અને ભોગવવામાં આવે છે **एत्तो–इतः** તેનાથી પણ **अणंत गुणिया–अनंत गुणिताः** અનેકગણી **दुक्ख-वेयणा नरएसु–दुःख वेदना नरकेषु** દુઃખ વેદનાઓ મેં નરકોમાં ભોગવી છે. ॥ ૭૩ ॥

એ વેદનાઓ સઘળી ગતીમાં ભોગવેલ છે તેને કહે છે—**" सव्वभवेसु "** ઇત્યાદિ !

અન્વયાર્થ—હે માતા પિતા ! મેં આ **मए–मया** દુઃખરૂપ **वेयणा–वेदनाः** વેદનાઓને નરકમાં જ ભોગવી છે એવું નથી પરંતુ **सव्वभवेसु–सर्वभवेषु** પ્રત્યેક ગતિમાં આ **असाया–असाता** દુઃખરૂપ **वेयणा वेइया–वेदना वेदिताः** વેદનાઓને ભોગવેલ છે. કેમકે, દેવાદિક ગતિઓમાં **निमेसंतरमित्तंपि–निमेषान्तरमात्रमपि** એક નિમેષ માત્ર પણ **साया वेयणा नत्थि–शाता वेदना नास्ति** સુખનું વેદન નથી. જોકે આગતિઓમાં-દેવાદિક ગતિઓમાં વૈષયિક સુખ છે. પરંતુ વિચાર કરવાથી એ નિશ્ચિત થાય છે કે, એ સુખ નથી પરંતુ તે તો દુઃખનો એક પ્રકાર જ છે. કેમ કે, તેમાં ઇર્ષ્યા આદિ અનેક દુઃખોની ખાણ છે તથા તે પરિણામમા દારૂણ છે. કહેવાનું તાત્પર્ય ફક્ત એટલું જ છે કે, હે માતા પિતા ! મેં કોઈ ગતિમાં કદી પણ સુખનું દર્શન કરેલ નથી. આથી હું મારા આત્માને સુકુમાર અને સુખોપચિત કઇ રીતે માનું ? જ્યારે મેં અનંતવાર નરકોમાં અતિ ઉષ્ણ શીતાદિકની દુઃખ વેદનાઓને ભોગવેલ છે ત્યારે એની આગળ મહાવ્રતોની પાલના કરવી અને ક્ષુધાદિકની વેદનાઓને સહેવી કંઈજ હીસાબમાં નથી એના પાલનમાં તેની અપેક્ષાએ કોઈ દુષ્કરતા નથી. આ કારણે હું દીક્ષા અવશ્ય અવશ્ય ધારણ કરીશ. ॥ ૭૪ ॥

આવું કહેવાથી માતા પિતાએ શું કહ્યું તેને કહે છે-**"तं बिंत"** ઇત્યાદિ !

અન્વયાર્થ—મૃગાપુત્રનાં આ પ્રકારનાં વચનને સાંભળીને તથા એની હાર્દિક દૃઢતાને જાણીને **अम्मापिअरो–मातापितरौ** માતા પિતાએ **तं–तम्** તેને **बिंत–ब्रूत** કહ્યું **पुत्त–पुत्र छंदेणं पव्वया–छन्देन प्रव्रज** તમારી રૂચી અનુસાર દીક્ષા લઈ શકો છો. અમારો એમાં કોઈ પ્રકારનો વાંધો નથી. **नवरं–नवरम्** પરંતુ એક વાત છે કે, **सामण्णे–श्रामण्ये** આ ચારિત્રમાં **निप्पडिकम्मया दुक्खं–निष्प्रतिकर्मता दुःखम्** નિષ્પ્રતિકર્મતા દુઃખ છે=અર્થાત્ જીનકલ્પીશ્રમણ રોગના પ્રતિકાર માટે-દવા આદિનો ઉપયોગ કરી શકતા નથી. સ્થવિરકલ્પી તો નિરવદ્ય પ્રતિકર્મ કરી શકે છે. આથી જીનકલ્પ અવસ્થામાં નિષ્પ્રતિકર્મતા-રોગ પ્રતિકારાભાવ-એ દુઃખનો હેતુ છે. ॥ ૭૫ ॥

માતા પિતાનું આ પ્રકારનું કહેવું સાંભળીને મૃગાપુત્ર કહે છે-**"सो बिंत"** ઇત્યાદિ !

અન્વયાર્થ—માતા પિતાની આ વાતને સાંભળીને **सो अम्मापियरो बिंत–सः अम्बापितरौ ब्रूते** મૃગાપુત્રે એમને કહ્યું કે, આપે જે **एवं–एवम्** પૂર્વોકત પ્રકારથી નિષ્પ્રતિકર્મતામાં દુઃખરૂપતા પ્રગટ કરી છે. તો આપનું **एयं–एतत्** એ કહેવું **जहा फुडम्–यथा स्फुटम्** બીલકુલ સત્ય છે. પરંતુ આપ એ વાતનો પણ વિચાર

કરે કે, अरण्णे मियपक्खिणं को परिकम्मं कुणइ–अरण्ये मृगपक्षिणां कः परिकर्म-करोति અટવીમાં રહેવાવાળા મૃગ અને પક્ષીઓના પ્રતિકર્મ–રોગની ઉત્પત્તિમાં દવાનો ઉપચાર કોણ કરે છે? અર્થાત્ કોઈ કરતા નથી. ॥ ૭૬ ॥

જ્યારે એવું છે તો—"एगभूए" ઇત્યાદિ!

અન્વયાર્થ—जहा–यथा જે રીતે अरण्णे–अरण्ये જંગલમાં मिगे–मृगः મૃગ एगभूए–एकभूतः એકાકી સ્વતંત્ર–નિરપેક્ષ થઇને चरई–चरति વિચરણ કરે છે. एवं–एवम् આ પ્રમાણે હે માતા પિતા! હું પણ સત્તર પ્રકારનાં संजमेण–तवेण य–संयमेन तपसा च સંયમની તથા અનશન આદિ બાર પ્રકારના તપથી પોતાના આત્માને ભાવિત કરીને धम्मं चरिस्सामि–धर्मं चरिष्यामि શ્રુત ચારિત્રરૂપ ધર્મનું આચરણ કરીશ. મને આ ધર્મના સેવનમાં કોઈ સહાયકની અપેક્ષા નથી. ॥ ૭૭ ॥

આના ઉપર દૃષ્ટાન્ત કહે છે—"जया" ઇત્યાદિ!

અન્વયાર્થ—હે માતા પિતા હું આપને પૂછું છું કે, जया–यदा જે સમયે મહા અરણ્યમાં વિચરવાવાળા मियस्स–मृगस्य મૃગને કોઇ आयंको–आतङ्को રોગ થઈ જાય છે એ સમયે रुक्खमूलम्मि–वृक्षमूले વૃક્ષના થડની પાસે अच्छंतं–आसीनं પડેલા कोणं ताहे तिगिच्छई–कस्तं तदा चिकित्सति એ મૃગની ચિકિત્સા કોણ કરે છે? અર્થાત કોઇ કરતું નથી. ॥ ૭૮ ॥

પછી—"को वा से" ઇત્યાદિ

અન્વયાર્થ—હે માતા પિતા! से–तस्मै એ રોગગ્રસ્ત મૃગને को वा ओसहं देइ–को वा औषधं ददाति કોણ ઔષધિ લાવીને આપે છે, અને को वा से पुच्छइ सुहं–को वा तस्य पृच्छति सुखम् કોણ એના સુખ દુઃખની વાત પૂછે છે, તથા को वा से भत्तपाणं वा आहरित्तु पणामए–को वा तस्मै भक्तपानं वा आहृत्य प्रणामयति કોણ એની પાસે જઇને એને આહારપાણી પહોંચાડે છે? અર્થાત્ કોઇ આપતું નથી. ॥૭૯॥

પછી એનો નિર્વાહ કઇ રીતે થઇ શકે છે? આને કહે છે–"जया य" ઇત્યાદિ!

અન્વયાર્થ—जया–यदा જે વખતે से–सः તે બિચારો મૃગ सुही होइ–सुखी भवति નીરોગી થઇ જાય છે. तया–तदा એ વખતે તે પોતાના ખોરાકને માટે गोयरं–गोचरं ચરવા માટે ગોચર ભૂમીમાં गच्छइ–गच्छति નીકળી જાય છે ત્યાં એ ગાઢ વનોમાં જઇને ખાય છે અને તળાવોમાં જઇ પાણી પીવે છે ॥ ૮૦ ॥

પછી શું કરે છે તે બતાવે છે—"खाइत्ता" ઇત્યાદિ.

અન્વયાર્થ—આ માટે જે પ્રકારે એ મૃગ वल्लरेहिं–वल्लरेषु ગાઢા વન અને सरेहिं य–सरस्सु च તળાવો ઉપર જઇને खाइत्ता–खादित्वा ખાઇ पाणीयं पाउ–पानी यं पीत्वा પાણી પીએ છે અને ખાઇ પીને પોતાની સ્વાભાવિક ગતિથી જ્યાં ત્યાં ખેલતા કૂદતા પોતાના સ્થાન ઉપર પહોંચી જાય છે. ॥ ૮૧ ॥

હવે આનું દૃષ્ટાંતિક કહે છે–"एवं" ઇત્યાદિ!

અન્વયાર્થ—एवं–एवम् આ રીતે संमुट्ठिओ–समुत्थितो સંયમનું અનુષ્ઠાન કરવામાં લવલીન અથવા સમુદ્યત भिक्खू–भिक्षुः ભિક્ષુ રોગાદિક આતંકોની ઉત્પતિ વખતે ચિકિત્સા તરફ નિરપેક્ષ રહ્યા કરે છે: અને एवमेव–एवमेव મૃગની માફક अणेकगी–अनेकशः અનિયત સ્થાનમાં ફરતા રહે છે. જ્યારે તે નિરોગી બની જાય છે ત્યારે તે मिगचारियं चारित्ताणं–मृगचर्यां चरित्वा ગોચરી માટે નિકળીને તેમાં મળતા भक्तपानथी–આહાર પાણીથી પોતાના નિર્વાહ કરતા રહે છે, તથા વિશિષ્ટ

સમ્યગ્જ્ઞાન આદિ ભાવથી શુકલધ્યાન ઉપર આરૂઢ થઈ જાય છે અને આ રીતે એ કર્મ મળ વગરના થઈને **उड्ढंदिसं पक्कमई–उर्ध्वां दिशम् प्रक्रामति** મુક્તિ સ્થાનમાં જઈને બિરાજમાન થાય છે. રોગના અભાવમાં ભિક્ષાના માટે ગમન જીવકલ્પીની અપેક્ષાથી કહેવાએલ છે એમ જાણવું જોઈએ. ॥ ૮૨ ॥

હવે મૃગચર્યાને સ્પષ્ટ કરતાં કહે છે—**"जहा मिगे"** ઇત્યાદિ !

અન્વયાર્થ--**जहा–यथा** જે પ્રમાણે **एग मिये–एकः मृगः** એકલો મૃગ **अणेगचारी–अनेकचारी** નિયત સ્થાનોમાં ભકતપાન-આહારપાણી માટે ફર્યા કરે છે. **अने अणेगवासे–अणेगवासः** અનિયત અનેક સ્થાનોમાં રહ્યા કરે છે. તથા **धुवगोयरेय–ध्रुवगोचरश्च** નિશ્ચયથી ગોચર ભૂમિમાં જે મળી શકે તે આહારને ખાય પીએ છે. **एवं–एवम्** તેવી રીતે **मुणी–मुनिः** મુનિપણે **एग–एकः** રાગદ્વેષથી રહિત હોવાના કારણે એકલા હોવા છતાં ભિક્ષા નિમિત્ત ઉંચ નીચ અને મધ્યમ અનેક અનિયત ગૃહોમાં ભિક્ષા નિમિત્તે ભ્રમણ કરે છે અને નિશ્ચિતવાસ રહીત હોય છે. તથા સદાને માટે ભિક્ષા આહારને કરવાવાળા હોય છે. એવા મુની જ્યારે **गोयरीयं पविट्ठे हवइ–गोचर्यां प्रविष्ठो भवति** ગોચરી માટે બહાર નિકળે છે ત્યારે અન્તપ્રાન્ત આહાર મળવા છતાં પણ આપનાર દાતાની **नो हीलये–नो हीलयति** નિંદા કરતા નથી. અથવા **नो विय खिंसइज्जा–नोऽपिच खिंसयति** ન મળવાથી પોતાની તેમજ બીજાની નિંદા પણ કરતા નથી. ॥ ૮૩ ॥

મૃગચર્યાનું વર્ણન કરીને મૃગાપુત્રે જે કહ્યું તથા માતાપિતાએ જે કહ્યું તે તથા ત્યારબાદ મૃગાપુત્રે જે કર્યું તેને કહે છે—**"मिगचारियं"** ઇત્યાદિ !

અન્વયાર્થ—આ પ્રકારથી મૃગાચર્યાના સ્વરૂપને કહીને મૃગાપુત્રે કહ્યું કે, હે માતા પિતા ! હું પણ **मिगचारियं चरिस्सामि–मृगचर्यां चरिष्यामि** આવી મૃગ ચર્યાનું સેવન કરીશ. પુત્રની આવી વિચારધારાને સાંભળીને આનંદપૂર્વક તેમણે કહ્યું કે, **पुत्ता–पुत्र** હે પુત્ર **जहा सुहं एवं–यथा सुखम् एवम्** ઘણા આનંદની સાથે સારી રીતે એવું તમે કરો. હવે અમો આ વિષયમાં તમારો અવરોધ કરવા ઇચ્છતા નથી. અમો તમોને અમારી સંમતિ આપીએ છીએ કે, તમે સંસાર સમુદ્રને પાર કરવા-વાળી આ દીક્ષાનો અંગિકાર કરો ! **अम्मापिईहिऽण्णुण्णाओ–अम्बापितृभ्यामनुज्ञातो** માતા પિતાની એવા પ્રકારની આજ્ઞા પ્રાપ્ત કરી મૃગાપુત્રે **तओ उवहिं जहाइ–ततः उपधिं जहाति** ધનધાન્ય આદિક દ્રવ્ય પરિગ્રહનો તથા કષાય આદિ આભ્યંતર પરિગ્રહનો ત્યાગ કરી દીધો. ॥ ૮૪ ॥

આ વાતને પછીથી કહે છે—**"मिगचारियं"** ઇત્યાદિ !

અન્વયાર્થ—હે માતા પિતા ! **तुब्भेहिं अब्भणुण्णाओ–युष्माभिरभ्यनु ज्ञातो** આપની આજ્ઞા પ્રાપ્ત કરીને **सव्वदुक्खविमोक्खणिं–सर्वदुक्खविमोक्षणीम्** હું સર્વ દુઃખોનો નાશ કરવાવાળી **मिगचारियं–मृगचर्यां** મૃગચર્યા–નિષ્પત્તિ કર્મ-રૂપતાનું **चरिस्सामि–चरिष्यामि** સેવન કરીશ. આ પ્રમાણે જ્યારે મૃગાપુત્રે તેમને કહ્યું ત્યારે તેના માતાપિતાએ કહ્યું કે, **पुत्त–हे पुत्र** હે પુત્ર ! જેમાં તમોને **जहासुहं गच्छ–यथासुखं गच्छ** સુખ મળી શકે તેવું કામ કરો. અમારી ચિંતા જરાપણ ન કરો. અમો તમોને આજ્ઞા આપીએ છીએ કે, તમો પ્રવજ્યા ગ્રહણ કરો. ॥૮૫॥

માતા પિતાની આજ્ઞા મળવાથી મૃગાપુત્રે શુ કર્યું. તે વાતને કહે છે–"एवं से" ઇત્યાદિ !

અન્વયાર્થ—આ પ્રકારે **ताहे–तदा** તે સમયે મૃગાપુત્રે **अम्मपियरो अणुमणित्ताणं–अम्बापितरौ अनुमान्य** પોતાના માતાપિતાને દીક્ષા લેવાની આજ્ઞામાં અનુમત કરીને **महानागो–महानागः** જે પ્રકારે મહાસર્પ પોતાની **कंचुयं–कञ्चुकम् इव** કાંચળીનો પરિત્યાગ કરી દે છે. એવીજ રીતે તેણે **तहो–तदा** બહુ વિધ મમત્વનો પરિત્યાગ કરી દીધો. ॥ ૮૬ ॥

આ ગાથા દ્વારા સૂત્રકારે "અંતરંગ પરિગ્રહનો ત્યાગ મૃગાપુત્રે કર્યો' એ વાત પ્રદર્શિત કરેલ છે. હવે બાહ્ય પરિગ્રહનો પણ તેણે ત્યાગ કરી દીધો એ વાતને આ ગાથા દ્વારા કહે છે—"इड्ढी वित्तं च" ઇત્યાદિ !

અન્વયાર્થ—વસ્ત્રને ચોંટેલી ધૂળની માફક મૃગાપુત્રે **इड्ढी–ऋद्धिं** હાથી ઘોડા આદિ સંપતિનો **वित्तं–वित्तं** હિરણ્ય સુવર્ણ આદિ વિત્તનો, **मित्तेय–मित्राणि च** મિત્ર જનોનો, **पुत्तदार च नायओ–पुत्रदारंच ज्ञातिन्** પુત્રનો, સ્ત્રીનો, તથા પોતાના જ્ઞાતિજનોનો **पडेलग्गं रेणुयव–पटे लग्नं रेणुकमिव** લુગડામાં લાગેલ ધૂળની માફક પરિત્યાગ કરી દીધો અને ઘેરથી નીકળી ગયા. અર્થાત દીક્ષા લઇને મુનિ બની ગયા. ॥૮૭॥

દીક્ષા લઇને તે કેવા બન્યા, તેને કહે છે—**पंचमहव्वयजुत्तो** ઇત્યાદિ !

અન્વયાર્થ—મૃગાપુત્રે **पंचमहव्वयजुत्तो–पञ्चमहाव्रततयुक्तः** પાંચ મહાવ્રતોની **पंचसमियो तिगुत्तिगुत्तो य–पञ्चसमितस्त्रिगुप्तिगुप्तश्च** પાંચ સમિતિઓની અને ત્રણ ગુપ્તિઓની, આ પ્રમાણે તેર પ્રકારના ચારિત્રની આરાધના કરી. તથા **सब्भिंतर बाहिरए–साभ्यन्तर बाह्ये** બાહ્ય અને અભ્યંતરના ભેદથી બાર પ્રકારના **तवो कम्मंसि उज्जुओ–तपःकर्मणि उद्युक्तः** તપનું પણ પાલન કરવાનો પ્રારંભ કર્યો. પ્રાણાતિપાત વિરમણ આદિ પાંચ મહાવ્રત છે, ઇર્યા સમિતિ, ભાષાસમિતિ, આદાન નિક્ષેપણ સમિતિ, ઉચ્ચાર પ્રસ્રવણ સમિતિ, જલ્લસંઘાણ પરિષ્ઠાપન સમિતિ આ પાંચ સમિતિ છે. મનગુપ્તિ, વચનગુપ્તિ, અને કાયગુપ્તિ, આ ત્રણ ગુપ્તિઓ છે. પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવૃત્ય, સ્વાધ્યાય, ધ્યાન અને વ્યુત્સર્ગ એ છ પ્રકારનાં અભ્યંતર તપ છે. અનશન, ઉણોદરીવૃત્તિ સંક્ષેપણ, રસ પરિત્યાગ, કાયાકલેશ, સંલ્લીનતા આ છ બાહ્ય તપ છે. ॥૮૮॥

પછી કેવા બન્યા તે કહે છે—"निम्ममो" ઇત્યાદિ !

અન્વયાર્થ—તપ કરતાં કરતાં મૃગાપુત્રની પરિણતી એટલી નિર્મળ બની ગઈ કે, **निम्ममो–निर्ममो** વસ્ત્ર, પાત્ર આદિમાં પણ તેમને મમત્વ ન રહ્યું. **निरहंकारो–निरहङ्कारो** અહંકાર ભાવ આત્મામાંથી બીલકુલ ચાલ્યો ગયો. બાહ્ય અને અભ્યંતર પરિગ્રહના ત્યાગથી એમનામાં **निस्संगो–निःसङ्गः** નિઃસંગતા આવી ગઇ. એમની પરિણતી **चत्त गारवो–त्यक्तगौरवः** રિદ્ધિ ગૌરવ, રસ ગૌરવ, સાત ગૌરવથી રહિત બની

ગઇ. **तसेसु थावरेसु य सव्वभूएसु समो–त्रसेषु स्थावरेषु च सर्वभूतेषु समः** રાગદ્વેષના અભાવથી ત્રસ અને સ્થાવર જીવોની ઉપર તેમના ચિત્તમાં સમતા વૃત્તિ આવી ગઈ. ॥૮૯॥

આ વાતને ફરીથી સૂત્રકાર પુષ્ટ કરે છે—"**लाभालाभे** ઇત્યાદિ !

અન્વયાર્થ—મૃગાપુત્રની ચિત્તવૃત્તી **लाभालाभे–लाभालाभे** લાભ અને અલાભમાં વસ્ત્ર પાત્રાદિક તથા ભકત પાનાદિકની- આહારપાણીની પ્રાપ્તિમાં તથા અપ્રાપ્તિમાં સમભાવવાળી બની ગઇ આજ પ્રમાણે **सुहे दुक्खे–सुखे दुःखे** સુખ દુઃખ **जीविए मरणे तहा–जीविते मरणे तथा** જીવિત, મરણ તથા **निन्दापसंसासु–निन्दा प्रशंसासु** નિંદા પ્રશંસા અને **माणावमाणओ–मानापमानतः** માન તથા અપમાનમાં **पण समो–समो** સમભાવવાળા બની ગયા. ॥ ૯૦ ॥

પછી—"**यारवेसु**" ઇત્યાદિ !

અન્વયાર્થ—તપ કરતાં કરતાં રિદ્ધિ આદિ ત્રણ પ્રકારનાં **गारवेसु–गौरवेभ्यः** ગૌરવોથી, ક્રોધાદિક ચાર પ્રકારના **कसाएसु–कषायेभ्यः** કષાયોથી મન વચન અને કાયાના સાવદ્ય વ્યાપાર રૂપ **दंडसल्लभएसु य–दण्डशल्यभयेषु च** મનોદંડ, વચનદંડ, કાયદંડ એ ત્રણ દંડોથી, માયાશલ્ય, નિદાનશલ્ય અને મિથ્યાદર્શન શલ્ય, આ શલ્યોથી, આલોક ભય, પરલોક ભય, આદાન ભય, અકસ્માત ભય, મરણ ભય, અયશો ભય, અને આજીવિકા ભય, આ સાત ભયોથી તથા **हाससोगाओ नियत्तो–हासशोकात् निवृत्तः** હાસ્ય, શોકથી નિવૃત્ત થઇને તે **मुनिराज–મૃગાપુત્ર अणियाणो अबंधणो–अनिदानः अबन्धनः** અનિદાન અને અબંધનરૂપ બની ગયા. ॥ ૯૧ ॥

તથા—"**अणिस्सिओ**" ઇત્યાદિ !

અન્વયાર્થ—એ મૃગાપુત્ર મુનિરાજ તપસ્યાની આરાધનાથી **इहलोए–इहलोके** આ લોક સંબંધી રાજાદિક દ્વારા પ્રાપ્ત સન્માન આદિના વિષયમાં જે રીતે **अणिस्सिओ–अनिश्रितः** નિશ્રા રહિત બની ગયા હતા. એજ રીતે તે **परलोए अणिस्सिओ–परलोके अनिश्रितः** પરલોક–દેવલોક સંબંધિ સુખના ઉપભોગ આદિમાં પણ નિશ્રા રહિત બન્યા. આ લોક અને પરલોકના માટે તપ ન કરવું જોઇએ. આના ઉપર કહ્યું પણ છે—

"**णो इह लोगट्ठयाए तव महिट्ठिज्जानो परलोगट्ठयाए तवमहिट्ठिज्जा**"

આ રીતે એમની ચિત્તવૃત્તિ પણ **वासीचंदणकप्पो य–वासीचन्दनकल्पश्च** સુગંધિત ઘસાયેલા ચંદન જેવી બની ગઈ. જે પ્રમાણે ચંદન પોતાને કાપવ વાળા કુહાડાને પણ સુગંધિત બનાવી દે છે, તે પ્રમાણે મૃગાપુત્ર પણ પોતાના અપકારી તરફ પણ દ્વેષભાવથી રહિત બન્યા. તથા **वासी–વસુલાની** માફક પોતાના અપકારીને પણ ચંદનના જેવા માનવા લાગી ગયા હતા.તથા અશનમાં અને અનશનમાં પણ તે મૃગાપુત્ર મુનિરાજ સમચિત્ત બની ગયા.કુત્સિત અર્થમાં નત્ર શબ્દના પ્રયોગથી અન્ત પ્રાન્ત આહાર અહીં અનશન શબ્દથી ગ્રહણ કરાયેલ છે. અથવા આહાર ન કરવો એ પણ અનશન શબ્દનો અર્થ થાય છે. ॥૯૨॥

तथा—"अप्पसत्थेहिं" इत्यादि ।

अन्वयार्थ—એ મૃગાપુત્ર મુનિરાજે अज्झप्पज्झाणजोगेहिं–अध्यात्मध्यानयोगैः અધ્યાત્મ સંબંધી શુભ ધ્યાનના સંબંધથી अपसत्थेहिं दारेहिं–अप्रशस्तेभ्यो द्वारेभ्यः અપ્રશસ્ત દ્વારોથી આવવાવાળા सव्वओ पिहियासवे–सर्वतः पिहितास्रवः આ સર્વને બીલકુલ રોકી દીધેલ અને पसत्थदमसासणे-प्रशस्तदमशासनः પ્રશસ્ત દમ ઉપશમ અને શાસન જીન આગમ અનુસાર પ્રવૃત્તિમાં પોતાની જાતને વિસર્જીત કરી દીધી. ॥૯૩॥

આજ વાતને સૂત્રકાર બે ગાથાઓથી ફરીને પ્રદર્શિત કરે છે—"एवं" इत्यादि !

અન્વયાર્થ—एवं–एवम् આ પ્રકારે नाणेण–ज्ञानेन મતિશ્રુત આદિ જ્ઞાનથી चरणेणं–चरणेन શાસ્ત્રોકત આચરણથી અને दंसणेणं–दर्शनेन શુદ્ધ સમ્યક્ શ્રદ્ધારૂપ દર્શનથી તથા तवेण य सुद्धाहिं भावणाहिं–तपसा च शुद्धाभिः भावनाभिः નિદાન આદિ દોષોથી મુકત મહાવ્રત સંબંધી પચીસ ભાવનાઓથી અથવા બાર ભાવનાઓથી अप्पयं भावित्तं–आत्मानं भावयित्वा પોતાના આત્માને ભાવિત કરીને તથા बहुयाणि वासाणि सामण्णमनुपालिया–बहुकानि वर्षाणि श्रामण्यं अनुपाल्य ઘણા વર્ષો સુધી મુનિ અવસ્થાનું પાલન કરીને મૃગાપુત્ર મુનિરાજે मासियेण भत्तेन अणुत्तरं सिद्धिं पत्तो–मासिकेन भक्तेन अनुत्तरां सिद्धिं प्राप्तः એક માસનો સંથારો ધારણ કરીને અનુત્તર સિદ્ધિને એટલે મુકિત સ્થાનને પ્રાપ્ત કર્યું. ॥૯૪॥ ॥૯૫॥

હવે અધ્યયનનો ઉપસંહાર કરતાં ઉપદેશ કહે છે—"एवं" इत्यादि !

અન્વયાર્થ—શ્રી સુધર્મા સ્વામી શ્રી જમ્બૂ સ્વામીને કહે છે કે હે જંબૂ ! जहा–यथा જેમ मियापुत्तो मिसी–मृगापुत्रः ऋषिः મૃગાપુત્ર ઋષિએ भोगेसु विणिय ट्टति–भोगेभ्यो विनिवर्तन्ते ભોગોનો પરિત્યાગ કરેલ છે एवं–एवम् એવી રીતથી संबुद्धा–संबुद्धाः તત્વોના સમ્યક્ જ્ઞાતા पंडिया–पण्डिताः પંડિતજન પણ અવસર આવવાથી એવું જ કરે છે. ॥ ૯૬ ॥

આ વાતને ફરીથી પ્રકારાન્તરથી ઉપદેશના રૂપમાં બે ગાથાઓથી કહે છે—"महप्पभावस्स" इत्यादि !

અન્વયાર્થ—હે મુનિજનો ! તમે महप्पभावस्स महाजसस्स मियाइपुत्तस्स भासियं निसम्म तवप्पहाणं उत्तमं चरियं तिलोयविस्सुयं गइप्पहाणं च नि-सम्म–महाप्रभावस्य महायशसः मृगापुत्रस्य भाषितं निशम्य तपः प्रधानं उत्तमं चरितं त्रिलोकविश्रुतं गतिप्रधानं च निशम्य દુષ્કર પ્રતિજ્ઞાનું પાલન કરવાથી મહાપ્રભાવક તથા દિગંતમાં વ્યાપ્ત યશશાળી હોવાથી મહાયશસ્વી એવા મૃગાપુત્રનાં, સંસારની અસરતા તથા દુઃખ પ્રચુરતાનાં આવેદક વચનોને તથા તપ પ્રધાન ઉત્તમ ચારિત્રને તથા ત્રણલોકમાં પ્રસિદ્ધ મોક્ષપ્રાપ્તિરૂપ ગતિને સાંભળીને તથા धणं दुक्खविवड्ढणं ममत्तबंधं च महाभयावहं वियाणिया–धनं दुःखविवर्धनं

ममत्त्वबन्धं च महाभयावहं विज्ञाय ધનને દુઃખના વિશેષ રૂપને વધારનાર અને માતા પિતા સ્ત્રી પુત્ર આદિકોમાં મમત્વનો બંધ મહાભયને જન્માવનાર જાણીને **निव्वाणगुणावहं निर्वाणगुणावहाम्** અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતવીર્ય, અનંતસુખ, એને પ્રાપ્ત કરાવનાર તથા **सुहावहं-सुखावहाम्** અક્ષય સુખ સ્વરૂપ એવી સર્વોત્કૃષ્ટ અને અપરિમિત મહાત્મ્ય યુકત એવી **धम्मधुरं-धर्मधुराम्** પાંચ મહાવ્રતરૂપ ધર્મની ધુરાને **धारेह-धारयत** ધારણ કરો **त्ति बेमि-इति ब्रवीमि** એવું મહાવીર પ્રભુના ઉપદેશ અનુસાર હું કહું છું. ॥૯૭॥ ॥૯૮॥

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના ઓગણીસમા અધ્યયનનો
ગુજરાતી ભાષા અનુવાદ સમાપ્ત થયો.

बीसवें अध्ययन का प्रारंभ और महानिर्ग्रन्थ के स्वरूप का वर्णन

वीसमा अध्ययननो प्रारंभ—

મૃગાપુત્રક નામનું ઓગણીસમું અધ્યયન આગળ કહેવાઈ ગયું હવે આ વીસમું અધ્યયન વિવેચનના માટે પ્રારંભ થાય છે. આનું નામ મહાનિર્ગ્રન્થીય અધ્યયન છે. આ અધ્યયનનો સંબંધ ઓગણીસમા અધ્યયનની સાથે છે, અને તે આ પ્રમાણે છે. ઓગણીસમા અધ્યયનમાં નિષ્પ્રતિકર્મતા પ્રગટ કરવામાં આવેલ છે. પરંતુ એનું પાલન તો અનાથપણાની ભાવનાથી જ થઇ શકે છે. અનાથપણાના પણ અનેક પ્રકાર છે. એ વાત આ અધ્યયનમાં કહેવામાં આવશે. આ અધ્યયનની આ પ્રથમ ગાથા છે—"**सिद्धाणं**" ઇત્યાદિ!

અન્વયાર્થ—સુધર્મા સ્વામી જમ્બૂ સ્વામી વગેરે શિષ્યોને સંબોધન કરતાં કહે છે કે, હે શિષ્ય! હું "**सिद्धाणं च**"—सिद्धानां च સિદ્ધોને અને **संजयाणं च-संयतानां च** સંયતોને **भावओ-भावतः** ભાવપૂર્વક **नमोक्किच्चा-नमस्कृत्वा** નમસ્કાર કરીને **अत्थधम्मगइं-अर्थधर्मगतिं** અર્થ-રત્નત્રય ધર્મ-તદ્રૂપધર્મ-એના ગતિસ્વરૂપને પ્રતિપાદન કરવાવાળી **तच्चं-तथ्यां** વાસ્તવિક **अणुसिट्ठिं-अनुशिष्टिं** અનુશિષ્ટિને-હિતોપદેશરૂપ શિક્ષાને **अथવા** દુષ્પ્રાપ્ય ધર્મની પ્રાપ્તિ કરાવવાવાળી શિક્ષાને હું કહું છું, તેને તમો **सुणेह-श्रृणुत** સાંભળો.—

"सियं धंतंति सिद्धस्स, सिद्धत्तमुवजायइ
सितं अष्टविधं कर्म-ध्मातं भस्मसाद्भूतं येषां ते सिद्धाः"

આ અનુસાર જ્ઞાનાવરણીય આદિક આઠ પ્રકારનાં કર્મ જેનાં નષ્ટ થઈ ચૂકયાં છે તે સિદ્ધ છે. આચાર્ય, ઉપાધ્યાય અને સઘળા સાધુ એ સંયત છે, કેમકે તેઓ સઘળા સાવદ્ય વ્યાપારોથી સંપૂર્ણપણે વિરત હોય છે. મોક્ષના અભિલાષી પ્રાણીઓ

દ્વારા જે અભિલષિત થાય છે તેનું અહીં અર્થ રૂપથી ગ્રહણ કરવામાં આવેલ છે. એવો તે અર્થ રત્નત્રય–સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્ર છે. કેમકે, તે મોક્ષાર્થીઓ દ્વારા અભિલષિત થાય છે. અહીં અનુશિષ્ટિ, અભિધેય છે. અને અધર્મગતિ પ્રયોજન છે. તથા એ બન્નેનો પરસ્પરમાં જે ઉપાય ઉપેયભાવ છે એજ અહીં સંબંધ છે. મોક્ષાભિલાષી અધિકારી છે. ॥ ૧ ॥

આ ધર્મકથાનુયોગ છે આ કારણે ધર્મકથાને લઈને શિક્ષા કહેવામાં આવે છે.—"**पभूयरयणो**" ઇત્યાદિ!

અન્વયાર્થ—**पभूयरयणो–प्रभूतरत्नः** કર્કેતન આદિ રત્નોને અથવા પોતપોતાની જાતિમાં ઉત્તમ હાથી ઘોડા આદિરૂપ રત્નોના અધિપતિ અને **मगहाहिवो–मगधाधिपः** અને મગધ દેશના સ્વામી **सेणियो राया–श्रेणिको राजा** શ્રેણિક રાજા કોઇ સમય **विहारजत्तं–विहार यात्रां** વિહાર યાત્રા ક્રીડાના માટે **निज्जाओ–निर्यातः** નગરથી બહાર નીકળીને **मंडिकुच्छिंसि चेइए–मण्डिकुक्षौ चैत्ये** મંડકુક્ષિ નામના ઉદ્યાનમાં પહોંચ્યા. ॥ ૨ ॥

એ ઉદ્યાન કેવું હતું તેનું વર્ણન કહે છે.—"**नाणादुम**" ઇત્યાદિ!

અન્વયાર્થ—**नाणादुमलयाइण्णं–नानाद्रुमलताकीर्णं** અનેક પ્રકારના વૃક્ષો અને અને લતાઓથી ભરપૂર એવું તેમજ **नाणापक्खि निसेवियं–नानापक्षि निषेवितम्** વિવિધ પ્રકારનાં પક્ષીઓ અને **नाणाकुसुमसंच्छन्नं–नानाकुसुमसंच्छन्नम्** અનેક પ્રકારના સુગંધી મનોહર પુષ્પોથી ભરેલ એ **उज्जाणं नंदणोवमं–उद्यानं नंदनोपमम्** ઉદ્યાન નન્દનવન જેવું હતું. ॥ ૩ ॥

એ ઉદ્યાનમાં જઇ પહોંચેલા રાજાએ ત્યાં શું જોયું તેને કહે છે—"**तत्थ**" ઇત્યાદિ!

અન્વયાર્થ—એ ઉદ્યાનમાં **सो–सः** એક **रुक्खमूलम्मि निसन्नं–वृक्षमूले निषण्णं** વૃક્ષની નીચે બેઠેલા એક **सुकुमालं–सुकुमारं** સુકુમાર **सुहोचियं–सुखोचितम्** સુખોચિત ચિત્તની સમાધિથી સંપન્ન તથા **संजयं–संयतं** સંયમશાળી એવા મુનિરાજને જોયા. ॥૪॥

પછી—"**तस्स**" ઇત્યાદિ!

અન્વયાર્થ—**तस्स रूवंतु पासित्ता–तस्य रूपंतु दृष्ट्वा** તે મુનીરાજના રૂપને જોઇને **रायणो तम्मिं संजए–राज्ञस्तस्मिन् संयते** રાજાને એ સંયતના વિષયમા ખૂબ જ **अच्चंत परमो–अत्यंत परमो** અધિક તથા **अतुलो रूवविम्हओ–अतुलो रूपविस्मयः** અતુલ રૂપવિષયક આશ્ચર્ય થયું. ॥ ૫ ॥

આશ્ચર્ય થવાના કારણને કહે છે.—"**अहो**" ઇત્યાદિ!

અન્વયાર્થ—રાજાએ વિચાર કર્યો કે અરે વાહ! આ **अज्जस्स–आर्यस्य** મુનિરાજનો **अहो वण्णो–अहो वर्णः** કેવો સુંદર સ્નિગ્ધ અને ગૌરવર્ણ છે. તેમજ **अहो रूवं–अहो रूपम्** લાવણ્ય કેટલું મનમોહક છે! મુક્તાફળના બાકચિક્યની માફક એમનું રૂપવિ સ્તવમાં આશ્ચર્ય જનક છે. કહ્યું પણ છે કે--

"મોતીની અંદર જે તરલ છાયા હોય છે, એજ પ્રમાણે અંગોમાં જે પ્રતિભાસ હોય છે તેને લાવણ્ય કહે છે."

अहो सोमया–अहो सौम्यता જુઓ! વિશુદ્ધ અધ્યવસાયવાળા હોવાથી એમના મુખારવિંદ ઉપર જે શરદ્ઋતુકાળના નિર્મળ પૂર્ણ ચંદ્રમંડળથી પણ અધિક કાન્તિ છે એ જોનારાઓના નયનોને કેટલો આનંદ આપી રહી છે! **अहो खंति–अहो क्षांतिः** એમની ક્ષમા તો ખરેખર વિશેષ વિસ્મયકારક જ છે. જો કે આ મહાત્મા હમણાં નવાજ દીક્ષિત થયેલા લાગે છે છતાં પણ, એમની शारिरिक સુગંધથી આકર્ષાઈને જે આ ભમરાઓ ફરી રહ્યા છે તે એમને વ્યથા પહોંચાડી રહ્યા હોવા છતાં તેમને ધ્યાનમાંથી ચલાયમાન કરી શકતા નથી. એ એ બિલકુલ નિશ્ચલ બનીને જ બેઠા છે. એ કેટલા આશ્ચર્યની વાત છે? **अहो मुत्ती–अहो मुक्तिः** લોભ રહિત જે એમની વૃત્તિ છે એ પણ ખૂબ વિલક્ષણ જણાય છે. અપૂર્વ લાવણ્યથી અલંકૃત એવી એમની જે આ शारिरीक. અનપેક્ષા વૃત્તિ છે એનાથી પ્રકટ થઈ રહેલો નિર્મળભાવ મહાન આશ્ચર્ય જનક બની રહેલ છે. **अहो भोगे-असंगया–अहो भोगे असंगता** ભોગવિષયમાં એમની નિઃસ્પૃહતા તો અત્યંત આશ્ચર્ય ઉત્પન્ન કરે છે. આ પ્રકારે રાજાના મનમાં મુનીરાજની સઘળી ક્રિયા આશ્ચર્યજનક જ દેખાઈ રહી હતી. ॥ ૬ ॥

એમને જોઈને રાજાએ શું કર્યું તે કહે છે.—**"तस्स"** ઇત્યાદિ!

અન્વયાર્થ—આ પ્રકારના આશ્ચર્યભાવમાં મગ્ન બનેલા એ રાજાએ તેમની પાસે પહોંચીને **तस्स पाएउ वंदित्ता–तस्य पादौ वन्दित्वा** તેમના ચરણમાં વંદન કર્યું પછી **पायाहिणं काऊण नाईदूरमणासन्ने पंजली पडिपुच्छइ–प्रदक्षिणां कृत्वा नातिदूरे अनासन्ने प्राञ्जलिः प्रतिपृच्छति** પ્રદક્ષિણા કરી તેમનાથી દૂર પણ નહીં તેમ અડીને પણ નહીં એ રીતે હાથ જોડીને બેસી ગયા અને આ પ્રકારે પૂછવા લાગ્યા. ॥ ૭ ॥

રાજાએ મુનિરાજને શું પૂછ્યું? તે કહે છે—**"तरुणोसि"** ઇત્યાદિ!

અન્વયાર્થ—**अज्जो–आर्य** હે આર્ય! **संजया–संयत** હે સંયત! આપ આ સમયે **तरुणोऽसि–तरुणोऽसि** ભર જુવાનીમાં છો, આથી આ સમય તો મહારાજ **भोगकालम्मि पव्वइओ–भोगकाले प्रव्रजितः** ભોગ ભોગવવાનો છે ત્યારે આવા સમયે આપ કયા કારણે દીક્ષિત બની ગયા છો **अनेसामण्णे उवट्ठिओऽसि–श्रामण्ये उपस्थितः असि** તરવારની ધાર સમાન જે આ શ્રામણ્ય-સાધુપણું છે એનું પાલન કરવામાં કેમ ઉદ્યુકત. બન્યા છો? હું **ता–तावत्** સહુથી પ્રથમ **एयमट्ठं सुणामि–एतमर्थं शृणोमि** આપના મુખેથી એ વાત સાંભળવાની ઇચ્છા રાખું છું. ॥ ૮ ॥

શ્રેણિક રાજાનાં વચન સાંભળીને મુનિરાજ કહે છે—**"अणाहोमि"** ઇત્યાદિ!

અન્વયાર્થ—**महाराय–महाराज!** હે રાજા! હું **अणाहोमि–अनाथःअस्मि** અનાથ છું, મારા ઉપર ક્ષેમ કરનાર એવું કોઈ નથી આ કારણે **मज्झ नाहो न विज्जइ–मम नाथः न विद्यते** મારો કોઈ નાથ નથી. અલબ્ધના લાભનું નામ યોગ તથા લબ્ધનું પરિપાલન કરવાવાળાનું નામ ક્ષેમ છે. હું **अहं कंचिअणुकंपगं सुहिं वावि नाभिसमेमि–अहं कंचित् अनुकंपकं सुहृदं वापि न अभिसमेमि** કોઈ પણ દયાળુ તથા મિત્ર જનની પાસે ગયો નથી. અર્થાત્ મને એવો કોઇ પણ દયાળુ મિત્રજન મળેલ નથી કે જે મારા માટે યોગ ક્ષેમકારી થયેલ હોય. આથી મારી જાતને અનાથ સમજીને મેં દીક્ષા અંગીકાર કરી છે. ॥ ૯ ॥

મુનિરાજનાં વચનને સાંભળીને રાજા જે કહે છે. એને પ્રગટ કરવામાં આવે છે. "तओ सो"—ઇત્યાદિ !

અન્વયાર્થ—મુનિરાજનાં વચન સાંભળીને **तओ सो मगहाहिवो सेणियो राया पहसिओ–ततः सः मगधाधिपः श्रेणिकः राजा प्रहसितः** મગધના અધિપતિ શ્રેણિક રાજાને હસવું આવી ગયું અને હસતાં હસતાં જ તેમણે મુનિરાજને કહ્યું મહારાજ ! **एवं इड्ढिं मंतस्स ते कहं नाहो न विज्जइ–एवं ऋद्धिमतः ते कथं नाथो न विद्यते** વિસ્મયકારક એવું આપનું રૂપ, આવી સંપત્તિ સંપન્ન હોવા છતાં પણ આપનો કોઈ નાથ નથી આ એક ભારે આશ્ચર્યની વાત છે. ॥૧૦॥

"આપના સાધુ બનવામાં જો અનાથતા જ કારણભૂત છે તો હું આપનો નાથ થઈ જાઉં" આ પ્રકારના અભિપ્રાયને લઈને રાજા કહે છે—"होमी" ઇત્યાદિ !

અન્વયાર્થ—**संजय–संयत** હે સંયત ! **भयंताणं नाहो होमि–भदन्तानां नाथो-भवामि** આપનો હું નાથ થાઉં છું. **मित्तनाइ परिवुडो भोगे भुंजाहि–मित्रज्ञाति परिवृत्तः भोगान भुङ्क्ष्व** આથી આપ મિત્ર અને જ્ઞાતિજનોથી યુક્ત બનીને મને જ શબ્દાદિ ભોગોને ભોગવો પોતાને અનાથ સમજો. મારા જેવી વ્યક્તિ નાથ થવાથી આપને હવે શાની કમી રહેવાની છે ? મિત્રજન, જ્ઞાતિજન, તેમ જ ભોગ એ બધું સુલભ છે. શા માટે વ્યર્થમાં આ ત્યાગની અવસ્થામાં પડી ગયા છો ? **माणुस्सं खु सुदुल्लहं–मानुष्यं खलु सुदुर्लभम्** આ મનુષ્ય પર્યાય ઘડી ઘડી મળતો નથી. આ મનુષ્યભવની પ્રાપ્તિ મહાદુર્લભ જાણીને એને ભોગો ભોગવીને સફળ કરો ॥૧૧॥

રાજાનાં આ પ્રકારનાં વચનને સાંભળીને અનાથી મુનિ કહે છે—"अप्पणावि" ઇત્યાદિ.

અન્વયાર્થ—**मगहाहिवा सेणिया–मगधाधिप श्रेणिक ?** હે મગધાધિપતિ શ્રેણિક ? **अप्पणावि अणाहोसि–आत्मनाऽपिअनाथोऽसि** તમો પોતેજ જ્યાં પોતાના માટે અનાથ છો ત્યારે **अप्पणा अणाहो संतो कहं नाहो भविस्ससि–आत्मना अनाथः सन् कथं नाथो भविष्यसि** તમે મારા નાથ કઈ રીતે બની શકવાના છો ? જે સ્વયં નાથ હોય છે તેજ બીજાના નાથ બની શકે છે. ॥૧૨॥

પછી જે બન્યું તેને કહે છે—"एवं" ઇત્યાદિ.

અન્વયાર્થ—**विम्हयन्निओ सो नरिंदो–विस्मयान्वितः सः नरेन्द्रः** પ્રથમ નજરે જ સાધુના રૂપ–લાવણ્યને જોઈને વિસ્મય પામેલા રાજાને જ્યારે **साहुणा एवं अस्सुयपुव्वं वयणं वुत्तो–साधुना एवम् अश्रुपूर्वं वचनं उक्तो** મુનિરાજે આ પ્રમાણે અશ્રુતપૂર્વ વચન કહ્યું ત્યારે તેમના ચિત્તમાં એક પ્રકારના **सुसंभंतो सुविम्हिओ–सुसंभ्रान्तः सुविस्मितः** વ્યાકુળતા જાગી જવાથી ખૂબ જ ભારે અચરજ થયું. ॥૧૩॥

પછી રાજા કહે છે—"आसा" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે મુનિરાજ! मे आसा हत्थी मणुस्सा–मे अश्वाः हस्तिनः मनुष्याः મારી પાસે અનેક ઘોડા છે, અનેક હાથી છે, અનેક મનુષ્ય છે, पुरं–पुरम् ઘણા નગર મારે આધીન છે, अंतेउरं च–अन्तःपुरम् च અન્તઃપુર મારી પાસે છે. माणुसे भोए भुंजामि–मानुषान् भोगान् भुंजे મનુષ્ય સંબંધી વિવિધ ભોગોને હું ત્યાં આનંદની ભોગવું છું. आणा इस्सरियं च मे–आज्ञा ऐश्वर्यं च मे આજ્ઞા અને ઐશ્વર્યમાં મારે કોઇ પણ પ્રકારની બાધાનો સામનો કરવો પડતો નથી. ॥૧૪॥

"एरिसे" ઇત્યાદિ.

અન્વયાર્થ—एरिसे–ईदृशे આ પ્રકારે सव्वकामसमप्पिए संपयग्गम्मि–सर्वकामसमर्पिते संपदग्रे સઘળી ઇચ્છાઓની પૂર્તિ કરવાવાળી પ્રકૃષ્ટ સંપત્તિ મારી પાસે હોવા છતાં हुं कहं अणाहो भवइ–कथं अनाथो भवति અનાથ કઇ રીતે હોઈ શકું? हु–हु આ કારણે भंते!–भदन्त હે ભદન્ત! મને અનાથ કહેવો એ સર્વથા અસત્ય વાત છે. આવા પ્રલાપમાં મૃષાવાદનો દોષ આવે છે मा मुसं वए–मा मृषावादीः આથી આપે આવુ અસત્ય ન બોલવું જોઇએ ॥૧૫॥

આના ઉપર મુનિરાજ કહે છે—"न तुमं" ઇત્યાદિ.

અન્વયાર્થ—पत्थिवा–पार्थिव હે રાજન્! तुमं अणाहस्स अत्थं पोत्थ च न जाणे–त्वं अनाथस्य अर्थं प्रोत्थं च न जानासि તમો અનાથના અર્થને, તેમજ મેં તમને અનાથ કેમ કહ્યા, એ મારા અભિપ્રાયની ઉત્પત્તિના મૂળ કારણને જાણતા નથી. તથા नराहिवा जहा अणाहो हवइ सणाहो वा–नराधिप यथा अनाथो भवति सनाथो वा पुरुष અનાથ તેમ જ સનાથ કઈ રીતે થાય છે એ પણ તમે જાણતા નથી. આથી મારા કહેવામાં તમોને મૃષાવાદ પ્રતીત થાય છે. ॥ ૧૬ ॥

હવે મુનિરાજ અનાથના અર્થને સમજાવે છે—"सुणेहि" ઇત્યાદિ.

અન્વયાર્થ—मनुष्य जहा–यथा જે રીતે સનાથ તેમ જ अणाहो हवइ–अनाथः भवति અનાથ થાય છે તથા મેં जहा मे य पवत्तियं–यथा मे च प्रवर्तितम् તમને કયા અભિપ્રાયથી અનાથ કહેલ છે એ સઘળું હું તમને સમજાવું છું. महाराय अव्वक्खित्तेन चेयसा सुणेहि–महाराज अव्याक्षिप्तेन चेतसा शृणुत હે રાજન! એકાગ્ર ચિત્ત બનીને એ તમો સાંભળો ॥ ૧૭ ॥

મુનિરાજ પોતાની પૂર્વ અવસ્થાનો પરિચય આપતાં અનાથનું સ્વરૂપ સમજાવે છે—"कोसंबी" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે રાજન! पुराणपुरभेयणी–पुराणपुरभेदनी અતિ સમૃદ્ધ નગરીઓને પણ પોતાના અસાધારણ તેજથી ઝાંખો કહેવડાવે એવી એક कोसंबी नाम नयरी–कौशांबी नाम नगरी કૌશાંબી નામની નગરી છે. તેમાં पभूयधणसंचओ–प्रभूतधनसंचयः પ્રચુર ધનસંપત્તિના માલિક 'ધનસંચય' નામના મારા ગૃહસ્થાવસ્થાના પિતા હતા. ॥ ૧૮ ॥

"पढमे" ઇત્યાદિ !

અન્વયાર્થ--महाराय-महाराज હે રાજન્! पढमे वये-प्रथमे वयसि યૌવનકાળમાં મને अउला अच्छिवेयणा आहोत्था-अतुला अक्षिवेदना અમવત્ ખૂબ જ અકળાવનાર એવી આંખોની પીડા થઇ તથા सव्वगत्तेसु-सर्वगात्रेषु મારા સઘળા શરીરમાં पत्थिवा-पार्थिव હે રાજન્! ઘણો विउलो दाहो-विपुलः दाहः તીવ્ર એવો દાહ ઉત્પન્ન થયો. ॥૧૯॥

એ આંખોની વેદના કેવા પ્રકારની થઇ તે કહે છે--"सत्थं" ઇત્યાદિ.

અન્વયાર્થ--जहा-यथा જે પ્રકારે कुद्धो अरी-क्रुद्धः अरिः ક્રોધના આવેશમાં આવી ગયેલો વૈરી सरीरविवरंतरे-शरीरविरान्तरे કાન, નાક વગેરે ઇન્દ્રિઓમાં परमतिक्खं सत्थं आवीलिज्ज-परमतीक्ष्णम् शस्त्रम् आपीडयेत् અત્યંત તીક્ષ્ણ એવા શસ્ત્રને ઘોંચી દે અને એ સમયે જે વેદના થાય છે, एवं-एवम् એવા પ્રકારની मे-मे મને अक्खिवेयणा-अक्षिवेदना આંખોની પીડા થતી હતી. ॥૨૦॥

"तियं" ઇત્યાદિ.

અન્વયાર્થ--હે રાજન્! इंदासणिसमो-इन्द्राशनिसमः અતિ દાહ કરનાર હોવાથી ઇન્દ્રના વજ્ર જેવી ઘોર-જ્વેવાથી બીજાને પણ ભય ઉત્પન્ન કરે એવી તથા परमदारुणा-परमदारुणा અત્યંત પ્રાણાન્તક દુઃખદાયક એવી वेयणा-वेदना તે અસાતા વેદનાએ मे तियं अंतरिच्छं च उत्तिमंगं च पीडयइ-मे त्रिकं अन्तरिक्षं उत्तमाङ्गं च पीडयति મારી કમરને તથા શરીરના મધ્યભાગ-હૃદય, પેટ વગેરેને તેમ જ ઉત્તમાંગ-માથાને વધારે વ્યથિત કર્યું. ॥૨૧॥

એ સમયે—"उवट्ठीया" ઇત્યાદિ.

અન્વયાર્થ--આવા પ્રકારની એ વેદના થવાથી मे-मे મારી પાસે એ વેદનાના ઉપચાર કરવા માટે विज्जामंततिगिच्छगा-विद्यामन्त्रचिकित्सका વિદ્યા અને મંત્રથી વ્યાધિના પ્રતિકાર કરવાવાળા अबीया-अद्वितीयाः અદ્વિતીય आयरिया-आचार्याः પ્રાણાચાર્ય વૈદ્યજન જે सत्थकुसला-शास्त्रकुशलाः ચિકિત્સા શાસ્ત્રમાં અતિશય હોંશીયાર હતા અને मंतमूलविसारया-मंत्रमूलविशारदाः મંત્રો તેમ જ ઔષધિના વિજ્ઞાનમાં પારંગત હતા. તેઓ उवट्ठिया-उपस्थिताः ઉપસ્થિત થયા, અર્થાત્ આવ્યા. ॥૨૨॥

પછી—"ते-मे" ઇત્યાદિ.

અન્વયાર્થ--ते-ते એ વૈદ્યોએ मे-मे મારી चउप्पायं-चतुष्पादाम् ભિષેક્, ભૈષજ, રોગી અને પરિચારકરૂપ ચતુર્ભાગાત્મક અથવા-વમન, વિરેચન, મર્દન અને સ્વેદનરૂપ ચતુર્ભાગાત્મક અથવા-અંજન, બંધન, લેપન તથા મર્દનરૂપ ચતુર્ભાગાત્મક तिगिच्छं-चिकित्सां ચિકિત્સા મને जहाहियं-यथाहितम् જે રીતે આરામ થઇ શકે એ રીતે कुव्वंति-कुर्वन्ति કરવાનો પ્રારંભ કર્યો. પરંતુ તેઓ મને दुक्खा न य विमोयन्ति-दुःखात् न च विमोचयन्ति એ દુઃખથી છોડાવી શકયા નહીં, एसा मज्झ अणाहया-एषा मम अनाथता આ મારી દુઃખથી નહીં છોડાવવા રૂપ અનાથતા છે. ॥ ૨૩ ॥

તથા—"पियामे" ઇત્યાદિ.

અન્વયાર્થ—એ સમયે मे पिया–મે પિતા મારા પિતા मम कारणा सव्व-सारंपि दिज्जाहि–मम कारणात् सर्वसारंपि दद्यात् મારા નિમિત્તથી સઘળી રત્ના-દિક વસ્તુઓને પણ આપવા માટે તત્પર થઇ ગયા હતા તે પણ મારા પિતા न य दुक्खा विमोयंति–न च दुःखात् विमोचयंति મારા દુઃખને દૂર કરવા માટે સમર્થ બની શકયાં નહીં. एसा मज्झ अणाहया–एषा मम अनाथता આ મારી અનાથત છે.

આથી મુનિના સંસારી પિતાએ એવી ઘોષણા કરાવેલ હતી કે, "જે કોઇ વદ્ય મારા પુત્રની એક પણ વેદનાને દૂર કરી આપશે તેને હું મારૂં સર્વસ્વ આપી દઇશ." પરંતુ એક પણ વદ્ય મારા એ રોગની નિવૃત્તિ કરવામાં સમર્થ ન થઈ શકયા એ મારી અનાથતા છે. ॥૨૪॥

"माया वि मे महाराय" ઇત્યાદિ.

અન્વયાર્થ—महाराय मे मायावि पुत्तसोगदुहट्टिया–મહારાજ ! મે માતાऽपि પુત્રશોક દુઃખાર્દિતા જાતા હે રાજન્! મારી માતા પણ "હાય! મારો આ પુત્ર આ પ્રકારના રોગનો ભોગ કઇ રીતે થયો ?" ઇત્યાદિ રૂપ પુત્ર સંબંધી દુઃખથી પીડા ભોગવવા લાગી. પરંતુ તે પણ મને दुक्खा न य विमोयंति–दुःखात् न च विमोचयन्ति દુઃખથી છોડાવી શકેલ નહીં. एसा मज्झ अणाहया–एषा मम अनाथता આ મારી અનાથતા છે. ॥ ૨૫ ॥

"भायरो मे महाराय" ઇત્યાદિ.

અન્વયાર્થ—महाराय–મહારાજ હે રાજન ! मे–મે મારા सगा–स्वका સગા जेट्ठकनिट्ठगा भायरो–ज्येष्ठकनिष्ठकाः भ्रातरः જે નાનામોટા ભાઈ છે તે પણ મને दुक्खा–दुःखात् આ દુઃખથી न य विमोयंति–न च विमोचयन्ति છોડાવી શકયા નહીં. एसा मज्झ अणाहया–एषा मम अनाथता આ મારી અનાથતા છે. ॥૨૬॥

"भइणीओ" ઇત્યાદિ.

અન્વયાર્થ—આવી રીતે महाराय–મહારાજ હે રાજન્! જે મે–મે મારી सगा जेट्ठकनिट्ठगा भइणीओ–स्वका ज्येष्ठकनिष्ठकाः भगिन्यः સગી નાનીમોટી બહેનો હતી તે પણ મને दुक्खा न य विमोयंति– दुःखात् न च विमोचयन्ति આ દુઃખથી છોડાવી શકેલ ન હતી. एसा मज्झ अणाहया–एषा मम अनाथता આ મારી અનાથતા છે. ॥ ૨૭ ॥

"भारिया मे" ઇત્યાદિ.

અન્વયાર્થ—महाराय–મહારાજ હે રાજન્! જે મે–મે મારી भारिया–ભાર્યા સ્ત્રી હતી કે જે મારામાં अनुरत्ता–अनुरक्ता ખૂબજ અનુરકત અને अणुव्वया–અણુવ્રતા પતિવ્રતા હતી તે अंसुपुण्णेहिं नयणेहिं–अश्रुपूर्णैः नयनैः અશ્રુપૂર્ણ નયનોથી મારા વક્ષઃસ્થળને ભિંજવતી હતી. ॥ ૨૮ ॥

"अन्नं पाणंच" ઇત્યાદિ ! "खणं पि मे" ઇત્યાદિ !

અન્વયાર્થ—तथा अण्णंपाणं च ण्हाणं च गंधमल्लविलेवणं मए णायमणायं वा सा बाला नोवभुंजइ–अन्नं पानं च स्नानं च गंधमाल्यविलेपनं मया ज्ञातं अज्ञातं वा सा बाला न उपभुंक्ते મારી સામે અથવા પાછળથી તે બાલી ન હતી, પીતી ન હતી, નહાતી ન હતી, ધોતી ન હતી, કે ન તો ગંધને સુંઘતી હતી, ન માળા ધારણ કરતી, તેમજ ચંદન આદિનું વિલેપન પણ કરતી ન હતી. વધુ શું કહેવામાં આવે ! महाराय !–भो महाराज હે મહારાજ खणंपि मे पासओ वि न फिट्टइ–क्षणमपि मे पर्श्वतोऽपि न भ्रंशते તે મારી પાસેથી એક ક્ષણ પણ આઘી ખસતી ન હતી એવી હોવા છતાં પણ સંસાર અવસ્થાની મારી એ સ્ત્રી પણ મને न य दुक्खा विमोएइ–न च दुक्खात् विमोचयति આ દુઃખથી છોડાવી ન શકી. एसा मज्झ अणाहया–एषा मम अनाथता આ મારી અનાથતા છે. ॥૨૯–૩૦॥

"तओ हं" ઇત્યાદિ !

અન્વયાર્થ—तओ–ततः રોગનો પ્રતિકાર જ્યારે નિષ્ફળ નિવડ્યો ત્યારે अहं-एवमाहंसु–अहं एवमब्रूवम् મેં એવું કહ્યું કે वेयणा अणुभविउंजे दुक्खमा–वेदना अनुभवितुं अक्षमाः આ આંખ આદિની વેદનાઓ જો કે અનુભવ કરવામાં અશક્ય છે. अणंतए संसारम्मि पुणोपुणो–अनन्तके संसारे पुनःपुनः પરંતુ ઉપાય શું ? મેં તો આ અનંત સંસારમાં આવી વેદનાઓ વારંવાર ભોગવી છે. ॥૩૧॥

આ પ્રકારની અનાથતાનો અનુભવ થવાથી મેં શું વિચાર કર્યો તે કહે છે.—

"सइंच" ઇત્યાદિ !

અન્વયાર્થઃ—जइ–यदि જો કે, હું इओ–इतः એ विउला वेयणा विपुलायाः वेदनायाः અત્યંત કષ્ટ આપવાવાળી વેદનાથી सयं च मुच्चेज्जा–सकृत् अपि मुच्येयम् એકવાર પણ બચી જાઉં तया–तदा તો હું खंतो दंतो निरारंभो अणगारियं पव्वए–क्षान्तः–दान्तः निरारम्भः अनगारितां प्रव्रजेयम्–क्षमायुक्त બની, ઇન્દ્રિયો તથા નોઇન્દ્રિયનું દમન કરવામાં તત્પર બની જીવોની આરંભથી રહિત બનીને સાધુપણું અંગિકાર કરીશ. કે જેનાથી ફરી સંસારનો ઉચ્છેદ થઇ જવાથી આ વેદનાઓનો મૂળમાંથી જ વિનાશ થઈ જાય. ॥૩૨॥

"एवंच" ઇત્યાદિ !

અન્વયાર્થ– नराहिवा–नराधिप હે રાજન્ एवंचिंतइत्ताणं–एवं चिन्तयित्वा આવો વિચાર કરી पसुत्तोमि–प्रसुप्तोऽस्मि હું સુઇ ગયો, राईए परियत्तंतीए मे वेयणा खयं गया–रात्रौ परिवर्तमानायां मे वेदना क्षयं गता રાત પુરી થઈ કે, મારી એ વેદનાઓ બિલકુલ શાંત થઈ ગઇ. ॥૩૩॥

"तओ कल्ले" ઇત્યાદિ !

અન્વયાર્થ—આ પછીથી હે રાજન્ ! મેં कल्ले–कल्ये બીજા દિવસે पभायम्मि –प्रभाते સવારમાંજ बांधवे–बान्धवान् ભાઇઓને आपुच्छित्ताणं–अपृच्छ्य પૂછીને खंतो दंतो निरंम्भो अणगारियं पव्वइओ–क्षान्तः दान्तः निरारम्भः अनगारिताम् प्रव्रजितः ક્ષાત, દાન્ત, અને પરિગ્રહથી સર્વથા રહિત થઈને મુનિદીક્ષા ધારણ કરી લીધી. ॥૩૪॥

"तओ हं" ઇત્યાદિ !

અન્વયાર્થ--હે રાજત્ ! **तओहं-ततः अहम्** જ્યારે મેં દીક્ષા ધારણ કરી લીધી તે પછી **अप्पणो परस्स य नाहो जाओ-आत्मनः परस्य च नाथो जातः** પોતાના અને બીજના નાથ-યોગક્ષેમકારી બની ગયો. અલબ્ધ રત્નત્રયના લાભથી અને લબ્ધ રત્નત્રયના પ્રમાદ પરિહાર પૂર્વક પરિરક્ષણથી જીવ પોતાનો નાથ બની જાય છે. હું પણ એ પ્રકારનો નાથ બની ગયો છું. ધર્મનું દાન દેવાથી તથા તેમાં સ્થિરતા કરાવવાથી પ્રાણી બીજાઓનો નાથ બની જાય છે. આવી રીતે હું પણ બીજા **सव्वेसिं भूयाणं तसाणं थावराण य नाहो जाओ-सर्वेषां भूतानां त्रसाणां थावराणां च नाथः जातः** સઘળા ભૂતોનો-ત્રસ અને સ્થાવર જીવોનો તેમની રક્ષા કરવાના ઉપાયના જ્ઞાનવાળો હોવાથી તથા એમનું સંરક્ષણ કરવાવાળો હોવાથી હું નાથ બની ગયો છું ॥૩૫॥

દીક્ષા લીધા પછી આપ નાથ બન્યા અને એની પહેલાં આપ નાથ ન હતા એનું શું કારણ છે ? આને કહે છે.—"अप्पा" ઇત્યાદિ !

અન્વયાર્થ--દીક્ષા લીધા પહેલાં હું નાથ કેમ ન બન્યો, અને હવે નાથ કેમ બની ગયો છું. તો હે રાજન ! તમારા આ સંદેહની નિવૃત્તિ નિમિત્તે જણાવવાનું કે **अप्पा वेयरणी नई-आत्मा वैतरणी नदी** આ આત્મા ઉદ્ધત આત્મા જ નરકની વૈતરણી નદી છે. કેમકે, એવો આત્માજ નરકના હેતુરૂપ હોય છે. આ કારણે **अप्पा मे कूट सामली-आत्मा मे कूट शाल्मलिः** એવી આત્મા મને કૂટની માફક -પીડાજનક સ્થાનની માફક-યાતનાના હેતુરૂપ હોવાથી-નરકમાં રહેલાં વૈક્રિય શાલ્મલી વૃક્ષ જેવી છે. તથા **अप्पा कामदुहा धेणुः-आत्मा कामदुघा धेनुः**-આ આત્માજ અભિલષિત સ્વર્ગ અપવર્ગના સુખોને આપવાવાળો હોવાથી કામધેનુ છે. તથા **अप्पा मे नन्दणं वणं-मे आत्मा नंदनं वनम्** આ આત્માજ ચિત્તને આનંદ આપનર હોવાથી મારા માટે નંદનવન સમાન છે. ॥૩૬॥

"अप्पा कत्ता" ઇત્યાદિ !

અન્વયાર્થ--હે રાજન ! **दुहाणसुहाण य कत्ता अप्पा-दुःखानां सुखानां च कर्ता आत्मा** દુઃખ અને સુખોનો કર્તા આ આત્માજ છે. તથા **विकत्ता-विकर्ता** તેનું નિવારણ કરનાર પણ આ આત્માજ છે. જ્યારે આ આત્મા **दुपट्ठिय सुपट्ठिओ-दुष्प्रस्थित सुप्रस्थिताः** દુરાચરણમાં ફસાઈ જાય છે અથવા સદાચરણમાં લવલીન થઈ જાય છે ત્યારે આત્મા **मित्तममित्तं हवइ-मित्रममित्रं भवति** આત્માનો મિત્ર અને અમિત્ર માનવામાં આવે છે. દુરાચરણમાં નિમગ્ન આત્મા વૈતરણીનો રૂપક હોવાથી સઘળા દુઃખોનો હેતુ થઈ જાય છે. આ કારણે તે પોતે પોતાનો દુશ્મન બની જાય છે. તથા જ્યારે આ આત્મા સદાચરણોનું સેવન કરવા લાગી જાય છે ત્યારે કામધેનુ અને નંદનવન જેવા અભિલષિત પદાર્થની પ્રાપ્તિનો હેતુ હોવાથી પોતે પોતાનો મિત્ર બની જાય છે. આત્મામાં સદાચરણ, તલ્લીનતા પ્રવજ્યાને અંગિકાર કરવાથી જ આવે છે. આથી હે રાજન્ ! હું પ્રવજ્યા લીધા પછીજ યોગ ક્ષેમકરણમાં સામર્થ્યવાળો થઈ જવાને કારણે નાથ બની શકયો છું. તે પહેલાં નહીં. ॥૩૭॥

પછી બીજા પ્રકારથી પણ અનાથતાને કહે છે--"इमा" ઇત્યાદિ !

અન્વયાર્થ--**निवा**–नृप હે રાજન્ ! **इमा अण्णा वि अणाहया**–इयं अपि अन्या **अनाथता** આ એક બીજા પ્રકારની પણ અનાથતા છે, જે હું તમને કહું છું **मे तमेगचित्तो निहुओ सुणेहि**–मे **ताम् एकचित्तः निभृतः शृणु** તમો તેને સ્થિરતાથી એકાગ્રચિત્ત બનીને સાંભળો ! તે અનાથતા આ છે. **नियंटधम्मं लहियाण वि एगे बहुकायरा नरा सीयन्ति**–**निर्ग्रन्थधर्मं लब्ध्वाऽपि एके बहुकातराः सीदन्ती** નિર્ગ્રન્થ ધર્મ અર્થાત્ ચારિત્રને પ્રાપ્ત કરીને પણ કેટલાક એવા કાયર મનુષ્ય થાય છે કે, જે તેઓ ચારિત્રની આરાધના કરવામાં શિથિલ થઇ જાય છે આ પ્રકારની અનાથતા કહેવામાં આવેલ છે. ॥૩૮॥

આ વાતને આ ગાથા દ્વારા પ્રગટ કરવામાં આવે છે--"जो" ઇત્યાદિ !

અન્વયાર્થ– **जो पव्वइत्ताण**–**यः प्रव्रज्य** જે મનુષ્ય મુનિદીક્ષા ધારણ કરીને **महव्वयाइं सम्मं च नो फासय इ**–**महाव्रतानि सम्यक् नो स्पृशति** પ્રાણાતિપાત વિરમણ આદિરૂપ મહાવ્રતોનું સારી રીતે પાલન કરતો નથી, **से**–**सः** તે **अनिग्गहप्पा**–**अनिग्रहात्मा** અજીતેંદ્રિય વ્યક્તિ **रसेसु गिद्धे**–**रसेषु गृद्धः** મધુર આદિ રસોમાં ગૃદ્ધિવાળો બનીને **मूलओ बंधणं न छिंदइ**–**मूलतो बंधनं न छिनत्ति** રાગદ્વેષરૂપી બંધનનું છેદન કરવાવાળો બની શકતો નથી. અર્થાત્–જે મનુષ્ય મુનિદીક્ષા ધારણ કરીને પણ ઇન્દ્રિયોનો દાસ બની રહે છે અને એજ કારણથી મહાવ્રતોનું સમ્યક્ રીતિથી પરિપાલન કરતો નથી. એવી વ્યક્તિ રસોની ગૃદ્ધતાથી રાગદ્વેષ ઉપર વિજય મેળવી શકતી નથી. ॥૩૯॥

"आउत्तया" ઇત્યાદિ !

અન્વયાર્થ—**इरियाइ भासाइ तहेसणाए आयाणनिक्खेव दुगुंछणाए जस्स काइ अउत्तया नत्थि**–**ईर्यायां भाषायां तथा एषणायां आदाननिक्षेपयोः जुगुप्सनायां यस्य काचित् आयुक्तता नास्ति** ઇર્યાસમિતિમાં, ભાષા સમિતિમાં, તથા એષણાસમિતિમાં આદાન નિક્ષેપણ સમિતિમાં અને પરિષ્ઠાપન સમિતિમાં જે સાધુને થોડી પણ સાવધાનતા નથી તે **वीरजायं मग्गं न अणुजाइ**–**वीरयातं मार्गं न अनुयाति** તીર્થંકર અને ગણધરોથી સેવીત માર્ગનાં–રત્નત્રયરૂપ મોક્ષ માર્ગના અનુયાયી બનતા નથી. અર્થાત્ પાંચ સમિતિઓનું પાલન કરવામાં જેનો ઉપયોગ નથી તે મોક્ષ માર્ગના અનુયાયી પણ નથી ॥૪૦॥

"चिरंपि" ઇત્યાદિ !

હે રાજન્ ! જે સાધુ **चिरंपि मुंडरुई भवित्ता अत्थिरव्वए तवनियमेहिं भट्ठे**–**चिरमपि मुण्डरुचिः भूत्वा अस्थिरव्रतः तपो नियमेभ्यो भ्रष्टः** લાંબા સમય સુધી પણ કેશાપનયન રૂપ મુંડનમાં જ અભિલાષી બનીને **अथिरव्वए**–**अस्थिरव्रतः** બીજા વ્રતોમાં અસ્થિરભાવ રાખે છે. **से**–**सः** તે **तवनियमेहिं भट्ठे**–**तपो नियमेभ्यः भ्रष्टः** અનશન આદિ બાર પ્રકારનાં તપ અને અભિગ્રહ આદિ નિયમોથી ચલિત થયેલ દ્રવ્યમુનિ કહેવાય છે. તે **चिरंपि अप्पाण किलेसइत्ता**–**चिरमपि आत्मान क्लेशयित्वा** લાંબા સમય સુધી પોતે પોતાને લોંચન આદિ દ્વારા દુઃખિત વેદના ભોગવીને પણ **हु**–**खलु** નિયમથી **सम्पराए पारए न होइ**–**सम्परायस्य पारगो न भवति** સંસારનો પરગામી બનતો નથી. અર્થાત જે સાધુ કેવળ મુંડનમાં જ રૂચિ રાખીને બીજા પ્રાણાતિ-

પાતાદિક વિરમણ વ્રતોમાં ઉપેક્ષાભાવ રાખે છે. સ્થિરવ્રતિ થઇને પોતાના તપ અને નિયમોથી ભ્રષ્ટજ માનવામાં આવેલ છે. એવી વ્યકિત પોતે પોતાની જાતને કલેશિત કરે તો પણ તે સંસારથી પાર થઇ શકતો નથી. ॥૪૧॥

"पोल्लेव"—ઇત્યાદિ !

અન્વયાર્થ—**जहा पोल्ला मुट्ठी असारे एव**—યથા પોલ્લા મુષ્ટિઃ અસારા એવ ભવતિ જે પ્રમાણે પોલી મુઠી સાર વગરની હોય છે. એજ પ્રમાણે **से असारे**—સઃઅસારઃ તે દ્રવ્ય મુનિ રત્નત્રયથી શૂન્ય હોવાથી સાર રહિત બને છે. તથા જેમ **कूट कहा वणे अयंतिए**—કૂટે કાર્ષાપણઃ અયન્ત્રિતઃ ભવતિ ખોટા પૈસા-રૂપીયા સીક્કા-ક્રય વિક્રય આદિમાં વહેવાર ઉપયોગી નથી થતા એજ પ્રમાણે આ સંયતાભાસ પણ નિર્ગુણ હોવાથી આદરને યોગ્ય હોતો નથી. **वेरुलियप्पगासे राढामणी**—વૈડૂર્યં પ્રકાશઃ રાઢામણિઃ વૈડૂર્ય મણીની માફક પ્રકાશવાળો કાચનો મણી **हु**—ખલુ નિશ્ચયથી **जाणएसु अमहग्गए होइ**—જ્ઞાયકેષુ અમહાર્ઘકો ભવતિ પરીક્ષા કરનાર માણસોની દૃષ્ટીમાં બહુમૂલ્યવાળો હોતો નથી. અર્થાત્ જેમ પોલી મુઠીની કાંઇ કિંમત નથી હોતી અને જેમ ખોટો સિક્કો ચલણ યોગ્ય હોતો નથી એમજ જે સાધ્વાભાસ છે દ્રવ્યલિંગી મુનિ છે તેમની પણ તત્વજ્ઞોની દૃષ્ટીમાં કોઇ કિંમત નથી જ્ઞાનીજનોમાં તે કદી પણ આદર પામવા યોગ્ય બની શકતો નથી. ભલે ભોળા ભલા માણસો એનો આદર કરે. પરંતુ એથી તે સાચો મુનિ થઇ શકતો નથી. કાચનો મણી કદી વૈડૂર્યમણીનું સ્થાન મેળવી શકતો નથી ભલે તેની ચમક વૈડૂર્યમણીના જેવી હોય તો પણ શું ? ॥૪૨॥

"कुसीललिंगं—ઇત્યાદિ !

અન્વયાર્થ—જે દ્રવ્ય મુનિ **कूसीललिंगं धारइत्ता**—ઇહ કુશીલલિઙ્ગં ધારયિત્વા આ જન્મમાં પાર્શ્વસ્થ આદિના વેશને ધારણ કરીને તથા **जीविय इसिज्झायं वूहइत्ता**—જીવિકાયૈ ઋષિધ્વજં બૃંહયિત્વા ઉદર પોષણ નિમિત્તે ઋષિ ધ્વજને-સદોરક મુખ-વસ્ત્રિકા તથા રજોહરણ આદિ સાધુ ચિન્હને લઇને **असंयए**—અસંયતઃ સંયમથી રહિત હોવા છતાં **अप्पाणं संजयं लप्पमाणे**—આત્માનં સંયતં લપતૂ પોતે પોતાની જાતને સંયમી તરીકે ઓળખાવે છે. **से**—સઃ તે **विणिघायं पिरंपि आगच्छइ**—વિનિઘાતં ચિરમપિ આગચ્છતિ ભવભ્રમણરૂપ વિવિધ પીડાને ઘણા કાળ સુધી ભોગવતો રહે છે.

ભાવાર્થ—ભાવ સંયમથી રહિત હોવા છતાં પણ જે દ્રવ્યલિંગી પોતેપોતાને ભાવ સંયમી રૂપથી પ્રગટ કરે છે અને પાર્શ્વસ્થ આદિના લિંગને લઈને પણ જે ઋષિચિન્હોને ફકત પેટ ભરવાના ખ્યાલથી જ ધારણ કરે છે તે અસંયમી છે અને તે ઘણા કાળ સુધી પણ આ ભવ ભ્રમણરૂપ પીડાથી છુટકારો મેળવી શકતો નથી ॥૪૩॥

આમાં હેતુ કહે છે—"विसंतु" ઇત્યાદિ !

અન્વયાર્થ—**जहा पीयं कालकूडविसं हणाइ**—યથા પીતં કાલકૂટં વિષં હન્તિ જેવી રીતે કાળકૂટ વિષ પીનારા પ્રાણીના પ્રાણોનો નાશ કરનાર બને છે અથવા **जहा**—યથા જેમ **कुग्गहीयं सत्थं हणाइ**—કુગૃહીતં શસ્ત્રં હન્તિ ઉંધી રીતે ધારણ કરવામાં આવેલ શસ્ત્ર ધારણ કરનારનો વિનાશ કરી દે છે. અથવા જેમ **अविण्णो वेयाल हणाइ**—અવિપન્નઃ વેતાલઃ હન્તિ મંત્રાદિકોથી વશમાં ન કરવામાં આવેલ વેતાલ

વશમાં કરવાવાળા સાધકનો ધ્વંસ કરી દે છે તેવી રીતે **विसओववण्णो–विषयोपपन्नः** શબ્દાદિક વિષયરૂપ ભોગોની લોલુપતાથી યુકત બનેલ **एसो धम्मो वि–एषः धर्मः अपि** દ્રવ્ય લિંગીનો એ ધર્મ પણ નાશ કરી દે છે એને દુર્ગતિમાં ફેંકી દે છે.

ભાવાર્થ—આરાધિત ધર્મજ ભવોભવના ફેરાનો નાશ કરનાર છે. અનઆરાધિત નહીં. દ્રવ્યલિંગી મુનિ ધર્મનું વાસ્તવિકરૂપથી આરાધન કરતા નથી. તે ધર્મને પોતાની આજીવીકાનું સાધન બનાવે છે. આથી જે પ્રકારે કાળકૂટ ઝેર તેના પીનારનો નાશ કરે છે અને સારામાં સારૂં શસ્ત્ર હોય છે તે તેને સારી રીતથી ન પકડનારને જ સંહારે છે, આવીજ રીતે અવશીભૂત વૈતાલ સાધકનો નાશ કરી નાખે છે. એજ પ્રમાણે અનારાધિત ધર્મ પણ ભવ ભ્રમણરૂપ પીડાને આપનાર બને છે. તથા આરાધિત કરાયેલ એવો ધર્મ જીવની ઉન્નતિના–ઉર્ધ્વગતિ પ્રાપ્તિના ધારક બનેછે. ॥૪૪॥

"जो" ઇત્યાદિ !

અન્વયાર્થ—**जो–यः** જે દ્રવ્ય મુનિ **लक्खणं सुविण पउंजमाणे–लक्षणं स्वप्नं प्रयुञ्जानः** સામુદ્રિક શાસ્ત્રોકત અને શુભાશુભને કહેનાર તેમજ સ્ત્રી પુરૂષોના ચિન્હોને તથા સ્વપ્ન શાસ્ત્રોકત શુભાશુભ સ્વપ્નોના ફળ ગૃહસ્થોને કહે છે, **निमित्तकोउहलसंपगाढे–निमित्तकौतूहलसंप्रगाढः** તથા જે ભૂકંપ આદિ નિમિત્તને, પુત્ર આદિની પ્રાપ્તિ નિમિત્ત સ્વપ્ન આદિના કુતૂહલને જે અન્ય જનો માટે કહે છે. તથા **कुहेड विज्जासवदारजीवी–कुहेट विद्यास्रवद्वारजीवी** જે મેલી વિદ્યાઓ દ્વારા મંત્રતંત્ર આદિ મેલી વિદ્યાઓ દ્વારા–જીવીકાનો નિર્વાહ કરે છે તે એ કાળમાં જે તે પોતાનાં કર્તવ્યો દ્વારા નર્કાદિકમાં પતન થતી વખતે સુરક્ષિત બની શકતા નથી.

ભાવાર્થ—જે મુનિજન પોતાના નિર્વાહ માટે સ્ત્રી પુરૂષોના શુભશુભ ચિન્હોના ફળોને કહે છે, તથા સ્વપ્નોનાં સારાં ભીઠાં ફળોને સંભળાવે છે, તથા પુત્ર આદિની પ્રાપ્તિ નિમિત્તે જે તાવીજ વિગેરે બનાવી આપે છે, અમુક સ્થાન ઉપર સ્નાન કરવાનું કહે છે, મંત્રતંત્ર આદિ વિદ્યાઓથી કે જે જ્ઞાનાવરણીયાદી આસ્રવનું કારણ છે. અન્ય જનોને વિમોહિત કરી પોતાનો નિર્વાહ કરે છે તે સઘળા દ્રવ્ય મુનિ છે. તેમનાં એ કર્તવ્યો નરક તીર્યંચ આદિ યોનીઓનાં દુઃખોથી તેમને બચાવી શકતાં નથી. ॥૪૫॥

એજ અર્થને વિશેષ રૂપથી કહે છે—"तमं तमेणेव" ઇત્યાદિ !

અન્વયાર્થ—**असीले–अशीलः** શીલને પાળનારા ન હોવાના કારણથી તે **असाहुरूवे–आसाधुरूपः** દ્રવ્યમુનિ **तमं तमेणेव–तमस्तमसा एव** પ્રગાઢ મિથ્યાત્વથી ભરેલા હોવાના કારણે **मोणं–मौनम्** ચારિત્રની **विराहित्तु–विराध्य** વિરાધના કરીને **सया दुही–सदा दुःखी** સદા દુઃખ ભોગવતાં ભોગવતાં **विप्परियासुवेइ–विपर्यासम् उपैति** તત્વોના વિષયમાં વિપરીત ભાવને પ્રાપ્ત કરનાર બને છે. આ પ્રકારના વિપરીત ભાવથી તે **नरगतिरिक्खजोणी–नरकतिर्यग्योतिः** નરક અને તિર્યંચરૂપ ભવોને **संधावइ–सन्धावति** પ્રાપ્ત કરે છે.

ભાવાર્થ—દ્રવ્યલિંગી સાધુ તત્વત શીલવર્જીત હોવાના કારણે અસંયમી માનવામાં આવેલ છે. તે ચારિત્રની વિરાધના એ માટે કરે છે કે, તેમને પ્રબળ મિથ્યાત્વનો ઉદય હોય છે. અને તેનાથી એ દુઃખિત થતા રહે છે. મિથ્યાત્વનો જ એ પ્રભાવ છે જે તેના હૃદયમાં તત્વોના તરફ યથાર્થ શ્રદ્ધા રાખી શકતા નથી. નરક તીર્યંચ ગતિમાં ઉત્પન્ન થવા માટે એમને આ મ થ્યત્વજ પ્રધાન કારણ બનેછે ॥૪૬॥

ચારિત્રની વિરાધનાથી નરક તીર્યંચગતિ કેમ પ્રાપ્ત થાય છે તેને કહે છે "उद्देसियं" ઇત્યાદિ !

અન્વયાર્થ—એ દ્રવ્યમુનિ **उद्देसियं–औद्देशिकम्** કોઈપણ એક સાધુના ઉદ્દેશથી તૈયાર કરવામાં આવેલ તથા **कीयगडं क्रीतकृतम्** સાધુ માટે ખરીદવામાં આવેલ **निआगं–नियागं** નિત્યપિંડ આમંત્રણપૂર્વક આપવામાં આવેલ અશનાદિક પિંડને તથા **किंचि अणेसणिज्जं–किञ्चित् अनेषणीयम्** બીજા કોઈ પણ અનેષણીયસાધુ માટે અકલ્પ્ય અશનાદિક પિંડને **न मुंचई–न मुचति** છોડતા નથી પરંતુ **अग्गीविवासव्व-मक्खी भवित्ता–अग्निरिव सर्वभक्षि भूत्वा** અગ્નિની માફક સર્વભક્ષી બનીને તે **पावकडु–पपं कृत्वा** સાધુ આચરના પરિત્યાગરૂપ પાપ કરીને **इओ चुओ–इतः च्युतः** આ ભવથી ભ્રષ્ટ થવાથી **गच्छइ–गच्छति** નરકગતિ અને તીર્યંચ ગતિમાં જાય છે.

ભાવાર્થ—દ્રવ્યમુનિ અગ્નિ સમાન સર્વભક્ષી રહ્યા કરે છે. તેને કલ્પનીય અકલ્પનીય અશનાદિકનું કોઇ પણ પ્રકારનું ધ્યાન હોતું નથી. ચાહે તે ઔદ્દેશીક હોય, ચાહે ક્રીતકૃત હોય જ્યારે તે પરગતિમાં જાય છે તો નરક અને તીર્યંચગતિમાં જઇને અનંત દુઃખોને ભોગવતો રહે છે ॥૪૭॥

"દુશ્ચરિત્રથી જ દુર્ગતિ પ્રાપ્ત થાય છે" તેના માટે કહે છે—"न तं" ઇત્યાદિ !

અન્વયાર્થ—**कंठछित्ता–कंठच्छेत्ता** ગળાને કાપનારો **अरी–अरिः** શત્રુ **तं न करेइ–तं न करोति** એ અનર્થ નથી કરતો કે, **जं से अप्पणिया दुरुप्पया करेइ–यं तस्य आत्मना दुरात्मता करोति** જેવા અનર્થને તેવી આ આત્મીય દુષ્ટાચારરૂપ પ્રવૃત્તિ કરે છે. આ વાત **से–सः** તે એ સમયે **नाहिई–ज्ञास्यति** જાણી શકાશે કે જ્યારે તે **दयाविहूणो–दयाविहीन** સંયમ અનુષ્ટાન વર્જીત દ્રવ્યમુનિ **मुच्चुमुहं तु-पत्ते–मृत्युमुखं तु प्राप्तः** મૃત્યુના મુખમાં જશે મરણ સમયે અતિ મંદ ધર્મવાળા પ્રાણી માટે પણ ધર્મના અભિપ્રાયની ઉત્પત્તિ જોવાય છે. આ કારણે એવું કહેવામાં આવેલ છે કે, **पच्छाणुतावेण नाहिई–पश्चात् अनुतापेन ज्ञास्यति** તે દ્રવ્યમુનિ "મેં ઘણુંજ ખરાબ કર્યું છે," આ પ્રકારનો પશ્ચાત્તાપ કરી મૃત્યુ સમયે પોતાના દુરાચારી કર્મના ફળને જાણી શકશે.

ભાવાર્થ—એ દ્રવ્યલિંગી દુરાત્મા શત્રુથી પણ અધિક ભયંકર કામ કરે છે. ગળું કાપનાર શત્રુ એકજ ભવમાં પર્યાયનો વિઘાતક હોવાથી દુઃખદાયી બને છે. પરંતુ આ દુરાત્મા તો આ જીવને ભવોભવમાં દુઃખ આપનાર બને છે. આ વાત એ દ્રવ્યલિંગી મુનિ એ સમયે જાણી શકશે કે, જ્યારે એના મૃત્યુનો સમય આવી લાગશે. ત્યારે તે "મેં આ સારૂં કામ નથી કર્યું ઘણુંજ ખરાબ કર્યું કે આ દુરાત્મતાની જાળમાં પડી રહ્યો" આ પ્રકારનો પશ્ચાત્તાપ કરશે. તાત્પર્ય એ છે કે, આ દુરાત્માનો પરિહાર મોક્ષાર્થીઓએ સૌથી પહેલાં જ કરી લેવો જોઈએ. કેમકે, તે અનર્થના હેતુ અને પશ્ચાત્તાપનું કારણ છે, ॥૪૮॥

જે મરણ સમયે પણ પોતાના દુરાત્માને જાણતો નથી તેની શું ગતિ થાય છે. તેને કહે છે.—**निरट्ठिया**" ઈત્યાદિ !

અન્વયાર્થ—હે રાજન્ ! **जे**–યે જે મુનિ **उत्तमट्ठे विवज्जासं एइ**–**उत्तमार्थे विपर्यासं एति** ઉત્તમ અર્થમાં શ્રુત ચારિત્રરૂપ ધર્મમાં–મોહના વશથી વિપરીત ભાવને પ્રાપ્ત કરે છે. **तस्स णग्गरूई निरट्ठिया**–**तस्य नाग्न्यरूचिः निरर्थिका** દ્રવ્યલિંગી સાધુની–નાગ્ન્ય–શ્રામણ્યમાં રૂચી–અભિલાષા વ્યર્થજ જાણવા જોઇએ **इमे वि से नत्थि**–**अयमपि तस्य नास्ति** તથા આ પ્રત્યક્ષભૂત લોક પણ તેનું સધાતું નથી ફક્ત એજ વાત નથી પરંતુ **परलोए तस्स नत्थि**–**परलोको तस्य नास्ति** તેનો પરભવ પણ બગડી જાય છે. કારણ કે, એવા જીવનું કુગતિમાં પતન થાય છે. કારણ કે મોહ પ્રમાદ આદિની પરવશતા.થી કેશ લોચન આદિનું કરવું કેવળ શારીરિક કલેશ હોવાથી આ લોક તેનો બગડેલોજ જાણવો જોઇએ. **दुहओ वि से झिज्झइ तत्थ लोए**–**द्विधाऽपि स क्षीयते तत्र लोके** આ પ્રકારની ધર્મભ્રષ્ટ એ દ્રવ્યલિંગી મુનિ આ સંસારમાં ઐહિક અને પારલૌકિક બન્ને પ્રકારના અર્થના અભાવથી પોતેજ પોતાની જાતે પશ્ચાત્તાપને પાત્ર બની જાય છે.

ભાવાર્થ—જે મુનિ શ્રુત ચારિત્રરૂપ ધર્મમાં વિપરીત ભાવ ધારણ કરે છે તેમનું સાધુ થવું વ્યર્થ છે કેમકે આવી સ્થિતીમાં તેમના બન્ને લોક બગડી જાય છે. જ્યારે આ ઐહિક પારલૌકિક અર્થના સમારાધક અન્ય સાધુજનોને જુએ છે તો એવા પ્રકારની ચિંતાથી કે, "મને તો ધિક્કાર છે મારા તો બન્ને લોક બગડી ચુકેલ છે" રાત દિવસ પશ્ચાત્તાપ કરે છે. ॥૪૯॥

એ કયા પ્રકારનો પશ્ચાતાપ કરે છે એને દૃષ્ટાંત દ્વારા સમજાવે છે.—" **एमेव** " ઈત્યાદિ !

અન્વયાર્થ—**एमेव**–**एवमेव** આ પૂર્વોક્ત પ્રકારથી જ–મહાવ્રતોને ન પાળવા આદિ પ્રકારથી **जहाछंद कुसीलरूवे**–**यथाच्छन्दकुशीलरूपः** સ્વરૂચિકલ્પી આચારવાળાના તથા કુત્સિત શીલવાળા–પાર્શ્વસ્થ અથવા પરતીર્થિક આદિજનોના સ્વભાવ જેવા સ્વભાવવાળાએ દ્રવ્યલિંગી **जिणुत्तमाणं मग्गं विराहित्तु**–**जिनोत्तमानां मार्गं विराध्य** તીર્થંકરોના શ્રુત ચારિત્રરૂપ ધર્મની વિરાધના કરીને **भोगरसाणुगिद्धा कुररी-विव्वा निरट्ठसोया परितावमेइ**–**भोगरसानुगृद्धा कुररीव निरर्थशोका परितापमेति** ભોગનો આસ્વાદ લેવા માટે માંસના આસ્વાદમાં ગૃદ્ધ બનેલ અને પછીથી ખુંચવી લેવાથી વ્યર્થ શોક કરવાવાળી કુરરી પક્ષિણીની માફક પરિતાપને પામે છે.

ભાવાર્થ—મહાવ્રતોના પાલન કરવાના માર્ગથી સર્વથા વંચિત એવા એ દ્રવ્યલિંગી મુનિ યથાચ્છંદ અથવા કુશીલોની માફક જીન માર્ગની વિરાધના કરે છે. પછીથી જ્યારે ઇહલૌકિક અને પારલૌકિક અર્થની આપત્તિ ઉપસ્થિત થાય છે ત્યારે પ્રતીકાર કરવા માટે સમર્થ ન થઈ શકવાના કારણે કેવળ પશ્ચાત્તાપ જ કર્યા કરે છે. આવી પરિસ્થિતિમાં તેનો કોઇ એવો સહાયક હોતો નથી કે, જે તેને સહાયતા આપી શકે. જે પ્રમાણે કુરરી પક્ષિણી માંસ રસનો આસ્વાદ કરવામાં ગૃદ્ધ બની જ્યારે માંસના ટુકડાને મોઢામાં દબાવીને ચાલે છે અને તેનો તે ટુકડો બીજું પક્ષી તેની પાસેથી ખુંટવી લે છે ત્યારે તે સ્વાદની લોલુપતાથી ફક્ત દુઃખનો અનુભવજ કરતી રહે છે તેનો પ્રતીકાર કરી શકતી નથી અને બીજું કોઈ તેની એ આપત્તિમાં

તેને સહાય કરનાર બનતું નથી આ પ્રકારથી સ્વપરનું પરિત્રાણ કરવામાં અસમર્થ હોવાના કારણે તે દ્રવ્યલિંગીનું અનાથપણું જાણવું જોઈએ, ।।૫૦।।

હવે કર્તવ્યને કહે છે—"सुच्चाण" ઇત્યાદિ !

અન્વયાર્થ—मेहावि–मेधाविन् હે ધારણા બુદ્ધિ સંપન્ન રાજા ! વીતરાગ તરફથી सुभसियं–सुभाषितम् યથાતથ્ય રૂપ કહેવાયેલા તથા णाणगुणोववेयम्–ज्ञानगुणोपपेतम् જ્ઞાનના વિરતિ લક્ષણ રૂપ ગુણથી અથવ પંચવિધ વિરતિ લક્ષણ ગુણથી યુક્ત इदं–इदम् આ અનન્તરોક્ત अणुसासणं–अनुशासनम् અનુશાસનને सुच्चाण–श्रुत्वा સાંભળીને તથા कुसीलाण सव्वं मग्गं जहाय–कुशीलानां सर्वं मार्गं हित्वा કુશીલોના સઘળા માર્ગોનો પરિત્યાગ કરીને તમો महानियंठाण पहेण वहे महानिर्ग्रन्थानां पथा व्रजेः મહ નિર્ગ્રન્થોના માર્ગથી ચાલો આ ગાથા દ્વારા એ પ્રગટ કરવામાં આવેલ છે કે, આ સઘળી વાતો સાંભળીને હે રાજન્ ! તમારૂં હવે શું કર્તવ્ય છે–અનાથી મુનિરાજ શ્રેણીક મહારાજને કહી રહેલ છે કે વીતરાગ પ્રભુદ્વારા કહેવાયેલા આ જ્ઞાન ગુણોપપેત અનુશાસનને સાંભળીને તમો હવે કુશીલોના માર્ગનો પરિત્યાગ કરીને મહાનિર્ગ્રન્થોના માર્ગનું અનુસરણ કરો એમાં જ તમારી ભલાઇ છે. ।।૫૧।।

મહાનિર્ગ્રન્થોના માર્ગમાં ચાલવાના ફળને કહે છે—"चरित्तं" ઇત્યાદિ.

અન્વયાર્થ—चरित्तमायारगुणन्निए–चारित्रमाचारगुणान्वितः ચારિત્રના આચરણ રૂપગુણથી સંપન્ન અથવા ચારિત્રસેવન અને જ્ઞાનરૂપ ગુણથી અન્વિત સાધુ तओ–ततः મહાનિર્ગ્રન્થના માર્ગ ઉપર ચાલવાથી अणुत्तरं संजमे पालियाण–अनुत्तरं संयमं पालयित्वा પ્રધાન સંયમ-યથાખ્યાત ચારિત્રનું પાલન કરીને निरासवे–निरास्रवः પ્રાણાતિપાત આદિ આસ્રવથી રહિત બનીને कम्मं संखवियाण–कर्म संक्षपय્ય જ્ઞાનાવરણાદિક કર્મોને ક્ષપિત કરીને विउलुत्तमं धुवं ठाणं उवेइ–विपुलोत्तम ध्रुवं स्थानं उपैति વિસ્તૃત–અનન્ત સિદ્ધોનું પણ તેમાં અવસ્થાન હોવાથી વિશાળ–તથા પ્રધાન હોવાથી સર્વોત્કૃષ્ટ એવા નિત્ય અવિચલિત મુક્તિપદ નામના સ્થાનને પ્રાપ્ત કરી લે છે.

ભાવાર્થ—જે મુનિ ચારિત્રાચાર ગુણ ન્વિત બનીને યથાખ્યાત ચારિત્રનું પાલન કરે છે તે નિરાસ્રવ બનીને જ્ઞાનાવરણીયાદિક કર્મોનો વિનાશ કરીને વિપુલ, ઉત્તમ અને ધ્રુવ મુક્તિ સ્થાન ઉપર જઈને બીરાજમાન થઈ જાય છે. ।।૫૨।।

હવે અધ્યનનો ઉપસંહાર કરતાં સૂત્રકાર કહે છે—"एवुग्ग दंते" ઇત્યાદિ.

અન્વયાર્થ—उग्ग दंते–उग्र दान्तः કર્મશત્રુના તરફ ઉગ્રરૂપ હોવાથી સ્વયં ઉગ્ર તથા ઇન્દ્રિય અને મનનું દમન કરવાથી દાન્ત महातवोधणे–महातपोधनः અનશન આદિ બાર પ્રકારના મહાન તપોના આરાધક હોવાથી મહાન તપસ્વી महापइन्ने–महाप्रतिज्ञः સ્વીકૃત સંયમના યથાવત્ પરિપાલનથી મહાપ્રતિજ્ઞ આ કારણે મહાન યશસ્વી ઉત્કૃષ્ટ રૂપથી જ્ઞાન અને ક્રિયાની આરાધના કરવાવાળા હોવાના કારણે દિગંતમાં વિસ્તારિત કીર્તિસંપન્ન એવા से महामुणी–सः महामुनि એ મુનિરાજે इणं महानियंठिज्जं महासुयं–इदं महानिर्ग्रन्थीयं महाश्रुतम् આ મહાનિર્ગ્રન્થીય –મહાનિર્ગ્રન્થો માટે હિતવિધાયક મહાશ્રુત वित्थरेणं काहए–विस्तरेण कथयति શ્રેણિક રાજાને વિસ્તારથી કહી સંભળાવ્યું. ।।૫૩।।

ત્યારબાદ—"तुट्ठोय" ઇત્યાદિ.

અન્વયાર્થ—આ પ્રકારે અનાથ મુનિરાજ દ્વારા અનાથપદની વ્યાખ્યાને સાંભળીને **तुट्ठो–तुष्टः** પ્રસન્ન અને સંતુષ્ટ બનેલા એવા **सेणिओ राया–श्रेणिकः राजा** એ શ્રેણિક રાજાએ **कयंजली–कृताञ्जलिः** હાથ જોડીને એ અનાથ મુનિને **इणमाहु–इदमाह** આ પ્રકારથી કહ્યું કે આપે **मे–मे** મને **जहाभूयं अणाहत्तं–यथाभूतं अनाथत्वम्** વાસ્તવિક અનાથપણું **सुट्ठु–सुष्ठु** સારી રીતે **उवदंसियं–उपदर्शितम्** ખુલાસો કરીને સમજાવેલ છે. ॥૫૪॥

પછી રાજા કહે છે—"तुब्भं" ઇત્યાદિ.

અન્વયાર્થ—**महेसी–महर्षे** હે મહર્ષિ ! **तुब्भं माणुस्स जम्मं सुलद्धं–युष्माभिः खलु मानुष्यं जन्मं सुलब्धम्** આપે આ મનુષ્ય જન્મને સારી રીતે જાણેલ છે. અર્થાત મનુષ્ય જન્મનું જે ફળ થવું જોઇએ તે આપે પ્રાપ્ત કરી લીધું છે, આ કારણે આપનો મનુષ્ય જન્મ સફળ થઇ ગયેલ છે. **तुब्भे–युष्माभिः** આપે **लाभा सुलद्धा–लाभाः सुलब्धाः** વર્ણ રૂપાદિ પ્રાપ્તિરૂપ અથવા ધર્મ વિશેષ પ્રાપ્તિરૂપ લાભોની સફળતા પ્રાપ્ત કરી તેને સુલબ્ધ બનાવેલ છે. તથા **हे** મહામુનિ ! **तुब्भे सणाहा सबंधवा–यूयम् सनाथाः सबांधवाः** આપ જ વાસ્તવિક રૂપમાં સનાથ અને બાંધવ સહિત છો. **जं तुब्भे–यत् यूयम्** કેમ કે, જે આપ **जिणुत्तमाणं मग्गिठिया–जिनोत्तमानां मार्गे स्थिताः** જીનના ઉત્તમમાં ઉત્તમ માર્ગમાં સ્થિત થઇ ગયેલ છો. ॥૫૫॥

હવે રાજા મહામુનિને ખમાવે છે—"तंसि" ઇત્યાદિ.

અન્વયાર્થ—**संजया–संयत !** હે મહામુનિ ! **तं अहाणं सर्वभूयाणणाहोसि–त्वं अनाथानां सर्वभूतानां नाथः असि** પોતપોતાના ક્ષેમયોગથી રહિત અનાથો–સર્વ ભૂતોના યોગક્ષેમકારક હોવાથી આપ એક માત્ર નાથ છો. **महाभाग खामेमि–महाभाग क्षमयामि** હે મહાભાગ હું મારા અપરાધોની આપની પાસે ક્ષમા માગું છું તથા આપનાથી **अणुसासिउं इच्छामु–अनुशासितुं इच्छामि** હું મને અનુશાસિત થવાની પ્રાર્થના કરું છું. ॥૫૬॥

પછી ક્ષમાપનાને વિશેષ રૂપથી કહે છે—"पुच्छिऊण" ઇત્યાદિ.

અન્વયાર્થ—હે મુનિ ! **पुच्छिउण–पृष्ट्वा** પ્રશ્ન કરીને **मए–मया** મેં **तुज्झो–युष्माकम्** આપના **जा–यः** ધ્યાનમાં **ज्झाणविग्घो कओ–ध्यानाविघ्नः कृतः** વિઘ્ન નાખેલ છે તથા **भोगेहिं निमंतिया–भोगैः निमंत्रिताः** ભોગો ભોગવવાના કાર્ય માટે આપને આમંત્રિત કરેલ છે. હે ભદંત ! આપ **मे–मे** મારા **तं सव्वं–तत्सर्वम्** એ સઘળા અપરાધોની **मरिसेह–मृष्यत** ક્ષમા કરો. ॥૫૭॥

હવે અધ્યયનનો ઉપસંહાર કરે છે—"एवं" ઇત્યાદિ.

અન્વયાર્થ—**सओरोहो–सावरोधः** અન્તઃપુર સહિત **सपरियणो–सपरिजनः** દાસીદાસ આદિ પરિજન સહિત તથા **सबंधवो–सबान्धवः** બધું વર્ગ સહિત **स–सः** તે **रायसीहो–राजसिंहः** રાજાઓમાં સિંહ જેવા શ્રેણિક રાજા **परमाए भत्तिए–**

परमया भक्तया અતિ ઉત્કૃષ્ટ એવી ભક્તિથી अणगारसीहं–अनगार सिंहम् અનગાર-સિંહ જેવા એ અનાથી મુનિની एवं–एवम् આવી પૂર્વોક્ત પ્રકારથી थुणित्ताण–स्तुत्वा સ્તુતિ કરીને विमलेण चेयसा धम्माणुरत्तो–विमलेन चेतसा धर्मानुरक्तः મિથ્યાત્વના મળથી રહિત બનવાથી નિર્મળ ચિત્તદ્વારા ધર્માનુરાગથી યુક્ત બની ગયા અને તે સમયે તેમણે ऊससियरोमकूवो–उच्छ्वसितरोमकूपः રોમાંચિત શરીર-વાળા થઈને ઘણા આદરની સાથે पयाहिणं काऊण–प्रदक्षिणां कृत्वा તેમની પ્રદક્ષિણા કરી અને પ્રદક્ષિણા કરીને પછીથી सिरसा अभिवन्दिऊण–शिरसा–अभिवन्द्य મસ્તક નમાવીને વંદના કરીને अइयाओ–अतियातः પોતાના સ્થાન ઉપર પાછા ગયા. ॥૫૮॥૫૯॥

રાજાના ગયા પછી અનાથી મુનિએ શું કર્યું તેને કહે છે—"इयरो वि" ઇત્યાદિ.

અન્વયાર્થ—હવે આ તરફ इयरोवि–इतरोऽपि અનાથી મુનિ પણ गुणसमिद्धो–સાધુના સત્તાવીસ ગુણોથી યુક્ત તથા तिगुत्तिगुत्तो–त्रिगुप्तिगुप्तः મન, વચન, અને કાયરૂપ ગુપ્તિત્રયથી ગુપ્ત-સહિત અને तिदंडविरओ–त्रिदंडविरतः મન, વચન, અને કાયાના અશુભ વ્યાપાર રૂપ દંડોથી રહિત विहगइव–विहगइव પક્ષીની માફક विप्पमुक्को–विप्रमुक्तः પ્રતિબંધોથી રહીત विगयमोहो–विगतमोहः રાગદ્વેષથી રહિત શાંત ચિત્ત બનીને वसुहं विहरइ–वसुधां विहरति આ ભૂમંડળ ઉપર વિચારવા લાગ્યા. त्ति बेमि–इति ब्रवीमि જેવું ભગવાનની પાસેથી સાંભળ્યું છે તે જ હું કહું છું.

આ ઉત્તરાધ્યયન સૂત્રનું વીસમું અધ્યયન સંપૂર્ણ થયું. ॥૨૦॥

ઇક્કીસવે અધ્યયન ઔર એકાન્તચર્યા મેં સમુદ્રપાલ મુનિ કા દ્રષ્ટાંત

એકવીસમા અધ્યયનનો પ્રારંભ—

વીસમું અધ્યયન કહેવાઇ ગયું. હવે આ એકવીસમા સમુદ્રપાલીય નામના અધ્યયનનો પ્રારંભ થાય છે. આ અધ્યયનનો વીસમા અધ્યયનની સાથેનો સંબંધ આ પ્રકારનો છે—પૂર્વ અધ્યયનમાં જે અનેક પ્રકારની અનાથતા કહેવામાં આવેલ છે તો સાધુનું કર્તવ્ય છે કે, તેમણે આ અનાથતાનો સારી રીતે વિચાર કરીને એકાન્તચર્યાથી વિહાર કરવો જોઇએ એ એકાન્તચર્યા આ અધ્યયનના સમુદ્ર-પાલના દૃષ્ટાંતથી સ્પષ્ટ કરવામાં આવેલ છે. આથી એ સંબંધથી જ આ અધ્યયનનો પ્રારંભ થાય છે એનું આ સર્વ પ્રથમ સૂત્ર છે—"चंपाए" ઇત્યાદિ.

અન્વયાર્થ—અંગદેશમાં चंपाए–चंपायाम् ચંપા નામની નગરીમાં पालिए नामं–पालितः नाम પાલિત એ નામનો એક वाणिए सावए आसि–वाणिजः श्रावकः आसीत् વણિક શ્રાવક હતા. सो महप्पणो–सः महात्मा એ મહાત્મા भगवओ–भगवतः ભગવાન મહાવીરના सीसे–शिष्यः શિષ્ય હતા. ॥૧॥

"निग्गंथे" ઇત્યાદિ.

અન્વયાર્થ—निग्गंथे पावयणे–नैर्ग्रंथे प्रवचने નિગ્રન્થ સંબંધી પ્રવચનમાં विक्कोविए–विकोविदः વિશિષ્ટ-વિદ્વાન से सावए–सः श्रावकः એ શ્રાવક पोएण ववहरंतो–पोतेन व्यहरन् જહાજથી વ્યાપાર કરતા કરતા पिहुंडं नगरमागए–पिहुण्डम् नगरम् आगतः પિહુણ્ડ નામના નગરમાં પહોંચ્યા. ॥૨॥

"पिहुंडे" ઇત્યાદિ.

અન્વયાર્થ—**पिहुंडे ववहरंतस्स वाणिओ धूयरं देइ–पिहुण्डे व्यवहरते वाणिजः दुहितरं ददाति** પિહુણ્ડ નગરમાં વ્યાપાર કરવાવાળા એ વણિક શ્રાવકને કોઈ વણિક વ્યાપારીએ પોતાની પુત્રી આપી. અર્થાત્ ત્યાંના કોઈ વણિકે પોતાની પુત્રીનો વિવાહ એ પાલિત શ્રાવકની સાથે કરી દીધો. એ પાલિત શ્રાવક કેટલાક કાળ પછી ત્યાંથી **ससत्तं तं पइगिज्ज–स सत्त्वां तां प्रतिगृह्य** પોતાની સગર્ભા એવી એ પત્નીને સાથે લઈને **सदेसं पत्थिओ–स्वदेशं प्रस्थितः** ચંપાનગરી તરફ આવવા નીકળ્યો. ॥૩॥

"अह पालियस्स" ઇત્યાદિ.

અન્વયાર્થ—**अह–अथ** પછી **पालियस्स घरणी समुद्दम्मि पसवइ–पालितस्य गृहिणी समुद्र प्रसूते** જહાજમાં મુસાફરી દરમ્યાન પાલિતની પત્નીએ એક પુત્રને જન્મ આપ્યો. સમુદ્રમાં જન્મ થવાના કારણે **अह समुद्दपालित्तिनामए दारए तहिं जाए–अथ समुद्रपाल इति नामकः दारकः जातः** પાલિતે એ બાળક પુત્રનું નામ તેજ વખતે સમુદ્રપાલ એવું રાખ્યું. ॥૪॥

"खेमेण आगए" ઇત્યાદિ.

અન્વયાર્થ—તે પાલિત **सावए वाणिए–श्रावकः वाणिजः** શ્રાવક વણિક **खेमेण–क्षेमेण** કુશળ રીતે **चंपं घरं आगए–चम्पाम् गृहम् आगतः** ચંપાનગરીમાં પોતાને ઘેર પહોંચી ગયા. **तस्स घरे–तस्य गृहे** પાલિત શ્રાવકને ત્યાં ઉત્પન્ન થયેલ **से दारए–सः दारकः** એ સમુદ્રપાળ નામનો બાળક પણ ત્યાં **सुहोइए संवड्ढइ–सुखोचितः संवर्धते** આનંદની સાથે વધવા માંડ્યો. ॥૫॥

"बावत्तरिं कलाओ" ઇત્યાદિ.

અન્વયાર્થ—**बावत्तरिं कलाओ सिक्खिए–स द्वासप्ततिं कलाः शिक्षितः** જેમ જેમ એ સમુદ્રપાળ મોટો થવા માંડ્યો, તેમ તેમ તે કલાચાર્યની પાસે જઈને બોંતેર (૭૨) કલાઓનો અભ્યાસ કરવા લાગ્યો. આ પ્રકારે ક્રમશઃ **नीइ कोविए–नीति कोविदः** નીતિમાં તે નિપુણ બની ગયો **जोव्वणेण संपन्ने सुरूवे पियदंसणे यौवनेन संपन्नः सुरूपः प्रियदर्शनः** જ્યારે યૌવન અવસ્થાએ પહોંચ્યો ત્યારે તેનું રૂપ ઘણું જ સુંદર હોવાના કારણે એને જોતાં જ તેના તરફ જોનારની આંખો આનંદરૂપી **अमृतथी** ઠરતી. ॥૬॥

"तस्स रूववइं" ઇત્યાદિ.

અન્વયાર્થ—સમુદ્રપાલ ઉમર લાયક થતાં તેના **पिया–पिता** પિતા પાલિત શ્રાવકે **तस्स–तस्य** તેનું **रूविणीं–रूपिणीम्** રૂપિણી નામની **रूववइं–रूपमतीम्** અનુપમ સુંદર રૂપવાળી કન્યાની સાથે **आणेइ–आनयति** લગ્ન કરી દીધું. **रम्मे पासाए –रम्ये प्रासादे** સમુદ્રપાળ પોતાની સ્ત્રીની સાથે પોતાના સુરમ્ય મહેલમાં **दोगुन्दको जहा–दोगुन्दकः यथा** દોગુન્દક દેવની માફક **कीलए–क्रीडति** શબ્દાદિક કામભોગોને ભોગવવા લાગ્યો. ॥७॥

"अह अन्नया" ઇત્યાદિ.

અન્વયાર્થ—**अह–अथ** એક દિવસની વાત છે કે **अन्नयाकयाइं–अयदा कदाचित्** કોઈ સમય સમુદ્રપાળ પોતાના મહેલના જરૂખામાં બેઠેલ હતો ત્યારે તેણે **वज्झगं वज्झमंडणसोभागं वज्झं पासइ–वध्यगम् वध्यमंडनशोभाकं वज्झं पश्यति** એક ચોરને વધસ્થાન તરફ લઈ જતો જોયો તથા તેનો વધ કરનાર જલ્લાદને જોયો. ॥૮॥

"तं पासिउण" ઇત્યાદિ.

અન્વયાર્થ—**तं पासिउण–तम् दृष्ट्वा** એ ચોરને જોઈને **समुद्दपालो–समुद्दपालः** સમુદ્રપાલે **संवेगं–संवेगं** સંવેગના કારણભૂત એવાં **इणमब्बवी-इदं अब्रवीत्** વચનો કહ્યાં જુઓ ! **अहो असुभाण कम्माणं इमं पावगं निज्जाणं–अहो अशुभानां कर्मणां इदं पापकं निर्याणम्** અશુભ કર્મોના આ અશુભ ફળ છે, જેથી આ બિચારાને વધસ્થાન ઉપર મારવા માટે લઈ જવામાં આવે છે. ॥૯॥

ततः–"संबुद्धो" ઇત્યાદિ.

અન્વયાર્થ—**सो तहिं–स तत्र** સમુદ્રપાલને જરૂખામાં બેઠાં બેઠાં જ **परमं संवेग मागओ–परमं संवेगं आगतः** સર્વોત્કૃષ્ટ વૈરાગ્ય પ્રાપ્ત થઈ ગયો, અને **संबुद्धो–संबुद्धः** પોતે જાતે જ પ્રતિબુદ્ધ થઈને **भयवं-भगवान्** વૈરાગ્ય સંપન્ન બનેલા એવા એ સમુદ્રપાલે **अम्मापियरो अपुच्छ–अम्बापितरौ–आपृच्छय** માતાપિતાની આજ્ઞા મેળવીને **अणगारियं पव्वए–अनगारिताम् प्रव्रजति** દીક્ષા અંગીકાર કરી. ॥૧૦॥

દીક્ષિત થયા પછી એ સમુદ્રપાલ મુનિએ જે પ્રકારની પોતાની પ્રવૃત્તિ કરી તથા જે પ્રકારથી પોતાના આત્માને અનુશાસિત બનાવ્યો છે એ વાત સૂત્રકાર હવે આ ગાથાઓ દ્વારા પ્રગટ કરે છે—"जहित्तु" ઇત્યાદિ.

અન્વયાર્થ—સમુદ્રપાલ મુનિએ **महाकिलेसम्–महाक्लेशम्** આ ચતુર્ગતિરૂપ સંસારમાં ભ્રમણરૂપ મહાન કષ્ટને આપનાર **महंतमोहं–महामोहम्** અતિ મોહ અને અજ્ઞાનને વધારનાર **कसिणं–कृष्णम्** કૃષ્ણલેશ્યાનો હેતુ હોવાથી પોતે કૃષ્ણરૂપ તથા **भयावहं–भयावहम्** પ્રાણીઓને વિવિધ પ્રકારના ભયોને આપનાર હોવાથી ભયાવહ એવા **संगं–संगम्** સ્વજન આદિ સંબંધરૂપ પરિગ્રહનો **जहित्तु–हित्वा** પરિત્યાગ કરી **परियायधम्मं–पर्यायधर्मम्** પ્રવજ્યા પર્યાયના મહાવ્રતાદિરૂપ ધર્મને અંગીકાર કર્યો. એના પાલનમાં એની વિશેષ અભિરુચી જાગી. આ વાતને સૂત્રકાર **वयाणि**

सीलाणि–व्रतानि शिलानि ઇત્યાદિ પદો દ્વારા પ્રગટ કરે છે–**महाव्रती वयाणि–व्रतानि** ઉત્તમ ગુણરૂપ શીલ અને **परिसहे–परिषहान्** ભૂખ, તરસ આદિ પરીષહોને જીતવા એ સઘળાનું પાલન કરવું જ એને રૂચ્યું છે ॥૧૧॥

આના પછી એમણે જે કર્યું તથા જે એમનું કર્તવ્ય હોય છે તેને કહે છે— **"अहिंस"** ઇત્યાદિ.

અન્વયાર્થ—એ **विऊ–वित्** વિદ્વાન સમુદ્રપાલ મુનિએ **अहिंस सच्चं च अत्तेणगं तत्तो य बंभं अपरिग्गहं पंच महव्वयइं पडिवज्जिया–अहिंसां सत्यं अस्तैन्यकं ततश्च ब्रह्म अपरिग्रहं पंच महाव्रतानि प्रतिपद्य** અહિંસા મહાવ્રત, સત્ય મહાવ્રત, અદત્તાદાન વિરમણ મહાવ્રત, બ્રહ્મચર્ય મહાવ્રત, પરિગ્રહ ત્યાગ મહાવ્રત. આ પાંચ મહાવ્રતોનો સ્વીકાર કરીને **जिणदेसियं धम्मं चरिज्ज–जिनदेशितं धर्मं अचरत्** જીનદેવ દ્વારા પ્રતિપાદિત શ્રુત ચારિત્રરૂપ ધર્મનું પાલન કર્યું. આત્માના અનુશાસન પક્ષમાં **"अचरत्"**ને **"चरेत्"** એવું ક્રિયાપદ સમજવું જોઇએ. અર્થાત્–હે વિદ્વાન્ આત્મન્! અહિંસા આદિ પાંચ મહાવ્રતોનો સ્વીકાર કરી તું હવે જીનદેશિત શ્રુતચારિત્રરૂપ ધર્મનું સેવન કર." જ્યારે એવું આત્માનું શાસન કરવારૂપ અર્થ વિવક્ષિત થાય ત્યારે **"वित्"**ને સંબોધન રૂપમાં અને **"चरेज्ज"**ને **"चरेत्"**ના રૂપથી જાણવા જોઇએ ॥૧૨॥

"सव्वेहिं भूएहिं" ઇત્યાદિ.

અન્વયાર્થ—**भिक्खू–भिक्षुः** એ સમુદ્રપાલ મુનિ **सव्वेहिं भूएहिं दयाणुकंपी–सर्वेषु भूतेषु दयानुकंपी** સઘળી એકેન્દ્રિયથી લઇને પંચેન્દ્રિય સુધીના જીવો પર દયાનુકંપી બન્યા–દયાથી રક્ષા કરવા રૂપ પરિણતિથી–અનુકંપન શીલ બન્યા. **खंतिक्खमे क्षान्तिक्षमः** ક્ષાન્તિ ગુણથી–ક્ષમારૂપ, આત્મિકગુણથી–અશકિત નહિ–દુર્જનોના દુર્વચનોને સહન કરવાવાળા બન્યા. **संजयबंभयारी–संयतब्रह्मचारी** સંયતભાવથી બ્રહ્મચારી બન્યા, નવવાડથી વિશુદ્ધ બ્રહ્મચર્યના સેવનમાં લવલીન રહ્યા તથા **सुसमाहिइंदिए–सुसमाहितेन्द्रियः** પાંચ ઇન્દ્રિયોને વશમાં કરીને તે **सावज्जजोगं–सावद्ययोगम्** મન, વચન અને કાયા આ ત્રણ યોગોના સાવદ્ય વ્યાપારોનું **परिवज्जयंतो–परिवर्जन्** પરિત્યાગ કરીને **चरेज्ज–अचरत्** શ્રુત ચરિત્રરૂપ ધર્મનું પાલન કરવામાં અથવા વિહાર કરવામાં નિરત થયા. આત્માનુશાસન પક્ષમાં **"चरेज्ज"**ની સંસ્કૃત છાયા **"चरेत्"** એવી કરી લેવી જોઇએ. આનો ભાવ ત્યારે આ પ્રકારનો થઈ જશે. અર્થાત્ સમુદ્રપાલ મુનિએ પોતાના આત્માને આ પ્રકારે સમજાવ્યો કે **હે આત્મન્!** ભિક્ષુ સઘળા જીવો તરફ દયાવાન, ક્ષાન્તિક્ષમ, સંયત બ્રહ્મચારી અને સુસમાહિતેન્દ્રિય થઈને સાવદ્યયોગોનો પરિહાર કરીને વિહાર કરે છે તો તમો પણ ભિક્ષુ છો, આથી તમો પણ આવી જ રીતના બનીને વિચરણ કરો. જો કે પાંચ મહાવ્રતોનું પાલન કરવાથી સમુદ્રપાલ મુનિમાં બ્રહ્મચર્યનું પાલન સ્વયં સિદ્ધ થઈ જાય છે છતાં સ્વતંત્ર રૂપથી જે આ ગાથામાં બ્રહ્મચારી પદ રાખવામાં આવેલ છે એનું તાત્પર્ય એ છે કે, બ્રહ્મચર્યનું પાલન એ ઘણું જ કઠણ છે. આથી આ વાતને સૂચિત કરવા માટે એનું આ સ્થળે ગ્રહણ થયેલ છે. ॥૧૩॥

"कालेण कालं" ઇત્યાદિ.

અન્વયાર્થ—સમુદ્રપાલ મુનિએ **कालेण कालं–कालेन कालम्** પાદોનપૌરૂષ આદિ સમયના અનુસાર ઉભય કાળનાં પ્રતિલેખન કરવું, બીજી પૌરૂષી આદિમાં

ધ્યાન કરવું, અથવા ચોથા કાળમાં સ્વાધ્યાય કરવો તથા પોતાની શક્તિ અનુસાર તપશ્ચરણ કરવું. આ સઘળું યથાવિધિ કરતાં કરતાં **अप्पणो बलाबलं जाणिय–आत्मनः बलाबलं ज्ञात्वा** પોતાના સહિષ્ણુત્વ અને અસહિષ્ણુત્વરૂપ બળાબળને જાણીને **रट्ठे विहरिज्ज–राष्ट्रे व्यवहरत्** દેશમાં તથા ઉપલક્ષણથી ગામેગામ વિચરણ કર્યું. તથા **सद्देण सीहोव न संतसिज्जा–शब्देन सिंहइव न समत्रस्यत्** ભયોત્પાદક શબ્દથી તે સિંહની માફક કદી પણ પોતે ધૈર્યથી વિચલિત ન થતા અને **वयजोगं सुच्चा–वचोयोगं श्रुत्वा** બીજાના અસભ્ય વચનોને સાંભળીને તેઓ કદી પણ **असब्भं ण आहु–असभ्यंन अब्रवीत्** અસભ્ય વચન બોલ્યા નથી. આત્માનુશાસન પક્ષમાં "विहरिज्ज"ની સંસ્કૃત છાયા "विहरेत्" "संतसिज्जा"ની "संत्रस्येत्" "आहु" ની "ब्रूयात्" જાણવી જોઇએ. ॥૧૪॥

"उवेहमाणो" ઇત્યાદિ.

અન્વયાર્થ—એ સમુદ્રપાલમુનિ **उवेहमाणो–उपेक्षमाणः** બીજાઓથી કહેવાયેલા કડવાં ભાષણો સાંભળીને પણ તેની તરફ ધ્યાન આપતા ન હતા, તથા **पियमप्पियं सव्वं तितिक्खएज्जा–प्रियं अप्रियं सर्वं अतितिक्षत** પ્રિય અને અપ્રિય વ્યવહારને પણ તેઓ એક રૂપમાં સમજીને સહન કરતા હતા, આ પ્રમાણે તેઓ **परिव्वएज्जा–पर्यव्रजत** આનંદની સાથે વિચરતા હતા. **सव्वत्थ सव्व न अभिरोयइज्जा–सर्वत्र सर्वं नाभ्यरोचत** જ્યાં જ્યાં તેઓ વિહાર કરતા ત્યાંની પોતે જોયેલી કોઇ પણ વસ્તુમાં તેમની અભિલાષા જાગતી ન હતી. તેમાં મમત્વભાવ જાગૃત થતો ન હતો. એને **नयावि पूयं गरहं च–न चापि पूजां गर्हां च** તેઓ ન તો પોતાની પ્રશંસાથી પ્રસન્ન થતા અને નિંદાથી અપ્રસન્ન પણ થતા ન હતા. અર્થાત્–પ્રશંસા અને નિંદામાં સમભાવ રાખતા હતા. આત્માનુશાસનના પક્ષમાં તેઓ આ પ્રકારથી કહેતા હતા કે હે આત્મન્ સાધુનું કર્તવ્ય છે કે તે પરોકત કુવચનોની તરફ જરા પણ લક્ષ ન આપે. એના તરફ સદાને માટે ઉપેક્ષા વૃત્તિ જ ધારણ કરતા રહે, તથા વિહાર આદિના અવસરમાં ચાહે તો કોઈ મીઠી વાણી બોલે, ચાહે કોઇ કડવી વાણી બોલે. સાધુને માટે તો તે શાંતિથી અને આનંદથી સહન કરવાનું જ હોય છે. અનેક જગ્યાએ જવાનું થતાં પણ કોઈ વસ્તુથી મમત્વભાવ બાંધે નહિ, પોતાની નિંદા અને પ્રશંસામાં સાધુએ સમભાવ રાખવો જોઇએ. આ સાધુનો આચાર છે કે તું પણ સાધુ છે. આથી તું પણ એવા જ રૂપનો થવાનો પ્રયત્ન કર. ॥૧૫॥

શંકા—શું ભિક્ષુજનમાં પણ અન્યથી સંભાવના રહે છે કે, જેનાથી આ પ્રકારના તેના ગુણ કહેવામાં આવે છે, અથવા તે આત્માને અનુશાસિત કરે એ પણ

કહેવામાં આવ્યું છે. આ પ્રકારની શંકાના સમાધાન માટે સૂત્રકાર કહે છે—

"अणेग छंदा" ઇત્યાદિ. "परीषहा" ઇત્યાદિ.

અન્વયાર્થ—इह–इह આ સંસારમાં **माणवेहिं–मानवेषु** મનુષ્યોના **अणेगछंदा–अनेकछंदाः** અનેક અભિપ્રાય હોય છે કે જે અભિપ્રાયોને **भावओ–भावतः** તત્વવૃત્તિથી અથવા ઔદયિક ભાવોની અપેક્ષાથી **भिक्खू–भिक्षुः** ભિક્ષુ પણ **संपकरेइ सम्पकरोति** કરી શકે છે. આ માટે તે આવા ભાવો રાખવામાં પોતાના સમયનો વ્યર્થમાં દુરૂપયોગ ન કરે. આ વિચારથી એ ગુણોનું પ્રતિપાદન કરેલ છે અથવા તે સ્વયં તેમાં પડીને આત્માને સ્વચ્છંદી ન બનાવે. આથી આત્મા ઉપર અનુશાસન રાખવાની વાત કહેવામાં આવેલ છે તથા **तत्थ–तत्र** મહાવ્રતોનો અંગીકાર કરવાથી **भयभेरवा भीमादिव्वा मणुस्सा अदुवा तिरच्छा उइंति–भयभैरवाः भीमाः दिव्याः मानुषाः अथवा तैरश्चाः उपसर्गाः उद्यन्ति** સાધુના ઉપર ભયોત્પાદક હોવાથી ભિષણ રૌદ્ર એવા દેવકૃત મનુષ્યકૃત અથવા તીર્યંચ કૃત ઉપદ્રવ પણ આવે છે તથા **दुव्विसहा अणेगे परिसहा–दुर्विषया अनेके परिषहाः** ઘણા જ આકરા અનેક પરીષહ પણ આવે છે કે **जत्थ–यत्र** જે ઉપસર્ગ અને પરીષહોના આવવાથી આવા **कायरा नरा-कातरानराः** કાયર જન **बहुसीयन्ति–बहुसीदन्ति** સંયમથી સર્વથા શિથિલ થઈ જાય છે. પરંતુ **स भिक्खू तत्थ पत्ते संगामसीसे नागराया इव न वहिज्ज–स भिक्षुः तत्र प्राप्तः संग्रामशीर्षे नागराज इव न व्यथत** એ સમુદ્રપાલ મુનિ ઉપસર્ગ અને પરીષહના આવવા છતાં પણ યુદ્ધની વચમાં ગયેલા મહાગજની માફક જરા પણ ખિન્ન ન બન્યા. આત્માના અનુશાસનપક્ષમાં આત્માને તેઓએ એવી સ્થિતિમાં આ પ્રકારથી સમજાવ્યો કે હે આત્મન્! આ સ્થિતિમાં તો દુર્વિષહ અનેક ઉપસર્ગ અને પરીષહ આવ્યા જ કરે છે. અને જે નર કાયર હોય છે તે સંયમથી પતિત થાય છે. પરંતુ જે વાસ્તવિક ભિક્ષુ છે તે તેને સહન કરીને અડોળ અને મક્કમ બની રહીને સંયમને ખૂબ જ મજ તાઈથી વળગી રહે છે. સંગ્રામની વચમાં ગયેલા ગજરાજની માફક તે આ શત્રુરૂપી ઉપસર્ગ, પરીષહ આદિકના આઘાતોની જરા સરખીએ પરવા કરતા નથી અને તેને સહે છે આથી તું પણ ભિક્ષુ છે, આ કારણે તારે પણ એનાથી અકળાવું ન જોઇએ. ॥૧૬–૧૭॥

વળી પણ—"सीओसिणा" ઇત્યાદિ.

અન્વયાર્થ—**सीओसिणा–शीतोष्णाणि** શીત પરીષહ, ઉષ્ણ પરીષહ, **दंतमसा दंतमशकः** દંશમશક પરીષહ, **फासा–स्पर्शाः** તૃણ સ્પર્શરૂપ પરીષહ, તથા **विविहा आतंका देहं फुसंति–विविधाः आतङ्काः देहम् स्पृशन्ति** બીજા પણ અનેક પ્રકારના રોગ શરીરને વ્યથિત કરતા રહે છે. તેનાથી કાયરજન ગભરાઈને હે માત! હે તાત! ઇત્યાદિ બોલ બોલીને સંયમથી સંપૂર્ણપણે શિથિલ બની જાય છે. પરંતુ **तत्थ–तत्र** એ પરીષહ અને ઉપસર્ગોના તથા રોગોના આવવા છતાં પણ એ સમુદ્રપાલ મુનિ **अकुक्कुओ-अकुकूजः** હે માત હે તાત! ઇત્યાદિ કુત્સિત શબ્દો ન કરતા **अहिया सहेज्ज–अध्य सहत** તે સઘળું શાંત ભાવથી સહન કરતા હતા. આ પ્રકારથી પોતાના આચાર અને વિચારમાં દૃઢ બનેલા સમુદ્રપાલ મુનિએ **पुराकडाइं रयाइं खेवेज्ज–पुराकृतानि रजांसि अक्षिपत्** પૂર્વભવોમાં ઉપાર્જીત કરેલા રજોને–એ જીવને મલીન કરવાના હેતુવાળા હોવાથી રજ જેવા જ્ઞાનાવરણીય આદિક દ્રવ્યકર્મો અને ભાવકર્મોને આત્માથી જુદાં કરી દીધાં. જ્યારે આ ગાથાનો અર્થ આત્માનુશાસન પક્ષમાં લગાડવામાં આવશે ત્યારે તેનો અર્થ આ પ્રમાણે થશે કે હે

આત્મન્! શીત, ઉષ્ણ, દંશમશક અને તૃણસ્પર્શરૂપ પરીષહ તથા વિવિધ પ્રકારના આતંક આ શરીરને વ્યથિત કરે છે જ. પણ આ સ્થિતિમાં કાયરતાસૂચક હે માત! હે તાત! ઇત્યાદિ શબ્દોનો પ્રયોગ ન કરતાં તું એને સહન કર. આથી તને એ લાભ થશે કે તું પૂર્વોપાર્જિત કર્મોનો ક્ષય કરનાર બની જઇશ. ॥૧૮॥

છતાં પણ—"**पहाय**" ઇત્યાદિ.

અન્વયાર્થ—**सययं–सततम्** નિરંતર **वियक्खणे–विचक्षणः** તત્વોની વિચારણા કરવામાં તત્પર બનેલા એ સમુદ્રપાલ મુનિએ **रागं दोसं तहेव मोहं पहाय–रागं द्वेषं तथैव मोहं प्रहाय** અભિમત વિષયોમાં રાગ, અનભિમત વિષયોમાં દ્વેષ તથા મિથ્યાત્વ હાસ્ય **આદિરૂપ** અજ્ઞાનનો પરીત્યાગ કરી **वाएण मेरुव्व अकंपमाणो–वातेन मेरुः इव अकम्पमानः** ઝંઝાવાતથી મેરૂની માફક પરિષહ આદિથી અડોળ બની તથા **आयगुत्तो–आत्मगुप्तः** કાચબાની માફક ઇન્દ્રિયોને સંકેલીને **परीसहे सहेज्जा–परीषहान् असहत्** શીત, ઉષ્ણ આદિ પરીષહોને સહન કર્યા. આત્માના અનુશાસન પક્ષમાં હે આત્મન્! નિરંતર તત્વોની વિચારણા કરવામાં તલ્લીન બની રહેલ ભિક્ષુ પરીષહ આદિને સહન કરવામાં કસર રાખતા નથી. આથી તું પણ અકંપ બનીને એને સહન કર. ॥૧૯॥

વળી પણ—"**अणुण्णए**" ઇત્યાદિ.

અન્વયાર્થ—**महेसी–महर्षिः** એ સમુદ્રપાલ મુનિ **पूयं अणुण्णए–पूजां अनुन्नतः** પોતાની પ્રશંસામાં ગર્વથી રહિત હતા. સન્માનિત થવા છતાં પણ તેમનામાં જરા સરખોએ ગર્વનો ભાવ ન હતો. તથા **गरिहं नावणए–गर्हां नावनतः** નિંદા થવાથી પણ તેમને જરા સરખોએ ખેદ થતો ન હતો. **न यावि पूयं गरिहं संजए–न चापि पूजां गर्हां असहत्** તેમને કદી એવો વિચાર પણ થતો ન હતો કે, કોઇ મારી પ્રશંસા કરે અથવા નિંદા કરે. અર્થાત્—"મારૂં સન્માન થાય." આવો વિચાર તેમને આવતો ન હતો. "મારૂં કદી અપમાન ન થાય" એવી ચિંતા તેમને થતી ન હતી. આ પ્રકારની સ્થિતિ સંપન્ન એ મુનિરાજ **उज्जुभावं पडिवज्ज–ऋजुभावं प्रतिपद्य** આર્જવ ભાવને અંગીકાર કરીને, **विरए–विरतः** પાપોથી વિરક્ત થતા હતા **निव्वाण मग्गं उवेइ–निर्वाणमार्गं उपैति** સમ્યક્ જ્ઞાન આદિ રૂપ નિર્વાણમાર્ગને પ્રાપ્ત કરવામાં સાવધાન રહેતા હતા. આત્માનુશાસનપક્ષમાં હે આત્મન્! મહર્ષીજન પોતાની પ્રશંસા થવા છતાં પણ ગર્વ કરતા નથી, તથા અપમાન કરવાથી ખેદ **કરતા નથી** તેમ ન તો તેમના ચિત્તમાં પ્રશંસાની ચાહના જાગે છે અને ન અપમાન થવાથી ખેદ ભાવની જાગૃતિ થાય છે તેમનું પરિણામ સદા એકસરખું રહ્યા કરે છે. પ્રશંસા-નિંદામાં પક્ષપાતની ગંધ પણ ત્યાં રહેતી નથી, આથી જ્યારે તું મુનિ છે તો તારે પણ એવા બનવું જોઇએ. એવો બનીશ ત્યારે જ નિર્વાણમાર્ગની પ્રાપ્તિ થઈ શકશે. ॥૨૦॥

પછી તે સમુદ્રપાલ મુનિએ કેવા બનીને શું કર્યું તેને કહે છે—

"**अरइरइसहे** ઇત્યાદિ.

અન્વયાર્થ—**अरइरइसहे–अरतिरतिसहः** એ સમુદ્રપાલ મુનિરાજને કદી પણ સંયમમાં અરતી અને અસંયમમાં રતીભાવ ન થયો. અર્થાત્—તેઓ આ પ્રકારના ભાવથી બાધિત ન થયા એવા ભાવોને તેમણે સહન કર્યા. **पहीणसंथवे–प्रहीण-संस्तवः** માતાપિતા આદિની સાથેનો પરિચય, પૂર્વસંસ્તવ તથા શ્વસુર આદિનો સંબંધ એ પછીનો સંબંધ છે તો એ મુનિરાજે આ બન્ને પ્રકારના સંબંધનો

પરિત્યાગ કરી દીધો. **विरए–विरतः** પાપક્રિયાઓથી નિવૃત્ત બની **आयहिए–आत्महितः** તેઓ જીવોના હિત સાધવાના અભિલાષી બન્યા આ કારણે તે **पहाणवं–प्रधानवत्** મુક્તિના પ્રધાન હેતુ હોવાથી સંયમધારી બન્યા. **छिन्नसोए–छिन्नशोकः** શોકને તેઓએ પોતાની વિચારધારાથી બહાર કરી દીધો અથવા તેઓ છિન્નસ્રોત મિથ્યાદર્શન આદિથી રહિત બની, **अममे–अममः** પરપદાર્થમાં મમતાભાવથી વિહીન બન્યા. અને **अकिंचणे–अकिञ्चनः** દ્રવ્યાદિ પરિગ્રહથી વર્જીત બનીને **परमट्ठपएहिं चिट्ठइ–परमार्थपदेषु तिष्ठति** તે પરમાર્થના સાધનભૂત એક માત્ર સમ્યગ્દર્શન આદિનું પરિપાલન કરવામા જ સાવધાન બન્યા. ॥૨૧॥

છતાં પણ—**"विवित्तलयणाणि"** ઇત્યાદિ.

અન્વવાર્થ—**ताई–त्रायी** ષટ્કાયના જીવોની રક્ષા કરવામાં તત્પર સમુદ્રપાલ મુનિરાજ **निरोवलेवाई–निरुपलेपानि** દ્રવ્ય અને ભાવથી લેપ રહિત–દ્રવ્યથી સાધુને માટે ન લીપેલા, પરંતુ ગૃહસ્થો તરફથી પોતાના માટે લેપાયેલા ભાવથી "આ સ્થાન મારૂં છે." આ પ્રકારના અભિષ્વંગરૂપ લેપથી રહિત તથા **असंथाडाइं–असंस्तृतानि** શાલિ અન્ન આદિ બીજોથી અવ્યાપ્ત આથી જ **महायसेहिं इसिहिं चिण्णाइं–महायशोभिः ऋषिभिः चीर्णानि** મહાયશસ્વી ઋષિઓ દ્વારા–મુનિઓ દ્વારા–સેવવામાં આવેલ એવા **विवित्तलयणाणि–विविक्तलयनानि** સ્ત્રી પશુપંડકથી રહિત ઉપાશ્રયરૂપ સ્થાનોમાં **भइज्ज–अभजत्** રહેતા હતા, તથા **काएण परिसहाइं फासेज्ज–कायेन परिषहान् अस्पृशत्** શરીરથી શીત, ઉષ્ણ આદિ પરીષહોને સહતા હતા. પરીષહોને સહન કરવાનું ફરી આ કથન તેમાં અતિશય ખ્યાપન કરવા માટે જાણવું જોઇએ. ॥૨૨॥

પછી એ સમુદ્રપાલ મુનિ કેવા પ્રકારના બન્યા? એ કહે છે—**'से'** ઇત્યાદિ

અન્વયાર્થ—**नाणझाणोवगए महेसी–ज्ञानध्यानोपगतः महर्षिः** શ્રુતજ્ઞાનથી સાધુના આચાર વિષયક જ્ઞાનથી યુક્ત એ સમુદ્રપાલ મુનિ **अणुत्तरं धम्मचयं चरिउं अनुत्तरं धर्मचयं चरित्वा** સર્વોત્કૃષ્ટ ક્ષાન્ત્યાદિક ધર્મનો સંચય કરીને **अणुत्तरे णाणधरे–अनुत्तरे ज्ञानधरे** સર્વોત્કૃષ્ટ કેવળજ્ઞાનના ધારક બની ગયા. **जसंसी–यशस्वी** પ્રશસ્ત યશ સંપન્ન બનીને તે **अंतलिक्खे सूरिएव ओभासइ–अन्तरिक्षे सूर्य इव अवभासते** આકાશમાં સૂર્યની જેમ આ જગતમાં ચમકવા લાગ્યા. ॥૨૩॥

હવે અધ્યયનનો ઉપસંહાર કરતાં સૂત્રકાર સમુદ્રપાલ મુનિ દ્વારા આચરિત ધર્મના ફળને કહે છે—**"दुविहं"** ઇત્યાદિ.

અન્વયાર્થ—**समुद्दपाले–समुद्रपालः** સમુદ્રપાલ મુનિરાજે **दुविहं पुण्णपावं खवेऊण–द्विविधं पुण्यपापं क्षपयित्वा** ઘાતિક અને ભવોપગ્રાહિક શુભાશુભ પ્રકૃતિરૂપ કામનાનો ક્ષય કરીને **निरंगणे–निरङ्गणः** શૈલેષી અવસ્થા સંપન્ન કરીને **सव्वओ विप्पमुक्के–सर्वतः विप्रमुक्तः** બાહ્ય અભ્યંતર પરિગ્રહના ત્યાગથી **समुद्दं व महाभवोहं तरित्ता–**

समुद्द मिव महाभवौघं तरित्वा દુસ્તર સમુદ્ર સમાન આ મહાન સંસારસમુદ્રને પાર કરીને **अपुणागमं गए–अपुनरागमं गतः** મુક્તિસ્થાન ભૂત અપુનરાગમ સ્થાનને પ્રાપ્ત કરી લીધું. **हे जम्बू! त्ति बेमि–इति ब्रवीमि** જેવું મેં વીરપ્રભુના મુખેથી સાંભળ્યું છે એવું જ હું તમને કહું છું ॥૨૪॥

ઉત્તરાધ્યયન સૂત્રનું એકવીસમું અધ્યયન સંપૂર્ણ ॥૨૧॥

卐

બાઇસવાં અધ્યયન ઔર નેમિનાથ કે ચરિત્ર કા વર્ણન

બાવીસમા અધ્યયનનો પ્રારંભ—

એકવીસમું અધ્યયન કહેવાઈ ગયું છે, હવે આ બાવીસમા અધ્યયનની શરૂઆત થાય છે. આનો સંબંધ એકવીસમા અધ્યયનની સાથે આ પ્રકારનો છે—એકવીસમા અધ્યયનમાં જે વિવિક્તચર્યા કહેવામાં આવેલ છે. તે એજ સાધુ કહે છે કે, જે ચારિત્રમાં ધૈર્યશાળી હોય છે. જો કે ચારિત્રમાં કહેવાયેલ વિસ્રોત–અધૈર્ય આવી જાય છે તો એ સમયે રથનેમીની માફક સાધુએ ધૈર્ય ધારણ કરવું જોઇએ. આ વાતને એમના દૃષ્ટાંતથી આમાં પુષ્ટ કરવામાં આવશે. આ સંબંધથી આ અધ્યયનનો પ્રારંભ કરવામાં આવેલ છે. એનું સર્વ પ્રથમ સૂત્ર આ છે—**"सोरियपुरम्मि"** ઇત્યાદિ.

અન્વયાર્થ—**सोरियपुरम्मि नयरे रायलक्खण संजुए वसुदेवेत्ति नामेणं महड्ढिए राया आसि–शौर्यपुरे नगरे राजलक्षणसंयुतः वसुदेव इति नाम्ना महर्द्धिकः राजा-आसीत्** શૌર્યપુર નામના નગરમાં રાજચિન્હોથી–ચક્ર, સ્વસ્તિક, અંકુશ આદિ અથવા દાન, સત્ય, શૌર્ય આદિ લક્ષણોથી યુક્ત વસુદેવ આ નામના એક રાજા હતા. જે છત્ર ચમર આદિ મહાન વિભૂતિના અધિપતિ હતા. ॥૧॥

"तस्स भज्जा" ઇત્યાદિ.

અન્વયાર્થ—**तस्स रोहिणी तहा देवई दुवे भज्जा आसी–तस्य रोहिणी तथा देवकी द्वे भार्ये आस्ताम्** વસુદેવને દેવકી તથા રોહિણી નામની બે સ્ત્રિઓ હતી. **तासिं दोण्हं पि दो पुत्ता इट्ठा–तयोः द्वयोः अपि द्वौ पुत्रौ इष्टौ** એ બન્નેને બે પુત્રો હતા. જે પ્રજાજનોમાં ખૂબ જ પ્રિય હતા. **रामकेसवो–रामकेशवौ** તેમાં એકનું નામ રામ અને બીજાનું નામ કેશવ હતું.

શંકા—અહીંયાં તો રથનેમીનું ચરિત્ર કહેવાનું છે, પછી આ રામ અને કેશવની વાત વચમાં કહેવાનું શું કારણ છે ? તેનો ઉત્તર આ પ્રકારે છે. અહીં રથનેમીનું જ ચરિત્ર કહેવાનું છે, તો પણ એના વિવાહ આદિમાં ઉપયોગી કેશવ હતા. આ અપેક્ષાથી તેમનું નામ પહેલાં કહેવામાં આવેલ છે અને કેશવના સંબંધથી એમના સહચરી રામનું નામ પણ કહેવાયેલ છે. વસુદેવને જો કે, બોંતેર હજાર સ્ત્રિઓ હતી તો પણ પ્રકરણ વશ તેમની દેવકી અને રોહિણી આ સ્ત્રિઓનુ કથન અહીં કહેવામાં આવ્યું છે. ॥૨॥

"सोरियपुरम्मि" ઇત્યાદિ.

અન્વયાર્થ—**सोरियपुरम्मि नयरे–शौर्यपुरे नगरे** એજ શૌર્યપુર નગરમાં **समुद्दविजये नामं–समुद्रविजयो नाम** સમુદ્રવિજય નામના રાજા હતા **रायलक्खणसंजुए महड्ढिए राया आसि–राजलक्षणसंयुतः महर्द्धिकः राजा आसीत्** જે રાજ્ય લક્ષણોથી યુક્ત તથા છત્ર, ચમર આદિ વિભૂતિથી વિશિષ્ટ હતા તે વસુદેવના મોટાભાઇ કેશવ હતા. કેશવ વિષ્ણુના પિતા હોવાથી વસુદેવનું પહેલાં વર્ણન કરવામાં આવેલ છે. ॥૩॥

"तस्स भज्जा" ઇત્યાદિ.

અન્વયાર્થ—**तस्स सिवा नाम भज्जा आसी–तस्य शिवानाम भार्या आसीत्** સમુદ્રવિજયની પત્નીનું નામ શિવાદેવી હતું **तीसे पुत्ते भयवं अरिट्ठनेमि–तस्याः पुत्रः भगवान् अरिष्टनेमिः** શિવાદેવીના પુત્રનું નામ અરિષ્ટનેમિ હતું તે **महाजसे–महायशाः** મહાયશસ્વી હતા **लोगनाहे–लोकनाथः** ત્રણ લોકના નાથ હતા તથા **दमीसरे–दमीश्वरः** કુમાર અવસ્થામાં જ ઇન્દ્રિયોના વિજયી હોવાથી જીતેન્દ્રિયોના સ્વામી હતા

ભગવાન નેમીશ્વરનું સહુથી પહેલાં મનુષ્ય અને દેવ આ બે ભવોનું અહીંયાં વર્ણન કરવામાં આવે છે. આ ભરત ક્ષેત્રમાં અચલપુર નામનું એક નગર હતું ત્યાંના અધિપતિનું નામ વિક્રમ હતું. તેણે પોતાના પ્રબળ પરાક્રમથી સઘળા રાજાઓને જીતી લીધા હતા. તેને ધારિણી નામની રાણી હતી. જે સ્ત્રીયોના સઘળા ગુણોથી વિભૂષિત હતી. એક સમય રાણીયે સ્વપ્નામાં આંબાના વૃક્ષને જોયું. તેનાથી તેને ધન નામનો એક પુત્ર ઉત્પન્ન થયો. ધીરેધીરે વધતાં ધનકુમારે બોંતેર કળાઓમાં પારંગત બની યૌવન અવસ્થ પ્રાપ્ત કરી. આ અવસ્થામાં તેની યૌવનશ્રી ખીલી ઉઠી. પોતાના અપ્રતિમ રૂપથી ધને દેવોને પણ લજ્જીત કરી દીધા. પિતાએ તેનો વૈવાહિક સંબંધ કુસુમપુરના અધિપતિ સિંહ રાજાની રૂપ લાવણ્ય સંપન્ન ધનવતી કન્યાની સાથે કરી દીધો. તે કન્યા શીલ ઔદાર્ય આદિ પ્રશસ્ત ગુણોથી વિભૂષિત હતી. તથા પોતાના રૂપ લાવણ્યથી વિદ્યાધર કન્યાઓને પણ ઝાંખી પાડતી હતી. તેને જોનારની આંખોને અપાર આનંદ પ્રાપ્ત થતો હતો. ધનકુમાર ધનવતીની સાથે વિવિધ કામભોગો ભોગવતા ભોગવતા. પોતાના સમયને વ્યતીત કરતા હતા. એક સમયની વાત છે કે, ગ્રીષ્મઋતુમાં ધનકુમાર આ ધનવતીને સાથે લઇને વનીડાની ઇચ્છાથી સર્વ પ્રકારના ફળ પુષ્પોથી સુશોભિત એવા નન્દનવન સમા ઉદ્યાનમાં ગયા. ત્યાં એ બન્નેએ ઘણી જ ગરમીની અતિશયતાથી પીડિત થવાના કારણે એક મુનિરાજને જેના મુખ ઉપર સદોરકમુખવસ્ત્રિકા હતી તેમને જમીન ઉપર મૂર્ચ્છિત અવસ્થામાં પડેલા જોયા. તરસથી તેમનું ગળુ, મોઢું અને તાળવું સુકાઈ રહ્યું હતું. તપસ્યાના કારણે તેમના શારીરિક દરેક અવયય કૃષ બની ગયેલ હતા. સમ્યગ્દર્શન આદિ ગુણોથી તેમનું ચિત્ત કોઈ પણ રીતે શિથિલ બનેલ

ન હતું. આ સમયે પણ તેઓ શાંતરસના સમુદ્ર સ્વરૂપ દેખાતા હતા. મુનિરાજને આવી સ્થિતિમાં જોઈને એ બન્ને દંપતિ તરત જ તેમની પાસે જઈ પહોંચ્યાં. થોડા સમય બાદ કુંકાતા શીતળ પવનનના કારણે તેમની મૂર્ચ્છા દૂર થઈ. જ્યારે તેઓ સારી રીતે સ્વસ્થ થયા ત્યારે ધનકુમારે હાથ જોડાને ઘણા વિનયની સાથે તેમને મૂર્ચ્છિત થવાનું કારણ પૂછ્યું. ધનકુમારની જીજ્ઞાસાનું સમાધાન કરતાં એ ગુણનિધિ મુનીરાજે કહ્યું કે, હે ધનકુમાર ! મારૂં નામ મુનીચંદ્ર છે. હું આવી અવસ્થામાં એ કારણથી આવી ગયેલ છું કે, હું મારા ગુરૂદેવ મિત્રાચાર્યની સાથે ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કરતાં એક સમય જંગલમાં તેમનાથી વિખુટો પડી ગયો દિશાના ભ્રમથી અહીં તહીં ભટકવા છતાં પણ મને તેમનો સાથ ન મળ્યો. આથી એકાકિ થઇને હું અહીંતહીં તેમની તપાસ કરવા લાગ્યો. પરંતુ તેઓ મને મળી ન શકયા. અને હું શ્રાન્ત અને ભૂખ તરસથી અત્યંત વ્યથિત બનીને મૂર્ચ્છિત બની ગયો. અને આ સ્થિતિમાં આવી પહોંચ્યો. શીતળ પવનથી હું સ્વસ્થ થયો છું. આજ પ્રમાણે તમે પણ પોતાના શાન્તભાવથી ષટ્કાય જીવોના ઉપર કોઈ નિમિત્ત વગર સદા દયાનો ભાવ રાખો. દયાનું પરિજ્ઞાન જીનધર્મના અનુસરણ સીવાય સંભવિત બનતું નથી. આથી હું સહુથી પહેલાં એ જૈનધર્મનું સ્વરૂપ આપ લોકોને સમજાવું છું. આપ લોક સાવધાન બનીને તેને શ્રદ્ધાપૂર્વક સાભળો આ પ્રકારે કહીને મુનિરાજે તેમને શ્રાવકધર્મનો ઉપદેશ આપ્યો સમ્યકત્વ તથા જીનપ્રોકત અનુવ્રત આદિનું સ્વરૂપ તેમને સારી રીતે સમજાવ્યું. મુનિરાજના શ્રીમુખથી આ પ્રકારે ધાર્મિક દેશના સાંભળીને એ બન્નેએ શ્રાવકના વ્રતનો અંગીકાર કર્યો ધનકુમાર અને ધનવતીએ મુનિરાજને અચલપુર પધારવાની વિનંતી કરી તે વિનંતિનો સ્વીકાર કરીને મુનીરાજ અચલપુર પહોંચ્યા અને ઉપાશ્રયમાં ઉતર્યા. ધનવતી અને ધનકુમારે વિપુલ અશનપાનાદિકથી મુનિરાજને પ્રતિલંભિત કર્યા. તથા પ્રતિદિન એમની પાસે જઇને તેમની પાસેથી ધર્મનો ઉપદેશ પણ સાંભળ્યો. મુનીરાજ થોડા સમય બાદ ત્યાંથી વિહાર કરી ગયા. ધનકુમારે વિશેષ રીતિથી ધનવતીની સાથે શ્રાવક ધર્મનું વિશુદ્ધ રીતિથી પરિપાલન કરીને અનેક વર્ષ વીતાવ્યાં અને પિતા તરફથી મળેલા રાજ્યનું સમ્યક રીતથી પરિપાલન કરીને આનંદથી પોતાનો સમય વ્યતીત કર્યો.

એક સમયની વાત છે કે, અચલપુરમાં વસુન્ધર નામના એક બીજા મુનિરાજ આવેલ હતા. રાજાને જ્યારે એમના આગમનના સમાચાર મળ્યા ત્યારે તે પોતાની ધનવતી રાણીની સાથે તેમને વંદના કરવા માટે તેમની પાસે ગયા. ત્યાં સંસાર સમુદ્રથી પાર ઉતરવા માટે નૌકા જેવી ધર્મદેશના સાંભળી. એમણે જ્યારે ધર્મ-દેશના સાંભળી ત્યારે તેના પ્રભાવથી તેમને ત્યાં જ વૈરાગ્યભાવ જાગૃત થઇ ગયો ઘેર પહોંચીને રાજાએ પોતાના પુત્રને એજ સમયે બોલાવીને રાજતિલક કરી દીધું. અને ધનવતીની સાથે પોતે ભારે સમારોહથી એ વસુન્ધરાચાર્યની પાસે જઈને સંયમ અંગીકાર કર્યો. ક્રમશઃ ગીતાર્થ બનીને ધનમુનિએ આચાર્યપદ પદ પ્રાપ્ત કર્યું. અને જીનોક્ત વિશુદ્ધ ધર્મનો ભવ્ય જીવોને ઉપદેશ દેવાનો પ્રારંભ કર્યો. એમનાથી અનેક

ભવ્ય જીવો ઉપર ઉપકાર થયો. આ આપ્રમાણે વિચરતાં વિચરતાં અંતે ધનવતી અને ધનમુનિએ અનશન કરીને કાળના અવસરે કાળ કરીને તે બન્ને સૌધર્મ સ્વર્ગમાં શક્રસમ દેવઉત્પન્ન થયા. એ એમનો પ્રથમ અને બીજો ભવ છે.

મનુષ્ય અને દેવરૂપ તેમનો ત્રીજો અને ચોથો ભવ આ પ્રકારે છે.

જ્યારે દેવ પર્યાયનો ભવ અને સ્થિતિ સમાપ્ત થવાથી એ બન્ને ત્યાંથી ચવ્યા ત્યારે ધનનો જીવ આ ભરતક્ષેત્રમાં વૈતાઢય પર્વતની ઉત્તર શ્રેણીમાં જે સૂરતેજપુર હતું ત્યાંના વિદ્યાધરાધિપતિ સુરની ધર્મપત્ની વિદ્યન્માળાના ઉદરથી પુત્રરૂપથી અવતરીત થયો તથા ધનવતીનો જીવ વૈતાઢય પર્વતની દક્ષિણ શ્રેણીમાં વર્તમાન શિવસદ્મ નામના નગરમાં અનંગસિંહ રાજાની રાણી શશીપ્રભાના ઉદરથી પુત્રીરૂપે ઉત્પન્ન થયો. એમના માતા પિતાએ ધનના જીવનું નામ ચિત્રગતિ અને ધનવતીના જીવનું નામ રત્નવતી રાખ્યું. ચિત્રગતિ બોંતેર ૭૨ વિદ્યાઓમાં નિપુણ થઇ ગયા. અને તરૂણવયને પ્રાપ્ત કરી રત્નવતી પણ બધી કળામાં નિપુણ બનીને યુવાવસ્થાએ પહોંચી માતા પિતાએ જ્યારે તેને તરૂણ અવસ્થા સંપન્ન જોઇ ત્યારે તેને પરણાવવાની ચિંતા થવા લાગી. તેઓએ "આનો પતિ કોણ થશે" આ વાત કોઇ જ્યોતિષીને પછી જ્યોતિષીએ એના પતિ અંગેની નીશાનીમાં અનંગસિંહને કહ્યું કે, જુઓ જે વ્યકિત તમારા હાથમાંથી બળાત્કારે તરવાર ખેંચી લેશે અને એવું થવા છતાં પણ દિવ્ય પુષ્પવૃષ્ટિ થશે તેજ તમારો જમાઈ બનશે. આ પ્રકારનાં જ્યોતિષીનાં વચનોથી વિશ્વાસુ બનીને અનંગસિંહ નિશ્ચીંત બની આનંદિત બન્યા.

જે સમયની આ વાત છે એ સમયે અ ભરતક્ષેત્રમાં ચક્રપુર નામના નગરમા એક સુગ્રીવ નામનો રાજા હતો. તેને યશસ્વિની અને ભદ્રા નામની બે રાણીયો હતી. મોટી યશસ્વનીને એક પુત્ર હતો જેનું નામ સુમિત્ર હતુ. સુમિત્ર ગુણવાન અને જૈનધર્મનો ભક્ત હતો. સુમિત્રને એક બહેન હતી તેનું નામ કુસુમશ્રી હતું. રાજા સુગ્રીવે તેને કલીંગ દેશના અધિપતિ કલિંગસિંહને આપેલ હતી. ભદ્રા નામની સુગ્રીવની જે બીજી પત્ની હતી તેને પણ એક પુત્ર હતો તેનું નામ પદ્મ હતું. તે મહા છળકપટી અને દુર્ગુણની ખાણ હતો. અવિનયી અને ધર્મરૂચીથી સર્વથા રહિત હતો. ભદ્રાએ પોતાના પુત્ર પદ્મ અને યશસ્વિનીના પુત્ર સુમિત્રમાં આ પ્રમાણેનો ભારે અંતર જોઇને વિચાર કર્યો કે, સુમિત્રના રહેવાથી મારા પુત્રનું રાજ્યના અધિપતિ થવું સર્વથા અસંભવ છે. આથી આ સુમિત્રને જેમ બને તેમ દૂર કરી દેવો જોઇએ. આમાં જ મારા પુત્ર પદ્મનું હિત છે. આવો વિચાર કરી તેણે સુમિત્ર રાજકુમારને વિષમ ઝહેર આપી દીધું. ઝહેર અપાતાં જ સુમિત્ર મૂર્છિત બની ગયો. સુગ્રીવને જ્યારે આ વાતની ખબર પડી ત્યારે તે વૈદ્યોને સાથે લઇને અત્યંત વ્યાકુળચિત્તવાળો બનીને જ્યાં સુમિત્ર મૂર્છિત

હતો તે સ્થળે આવી પહોંચ્યા. મંત્ર આદિ દ્વારા દરેક પ્રકારની ચિકિત્સા કરવા છતાં પણ તેની મૂર્ચ્છા ન વળી ત્યારે સુગ્રીવને ઘણો ભારે ચિંતા થઈ અને તે આવી અવસ્થામાં એના ગુણોને યાદ કરી કરીને વિલાપ કરવા લાગ્યો. ભદ્રા રાણી એ સમયે ભાગીને કયાં ચાલી ગઇ હતી તેની કોઇને ખબર ન હતી. લોકોએ જ્યારે તેને આ સ્થળે ન જોઈ ત્યારે એવો નિશ્ચય કરી લીધો કે, કુમારને એ ભદ્રા રાણીએ ઝહેર આપેલ છે. આ કારણથી જ તે આવા આપત્તિના સમયે પણ દેખાતી નથી. જેમ લસણની ગંધ છુપાવવા છતાં પણ છુપાવી શકાતી નથી તેવી રીતે પાપીયોનાં પાપ કર્મો પણ છુપાવવા છતાં છુપાતાં નથી. એ તો બધાની સામે પ્રગટ થઈને બોલેજ છે. આ સમયે ભાગ્યવશાત ધનનો જીવ ચિત્રગતિ નામનો વિદ્યાધર આકાશ માર્ગથી કોઈ જગ્યાએ જઇ રહેલ હતો. તેણે જ્યારે સુમિત્રકુમારની વિપત્તિના શોકથી વ્યાકુળ બનીને અન્તઃપુર તેમજ પુરવાસી તેમજ પરિજન સાથે કરૂણ વિલાપ કરી રહેલા સુગ્રીવ રાજાને સાંભળ્યા ત્યારે તે આકાશ માર્ગથા ત્યાં ઉતર્યો. અને રોવાનું સઘળું કારણ જાણીને તેણે એ સમયે મંત્રોથી પાણીને મંત્રીને તે કુમારની ઉપર છાંટયું. એ પાણીના છાંટવાથી કુમારની બેહોશી દૂર થઈ ગઈ ત્યારે સચેત બનીને "આ જનમેદની અહીં કેમ એકત્રિત થયેલ છે" એવું કુમારે પૂછયું. પિતા સુગ્રીવે કુમારને કહ્યું–બેટા ! તમારી ઓરમાન માતાએ તમને ઝહેર આપેલ હતું. જેના પ્રભાવથી તમો મૂર્છિત બની ગયેલ હતા. પુરવાસીઓએ તમારા મૂર્છિત થવાની વાત જ્યારે જાણી ત્યારે સઘળા શોકથી વ્યાકુળ બનીને અહીં આવેલ છે. અનેક પ્રકારના ઉપચારો કરવા છતાં પણ તમો જ્યારે નિર્વિષ ન બની શકયા ત્યારે સઘળાને બેહદ ચિંતા થવા લાગી. આ સમયે ભાગ્યવશાત નિષ્કારણબંધુ આ મહાશય પણ અહીં આવી પહોંચ્યા. તેઓએ તમારી આ પરિસ્થિતિને જોઇને તેમણે મંત્રોથી પાણીને મંત્રીને અને મંત્રાયેલા પાણીને જ્યારે તમારા ઉપર છાંટયું ત્યાં તો જોતજોતામાંજ તમો એકદમ સ્વસ્થ બની ગયા. પિતાનાં આ પ્રકારનાં વચનોને સાંભળીને કૃતજ્ઞતા પ્રદાર્શત કરતાં કરતાં સુમિત્રે હાથ જોડીને કહ્યું–ભાઇ ! આપ ઉપકારી આપનું નામ તથા વંશનો પરિચય આપીને મારા કાનને પવિત્ર કરો આપ જેવા બીન સ્વાર્થે ઉપકાર કરનાર બંધુઓનું નામ તેમજ ગોત્રને જાણવું એ સુખકારક હોય છે. કુમારનો આગ્રહ જાણીને ચિત્રગતિએ પોતાનો યથાવત સઘળો પરિચય આપી દીધો. પરિચય પામીને કુમારે પોતાના અહોભાગ્યને જણાવતાં કહ્યું–ઝહેર અને ઝહેરના આપનારે મારા ઉપર એવો મહાન ઉપકાર કર્યો કે, કોઇ પણ જાતના આંતરિક પરિચય સિવાય અમૃત વૃષ્ટિની માફક આપના દર્શનનો લાભ અમોને મળી ગયો. નહીં તો આપના દર્શનનો લાભ અમોને કઇ રીતે મળવાનો હતો. એ કેવળ દુર્લભજ હતો. હવે કહો બાલ મૃત્યુ જેવા દુર્ગતિથી મારી રક્ષા કરવાવાળા તથા જીવતદાન આપવાવાળા એવા આપના ઉપર અમો કેવો પ્રતિ ઉપકાર કરી શકીયે. જ્યારે સુમિત્રે આવું કહ્યું તો ચિત્રગતિએ હસીને કુમારને કહ્યું કે, કર્ત્તવ્ય પ્રતિ ઉપકારની ભાવનાવાળું હોતું નથી. મનુષ્ય માત્રને આપત્તિમાં એક બીજાની સહાયતા કરવી એ સ્વાભાવિક ધર્મ છે. આથી આપ પ્રાત ઉપકારની ચિંતા ન કરો. આપ

સ્વસ્થ બની ગયા એજ એક ભારે હર્ષની વાત છે. આ પ્રકારના પરસ્પરના વાર્તા લાપથી એ બન્નેમાં ગાઢ મૈત્રી થઇ ગઇ. ચિત્રગતિએ જ્યારે ત્યાંથી જવાનો વિચાર કર્યો ત્યારે સુમિત્રે તેને કહ્યું કે, મિત્ર ! અહીંયા આજક લમાં સુયસ કેવળી ભગવાન આવવાના છે. આથી એમને વંદના કર્યા પછી આપ અહીંથી જાવ. અમો તમોને રોકશું નહીં. સુમિત્રની આ વાતને સાંભળીને ચિત્રગતિ ત્યાં રોકાઇ ગયા. એટલામાં સુયશ કેવળી ભગવાન પણ ત્યાંના ઉદ્યાનમાં પહોંચ્યા. ત્યાં દેવોથી પરિવૃત મુનિરાજને જોઈને તેઓએ ઘણીજ ભકિતથી નમસ્કાર કર્યા અને આનંદિત બનીને પરિષદામાં બેસી ગયા. સુગ્રીવ રાજા પણ કેવળી ભગવાનનું આગમન સાંભળીને તેમને વંદના કરવા માટે ત્યાં આવ્યા. તથા ધર્મઉપદેશ સાંભળવાની અભિલાષાથી કેવળીને નમન કરી તે પણ એ પરિષદામાં પહોંચ્યા. સકળ જીવોનું કલ્યાણ કરવામાં તત્પર કેવળી ભગવાને આવેલા એ સઘળાઓને ધર્મનો ઉપદેશ આપ્યો. ધર્મશ્રવણ કર્યા બાદ ચિત્રગતિએ નમસ્કાર કરી કેવળી ભગવાનને કહ્યું– ભદન્ત ! આજે આપનાં પવિત્ર દર્શન કરી હું મને પોતાને ઘણો અધિક ભાગ્યશાળી માની રહ્યો છું. આનો યશ સુમિત્ર મિત્રને છે. કેમકે, તેમનાજ આગ્રહથી મને આજે આપના દર્શન થયાં છે. હું આજથી સમ્યકત્વપૂર્વક શ્રાવકનું વ્રત અંગીકાર કરૂં છું. શ્રાવકનું વ્રત ગ્રહણ કરવાથી પોતાનું જીવન સફળ થાય છે. જાણીને ચિત્રગતિએ કેવળી પ્રભુની પાસેથી શ્રાવક વ્રત લીધું. આનાથી જીવન ધર્મકાર્ય કરવામાં અગ્રેસર બને છે. અને પાપ કર્મોની તરફથી વિરત થાય છે.

સુમિત્રના પિતા સુગ્રીવે કે જેઓ ત્યાં ઉપસ્થિત હતા. તેમણે તે સમયે બન્ને હાથ જોડીને કેવળી પ્રભુને પૂછ્યું કે હે ભદન્ત ! મારા આ પુત્ર સુમિત્રને વિષપ્રદાન કરીને મૃત્યુના મોઢામાં હોમી દેવાની ભાવનાવાળી એ મારી રાણી કે, જેનું નામ ભદ્રા છે તે અહીંથી ભાગીને કયાં ગઇ છે ? કૃપા કરીને એ વાત આપ મને કહો. સુગ્રીવરાજાના આ પ્રશ્નનું સમાધાન કરતાં કેવળીએ સુગ્રીવ રાજાને કહ્યું–રાજન્ ! એ ભદ્રા આપના રાજભવનમાંથી ભાગીને વનમાં ગઇ હતી. ત્યાં તે બીચારીના સઘળાં આભૂષણો ચોરોએ ચોરી લીધા અને તેને પલ્લીપતિને આધીન કરી દીધી. પલ્લી પતિએ તેને કોઇ વેપારીને ત્યાં વેચી નાખી. પરંતુ તેને જ્યારે એ સ્થિતિથી પણ સંતોષ ન થયો ત્યારે તે ત્યાંથી ભાગીને જંગલમાં જઈને છૂપાઈ ગઇ. ત્યાં હવે તે દાવાગ્નિમાં દગ્ધ થતી મરી જશે. અને તે મરીને પ્રથમ નર્કમાં જશે. ત્યાંની આયુ સમાપ્ત કરીને એ જ્યારે ત્યાંથી નીકળશે ત્યારે કોઇ ચાંડાલની પત્ની થશે તેને તેની શોકય ત્યાં મારી નાખશે. મરીને પછી તે ત્રીજા નરકમાં જશે. ત્યાંથી પણ આયુની સમાપ્તિના પછી નીકળીને તિર્યંચ આદિ ગતિયોમાં ભ્રમણ કરશે

આ પ્રકારની કેવળીના મોઢેથી સંસારની અસારતા તથા ભદ્રાની દુર્ગતિનો ચિતાર સાંભળીને સુગ્રીવ રાજાને પોતાનું જીવન સફળ બનાવવાનો ભાવ જાગી ઉઠયો. સંસાર, શરીર અને ભોગોથી વિરકત થઇને એમણે મુનિરાજને નિવેદન કર્યું

કે, મહારાજ ! ભદ્રાએ પોતાના પુત્રની તરકકીના નિમિત્તે આટલો ભયંકર અનર્થ કર્યો એનો એ પુત્ર તો આ સમયે અહીંયાં જ છે. ઘણું જ દુઃખની વાત છે કે, જીવ બીજાના માટે આવો ભયંકર અનર્થ હલો કરીને પોતાના ભવિષ્યનો કાંઇ પણ વિચાર કરતો નથી–ધ્યાન રાખતો નથી. અને જેના માટે આવો અનર્થ કરવામાં આવે છે તે પણ તેને એવા સમયે કાંઇ પણ સાથ આપતો નથી. આવા સાર વગરના અને સ્વાર્થી સંસારને ધિક્કાર છે. આ પ્રકારનો પોતાનો હાર્દિક મનોરથ કેવળી ભગવાનની સમક્ષ પ્રગટ કરીને સુગ્રીવ રાજાએ ત્યાંજ પોતાના પુત્ર સુમિત્રને રાજ્યના અધિપતિ તરીકે જાહેર કરી પોતે દીક્ષિત થઇ ગયા. સુમિત્ર પોતાના મિત્ર ચિત્રગતિની સાથે ત્યાંથી નગરમાં પાછા ફરીને પોતાના ભાઇ પદ્મના માટે કેટલાક ગામ આપ્યાં. પરંતુ દુર્બુદ્ધિ પદ્મ લજ્જીત થવાથી ત્યાં ન રહ્યો. અને કોઇને કાંઈ કહ્યા સિવાય ચુપચુપ કયાંક ચાલ્યો ગયો. ચિત્રગતિ પણ કેટલાક દિવસ ત્યાં પોતાના મિત્ર બની ગયેલ સુમિત્ર રાજાની સાથે રહીને પછીથી તેની રજા મેળવીને પોતાના નગરમાં પહોંચી ગયા.

આ વાત અનંગસિંહ રાજા કે જે વૈતાઢયગિરિન દક્ષિણ શ્રેણીમાં આવેલા શીવસદ્મ નામના નગરના અધિપતિ હતા તેના પુત્ર કમળના કાને પહોંચી આ કમળ રત્નવતી (પૂર્વભવની ધનવતીનો જીવ)નો ભાઈ હતો. તેણે કામના વશમાં બનીને કલિંગ દેશના અધિપતિ કનકસિંહની રાણી કે જે ચક્રપુર નગરના રાજા સુમિત્રની બહેન કુસુમશ્રી હતી તેનું હરણ કર્યું. કુસુમશ્રીનું હરણ થવાના સમાચાર સુમિત્રના મિત્ર ચિત્રગતિને કોઇ વિદ્યાધરના મોઢેથી મળ્યા. ત્યારે તેણે આ સમાચાર સાંભળીને કમળે પોતાની વિદ્યાના પ્રભાવથી પોતાના મિત્ર સુમિત્રની બહેનનું હરણ કરેલ છે તે જાણી લેતાં શિવસદ્મ નગર ઉપર ચડાઇ કરી. અને ત્યાં પહોંચીને તેણે યુદ્ધમાં કમળને પરાસ્ત કરી દીધો. જ્યારે પોતાના પુત્રને યુદ્ધમાં પરાસ્ત થયાનું અનંગસિંહે સાંભળ્યું ત્યારે તે ક્રોધિત થઇને ચિત્રગતિની ઉપર સિંહની માફક એકદમ ધસી આવ્યો. ચિત્રગતિએ આ પ્રમાણે પોતાના ઉપર ધસી આવતાં અનંગસિંહને જોયો

ત્યારે બન્નેનું પરસ્પરમાં તુમુલ યુદ્ધ જામી પડયું અનંગસિંહે યુદ્ધમાં ચિત્રગતિને જ્યારે અજેય જાણ્યો ત્યારે એણે તે સમયે દિવ્ય ખડગને યાદ કર્યું. ખડગનું સ્મરણ કરતાં જ એ દિવ્ય ખડગ જ્વાલામાલાથી આકુલિત થઈને શત્રુના મદને દૂર કરવા માટે એના હાથમાં આવ્યું. દિવ્ય ખડગ હાથમા આવતાંજ અનંગસિંહ એકદમ ભારે એવા મદના આવેશમાં આવી જઇને ચિત્રગતિને કહ્યું–રે મૂર્ખ! તું વ્યર્થમાં શા માટે મરવા ચાહે છે. જો જીવતા રહેવાની ઈચ્છા હોય તો અહીંથી જલદી નાસી છુટ. જો તું અહીંથી ચાલ્યો નહીં જાય તો યાદ રાખ કે. આ ખડગથી તારો વિધ્વંસ કરી નાખવામાં આવશે. અનંગસિંહનાં આ પ્રકારનાં ગર્વભરેલાં વચનોને સાંભળીને ચિત્રગતિએ નિડર થઇને પ્રત્યુત્તરમાં કહ્યું કે—પોતાની જાતને શુરવીર માનીને નકામા ગર્વમાં ફૂલાતા હે માનવિ! તું આ લોઢાના ટુકડાનું શું અભિમાન કરે છે આનાથી તો તારી નિર્વિર્યતાજ દેખાઇ આવે છે. આ પ્રમાણે કહીને ચિત્રગતિએ વિદ્યાના પ્રભાવથી યુદ્ધ સ્થળમાં અંધારૂં કરી દઇને અનંગસિંહના હાથમાંથી એ ખડ્ગરત્નને આંચકી લીધું. ખડ્ગ ચિત્રગતિના હાથમા આવી જતાં ત્યાં પાછો એકદમ પ્રકાશ થઇ ગયો. આ પ્રકાશમાં અનંગસિંહે પોતાના હાથને ખડ્ગ રહિત જોયો ત્યારે તે ભારે અચંબામાં પડી ગયો. આજ સમયે આકાશમાંથી દેવતાઓએ ત્યાં પુષ્પવૃષ્ટિ કરી અચંબામાં પડેલા અનંગસેનને એજ વખતે જ્યોતિષીએ કહેલા વચનો યાદ આવી જવાથી તેને અપાર હર્ષ થયો. અને યુદ્ધનું સ્થળ શાંન્ત વાતાવરણના રૂપમાં ફેરવાઈ ગયું. પ્રસન્ન થઇને અનંગસિંહ ચિત્રગતિને પોતાના નગરમાં લઇ ગયો અને તેની સાથે પોતાની પુત્રી રત્નવતીનો વિવાહ કરી દીધો વિવાહવિધિ સમાપ્ત થઈ ગયા પછી ચિત્રગતિએ અખંડશીલ સુમિત્રની બહેનને સાથે લઈને પોતાની પત્ની સાથે ચક્રપુરમાં પ્રવેશ કર્યો. અને પોતાના મિત્ર સુમિત્રને તેની બહેન સોંપી દીધી સુમિત્રે પણ પોતાના મિત્રનો ઘણોજ આદર સત્કાર કર્યો. આ પ્રમાણે મિત્રથી આદરમાન પામીને ચિત્રગતિ થોડા દિવસ ત્યાં રોકાઇને પોતાના સ્થાને પાછા ફર્યા. સુમિત્રની ભગિનીના હરણના વૃત્તાંતથી તેના મનમાં વૈરાગ્યની ભાવના જાગૃત બની ગઇ. આથી તેનું ચિત્ત સંસારી વ્યવહાર કાર્યમાં અરૂચિ સંપન્ન બની ગયું. થોડા દિવસો પછી પોતાના પુત્રને રાજ્યગાદી સોંપીને સુયશ મુનિરાજની પાસે દીક્ષા ધારણ કરી લીધી. આ રીતે સંસારથી વિરકત બની મુનિ બની ગયેલા સુમિત્ર મુનિ નવ પૂર્વથી થોડાં ઓછાં એવાં પૂર્વનું અધ્યયન કરીને ગુરૂની આજ્ઞાથી એકાકી વિચરવા લાગ્યા. વિહાર કરતાં કરતાં તેઓ એક સમય મગધ દેશમાં આવ્યા, ત્યાં ગામથી બહાર કોઇ એક એકાન્ત સ્થાનમાં જ્યારે તેઓ કાયોત્સર્ગમાં સ્થિત હતા. ત્યારે ત્યાં ઘૂમતો ઘૂમતો તેનો સંસાર અવસ્થાનો નાનો ભાઇ પદ્મ ત્યાં આવી પહોંચ્યો. તેણે કાયોત્સર્ગમાં લાગેલા મુનિરાજ સુમિત્રને જોઇને ઉત્પન્ન થયેલા ક્રોધના આવેશથી પોતાની પાસેના બાણમાંથી આકરૂં એવું એક બાણ તેની છાતીમાં માર્યું. બાણ લાગતાં તેની છાતીમાં વીંધ પડી જવા છતાં મુનિરાજે તેના ઉપર ક્રોધભાવ ન કર્યો. પરંતુ પોતાના મનમાં એવો વિચાર કર્યો કે, આ બાણથી વીંધાવામાં મારાજ કર્મના ઉદયનું કારણ છે. અને એનુંજ આ ફળ છે, જો મેં આને એજ સમયે રાજ આપી દીધું હોત તો આ મારી સાથે

આજે આવા પ્રકારનો વહેવાર કરત નહીં. આથી મારૂં કર્તવ્ય છે કે, સૌથી-પહેલાં હું તેની સાથે ક્ષમાપના કરૂં. પછી બાકીના બીજા પ્રાણીયોની સાથે આ પ્રકારનું ધ્યાન કરતાં કરતાં તે મુનિરાજ અંતમાં અનશન કરીને દેવલોકમાં ગયા. અને પાંચમા દેવલોક બ્રહ્મસ્વર્ગમાં ઇન્દ્રની માફક દેવ પર્યાયમાં ઉત્પન્ન થયા મુનિને બાણથી ઘાયલ કરીને પદ્મ જ્યારે પાછો ફરી રહેલ હતો ત્યારે રસ્તામા અચાનક જ કાળા સર્પે તેને કરડી ખાધો. આથી તે ત્યાંજ મરી ગયો. અને તમસ્તમા નામની સાતમી પૃથ્વીમાં જઇને નારકીય પર્યાયથી ઉત્પન્ન થયો. ચિત્રગતિને સુમિત્ર મુનિરાજના મૃત્યુના સમાચાર મળતાં તેને એથી ભારે દુઃખ થયું.

આ તરફ ખેચર અધિપતિ સૂર નામના રાજાએ પોતાના પુત્ર ચિત્રગતિને વિવાહિત કરીને રાજ્યધુરાને ધારણ કરવામાં સમર્થ જાણીને દીક્ષા લેવાનો વિચાર કર્યો. અવસર મેળવીને સૂર રાજાએ પોતાની વિચારધારાને કાર્યરૂપમાં મૂકવા માટે ચિત્રગતિને રાજધુરા સોંપીને સુદર્શનાચાર્યની પાસે જઇને દીક્ષા અંગીકાર કરી લીધી. અને ક્રમશઃ મુક્તિ પદનો લાભ પણ કરી લીધો. પિતાએ સુપ્રત કરેલા રાજ્યનું ચિત્ર-ગતિએ સારી રીતે સંચાલન કર્યું. આ પ્રકારે વિદ્યાબળથી બલિષ્ટ બનીને આ રીતે તેણે લાંબા સમય સુધી વિદ્યાધરોના ચક્રવર્તીપણાને ભોગવીને આનંદની સાથે પોતાના સમયને સુંદર રીતે વ્યતીત કર્યો. જ્યારે રાજ્યધુરા ધારણ કરવામાં સહાય ભૂત એવા પ્રભાવશાળી બે સામંત પુત્રોના મરણના સમાચાર તેણે સાંભળ્યા. ત્યારે ચિત્રગતિના અંતઃકરણમાં વૈરાગ્યની ભાવના જાગૃત થઈ આથી તે સમયે પોતાના પુત્ર વિક્રમસેનને રાજગાદી સોંપીને પોતે રત્નવતીની સાથે દમનાચાર્યની પાસેથી મુનિદીક્ષા ધારણ કરી આચાર્ય મહારાજે રત્નવતીને સાધ્વી સુવ્રતા પ્રવર્તીની તેની શિષ્યાના રૂપથી સોંપી દીધી. ચિત્રગતિએ સારી રીતે વીસ સ્થાનોના વારંવાર સેવન-થી સ્થાનકવાસીપણાની આરાધના કરતાં લાંબો કાળ વિચરણ કર્યું અને અંતમાં અનશનથી પ્રાણોનું વિસર્જન કરીને ચોથા દેવલોકમા દેવની પર્યાયમાં ઉત્પન્ન થયા આ પ્રકારે આ દેવલોકમાં ગયા. આજ પ્રકારે રત્નવતી સાધ્વી પણ અનશન કરીને ચોથા દેવલોકમાં દેવની પર્યાયમાં ઉત્પન્ન થયા આ પ્રકારે આ ધનરાજા અને ધનવતી રાણીના મનુષ્ય અને દેવરૂપ ત્રીજો અને ચોથો ભવ છે.

હવે મનુષ્ય અને દેવરૂપ પાચમા અને છઠા ભવનું વર્ણન આ પ્રકારનું છે—

પશ્ચિમ મહાવિદેહમાં પદ્મસંજ્ઞક નામના વિજયમાં સિંહપુર નામનું એક નગર હતું. ત્યાંના રાજાનું નામ હરિનંદી અને રાણીનું નામ પ્રિયદર્શના હતું ચિત્રગતિનો જીવ ચોથા દેવલોકની પોતાની સ્થિતિને સમાપ્ત કરીને આ પ્રિયદર્શનાની કૂખે પુત્ર-રૂપથી અવતરિત થયો. જ્યારે ગર્ભનો પૂર્ણસમય થઈ ગયો ત્યારે પ્રિયદર્શનાએ પુત્રરત્નને જન્મ આપ્યો. માતપિતાના ચિત્તમાં ભારે હર્ષ થયો. બન્નેએ મળીને પુત્રના જન્મનો ભારે ઉત્સવ મનાવ્યો. ભારે ઉલ્લાસની સાથે પુત્રનું નામ અપરા-

જીત રાખ્યું. અપરાજીતે ક્રમશઃ આગળ વધતાં બધી કળાઓમાં નિપુણતા પ્રાપ્ત કરી લીધી અને તેણે ક્રમશઃ તરૂણ અવસ્થાને પ્રાપ્ત કરી અપરાજીતની મિત્રતા મંત્રી પુત્ર વિમળબોધની સાથે ઘણીજ ગાઢ રીતે બંધાઇ. જ્યારે આ બે કુમાર પોતપોતાના ઘોડા ઉપર બેસીને નગરની બહાર ફરવા ગયા ત્યારે આ ઘોડાઓથી અપહૃત બનીને તે બન્ને જંગલમાં પહોંચી ગયા. એ સમયે રાજકુમાર અપરાજીતે મંત્રી પુત્ર વિમળ બોધને કહ્યું કે, આ સમયે અશ્વોથી અપહૃત થઇને આપણે આ જંગલમાં આવી પહોંચ્યા છીયે. આવું ન બનત તો માતાપિતાની આજ્ઞાને વશવર્તી એવા આપણને આવું સુરમ્ય સ્થાન જોવાનું ભાગ્ય કઈ રીતે મળી શકત, માતાપિતા આટલા સમય સુધી તો આપણા વિરહના દુઃખને સહન કરવું પડશે- આથી સહુથી સારી વાતતો એ છે કે, આપણે આ સમયે ઘેર પાછા ન ફરતાં જુદા જુદા દેશોને જોવા માટે અહીંથી ચાલ્યા જઇએ. વિમળબોધે અપરાજીતની આ વાતનો જ્યારે સ્વીકાર કર્યો એ સમયે "રક્ષા કરો, રક્ષા કરો" એવું કહે તો કોઈ એક માણસ ત્યાં આવી પહોંચ્યો. એ ભયભીત માણસને જ્યારે રાજકુમારે "ભયથી મુકત થાવ" એવું આશ્વાસન આપ્યું ત્યાં તો તરવારોને હાથમાં ધારણ કરેલ એવા અનેક સશસ્ત્ર સુભટો ત્યાં આવી પહોંચ્યા અને આવતાંની સાથેજ એ બન્ને કુમારોને જોઇને તેમણે કહ્યું કે, આ માણસે અમારા શહેરમાં ચોરી કરી છે જેથી અત્રે તેને મારી નાખવા ઇચ્છીએ છીયે. આપ અમારા કામમાં અંતરાયભૂત ન બનો અને જ્યાં જતા હો ત્યા તમારે રસ્તે ચાલ્યા જાવ. તેમની આ પ્રકારની વાત સાંભળીને અપરાજીત કુમારે કહ્યું–અરે તમે શું કહી રહ્યા છો ? શરણે આવેલી આ વ્યકિતને મારવાનું ઇન્દ્રનું પણ ગજું નથી તો તમો બીચારાઓનું શું ગજું છે. જ્યારે કુમારે આમ કહ્યું. ત્યારે તે સઘળા સુભટો કુમારને મારવા માટે તત્પર બની ગયા જ્યારે કુમાર અપરાજીતે તેમની આવી દુષ્પ્રવૃત્તિને જોઈ ત્યારે તેણે એજ સમયે તરવારને મ્યાનથી બહાર કાઢીને અને તેમને નિરૂત્સાહી કરીને પરાજીત બનાવી દીધા. કૌશલેશે જ્યારે પોતાની સેનાનો આ પ્રકારનો પરાજય સાંભળ્યો ત્યારે તેણે કુમારને પકડવા માટે ઘણા સૈનિકોને મોકલ્યા. આવેલા સૈનિકોને પણ કુમારે પરાજીત કરીને પાછા હઠાવી દીધા. કોશલેશને જ્યારે મોકલેલી સેનાને પણ પરાજીત થયાના ખબર મળ્યા ત્યારે પોતે જાતે સજ્જીત બનીને મંત્રી સામંત અને સૈન્યની સાથે સેનાપતિની સાથે સેનાને લઇને યુદ્ધ કરવા માટે ત્યાં પહોંચ્યા. જ્યારે અપરાજીત કુમારને એ વાત ખબર પડી કે, કોશલેશ પોતેજ યુદ્ધ માટે તયાર થઈને આવે છે ત્યારે તેણે તે ચોરને પોતાના મિત્ર વિમલબોધને સોંપીને કોશલેશની સામે યુદ્ધ કરવા તત્પર બની ગયા. કુમારે એકદમ ઉછળીને કોઈ હાથીના દાંત ઉપર ચડી જઇને માવતને નીચે પછાડી દઇને પોતે તે હાથી ઉપર બેસીને યુદ્ધ કરવા લાગ્યો. કુમારની આ પ્રકારની સ્થિરતા, શૂરવીરતા તથા યુદ્ધ કરવાની નિપુણતા જોઇને રાજાને ઘણુંજ આશ્ચર્ય થયું. આ વખતે કોશલ અધિપતિને મંત્રીએ કહ્યું–મહારાજ ! આ આપના

મિત્ર હરનંદીનો પુત્ર છે. આ વાતને સાંભળીને રાજાએ ને સમયે સૈનિકોને યુદ્ધ બંધ કરવાનો આદેશ આપ્યો. યુદ્ધ બંધ કરીને પછીથી રાજાએ કુમારને કહ્યું–વીર ! આ અજોડ એવા પરાક્રમથી તમોએ તમારા પિતાના યશને ઉજવળ બનાવેલ છે. ભાગ્યયોજ આજે મને તમને જોવાનો અવસર પ્રાપ્ત થયેલ છે. તમારા જેવા યોગ્ય મિત્રપુત્રને જોઇને મારૂં અંતઃકરણ આજે વિશેષ આનંદ અનુભવી રહ્યું છે આ પ્રકારે અપરાજીતને કહીને રાજા તેને તેના મિત્ર સાથે હાથી ઉપર બેસાડીને પોતાના રાજભવનમાં લઈ ગયા. ત્યાં પહોંચીને રાજાએ તેનો વિવાહ પોતાની પુત્રી કનકમાળા સાથે કરી દીધો. આમ વિવાહિત થઈને કુમાર ત્યાં પોતાના મિત્ર વિમળ બોધની સાથે ત્યાં રહ્યો. અહીંથી જવામા વિઘ્ન ન આવે એવા ખ્યાલથી તે એક દિવસ પોતાના મિત્રની સાથે રાત્રીના સમયે કોઈને કહ્યા વગર ત્યાંથી પોતાના ઘેર જવા ચાલી નીકળ્યો. ચાલતાં ચાલતાં જ્યારે તેઓ એક જંગલમાં પહોચ્યા તો ત્યાં તેઓએ કોઇ સ્ત્રીનું કરૂણ રૂદન સાંભળ્યું કે, "હાય હાય આ પૃથ્વી નિર્વીર થઈ ગઈ નહીં તો મને આ દુષ્ટના પંજામાંથી કોઇ છોડાવી લેત. અને મારૂં રક્ષણ કરત" જ્યારે કુમારના કાને આ પ્રકારનો અવાજ અથડાયો ત્યારે તે એ અવાજ તરફ ચાલ્યા. કુમાર થોડે દૂર જતાં ત્યાં પહોંચવામાં હતા ત્યાં તેમની દૃષ્ટિએ પ્રજ્વલિત જ્વાળાઓવાળી અગ્નિ સામે એક સ્ત્રિને બેઠેલી દેખાઇ અને તેની પાસે તરવાર ખેંચીને ઉભેલા એક પુરૂષને જોયો. સ્ત્રી રોઈ રોઇને આ પ્રમાણે કહી રહી હતી કે, અહીંયાં જો કોઈ વીરપુરૂષ હોય તો તે મારી આ દુષ્ટ વિદ્યાધરથી રક્ષા કરે આ પરિસ્થિતિને જોઇને મિત્ર સાથે અપરાજીત કુમાર જલ્દીથી આગળ જઇને તે વિદ્યાધરને કહેવા લાગ્યો કે, વિદ્યાધર ! શા માટે આ અબળાનો તું વ્યર્થમાં દુઃખ આપી રહેલ છો ? શા માટે આના ઉપર પોતાના બળની છાપ જમાવી રહેલ છો ? જો તારામાં ખરેખર બળ હોય તો તું આવી જા અને મારી સામે યુદ્ધ કર. અને ત્યારે જ તને ખબર પડશે કે બીજાને પીડા આપવામાં કેટલો અનર્થ સમાયેલો હોય છે. કુમારનાં આ પ્રકારનાં વચનોને સાંભળીને ઉત્તજીત બનેલ એ વિદ્યાધર અપરાજીત કુમારને કહેવા લાગ્યો કે, હે દુરાત્મન ! ઉભો રે તને પણ આનીજ સાથે પરલોકની યાત્રા કરાવું છું. આ પ્રકારે વાત વાતમાં જ તેમનું પરસ્પરમાં યુદ્ધ જામી પડયું. પહેલાં તેઓ તરવારથી ઘણા સમય સુધી લડયા. પછી મલયુદ્ધ કરવા લાગ્યા વિદ્યાધરે આ સમય નાગપાશથી અપરાજીત કુમારને જકડી લીધો પરંતુ હાથી જેમ જુની રસીના બંધનને તોડી ફોડીને એક બાજુ ફેંકી દે છે એજ પ્રકારે કુમારે એ નાગપાશને તોડી ફોડીને એક બાજુ ફેંકી દીધાં. વિદ્યાધરે જ્યારે પોતાના પ્રયુક્ત નાગપાશની આવી દુર્દશા જોઇ ત્યારે તેણે તરતજ વિદ્યાસ્ત્રોથી કુમારના ઉપર પ્રહાર કરવાનો પ્રારંભ કર્યો. પરંતુ અપરાજીત કુમારે પુણ્ય પ્રભાવથી એ સઘળા પ્રયુક્ત અસ્ત્રોને નિષ્ફળ બનાવ્યાં કુમારે એજ સમયે ઉછળીને તે

વિદ્યાધરના મસ્તક ઉપર તરવારનો પ્રહાર કર્યો. એ પ્રહાર પડતાંજ વિદ્યાધર એ સમયે ત્યાંજ મૂર્ચ્છિત થઈને પડી ગયેા. તે એવી રીતે પડયેા કે, ભયંકર વાવાઝોડાથી મૂળ સાથે ઉખડીને વૃક્ષ જમીન ઉપર પટકાઇ જાય એ રીતે વિદ્યાધરનાં પડતાંજ તેને કુમારે '–વિદ્યાધર હું તમને આમંત્રણ આપું છું કે, જ્યારે તમે સ્વસ્થ થઈ જાવ ત્યારે ફરી મારી સાથે યુદ્ધમ ઉતરજો. કુમારની આવી વાત સાંભળીને વિદ્યાધરે કહ્યું–મહાબાહુ ! યુદ્ધમાં આપે મને પરાસ્ત કરીને ઘણુંજ સારૂં કામ કર્યું છે. મિત્ર ! મારા વસ્ત્રના છેડે આ સમયે બે મણી મૂલિકાઓ બાંધેલ છે. તેા આપ એને ઘસીને તે મારા મસ્તક ઉપર લગાડેા. વિદ્યાધરની આ વાત સાંભળીને પ્રસન્ન થઇને કુમારે એ પ્રમાણે કર્યું માથા ઉપર લેપ લાગવાથી એ વિદ્યાધર એજ વખતે સ્વસ્થ બની ગયેા. કુમારે વિદ્યાધરને આ વૃત્તાંતને પૂછ્યું ત્યારે વિદ્યાધરે કુમારને પેાતાનું વૃત્તાંત આ પ્રકારથી કહ્યું—

હે કુમાર ! જુઓ આ જે છોકરી છે તે, વિદ્યાધરેાના અધિપતિ અમૃતસેનની પ્રિય પુત્રી છે. તેનું નામ રત્નમાલા છે. એ ખૂબજ ગુણવતા છે. જ્યારે આ યુવાવસ્થાએ પહેાંચી ત્યારે તેના પિતાએ તેના ભાવિપતિ માટે કેાઈ જ્યેાતિષીને પૂછ્યું, ત્યારે તે જ્યેાતિષીએ કહેલું કે, તેનેા પતિ અપરાજીત કુમાર થશે. જ્યારે તેને આ વાતની ખબર પડી ત્યારે તે પણ પેાતાના ચિત્તને તેનામાં આસકત કરીને રહેવા લાગી. મેં જ્યારે એને જોઇ ત્યારે મારૂં મન એની સાથે વિવાહ કરવા માટે લલચાઈ ગયું. મેં તેને મારી સાથે વિવાહ કરવા ખૂબ લલચાવી ઉપરાંતમાં ઘણી વખતે તેને વિનંતી પણ કરી પરંતુ તે પેાતાના ધ્યેયથી જરા પણ વિચલિત ન બની જ્યારે મેં તેની આ હઠાગ્રહતા જોઇ ત્યારે મેં તેને મારા વશમાં કરવા માટે અનેક વિદ્યાઓની સિદ્ધિ કરવાનેા પ્રારંભ કર્યેા. હું શ્રીષેણ વિદ્યાધરનેા પુત્ર છું. મારૂં નામ સુરકાન્ત છે. વિદ્યા સાધીને જ્યારે હું નિશ્ચીન્ત બની ગયેા ત્યારે ફરીથી મેં એને મારી સાથે સંબંધ કરવા કહ્યું, ત્યારે એ સમયે તેણે મને એવું કહ્યું કે, જુઓ જ્યાં મારૂં મન આસકત બની રહેલ છે એવા તે અપરાજીત કુમાર કાંતેા મારા પતિ બનશે અથવા તેા અગ્નિજ મારેા આશ્રય બનશે. તેના સિવાય ત્રીજી કેાઇ વ્યકિત આ મારા શરીરનું રક્ષણ કરનાર બની શકશે નહી. આથી જ્યારે મારેા એવેા દૃઢ સકલ્પ છે ત્યારે તમારા જેથી વ્યકિત માટે મારા હૃદયમાં અવકાશ મળી જાય એ વાત સર્વથા અસંભવ છે આ પ્રમાણે હે કુમાર મેં તેની વાત સાંભળી ત્યારે મને હૃદયમાં ઘણેાજ ભારે ક્રોધ ચડયેા. એનાથી મારૂં હૃદય સહસા ક્રોધિત બની ગયું અને એ ક્રોધના આવેશમાં આવીને મેં તેનું હરણ કરેલ છે. અને હરણ કરીને તેને અહીં લઇ આવેલ છું. અને તેને કહી રહ્યો હતેા કે. હવે તારૂં રક્ષણ કરનાર આ એક અગ્નિજ છે. આને મારીને હું અગ્નિમાં નાખી દેવાનું ચાહતેા હતેા કે, એટલામાં એના કરૂણ રૂદનને સાંભળીને આપ એના અને મારા પુણ્ય ઉદયથી અહીં આવી પહેાંચ્યા.

આપના આ પ્રકારના આગમનથી હું સ્ત્રી હત્યાના પાપથી પ્રાપ્ત થનારી દુર્ગતિના પતનથી બચી ગયેા છું તથા આ સ્ત્રી પણ બચી ગયેલ છે. આપે અમારા

બન્ને ઉપર પરમ ઉપકાર કરેલ છે. આથી "આપ કોણ છો" એ જાણવા ચાહું છું. અપરાજીત કુમારે એના પ્રત્યુત્તરમાં કાંઈ ન કહ્યું. પરંતુ વિમલબોધેજ અપરાજીત કુમારનો પરિચય વિદ્યાધરને કહી સંભળાવ્યો. કુમારનો તેના મિત્રના મુખેથી પરિચય સાંભળીને રત્નમાળાને અપાર હર્ષ થયો. આ સમયે રત્નમાળાના માતાપિતા પણ તેની શોધખોળ કરતાં કરતાં ત્યાં આવી પહોંચ્યાં. તેમણે વિમળબોધના મુખેથી સંપૂર્ણ વૃત્તાંત યથાવત જાણીને આનંદની સાથે રત્નમાળાનો વિવાહ ત્યાંજ કુમારની સાથે કરી દીધો. તથા સૂરકાન્તને અભયદાન અપી કલેશમુકત બનાવ્યો. પ્રત્યુપકારના રૂપમાં અથવા પોતાની ભકિત પ્રદર્શિત કરવાના અભિપ્રાયથી સૂરકાન્તે તે બન્ને મણિમૂલિકાઓને તથા વેશાન્ત રોત્પાદક ગુટીકાઓ કુમારને આપવાનો વિચાર કર્યો અને જયારે તે આવો વિચાર કરીને તે ગુટીકાઓ કુમારને આપવા લાગ્યો ત્યારે કુમારે તે ગુટીકાઓ લેવામાં પોતાની અનિચ્છા બતાવી. જયારે સૂરકાન્તે એ ગુટીકાઓ લેવાની કુમારની અનિચ્છા ભાળી ત્યારે તેણે તે ગુટિકાઓ અપરાજીત કુમારના મિત્ર વિમળબોધને આપી. અપરાજીત કુમાર અને વિમળબોધ બન્નેએ ત્યાંથી ચાલવાનો વિચાર કર્યો. અને રત્નમાળાના પિતાને અપરાજીત કુમારે એવું કહ્યું કે, જયારે હું મારા ઘેર પહોંચી જાઉં ત્યારે આપ આપની પુત્રીને મોકલી આપશો. આ પ્રમાણે કહીને કુમાર વિમળબોધની સાથે ચાલી નીકળ્યા.

ચાલતાં ચાલતાં થોડુ દૂર જવા પછી અપરાજીતકુમારને ખૂબ તરસ લાગી. એટલે અપરાજીતકુમારને આંબાના વૃક્ષની છાયામાં બેસાડીને વિમળબોધ એમને માટે પાણી લેવા ગયો. પાણી લઈને જયારે તે પાછો ફર્યો ત્યારે તેણે કુમારને ત્યાં ન જોવાથી કુમારની શોધખોળ કરવા નિમિત્તે અહીંતહીં ઘૂમવા લાગ્યો પરંતુ એને કુમારનો કયાંય પણ પત્તો ન મળ્યો. આથી એના મનમાં કુમારનું અનિષ્ટ થયાની શંકા જાગી આથી તે મૂર્ચ્છિત થઇને જમીન ઉપર પડી ગયો. કેટલીકવાર પછી જયારે તેનામાં ચેતન આવ્યું ત્યારે તે ખૂબ રોયો. રોતાં રોતાં એનું હૃદય શોકના આવેગથી કાંઇક હલકું થયું ત્યારે ફરીથી તેણે કુમારની તપાશ કરવાનો પ્રારંભ કરવા વિચાર કર્યો. અને શોધખોળ કરતાં કરતાં તે નંદિપુરના ઉદ્યાનમા પહોંચ્યો. ત્યાં પહોંચીને જયારે તે શૂનમુન બનીને વિશ્રામ કરવાની ચેષ્ટા કરવા લાગ્યો કે, એટલામાં તેની પાસે બે વિદ્યાધર આવ્યા ને બોલ્યા—

ભુવનમાં પ્રસિદ્ધ ભુવનભાનુ નામના વિદ્યાધરોના અધિપતિ છે. એની કમલિની અને કુમુદિની નામની બે કન્યાઓ છે. જ્યોતિષીએ એ બન્ને કન્યાઓના પતિ તરીકેનું અપરાજીતનું નામ બતાવેલ છે એ કારણે વિદ્યાધરાધિપતિ ભુવનભાનુએ અમોને એમને લેવા માટે મોકલેલ છે. અમે લોકો એની શોધખોળ કરતાં કરતાં વિદ્યાના પ્રભાવથી એ જંગલમાં ગયા કે જયાં કુમાર તરસથી પીડાઈ રહ્યા હતા તેમને આંબાના વૃક્ષ નીચે બેસાડી આપ પાણી લેવા ગયા ત્યારે અમોએ ત્યાંથી તેમનું હરણ કર્યું અને અહીં ભુવનભાનુની પાસે લઈ આવેલ છીએ. ભુવનભાનુને કુમારના આગમનથી ઘણોજ હર્ષ થયો છે. એણે કુમારનો ખૂબ સત્કાર કર્યો અને

પોતાની બન્ને પુત્રીયોનો વિવાહ તેની સાથે કરવાનો વિચાર પણ જાહેર કરી દીધો પરંતુ કુમાર તરફથી તે વાતની સ્વીકૃતીનો અભિપ્રાય હજુ સુધી એ કારણે નથી મળ્યો કે, તેઓ આપના વિયોગથી ખૂબજ દુઃખી બની રહ્યા છે. આપના વગર તેઓ આ વિષયમાં બિલકુલ મૌન છે. જ્યારે ભુવનભાનુને આ વાત જાણવામાં આવી કે, મિત્ર વગર તેઓ દુઃખિત છે, અને પોતાની સંમતિ આપવામાં તે અસમર્થ છે ત્યારે તેમણે આપની તપાસ કરવા માટે અમો બન્નેને ફરીથી આજ્ઞા કરી અને કહ્યું કે, તમોને જ્યાંથી વિમળબોધ મળે તેને તુર્તજ અહીં લઇ આવો. સ્વામીની આજ્ઞા મેળવીને અમો બન્ને આપની તપાસ કરવા માટે ચાલ્યા અને તપાસ કરતાં કરતાં જેમ નાશ પામેલ ધનની પ્રાપ્તિ થાય તેમ ખૂબ સૌભાગ્યથી આપની પ્રાપ્તી થયેલ છે જેથી આપ અમારી સાથે ઉતાવળથી ચાલવાની કૃપા કરો.

આ પ્રકારનાં તે બન્ને વિદ્યાધરોનાં વચનોને સાંભળીને વિમળબોધ અપરાજીત કુમારનાં દર્શનની ઉત્કંઠાથી ઉત્કંઠિત થઇને તેમની સાથે ચાલી નીકળ્યો અને કુમારની પાસે આવી પહોંચ્યો. આ પ્રમાણે છુટા પડેલા મિત્રના મળવાથી કુમારે તે બન્ને વિદ્યાધર કન્યાઓ સાથે પોતાનાં લગ્ન કરી લીધાં. વિવાહ થઈ ગયા બાદ કુમાર કેટલાક દિવસ સુધી ત્યાં રોકાયો

પોતાના મિત્રની સાથે પછીથી ચાલીને તે શ્રીસદ્મપુર આવી પહોંચ્યો. સૂકાન્ત વિદ્યાધર દ્વારા અપાયેલ મણી મૂલીકાઓના પ્રભાવથી તેની ત્યાં દરેકઇચ્છાઓ સફળ થવા લાગી કોઇ પણ જાતના ઠાઠમાઠની તેને કમી રહી નહીં.

એક દિવસની વાત છે કે, જ્યારે એ નગરમાં એકદમ કોલાહલ મચી ગયો તેને સાંભળીને અપરાજીત કુમારે વિમળબોધને પૂછયું–આ મહા કોલાહલ શામાટે થઈ રહેલ છે ? વિમળબોધે અપરાજીતના એ પ્રશ્નના સમાધાન નિમિત્તે જનતાના મુખેથી સઘળો વૃત્તાંત જાણીને અપરાજીત કુમારને આ પ્રમાણે કહ્યું–આ નગરમાં સુપ્રભ નામના એક રાજા રહે છે તેને છળકપટથી કોઈએ છરી મારીને ઘાયલ કરી દીધેલ છે. આ વાતથી સઘળા નાગરીકો કરૂણ આક્રંદ કરી રહેલ છે. જેનો આ કોલાહલ સંભળાઇ રહેલ છે. આ વાત સાંભળીને અપરાજીત કુમારના મનમાં એક પ્રકારની ચોટ લાગી ગઈ કે, વાત તો ઠીક છે, જે સજ્જન હોય છે તે પારકાનું દુઃખ જોઈને સ્વયં દુખિત થાય છે રાજાનો અનેક પ્રકારથી ઉપચાર કરવામાં આવ્યો. પરંતુ સંભળાય છે કે, તેને હજુ સુધી કાંઇ લાભ થયેલ નથી. રાજાને એવો કોઇ યોગ્ય પુત્ર પણ નથી કે, જે રાજ્યભાર સંભાળી શકે. આ કારણને લઇને સઘળાને ભારે ચિંતા થઇ રહેલ છે. આ પ્રમાણે કહીને તેણે અપરાજીત કુમારને એ પણ કહ્યું કે, જ્યારે મંત્રીગણ આ ચિંતાથી વ્યથિત થઈ રહેલ છે ત્યારે કામલતા નામની કોઈ એક દાસીએ કહ્યું કે, કોઈ એક વિદેશી પુરૂષ પોતાના મિત્ર સાથે અહીં આવેલ છે તે વેપાર ધંધો કાંઇ કરતા નથી તો પણ આનંદની સાથે પોતાનો સમય વીતાવે છે. આથી એવું જાણવા મળે છે કે, તેની પાસે એવી કોઇ ઔષધી હોવી જોઈએ કે, જે તેની દરેક આવશ્યકતાને પુરી કરે છે. આ પ્રકારના

કામલતાનાં વચનો સાંળીને મંત્રીગણ અપરાજીત કુમાર પાસે આવ્યા અને તેને ઘણાજ સન્માનની સાથે મૂર્છિત બનેલા રાજાની પાસે લઇ ગયા. જઈને કુમારે જ્યારે રાજાની આ સ્થિતિ જોઇ ત્યારે તેના ઉપર તેને ખૂબ દયા આવી ગઇ. એ સમયે પોતાના મિત્ર વિમળબોધની પાસેથી તે બન્ને મણીમૂલિકાઓને લઇને તથા તેને પાણીમાં ઘસીને તે સુપ્રભ રાજાના ઘાવ ઉપર તેનો લેપ કરી દીધો. લેપ થતાંજ રાજાની મૂર્છા દૂર થઇ ગઈ. અને તેને પોતાની તબીયત સ્વસ્થ લાગવા માંડી. રાજાની તબીયત સ્વસ્થ થતાં જ અપરાજીત કુમારને પૂછયું.–અકારણ બંધુ! આપ અમારા શુભઉદયથી અહીં આવ્યા છો જેથી અમને "કયા કુળને આપે આપના જન્મથી અલંકૃત કરેલ છે." આ વાત બતાવીને અમારાપર અનુગ્રહ કરો. તથા એવો કયો દેશ છે કે, જે આપના જન્મથી ધન્ય બનેલછે, તથા એવી કઈ અભાગિણી નગરી છે કે, જેને આપના વિરહથી ઉત્પન્ન થતા દુઃખનો અનુભવ કરવો પડે છે? કયા એવા ભાગ્યશાળી પિતા છે કે, જેમની ગોદને આપની બાલોચિત ક્રીડાઓથી અલંકૃત કરી છે? એવી કઇ પવિત્ર માતા છે, કે, જેણે આપના જેવા ભાગ્યશાળી પુત્રને જન્મ આપીને પુત્રવાળી સ્ત્રિયોની વચ્ચે પોતાનું મુખ્ય આસન જમાવ્યું છે.? આ સઘળો વૃત્તાંત અમને બતાવીને ઇંતેજાર બનેલ મારા અંતઃકરણને હર્ષિત કરો. રાજાને આ પ્રકારે પોતાનો પરિચય જાણવાની ઇચ્છાવાળા જોઇને કુમારે તો કાંઈ કહ્યું નહીં પરંતુ કુમારના મિત્ર વિમળબોધે રાજાની ઉત્કંઠા શાંત કરવા માટે કુમારના સઘળા વૃત્તાંત સહિત પરિચય આપ્યો. કુમારનો પરિચય પામીને સુપ્રભ રાજા ખૂબ આનંદિત થયા તથા કહેવા લાગ્યા કે, અરે! તમે તો મારા મિત્રના પુત્ર છો. ઠીક થયું કે તમો અહીં આવ્યા. આવું કહીને તે રાજાએ બહુ માન સાથે તેના મિત્ર સહિત રાજભવનમાં લઇ ગયા અને કોઇ શુભ મુહૂર્ત જોઇને પોતાની રંભા નામની પુત્રી સાથે તેનાં લગ્ન કરી દીધાં વિવાહિત થયા બાદ કુમાર થોડા દિવસો ત્યાં રહ્યા કેટલોક સમય વીત્યા પછી તેઓ પોતાના મિત્ર સાથે ત્યાંથી ચાલી નીકળ્યાં.

ચાલતાં ચાલતાં કુંદનપુરના બગીચામાં આવી પહોંચ્યા ત્યાં તેમને કેવળી ભગવાનનાં દર્શન થયાં, પછી શું હતું–દર્શન કરીને કુમારને ઘણો આનંદ થયો. એમના શ્રીમુખથી ધર્મની દેશના સાંભળીને એમના આનંદની સીમા ન રહી. જ્યારે કેવળી ભગવાનની ધર્મદેશના સમાપ્ત થઈ ત્યારે ઘણાજ વિનયની સાથે હાથ જોડીને તેમને પ્રશ્ન કર્યો–હે ભદન્ત! હું ભવ્ય છું અથવા અભવ્ય છું? કુમારના આ પ્રશ્નને સાંભળીને ભગવાને કહ્યું કે, હે દેવાનુપ્રિય! તમો ભવ્ય છો. આજથી પાંચમા ભવમાં તમો વીસ સ્થાનોનું આરાધન કરીને આ ભરતક્ષેત્રમાં બાવીસમાં તીર્થંકર થશો. તથા આ વિમળબોધ મિત્ર તમારો ગણધર થશે. આ પ્રકારનાં કેવળી ભગવાનનાં આનંદ પ્રદાન કરવાવાળાં વચનોને સાંભળીને કુમાર મિત્ર સહિત વીસ સ્થાનોન આરાધના કરતાં કરતાં એજ નગરમાં રહ્યા. એક દિવસની વાત છે કે,

ત્યાંથી મિત્રની સાથે કુમાર ઘૂમવાના ઈરાદાથી પ્રેરાઇને દર્શનીય પદાર્થોને જોતાજોતા દેશ દેશમાં ફરવા લાગ્યા.

એ સમયે એક જનાનંદ નામનું નગર હતું નગરનું જેવું નામ હતું એવું એનું કામ હતું. ત્યાંની દરેક વ્યકિત આનંદ આનંદમાં મગ્ન રહેતી હતી ત્યાંના રાજાનું નામ જીતશત્રુ હતું જેની રાણીનું નામ ધારિણી હતું. દેવલોકથી ચવીને રત્નવતીનો જીવ એ ધારણી રાણીની કૂખેથી પુત્રી રૂપે અવતરિત થયો. જ્યારે નવ મહીના અને સાડા સાત દિવસ પૂરા થયા ત્યારે ધારિણીએ પુત્રી રત્નને જન્મ આપ્યો. માતા પિતાએ તેનું નામ પ્રીતિમતી રાખ્યું. પ્રીતિમતી ધીરે ધીરે મોટી થતાં સર્વ કળાઓમાં એવી કુશળ થઇ ગઇ કે, તેની આગળ પંડિત જનોની કોઇ ગણના રહી નહીં. આ પ્રકારે પોતાની કન્યાને જોઇને જીતશત્રુ રાજાએ એક સ્વયંવર મંડપ તુર્તજ તૈયાર કરાવ્યો. જેને ચતુર ચિતારાઓએ ખૂબ સુંદર રીતે ચિત્રિત કર્યો હતો. ખૂબ સુંદર એવા મંચોથી તેને સુશોભિત કર્યો. આમંત્રણ મળતાં આ મંડપમાં સઘળા રાજાઓ અને એમના કુમારો યથાયોગ્ય સમયે આવી પહોચ્યા જો કોઇ ન આવ્યું હોય તો તે આ અપરાજીત કુમારના પિતા હરીનંદી હતા. કારણ કે, તેમને પોતાના પુત્રના વિયોગનું દુઃખ ખૂબ હતું અને એ વિચારથી તેઓ ખૂબ દુઃખિત રહેતા હતા. આથી તેઓએ બહાર આવવા જવાનું પણ છોડી દીધું હતું. જ્યારે સઘળા રાજાઓ અને રાજકુમારો પોતપોતાના સ્થાનો ઉપર સારી રીતે બેઠેલ હતા એ સમયે અપરાજીત કુમાર પોતાના મિત્રની સાથે આમ તેમ ઘૂમતો ઘમતો ભાગ્યવશાત ત્યાં આવી પહોંચ્યો. આવીને તેણે વિચાર કર્યો કે, આ વેશમાં તો બધા રાજાઓ મને ઓળખી જશે જેથી બીજો વેશ ધારણ કરી લેવો જોઇએ કે. જેનાથી રાજા લોક મને ઓળખી ન શકે. એવો વિચાર કરીને રાજકુમારે ગુટકિાના પ્રભાવથી પોતાનો વેશ બદલીને પોતાના મિત્રને સાથે લઇને તે એ સ્વયંવર મંડપમાં જઈ પહોંચ્યા. એટલામાં જ ત્યા સાક્ષાત લક્ષ્મીની માફક પ્રીતિમતી રાજકુમારી વિભૂષિત બનીનેપોતાની દાસીઓ અને સખીયોથી ઘેરાયેલી ત્યા આવી પહોંચી. સાથમાં રહેલી તેની સખી માલતીએઆવેલા સઘળા રાજાઓને પોતાની આંગળીના ઇશારાથી બતાવીને પ્રીતિમતીને કહ્યું-સખી! જુઓ! આ જેટલા પણ રાજા રાજકુમાર અને વિદ્યા ધર અહીં આવ્યા છે તે સઘળા આપની સાથે પોતાના લગ્નની અભિલાષાથી અહા આવેલ છે આ કારણે આમનામાંથી જે આપને યોગ્ય લાગે એના ગળામા વરમાળા આરોપો. આ પ્રમાણે જ્યારે માલતીએ રાજકુમારીને કહ્યું એટલે તે એજ સમયે એ રાજાઓની સામે ઉભી રહીને એમને સરસ્વતીની માફક મધુર સ્વરથી પ્રશ્ન કરવા લાગી. એના એ પ્રશ્નને સાંભળીને સઘળા રાજાઓ તથા એમના પુત્રો પ્રશ્નનો ઉત્તર આપવામાં પોતાની અસમર્થતા જાણીને લજ્જાના માર્યા મોઢું નીચું કરીને જમીનની તરફ જોવા લાગ્યા અને ચુપ રહ્યા. કેટલાક તો અંદરો અંદર આ પ્રમાણે કહેવા લાગ્યા

કે, ભાઈ! જુઓ તો ખરા કે, તેણીએ જ્યારે પોતાના અસાધારણ રૂપથી આપણા લોકોના મનને હરણ કરી લીધેલ છે ત્યારે પછી આવી સ્થિતિમાં આપણે તેના પ્રશ્નનો ઉત્તર કેવી રીતે આપી શકાય? જીતશત્રુએ જ્યારે આ બધાને આ પ્રકારે મૌન બેઠેલા જોયા ત્યારે તેણે ચિંતા નિમગ્ન બનીને મનોમન એવો વિચાર કર્યો કે, જુઓ આ સઘળા રાજા કન્યાને વરવાને માટે આવ્યા છે પરંતુ તેમાં એવો કોઇ પણ નથી જે મારી પુત્રીના પ્રશ્નનો ઉત્તર દઈને તેનો પતિ થવાને યોગ્ય બની શકે. તો હવે મારી પુત્રીનું શું થશે? શું તે જીવનભર અવિવાહિત રહેશે? આ પ્રકારના વિચારમાં મગ્ન બનેલ રાજાના વિચારને તેમની પાસે બેઠેલા રાજાના કોઈ મંત્રીએ જાણી લીધો અને રાજાને કહ્યું. મહારાજ આપ ચિંતા ન કરો. આ ભૂમિ ઉપર અનેક નર રત્ન છે. અર્થાત આપ એવા પ્રકારની ઘોષણા કરવો કે, જે કોઇ રાજા અથવા રાજપુત્ર અથવા કોઈ કુલિન વ્યક્તિ મારી પુત્રીને હવે પછી પરાજીત કરશે તે તેનો પતિ થશે પ્રધાનનો આ પ્રકારની વાતનો સ્વીકાર કરીને જીતશત્રુ રાજાએ તેજ સમયે ઉપર કહેલી ઘોષણા કરાવી દીધી. આ ઘોષણાને સાંભળતાં જ અપરાજીત કુમાર આગળ આવીને પ્રીતિમતીને કહેવા લાગ્યો–તમારે જે પૂછવું હોય તે પૂછો. અપરાજીત કુમારને બીજા વેષમાં જોઇને પણ પ્રીતિમતીનું મન પૂર્વભવની પ્રીતિના કારણથી તેમનામાં અનુરક્ત થઇ ગયું. આનંદિત બનીને તેણે અપરાજીતને પ્રશ્ન કર્યો. અપરાજીતે એના પ્રત્યેક પ્રશ્નોનો યથાવત્ ઉત્તર આપીને એ કન્યાને ચકિત કરીને સર્વથા નિરૂત્તર બનાવી દીધી. આ પ્રકારે અપરાજીત કુમારથી પરાજીત થઈને પ્રીતિમતીએ ઘણાજ આનંદની સાથે અપરાજીત કુમારના ગળામાં વરમાળા નાખી દીધી. અપરાજીત કુમારના ગળામાં વરમાળા નખાયેલી જોઇને ત્યાં આવેલા સઘળાં રાજાઓ આ પ્રમાણે અંદરો અંદર વાતચીત કરવા લાગ્યા. જુઓ આ કેટલા આશ્ચર્યની વાત છે કે, આપણે ક્ષત્રિયો હોવા છતાં પણ આ કન્યાએ તેના ગળામાં વરમાળા નાખી છે. ખેર એની ચિંતા નથી. હવે જોવું છે કે આપણી હજરીમાં આ કન્યા તેને કેમ પરણે છે? આવો વિચાર કરીને તેમણે એવો નિશ્ચય કરી લીધો કે, પહેલાં આ વ્યક્તિને મારી નાખવામાં આવે અને પછીથી રાજકુમારી પ્રીતિમતીનું બળપૂર્વક હરણ કરી લેવામાં આવે. જ્યારે આ વિચાર તે લોકોએ આપસ આપસમાં એક મતથી નિશ્ચિત કર્યો ત્યારે સઘળા રાજાઓએ કુમારને મારવાના માટે પોતપોતાના સૈનિકોને સજ્જીત થઇ જવાનો આદેશ આપ્યો. જ્યારે સૈનિકો સજ્જ થઇને યુદ્ધ કરવાને માટે અપરાજીત રાજકુમારની સમક્ષ ખડા થઇ ગયા ત્યારે કુમારે તે સઘળાને ક્ષણ માત્રમાં હરાવી દીધા. કુમારનું આ પ્રકારનું અજેય અને અતુલ પરાક્રમ જોઇને કુમારના મામા સોમપ્રભે તિલક વગેરેથી તેનો પરિચય પામીને કહ્યું– હે ભાણેજ! ઘણા દિવસો બાદ તું આજે મળ્યો છે. સોમપ્રભના મુખથી કુમારનો પરિચય પામીને રાજાઓ યુદ્ધથી નિવૃત્ત બની ગયા. આ પ્રમાણે વાદમાં પ્રીતિમતીથી અને યુદ્ધમાં અપરાજીત કુમારથી હાર પામેલા એ સઘળા રાજાઓ લજ્જીત થઇને

પોતપોતાની રાજધાની તરફ ચાલી નીકળ્યા. જ્યારે બધા ચાલ્યા ગયા ત્યારે ગુટીકાના પ્રભાવથી પોતાના મૂળ સ્વરૂપને પ્રગટ કરીને બધાને હર્ષિત કરી દીધા શુભ મુહૂર્ત આવતાં પ્રીતિમતીના માતા પિતાએ પ્રીતિમતીનો વિવાહ અપરાજીત કુમારની સાથે કરીને પુત્રીની સાથેનું પોતાનું ઉત્તરદાયિત્વ સંપૂર્ણ રીતે શાંતિની સાથે નિભાવ્યું. લગ્નથી જોડાયા પછી કુમાર અને પ્રીતિમતી બન્નેએ વીસ સ્થાનોની ફરી ફરીથી આરાધના કરતાં કરતાં પોતાના મિત્રની સાથે ત્યાં રહ્યા. હરીનંદી રાજાને જ્યારે અપરાજીત કુમારનું સઘળું વૃત્તાંત યથાવત જાણવા મળ્યું ત્યારે અપરાજીત કુમારની પાસે પોતાના એક દૂતને મોકલ્યો. અપરાજીત કુમારની પાસે આવીને દૂતે રાજકુમારે પૂછતાં માતા પિતાના કુશળ સમાચાર પ્રગટ કરતાં કહ્યું–કુમાર ! શું કહું દેહ ધારણ પુરતાં આપનાં માતા પિતા કુશળ છે. જ્યારથી આપ ઘેરથી નિકળી ગયા છો ત્યારથી તેમની આંખો રાત દિવસ આપના આગમનની પ્રતીક્ષામાં એકટક બની રહેલ છે આપનો વૃત્તાંત સાંભળીને તેમણે મને એ માટે આપની પાસે મોકલેલ છે કે, હું આપને અહીંથી તેમની પાસે લઇ જાઉં. આથી આપ શીઘ્ર આપની રાજધાનીમાં મારી સાથે પાછા ફરો. દૂતની પાસેથી માતા પિતાની આવી પરિસ્થિતિથી પરિચિત બનતાં કુમારના ચિત્તમાં તેમનાં દર્શન કરવાની ઉત્કંઠા તીવ્ર બની. કુમારે સમય લઈને પોતાના વતનમાં જવાની શ્વશુર પાસેથી આજ્ઞા માગી. સસરાએ પ્રસન્ન થઈને તેને જવાની આજ્ઞા આપી ત્યારે તે પ્રીતિમતીને સાથે લઈને પોતાના મિત્રની સાથે ચાલ્યા અને ઝડપથી પોતાના નગરમાં પહોંચ્યા કુમારના આગમનના સમાચારે માતા પિતાના હૃદયને આનંદમાં કુલાવી દીધું. આવતાં જ કુમારે માતાના ચરણોમાં પોતાનું મસ્તક નમાવ્યું. ચરણોમાં પડેલા પોતાના પ્રાણપ્રિય પુત્રને બન્ને હાથોથી ઉઠાવીને પિતાએ છાતીએ લગાડીને ગાઢ આલીંગન આપી તેના મસ્તક ઉપર હાથ ફેરવ્યો અને આસુથી તેને અભિષેક કર્યો જ્યારે કુમારે માતા ના પવિત્ર ચરણોમાં નમન કર્યું. ત્યારે માતાએ પણ તેને એજ પ્રમાણે ઉઠાડીને પોતાની છાતી સાથે લગાડી લીધો. અને મસ્તક ઉપર હાથ ફેરવ્યો. પ્રીતિમતીએ પણ પોતાના સાસુ સસરાને વંદન કર્યું પછી માતા પિતાએ વિમળબોધ પાસેથી કુમારનો સઘળો વૃત્તાંત સાંભળ્યો. આ સાંભળીને તેમની છાતી ભારે આનંદથી ફૂલાઇ. એટલામાં જે જે રાજાની પુત્રીયો સાથે કુમારના લગ્ન થયેલ હતા તે બધા રાજાઓ પોતાની પુત્રીઓને લઈને ઠાઠમાઠથી સિંહપુર આવી પહોંચ્યા. કેટલાક દિવસ સુધી એ સઘળા સબંધીજનો સમુદાય રૂપમાં રોકાયા. રાજા હરીનંદીએ સઘળાનો યથોચિત આદર સત્કાર કર્યો. આ પછી સઘળા રાજાઓ પોતપોતાના નગરની તરફ વીદાય થયા.

એક દિવસ હરીનંદી રાજાના દિલમાં પોતાનું કલ્યાણ કરવાની ભાવના જાગૃત થઇ અને જ્યારે એ દૃઢતર બની ગઇ ત્યારે તેમણે અપરાજીત કુમારને રાજ્યગાદિ ઉપર સ્થાપિત કરીને પ્રીયદર્શના પત્નિની સાથે સુવ્રતાચાર્યની પાસે દીક્ષા અંગિકાર

કરી લીધી અને ગીતાર્થ થઈને તેઓ અંતમા પ્રિયદર્શના સાથે અનશન કરીને સિદ્ધ ગતિને પામ્યા

અપરાજીત કુમાર રાજા બનીને પોતાની પત્નીની સાથે વીસ સ્થાનોની આરાધના કરતા કરતાં પોતાની પ્રજાનું સારી રીતે પાલન કરવા લાગ્યા. આ પ્રમાણે પ્રજા પાલનની વ્યવસ્થા કરતાં કરતાં તેમનાં ઘણાં વર્ષો વ્યતીત થયાં.

એક દિવસની વાત છે કે, જ્યારે તેઓ ઉદ્યાનમાં ગયેલ હતા ત્યારે તેમની દૃષ્ટિ એક દિવ્ય-શ્રેષ્ટિપુત્રના ઉપર પડી. શ્રેષ્ટિપુત્રનું સૌંદર્ય એટલું અધિક હતું કે, તેની સામે કામદેવનું સૌંદર્ય પણ ફીકું લાગે. એની સાથે એના ઘણા મિત્રો અને પત્નીઓ હતી. ગાનતાનમાં મસ્ત બનીને એ આ સમયે ત્યાં કેટલાએ ભાગનાશોને દાન આપી રહેલ હતો. આ પ્રમાણે એને જોઈને અપરાજીત કુમારે પોતાના સેવકોને પૂછયું-આ કોણ છે? સેવકોએ કહ્યું-મહારાજ! આ આપણા નગરના શેઠ સમુદ્રપાળનો પુત્ર છે અને એનું નામ અનંગદેવ છ. સેવકો તરફથી હકીકત મેળવીને અપરાજીતે વિચાર કર્યો-ધન્ય છે મારા આ રાજ્યને કે જેની અંદર ખૂબજ ધનવાન ઉદાર વણિકજનો વસે છે. આ પ્રકારનો વિચાર કરીને અપરાજીત રાજા ત્યાંથી પાછા ફરી પોતાના મહેલમાં પહોંચ્યા. બીજા દિવસની વાત છે કે, અપરાજીત રાજાએ મનુષ્યોના ખંભા ઉપર ઉપાડીને લઇ જવાતા એક મુરદાને જોયું. તેને જોઈને સેવકોને પૂછયું--આજે આ કોણ મરી ગયું છે? સેવકોએ કહ્યું-સ્વામિન્! કાલે આપે બગીચામાં જે અનંગદેવને જોયેલ હતો તે શેઠનો પુત્ર મૃગિના રોગથી આજે મરી ગયેલ છે. આ વૃત્તાંતને સાંભળી અપરાજીત રાજાએ વિચાર કર્યો કે, અહો! સંસાર કેટલો અસ્થિર છે. જેને કાલે બગીચામાં મોજમજા ઉડાવતાં જોયેલ હતો તે આજે કાળનો કોળીયો બની આ સંસારથી કુચ કરી ગયેલ છે. સાચું છે, આ સંસારમાં જે કાંઇ છે તે સંધ્યાના રંગની માફક ક્ષણભંગુર છે. આ પ્રકારના વિચારમાં મગ્ન બનેલા અપરજીત રાજાના દિલમાં સંસારથી પરમ વૈરાગ્ય ઉત્પન્ન થઇ ગયો. આ સમયે કુણ્ડપુરમાં પહેલાં જોયેલા કોઈ એક કેવલીભગવાનનીદૃષ્ટિમાં અપરાજીત રાજાને સંસારથી પરમ વૈરાગ્ય જાગેલ છે તેવું જણાયું આથી તેઓ ત્યાંથી સિંહપુર આવ્યા. અપરાજીત રાજાએ જ્યારે તેમના આગમનના સમાચાર સાંભળ્યા તો તે પ્રીતિમતી અને વિમળબોધ મિત્રની સાથે તેમને વંદના કરવા માટે ગયા. ત્યાં તેમણે કેવળી ભગવાન તરફથી અપાયેલ ધર્મદેશનાનું પાન કર્યું વૈરાગ્ય તો પહેલાંથી જાગૃત થઇ ગયેલ હતો જ. એ કેવળીની સામીપ્યમાં વધી ગયો. આથી અપરાજીત રાજાએ પોતાના વિશ્વમિત્ર પુત્રને રાજગાદી સુપ્રત કરી પ્રીતિમતી અને વિમળબોધ મિત્રની સાથે કેવળી ભગવાનની પાસે દીક્ષા ધારણ કરી લીધી. ઘણા કાળ સુધી એ ત્રણેએ ખૂબ તપસ્યા કરી અને સ્થાનકવાસીપણાના વીસ બોલોનું આરાધન કર્યું. અંતમાં અનશન કરીને પ્રાણોનો પરિત્યાગ કરી એ ત્રણે અચ્યારમા દેવલોકમાં ઇન્દ્રના સમાન દેવપર્યાયમાં ઉત્પન થયા.

॥ "આ પાંચમો અને છઠો ભવ છે. ॥

હવે તેમનો મનુષ્ય અને દેવરૂપનો સાતમો અને આઠમો ભવ આ પ્રમાણે છે.—

આ ભારતક્ષેત્રની અંદર હસ્તિનાપુર નામનું એક નગર છે તેમાં શ્રીષેણ નામના રાજાનું રાજ્ય હતું તેમની રાણીનું નામ શ્રીમતિ હતું, એક સમયે જ્યારે દૂધના ફીણના જેવી સુકોમળ શૈયા ઉપર એ રાણી સૂતેલ હતી ત્યારે તેણીએ સ્વપ્નામાં શંખના જેવું ઉજ્વળ પૂર્ણ ચંદ્રમંડળ જોયું. એવે વખતે અગ્યારમા દેવલોકમાથી ચવીને અપરાજીત કુમારનો જીવ તેના ગર્ભમાં અવતરિત થયો. ગર્ભનો સમય જ્યારે પરિપૂર્ણ થયો ત્યારે પૂર્ણિમાના પૂર્ણચંદ્રના જેવા પુત્રને તેણે જન્મ આપ્યો. સ્વપ્નમાં ઉજજવળ ચંદ્રમંડળને જોવાથી માતાપિતાએ બાળકનું નામ શંખ રાખ્યું. શંખકુમાર પાંચ ધાત્રીયોથી લાલન પાલન થતાં વધવા લાગ્યા. જે પ્રકારે વાદળ સમુદ્રના જળને ગ્રહણ કરે છે તેજ પ્રમાણે શંખકુમારે ગુરૂજનોની પાસેથી અનેક કળાઓને ગ્રહણ કરી લીધી. વિમળબોધનો જીવ પણ સ્વર્ગથી ચવીને શ્રીષેણ રાજાના મંત્રી ગુણનિધિને ત્યાં મતિપ્રભ નામના પુત્રરૂપે અવતરિત થયો. પૂર્વભવના સંસ્કારના કારણે એ બન્નેને મિત્રાચારી થઈ આ બન્નેએ સાથે સાથે તરૂણ વયને પ્રાપ્ત કરી. એક સમયની વાત છે કે, શ્રીષેણ રાજાની પાસે આવીને દેશ નિવાસીઓએ પ્રાર્થના કરી કે, હે સ્વામિન! આપના રાજ્યની સીમાની પાસે રહેલા પર્વત ઉપર એક મહાન દુર્ગમ દુર્ગ છે તેની અંદર સમરકેતુ નામનો એક પલ્લીપતિ રહે છે. તે અમને રાત દિવસ દુઃખી કરે છે, લુંટે છે. મારે છે. અને તેના મનમાં આવે તે રીતે અમને દુઃખી કરવામાં કસર રાખતો નથી. જેથી અમારી પ્રાર્થના છે કે, તેનાથી અમારૂં રક્ષણ કરો. પ્રજાજનોની આવી દુઃખભરી કથા સાંભળીને શ્રીષેણ રાજા સૈનિકોને સજ્જીત કરીને તેને હાથ કરવા માટે પોતે જ જવા માટે તૈયાર થયા. પિતાની આ આ પ્રમાણેની તૈયારીને સાંભળીને અપરાજીત કુમારના જીવ શંખે આવીને તેમને પ્રાર્થના કરી તાત! સર્પના બચ્ચાને હાથ કરવા માટે જેમ ગરૂડનું પ્રયાણ શોભારૂપ નથી તેજ પ્રમાણે પલ્લીપતિને હાથ કરવા માટે આપનું પ્રયાણ ઉચિત લાગતું નથી જેથી આપ મને આજ્ઞા કરો તો હું જાઉં. આ પ્રકારનાં શંખકુમારનાં વિનય ભરેલાં વચનોને સાંભળીને શ્રીષેણ રાજાએ પોતાનું જવાનું બંધ કરી દીધું અને કુમારને જવાની આજ્ઞા આપી. પિતાની આજ્ઞા પ્રાપ્ત કરીને શંખકુમારે સૈન્યને સજ્જીત કરીને પલ્લીપતિનો પરાજય કરવા માટે પ્રસ્થાન કર્યું. આ બાજુ પલ્લીપતિએ જ્યારે પોતાના ઉપર કુમાર આક્રમણ કરવા આવી રહેલ હોવાની વાતને સાંભળી તો તરતજ તે ત્યાંથી નીકળીને પોતાના અનુચરોની સાથે કોઇ પર્વતની ગુફામાં જઈને છુપાઇ ગયો. યુદ્ધ કળામાં કુશળ કુમાર પણ જ્યારે દુર્ગમાં પલ્લીપતિની સાથે મુકાબલો ન થયો ત્યારે કોઇ સામંતને કેટલાક સૈનિકો સાથે તે દુર્ગમાં રાખીને બાકીના સૈન્યની સાથે નજીકની નીકુંજમાં છુપાઇ ગયો. છલ વિદ્યામાં ચતુર પલ્લી-

પતિએ જ્યાર પરિજનોને સાથે લઈને દુર્ગને રોકવાનો પ્રયાસ કર્યો કે, એટલામાં કુમારે પાછળથી પોતાના પ્રબળ સૈન્યની સાથે આવીને તેને ઘેરી લીધો એક તરફ સામંતના સૈન્યથી તથા બીજી તરફથી કુમારના સૈન્યથી ઘેરાઈ ગયેલ પલ્લીપતિ પોતાના સાથીયોની સાથે પોતાના પરાજ્યની સૂચના નિમિત્ત ગળામાં કુવાડાને ધારણ કરી કુમારના શરણે આવી ગયો. અને હાથ જોડીને તેમને કહેવા લાગ્યો કે, હે કુમાર! આપે આપની બુદ્ધિની ચતુરાઇથી મારૂં માયાવી પણું સર્વથા વ્યર્થ બનાવી દીધેલ છે. આપને તેના માટે ધન્યવાદ છે. આજથી હું આપનો દાસભાવ અંગીકાર કરૂં છું. મારી પાસે જે કાંઇ ચર અચર સંપત્તિ છે તે આપની છે આપ તેનો સ્વીકાર કરો અને મને જીવતદાન આપી ઉપકાર કરો. આપની આથી મારા ઉપર મહાન કૃપા થશે. પલ્લીપતિની આ પ્રકારની દીનતા જોઈને કુમારે એના હાથે જેના જેના દ્રવ્યનું હરણ કરવામાં આવેલ હતું તે બધાને એ અપાવી દઈને પલ્લીપતિને પોતાની સાથે લઈને પોતાના નગર તરફ પ્રસ્થાન કર્યું. રાત્રિ થતાં કોઇ એક સ્થાન ઉપર તેઓએ પડાવ રાખેલ હતો. અને રાગે કુમાર જ્યાં સુવાનો વિચાર કરે એટલામાં તેના કાને કોઇનો રોવાનો દયાજનક અવાજ અથડાયો. આવી રહેલા અવાજ તરફ લક્ષ રાખીને કુમાર ત્યાંથી નીકળીને આગળ વધ્યા ત્યારે તેણે ત્યાં એવું જોયું કે, એક અર્ધવૃદ્ધ સ્ત્રી રોતી હતી. તેની પાસે જઇને કુમારે પૂછયું કે, માતા તમો શા માટે રૂઓ છો. ? કુમારની વાત સાંભળીને તેણે કહ્યું.—

હે પુત્ર! અંગદેશમાં ચંપા નામની એક નગરી છે ત્યાં જીતારી નામનો એક રાજા રહે છે. તેની રાણીનું નામ કીર્તિમતી છે. તેનાથી ઉત્પન્ન થયેલી એક પુત્રી છે જેનું નામ યશોમતી છે. તેણીએ ક્રમશઃ બધી કળાઓનો અભ્યાસ કરી લીધો છે. અને જ્યારે તેણે યુવાવસ્થાને પ્રાપ્ત કરી ત્યારે તેના માતાપિતાએ તેનો વિવાહ કરવાનો વિચાર કર્યો પરંતુ તેને યોગ્ય વર ન મળ્યો. એક દિવસ અચાનક યશોમતીએ કોઈના મોઢેથી આ વાત સાંભળી કે, "શંખ આ સમયે સઘળા ગુણોની ખાણ છે" તે દિવસથી તેનું ચિત્ત શંખના ગુણોથી ભરાઇ ગયું છે. અને તેણીએ મનથી એવો નિશ્ચય કરી લીધો છે કે, શંખજ મારા યોગ્ય પતિ છે. જેથી તે માના જીવનના એક માત્ર આધારરૂપ બની શકશે. જ્યારે યશોમતીના માતાપિતાએ તેના આ પ્રકારના નિશ્ચયને જાણ્યો ત્યારે તે ઘણુંજ ખુશી થયાં. એક દિવસની વાત છે કે, મણિશેખર નામના કોઈ વિદ્યાધરે જીતારી રાજા પાસે યશોમતીની યાચના કરી ત્યારે જીતારી રાજાએ તેને કહ્યું કે, કન્યાનું મન શંખકુમાર સિવાય કોઈનામાં નથી. રાજાનું આ પ્રકારનું વચન સાંભળીને મણિશેખર એ સમયે પાછો ચાલ્યો ગયો. તેણે તક મેળવીને મારી સાથે યશોમતીનું હરણ કર્યું અને હું તે યશોમતીની ધાવ માતા છું. શું કહી શકાય. રાગી વ્યક્તિઓનો આગ્રહ કુગ્રહની માફક ખરેખર અસાધ્યજ થતો હોય છે. એ મને અહીં રોતી મૂકીને ન માલુમ તેણીને લઇને કયાં

ચાલી ગયેલ છે. પરંતુ મને લાગે છે કે, તે કોઇ પર્વત ઉપર જ લઇ ગયેલ હશે. હું જે રોઇ રહી છું તેનું કારણ એટલું જ છે કે, એ બિચારી યશોમતી આ સમયે કેવી દશામાં મૂકાયેલ હશે. આજ કારણથી હું અસાહાય બનીને રોઇ રહી છું. આ પ્રકારનાં એ ધાયમાતાનાં વચનોને સાંભળીને કુમારે કહ્યું–કે તમો ગભરાઓ નહીં. ધૈર્ય ધારણ કરો હું જલદીથી તે કન્યાને અહીં લઇ આવું છું. એવું કહીને કુમાર ત્યાંથી ચાલી નીકળ્યો અને રાતભર ચાલીને સવાર થતાં જ તે એક પર્વત પર પહોંચ્યો. એ પર્વત એ હતો કે જ્યાં પેલો વિદ્યાધર યશોમતીને લઇને ત્યાં ગયેલ હતો. કુમારે ત્યાં પહોંચતાં જ દૂરથી એ પ્રકારનો શબ્દ સાંભળ્યો કે, 'મેં તો મારા પતિ તરીકે શંખને જ મારા હૃદયમાં સ્થાપિત કરેલ છે. તું વ્યર્થમાં મને અહીં શા માટે લઇ આવેલ છો" કુમારે જ્યારે એ શબ્દને સાંભળ્યા કે, તરત જ તે એ શબ્દો જે બાજુથી આવતા હતા તે તરફ ચાલીને એ સ્થળે જઇ પહોંચ્યો. એ બન્નેએ કુમારને જોયો. જોતાં જ હસીને વિદ્યાધરે યશોમતીને કહ્યું— અરે! તું જેને વરવા માગે છે તે કુમાર તારા ભાગ્યથી અહીં આવી પહોંચેલ છે. જો હું તેને અહીંયાં જ તારી આશાની સાથે સાથે જ મારી નાખીશ. પછી નિષ્કંટક બનીને હું તને લઈ જઇને તારી સાથે વિવાહ કરીશ. આ પ્રકારનાં વિદ્યાધરનાં વચનોને સાંભળીને શંખકુમારે તેને કહ્યું–અરે મૂઢ! પોતાના મોઢેથી પે તાની પ્રશંસા કરવી એ બરોબર નથી. જો તારામાં શકિત હોય તો સામે આવીજા અને મારી સાથે યુદ્ધ કર. આ પ્રકારની પરસ્પર વાતચિત થતાં એ બન્નેનું યુદ્ધ શરૂ થઈ ગયું. મણિશેખરે જ્યારે એવું જાણ્યું કે, શંખકુમાર સામાન્ય યોદ્ધો નથી તેમ એને જીતવો એ સાધારણ વાત નથી. આવો વિચાર કરીને તેણે શંખકુમાર ઉપર વિદ્યાધર સંબંધી અસ્ત્રો ફેંકવાનો પ્રારંભ કર્યો પરંતુ કુમારના પુણ્ય પ્રભાવે વિદ્યાધરનાં એ સઘળાં અસ્ત્રો વિફલ બન્યાં. આ દુઃખથી મણીશેખર વિદ્યાધર મૂર્છિત થઇને જમીન ઉપર પટકાઇ પડયો, કુમારે જ્યારે મૂર્છિત થઇને જમીન ઉપર પડતા વિદ્યાધરને જોયો ત્યારે તેણે તે સમયે શીત ઉપચારથી તેને સ્વસ્થ કરી યુદ્ધ કરવા માટે તૈયાર થવા જણાવ્યું. પરંતુ કુમારને ન જીતી શકાય તેવો બલિષ્ઠ જાણીને મણીશેખરે ફરીથી યુદ્ધ કરવાનું ઉચિત ન માન્યું. આથી તેણે એ સમયે કુમારને નમન કરી વિનયની સાથે કહ્યું–મહાબાહુ! આજ સુધી હું કોઇનાથી પરાસ્ત થયો નથી. પરંતુ આ જીવનમાં મારા માટે આ પ્રથમ જ પ્રસંગ છે કે, આપનાથી મારે હાર ખાવા પડી છે આથી આપે મારા ઉપર વિજય મેળવીને મને દાસ બનાવી લીધેલ છે. કુમારે વિદ્યાધરની આ વાત સાંભળીને તેને કહ્યું–તમો ગભરાવ નહીં હું પણ તમારા ઉપર ખૂબ પ્રસન્ન છું. કુમારની પોતાના ઉપર આ પ્રકારની મમતા જાણીને વિદ્યાધરે કહ્યું–મહાભાગ વૈતાઢય પર્વત ઉપર આ સમયે સુશર્માચાર્ય નામના એચર મુનિ સપરિવાર વિચરી રહ્યા છે આથી આપણે તેમને વંદના કરવા માટે જઇએ. કુમારે વિદ્યાધરનાં એ વચનોનું બહુમાન કર્યું. તથા સઘળા ગુણોથી અલંકૃત એવા શંખકુમારને જોઇને "મેં મારા મનથી સર્વશ્રેષ્ઠ વરને વરેલ છે" આવા વિચારોથી યશોમતીને પણ ઘણો જ સંતોષ થયો.

આ સમયે ત્યાં મણિશેખર વિદ્યાધરના સેવકો પણ આવી પહોંચ્યા. શંખ મારે એમાંના બે સેવકોને શિબિર (પોતાની સેનાના પડાવ) ઉપર મોકલીને પોતાના સૈનિકોને હસ્તિનાપુર પહોંચી જવાની સૂચના મોકલી દીધી. તથા પોતાના માતાપિતાને એવા સમાચાર મોકલી આપ્યા કે, હું મારા મિત્રની સાથે આ સમયે મણિશેખર વિદ્યાધરના નગરમાં જઇ રહ્યો છું તથા કેટલાક વિદ્યાધરોને મોકલને યશોમતીની ધાવ માતાને પણ કુમારે બોલાવી લીધી. આ પ્રકારે ધાવમાતા, યશોમતી અને મણીશેખર વદ્યાધર એમની સાથે સાથે શંખકુમાર ત્યાંથી ચાલીને વૈતાઢય પર્વત ઉપર જઇ પહોંચ્યા. ત્યાં પહોંચીને કુમારે સહુની સાથે સુશર્માચાર્યની વંદના કરી તેમની પાસેથી ધર્મદેશના સાંભળી ત્યાંથી મણિશેખર શંખકુમારની સાથે પોતાના નગરમાં પહોંચ્યો. આ સ્થળે કુમાર ઘણા દિવસો સુધી રહ્યા. ત્યાંના વિદ્યાધરોએ એ અવસરમાં કુમારનાં કુળ, શીલ, વગેરે ઔદાર્યગુણોને સારી રીતે જાણી લીધાં જ્યારે બધા વિદ્યાધરો કુમારના હરેક પ્રકારના વ્યવહારથી ખૂબ પરિચિત બન્યા ત્યારે તેમણે પોતાની બે પુત્રીયોનો તેમની સાથે વિવાહ કરવાનો વિચાર કર્યો. જ્યારે વિચાર દૃઢ બની ચૂક્યો ત્યારે સઘળાએ કુમારને તેમની બે પુત્રીયોની સાથે વિવાહ કરવાની વિનંતી કરી. બધાના આગ્રહને વશ બનીને કુમારે તેમને કહ્યું ઠીક છે પરંતુ હું પહેલાં યશોમતીની સાથે વિવાહ કરીશ અને પછીથી આપ લોકોની કન્યાઓ સાથે. કોઈ એક સમયે સઘળા વિદ્યાધરો પોતાની બે કન્યાઓને સાથે લઇને ધાત્રી, યશોમતી તથા શંખકુમારની સાથે સાથે અંગદેશમાં આવેલ ચંપાપુરીમાં પહોંચ્યા. જીતારી રાજાએ જ્યારે એ જાણ્યું કે મારી પુત્રી યશોમતી શંખકુમારની સાથે તેમજ પોતાની ધાત્રી અને અન્ય વિદ્યાધરોની સાથે આવેલ છે ત્યારે તેને ઘણોજ આનંદ થયો. તેણે શુભ મુહૂર્ત જોઇને યશોમતીનો સંબંધ શંખકુમારની સાથે કરી દીધો. એ પછી વિદ્યાધરોએ પણ પોતાની બે પુત્રીઓનો વિવાહ શંખકુમારની સાથે કર્યો. વિવાહ થઇ જવા પછી કુમાર કેટલાક સમય ત્યાં રહ્યો. પછી ઘરની યાદ આવવાથી તે સઘળાને સાથે લઈને હસ્તિનાપુર પહોંચ્યો. માતાપિતાએ પોતાના પુત્રની આ પ્રકારની વિશિષ્ટ સંપત્તિ અને શોભા જોઇ એથી ઘણોજ સંતોષ થયો. કુમારે પોતાની પત્નીયોની સાથે માતાપિતાના ચરણોમાં વંદન કર્યાં. માતાપિતાએ તેમને હાર્દિક આશીર્વાદ આપ્યા. આ પ્રકારે રહેતાં રહેતાં કુમારનો સમય ઘણાજ હર્ષની સાથે વીતવા લાગ્યો જ્યારે શ્રીષેણ રાજાએ પુત્રને રાજધુરા સંભાળવામાં સમર્થ જોયો ત્યારે એક દિવસ તેમને રાજતિલક કરી પોતે શ્રીમતી દેવીની સાથે સુકીર્તિ નામના આચાર્યની પાસે દીક્ષા ધારણ કરી લીધી. ઘણા કાળ સુધી તપસ્યા કર્યા પછી તેમને કેવળજ્ઞાન પ્રાપ્ત થઇ ગયું.

આ તરફ રાજ્ય પ્રાપ્ત કરીને કુમારે પોતાની પ્રજાનું પાલન ઘણા કાળ સુધી સારી રીતે કર્યું. એક દિવસની વાત છે કે યશોમતી પોતાના મહેલની અટારીમાં બેસીને બહારનું દૃશ્ય જોઇ રહી હતી એ સમયે તેણે એક મુનિરાજને પોતાના

ભુવનની પાસેથી ચાલી જતા જોયા. તે મુનિરાજ સમ્યગ્જ્ઞાન અને ચારિત્રના ધારક હતા પ્રકૃતિથી ઉદાર હતા, ગુણોથી ખૂબજ ગંભીર હતા, સંસારરૂપી સમુદ્રને જેમણે પાર કરી લીધેલ હતો, જેઓ જંગમ કલ્પવૃક્ષના જેવા હતા, લોકોત્તર ગુરૂ હતા, ષટ્કાયના પ્રતિપાલક હતા, આથી વાયુકાયની રક્ષા માટે તેમના મુખ ઉપર સદોરક-મુખવસ્ત્રિકા બાંધેલી હતી. ક્ષાન્ત્યાદિક ગુણોના મહાસાગર હતા. તથા ગરમીનો સમય હોવાથી સૂર્યના પ્રચંડ કિરણોના સંતાપથી જેમનું શરીર તપી રહ્યું હતું અને એ કારણે તરસથી જેમનો કંઠ તથા હોઠ સુકાઇ રહ્યા હતા. આવા મુનિરાજને મહેલની તરફ ચાલ્યા આવતા જોઈને યશોમતિ એજ સમયે મહેલથી નીચે ઉતરી અને પોતાના પતિદેવ શંખરાજાને સાથે લઈને મુનિની સામે સાત આઠ પગલાં ચાલીને એ બન્નેએ સવિધિ મુનિરાજને વંદના કરી. પછીથી તે બન્નેએ મુનિરાજની ભક્તિથી ઓત પ્રોત બનીને કહેવા લાગ્યા. નાથ! આજે આપનું અમારે ત્યા શુભાગમન થયેલ છે આથી અમો માનીયે છીયે કે, અમારા લોકોના પરમ સૌભાગ્યથી પુષ્પ વગરનું કલ્પવૃક્ષ જ આજે ફળેલ છે. મેઘ વગરનો વરસાદ વરસ્યો છે. મરૂભૂમિ ઉપર જાણે આજે કલ્પ-વૃક્ષ ઉગેલ છે, દરિદ્રના ઘરમાં આજે ઘણી એવી લક્ષ્મી આવી પડે છે. હે ભદન્ત! આપનાં પુનિત દર્શન કરી અમે લોકો જેમ કોઈ અમૃત પાનથી પ્રસન્ન થાય છે. એવી રીતે પ્રસન્ન થયેલ છીયે.

હે પરોપકારિન્! અમારી પ્રાર્થનાનો સ્વીકાર કરી આપ આપના ચરણોની પવિત્ર ધૂળથી અમારા આ ઘરને પવિત્ર કરો. આ પ્રકારે મુનિરાજની સ્તુતિ કરીને તે બન્નેએ આહાર પાણી આપવાની ઇચ્છાથી મુનિરાજને પોતાના રસોઇ ઘર તરફ લઈ ગયા અને ત્યાં લઇ જઇને પરમ ઉત્કૃષ્ટભાવથી એ બન્નેએ એકી સાથે શુદ્ધ એષણીય દ્રાક્ષજળ એ મુનિરાજને આપવા તૈયાર થયા. એટલામાં એજ સમયે પરમોત્કૃષ્ટ રસાયણ સંપન્ન હોવાથી એ બન્નેમાં તીર્થંકર નામ કર્મ એવો વિચાર કરવા લાગ્યો કે, "હું આ સમયે કોનો આશ્રય લઉં" જે પાત્રમા દ્રાક્ષાજળ હતું તે પાત્રને બન્નેએ ઉઠાવ્યું અને મુનિરાજને વહોરાવવા લાગ્યા. આ વખતે રાણી યશોમતિએ વિચાર કર્યો કે, હું રાજા કરતાં મુનિરાજને વધારે લાભ આપું તો મને પુણ્યનો મોટો બંધ થશે. આ પ્રકારનો વિચાર કરીને રાણીએ પોતાના હાથને ઢીલો કરીને અધિક વોરાવ્યું. રાજાએ એવો વિચાર કરેલ ન હતો. આથી રાણીને માયા-ચારી સંપન્ન તથા રાજાને અપરિવર્તિત ભાવવાળા જોઇને તીર્થંકર નામકર્મએ રાજાનો જ આશ્રય લીધો. અર્થાત રાજાએ એ સમયે તીર્થંકર ગોત્ર બાંધી લીધું, મુનિ-રાજ ત્યાંથી યશોમતી અને શંખરાજાથી પ્રતિલંભિત બનીને ચાલ્યા ગયા. આ પછી શ્રીષેણ કેવળી વિહાર કરતાં કરતાં હસ્તિનાપુરમાં પધાર્યા. શંખરાજા તેમને વંદના કરવા માટે ગયા વંદના કરીને શંખરાજાએ તેમની પાસેથી મોહરૂપી કીચડને ધોવાવાળી ધર્મ દેશના સાંભળી તે સાંભળીને મુકિત કલ્પલતાના બીજભૂત પરમ વૈરાગ્ય જાગ્યો. આથી શંખરાજાએ પોતાના ચંદ્રબિમ્બ નામના પુત્રને રાજ્યગાદિ ઉપર સ્થાપિત કરીને દીક્ષા

ધારણ કરી લીધી. શંખરાજાને દીક્ષિત જાણીને તેના મિત્ર મતિપ્રભે પણ દીક્ષા ધારણ કરી લીધી. યશોમતીયે પણ સુવ્રતા પ્રવર્તિની પાસે દીક્ષા લઇ લીધી. શંખમુનિએ ક્રમશઃ ગીતાર્થ બનીને વીસ સ્થાનોનું ફરી ફરીથી સેવન કરી સ્થાનકવાસીપણાની આરાધના કરીને, તથા અભિગ્રહ આદિ દુષ્કર તપ કરીને મતિપ્રભની સાથે અંત સમયમાં એક માસનું અનશન કર્યું. અને મરીને એ બન્ને અપરાજીત વિમાનમાં જઇને ઉત્પન્ન થયા. તથા યશોમતીએ પણ એક માસનું અનશન કરીને મરણ કર્યું. તે પણ એ વિમાનમાં ઉત્પન્ન થઇ. આ દેવભવ આઠમો થયો. ॥૮॥

॥ નવમો તીર્થંકરભવ આ પ્રકારનો છે. ॥—

શંખના જીવે અપરાજીત વિમાનમાં રહેવાની પોતાની તેત્રીસ સાગરની સ્થિતિને ભોગવીને સમાપ્ત કરી ત્યારે તે ત્યાંથી અપરાજીત વિમાનથી ચવીને ભરતક્ષેત્રના અંદર આવેલા શૌર્યપુર નામના નગરમાં દશાર્હોના મોટાભાઇ સમુદ્રવિજય રાજાની મંગળ સ્વરૂપ રાણી શિવાદેવીની કુક્ષીથી અવતરિત થયા. જ્યારે તે અવતર્યા ત્યારે શિવા દેવીએ ચૌદ સ્વપ્નો જોયાં. ગર્ભાવસ્થાનો સમય આનંદ પૂર્વક પૂર્ણ થયો ત્યારે શીવાદેવીએ એક સુકુમાર પુત્રને જન્મ આપ્યો. જ્યારે કુમારનો જન્મ થયો ત્યારે તે સમયે દીકકુમારીઓએ આવીને પ્રસૂતિ કર્મ કર્યું. આ તીર્થંકર પ્રભુના જન્મ મહોત્સવને સઘળા ઈન્દ્રોએ આઠ દિવસ સુધી મનાવ્યો. સમુદ્રવિજય રાજાએ પણ પોતાના નગરમાં મહાન સમારોહની સાથે પુત્ર જન્મનો ઉત્સવ ઉજવ્યો. પ્રભુ જ્યારે ગર્ભમાં આવેલ હતા ત્યારે માતા શિવાદેવીએ સ્વપ્નમાં અરિષ્ટ રત્નમય નેમિનું નિરીક્ષણ કરેલ હતું અથવા પ્રભુના ગર્ભમાં આવતાં જ સઘળા વિરોધી રાજાઓ નમ્ર બની ગયા હતા. આ કારણે માતાપિતાએ ભગવાનનું નામ "અરિષ્ટનેમી" એવું રાખ્યું. જ્યારે પ્રભુ ધાવમાતાઓથી લાલનપાલન થઇને ક્રમશઃ આઠ વર્ષના થયા ત્યારે યશોમતીનો જીવ અપરાજીત વિમાનથી ચવીને ઉગ્રસેન રાજાની રાણી ધારિણી દેવીની કૂંખેથી અવતરિત થયો. ગર્ભનો સમય પૂરો થતાં ધારિણીદેવીએ પુત્રીને જન્મ આપ્યો. માતાપિતાએ તેનું નામ રાજીમતી રાખ્યું કન્યાએ ક્રમશઃ વધતાં વધતાં સઘળી કળાઓમાં વિશેષ નિપુણતા પ્રાપ્ત કરી લીધી. અને તારૂણ્ય વયને પ્રાપ્ત કરી. આ તરફ નેમીપ્રભુ પણ સઘળી કળાઓમાં નિપુણતા પ્રાપ્ત કરીને તરૂણ અવસ્થાએ પહોંચ્યા. જે સમયની આ વાત છે. એ સમયે મથુરા નગરીમાં વસુદેવના પુત્ર કૃષ્ણે જરાસંધની પુત્રી જીવયશાના પતિ કંસને મારી નાખ્યો હતો. કારણ કે, તે ક્રોધિત બનીને યદુવંશીયોનો નાશ કરવામાં તત્પર બનેલ હતો. જ્યારે એ સમાચાર યદુવંશીયોને મળ્યા ત્યારે તેઓ ભયભીત થઈને પોતાના કુટુંબના જ્યોતિષીના કહેવા પ્રમાણે પશ્ચિમ સમુદ્રના ઉપર પહોંચ્યા. ત્યાં શ્રી કૃષ્ણે વૈષ્ણવ દેવની આરાધના કરીને એમની સહાયતાથી બાર યોજન લાંબીઅને નવ નવયોજન પહોળી એક પુરીની રચના કરાવી અને તેનું નામ દ્વારકા રાખમાં આવ્યું. દ્વારકાપુરી જાત્યસ્વર્ણમયી હોવાના કારણે એ જોવાવાળાને લંકાની શંકા ઉત્પન્ન કરી દેતી હતી. એમાં બલદેવ અને કૃષ્ણ આદિ યાદવગણ નિર્ભય થઈને રહેવા લાગ્યા. અહીંથી કૃષ્ણે પ્રતિ વાસુદેવ જરાસંધને મારવાની યોજના તૈયાર કરી. જરાસંધને મારી કૃષ્ણે ભરતક્ષેત્રના ત્રણ ખંડો ઉપર પોતાનું રાજ્ય સ્થાપિત કર્યું. ભગવાન અરિષ્ટનેમિ જે તરૂણ વયવાળા હતા તેઓ આનંદપૂર્વક સમય વ્યતીત કરતા હતા છતાં તેઓ ભોગોથી પરાંમુખ બની રહેલ હતા. ॥૪॥

સૂત્રકાર ભગવાનના રૂપ આદિનું વર્ણન કરતાં કહે છે કે, "सोरिट्ठ" ઇત્યાદિ.

અન્વયાર્થ—**अरिट्ठनेमिनामो सो–अरिष्टनेमिनामा सः** અરિષ્ટનેમિ નામવાળા તે ભગવાન માધુર્ય ગાંભીર્ય આદિ લક્ષણોયુક્ત સ્વરવાળા હતા. **अट्ठसहस्सलक्खणधरो–अष्टसहस्रलक्षणधरः** હાથ પગમાં સાથિયા, વૃષભ, સિંહ, શ્રીવત્સ, શંખ, ચક્ર, ગજ, અશ્વ, છત્ર, સમદ્ર, વગેરે શુભસૂચક એક હજાર આઠ ૧૦૦૮ લક્ષણોને ધારણ કરેલ હતાં. **गोयमो–गौतमः** ગૌતમ ગોત્રમાં ઉત્પન્ન થયા હતા **कालगच्छवी–काल कच्छविः** તેમની કાંન્તી શ્યામ હતી. **वज्जरिसहसंघयणो–वज्रऋषभसंहननः** વજ્રઋષભ, નારાચ, સંહનનવાળા હતા. ખીલા આકારના હાડકાનું નામ વજ્ર છે. પટ્ટાકાર હાડકાનું નામ ઋષભ છે. ઉભયતઃ મર્કટબંધનું નામ નારાચ છે. તેનાથી શરીરની જે રચના થાય છે તેનું નામ વજ્રઋષભ નારાચ સંહનન છે પ્રભુનું સંહનન આ વજ્ર ઋષભ નારાચ હતું. તથા **समचउरंसो–समचतुरस्रः** સંસ્થાન સમચતુરસ્ર હતું. **झसोयरो–झषोदरः** તેનું પેટ માછલીના પેટની જેમ અતિ કોમળ હતું. આ પ્રભુના વિવાહ માટે **केसवो–केशवः** કૃષ્ણે ઉગ્રસેન પાસે **राइमइं कण्णं भज्जं जाएइ–राजीमतीं कन्यां याचते** તેની રાજીમતી કન્યાની માગણી કરી. ॥૫॥૬॥

તે રાજીમતી કેવી હતી તેનું વર્ણન કરતાં સૂત્રકાર કહે છે–"अहसा" ઇત્યાદિ !

અન્વયાર્થ—**सा रायवरकण्णा–सा राजवरकन्या** રાજાઓમાં શ્રેષ્ઠ એવા એ ઉગ્રસેન રાજાની કન્યા, **सुसीला–सुशीला** સુંદર આચારવાળી હતી. **चारु पेहिणी–चारु पेक्षिणी** સુંદર નેત્રવાળી હતી, **सव्वलक्खणसंपन्ना–सर्वलक्षणसंपन्ना** સ્ત્રિયોના સઘળા ઉત્તમ લક્ષણોથી યુકત હતી. અને **विज्जुसोयामणिप्पभा–विद्युत् सौदामिनी प्रभा** વિશેષ રૂપથી ચમકવાવાળી વિજળીની માફક સમાન પ્રભાવાળી હતી. ॥૭॥

કેશવે અરિષ્ટનેમિના માટે રાજીમતિની યાચના જે રૂપથી કરેલ હતી તે અહીંયા કથારૂપે કહેવામાં આવે છે—

એક દિવસની વાત છે કે, ભગવાન અરિષ્ટનેમી રમતાં રમતાં કૃષ્ણની શસ્ત્રશાળામાં જઇ પહોંચ્યા. ત્યાં તેમણે કૃષ્ણનાં શાર્ઙ્ગ ધનુષ્યને પોતાના હાથથી જ્યારે ઉઠાવ્યું ત્યારે એ સમયે શસ્ત્રશાળાના રક્ષકે એમને કહ્યું–મહાભાગ ! આ ધનુષ્ય કે જે કાચબાની પીઠના અસ્થિના જેવું કઠોર છે જેને કૃષ્ણના સિવાય કોઈ ચડાવી શકતું નથી. આથી આપ એને ચઢાવવાનો આગ્રહ ન કરો. કેમકે, આપનામાં એટલી શકિત નથી કે જેથી આપ એની પ્રત્યંચાને પણ ઝુકાવી શકો. અરિષ્ટનેમિએ શસ્ત્રશાળાના રક્ષકનાં આ પ્રકારનાં વચન જ્યારે સાંભળ્યાં ત્યારે તેમને ભારે અચરજ થઈ. એમણે એજ વખતે એ કઠોર ધનુષ્યને ઉપાડીને જોતજોતામાં જ વેત્રની માફક નમાવી દીધું, અને ચડાવી દીધું. એ ઇન્દ્ર ધનુષના તુલ્ય ધનુષથી મેઘની માફક પ્રતીત થઇ રહેલા પ્રભુએ ટંકારની ધ્વનીથી સઘળા વિશ્વને પૂરિત કરી દીધું, એના પછી એ ધર્મ ચક્રી પ્રભુએ પ્રભા મંડળથી શોભાયમાન એવા ચક્રને ઉઠાવીને તેને પોતાની આંગળી ઉપર ઘૂમાવ્યું. તે પછી તેને છોડીને કૌતુકવશ તેઓએ લાકડીની માફક કૌમુદી ગદાને પણ કોઈ પણ પ્રકારની મહેનત વગર ઉપાડી લીધી કે જેને ઉપાડવામાં ત્રણ ખંડના અધિપતિ વિષ્ણુને પણ પરિશ્રમ પડતો હતો. પ્રભુએ ગદાને ઘૂમાવીને પછીથી પાંચ જન્ય શંખને વગાડવા માટે ઉપડયો. જ્યારે તે તેને વગાડવા લાગ્યા ત્યારે પ્રભુના મોઢા ઉપર લાગેલો તે શંખ જાણે એવો દેખાતો હતો કે, વિકસિત નીલ કમળ ઉપર રાજહંસ બેઠેલ હોય. ભગવાને જ્યારે તેને વગાડયો ત્યારે તેના

અવાજથી સારૂંએ વિશ્વ બહેરા જેવું બની ગયું. પર્વત કંપાયમાન થયા, અચળ ચલયમાન બન્યા, સમુદ્રોએ પોતપોતાની સીમા છોડી દીધી. ધીર પણ અધીરતાવાળા થઇ ગયા. વીરો પણ ભયજનિત મૂર્ચ્છાથી જમીન ઉપર પડી ગયા વધારે તો શું કહેવું. તેના શંખના પ્રભાવથી દેવ પણ ત્રાસી ઉઠયા શ્રી કૃષ્ણે જ્યારે તેનો અવાજ સાંભળ્યો ત્યારે તે પણ સિંહનાદથી ગજની માફક તે શંખના ધ્વનીથી અત્યંત શોભિત બની ગયા. તેમણે વિચાર કર્યો કે, અરે! આ શંખ કયા બળવાને વગાડયો છે.? હું જ્યારે આ શંખને વગાડું છું ત્યારે સામાન્ય ૨ જાઓને ક્ષોભ થાય છે. પરંતુ આજે તો તેના અવાજથી મને પણ ક્ષોભ થઇ રહેલ છે. જણાય છે કે, આજ તો કોઇ ઇન્દ્ર આવેલ લાગે છે, અથવા તો કોઇ ચક્રવર્તી આવેલ જણાય છે, અથવા તો કોઇ બીજા વિષ્ણુ આવેલ લાગે છે. હવે તો મારા રાજ્યની રક્ષા કરવી ખૂબ મુશ્કેલ પડશે. તેઓ જ્યારે આવા પ્રકારનો વિચાર કરી રહેલ હતા એટલામાં આયુધશાળાના રક્ષકોએ તેમની સમક્ષ આવીને સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. સાંભળીને શંકિત મનથી વ્યાકુળ થઇને કૃષ્ણે બળદેવને આ પ્રમાણે કહ્યું–જુઓ જેની આ પ્રકારની ક્રીડાથી ત્રણે જગતમાં ક્ષોભ મચી રહેલ છે એવો તે નેમિ જો મારાં અને તમારાં રાજ્યને લઇ લે. તો તેને અટકાવવામાં કોણ સમર્થ છે? શ્રી કૃષ્ણનાં આ પ્રકારનાં વચનોને સાંભળીને બળભદ્રે તેને કહ્યું–ભાઇ! નેમિનાથના વિષયમાં આવા પ્રકારનો સંદેહ કરવો તે બિલકુલ ઉચિત નથી કારણકે તે બાવીસમા તીર્થંકર છે. અને આપણા ભાઇ છે. તથા યાદવ વંશરૂપી સમુદ્રની એ ચંદ્રમા છે. એ તો રાજ્યને ભોગવ્યા સિવાય તેમજ વિવાહ પણ કર્યા સિવાય દીક્ષા ધારણ કરશે એ વિચારવાની વાત છે કે, સમુદ્રવિજય આદિ દ્વારા ખૂબ ખૂબ સમજાવવા છતાં પણ તેઓ વિવાહ કરવા ઇચ્છતા નથી તેવા મહાપુરુષ નેમિનાથ આપણા રાજ્યને છીનવી લ્યે તે સાવ અસંભવ વાત છે. આથી તમારે નેમિનાથના વિષયમાં કોઇ પણ પ્રકારનો સંદેહ ન કરવો જોઇએ. આ પ્રકારના બળભદ્રના કહેવા છતાં પણ શ્રી કૃષ્ણ પોતાની હૃદયની શંકાને દૂર કરવામાં સમર્થ ન થઇ શકયા,

એક દિવસની વાત છે કે, ભગવાન બગીચામાં ગયા, ત્યાં એ વખતે કૃષ્ણ પણ આવી પહોંચ્યા. આવતાં જ કૃષ્ણે નેમિ પ્રભુને કહ્યું–ભાઇ આવો શૌર્યની પરીક્ષા કરવા માટે આપણા બન્ને યુદ્ધ કરીએ. કૃષ્ણની આ વાતને સાંભળીને પ્રભુએ કહ્યું–યુદ્ધ કરવાની શું આવશ્યકતા છે? બળની પરીક્ષા તો બાહુ યુદ્ધથી થઇ શકે છે. આથી સાધારણ માણસોના જેવું યુદ્ધ કરવામાં અમારી તમારી શોભા નથી. પ્રભુનાં આ વચનોને સન્માન આપીને કૃષ્ણે અર્ધા ભરતની જયશ્રીના એક ગૃહ સ્વરૂપ પોતાના હાથને કે જે પરિઘા સમાન હતો તેને ફેલાવી દીધો. પ્રભુએ તેમના એ હાથને પોતાના હાથના જોરથી નમાવી દીધો હવે પ્રભુએ પોતાનો હાથ કે જે વજ્ર દંડની માફક દૃઢ હતો તેને લાંબો કર્યો. કૃષ્ણે તેને નમાવવાની ખૂબ ખૂબ કોશિશ કરી પોતાનામાં

જેટલું બળ હતું તેટલું તેને નમાવવામાં લગાવી દીધુ તો પણ તે હાથને નમાવી શકયા નહીં ત્યાં સુધી જોર કર્યું કે, તે પ્રભુના હાથ ઉપર લટકી ગયા તો પણ તેને જરા પણ નમાવી શકયા નહીં. જે પ્રમાણે કોઇ બાળક વૃક્ષની ડાળને પકડીને લટકી રહે તે પ્રમાણે કૃષ્ણ પણ લટકી રહ્યા. પ્રભુની આ પ્રકારની અચિન્ત્ય શકિતને જોઈને કૃષ્ણે વિચાર કર્યો કે, જો તે રાજ્ય લેવાની જ અભિલાષાવાળા હોત તો પહેલાંથી જ મારા રાજ્યને તેણે લઈ લીધું હોત પરંતુ એવું તો તેણે કર્યું નથી. આથી એ વાત તો સત્ય છે કે તેને રાજ્યની આકાંક્ષા નથી. આ પ્રકારે કૃષ્ણ એ ચિંતાથી મુક્ત બની ગયા.

એક દિવસની વાત છે કે, સમુદ્ર વિજયે શ્રી કૃષ્ણને એવું કહ્યું કે, હે કેશવ! હું નેમિકુમારને અવિવાહિત જોઉં છું તો મારા ચિત્તમાં ભારે ખેદ થાય છે. આથી તમે એવો પ્રયત્ન કરો કે, નેમિકુમાર વિવાહ કરવા માટે રાજી થઇ જાય. કૃષ્ણે સમદ્રવિજયના અંતરવ્યથાયુકત શબ્દોને જ્યારે સાંભળ્યા ત્યારે તેમણે નેમિનાથને વિવાહ કરવા માટે રાજી કરવાનો એક એવા પ્રકારની યુકિત વિચારી. અને તેમણે પોતાની રૂકિમણી, સત્યભામા, આદિ સ્ત્રિયોને કહ્યું કે, તમે સઘળી મળીને નેમિકુમારને વિવાહ કરવા માટે વિવશ કરો. આટલ માં વસંતનો મનમોહક સમય આવી ગયો. તેમાં વસંત રાજાએ સઘળા કામી જનોને કામનું શાસન માનવામાં વિવશ બનાવી દીધાં કારસ્કર જાતિનાં વૃક્ષોને પણ તેમણે કામજન્ય વિકાર થાય તેવા પ્રકારથી પ્રફુલ્લિત બનાવી દિધાં. ભ્રમરાઓ કે જેઓ સુંદર એવાં રસદાયક પુષ્પોનો રસાસ્વાદ ચૂસવામાં તત્પર બનેલ હતા તેમણે મધુરસ્વર કરવાનો પ્રારંભ કરી દીધો. કોયલોએ પોતાના પાંચેય સ્વરથી ગીતોને ગાવાનો પ્રારંભ કરી દીધો. મલયાગિરી તરફથી ફૂંકાતા મંદ મંદ પવનની લહેરોએ વિરહી જનોના મનને પણ ઉત્કંઠિત બનાવવ માં કસર રાખી નહીં. આ પ્રકારે આ વસંતે જગતના માણસોને વિનિર્જય કરવામાં કામરૂપી વીરને ઉત્સાહિત કરવામાં કોઈ પણ પ્રકારનો તૃટિ આવવા દીધી નહીં. આ વસંત માસની સહાયતા મેળવીને પવન પણ સઘળી જનતાને વિશેષ સુખકર દેખાવા લાગ્યો. આ વિષયમાં કહ્યું છે કે,—

लत्ताकुञ्जं गुञ्जन्मदवदलिपुञ्जं चपलयन,
समालिंगन्नंगं द्रततरमनङ्गं प्रबलयन् ।
मरुन्मंदं मंदं दलितमरविन्दं तरलयन्,
रजोवृन्दं विन्दन् किरति मकरन्दं दिशि दिशि ॥

ભિન્ન ભિન્ન શબ્દ કરી રહેલ એવા મદોન્મત ભ્રમર સમૂહ છે, જેમાં એવા લતાકુંજને ચંચલ બનાવનાર તથા પ્રાણીયોના અંગને સુખસ્પર્શ પ્રદાન કરવાવાળા, કામને ત્વરિત ગતિથી વેગ આપનાર, વિકસી રહેલા કમળને ધીરે ધીરે પ્રફુલ્લ બનાવનાર, તથા પુષ્પ પરાગને ગ્રહણ કરવાવાળો પવન આ સમયે પ્રત્યેક દિશામાં મકરન્દની વર્ષા કરવા લાગ્યો.

આ વસન્તના સમયે સર્વત્ર સઘળા ઉત્સવોમાં શ્રેષ્ઠ વસંતનો ઉત્સવ માનવામાં આવ્યો કૃષ્ણે પોતાના અંતઃપુરના બગીચામાં જ આ ઉત્સવને મનાવવાનો આદેશ આપી દીધો જ્યારેત્યાં ઠાઠમાઠથી એ ઉત્સવ મનાવવામાં આવી રહેલ હતો તે સમયે કૃષ્ણેપ્રભુને પોતાના અંતઃપુરના બગીચામાં ચાલવા માટે કહ્યું. તેઓ કૃષ્ણના આગ્રહથી ત્યાં ગયા પરન્તુનિર્વિકાર રૂપથી બેઠાં બેઠાં ત્યાંની સઘળી લીલા જોવા લાગ્યા. કૃષ્ણને આવી સ્થિતિમાં પણ તેના મનને નિર્વિકાર જોઇને ઘણું આશ્ચર્ય થયું. ઉત્સવ પૂરો થતાં પ્રભુ પોતાના સ્થાને પાછા ફર્યા જ્યારે વસંતરૂતુનો સમય પૂરો થઇ ચૂકયો અને રાજાના તેજને વધારનાર બુદ્ધિશાળી મંત્રીના માફક સૂર્યના તેજને વધારનાર ગ્રીષ્મરૂતુનો સમય આવી ગયો. ત્યારે ભગવાન અરિષ્ટનેમિ કૃષ્ણના આગ્રહથી ક્રીડાગિરી રૈવતક પર્વત ઉપર વનક્રીડા અને જળક્રીડાજોવાને માટે ગયા. ત્યાં પણ પ્રભુ વિકાર વિવર્જીતજ થઇ રહ્યા. અવસર જોઇને કૃષ્ણની રૂક્મણી તથા સત્યભામા આદિ આઠ પટરાણીયો મળીને ભગવાનને કહેવા લાગી જેમાં સર્વ પ્રથમ રૂક્મણી જી બોલ્યાં—

(ઈંદ્રવજ્રાછંદ)

निर्वाहकारततयोद्वहसे न यत्नं, कन्यां तदेतदविचारितमेव नेमे ।
भ्राता तवास्ति विदितः सुतरां समर्थो द्वात्रिंशदुन्मितसहस्रवधूर्विवोढा ॥१॥

હે નેમિ! આવનાર નવવધૂના નિર્વાહની ચિંતાથીજ લાગે છે કે, તમે વિવાહ કરવા ચાહતા નથી, તમારો આવો વિચાર મને બીજાથી જણાતો નથી કારણ કે, તમારા ભાઇ એવા સમર્થ પુરૂષ છે કે જેઓ, તમારી નવવધૂનો નિર્વાહ કરતા રહેશે. તે બત્રીસ હજાર સ્ત્રીઓને નીભાવે છે તો તમારી નવવધૂના નિર્વાહની ચિંતા શા માટે કરો છો. ॥૧॥

હવે બીજી સત્યભામા કહે છે—

(દ્રુત વિલંબિત છંદ)

ऋषभ मुख्य जीनाः करपीडनं, विदधिरे दधिरे च महीश्वताम् ।
बुभुजीरे विषयानुदभावयन्, सुतनान् शिवमप्यथलेभिरे ॥१॥
त्वमसि किंनु नवोऽद्य शिवंगमी, भृशमरिष्टकुमार विचाराय ।
कलय देवर ! चारुगृहस्थतां, रचय वन्धु मनस्सु च सुस्थताम् ॥२॥

સત્યભામાએ ટોણો મારતાં નેમિકુમારને કહ્યું કે, દેવરજી ! તમે જ એક નવા મોક્ષગામી નથી થયા કે, જે આ પ્રકારથી પોતાના બંધુજનોના ચિત્તમાં અસ્વસ્થતા ઉત્પન્ન કરી રહ્યા છો. તમારે સમજવું જોઇએ કે, તમારી અગાઉ ઋષભ આદિ જીનેંદ્ર થઈ ગયા છે તેમણે પણ વિવાહ કરેલ છે, તેમજ આ પૃથ્વીનું એક છત્ર રાજ્ય પણ ભોગવ્યું છે. ન્યાયાનુકૂળ વિષયોનું સેવન કરીને તેમને અનેક પુત્રોની પ્રાપ્તિ પણ થઇ છે. અંતમાં ભુકત ભોગી બનીને તેઓએ સંસારથી વિરકત બનીને મુકિતને પ્રાપ્ત કરેલ છે. માથી હે અરિષ્ટકુમાર! તમો કાંઇક વિચારો અને સમજો. ગૃહસ્થ થયા સિવાય જીવન સુંદર બની શકતું નથી. શા માટે બંધુજનોને ચિંતામાં નાખો છો. ॥૧॥૨॥

હવે ત્રીજી જામ્બુવતી કહે છે— (દ્રુતવિલંબિત છંદ)

अथ जगाद च जाम्बवती जवात्, शृणु पुरा हरिवंशविभूषण ।
सुमुनि सुव्रत तीर्थ मुनिर्गृही, शिवमगादिह जातसुतोऽणिटि ॥

દેવરજી ! તમે આ તે કેવી નવી રીત ચલાવી રહ્યા છો, તમો તો હરિવંશના એક વિભૂષણ છો. આથી જ્યાં સુધી તમો તમારો એક ઉત્તરા ધિકારી ઉત્પન્ન નહિં કરો ત્યાં સુધી આ હરિવંશની વિભૂષતા કેવી ? મુનિ સુવ્રતનાથ પણ આજ વંશના એક વિભૂષણ થયા છે. તેઓએ પોતાનો વિવાહ કરીને પાછળથી મુનિ દીક્ષા ધારણ કરેલ છે. તેઓ ગૃહસ્થહતા અને તેમને અનેક પુત્ર પણ હતા. પછીથી દીક્ષિત થઈને તેમણે મુક્તિ પ્રાપ્ત કરેલ છે. ॥૨॥

ચોથી પદ્માવંતી કહે છે—

(વસન્તતિલકા)

पद्मावतीति समुवाच विना वधूटीं, शोभा न काचन नरस्य भवत्यवश्यम् ।
नो केवलस्य पुरुषस्य करोति कोऽपि, विश्वासमेष विटएव भवेदभार्यः ॥

પદ્માવતી કહે છે કે, હે દેવરજી ! સ્ત્રીના વગર મનુષ્યની કોઇ શોભા નથી. અને સ્ત્રી વગરના પુરૂષનો કોઈ વિશ્વાસ પણ કરતું નથી. તથા સ્ત્રીના વગરનો પુરૂષ વિટ (નપુંસક) જ કહેવાય છે. ॥૧॥

પાંચમી ગાન્ધારી કહે છે.—

(ઇન્દ્રવજ્રા છંદ)

संसारयात्रा शुभ संग्र सार्थं, पर्वोत्सवा वेश्म विवाह कृत्यम् ।
उद्यानलीला कमला विलासहः, शोभन्त एतानि विनाऽङ्गनां नो ॥१॥

દેવરજી ! તમો તો અમોને સાવ ભોળા માલુમ પડો છો. પરંતુ સંસારનું કામ આવા ભોળા પણાથી ચાલતું નથી. સંસાર યાત્રા–જીવન યાત્રા, દયા દાન વગેરે શુભ કાર્યોનું કરવું, સંગમાં રહેવું. પર્વો તહેવારોને મનાવવા, ઉત્સવોને કરવા, વગેરે સઘળાં કામો સ્ત્રીના વગર સુંદર લાગતાં નથી. આથી જીવનમાં ઘરની શોભારૂપ એવી સ્ત્રીનું હોવું આવશ્યક છે. તેના વગર ઘર શોભતું નથી તેમ વિવાહ વગેરે ના પ્રસંગો પણ મનને રૂચી આપવાવાળા બને છે. ઉપવનની ક્રીડા પણ સ્ત્રીના વગર શોભતી નથી. તથા લક્ષ્મીનો વિલાસ આનંદ તો સ્ત્રીના વગર મળી શકતા જ નથી. અર્થાત સ્ત્રીના વગર લક્ષ્મી પણ ફીકી લાગે છે. ॥ ૧ ॥

છઠી ગૌરીએ કહ્યું—

(ઇન્દ્રવજ્રા)

अज्ञानभाजः किल पक्षिणोऽपि, क्षितौ परिभ्रम्य वसन्ति सायम् ।
नीडे स्वकान्तासहिताः सुखेन, ततोऽपि किं देवर ! मूढ दृक्त्वम् ? ॥१॥

હે દેવરજી ! અમોને તો તમારૂં આ ઉદાસિનપણું જોઇને અપારદુઃખ થાય છે. કારણકે, જુઓ તો ખરા અજ્ઞાની પક્ષી પણ અહીંતહીં રખડી રઝળીને જ્યારે સંધ્યાકાળે પોતાના સ્થાન ઉપર આવે છે ત્યારે તે પણ પોતાની પત્નીની સાથે આનંદથી મનોરંજન કરે છે. પરંતુ સમજાતું નથી કે, તમારી બુદ્ધિ કેમ એવી વિપરીત થઈ રહી છે કે, જેથી તમો તેનાથી પણ વધારે અજ્ઞાની બની રહ્યા છો. ॥૧॥

સાતમી લક્ષ્મણાએ કહ્યું—

(ઇન્દ્રવજ્રા)

स्नानादिसर्वांगपरिष्क्रियायां, विचक्षणः प्रीतिरसाभिरामः ।
विश्रम्भपात्रं विधुरे सहायः, कोन्यो भवेदत्र विना स्त्रियायाः ॥१॥

હે દેવરજી ! સ્નાન આદિ ક્રિયાઓમાં અને સઘળી શારીરિક સેવા સુશ્રૂષા કરવામાં વિચક્ષણ અને પ્રેમપાત્ર તથા વિશ્વસ્તજન જો કોઈ હોય તો તે એક પોતાની અર્ધાંગિની જ છે. આપત્તિમાં ફસાયેલ વ્યકિતના માટે દરેક પ્રકારની સહાયતા આપવામાં પ્રસન્નતા આપનાર પોતાની સ્ત્રી જ હોય છે. બીજું કોઇ પણ હોતું નથી. ॥૧॥

આઠમી સુસીમાએ કહ્યું—

(ઇન્દ્રવજ્રા ભેદરૂપ ઋદ્ધિછંદ)

विना प्रियां को गृहमागतानां, प्राघूर्णकानां मुनिसत्तमानाम् ।
करोति भोज्यप्रतिपत्तिमन्यः, कथं च शोभां लभते मनुष्यः ॥१॥

હું આપને પૂછું છું કે, જ્યારે આપના ઘેર કોઇ મહેમાન અથવા મુનિરાજ પધારશે ત્યારે એમનો આહાર પાણી વગેરેથી સત્કાર કોણ કરશે ? સમર્થ હોવા છતાં પણ જ્યારે મનુષ્ય આ પ્રમાણે કરતો નથી તો એથી એની કોઇ શોભા નથી. આથી માની જાવ અને જીવન સાથીની કન્યાની સાથે વિવાહ કરી લ્યો. પ્રિયા વગર આ સઘળુ કામ તમારાથી ચાલશે નહીં. ॥૧॥

આ પ્રમાણે કૃષ્ણની આઠેય પટરાણીઓથી અનુરોધિત બનેલ આ અરિષ્ટનેમિ કુમારની પાસે આવીને બળદેવ અને કૃષ્ણ આદિ મહાનુભાવોએ પણ એજ પ્રમાણે અનુરોધ કરવો શરૂ કર્યો. બધાનો આ પ્રમાણે આગ્રહ જોઇને ભગવાન્ અરિષ્ટનેમિ કુમારને "જુઓ તો ખરા સંસારી જનોની કેવી આ મોહ દશા છે" આ પ્રકારના વિચારથી થોડુંક હસવું આવી ગયું. તેમનું મંદ હાસ્ય જોઈને કૃષ્ણ વગેરે બધાએ એવું માની લીધું કે પ્રભુએ વિવાહ કરવામાં પોતાની શુભ સંમતિ આપી દીધી છે. આ પ્રકારના વિચારથી કૃષ્ણ વગેરે બધાને ઘણોજ હર્ષ થયો. એ હર્ષના ઉત્સાહમાં શ્રી કૃષ્ણ મહારાજા સમુદ્રવિજયની પાસે જઇને કહેવા લાગ્યા કે, પ્રભુએ વિવાહ કરવાનો સ્વીકાર કરી લીધો છે. આ સમાચાર સાંભળવાથી મહારાજા સમુદ્રવિજયનું મન મયૂર નાચી ઉઠયું. તેઓએ એ સમયે કૃષ્ણને કહ્યું કે વત્સ ! હવે તમે વાર ન લગાડો અને નેમિના માટે કોઈ યોગ્ય કન્યાની તપાસ કરો. મહારાજા સમુદ્રવિજયના આ પ્રમાણેના આદેશને મેળવીને શ્રી કૃષ્ણજીએ નેમિ પ્રભુના યોગ્ય કન્યાની તપાસ કરવાનો ચારે તરફ પ્રારંભ કરી દીધો પરંતુ તેમની દૃષ્ટીમાં પ્રભુને યોગ્ય કોઇ કન્યા દેખાઈ નહીં. કૃષ્ણને આ પ્રકારની ચિંતાથી વ્યાકુળતાવાળા જોઈને સત્યભામાએ તેમના હાર્દિક વિચારોનો પત્તો મેળવીને તેમને આ પ્રમાણે કહ્યું—સ્વામિન્! આપ નેમિના વિષયની ચિંતાથી જે રીતે વ્યાકુળ બની રહ્યા છો તે ચિંતાને આપ દૂર કરી દો. કારણકે, મારી બહેન જેનું નામ રાજીમતી છે અને તે સદ્‌ગુણની ખાણ જેવી છે, તથા કમળ જેવાં જેનાં બે નેત્રો છે. તે નેમિને યોગ્ય છે. તે ઘણીજ શુદ્ધમતિ સંપન્ન છે. સત્યભામાનું આ પ્રકારનું વચન સાંભળીને કૃષ્ણે તેને ઘણોજ ધન્યવાદ આપ્યો. અને પછી તેઓ કહેવા લાગ્યા--પ્રિયે ! તમે ઘણું જ સારું કહ્યું છે, આથી

મારી ચિંતાને તમોએ દૂર કરી છે. આ પછીથી તુરતજ કૃષ્ણ ઉગ્રસેન રાજાની પાસે ગયા, ઉગ્રસેને કૃષ્ણને પોતાને ત્યાં આવેલા જોતાં તેમનો સારી રીતે સત્કાર કર્યો. પછી બોલ્યા કહો–અહીં સુધી આવવાનું આપે શા કારણે કષ્ટ ઉઠાવ્યું છે? આ પ્રમાણે ઉગ્રસેન રાજાના પ્રેમભર્યાં વચનોને સાંભળીને કૃષ્ણજીએ કુન્દપુષ્પની આભા સમાન આભાવાળી પોતાની દાંત પંકિતની કાંતિથી હોઠને સ્વચ્છ કરતાં કહ્યું–રાજન્! આપની જે રાજીમતી નામની પુત્રી છે, તે આપ નેમિકુમાર માટે પ્રદાન કરો. આને માટે હું આપની પાસે આવેલ છું. ॥૭॥

આ પ્રકારે કૃષ્ણ દ્વારા નેમિના નિમિત્તે રાજીમતિની માગણી થવાથી પોતાની જાતને એથી ધન્ય માનીને ઘણાજ આનંદની સાથે એકદમ ઉલ્લાસિત બનીને ઉગ્રસેન રાજાએ શ્રી કૃષ્ણને શું કહ્યું તે આ ગાથાદ્વારા પ્રગટ કરવામાં આવે છે–– "अहाह" ઇત્યાદિ!

અન્વયાર્થ––अह–अथ વાસુદેવે જ્યારે રાજીમતીની યાચના કરી ત્યારે तीसे जणओ–तस्याः जनकः રાજીમતીના પિતાએ महड्ढियं वासुदेवं–महर्द्धिकं वासुदेवम् અથવા ભરતખંડની ઋદ્ધિવાળા એવા વાસુદેવને आह–आह કહયું કે, कुमारो इहागच्छउ–कुमारः इहागच्छतु હે વાસુદેવ! અરિષ્ટનેમિકુમાર અહીં મારે ઘેર પધારે કેમકે, મારે તેમને કન્યા આપવી છે.

ભાવાર્થ––કૃષ્ણનું વચન સાંભળીને હર્ષિત બનેલા ઉગ્રસેન રાજાએ શ્રી કૃષ્ણને કહયું–વાસુદેવજી! અમોને તમારો વિચાર સ્વીકાર્ય છે. આપ કુમારને અહીં મોકલી દો. હું તેની સાથે મારી કન્યાનો વિધિપૂર્વક વિવાહ કરી દઇશ. ॥૮॥

આ પ્રમાણે ઉગ્રસેન તરફથી સ્વીકાર કરાતાં કૃષ્ણે કોષ્ટુકી નામના જ્યોતિષી પાસે વિવાહ લગ્નનું મુહૂર્ત જોવડાવ્યું. વિવાહનો સમય જ્યારે નજીક આવ્યો ત્યારે તે સમયે શું વાત બની તેને હવે પ્રગટ કરવામાં આવે છે.–– "सव्वोसहीहिं" ઇત્યાદિ!

અન્વયાર્થ––અરિષ્ટનેમિ પ્રભુને सव्वोसहीहिं ण्हविओ–सर्वौषधिभिः स्नपितः જયા, વિજયા, ઋદ્ધિ, વૃદ્ધિ, ઇત્યાદિ નામવાળી પ્રસિદ્ધ ઔષધિયો દ્વારા સ્નાન કરાવવામાં આવ્યું. कयकोउयमंगलो–कृतकौतुकमंगलः તેમના માથા સાથે સાંબેલાનો સ્પર્શ કરાવવારૂપ કૌતુક અને દૂધ, દહીં, ચોખા અદિરૂપ માંગલિક પદાર્થોથી ઓવારણા રૂપ મંગળ કાર્ય કરવામાં આવ્યું. એમને दिव्वजुयग परिहियो–दिव्ययुगल परिहितः પ્રશસ્ત દેવને પણ દુર્લભ એવાં બે વસ્ત્રો પહેરાવવામાં આવ્યાં भूसणेहिं विभूसिओ–भूषणैर्विभूषितः તેમજ મુગુટ, કુંડળ આદિ! આભૂષણોથી તેમને સુશોભિત કરવામાં આવ્યા.

ભાવાર્થ––જ્યારે નેમિકુમારને વરરાજા બનાવવાને માટે વરાજાના વેશથી તેમને સુસજ્જીત કરવામાં આવેલ હતા. ત્યારે સહુથી પહેલાં તેમને સઘળા પ્રકારની ઔષધીયો યુકત જળથી સ્નાન કરાવવામાં આવ્યું અને કૌતુક મંગળ કાર્ય કરવામાં આવ્યાં આ પછી તેમને દિવ્ય એવાં બે વસ્ત્રો પહેરાવવામાં આવ્યાં અને પછી સઘળા આભૂષણોથી તેમને શણગારવામાં આવ્યા જેથી તેઓ ઘણાજ સુશોભિત લાગવા માંડયા. ॥૯॥

ત્યાર પછી––"मत्तं च" ઇત્યાદિ।

અન્વયાર્થ–च–च ત્યાર પછી નેમિકુમારને वासुदेवस्स जिट्ठगं मत्तं गंधहत्थिं आरूढो–वासुदेवस्य ज्येष्ठकम् मत्तं गंधहन्तिनं आरूढः કૃષ્ણ મહારાજના પ્રધાન એવા મદોન્મત્ત ગંધહાથી ઉપર બેસાડવામાં આવ્યા. अहियं सोहई जहा सिरे चूडामणी–अधिकं शोभते यथा शिरासि चूडामणी તે સમય એ તેમના ઉપર

બેઠેલા એવા સુંદર દેખાતા હતા કે જે રીતે માથા ઉપર ધારણ કરવામાં આવેલ ચૂડામણી શોભા આપે છે ॥૧૦॥

હાથી ઉપર બેઠેલા ભગવાન અરિષ્ટનેમિ કેવા પ્રકારે ભવનથી નીકળ્યા? તે વિશેષક ત્રણ ગાથાઓથી કહે છે—"अह" ઇત્યાદિ। "चउरंगिणीए ઇત્યાદિ। "एयारिसाए" ઇત્યાદિ।

અન્વયાર્થ—अह–અથ હાથીના ઉપર બેઠા પછી उसिणण छत्तेण चामराहिय सोहिओ–उच्छ्रितेन छत्रेण चामराभ्या च शोभितः નેમિકુમારની ઉપર સેવકોએ છત્ર ધર્યું. અને ચમર ઢોળવા માંડ્યા તેમના ઉપર ચમર ઢોળવા લાગ્યા. **दसारचक्केण य सो सव्वओ परिवारिओ–दशार्हचक्रेण च स सर्वतः परिवारितः** સમુદ્રવિજય, અક્ષોભ, સ્તિમિત, સાગર, હિમવત, અચલ, ધરણ, પૂરણ, અભિચંદ્ર તથા વસુદેવ આ દસે દશ હોથી પરિવૃત બનેલા **वण्हिपुंगवो–वृष्णिपुंगवः** એ નેમિકુમાર **जहक्कमं रइयाए चउरंगिणीए सेणाए गयणं फुसे दिव्वेणं तुरियाणं संनिनाएणं एयच्छिए इड्ढीए उत्तमाए य जुत्तीए-यथाक्रमं रचितया चतुरंगिण्या सेनया गगनस्पृशा दिव्येन तुर्याणां संनिनादेन एतादृशा उत्तमया द्युत्या** યથાક્રમ સ્થાપિત ચતુરંગિણી–હાથી, અશ્વ, રથ અને પાયદળરૂપ સેનાથી તથા ગગનભેદી એવા દિવ્ય વાજીંત્રોના તુમુલ નાદથી આ પ્રકારની સંપૂર્ણ ઋદ્ધિ સાથે તેમજ ઉત્તમ દીપ્તિથી યુક્ત બનીને વિવાહ માટે **नियगओ भवणाओ निज्जाओ–निजकात भवनात् निर्यातः** પોતાની ભવનથી નીકળ્યા. અને ચાલીને મંડપ સમીપ પહોંચ્યા.

ભાવાર્થ—કૃષ્ણે નેમિકુમારને વરરાજાના વેશમાં સજ્જીત કરીને અને પોતાના પટ્ટ હાથી ઉપર બેસાડીને તેઓ પોતાના ઘેરથી જાનને લઈને ઉગ્રસેન રાજાને ત્યાં ચાલ્યા. જાનની શોભા અપૂર્વ હતી. જ્યારે જાન મંડપની પાસે પહોંચી ત્યારે રાજીમતિનું જમણું નેત્ર ફરકયું. જે તેને અમંગળનું સૂચન કરી રહેલ હતું.

આ વિષયમાં વૃદ્ધ સંપ્રદાય એવો છે—

જે સમયે ભગવાન અરિષ્ટનેમિ પોતાના ભવનથી નીકળ્યા તેજ સમયે રાજપુત્રી રાજીમતી પોતાના ભવનની અટારીમાં બેઠેલ હતી તેણે જ્યારે ભગવાન અરિષ્ટનેમિને આવતાં જોયા ત્યારે તેના આનંદનો પાર ન રહ્યો. એને જોતા જ તેના હૃદયમાં અનેક પ્રકારના તર્કવિતર્કો ઉઠવા લાગ્યા. તેણે વિચાર કર્યો કે આતે શું કોઈ ઇન્દ્ર છે, સૂર્ય છે, કે કામદેવ છે કે, જે આ તરફ આવી રહેલ છે. અથવા મારા કોઈ પૂર્વભવના પુણ્ય સમૂહ મનુષ્યના રૂપમાં અહીં આવી રહેલ છે. ધન્ય છે મારા એ પુણ્યને કે જેણે મને આવો સર્વોત્તમ પતિ આપેલ છે. હું તે ઉપલક્ષ્યમાં એની કઈ રીતની પ્રત્યુપકિયા કરૂં. આ પ્રકારના વિચારમાં નિમગ્ન એવી રાજુલને નેમિપ્રભુના દર્શનથી અપૂર્વ આનંદનો અનુભવ થયો આથી તે એ સઘળું ભૂલી ગઇ કે, હું કોણ છું. આ સઘળું શું થઈ રહ્યું છે. આ સમય કયો છે? હું કયાં છું? એજ વખતે તેનું જમણું નેત્ર ફરકવા લાગ્યું એમણે એજ વખતે પોતાની પાસે ઉભેલી સખીઓને પોતાનું જમણું નેત્ર ફરકવાની વાત કહી. આથી એ સખીઓએ તેને આશ્વાસન આપતા કહ્યું કે, હે મહાભાગે! તારૂં કલ્યાણ થાઓ. તું ખેદ ન કર. શું અહીં આવેલા અરિષ્ટનેમિકુમાર પાછા થોડા જ ચાલ્યા જવાના હતા? માટે ચિંતા છોડી દઈને તમો પ્રસન્ન ચિત્ત થાઓ. આ પ્રકારનું સખીઓનું કહેવાનું સાંભળીને રાજુલે એ સમયે તેમને એવું કહ્યું–સખીઓ હું મારી ભવિતવ્યતાને જાણું છું.

આથી મારૂં હૃદય એવો વિશ્વાસ નથી કરતું કે, તેઓ મારી સાથે વિવાહ કરશે. મને તો એવું જ માલુમ પડે છે કે, મને છોડીને તેઓ ચાલ્યા જશે.॥૧૧॥૧૨॥૧૩॥ આ પછી શું થયું તેને સૂત્રકાર કહે છે.--"अहसो" ઇત્યાદિ ! "जीवियंतु" ઇત્યાદિ !

અન્વયાર્થ--अह–અથ જ્યારે નેમિકુમાર આવી રહ્યા હતા ત્યારે सो–સઃ તેમણે तत्थ–तत्र તે મંડપની સામે वाडेहिं–वाटेषु વાડામાં તથા पंजरेहिं–पंजरेषु પાંજરામાં संनिरुद्ध–संनिरुद्धान् પુરવામાં આવેલા તેમજ सुदुक्खिए–सुदुःखितान् અત્યંત દુઃખી એવા ત્રાસથી भयद्दुए–भयद्रुतान् ભયભીત બનેલા पाणे–प्राणान् જીવોને-મૃગ, તિત્તિર અને લિયા વગેરેને दिस्स–दृष्ट्वा જોઇને એવો વિચાર કર્યો કે, આ સઘળાં जीवियंतु संपत्त मंसट्ठा भक्खियव्वए–जीवितानां संप्राप्तान् मांसार्थं भक्षयितव्यान् મારવામાં આવનાર છે કેમકે, માંસાહારના લોલુપિ અવિવેકી વ્યક્તિઓએ તેમને માંસના નિમિત્તજ અહીં બાવા યોગ્ય સમજી બંધ કરેલ છે. આથી से महापण्णे –स महाप्रज्ञः જન્મથી જ મતિશ્રુત તથા અવધિજ્ઞાન રૂપ પ્રજ્ઞાથી સમન્વિત હોવાથી સઘળું જાણતા હોવા છતાં પણ અહિંસાનું વિશિષ્ટ મહાત્મ્ય બતાવવા માટે તે પ્રભુએ सारहिं–सारथिम् સારથી–અર્થાત ભાવતને इणमब्बवी–इदमब्रवीत् એવું કહ્યું. ॥૧૪॥૧૫॥

શું કહ્યું તે કહે છે.—"कस्स अट्ठा" ઇત્યાદિ !

અન્વયાર્થ--एए सव्वे सुहेसिणो–एते सर्वे सुखैषिणः આ સઘળાં મૃગ આદિ જાનવરો, સુખના અભિલાષી છે, છતાં પણ इमे पाणा कस्स अट्ठा वाडेहिं पंजरेहिं च संनिरुद्धा य अच्छई–इमे प्राणाः कस्यार्थं वाटेषु पंजरेषु च संनिरुद्धा आसते આ પ્રાણીઓને અહીં વાડામાં તથા પાંજરામાં શા માટે પુરવામાં આવ્યાં છે. ॥૧૬॥

હવે સારથી કહે છે--"अह सारही" ઇત્યાદિ !

અન્વયાર્થ--अह–અથ નેમિકુમારે જ્યારે પશુઓને બાંધેલ હોવાનું કારણ સારથીને પૂછયું ત્યારે सारही–सारथिः તે સારથીએ तओ भणइ–तं भणति પ્રભુને ઉત્તર આપ્યો કે, हे કુમાર ! एए भद्दा पाणिणो–एते भद्राः प्राणिनः ક્રૂર સ્વભાવથી રહિત હોવાના કારણે ભોળાં પ્રાણી-મૃગ, તિત્તિર,લાવક, વગેરે જાનવર છે. તેમને મારીને तुब्भे विवाहकज्जंमि–युष्माकं विवाहकार्ये આપના આ વિવાહ કાર્યમાં આવેલા बहुं जणं भुंजावेउं–बहुजनं भोजयितुम् ઘણા યાદવો કે, જે માંસાહારી છે તેમને ખવરાવવાને માટે બંધ કરવામાં આવેલ છે. ॥૧૭॥

આ પ્રમાણે સારથિનું વચન સાંભળીને ભગવાને જે કહ્યું તે કહે છે.-- "सोऊण" ઇત્યાદિ !

અન્વયાર્થ--तस्स बहुपाणिविणासणं वयणं सोऊण–तस्य बहुप्राणि–विनाशनं वचनं श्रुत्वा આ પ્રકારના અનેક પ્રાણીયોના વિનાશ સૂચક એવાં સારથિન વચન સાંભળીને जिएहिं सानुक्कोसो–जीवेषु सानुक्रोशः સઘળા પ્રાણીયોમાં અનુ

કંપાનો ભાવ રાખવાવાળા તથા **महापन्ने–महाप्रज्ञः** મત્યાદિક ત્રણ જ્ઞાનથી સંપન્ન **से–स** તે નેમિપ્રભુએ **चिंतेइ–चिन्तयति** વિચાર કર્યો. ॥૧૮॥

ભગવાને જે વિચાર કર્યો તે બતાવે "जइ" ઈત્યાદિ!

અન્વયાર્થ--જો **मज्झ–मम** મારા **कारणा–कारणात्** નિમિત્તથી **एए बहू जीवा–एते बहवो जीवाः** આ સઘળા પકડાયેલા જીવ **हम्मंति–हन्यन्ते** મારવામાં આવે છે તો **एयं–एतत्** આ હિંસા **मे–मे** મારા માટે **परलोए निस्सेसं न भविस्सइ –परलोके निश्रेयसं न भविष्यति** મોક્ષગમનમાં કલ્યાણપ્રદ થશે નહીં અર્થાત્ હિંસાથી મોક્ષ થતો નથી. ॥૧૯॥

સારથિએ જ્યારે એ જોયું કે, આ પ્રાણીયેાને છોડી મૂકીને તેઓનું સંરક્ષ કરવું એ શ્રેયસ્કર છે. એવો પ્રભુનો વિચાર છે તેમ સમજીને તેણે પ્રભુના એ વિચાર અનુસાર પાંજરામાં અને વાડામાં બંધ કરેલા એ સઘળા પશુઓને છોડવાના અભિપ્રાયથી તેનું દ્વાર ઉઘાડી નાખ્યું અને એમનાં બંધન કાપી નાખ્યાં. આથી તે સઘળા જીવો આનંદ પૂર્વક સુખી બનીને ત્યાંથી નિર્ભય થઇ વનમાં ચાલી ગયાં. આ પ્રકારના સારથીથી કરાયેલા આ દયામય કાર્યથી સંતુષ્ટ ભગવાને તે સમયે શું કર્યું તેને કહે છે--"सो" ઈત્યાદિ!

અન્વયાર્થ--**महाजसो–महायशाः** મહાકીર્તીસંપન્ન તે પ્રભુએ એ સમયે **कुंडलाण जुयलं सुत्तगं च–कुंडलानां युगलं सूत्रकं च** બન્ને કાનોનાં કુંડળો અને કટિમેખલા તથા **सव्वाणि आभरणाणि–सर्वाणि आभरणानि** સઘળાં કેયૂર વગેરે આભૂષણો ઉતારીને **सारहिस्स पणामये–सारथये अर्पयति** સારથીને આપી દીધાં ॥૨૦॥

આના પછી શું બન્યું તે કથા રૂપથી કહે છે--

દયાળુ પ્રભુએ પ્રસન્ન બનીને જ્યારે પોતાનાં સઘળાં આભૂષણોને શરીર પરથી ઉતારી તે સારથીને આપી દીધા ત્યારે કરૂણારસના સાગર તથા સઘળા જીવોની રક્ષા કરવામાં તત્પર એ ભગવાન અરિષ્ટ નેમીએ તે સારથીને પોતાના હાથીને પાછો ફેરવવા માટે આદેશ આપ્યો. સારથીએ પણ અનતિક્રમણીય આદેશવાળા પ્રભુની આજ્ઞાઅનુસાર હાથીને ત્યાંથી પાછો ફેરવ્યો. હાથીને પાછો ફરતો જોઇને પ્રભુનાં માતા પિતાએ એ સમયે તેમની પાસે પહોંચી આંખોથી આંસુ સારતાં કહ્યું, હે વત્સ! આ શું કરી રહ્યા છો? અમારા ઉત્સાહથી પ્રમુદિત બનેલા વૃક્ષને જડમૂળથી ઉખેડવા માટે કેમ તત્પર બન્યા છો? જો વિવાહ કરવોજ નહોતો તો પછી આ બધી ધમાલ શા માટે ઉભી કરાવી? પ્રથમ વિવાહની અનુમતી આપીને હવે તેનો પરિત્યાગ કરવાથી, કૃષ્ણ વગેરે યાદવોને દુઃખી કરવા એ તમારા માટે યોગ્ય નથી. જુઓ પુત્ર! તમારા નિમિત્તે જ કૃષ્ણ ઉગ્રસેન રાજા પાસે ગયા અને તમારા માટે રાજીમતિની માગણી કરી. પરંતુ આ સમયે તમારા તરફથી આવા પ્રકારની પરિસ્થિતિ ઉભી કરવામાં આવી રહી છે તો આથી એમની પાસે કૃષ્ણની કિંમત શું રહેશે? આવો પ્રકાર બનતાં તેમને માટે તો મોટું દેખાડવું પણ ભારે શરમ જનક બની જવાનું. તેમજ વિચારશીલ એવા તમારે એ પણ વિચારવું જરૂરી છે કે, જેની સાથે તમારો વિવાહ નક્કી થયેલ છે એ બિચારી રાજુલની શું હાલત થશે એ તો હવે અવિવાહિત એવી જીવંત છતાં મર્યા જેવીજ રહેવાની. કારણ કે, કુલીન કન્યાઓ મનથી સ્વીકારેલા પતિ સિવાય બીજા કોઇ પુરૂષની સ્વપ્નામા પણ ચાહના કરતી નથી રાજુલે જ્યારે તમને પોતાના પતિ માની લીધેલ છે ત્યારે તે હવે બીજાની કઇ રીતે બની શકે? જે પ્રમાણે રાત ચંદ્ર વગરની સારી નથી લાગતી તે જ પ્રમાણે સ્ત્રી પણ પતિ વગર શોભતી નથી આ કારણે વિવાહ કરો અને તમારી પત્નીના મોઢાનાં

દર્શન અમો સઘળાને કરાવો. અમારી તમોને આ પ્રાર્થના છે. અમારી આ પ્રાર્થનાને હે પુત્ર તમો સફળ કરો. આ પ્રકારનાં માતા પિતાનાં પ્રેમભર્યા વચનોને સાંભળીને ભગવાને કહ્યું, પૂજ્ય ! આપ લોકો વિવાહ કરવા માટે હવે મને આગ્રહ ન કરો. કેમકે, હિતેચ્છુ જનો હોય છે તેઓ પોતાના પ્રિયજનને હિતકારી માર્ગમાં જ પ્રવર્તિત કરાવે છે. અહિતકારી માર્ગમાં નહીં. જેનો પ્રારંભ કાળજ આટલાં પ્રાણીઓના નાશનું કારણ બને છે તો તે વિવાહકૃત્ય મારા કલ્યાણ માટે કઈ રીતે બની શકે ? સુકૃત્ય કરનારા મનુષ્યોનું કૃત્ય પરલોક સુધારવામાં જ સફળ બને છે. આપાત રમણીય ભોગાદિકમાં નહીં. ભગવાનનાં આ પ્રકારનાં વચનોને સાંભળીને માતાપિતાએ તેમને કાંઈક વધુ કહેવા સમજાવવા પ્રારંભ કર્યો એ સમયે લોકાંતિક દેવોનાં આસન કંપાયમાન બન્યાં અને એથી તેમણે પોતાના અવધિજ્ઞાનથી ભગવાનના તીર્થ પ્રવર્તનના સમયને જાણીને તુરતજ પ્રભુની પાસે આવી પહોંચ્યાં અને કહેવા લાગ્યા પ્રભુ ! આપ તીર્થની પ્રવૃત્તિ કરો પછીથી સમુદ્રવિજય વગેરેની પાસે જઈને તેઓએ કહ્યું, આપ લોક ઘણાજ પુન્યશાળી છો કારણ કે આપના કુળમાં સ્વયં ભગવાન તીર્થંકરનો જન્મ થયેલ છે, આથી અત્યારના પ્રસંગે વિષાદ કરવો આપના માટે ઉચિત નથી. એ તો ભગવાન છે દીક્ષા લઇને કેવળજ્ઞાનની પ્રાપ્તિથી તેમના દ્વારા ધર્મતીર્થની પ્રવૃત્તિ થવાની છે. સઘળું વિશ્વ આનંદિત થશે. આ પ્રકારનાં વચનોને સાંભળીને સમુદ્રવિજય તથા બીજા યાદવોને અપાર હર્ષ થયો આ પછી ભગવાને પોતાના રાજ્યમાં પાછા ફરીને વાર્ષિક દાન દેવાનો પ્રારંભ કરી દીધો.

બીજી તરફ જ્યારે રાજુલે અરિષ્ટનેમિકુમારને પાછા ફરતા જોયા ત્યારે એના દિલમાં શોકનો સમુદ્ર ઉમટી પડયો. જેમ માથે વજ્ર પડયું હોય તેવી દશા એ બિચારી રાજુલની થઇ ગઈ. અને તે જમીન ઉપર પછડાઈ પડી સખીઓએ તાત્કાલીક શીતળ ઉપચારો કરીને તેને શુદ્ધિમાં આણી શુદ્ધિમાં આવતાં જ તે દુઃખથી વ્યાકુળ ચિત્તવાળી બનીને દુઃખ ભરેલા વિલાપો કરવા લાગી. તે બોલવા માંડી કે, હે નાથ ! આપ ! કાંઈ પણ કહ્યા સિવાય અચાનક મને છોડીને કેમ ચાલ્યા ગયા ? આપના જેવા સમજદાર માણસ પણ પોતાનામા અનુરકત એવા જનનો પરિત્યાગ કરી દે એ તો ઘણાજ આશ્ચર્યની વાત છે કેમકે, આ સંસારમાં ખાસ કરીને મોટા લોકોનું જ બીજા માણસો અનુસરણ કરતા હોય છે. જ્યારે આપે આવું કર્યું છે તો બીજા લોકો પણ આ પ્રકારનું વર્તન કરવાથી હવે કઈ રીતે રોકાઇ શકે ? પછી આ પ્રકારની હાલતમાં કન્યાઓની કેવી હાલત થશે એનો આપે કેમ વિચાર ન કર્યો ? આપ પોતેજ આપના મનને પૂછીને વિચારજો કે, આપે છોડીને પાછા ચાલ્યા જવાનું જે કામ કરેલ છે તે વ્યાજબી કરેલ છે ? કદી નહીં. આપના જેવી વિશિષ્ઠ વ્યક્તિઓ માટે એ કઇ રીતે ઉચિત માની શકાય તેમ છે. જેમને એના ભાગ્યે મોટાઈ આપેલ છે એમનું તો એ કર્તવ્ય થઇ પડે છે કે, તેઓ ભૂલથી પણ પોતાના આશ્રિતજનનો પરિત્યાગ નથી કરતા. તો પછી આપે શું સમજીને આવું કરેલ છે ?

જુઓ! ચંદ્રમા કદી પણ પોતાના આશ્રિતજન મૃગનો પરિત્યાગ કરતા નથી. તેમ સમુદ્રે પણ આજ સુધી વડવાનલનો પરિત્યાગ કરેલ નથી. જો આપની દૃષ્ટીમાં હું પરિત્યાગ કરવા યોગ્ય જ હતી તો પછી આપે શા માટે વિવાહ કરવાનું સ્વીકારીને મારી વિટંબના કરી. આથી વધુ શું કહું? આપનો તો આમાં થોડો પણ દોષ નથી. દોષ તો મારો જ છે કે, આપના જેવા પ્રાપ્ત ન કરી શકાય તેવી વ્યકિતમાં અનુરકત બની. કાગડી જો હંસમાં અનુરકત બને તો તેમાં હંસનો દોષ નથી પરંતુ કાગડીનો જ દોષ છે. હે ત્રિભુવન સુંદર! આપે જ્યારે મારો પરિત્યાગ જ કરી દીધો છે તો, હવે મારું રૂપ, કલા કૌશલ્ય, લાવણ્ય. યૌવન અને કુળ એ સઘળુ નકામું છે હે પ્રાણપ્રિય! હવે હું શું કરૂં? આપના વિયોગની વ્યથાથી મારો પ્રાણ નીકળી રહ્યો છે. હૃદય ફાટે છે, વક્ષઃ સ્થળ ફાટે છે, અને મારું આ શરીર બળી રહ્યું છે. હે કરૂણાકર! જ્યારે તમોએ પશુઓ ઉપર આટલી અગાધ દયા બતાવી તો પછી મારા ઉપર આટલા અકરૂણ કેમ બની ગયા? આપના વિયોગથી ઉભી થયેલ આ આપત્તિથી જે રીતે થઇ શકે તે રીતે મારું રક્ષણ કરો. શું હું એ પશુઓથી પણ હીન છું કે, તેના ઉપર આપની દયાનો પ્રભાવ વરસ્યો છે અને મારા ઉપર નહીં. આપના જેવા મહાપુરૂષની દૃષ્ટીમાં એવો પંકિતભેદ નો ન હોવો જોઇએ. ઓછામાં ઓછું આપ એક વખત મારી સામે જોઇ લેત તો પણ મારા દિલમા એથી સંતોષ થાત. અથવા હવે મારે શુ કરવું જોઇએ તે વાત પણ જો આપ મને આપના મુખેથી કહી જાત તો પણ હું એથી મારા જીવનને સફળ માની લેત. પરંતુ આપે એવું કર્યું જ નહીં. કોઈ પણ પ્રકારનો પરિચય મેળવ્યા સિવાય જ આપે મને છોડી દીધી છે. જેથી આ પ્રકારનો પરિત્યાગ આપનો ઉચિત મનાતો નથી. આપે શું સમજીને મારો ત્યાગ કરેલ છે એ વાત તો ઓછામાં ઓછી હું જાણી શકત તો પણ હું મન મારીને ઘરમાં બેઠી રહેત. કહો! કયાંય એવું પણ બન્યું છે કે ફળનો સ્વાદ લીધા વગરજ તેની મધુરતા અથવા તો કડવાશ જાણી શકાઇ હોય. સાંભળેલ છે કે આપ તો સિદ્ધિરૂપ વધૂમાં ઉત્કંઠિત બન્યા છો. આ સ્થિતિમાં જ્યારે આપના મનને ઇંદ્રાણી જેવી સ્ત્રી પણ મોહિત કરવામા સમર્થ થઇ શકે તેવું નથી તો પછી મારા જેવી મનુષ્યરૂપી કીડી તો શું જ કરી શકે? હું તો પછી કઇ ગણત્રીમાં?

આ પ્રમાણે જ્યારે રાજીમતી વિલાપ કરી રહેલ હતી ત્યારે તેની સખીઓએ તેને એવું કહ્યું કે, સખી! તમે વિલાપ ન કરો. રોવું તો એને માટે જોઇએ કે, જેના ચિત્તમાં રોવાનો પ્રભાવ પડી શકે. આ તો મકુમાર તો તદ્દન નિષ્ઠુર છે. નારીના સમાગમ જન્ય રસને તે શું જાણે. એજ કારણ છે કે, જેથી તેમણે આપનો આ પ્રકારથી પરિત્યાગ કરી દીધેલ છે જાણે કોઇ ચિંતાની વાત નથી. એમનાથી પ્રભાવશાળી એવા બીજા પણ ઘણા રાજકુમારો છે કે, જેઓ તમારા યોગ્ય છે એમાં જેને ચાહો તેને વરી શકો છો. એકલા નેમિકુમારથી જ કયાં અટકયું છે વ્યર્થમાં વિલાપ કરીને ચિત્તને શા માટે દુઃખ પહોંચાડો છો. આ માટે વ્યર્થના આ વિલાપને છોડી દો.

આ પ્રકારનાં સખીજનોનાં વચનોને સાંભળીને રાજીમતીએ પોતાના બન્ને હાથોને કાનની આડા રાખીને કાનને બંધ કરી દીધા. અને કહ્યું—હે સખીઓ તમે

તો મુરખ જેવી વાતો કરો છો. ભલે રાત્રી પોતાના સ્વામી ચંદ્રનો પરિત્યાગ કરીને પદ્મિનિનાથ સૂર્યની સાથે રહેવા જાય. શીતળતા ચંદ્રમાથી હઠીને ભલે સૂર્યમા અનુરક્ત બને પરંતુ યાદ રાખો કે, આ રાજીમતી નેમિકુમારને છોડીને બીજા કોઈ પણ પુરૂષનો વિચાર કદી પણ કરનાર નથી કાંઇ ચિંતા નથી. જો કે, નેમિકુમારે પોતાના હાથથી મારો હાથ પકડેલ નથી પરંતુ વ્રત ગ્રહણ કાળમાં મારા માથા ઉપર એમનો ભાવ હાથ અવશ્ય મૂકાશે. આ પ્રકારનાંકુલીન કન્યાને યોગ્ય એવાં રાજુલનાં વચન સાંભળીને તે સખીઓએ તેની મક્કમતાની ખૂબ પ્રશંસા કરી અને કહેવા લાગી કે, બરોબર છે બરોબર છે. તમારૂં આ વચન ઘણુંજ ઉત્તમ છે. સત્ય છે. રાજીમતીએ સખીઓની જ્યારે આ પ્રકારની વાત સાંભળી તો ફરીથી તે તેમને કહેલા લાગી કે, હે સખીઓ! આજ મેં સ્વપ્નમાં ઐરાવત ઉપર આરૂઢ એવા કોઈ એક પુરૂષને જોયેલ છે. અને એ પણ જોયું કે, મારા ઘર ઉપર આવીને એ તુરતજ પાછા ફરી ગયા અને જઈને મેરૂના શિખર ઉપર ચડી ગયા. ત્યાં જઈને પ્રજાજનોને ચાર અમૃતફળ આપવા માંડયાં એ સમયે માગવાથી મને પણ તેમણે એ ફળ આપ્યાં છે. કહો! આથી શું થવું જોઇએ. સખીઓએ એ સ્વપ્નની વાતને સાંભળીને પ્રત્યુત્તરમાં કહ્યું કુમારીજી! તમારા એ સ્વપ્નનું ફળ તો ઘણુંજ સારૂં છે. તમો મનમાં જરા સરખો પણ વિષાદ ન કરો. સમજો કે, તમારાં સઘળાં વિઘ્ન દૂર થઈ ચૂકયાં છે. આ નેમિકુમારનું ચાલ્યા જવારૂપ વિઘ્ન જે કે, આઘાત પહોંચાડનાર તો પણ એનું પરિણામ તો ઘણુંજ સુંદર આવવાનું છે. આથી તમો નેમિકુમારના વિરહથી ઉદ્ભવેલા શોકને સર્વદા તજી દો. આ પ્રકારે સખીઓએ સમજાવવાથી રાજીમતીએ મનમાં થોડું સાંત્વન અનુભવ્યું. અને ઘરમાં સ્વસ્થ બનીને રહેવાનું કબૂલ કર્યું. ॥૧૦॥

આ પછી થોડા સમયે નેમિકુમારે જે રીતે સંયમને ધારણ કર્યાં એ વૃતને સૂત્રકાર પ્રદર્શિત કરે છે.—**"मणपरिणामो"** ઇત્યાદિ!

અન્વયાર્થ—ભગવાન નેમિકુમારે નિષ્ક્રમણના તરફ **मणपरिणामो य कओ–मनपरिणामश्च कृतः** માનસિક પરિણામ કર્યું. આ સમયે પોતપોતાનાં આસનો કંપિત થવાથી અવધિજ્ઞાન દ્વારા ભગવાનને નિષ્ક્રમણના તરફ ઉદ્યત થયેલા જાણીને **तस्स निक्खमणं काउंजे–तस्य निष्क्रमणं कर्तुं** એમનો દીક્ષામહોત્સવ કરવાને માટે **देवाय जहोइयं सव्वड्ढाए सपरिसा समोइण्णा–देवाश्च यथोचितं सर्वर्द्धया सपर्षदः समवतीर्णाः** સઘળી ઋદ્ધિયો સાથે તેમજ પોતપોતાના પરિવારથી યુક્ત બનીને ચારે નિકાયોના દેવ એક પછી એક આવીને હાજર થઇ ગયા. ॥૨૧॥

"देवमणुस्स परिवुडो" ઇત્યાદિ!

અન્વયાર્થ—**तओ–ततः** જ્યારે ચારે નિકાયોના દેવ આવીને હાજર થઈ ગયા ત્યારપછી **सीयारयणं समारूढो–शिबिकारत्नं समारूढः** દેવોએ તૈયાર કરેલ ઉત્તર કુરૂ ન મની શ્રેષ્ટ પાલખીમાં બેસીને **देवमणुस्स परिवुडो–देवमनुष्यपरिवृतः** દેવ અને મનુષ્યોથી ઘેરાયેલા એવા **भयवं–भगवान्** ભગવાન અરિષ્ટનેમિ **बारगाओ निक्खमिय द्वारकातः निष्क्रम्य** દ્વારકાપુરીથી નીકળીને ચાલતાં ચાલતાં **रेवयम्मि ठिओ–रैवतके स्थितः** રૈવતક પર્વત ઉપર પધાર્યા ॥૨૨॥

"उज्जाणं" ઇત્યાદિ!

અન્વયાર્થ—આ પછી તેઓ **उज्जाणं संपत्तो–उद्यानं सम्प्राप्तः** રૈવતક પર્વતના સહસ્રામ્ર નામના ઉદ્યાનમાં પહોંચ્યા ત્યાં પહોંચીને **उत्तमाओ सीआओ ओइण्णे–**

उत्तमायाः शिबिकयाः अवतीर्णः ભગવાન એ સર્વોત્કૃષ્ટ પાલખીમાંથી નીચે ઉતર્યા પછી **साहस्सीइ परिवुडो चित्ताहिं अभिनिक्खमई–साहस्र्या परिवृत्तः चित्रासु अभिनिष्क्रामति** હજાર પ્રધાન પુરૂષોની સાથે પ્રભુએ ચિત્રા નક્ષત્રમાં દીક્ષા ધારણ કરી ભગવાન અરિષ્ટનેમિનાં પાંચેય કલ્યાણ એ ચિત્રા નક્ષત્રમાં થયેલ છે. ભગવાને ત્રણસો વર્ષ સુધી ગૃહસ્થાવસ્થામાં કુમારપણામાં વ્યતીત કરી પ્રવજ્યા ગ્રહણ કરી છે. ॥૨૩॥

દીક્ષા કઇ રીતે લીધી ? એ કહે છે--**"अह सो"** ઇત્યાદિ !

અન્વયાર્થ—**अह–अथ** પાંચ મહાવ્રતોને ગ્રહણ કર્યા પછી **समाहिए–समाहितः** સર્વ સાવદ્ય યોગોના પરિત્યાગથી જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ સમાધીભાવથી સંપન્ન **सो–सः** એ નેમિનાથ ભગવાને **सुगंधगंधिए–सुगन्धगन्धितान्** સ્વભાવતઃ સુગંધિત તથા **मउयकुंचिए–मृदुककुञ्चितान्** કોમળ કુટિલ કેશોનું **पंचमुट्ठिहिं–पंचमुष्टिभिः** પંચમુષ્ટિયોથી **सयमेव लुंचइ–स्वयं लुञ्चति** લોચન કર્યું. ॥૨૪॥

દીક્ષા ગ્રહણ કરતાંજ ભગવાનને મનઃપર્યાયજ્ઞાન થયું. એ પછી શું બન્યું તે કહે છે.--**"वासुदेवो"** ઇત્યાદિ !

અન્વયાર્થ--**लुत्तकेसं जिइंदियं णं वासुदेवो भणइ-लुप्तकेशं जितेन्द्रियं तं वासुदेवो भणति** આ પછી લુંચિત કેશવાળા તથા જીતેન્દ્રિય એ અરિષ્ટનેમીને વાસુદેવે કહ્યું, **दमीसरा–दमीश्वर** હે સંયમશ્રેષ્ટ ! તમે **तुरिय–त्वरितम्** શીઘ્ર **इच्छियं मणोरहं पावसुत्तं–इप्सितं मनोरथं प्राप्नुहि** ઇચ્છિત મનોરથને પ્રાપ્ત કરો. સૂત્રસ્થ ચકાર એ બતાવે છે કે બલભદ્ર સમુદ્રવિજય વગેરેએ પણ એવુંજ કહ્યું. ॥૨૫॥

પછી પણ કહ્યું--**"नाणेणं"** ઇત્યાદિ !

અન્વયાર્થ—**नाणेण–ज्ञानेन** જ્ઞાન, **दंसणे णं–दर्शनेन** દર્શન, **चारित्तेण–चारित्रेण** ચારિત્ર **तवेण–तपसा** તપ, **खंतीए–क्षान्त्या** ક્ષમા અને **मुत्तीए वड्ढमाणे भवाहिया–मुक्त्या वर्धमानो भवच** મુક્તિ-નિર્લોભતા આ બધાથી આપ વધતા રહો. ॥૨૬॥

"एवं ते रामकेसवा" ઇત્યાદિ !

અન્વયાર્થ--**ते रामकेसवा–तौ रामकेशवौ** એ રામ કેશવ તથા **दसाराय–दशार्हाः** સમુદ્રવિજય વગેરે યાદવ અને બીજા પણ **बहुजणा–बहुजनाः** ઘણા માણસોએ હે નેમિકુમાર! "આપ જલદીથી તમારા મનની અભિલાષાને પૂર્ણ કરો. અને દર્શન આદિથી વધતા રહો" આ પ્રકારના આશીર્વાદાત્મક વચન કહેતાં કહેતાં **अरिट्ठनेमिं वंदित्ता–अरिष्टनेमिं वंदित्वा** અરિષ્ટનેમિ ભગવાનને વંદના કરી, એમની સ્તુતિ કરીને **बारगाउरिं अइ गया–द्वारकापुरीं अतिगताः** દ્વારકાપુરી ગયા. ॥૨૭॥

રાજીમતીની નેમિકુમારને મળવાની આશા જ્યારે બિલકુલ તૂટી ગઈ ત્યારે એની શું દશા થઈ તેને સૂત્રકાર પ્રગટ કરે છે.--**"सोऊण"** ઇત્યાદિ !

અન્વયાર્થ- **रायवरकन्ना–राजवरकन्या** રાજાઓમાં સર્વશ્રેષ્ટ એવા ઉગ્રસેન રાજાની એ કન્યા રાજીમતીએ **जिणस्स–जिनस्य** નેમિનાથ ભગવાનને પ્રવ્રજ્યા **सोऊण–**

प्रव्रज्यां ुत्वा દીક્ષા ગ્રહણ કર્યાનું સાંભળીને **निहासा निरानंदा–निर्हासा निरानंदा** હાસ્યભાવ અને આનંદભાવથી રહિત બની **सोगेण समुच्छिया–शोकेन संमूर्च्छिताः** શોકથી સંતપ્ત થઈને મૂર્ચ્છિત બની ગઈ. ॥૨૮॥

સખીઓએ શીતલ ઉપચારો કરીને શુદ્ધિમાં લાવ્યા પછી રાજીમતીએ શું કર્યું તે કહે છે--"**राईमइ**" ઇત્યાદિ !

જ્યારે સખિઓએ મૂર્ચ્છિત બનેલ રાજીમતીને શીતળ એવા ઉપચારો કરીને શુધ્ધિમાં આણી ત્યારે તે **राई मई–राजीमती** રાજીમતી સ્વતઃ **विचिंतेइ–विचिन्तयति** વિચાર કરવા લાગી કે **मम जीवियं धिगत्थु–मम जीवितं धिक्स्तु** મારા આ જીવનને ધિક્કાર છે. **કેમકે, जाहं तेण परिच्चत्ता मम पव्वइयं सेयं–यदि अहं तेन परित्यक्ता मम प्रव्रजितुं श्रेयः** નેમિકુમારે મને તરછોડી દીધી છે ત્યારે હવે મારી ભલાઇ તો એમાંજ છે કે, હું દીક્ષા ધારણ કરી લઉ. ઘરમાં રહેવાથી હવે મારી ભલાઇ નથી. કારણકે, એવું કરવાથી અથવા તો સંસારમાં રહેવાથી તો અન્ય ભવમાં પણ મારે દુઃખ ભોગવવું પડશે. ॥૨૯॥

આ પ્રકારનો દીક્ષા ધારણ કરવાનો મનોગત નિશ્ચય રાજીમતી કરી રહેલ હતી એ સમયે ભગવાન અરિષ્ટનેમિનો એક નાનો ભાઈ રાજીમતીમાં અનુરકત થઇ ગયો. તેણે રાજીમતીને પોતાના તરફ આકર્ષવા માટે તેની પાસે ફળ, પુષ્પ અને આભૂષણ આદિ મોકલવાનો પ્રારંભ કર્યો. રાજીમતી નિષ્પાપ હૃદયવાળી હતી. આથી તેણે એ વસ્તુઓનો સ્વીકાર ન કર્યો. એ વાત સાચી છે કે, કામી માણસો, કમળાનો રોગી જેમ ચારે બાજુ પીળુંજ ભાળે છે તે રીતે જોતા હોય છે. એક દિવસની વાત છે કે, રથનેમિએ રાજીમતીની પાસે આવીને કહ્યું, સુલોચના ! નેમિકુમારે આપનો પરિત્યાગ કરી દીધો છે. આથી આપ જરા પણ પોતાના દિલમાં શોક ન કરો. ભલે તેમણે તમોને છોડી દીધાં છે પરંતુ અમે લોકો તો છીયેજને. આથી તમે મને પોતાના પતિ તરીકે માનીને મારી સાથે તમારી આ દેવદુર્લભ વયને સફળ કરો. જે પ્રમાણે ભ્રમર માલતીને ચાહે છે આજ પ્રમાણે હું તમને ચાહી રહ્યો છું. રથનેમિનાં આ પ્રકારનાં અસભ્ય વચનોને સાંભળીને રાજીમતીએ ખૂબજ શાંતિપૂર્વક સભ્ય એવી ભાષામાં તેને ઉત્તર આપ્યો કે, હું જો કે અરિષ્ટનેમિથી તરછોડાયેલી છું તો પણ મેં મારા હૃદયમાંથી તેમને દૂર કરેલ નથી. મારૂં મન તો એમનામાંજ લીન બનેલ છે. તેમણે ભલે મને પત્નીરૂપે સ્વીકારેલ નથી તો શું થયું ? શિષ્યારૂપે તો તેઓ મારો સ્વીકાર અવશ્ય કરશે જ. આ કારણે આપનું આ પ્રકારનું કહેવું સર્વથા વ્યર્થ છે. આપ મારી આશા ન કરો. આ પ્રમાણે રાજીમતીએ જ્યારે તેને કહ્યું એટલે તે દિવસે તો એ ત્યાંથી ચાલ્યો ગયો પરંતુ રાજીમતીની પ્રાપ્તિની આશા તે છોડી શકયો નહીં. બીજે દિવસે સમય મળતાં ફરી તે રાજીમતીની પાસે પહોંચ્યો અને ઘણીજ આજીજીની સાથે કહેવા લાગ્યો કે, હે મૃગાક્ષિ ! જે પ્રકારે

સુકા લાકડામાં અનુરકત બનેલ ભમરી વ્યર્થમાં પોતની જાતને સંતાપિત કરે છે. એજ રીતે ચતુર હોવા છતાં પણ તમે વ્યર્થમાં શા માટે વિરકત થયેલા નેમિકુમારમાં અનુરકત થઈને પોતાની જાતને સંતાપિત કરી રહ્યા છો. તમોને પ્રાપ્ત કરવાની આશામાં જીવી રહેલા એવા મારો સ્વીકાર કરો અને જુઓ કે, હું કઇ રીતે જીવનભર તમારો દાસ બનીને રહું છું હે મુગ્ધે ! ભોગોવે ભોગવવામાં જ સંસારની મજા છે. કેમકે એના વગર જેમ ભાતભાતનાં સ્વાદિષ્ટ ભોજન પણ મીઠા વગર સ્વાદિષ્ટ નથી લાગતાં એજ પ્રકારથી જીવન પણ વ્યર્થ છે. આ વાતને સહુ કોઈ જાણે છે આ કારણે હઠાગ્રહનો પરિત્યાગ કરી મને તમારા ભરથાર રૂપે સ્વીકાર કરો. એમ નહીં થાય તો નિશ્ચય માનો કે હું આ સંસારમાંથી નામશેષ બની જવાનો. રથનેમીની આ પ્રકારની અટપટી વાતોને સાંભળીને રાજીમતીએ એને જોતાં જોતાંજ ખીર ખાધી અને ઉપરથી મદન ફળને ખાઇ લીધું જેના પ્રભાવથી તેને એજ વખતે ઉલટી થઇ એને એક કટોરામાં લઇને રથનેમિની સામે આવી અને કહેવા લાગી કે, તમો આને પી જાઓ. રાજુલથી આ વાતને સાંભળીને રથનેમિએ કાંઇક ઘૃણાયુકત ભાવથી કહ્યું કે, શું હું કુતરો છું કે, ઉલટીને ચાટું– પીઇ જાઉં ? આથી રાજુલે હસતાં હસતાં કહ્યું કે, શું આપ એ વાતને જાણો છો ? રથનેમિએ કહ્યું-એમાં જાણવાની શું વાત છે આને તો નાનામાં નાનું બાળક પણ સમજે છે. તો પછી હું કેમ ન જાણતો હોઉં. આ પ્રકારના સંદેહને આપના હૃદયમાં સ્થાન કેમ મળ્યું ? રથનેમિના આ વચનને સાંભળીને રાજીમતીના દિલમાં પ્રથમ તો તેના પ્રત્યે ક્રોધ ઉત્પન્ન થયો પરંતુ ક્રોધને દબાવીને હસતાં હસતાં એ કહેવા લાગી કે, અરે મૂઢ. જ્યારે નેમિકુમારે મને છોડી દીધેલ છે ત્યારે એ દૃષ્ટીએ હું ઉલટીના જેવીજ છું. છતાં પણ ઉલટીના જેવી મને આપ પોતાની ભોગવવાની સામગ્રી જેવી માની અભિલાષા કરી રહેલ છો તો તમો કુતરા જેવા નહીં તો કેવા છો ? આ પ્રકારની રાજીમતીની યુકિતયુકત સમજાવટથી રથનેમિના મનમાં લજ્જા ઉત્પન્ન થઇ અને એ આશાનો તેણે પરિત્યાગ કરી દીધો. અને નિશ્ચિન્ત થઈને તે પોતાના ઘેર ચાલી ગયો. આ પ્રકારની વિશુદ્ધ ભાવનાવાળી બનેલ રાજીમતી જ્યાં સુધી ઘરમાં રહી ત્યાંસુધી વિવિધ પ્રકારની તપસ્યાઓથી તેણે પોતાનો સમય વ્યતીત કર્યો. વિશુદ્ધ તપસ્યાઓના અનુષ્ઠાનથી એનો સમય ઘરમાં રહેવા છતા સુખપૂર્વક વ્યતીત થવા લાગ્યો.

આ તરફ ભગવાન અરિષ્ટનેમિ છદ્મસ્થાવસ્થામાં ચોપન દિવસ સુધી રહ્યા અને એ અવસ્થામાં તેમણે ગ્રામાનુગ્રામ વિહાર કર્યો. પંચાવનમા દિવસે તેઓ ફરીથી રૈવતક પર્વત ઉપર પાછા ફર્યા અને ત્યાં તેમણે અટ્ઠમતપ કરીને ધ્યાનસ્થ બનીને કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. ભગવાનને કેવળજ્ઞાન થતાંજ ઇન્દ્રોના આસન કંપાયમાન બન્યાં. આથી ભગવાનને કેવળની પ્રાપ્તિ જાણીને સઘળા ઇન્દ્ર દેવોની સાથે રૈવતક પર્વત ઉપર આવી પહોંચ્યા. દેવોએ ભગવાનના સમવસરણની રચના કરી. ભગવાને ધાર્મિક દેશના આપવાનો પ્રારંભ કર્યો. વનપાળના મુખેથી પ્રભુને કેવળજ્ઞાન પ્રાપ્ત થયાનું જાણીને બલરામ, શ્રીકૃષ્ણ અને સમુદ્રવિજય વગેરે યાદવો તથા બીજા

યાદવગણો રૈવતક પર્વત ઉપર આવી પહોંચ્યા. પ્રસંગવશ રાજીમતી પણ પોતાની સખીયોની સાથે આવેલ હતી પ્રભુની ધર્મ દેશનાને હર્ષિત હૃદયથી સહુ કોઇ સાંભળી રહ્યા હતા. પ્રભુ તરફથી દેવાયેલી ધર્મદેશના સાંભળીને અનેક રાજાઓ અનેક મનુષ્યો તથા પ્રચુર અનાયોએ એ સમયે પ્રતિબુદ્ધ બનીને તેમની સામે દીક્ષા ધારણ કરી લીધી. કેટલીક વ્યક્તિઓએ પ્રભુની સામે શ્રાવક વ્રતનો અંગીકાર કર્યો. જેટલા પ્રવ્રજીત થયા હતા એમનામાંથી વરદત્ત આદિ અઢાર ગણધર થયા. એમણે ભગવાને આપેલી ત્રિપદી દ્વારા દ્વાદશાંગીની રચના કરી. રથનેમિએ પણ ભગવાનની પાસેથી મુનિદીક્ષા ધારણ કરી. રામ, કૃષ્ણ અને સમુદ્રવિજય આદિ દશાર્હ તથા ઉગ્રસેન આદિ યાદવ અને રાજીમતી વગેરે યાદવ કન્યાઓ પ્રભુની ધર્મદેશના સાંભળીને દ્વારકા પાછા ફરી ગયા. વિહાર કરતાં કરતાં ભગવાન નેમિનાથ જ્યારે દ્વારકાં પહોંચ્યા સમયે એમનો ધર્મદેશના સાંભળીને રાજીમતીએ સાતસો સખીઓની સાથે ભગવાનની સમક્ષ દીક્ષા ધારણ કરી લીધી.

સૂત્રકાર હવે એ વાતનું વર્ણન કરે છે. "अहसा" ઇત્યાદિ !

અન્વયાર્થ—**अह**—અથ પ્રભુ નેમિનાથ ભગવાનની ધર્મદેશનાને સાંભળ્યા પછી **धिइमंता**—**धृतिमति** ધર્યને ધારણ કરનાર તથા **ववसियया**—**व्यवसिता** ધર્મને અંગીકાર કરવાના અધ્યવસાયવાળી **सा सा** એ રાજીમતીએ **भमरसंनिभे**—**भ्रमरसन्निभान्** ભમરાના જેવા કાળા તથા **कुच्चफणकवसाहिए**—**कूर्चफणकसन्निभान्** સુંદર રીતે ઓળાયેલા લાંબા **केसे**—**केशान्** કેશોનું **सयमेव लुंचइ**—**स्वयमेव लुञ्चति** પોતાના હાથથી જ લોંચન કર્યું. ॥૩૦॥

આના પછી જે થયું તેને કહેવામાં આવે છે.—"वासुदेवो" ઇત્યાદિ !

અન્વયાર્થ—**लुत्तकेसं जिइंदियं**—**लुप्तकेशं जितेन्द्रियम्** પોતાના જ હાથથી પોતાના કેશોનું લુંચન કરનાર તથા પોતાની ઇન્દ્રિયોને જેણે વશમાં કરી લીધેલ છે એવી **णं**—**ताम्** એ સાધ્વી રાજીમતીને **वासुदेवा य भणइ**—**वासुदेवश्च भणति** વાસુદેવ તથા ઉગ્રસેન વગેરેએ કહ્યું કે, **कण्णे**—**कन्ये** હે પુત્રી ! **घोरं संसारसायरं**—**घोरं संसारसागरम्** ભયંકર એવા આ ચતુર્ગતિરૂપ સંસાર સમુદ્રને તમો **लहुं लहुतरं**—**लघुलघु तर** શીઘ્ર પાર કરો—અર્થાત મુક્તિ પ્રાપ્ત કરો ॥૩૧॥

પછી રાજીમતીએ શું કર્યું ? આને કહે છે—"सो" ઇત્યાદિ !

અન્વયાર્થ—**पव्वइया सती**—**प्रव्रजिता सती** દીક્ષા લઇને મુલોત્તર ગુણોનું પરિપાલન કરવામાં અતિશય સાવધાન અને **बहुस्सुया**—**बहुश्रुता** ઉપાંગ સહિત સઘળા અંગોનું અભ્યાસથી વિશિષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરનાર **सा**—**सा** એ સ

तहिं—**तत्र** દ્વારકામાં **बहुं सयणं परियणं चेव**—**बहु स्वजनं परिजनं चैव** પોતાની બહેનો તેમજ અન્ય સખીજનોને **पव्वावेसी**—**प्राव्राजयत्** દીક્ષા ધારણ કરાવી જેની સંખ્યા સાતસો ૭૦૦ની હતી. ॥૩૨॥

આ પછી શું થયું તેને કહે છે.--"**गिरिंच**" ઇત્યાદિ !

અન્વયાર્થ--એક સમયની વાત છે કે, રાજીમતી ભગવાન અરિષ્ટનેમિને વંદના કરવા માટે **गिरिंच रेवयं जंती–गिरिं रैवतकं यान्ती** રૈવતક પર્વત ઉપર જઈ રહેલ હતી. એ સમયે **अंतरा–अन्तरा** રસ્તામાં તે **वासेणोल्ला–वर्षेण आर्द्रा** વરસાદ આવવાથી તેનાં સઘળાં કપડાં ભીંજાઇ ગયાં આથી **वासेण–वर्षति** વરસાદમાં **सा–सा** તે **लयणस्स अंतो अंधयारम्मि ठिया–लयनस्य अंतः अन्धकरे स्थिता–** રૈવતક પર્વતમાં પહોંચીને એક ગુફાની અંદર જઇ અંધારામાં રોકાઈ ગઈ ॥૩૩॥

એ ગુફામાં જઇને રાજીમતીએ શું કર્યું ? તેને કહે છે--"**चीवराइं**" ઇત્યાદિ !

અન્વયાર્થ--ગુફામાં પહોંચીને અંધારામાં રાજીમતીએ પોતાનાં **चीवराइं–चीवराणि** શાટિકા આદિ વસ્ત્રોને **विसारंति–विसारयन्ति** કાઢી સુકાવવા લાગી. **जहा जाया–यथा जाता** આ સમયે તે બિલકુલ નગ્ન અવસ્થાવાળી બની ગયેલ હતી. **इति–इति** રાજુલ પોતાનાં ભીંજાયેલાં વસ્ત્રોને સુકવવા અને સ્વસ્થ થવા જે ગુફામાં ગઇ હતી એ સમયે એજ ગુફાની અંદરના એક ભાગમાં કાયોત્સર્ગમાં **रथनेमी–रथनेमिः** રથનેમિ બેઠેલ હતો તેણે રાજુલને તદન નગ્નઅવસ્થામાં **पासिया–दृष्ट्वा** જોઇને **भग्गचित्तो:–भग्न चित्तः** એનું ચિત સંયમથી વિચલિત બની ગયું. **पच्छा–पश्चात्** પછી જરા સ્વસ્થ થતાં રાજુલે પણ રથનેમિને ત્યાં જોયેા.

ભાવાર્થ--રાજુલે એ ગુફામાં પ્રવેશ કરીને પોતાના શાટિકાદિક ભીંજાયેલાં સઘળાં વસ્ત્રોને સુકાવ્યાં. શરીર ઉપરનાં ભીંજાયેલાં એ વસ્ત્રોને સુકવવા નિમિત્તે અલગ કરતાં રાજુલનું શરીર તદન નગ્ન બની ગયું. આ ગુફામા કાયોત્સર્ગ માટે પહેલાંથીજ રથનેમિ બેઠેલ હતો. અંધકાર હોવાથી રાજુલની દૃષ્ટિમાં "આ સ્થળે રથનેમિ બેઠેલ છે" એ દેખા શકાયું નહીં. કારણકે, અજવાસમાંથી અંધકારવાળા સ્થળમાં જતાં ત્યાં કોઈ વસ્તુ પડેલી હોય તો તે જોઈ શકાતી નથી. થોડા સ્વસ્થ થયા પછી ધીરે ધીરે અજવાસનો આભાસ દૂર થતાં દેખાવ લાગે છે. આવીજ સ્થિતિ રાજુલના માટે પણ બનેલી. ત્યાં થોડો સમય વ્યતીત થતાં રથનેમિ ઉપર તેની દૃષ્ટિ પડી. પહેલાં રાજુલને એ સ્થળે રથનેમિ રોકાયેલ છે એવી જો ખબર હોત તો અથવા તો ગુફામાં ગયા પછી પણ તેની દૃષ્ટિ રથનેમિ ઉપર પડી હોત તો એ ગુફામાં ઉભત પણ નહીં. જે પ્રમાણે વરસાદના સંભ્રમથી બીજી સાધ્વીએ અલગ અલગ સ્થળોમાં જઈને રોકાઇ ગયેલ હતી એજ પ્રમાણે રાજુલ પણ એમની માફક એવા એકાદા સ્થાનમાં જઇને રોકાઇ જાત. ॥૩૪॥

રથનેમિ દેખાયા પછી રાજીમતીએ શું કર્યું તેને કહે છે—"**भीयाय**" ઇત્યાદિ !

અન્વયાર્થ—**सा–सा** એ રાજીમતી **तहिं एगंते–तत्र एकान्ते** ગુફારૂપી એકાન્ત સ્થાનમાં **तयं संजयं–तकं संयतम्** તે રથનેમિ સંયતને **दट्ठुं–दृष्ट्वा** બેઠેલા. જોઇને

भीया–भीता રાજીમતિ ખૂબ ડરી ગઈ અને તેણે તેજ વખતે **बाहाहिं संगोफं काउं–बाहुभ्यां संगोपं कृत्वा** પોતાના બન્ને હાથોથી પોતાના શરીરને ઢકી ખૂબજ સંકોચ અનુભવતી **वेवमाणी–वेपमाना** કંપવા લાગી અને સંકડાઈને **निसीयई–निषीदति** બેસી ગઇ ॥૩૫॥

આ પછી જે બન્યું તેને કહે છે—"अह सो" ઇત્યાદિ !

અન્વયાર્થ—**अह–अथ** એ પછી **समुद्दविजयंगओ–समुद्रविजयाङ्गजः** સમુદ્ર વિજયના અંગજાત એ **राजपुत्ते–राजपुत्रः** રાજપુત્ર રથનેમિ સંયતે પણ **भीयं–भीताम्** ત્રસ્ત અને **पवेइयं–प्रवेपिताम्** કંપાયમાન સાધ્વી રાજીમતીને **दट्ठुं–दृष्ट्वा** જોઈને **इमं वक्कमुदाहरे–इदम् वाक्यमुदाहरत्** એમને આ પ્રકારે કહ્યું. ॥૩૬॥

"रहनेमि" ઇત્યાદિ.

અન્વયાર્થ—**भद्दे–भद्रे** હે ભદ્રે ! **अहं रहनेमी–अहं रथनेमी** હું રથનેમી છું **सुरूवे चारूभासिणि–सुरूपे चारूभाषिणि** હે સુંદર રૂપવાળી અને મધુર બોલવા વાળી **ममं भयस्व–मां भजस्व** મને હવે તમે પતિસ્વરૂપ સમજીને અંગીકાર કરો. જેથી **सुतणू–सुतनू** હે શોભનાંગી **ते–ते** તમને **पीला–पीडा** જીવન નિર્વાહ સંબંધી કોઈ પ્રકારનું કષ્ટ **न भविस्सइ–न भविष्यति** થશે નહીં. ॥૩૭॥

"एहि" ઇત્યાદિ !

અન્વયાર્થ—હે સુંદરિ! **एहि–एहि** આવો **भोए भुंजिमो–भोगान् भुंजीवही** આપણે બન્ને વિષય ભોગોને ભોગવીએ. જુઓ **खु–खलु** નિશ્ચયથી **माणुस्सं सुदुल्लहं–मानुष्यं सुदुर्लभम्** આ મનુષ્યભવ અત્યંત દુર્લભ છે. **तओ पच्छा–ततः पश्चात्** તે પછી આપણે **भुत्तभोगी–भुक्तभोगी** આપણે બન્ને **जिणमग्गं चरिस्सामो–जिनमार्गं चरिष्यावः** જીનોક્ત માર્ગ–ચારિત્ર લક્ષણરૂપ મોક્ષમાર્ગનું સેવન કરીશું. ॥૩૮॥

રથનેમિનાં આ પ્રકારના વચન સાભળીને રાજીમતીએ જે કહ્યું તેને કહે છે.–"दट्ठूण" ઇત્યાદિ !

અન્વયાર્થ—**राईमई–राजीमती** રાજીમતી સાધ્વીએ **भग्गुज्जोयं पराइयं भग्नोद्योगं पराजितम्** જ્યારે એ જાણ્યું કે, સ્ત્રી પરીષહથી પરાજીત થઇને રથનેમિનો ઉત્સાહ સંયમ તરફથી ફરી ગયેલ છે ત્યારે તે સંયમભ્રષ્ટ **तं रहनेमिं–तं रथनेमिं** તે રથનેમિને **दिट्ठूण–दृष्ट्वा** જોઇને **असंभंता–असंभ्रान्ता** ભયરહિત બની ગઇ. અર્થાત પોતાના આત્માના વિશ્વાસથી શીલનું રક્ષણ કરવા માટે દૃઢ મનવાળી બની ગઇ. તે સમયે તેણે **तत्थ–तत्र** એ ગુફામાં **अप्पाणं संवरे–आत्मानं संवृणोति** પોતાના શરીરને વસ્ત્રથી ઢાંકી લીધું. ॥૩૯॥

એ પછી શું બન્યું તે કહે છે–ય "अहसा" ઇત્યાદિ !

અન્વયાર્થ—**अह–अथ** તેના પછી પોતાના શરીરને વસ્ત્રથી ઢાંકી લીધા પછી **नियमव्वए सुट्ठिया–नियमव्रते सुस्थिता** દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના અનુસાર

અભિગ્રહ ગ્રહણ કરવા રૂપ નિયમમાં તથા પ્રાણાતિપાત આદિ વિરમણરૂપ વ્રતોમાં સારી રીતે સ્થીર બનેલ **સા–સા** તે સાધ્વી રાજીમતીએ **જાઇ કુલં શીલં રક્ખમાણી તકં વએ–જાતિં કુલં શીલં ચ રક્ષન્તિ તકં વદતિ** પોતાના માતૃપક્ષરૂપી જાતિની, પિતૃપક્ષરૂપ કુળની અને ચારિત્રરૂપ શીલની રક્ષા કરતાં કરતાં સંયમથી ચલાયમાન બનેલ રથનેમિને આ પ્રકારે કહ્યું. ॥૪૦॥

રાજીમતીએ શું કહયુ તે કહે છે.—"**जइसि**" ઇત્યાદિ !

અન્વયાર્થ—હે રથનેમિ ! **जइ रूवेण वेसमणो असि–यदि रूपेण वैश्रमणःअसि** ભલે તમે રૂપમાં કુબેરના જેવા હો, **ललिएण नलकूबरो** ललितेन नलकूबरौ ललિતકળાઓથી નળકૂબર જેવા પણ હો તથા વધુ તો શું કહું **सक्कं पुरंदरा–साक्षात् पुरंदरः** સાક્ષાત ઇન્દ્ર જેવા હો. **तहावि–तथापि** તો પણ **ते न इच्छामि–ते न इच्छामि** હું તમને ચાહતી નથી. ॥૪૧॥

વધુમાં પણ –"**पक्खंदे**" ઇત્યાદિ !

અન્વયાર્થ—**अगंधणे कूले जाया–अगन्धन कूले जाता** અગન્ધન કુળમાં ઉત્પન્ન થયેલ નાગ **जलियम्–ज्वलितम्** જાજ્વલ્યમાન **धूमकेउं–धूमकेतुम्** ધૂમરૂપ ધ્વજાવાળી એવી **दुरासियं–दुरासदम्** દુષ્પ્રવેશ **जोइं–ज्योतिषम्** અગ્નિમા **पक्खंदे–प्रस्कंदन्ति** પ્રવેશ કરી જાય છે. પરંતુ **वतयं भोत्तुं नेच्छन्ति–वान्तकं भोक्तुं न इच्छन्ति** ઓકેલા ઝેરને ચૂસતા નથી.

ભાવાર્થ—નાગ બે પ્રકારના હોય છે એક ગન્ધન અને બીજા અગન્ધન જે મંત્રાદિકના પ્રયોગથી પોતે ઓકેલા ઝેરને ચૂસી લ્યે છે તે ગંધન છે. તથા અગન્ધની એ નાગ હોય છે જે પોતે ઓકેલા ઝેરને પાછું ચૂસતા નથી. ચાહે તે અગ્નિમા બળીને ભલે મરી જાય પરંતુ ઓકેલું ઝેર પાછું ચૂસવું એ એમને માટે શક્ય નથી હોતું આ પ્રકારના દૃષ્ટાંત દ્વારા રાજુલ સ્થનેમિને કહી રહી છે કે, તિર્યંચોની એવી હાલત છે તો તમે શા માટે ઓકેલા વિષયોને ફરીથી ચૂસવાના સંકલ્પથી એનાથી પણ નીચે ઉતરવા ચાહો છો. તમોએ પહેલાં પ્રવચનના તત્વોને સારી રીતે સમજીને નિઃસાર જાણ્યા પછી આ વિષયોનો પરિત્યાગ કરી દીધો છે. હવે પાછું ઓકેલું ચાટવાની અભિલાષા શા માટે કરી રહ્યા છો ? ॥૪૨॥

ફરી પણ—"**धिरत्थु**" ઇત્યાદિ !

અન્વયાર્થ—**जसो कामी यशस्कामिन्** સંયમ અથવા કીર્તિની કામના વાળા હે રથનેમિ ! **ते धिरत्थु–ते धिक्अस्तु** તમને ધિક્કાર છે. **जो तं–यस्त्वम्** જે તું **जीविय कारणा–जीवित कारणात्** અસંયમિત જીવનના સુખના નિમિત્તે **वंतं–वान्तम्** ભગવાન નેમિનાથ દ્વ ત્યાગવામાં આવેલ હોવાથી ઉલટી જેવી મને **आवेउं–आपातुम्** સેવન કરવાની તમો **इच्छिसि–इच्छसि** ચાહના કરી રહ્યા છો આ રીતે જીવવા કરતા **ते–ते** તમારું **मरणं सेयं–मरणं श्रेयः** મરી જવું જ ઉત્તમ છે.

"**तेजसो कामी**" અહીં અકારનો પ્રશ્લેષ કરવાથી "**तेऽयशस्कामिन्**" એવું પદ બની જાય છે. ત્યારે અસંયમ અને અપયશની કામના કરવાવાળા એવા તને ધિક્કાર હો. એવો અર્થ થઇ જાય છે. અથવા "**ते**" આને બીજી વિભક્તિના સ્થાન ઉપર ન માનતા છઠ્ઠી વિભક્તિના સ્થાન ઉપર જ રાખવામાં આવે તો "**ते पौरुषम्**"

એવો સંબંધ લગાવવો જોઇએ અહીં "पौरुष"નો અધ્યાહાર હોવાથી "તારા આ પુરૂષાર્થને ધિક્કાર છે" એવો અર્થ સંગત થશે. અથવા "कामिन्" હે કામી એ મહાત્મા ધન્ય છે જે તીવ્ર તપ અને સંયમ વ્રતના પરિપાલક છે' તારા આ યશને ધિક્કાર છે. અથવા-મને જોઇને તારામા આ પ્રકારની દુશ્ચેષ્ટા જાગી એ તારા પાપને ધિક્કાર છે

ભાવાર્થ—રાજુલે વધારે કાંઈ પણ ન કહેતાં રથનેમિને ફકત એટલુંજ કહ્યું કે, તમો કાંઇક તો ખ્યાલ કરો. કયા પદ ઉપર તમો બિરાજી રહ્યા છો અને શું કરવાની અભિલાષા કરી રહ્યા છો. આથી તમારી અને સાધુ સમાજની કેટલી બદનામી થશે. ઉલટીને ચાટવાની અપેક્ષા કરતાં તો મરણજ ઘણું ઉત્તમ છે. ॥૪૩॥

"अहं च भोगरायस्स" ઇત્યાદિ !

અન્વયાર્થ--હે રથનેમિ अहं-અહં હું भोगरायस्स भोगराजस्य ભોગરાજની પૌત્રી તથા ઉગ્રસેનની પુત્રી છું. અને तुमं-त्वम् તમો अंधगवण्हिणो असि-अंधकवृष्णेरसि અંધક વૃષ્ણિના પૌત્ર અને સમુદ્રવિજયના પુત્ર છો. આ રીતે હું અને તમો બન્ને કુલીન છીયે. આથી गंधणा-गंधनौ ગન્ધન સર્પની માફક ઓકેલું ચાટનાર मा होमो-मा भूव ન બનવું જોઇએ. પરંતુ હે રથનેમિ ! निहुओ-निभृतः વિષયાદિકોથી સંપૂર્ણ નિર્લેપ બનીને संजमम्-संयमम् અનશ્વર એવા સુખના સાધનભૂત એવા નિરવદ્ય ક્રિયાનુષ્ઠાનરૂપ સંયમનું चर-चर પાલન કરો.

ભાવાર્થ--રાજુલે કહ્યું કે, હે રથનેમિ ! હું અને તમો બન્ને કુલીન છીયે. ગન્ધન સર્પની માફક ઓકેલાનો ફરીથી અંગીકાર કરવાવાળા નથી. આ માટે હું તમને આ વાત કહું છું કે, તમો ગન્ધન સર્પના જેવા ન બનતાં અગન્ધન સર્પના જેવા બનો. અને સંયમને પ્રાણના ભોગે નિભાવવા માટે તત્પર રહો ॥૪૪॥

"जइ तं काहिसि" ઇત્યાદિ !

અન્વયાર્થ--હે રથનેમિ ! जइ तं जा जा नारिओ दिच्छसि-यदि त्वं याः याः नारीः द्रक्षसि જો તમો જે જે નારીયોને જોશો અને તેનામાં भावं काहिइ-भावं करिष्यसि ભોગની અભિલાષા કરશો તો वायाविद्धो हडोव्व अट्ठियप्पा भविस्ससि-वाताविद्ध हडइव अस्थितात्मा भविष्यसि વાયુથી સદા કંપાયમાન એવી હડ નામની નિર્મૂળ વનસ્પતિની માફક અથવા શેવાળની માફક ચંચળ સ્વભાવના બની જશો. તાત્પર્ય આનું એ છે કે, જન્મ, જરા અને મરણ જન્ય આ જગતરૂપી ખાડામાં ૧૦૨

પર્યટનરૂપ દુઃખપરમ્પરાના વિનાશક, સંયમગુણોથી વિચલિત બની તમે આ અપાર સંસારરૂપ પરિભ્રમણમાં વિષયવાસનારૂપ વાયુથી કંપાયમાન ચિત્તવાળા થવાથી શાંતિને પ્રાપ્ત કરી શકવાના નથી. ॥૪૫॥

આ માટે--"गोवालो" ઇત્યાદિ !

અન્વયાર્થ--હે રથનેમિ ! जहा-यथा જેમ गोवालो भंडवालो वा-गोपालः भाण्डपालः वा વેતન લઇને બીજાની ગાયોનું પાલન કરનાર એવા ગોવાળ અથવા વેતન લઇને બીજાઓના ભાન્ડોની રક્ષા કરનાર ભન્ડપાળ तद्दव्वाणिस्सरो-तद् द्रव्यानीश्वरः જાય તેમજ ભાન્ડોના અધિકારી બની શકતા નથી एवं-एवम् તેવી

રીતે **तंवि–त्वमपि** તમે પણ **सामण्णस्स अणिस्सरो भविस्ससि–श्रामण्यस्य अनीश्वरः भविष्यसि** સાધુપણાના અધિકારી રહી શકશો નહીં.

ભાવાર્થ--વેતનથી કામ કરનાર વ્યકિત જે પ્રકારે માલિકના દ્રવ્યના અધિકારી બની શકતા નથી. તેજ પ્રમાણે શ્રમણ વેશને ધારણ કરવા છતાં પણ તમો ભોગના અભિલાષી હોવાના કારણે શ્રામણ્ય ફળની અપ્રાપ્તિથી તેના અધિકારી બની શકવાના નથી. ॥૪૬॥

આ પ્રકારનાં રાજીમતીનાં વચનોને સાંભળીને રથનેમિએ જે કર્યું તેને કહે છે- "**तीसे**" ઇત્યાદિ!

અન્વયાર્થ--**सो–सः** એ રથનેમિ **तीसे संजयाए–तस्याः संयतायाः** રાજીમતી સાધ્વીના **सुभासियं वयणं सोच्चा–सुभाषितं वचनं श्रुत्वा** વૈરાગ્યરૂપ સારથી પ્રેરિત થવાના કારણે આ પ્રકારનાં સુંદર એવાં વચનોને સાંભળીને **अंकुसेण–अंकुशेन** અંકુશથી **नागो जहा–नागःयथा** હાથીની માફક **धम्मे संपडिवाइओ–धर्मे संप्रतिपातितः** ચારિત્ર ધર્મમાં સંસ્થિત થઈ ગયા.

હાથીની કથા આ પ્રકારની છે--

કોઇ એક રાજા હતો, તેણે કોઇ નૂપુર પંડિતનું વૃત્તાંત વાંચ્યું વાંચીને તે ક્રોધિત બની ગયો. ક્રોધિત બનતાં જ તેણે રાણી, મહાવત તથા હાથીને મારવાનો વિચાર કરી લીધો. હાથી, રાણી તથા મહાવતને એક ગિરિશૃંગ એટલે કે, પહાડના શિખર ઉપર ચડાવીને મહાવતને હુકમ કર્યો કે, આ હાથીને અહીંથી ધકેલી દો. મહાવતે હાથીને ત્યાંથી ધકેલવાની ચેષ્ટા કરી ત્યારે હાથી પોતાના ત્રણ પગોને ઉંચા કરી એક પગથી ઉભો થઇ ગયો. નગરજનોએ રાજાના આ પ્રકારના અકૃત્યને જાણ્યું ત્યારે તેમણે આવીને રાજાને કહ્યું-મહારાજ આ શું કરાવી રહ્યા છો? ચિન્તામણી જેવા ન મળી શકે તેવા હાથીને શા માટે મરાવી રહ્યા છો? નગરજનોની વાત સાંભળીને રાજાએ મહાવતને કહ્યું કે, હાથીને પાછો ફેરવી લો. રાજાના આ પ્રકારનાં વચન સાંભળીને મહાવતે કહ્યું કે, જો આપ રાણીને અને મને અભય વચન આપો તો હું હાથીને પાછો ફેરવી લઉં રાજાએ અભયનું વચન આપ્યું. એટલે મહાવતે ધીરે ધીરે અંકુશથી હાથીને પાછો ફેરવી લીધો. આથી હાથી ઠીક માર્ગ ઉપર આવી ગયો. આવી રીતે રાજીમતિએ ચારિત્રથી પતિત થવાની ભાવનાવાળા રથનેમિને અહિતકારક માર્ગથી ધીરે ધીરે પોતાના વચનરૂપી અંકુશથી ફેરવીને તેને ચારિત્રરૂપ ધર્મ માર્ગ ઉપર લગાવી દીધો. ॥૪૭॥

આ પછી રથનેમિએ શું કર્યું તે કહે છે -"**मणगुत्तो**" ઇત્યાદિ!

અન્વયાર્થ--**मणगुत्तो वयगुत्तो कायगुत्तो–मनोगुप्तः वचोगुप्तः कायगुप्तः** મનથી ગુપ્ત વચનથી ગુપ્ત અને કાયાથી ગુપ્ત અર્થાત્ ત્રણ ગુપ્તિયો સહિત **जिइंदिओ–जितेन्द्रियः** જીતેન્દ્રિય રથનેમિએ **दृढव्वओ–दृढव्रतः** વ્રતોમાં દૃઢ બનીને **जावज्जीवं–यावज्जीवम्** જીવન પર્યંત **सामण्णं–श्रामण्यम्** ચારિત્રનું **निच्चलम्–निश्चलम्** નિશ્ચલ મનથી **फासे–अस्पाक्षीत्** પાલન કર્યું. ॥૪૮॥

હવે સૂત્રકાર રથનેમિ તથા રાજીમતી એ બન્નેના વિષયમાં કહે છે--"**उग्गं**" ઇત્યાદિ!

અન્વયાર્થ--**उग्गं–उग्रम्** નબળા મનના માણસોથી કરવામાં અશકય **तवं–तपः** તપને **चरित्ता–चरित्वा** સેવન કરીને એ **दुण्णि वि–द्वावपि** રાજીમતી અને રથનેમિ આ બન્ને જણા **केवली जाया–केवलिनौ जातौ** કેવલજ્ઞાનને પ્રાપ્ત થયા. પછીથી **सव्व कम्मं खवित्ता–सर्वं कर्म क्षपयित्वा** અઘાતિયા વેદનીય આયુ નામ

અને ગોત્ર આ ચાર અવશિષ્ટ કર્મોને ખપાવીને **अणुत्तरां सिद्धिं पत्ता–अनुत्तराम् सिद्धिं प्राप्तौ** સર્વોત્કૃષ્ટ મુક્તિ રૂપ સિદ્ધિ ગતિને પ્રાપ્ત થયાં. રાજીમતી અને રથનેમિની કુલ આયુ નવસોને એક વરસની હતી. આમાં આ બન્નેએ ૪૦૦ ચારસો વર્ષ તો ગૃહસ્થ પર્યાયમાં વ્યતીત કર્યાં. એક વર્ષ છદ્મસ્થ અવસ્થામાં ગયું તથા ૫૦૦ પાંચસો વર્ષ કેવળી પર્યાયમાં સમાપ્ત કર્યા. ॥૪૯॥

હવે અધ્યયનને ઉપસંહાર કરતાં સૂત્રકાર કહે છે- "**एवं**" ઇત્યાદિ !

અન્વયાર્થ--**संबुद्धा–संबुद्धा** સમ્યગ્બોધિ વિશિષ્ટ-હેયોપાદેય જ્ઞાન સંપન્ન તથા **पंडिया–पंडिताः** વિષયોમાં પ્રવૃત્તિ કરવાના દોષોને જાણનાર તથા **पवियक्खणा–प्रविचक्षणाः** આગમના મર્મને જાણનાર તથા ચારિત્ર પરિણામોના આરાધક સાધુજન **एवं–एवम्** આ પ્રકારથી **करंति–कुर्वन्ति** કરે છે કે, **जहा–यथा** જેમ **सो पुरिसोत्तमो–स पुरुषोत्तमो** એ પુરૂષોત્તમ રથનેમિએ કરેલ છે. અર્થાત-જે પ્રકારે રથનેમિ ભોગોથીવિરક્ત બન્યા એજ પ્રકારે સંબુદ્ધ આદિ વિશેષણોથી વિશિષ્ટ સાધુજન પણ કોઇ પણ પ્રકારથી ભોગોની તરફ રૂચી જાગવ છતાં પણ **भोगेसु विनियट्टंति–भोगेभ्यः विनिवर्त्तन्ते** તે ભોગોથી, મનોજ્ઞ શબ્દાદિક વિષયોથી અલિપ્તજ રહે છેઃ આ સંબુદ્ધ આદિ વિશેષણોથી સૂત્રકારે એવું સૂચિત કરેલ છે કે, જે સંબુદ્ધ આદિ વિશેષણ વિશિષ્ટ સાધુજન હોય છે તેજ પોતાના ભગ્ન પરિણામોને ફરીથી સંયમમાં સ્થિર કરી શકે છે. જે એવા નથી તે તેવું કરી શકતા નથી. **"त्ति बेमि इति ब्रवीमि"** આ પદોનો અર્થ અગાઉ કરી દેવાયેલ છે. ॥૫૦॥

હવે અહીં નેમિનાથ પ્રભુના બાકીના ચરિત્રને કહેવામાં આવે છે તે આ પ્રકારનું છે--

પ્રભુ નેમિનાથ ભૂમંડળ ઉપર વિહાર કરતાં કરતાં ભવ્યરૂપ કમળોને સૂર્યનો માફક ખૂબ વિકસિત કર્યાં. ઉત્તમ ક્ષમા આદિ દસ પ્રકારના ધર્મનો ઉપદેશ આપ્યો. પોતાના વિહારથી દસ દિશાઓને પવિત્ર કરી. પ્રભુ શંખ. ચક્ર, આદિ લક્ષણોના ધારણ કરનાર હતા. તેમના શરીરની કાંતિ મેઘની પ્રભાના જેવી નીલરંગી હતી. શરીરની ઉંચાઇ દસ ધનુષની હતી. ભગવાનને અઢાર હજાર સાધુ હતા. ચલીસ હજાર સાધ્વીઓ હતી. એક લાખ અને ઓગણોતેર હજાર નવસો ને નવ્વાણુ શ્રાવક હતા. ત્રણ લાખ અને છત્રીસ હજાર શ્રાવિકાઓ હતી. કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને પ્રભુએ આ ભૂમંડળ ઉપર સાતસો વર્ષમાં ફક્ત ચોપન દિવસ ઓછા વિહાર કર્યો. અંતમાં રૈવતક પર્વત ઉપર પધારીને પાંચસો ૫૦૦ સાધુઓની સાથે એક માસનું અનશન

કરીને આ વિનશ્વર શરીરનો પરિત્યાગ કર્યો અને સિદ્ધિપદને પ્રાપ્ત કર્યું. ભગવાન જ્યારે મોક્ષમાં પધાર્યા ત્યારે સઘળા ઇન્દ્રોએ જયજય શબ્દ કર્યો. આ પ્રમાણે પ્રભુએ એક હજાર વર્ષની પોતાની સઘળી આયુને સમાપ્ત કરીને સિદ્ધિપદનો લાભ કર્યો. ભગવાનના બીજા ભાઇનું નામ રથનેમિ ત્રીજા ભાઇનું નામ સત્યનેમિ અને ચોથા ભાઇનું નામ દૃઢનેમિ હતું. એ ત્રણે ભાઇઓ પણ મુક્તિને પામ્યા છે. આ પ્રમાણે ભગવાન અરિષ્ટનેમિનું ચરિત્ર છે.

આ ઉત્તરાધ્યયન સૂત્રના બાવીસમા અધ્યયનનો
અનુવાદ સંપૂર્ણ થયો. ॥ ૨૨ ॥

卐

तेवीसवां अध्ययन और पार्श्वनाथ के चरित्र का निरूपण

तेवीसमा अध्ययननो प्रारंभ

રથનેમિ નામનું બાવીસમું અધ્યયન સંપૂર્ણ થયું છે. હવે કેશીગૌતમીય નામના આ તેવીસમા અધ્યયનની શરૂઆત થાય છે. બાવીસમા અધ્યયનની સાથે આ અધ્યયનનો સંબંધ આ પ્રકારથી છે–પૂર્વ અધ્યયનમાં એવું કહેવામાં આવેલ છે કે, જો કોઇ પ્રકારે સાધુને પોતાના ચારિત્રથી અરૂચી, માનસિક વિપ્લવ થઇ જાય તો પણ તેણે રથનેમિની માફક ધર્મમાં શ્રદ્ધા ધારણ કરવી જોઇએ. હવે આ અધ્યયનમા એ બતાવવામા આવશે કે, બીજાઓના મનમાં પણ ઉદ્ભવેલ મનો વિપ્લવ કેશી ગૌતમની માફક દૂર કરવા જોઇએ. આ સંબંધને લઇને પ્રારંભ કરવામાં આવેલ આ અધ્યયનનું આ પ્રથમ સૂત્ર છે. "**जीणे**" ઇત્યાદિ।

અન્વયાર્થ–**जिणे–जिनः** રાગદ્વેષ ઉપર વિજય પ્રાપ્ત કરનાર **पासेत्ति नामेणं–पार्श्व इति नाम्ना** પાર્શ્વનાથ એ નામથી પ્રસિદ્ધ **जिणे–जिनः** જીન ભગવાન હતા. તેઓ **अरहा–अर्हन्** તીર્થંકર પદના ધારક હતા. **लोग पूइए–लोकत्रयपूजितः** ત્રણ લોકથી પૂજાતા હતા, **संबुद्धप्पा–संबुद्धात्मा** સ્વયં બુદ્ધ હતા સઘળા **सव्वण्णू–सर्वज्ञः** ત્રિકાળદર્શી પદાર્થોને એકસાથે જાણનાર હતા. તથા **धम्मतित्थयरो–धर्मतीर्थकरः** ભવાબ્ધિથી તરવાના હેતુ હોવાથી ધર્મરૂપ તીર્થના પ્રવર્તક હતા.

એ પાર્શ્વનાથ પ્રભુના દસ ભવોમાંથી પ્રથમ ભવ મરૂભૂતિનો વૃત્તાંત આ પ્રકારનો છે—

આ ભરતક્ષેત્રમાં સઘળી શોભાના ધામ તથા લક્ષ્મીરૂપી લલનાના લલામ કલાગૃહ એક પોતનપુર નામનું ગામ હતું. ત્યાં અરવિંદ નામના રાજા રાજ્ય કરતા

હતા. જે ઘણા જ ધર્માત્મા હતા એમનું મન સદાના માટે ભ્રમરાની માફક સર્વજ્ઞ દ્વારા પ્રતિપાદિત ધર્મરૂપી અરવિંદના મકરંદનું પાન કરવા તરફ ઘણું જ ખેંચાયેલું રહ્યા કરતું હતું. સઘળા ગુણોથી એ અલંકૃત હતા ચતુર્વિધ સૈન્ય જેમની સેવામાં હતું. એમને એક પુરોહિત હતો. જેનું નામ વિશ્વભૂતિ હતું. તે સઘળા શાસ્ત્રોને જાણનાર તથા જીનધર્મમાં શ્રદ્ધાવાળો હતો. પુરોહિતની ધર્મપત્નીનું નામ અનુદ્ધરા હતું. તે પતિ સેવા કરવામાં ચતુર હતી. તેને કમઠ અને મરૂભૂતિ નામના બે પુત્ર હતા. કમઠની પત્નીનું નામ વરૂણા હતું અને મરૂભૂતિની પત્નીનું નામ વસુંધરા હતું. વિશ્વભૂતીએ જ્યારે પોતાના બન્ને પુત્રોને ગૃહસ્થાશ્રમનો બોજો ઉઠાવવામાં યોગ્ય જાણ્યા ત્યારે તેણે પોતાના ઉપરનો ગૃહસ્થાશ્રમનો સઘળો ભાર પોતાના બન્ને પુત્રોના કાંધ ઉપર નાખીને પોતે પૂણ્ય કાર્યમાં લવલીન બની ગયા. કેટલાક સમય બાદ પુરોહિત મરીને દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. તથા એમની પત્ની કે જેનું નામ અનુદ્ધરા હતું તે પણ પૂણ્યકાર્ય કરવાના કારણે મરીને સ્વર્ગલોકમાં ગઇ રાજાએ વિશ્વભૂતિનું પુરોહિત પદ તેના મોટા પુત્ર કમઠને આપ્યું. એનો નાનો ભાઇ જે મરૂભૂતિકુમાર હતો તે મનમાં સંયમની અભિલાષા ધારણ કરીને નિરંતર ધર્મકર્મમાં લવલીન બની સમય વિતાવતો હતો. તેનું ચિત્ત વિષય સેવનના તરફ ન હતું.

એક દિવસની વાત છે કે, કમઠ પોતાના નાના ભાઇની પત્ની વસુન્ધરા કે જે પોતાના સુંદર એવા રૂપને કારણે રતિને પણ લજ્જીત કરતી હતી તે સર્વાંગ સુંદર યુવતા હતી તેને જોઇને કમઠ ચલિતચિત્ત બની ગયો. વસુંધરામાં આસક્તચિત્ત થઈને તેણે પોતાની લજ્જાના બાનાને ઉતારીને ફેંકી દીધું. પરસ્ત્રી લંપટોમાં સ્વભાવતઃ આવો રોગ હોય છે. કે લજ્જા જેવી સુંદર ચીજ એમની પાસે જોવામાં આવતી નથી. વસુંધરા અને પોતાના પતિના દુષ્કૃત્યની પૂરેપૂરી હકીકત કમઠની સ્ત્રી વરૂણાને મળતાં તેણે એ બન્નેના ગુપ્તપ્રેમની કહાણીને પોતાના દેર મરૂભૂતિ પાસે રજુ કરી દીધી. પોતાની ભાભીનાં વચનને સાંભળીને મરૂભૂતિએ આ વાતને પોતાની સગી આંખથી જોવાના અભિપ્રાયથી કમઠની પાસે પહોંચ્યો. અને જઇને કહેવા લાગ્યો કે, મોટાભાઈ હું બીજે ગામ જવા ઇચ્છું છું જેથી તમારી પાસે આજ્ઞા લેવા આવ્યો છું જેથી આપ આજ્ઞા આપો કમઠે મરૂભૂતિને જવાની આજ્ઞા આપી. મરૂભૂતિ કમઠની રજા મળતાં જ ત્યાંથી બહારગામ જવા ચાલી નીકળ્યો. થોડે દૂર જઇને તે ભીખારીનો વેશ ધારણ કરીને તેમજ પોતાના અવાજને પણ ફેરવીને રાત્રીના સમયે પોતાને ઘેર આવી સાવ અણજાણ એવી રીતે કમઠને કહ્યું કે ગૃહપતિ ! ઠંડીથી ખૂબજ અકળાયેલો એવો હું વટેમાર્ગુ છું અને ઘણે દૂરથી આવતો હોવાથી ઘણો જ થાકી ગયો છું જેથી અહીં રોકાવા માગું છું તો આપ મને આપને ત્યા રોકાઈ શકું એ ખાતર સ્થળ આપી શકો છો ? અને જગ્યા પણ એવી આપો કે, જ્યાં મને ઠંડીનો ત્રાસ ભોગવવો ન પડે. ભીખારીની વાત સાંભળીને કમઠે કહ્યું કે, હે ભિક્ષુક તમે અહીં મારી પાસે આ ઘરમાં રોકાવ. મરૂભૂતિ તેની આજ્ઞા મેળવીને ત્યાં રોકાઈ ગયો અને ઉંઘવાનું બહાનુ કરીને ત્યાં સુઈ ગયો. પહેલાની માફક કમઠ અને વસુન્ધરા મરૂભૂતિ બહા-

રગામ ગયેલ છે આ ખ્યાલથી તદ્દન બેફીકર બનીને દુરાચારનું સેવન કરવામાં પ્રવૃત્ત બની ગયાં એ બન્નેના દુષ્ટાચારને પોતાની આંખેથી જોઈને મરૂભૂતિ પ્રાતઃકાળ થતાં જ ત્યાંથી નીકળીને રાજા અરવિંદની પાસે પહોંચ્યો અને ત્યા જઈને તેણે પોતાની પત્ની તથા પોતાના મોટાભાઇ કમઠના દુરાચારની સઘળી વાત તેને કહી સંભળાવી. રાજાએ દુરાચારની વાત સાંભળીને ઘણો જ અફસોસ જાહેર કર્યો અને તુરતજ રાજાએ રાજ પુરૂષોને બોલાવીને એવી આજ્ઞા આપી કે, તાત્કાલીક અપરાધી કમઠનું માથું મુંડાવી તથા તેના ગળામાં ચામડાના જોડાની માળા પહેરાવીને મળમૂત્રથી તેના શરીરને લીંપાવીને તેને નગરથી બહાર કાઢી મૂકો. આ પ્રકારે જ્યારે તેને નગરથી બહાર કાઢી મૂકવામાં આવે ત્યારે તેને ગધેડા ઉપર બેસાડીને ગામ વચ્ચેથી બહાર કાઢવો. તેના ગળામાં જોડાઓની જે માળા પહેરાવવામાં આવે તેની વચમાં વચમાં માટીના શરારો પરોવવા તેમજ તેને શહેરની બહાર આ રીતે ગધેડા ઉપર બેસાડીને કાઢવામાં આવે ત્યારે ડીમડીમ વાજાં વગાડીને તેના અનાચારને લોકો સમક્ષ જાહેર કરવામા આવે. આ પ્રમાણે આખા નગરમાં ચારે તરફ તેને ફેરવવામાં આવે. રાજાની આ પ્રકારની આજ્ઞા મળતાં રાજપુરૂષોએ રાજઆજ્ઞા અનુસાર કરીને એ દુરાચારી કમઠ પુરોહિતને નગરથી બહાર કરી દીધો. આ પ્રમાણે મરણથી પણ અતિ ભયંકર એવા અપમાન પામવાથી એ કમઠના મનમાં તીવ્ર વૈરાગ્યભાવ જાગ્રત થઇ ગયો. આથી તે વનમાં ચાલ્યો ગયો ત્યાં તેણે તાપસના વેશમાં રહીને ખૂબ જ શ્રદ્ધાપૂર્વક તપ તપવાનો પ્રારંભ કરી દીધો આ તરફ મરૂભૂતિએ જ્યારે કમઠના આવા પ્રકારની દુઃસહ વિટંબના જોઇ ત્યારે તેનું અંતઃકરણ પશ્ચાત્તાપથી ઉકળી ઉઠયું અને તે મનોમન વિચારવા લાગ્યો કે, મને ધિક્કાર છે, વ્યર્થમાં મેં મારૂં ગૃહછિદ્ર રાજા પાસે જાહેર કરીને આ પ્રકારની આપત્તિ ઉભી કરેલ છે. મોટાભાઇની આવી દુર્દશાનું કારણ હું જ છું. મારી આ પ્રકારની મૂર્ખતાના કારણે આજે મારા હાથે મારૂં ઘર ઉજડ બનેલ છે. સાચું છે નીતિકારોનું એ કહેવું છે કે, "પોતાના ઘરનું છિદ્ર કોઇ પણ ભોગે કયાંય પ્રગટ ન કરવું જોઈએ "મેં આ નીતિ વચનનું શા માટે ઉલ્લંઘન કર્યું ? રોષના આવેષમાં આવી જઇને મેં ઘરનો અને બહારનો કાંઇ પણ વિચાર ન કર્યો, આથી મારી ભલાઇ તો હવે એમાં જ રહી છે કે, હું મોટાભાઇના પગમાં પડીને મારા આ અપરાધની ક્ષમા યાચના કરૂં. એમના ચરણોમાં પડીને મારા અપરાધની ક્ષમા માગું અને તેમને ફરી પાછા ઘરમાં લઈ આવું. આ પ્રકારનો વિચાર કરીને મરૂભૂતિ તે સમયે ઘરથી નીકળીને વનમાં ગયો. ત્યાં પહોંચીને તેણે ઘણા જ પ્રેમથી ભાઇના ચરણોમાં નમન કર્યું નમન કરતાં જ દુર્બુદ્ધિથી ભરેલા એવા એ કમઠના ચિત્તમાં પોતાની થયેલ દુર્દશાનો ચિતાર જાગૃત બન્યો અને આથી કોઈ પ્રકારનો વિચાર ન કરતાં એક પત્થરની શીલા ઉપાડીને તેના માથા ઉપર ઝીંકી. કમઠ દ્વારા મસ્તક ઉપર થયેલા શીલાના પ્રહારથી મરૂભૂતિનું મસ્તક છુંદાઈ ગયું અને એ પ્રહારના કારણે આર્તધ્યાનથી મરીને વિંધ્યાચળ પર્વત ઉપર હાથીની પર્યાયમાં ઉત્પન્ન થયો.

આ મરૂભૂતિનો પ્રથમ ભવ થયો,

બીજો ભવ હાથીનો આ પ્રમાણે છે.—

મરૂભૂતિ આર્ત્તધ્યાનના પ્રભાવથી વિંધ્યાચળ પર્વત ઉપર યૂથ અધિપતિ હાથીની પર્યાયમાં ઉત્પન્ન થયો આ સમયની જ આ વાત છે કે, અરવિંદ રાજાને વૈરાગ્યનો રંગ લાગી રહ્યો હતો એ વાત આ પ્રકારની છે—

શરદ ઋતુમાં અરવિંદ રાજા પોતાની સ્ત્રિયોની સાથે પોતાના રાજભવનના ઉપરની અગાસી ઉપર બેસીને આનંદનો અનુભવ કરી રહેલ હતો તે સમયે તેણે વીજળીના ચમકારા સ થે ગર્જના કરતા મેઘને ચઢો આવતો જોયો. થોડી જ વાર પછી જ્યારે તેમણે ફરી આકાશ તરફ જોયું તો ઈન્દ્રધનુષ્યથી દેદીપ્યમાન એવું મેઘનું આગમન તેમની દૃષ્ટિએ ન પડયું. આ પ્રમાણે જોયા પછી એના દિલમાં એકાએક પ્રકાશ જાગી ઉઠયો. અને તે મનોગત વિચારવા લાગ્યો કે, મેં થોડી જ વારમાં પહેલાં મેઘની જે ઘટા ચઢેલી જોયેલ હતી તે કેટલી ચિત્તને આકર્ષણ કરનાર હતી. જળમાં જે પ્રમાણે તેલનું નાનું સરખું ટીપું ફેલાઇને મોટું દેખાય છે. આ પ્રમાણે મેઘ પણ આકાશમાં ફેલાઇને કેવું આકર્ષણ જમાવી રહેલ હતો. પરંતુ વાયુથી એનું આ પ્રકારનું સુંદર રૂપ સહન ન થયું જેથી પોતાના ઝપાટાથી ભાગ્યહીન પુરૂષની ઇચ્છા જે પ્રમાણે છિન્નભિન્ન જ થવા સરજાય છે તે પ્રમાણે અકાળે જ તેને છિન્નભિન્ન કરી દીધો. આથી એ વાત સિદ્ધ થાય છે કે, જે પ્રકારે જોતજોતામાં એ મેઘ વિલીન થઇ ગયો. એજ રીતે સંસારના સઘળા પદાર્થ પણ જોતજોતામાં નષ્ટ થઇ જનારા છે. આથી મોક્ષના અભિલાષીયોએ એનામાં જરાપણ અનુરાગ રાખવો ન જોઇએ એમાં અનુરાગ રાખનારા અજ્ઞાની છે. આ પ્રકારની વિચારધારાએ અરવિંદ રાજાના જીવનને તાત્કાલ જ બદલી નાખ્યું. તેણે પોતાના પુત્રને રાજયગાદી ઉપર સ્થાપિત કરી વૈરાગ્ય ભાવની જાગ્રતિથી અને જાતિસ્મરણ જ્ઞાનથી પ્રસન્નગુપ્તાચાર્યની પાસે જઇને ભગવતી દીક્ષા ધારણ કરી લીધી. દીક્ષા ધારણ કર્યા પછી ક્રમશઃ તે ગીતાર્થ પણ બની ગયા અને અવધિજ્ઞાનને પ્રાપ્ત કર્યું. એક સમયની વાત છે કે, જ્યારે તે ગુરૂ મહારાજની આજ્ઞા લઇને એકાકી ગ્રામાનુગ્રામ વિચરતાં વિચરતાં મરૂભૂતિનો જીવ એ હાથી જે વનમાં રહેતો હતો ત્યાં પહોંચ્યા. મધ્યાહ્નકાળ હોવાને કારણે એક વૃક્ષની શીતળ છાયા નીચે બીરાજમાન થયા. આ સમયે એક સાર્થ ત્યાં તેમની પાસે આવ્યો. એનો અધિપતિ હતો સાગરદત્ત શેઠ. એ સાર્થ મુનિરાજને નમન કરી એક બાજુ બેસી ગયો. એ સમયે હાથણીઓના વૃંદ સાથે મરૂભૂતિનો જીવ એ હાથી પણ ત્યાં જળક્રીડા કરવા માટે તળાવની પાસે આવી પહોંચ્યો, ત્યાં તેણે પોતાની ઇચ્છા અનુસાર જળક્રીડા કરી અને મનમાન્યું જળ પણ પીધું. પછી હાથણીયોથી ઘેરાયેલ એ હાથી પાણીમાંથી નીકળીને બહાર આવ્યો. બહાર નીકળતાં તેણે પોતાની દૃષ્ટિ ઉંચી કરી અને ચારે તરફ જોવા માંડયું ત્યારે તેની નજર વૃક્ષની નીચે બેઠેલા સાર્થ ઉપર પડી. સાર્થને જોતાં જ એકાએક તેનામાં ક્રોધ ઉત્પન્ન થયો અને ક્રોધથી આંધળો બનેલ એ હાથી યમરાજની માફક એકદમ એના ઉપર તૂટી પડવા ઘણા જ વેગથી તેના તરફ દોડયો. હાથીને વિકરાળરૂપ કરી પોતાના તરફ દોડયો આવતો જોઇને સાર્થના માણસો પોતાના જીવને બચાવવા અહીંતહીં નાસી છૂટયા. જ્યારે અર-

વિદ્ધ મુનીરાજ તો કાયોત્સર્ગ ધારણ કરીને બેસી ગયા. મુનિરાજે અવધિજ્ઞાન દ્વારા એ જાણી લીધું હતું કે, આ મરૂભૂતિનો જીવ છે અને બોધને યોગ્ય છે. હાથી દોડતો દોડતો મુનિરાજની પાસે આવી પહોચ્યો ત્યારે મુનિરાજને સ્થિર જોઇને તેનો ક્રોધ શાંન્ત થઇ ગયો અને તે સ્થિરભાવથી મુનિરાજની સામે આવી ઉભો રહી ગયો. હાથીએ ક્રોધને ત્યાગી દીધો છે અને સ્થિર થઇને ઉભેલ છે તે જાણીને મુનિરાજે કાયોત્સર્ગને પાર કરી એ હાથીની ભલાઇના માટે આ પ્રમાણે કહ્યું--હે ગજરાજ ! શું તમે તમારા મરૂભૂતિના ભવને અને મને અરવિંદ રાજાને ભૂલી ગયા છો ? તેમજ પૂર્વભવમાં ગ્રહણ કરેલ શ્રાવક ધર્મને પણ ભૂલી ગયા છો ? તમોને એ ધ્યાનમાં નથી કે, પૂર્વભવમાં તમે મરૂભૂતિ હતા અને હું તમારો રાજા અરવિંદ હતો. આ પ્રકારે મુનીરાજે જ્યારે કહ્યું ત્યારે એ હાથીને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થઇ ગયું. આથી તેણે એજ સમયે પોતાની સૂંઢને ઉંચી કરી મુનિરાજને નમન કર્યું. આ પછી મુનિરાજે તેને જીનેન્દ્ર ધર્મનો ઉપદેશ આપ્યો. ધર્મનો ઉપદેશ સાંભળીને હાથીએ તેનો અંગીકાર કરી લીધો. અને ગુણોના સાગર મુનિરાજને નમન કરીને પછી તે પોતાના સ્થાન ઉપર ચાલી ગયો. જ્યારે સાર્થજનોએ આ પ્રકારનું અદ્‌ભૂત દ્રશ્ય જોયું ત્યારે તેમના હૃદયમાં પણ ધર્મભાવની જાગૃતિ થઈ આવી અને હાથીના ચાલી ગયા પછી તેઓ મુનિરાજની પાસે આવી પહોચ્યા અને ખૂબજ ભક્તિભાવ પૂર્વક મુનિરાજના ચરણમાં વંદન કરીને તેમને પૂછયું--ભગવાન ! આપ કોણ છો ? આપનો શું ધર્મ છે ? આપનું નામ શું છે ? મુનિરાજે ઉત્તરમાં પોતાનું નામ તથા ધર્મ આદિ સઘળો વૃત્તાંત કહી સંભળાવ્યો. પછીથી જીનેન્દ્રનો ધર્મ કેવો છે એ પણ એમને સમજાવ્યું. અને કહ્યું કે, આ ધર્મ સંપૂર્ણ વિશુદ્ધ છે. આ પ્રકારનો મુનિરાજનો ધાર્મિક ઉપદેશ સાંભળીને એ સઘળા સાર્થજનોએ શ્રાવક ધર્મનો અંગીકાર કર્યો. અને જીનેન્દ્ર માર્ગના અનુયાયી બની ગયા. મુનિરાજના ઉપદેશથી મરૂભૂતિનો જીવ હાથી પણ મુનિની માફક ઈર્યાપથથી ચાલવા લાગ્યો તથા છઠ આદિકનો તપસ્યા પણ કરવા લાગ્યો. અને પારણાના દિવસે સૂકાં પાંદડાં વગેરેનો આહાર કરવા માંડયો. જ્યારે તેને તરસ લાગતી ત્યારે તે વનલેંસ આદી જનાવરો જેમાં આળોટતાં એવા પાણીના ખાડાઓમાંથી પાણી પીઈ લેતો. આ પ્રમાણે સઘળા લોગોનો પરિત્યાગ કરીને તેસર્વ પ્રકારના શુભાશયવાળો બની ગયો.

બીજી બાજુ પોતાના ભાઇ મરૂભૂતિને મારી નાખવા છતા પણ કમઠનો ક્રોધ શાંન્ત ન થયો. અને એ ક્રોધથી બળી રહેલ એવો એ કમઠ રખડી રજળીને મર્યો ત્યારે તેનો જીવ વિંધ્યાટવીમાં કુકકુટ જાતીના સર્પરૂપે સર્પપણાથી ઉત્પન્ન થયો. એક દિવસની વાત છે કે, મારૂભૂતિનો જીવ હાથી એજ વિંધ્ય અટવીમાં ફરતો ફરતો સૂર્યના પ્રખર તાપથી ત્રાસ પામતો પાણી પીવા માટે તળાવની પાસે પહોંચ્યો. હાથીને પાણી પીવા તળાવમાં જતાં સર્પે જોઇ લીધો. આ સમયે પ્રખર એવા તાપને લઈ તળાવનું મોટા ભાગનું પાણી સૂકાઇ ગયું હતું અને ચારે બાજુ કાદવના થર જામી પડેલ હતા. પાણીની તરસથી અકળાઇ રહેલ એ હાથીએ કાદવમાં થઇને પાણી તરફ જવા માંડયું પરંતુ વચ્ચેજ તે કાદવમાં ઉંડો ખૂતી ગયો. આ

તકનો લાભ લઈ કમઠના જીવ એ સર્પે તેના ઉપર તરાપ મારીને તેના માથા ઉપર ડંખ માર્યો. સર્પના કરડવાથી તેનું ઝહેર હાથીના સારાએ શરીરમાં પ્રસરી ગયું. હાથીએ પોતાનો મરણ કાળ નજીક જાણીને સમાધી મરણ ધારણ કરી લીધું. અને આહાર પાણીનો પરિત્યાગ કરી સર્પના ઝહેરની દુઃસહ વેદનાને સમતા ભાવથી સહન કરી અને પંચ નમસ્કાર મંત્રનો જાપ કરતાં કરતાં તેણે પોતાના પ્રાણોનું વિસર્જન કર્યું. આથી તે ત્રીજા ભવમાં દેવ પર્યાયમાં ઉત્પન્ન થયા અને સહસ્રાર નામના આઠમા દેવલોકમાં તે દેવ થયા ત્યાં એમની આયુ સત્તર સાગરની હતી. કુક્કુટ નાગનો જીવ પણ પોતાની પર્યાયને છોડીને પાંચમી પૃથ્વીમાં સત્તર સાગની આયુષ્યવાળો નારક થયો.

આ મરૂભૂતિનો બીજો અને ત્રીજો ભવ થયો.

મરૂભૂતિનો કિરણવેગ નામનો ચોથો ભવઃ—

સત્તર સાગર પ્રમાણ આયુવાળા સહસ્રાર દેવલોકમાં રહેતાં રહેતાં મરૂભૂતિના જીવનો દેવલોકની આયુ પૂરી થઈ ત્યારે તે દેવલોકથી ચવીને જંબુદ્વીપમાં પૂર્વ મહાવિદેહસ્થ સુકચ્છ વિજયાન્તરર્ગત વૈતાઢય પર્વત ઉપર આવેલી તિલક નામની નગરી કે જે પોતાની શોભથી આલકાપુરીના જેવી શોભાયમાન હતી તેમાં ત્યાંના સ્વામી વિદ્યુતગતિ વિદ્યાધરની કનક તિલકા પત્નીની કુંખેથી અવતર્યો. ગર્ભનો સમય પૂરો થયો ત્યારે કનકતિલકાએ જોનારના મનને અતિ આનંદ પમાડે તેવા સુકુમાર પુત્રને જન્મ આપ્યો. માતાપિતાને પુત્રના જન્મથી ઘણોજ હર્ષ થયો. આ બન્નેએ પુત્રનું નામ 'કિરણવેગ' રાખ્યું. બીજના ચંદ્રમાની માફક કિરણવેગ ક્રમશઃ વધવા લાગ્યો. ઉમરના વધવાની સાથોસાથ કળાઓનો અભ્યાસ પણ કરવા માંડયો. જ્યારે તેણે યુવાવસ્થા પ્રાપ્ત કરી ત્યારે સઘળી કળાઓણાં પણ ભારે નિપુણતા મેળવી લીધી હતી. રૂપ, ચરિત્ર અને ઔદાર્ય આદિ ગુણોથી શોભાયમાન એવા એ કુમારનાં અનેક રાજકન્યાઓની સાથે લગ્ન પણ કરી દેવામાં આવ્યાં. ધીરે ધીરે કુમાર જ્યારે રાજ્યનો કારોબાર ચલાવવામા કુશળ બની ગયો ત્યારે વિદ્યુદ્ગતિ વિદ્યાધરે એને રાજ્યગાદિ ઉપર બેસાડીને ગુપ્તાચાર્ય મહારાજની પાસે જઈને ભાગવતી દીક્ષા ધારણ કરી લીધી. કિરણવેગે ઘણીજ બુધ્ધિમત્તાની સાથે ન્યાયનીતિ પૂર્વક રાજ્યનું સંચાલન કરી પ્રજાને ખૂબ આનંદમાં રાખી. આપ્રમાણે રાજ્યનો ભાર સંભાળતાં સંભાળતાં કિરણવેગનાં કેટલાંક વરસો વ્યતીત થઈ ગયાં. એક સમયની વાત છે કે, કિરણવેગે સુરગુરૂ નામના કોઈ એક મુનરિાજના મુખેથી ધાર્મિક દેશનાનું જ્ઞાન પ્રાપ્ત કર્યું એના પ્રભાવથી તેના ચિત્તમાં વૈરાગ્યનો તીવ્ર રંગ જામી ગયો. આથી તેણે પોતાના પુત્રને રાજ્યગાદી સુપ્રદ કરી દઈને પોતે મુનિરાજની પાસેથી ભાગવતી દીક્ષા ધારણ કરી લીધી. દીક્ષા લીધા પછી તેમણે ગુરૂની પાસેથી આગમોનું ખૂબ જ્ઞાન મેળવ્યું. આગમોના અધ્યયનથી તેઓ ગીતાર્થ બની ગયા. અને

એકાકી વિહાર કરતાં કરતાં આકાશ માર્ગથી પુષ્કર દ્વીપમાં પહોંચ્યા. ત્યાં તેમણે કનકગિરી નામના પર્વતની પાસે કાયોત્સર્ગ પૂર્વક અનેક પ્રકારના તપોને તપવાનો પ્રારંભ કર્યો

બીજી બાજુ પાંચમા નરકમાંથી પોતાની આયુની સમાપ્તિ પછી કમઠનો જીવ ત્યાંથી નીકળીને કનકગિરિ પર્વતની ગુફામાં મહાવિષવાળા સર્પની પર્યાયમાં અવતર્યો. એક દિવસની વાત છે કે, જ્યારે તે ગિરિની પાસે ઘૂમી રહેલ હતો ત્યારે તેણે કાયોત્સર્ગમાં સ્થિત ધ્યાનસ્થ એવા કિરણવેગ મુનિરાજને જોયા. જોતાં જ તેના ક્રોધનું ઠેકાણું ન રહ્યું. પૂર્વભવના બંધાયેલ વેરથી ક્રોધિત બનીને તેણે મુનિવરના પ્રત્યેક અંગ ઉપર ડંખ માર્યો. આ પ્રકારે સર્પના ડસવાથી તે કિરણવેગ મુનિરાજ અનશન કરીને વિચારવા લાગ્યા કે, આ સર્પ મારો મિત્ર છે. કેમકે, કર્મોની નીર્જરા કરવામાં તે મને સહાયક બનેલ છે. આથી તે પ્રસંશનીય છે, નિંદનીય નહીં. આ પ્રકારની ઉજ્વળ વિચારધારાથી ઓતપ્રોત બનીને કિરણવેગ મુનિરાજે પોતાના પ્રાણોનો પરિત્યાગ કરી દીધો.

આ મરૂભૂતનો કિરણવેગ નામક ચોથો ભવ થયો.

પાંચમો દેવ ભવ

પ્રાણોનો પરિત્યાગ કરીને તે અચ્યુત નામના બારમા દેવલોકમાં જમ્બૂદ્રુમાવર્ત નામના વિમાનમાં બાવીસ સાગરની સ્થિતિવાળા દેવ થયા. તેમનું શરીર ત્યાં પ્રભાથી ભાસુર હોવાથી તેમનું નામ પ્રભાભાસુર થયું. સર્પ પણ ભ્રમણ કરતાં કરતાં એક સમયે તે વનમાં દાવાનળથી બળીને પોતાના પ્રાણોનો ત્યાગ કરીને છઠા નરકમાં નારકી બન્યો.

આ પાંચમો ભવ થયો

મરૂભૂતિનો છઠ્ઠો વજ્રનાભનો ભવઃ—

કિરણવેગ મુનિનો જીવ પોતાના જીવનનો સમય સમાપ્ત કરી તે અચ્યુત સ્વર્ગથી ચવીને આ જમ્બૂદ્વીપના પશ્ચિમ વિદેહ ક્ષેત્રમાં સુગંધિ વિજયમાં રમણીય એવી જે શુભંકર પુરી હતી તેના અધિપતિ મહાપરાક્રમશાળી વજ્રવીર્ય રાજાની સાક્ષાત્ લક્ષ્મી જેવી લક્ષ્મીવતી રાણી હતી તેની કૂખેથી અવતર્યો ગર્ભનો સમય પૂરો થતાં લક્ષ્મીવતીએ પૂર્વ દિશા જે રીતે સૂર્યને જન્મ આપે છે તે રીતે તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. માતાપિતાએ પુત્રના જન્મથી ઉત્સાહિત બનીને અગ્યાર દિવસ સુધી પુત્ર જન્મનો ઉત્સવ મનાવ્યો. પછી બારમા દિવસે ઘણાજ ઉત્સાહથી પુત્રનું નામ વજ્રનાભ રાખ્યું. વજ્રનાભ ક્રમશઃ વધવા લાગ્યા. ઉમરની વૃદ્ધિ થતાં તેણે કલાચાર્યની પાસેથી સઘળી કળાઓનો અભ્યાસ પણ કરી લીધો. જ્યારે તે યુવાવસ્થાએ પહોંચ્યા ત્યારે પિતાએ તેને તરૂણ જાણને અનેક રાજકન્યાઓની સાથે તેનો વિવાહ સંબંધ પણ કરી દીધો વજ્રનાભકુમાર જ્યારે રાજ કાર્યને સંભાળવામાં યોગ્ય બની ગયા ત્યારે પિતાએ રાજ્યનો ભાર તેને સુપ્રદ કરી દીક્ષા

ધારણ કરી લીધો. વજ્રનાભકુમારે ન્યાયનીતિ અનુસાર રાજ્યનું સંચાલન કરીને પ્રજાને ખૂબજ સંતોષ આપ્યો. આ પ્રમાણે રાજ્ય કરતાં કરતાં જ્યારે તેમની આયુનો ઘણો સમય વ્યતીત થઈ ચૂકયો ત્યારે વજ્રનાભ રાજાએ પણ પોતાના ચક્રયુધ નામના પુત્રને રાજ્ય સંચાલન કરવા માં યોગ્ય જાણીને તેને રાજ્યગાદી સુપ્રદ્ધ કરી ક્ષેમકર નામના આચાર્યની પાસે તેમણે મુનિદીક્ષા ધારણ કરી લીધી દીક્ષિત થતાજ વજ્રનાભ મુનિરાજે અત્યંત કઠોર એવા તીવ્રતપો તપવાનો પ્રારંભ કરી દીધો અને પરીષહોને શાંતિભાવથી સહન કરવા એ તરફજ પોતાનો સઘળો સમય વ્યતીત કરવાનો પ્રારંભ કરી દ ધો આ પ્રકારે તેમને ક્રમશઃ આકાશ ગમન આદિ અનેક લબ્ધિયો પ્રાપ્ત થઇ ગઈ. એક દિવસ વજ્રનાભ મુનિરાજે પોતાના ગુરૂદેવ પાસેથી એકાકી વિહાર કરવાની આજ્ઞા પ્રાપ્ત કરી લીધી. આ પછી તેઓ એકાકી વિહાર કરતા આકાશ માર્ગથી સુકચ્છ વિજયમા પહોચ્યા. ત્યાં પહોચીને વિહાર કરતાં કરતાં તેઓ ભયંકર જંગલની અંદરના જ્વલનગિરિ પર્વત ઉપર પહોંચ્યા. જે સમયે મુનિરાજ આ પર્વત ઉપર પહોંચ્યા એ સમયે સૂર્ય અસ્તાચળ તરફ જઈ રહેલ હતા. આથી સત્વશાળી એ મુનીરાજ એ પર્વતની એક ગુફામાં કાયોત્સર્ગ કરીને રોકાઇ ગયા.

જ્યારે પ્રાતઃકાળનો સમય થયો ત્યારે અને સૂર્યનો ઉદય થયો ત્યારે જીવોની રક્ષામાં પરાયણ એવા મુનિરાજે ત્યાંથી નીકળીને વિહાર કરી દીધો. આ સમયે એક કુરગહક નામનો ભીલ્લ પણ પોતાના સ્થાનમાંથી શિકાર કરવા માટે નિકળી પડેલ હતો. આ ભીલ્લનો જીવ તે બીજો કોઇ નહીં પરંતુ નરકમાંથી નીકળેલો સર્પનો જીવ હતો. જે અનેક પર્યાયમાં ભ્રમણ કરીને આ ભીલ્લની પર્યાયમાં ઉત્પન્ન થયેલ હતો જ્યારે તે શિકાર માટે નીકળ્યો ત્યારે તેની દૃષ્ટિ સહુથી પ્રથમ મુનિરાજ ઉપર પડી. એમને જોતાંજ પૂર્વભવના વેરના કારણે તેનો સ્વભાવ ગરમ થઈ ગયો. તેણે વિચાર કર્યો કે, વેરથ નીકળતાંજ મને આ અપશુકન થયેલ છે. આથી તેણે ધનુષ ઉપર તીક્ષ્ણ બાણ ચડાવીને મુનિરાજના હૃદય ઉપર માર્યું. તેનાથી વીંધાઈને મુનિરાજ "નમો અરિહંતાણં" કહેતાં કહેતાં જમીન ઉપર બેસી ગયા, અને ભક્ત પ્રત્યાખ્યાન કરીને તેમજ સઘળાં જીવોને ક્ષમા આપીને અને તેમની પાસેથી પોતાના દોષોની ક્ષમા માગીને શુભધ્યાન પૂર્વક પ્રાણોનો પરિત્યાગ કરી દીધો.

આ છઠ્ઠો ભવ થયો.

સાતમો લલિતાંગ દેવનો ભવઃ—

એ મુનિરાજ આ પ્રકારે મરીને મધ્યમ ગ્રૈવેયકમાં લલિતાંગ નામના દેવ થયા. તથા સ્વભાવતઃ દુષ્ટ એવો એ ભીલ્લ મરીને રૌરવ નામના સાતમા નરકમાં નારકી થયો

આ સાતમો ભવ થયો

આઠમો સુવર્ણબાહુનો ભવ આ પ્રકારનો છે—

વજ્રનાભનો જીવ મધ્યમ ગ્રૈવેયકની સ્થિતિ ભોગવતાં ભોગવતાં એ આયુને

સમાપ્ત કરી ત્યાંથી ચવીને જમ્બૂદ્વીપમાં પૂર્વ મહાવિદેહમાં આવેલ એ ક્ષેત્રના વિભૂષણ સ્વરૂપ તથા ધન ધાન્ય હિરણ્ય, સુવર્ણ અને માણિક્ય આદિથી ભરપૂર પુરાણપુરમા મહાબલિષ્ટ કુલિશબાહૂ નામના રાજાને ત્યાં તેમની સુદર્શના નામની રાણીની કૂખેથી અવતર્યો. એ સુદર્શના રાણી ઘણીજ સુંદર હતી. રાણી સુદર્શનાના ગર્ભમાં જ્યારે તે પ્રવિષ્ટ થયા ત્યારે રાણીએ નિદ્રામાં ચૌદ સ્વપ્નને જોયાં હતાં. ગર્ભકાળ નવ મહિના અને સાડાસાત રાત્રી પૂરો થવાથી સુદર્શનાએ સઘળા લોકોના મનને આનંદ પમાડે તેવા એક સુંદર પુત્રને જન્મ આપ્યો. માતા પિતાને આ પુત્રની પ્રાપ્તિથી હર્ષનો પાર ન રહ્યો. માતાપિતાએ ઘણાજ ઠાઠમાઠ સાથે તેનું નામ સુવર્ણબાહુ રાખ્યું. તેના લાલન પાલનની વ્યવસ્થા ધાઇ માતાઓ દ્વારા થતી હતી. એમણે ઘણાજ પ્રેમથી કુમારનું લાલન પાલન કર્યું. સુવર્ણબાહુ ધીરે ધીરે વધવા લાગ્યા. સાથો સાથ તેણે કળાચાર્યોની પાસેથી સઘળી કળાઓનો અભ્યાસ પણ કરી લીધો. આ પ્રકારે વધતાં વધતાં તે જ્યારે યુવાવસ્થાએ પહોંચ્યો ત્યારે કુલિશબાહુ રાજાએ તેનો રૂપગુણથી સંપન્ન એવી ઘણી રાજકન્યાઓ સાથે વિવાહ કરી દીધો આ પછી રાજ્ય કારોબાર સંભાળવામાં કુશળ જાણીને રાજાએ તેને રાજ્યગાદી સુપ્રદ કરીને પોતે મુનિ દીક્ષા ધારણ કરી લીધી. રાજ્યધુરા પોતાના હસ્તક આવતાં સુવર્ણબાહુએ ન્યાય નીતિ અનુસારજ પ્રજાનું સારી રીતે પાલન કર્યું. એક દિવસની વાત છે કે, સુવર્ણબાહુ રાજા અશ્વક્રીડા કરવા માટે સૈનિકોની સાથે ઘોડા ઉપર બેસી નગરની બહાર નીકળ્યા. આમા એક ઘોડો વક્રશિક્ષિત હતો તેના ઉપર સ્વાર થઇ તેને ફેરવવા લાગતાં ઘોડો તેને અવળી દિશા તરફ એક ઘોર જંગલમાં લઇ ગયો. એ જંગલમાં મૃગોનાં ઝુંડનાંઝુડ ફરતાં હતાં. ઘોડો ચાલતાં ચાલતાં થાકી ગયો હતો અને તરસથી પણ વ્યાકૂળ બની ગયેલો હતો. જંગલમાં ચાલતાં ચાલતાં તેણે એક સરોવર ભાળ્યું જેથી તે ત્યાં ઉભો રહી ગયો. ઘોડો ઉભો રહેતાં જ રાજા તેના ઉપરથી નીચે ઉતરી ગયો અને તેને સરોવર પાસે લઈ જઈને પાણી પાયું. અને પોતે પણ પીધું. આ પછી એ સરોવરને કાંઠે થોડા સમય સુધી વિશ્રામ કર્યો. આ પછી રાજા ઘોડાને લઇને આગળ વધ્યા ત્યારે તેમની દૃષ્ટિએ તાપસનો એક આશ્રમ પડયો ત્યાં પહોંચીને જ્યારે એણે આશ્રમમાં પ્રવેશ કરવા પગ ઉપાડયો એ સમયે તેનુ ડાબુ નેત્ર ફડકવા લાગ્યું. નેત્ર ફડકતાં જ રાજાએ વિચાર કર્યો કે, અહીં મને શ્રેયની પ્રાપ્તિ જરૂર થનાર છે. આ પ્રકારનો વિચાર કરતાં કરતાં તે આગળ વધી રહેલ હતો એ સમયે પોતાની સખીઓની સાથે પુષ્પવૃક્ષોની કયારીયોને જળ સીંચી રહેલ એક તાપસ કન્યા નજરે પડી. આ સમયે રાજાના સૈનિકો પણ ત્યાં આવી પહોંચ્યાં. અનુચરોની સાથે રાજાએ આશ્રમમાં પ્રવેશ કર્યો. અનુચરો સહિત રાજાને જોઇને એ બન્ને તાપસ કુમારિકાઓને ગભરામણ થઇ રાજાએ તેમને ધર્મ બંધાવતાં એની સખીને પૂછયું કે, આ આશ્રમના કુળપતિ કોણ છે તથા આપ લોક કોણ છો ? જો કહેવામાં કાંઈ હરકત

જેવું ન હોય તો એ પણ બતાવો કે, આ આપની સખી કોણ છે ? રાજાનો પ્રશ્ન સાંભળીને તેણે કહ્યું કે, હું આશ્રમવાસી તાપસની કન્યા છું મારું નામ નંદા છે તથા મારી સાથે જે સખી છે એનું નામ પદ્મા છે. એ વિદ્યાધરાધિપતિ પદ્મપુરના રાજાની રાણી રત્નાવલીની કૂખેથી ઉત્પન્ન થયેલ છે. આનો જન્મ થતાંજ આના પિતાં મરી ગયા. ભાઈઓમાં રાજ્યના કારણે પરસ્પરમાં યુદ્ધ થયું. ત્યારે આ ઠન્યાના રક્ષણ માટે એની માતા રત્નાવલી રાણી આને લઇને પોતાના ભાઈ ગાલવ કુળપતિની પાસે આવેલ છે. આને તપસ્વીયોથી પાળી પોષિને મોટી કરવામાં આવેલ છે. આથી એ તાપસ કન્યાઓને ઉચિત એવાં જળસિંચન આદિ કાર્ય કરે છે. જેવી સંગત મળે છે તેવો મનુષ્ય બની જાય છે. અહીં થોડા દિવસો ઉપર એક જ્યોતિષી આવેલ હતા. ગાલવે એમને એવું પૂછયું કે, હે જ્યોતિષી કહો તો ખર આ વિદ્યાધર કન્યાનો પતિ કોણ થશે ? ત્યારે જ્યોતિષીએ કહ્યું કે, વજ્રબાહુ આનો પતી થશે અને તે અશ્વથી અપહૃત થઇને અહીં આવશે. આ પ્રકારની એ તાપસ કન્યાની વાતને સાંભળીને સુવર્ણબાહુ રાજાને ઘણોજ હર્ષ થયો. એણે મનમાં વિચાર કર્યો કે, જો આ ઘોડો મને ઉપાડીને અહીં લઇ આવ્યો ન હોત તો આ આશ્રમમાં હું કઈ રીતે આવી શકત. આ પ્રકારનો વિચાર કરીને સજાએ ફરીથી એ તાપસ કન્યાને પૂછયું કે, આ સમયે કુળપતિજી કયાં છે ? સૂર્યના માટે ચક્રવાકની માફક હું એમના દર્શનને માટે ઉત્કંઠિત થઈ રહ્યો છું. નંદાએ પ્રત્યુત્તરમાં રાજાને કહ્યું– મહારાજ ! કુળપતિજી તો આ સમયે કોઈ કામના માટે કયાંક ગયા છે. અને તુરતમાંજ આવી જનાર છે. આ પ્રમાણે કહ્યા પછી નંદાએ રાજાને પૂછયું કે, હે મહાભાગ ! પ્રગટરૂપમાં રાજચિન્હોને ધારણ કરવાવાળા આપ કોણ છો ? એ પ્રશ્નનો રાજાએ નંદાને કાંઇ ઉત્તર ન આપ્યો પરંતુ રાજાના અનુચરોએ ઉત્તર આપતાં કહ્યું કે, આજ મહારાજ સુવર્ણબાહુ છે. સાંભળીને નંદાનું હૃદય અત્યંત હર્ષિત બની ગયું. રાજા કુળપતિના આવવાની પ્રતીક્ષા કરવા લાગ્યો. પરંતુ જ્યારે એમના આવવામાં એને વિલંબ જણાયો ત્યારે નંદાએ સુવર્ણબાહુ રાજાને એક પર્ણકુટીમાં બેસાડીને પોતે તેના આવવાની ખબર આપવા માટે પદ્માને પોતાની સાથે લઈને રત્નાવલીની પાસે પહોંચી ગઇ. આ સમયે કુળપતિ ગાલવ પણ આવી પહોંચ્યા. નંદાએ સુવર્ણબાહુના આવવાના સમાચાર એ બન્નેને આપ્યા. કુળપતિ આથી પ્રસન્ન બન્યા અને રત્નાવલી રાણી, પદ્મા અને નંદાને સાથે લઈને સુવર્ણબાહુ રાજાની પાસે પહોંચ્યા. જ્યારે રાજાએ કુળપતિને આવતાં જોયા તો તે તેમનો સત્કાર કરવા ઉભા થઈને સામે આવ્યા. રાજાએ કુળપતિને વંદન કર્યું. આ પછી પર્ણકુટીમાં આવી કુશળ વર્તમાન પૂછયા પછી કુળપતિએ કહ્યું કે રાજન્ ! આ પદ્મા મારી ભાણેજ છે. આપને હું તે સોંપું છું તો આપ એનો પત્ની તરીકે સ્વીકાર કરો. આ આપની પત્ની થશે એ થોડા દિવસો ઉપર એક જ્યોતિષીએ પૂછવાથી

અમને કહેલ છે. ગાલવ કુળપતિનાં આ પ્રકારનાં વચન સાંભળીને રાજા એ સમયે ખૂબજ પ્રસન્ન થયો જે રીતે સ્વપ્ન જોનાર વ્યક્તિ પ્રસન્ન થાય છે. રાજાએ આ પછી એજ સ્થળે ગાંધર્વ વિધિ અનુસાર પદ્માની સાથે વિવાહ કર્યો. પદ્માનો પદ્મોત્તર નામનો એક બીજી માતાનો ભાઈ હતો. તેણે આ વિવાહની વાત જાણતાં તે સપરિવાર વિમાનમાં ત્યાં આવી પહોંચ્યો. તેણે આવતાંજ ઘણી પ્રસન્નતાથી રાજાને હાથ જોડીને પ્રાર્થના કરી કે, દેવ ! આપ મારી બહેન પદ્માના પતિ છો. આ વાતને જાણીને હું આપની સેવામાં ઉપસ્થિત થયો છું. આપને હવે મારી એ પ્રાર્થના છે કે, આપ આપના ચરણોની પવિત્ર ધૂળથી વૈતાઢયગિરિ ઉપર આવેલા મારા રત્નપુર નગરને પાવન કરો. પદ્મોત્તરની પ્રાર્થના સ્વીકારી સુવર્ણબાહુ રાજા કુળપતિ અને રત્નાવલી રાણીની આજ્ઞા લઈને રત્નપુર જવા વિમાનોમાં રવાના થયા. તેની સાથે પોતાના અનુચરો અને નવવધૂ પદ્મા પણ હતાં. પદ્મોત્તરે રાજાના નિવાસને માટે પોતાનો દિવ્ય રત્નોથી સુશોભિત મહેલ કાઢી આપ્યો અને પોતે તેમની સેવાના કામમાં લાગી ગયો. સુવર્ણબાહુએ પણ ત્યાં રહેતાં રહેતાં બન્ને શ્રેણીયોમાં પોતાનું રાજ્ય સ્થાપિત કરી દીધું. તથા અનેક વિદ્યાધર કન્યાઓ સાથે વૈવાહિક સંબંધ પણ કરી લીધો. રહેતાં રહેતાં તેને જ્યારે પોતાના પુરાણપુર નગરની યાદ આવી ત્યારે તે ત્યાંથી પોતાની સઘળી સ્ત્રિઓને સાથે લઈને તે વૈતાઢય પર્વતની શ્રેણીથી પોતાના નગરમાં પહોંચી ગયા. સમયના વહેતાં વહેતાં તેના શસ્ત્રાગારમાં ચક્રવર્તી પદનું સૂચક ચક્રરત્ન ઉત્પન્ન થયું. આનાથી તેણે છ ખંડ પૃથ્વી ઉપર પોતાનું આધિપત્ય જમાવ્યું અને ઘણા સમય સુધી રાજ્ય કર્યું. એક દિવસ જ્યારે તે પોતાના મહેલના ઉપરના ભાગમાં અંત:પુરની સ્ત્રિયો સાથે વિવિધ પ્રકારનો આનંદ અનુભવી રહેલ હતા ત્યારે તેણે આકાશમાં વિમાનો દ્વારા ગમન-આગમન કરતા દેવોને જોયા. આથી તેમણે નગરમાં જગન્નાથ નામના તીર્થંકરનું આગમન જાણીને પોતાના પરિવાર સાથે વંદના માટે તેમની પાસે જઇ પહોંચ્યાં. વંદના કરીને સભામાં બેઠા. પ્રભુએ મોહમળને દૂર કરવાવાળી દેશના આપી દેશનાં સાંભળીને ચક્રવર્તી ધર્મ ચક્રીને નમન કરી પોતાના મહેલમાં પાછા ફર્યા. ભગવાન તીર્થંકરે પણ ભવ્યોને પ્રતિબોધ કરીને ત્યાંથી અન્યત્ર વિહાર કર્યો. તીર્થંકર ભગવાનને વંદના કરી પાછા ફર્યા પછી ચક્રવર્તી સુવર્ણબાહુએ તીર્થંકરની પાસે ધર્મદેશના સાંભળવા આવેલા દેવોના વિષયમાં એવો વિચાર કર્યો કે, આ પ્રકારની દેવ-મનુષ્યોની સભા મેં કયાંક જોઇ છે. આ પ્રકારનો વિચાર કરતાં કરતાં ચક્રવર્તીને જાતીસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થઇ ગયું. આથી તેઓએ પોતાના સઘળા પૂર્વભવોનું વૃત્તાંત જાણી લીધું. આ જાણી લેતાં તેમને મહા આનંદરૂપ વૃક્ષના બીજ સ્વરૂપ વૈરાગ્યની ઉત્પત્તિ થઇ આવી. કેટલોક કાળવ્યતીત થયા પછી દીક્ષા ધારણ કરવાની અભિલાષાવાળા બનીને સુવર્ણબાહુ ચક્રવર્તીએ રાજ્યનો ભાર

પોતાના પુત્રને સોંપી દીધો અને સંયમ ધારણ કરવામા ઉત્સાહિત બન્યા. સુવર્ણબાહુની દીક્ષા ધારણ કરવાની આ પર્યાય ભગવાન જગન્નાથ તીર્થંકરના જ્ઞાનમાં ઝળકી. આથી તેઓ ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કરતાં પુરાણપુરમાં પધાર્યા તીર્થંકરના સમવસરણનો વૃત્તાંત સાંભળીને સુવર્ણબાહુ ચક્રવર્તી તેમની સમક્ષ ગયા અને તેમને વંદના કરી કહેવા લાગ્યા કે, હે ભદન્ત ! હું જન્મ, જરા, અને મરણના ભયથી વ્યાકુળ ચિત્તવાળો બની રહેલ છું. આથી આપ મને દીક્ષા આપો. ચક્રવર્તીનાં આ પ્રકારના નિવેદનને સાંભળીને જગન્નાથ તીર્થંકરે તેમને દીક્ષિત કરવાનું સ્વીકાર્યું અને દીક્ષા આપી. મુનિ થઇને વીસ સ્થાનોની તેમણે આરાધના કરી. એથી ક્રમશઃ તેઓ ગીતાર્થ બની ગયા અને અતિ દુષ્કર એવુ તપ તપવા માંડયા તપસ્યાના પ્રભાવથી તેમને તીર્થંકર નામ કર્મનો બંધ થઇ ગયો.

એક દિવસ જ્યારે તેઓ ગુરૂની આજ્ઞા લઇને એકાકી અપ્રતિબદ્ધ વિહારથી વિહાર કરતાં કરતાં ક્ષીરવણા નામની અટવીમાં ક્ષીર મહાગિરિની સમીપમાં પહોંચ્યાં. અને ત્યાં સૂર્યની સામે ધ્યાન લગાવીને કાયોત્સર્ગથી ઉભા રહ્યા હતા ત્યારે કુરંગ ભીલ્લનો જીવ જે નરકમાં નીકળીને એજ વનમાં સિંહની પર્યાયથી ઉત્પન્ન થયેલ હતો. તે રખડતો રખડતો એ સમયે ત્યાં આવી પહોંચ્યો. અને તેની દૃષ્ટિ કાયોત્સર્ગમાં સ્થિત એવા મુનિરાજ ઉપર પડી. દૃષ્ટિ પડતાં જ પૂર્વભવના વેરના સંબંધને લઈ મુનિરાજ ઉપર આક્રમણ કરવાનો તેણે વિચાર કર્યો. અને વિચાર આવતાંજ તેનામાં ક્રોધનાં અંકુરો ઉપસી આવ્યાં અને એકદમ ક્રોધાતુર બનીને રાક્ષસની જેમ મુનિરાજની તરફ દોટ દીધી. મુનિરાજે યમરાજની જેમ આવતા એ સિંહને જોયો. એટલે એ સમયે તેમણે ચારે પ્રકારનાં આહારનો પરિત્યાગ કરી અનશન કરી લીધું. સિંહ ઉછળીને તેમના ઉપર પ્રહાર કર્યો. અને તેમના શરીરમાંના માંસને લોંચી લીધું. આથી તેમનું સઘળું શરીર લોહીથી લથબથ થઇ ગયું. આવી અવસ્થામાં પણ મુનિરાજે પોતાનું શુભધ્યાન છોડયું નહીં. અને વિનશ્વર એવા શરીરનો પરિત્યાગ કરી દીધો.

આ આઠમો ભવ થયો

નવમો દેવભવ આ પ્રકારનો છે—

એ સુવર્ણબાહુ મુનિરાજનો જીવ દસમા સ્વર્ગમાં મહાપ્રભ વિમાનમાં વીસ સાગરની આયુષ્યવાળા દેવની પર્યાયમાં ઉત્પન્ન થયો. તથા એ સિંહ પણ કાળાન્તરમાં મરીને ચોથા નરકમાં દસ સાગરની આયુનો ધારક નારકી બન્યો. અને ત્યાં તે નરકની અસહ્ય યાતનાઓ ભોગવતો રહ્યો જ્યારે તેની આયુ સમાપ્ત થઇ ચૂકી ત્યારે તે ત્યાંથી નીકળીને તીર્યંચ યોનીમાં વારંવાર જન્મ મરણ કરતાં કરતાં અંતમાં કોઈ ગામમાં એક બ્રાહ્મણને ત્યાં પુત્રરૂપે ઉત્પન્ન થયો. એના ઉત્પન્ન થતાંની સાથે જ માતા

પિતા તેમજ બીજા સ્વજનો પણ મૃત્યુ પામ્યાં, તે બાળકને પાળકનો અભાવ હોવાથી ગામ લોકોએ એને પાળી પોશીને જીવાડયો. ગામ લોકોના પાલન પોષણથી તે મોટો થયો અને લોકોએ તેનું કમઠ એવું નામ રાખ્યું. કમઠ ક્રમશ: બાલ્યવય વટાવીને યુવાવસ્થાએ પહોંચ્યો. અતિ દરિદ્રી હોવાના કારણે લોકો તેની હાંસી મજાક કરીને નિંદા કરતા હતા. એનામાં પોતાને ઉદર નિર્વાહ કરવાની પણ શક્તિ ન હતી. બીચારાને બધ્ધે ત્રણ ત્રણ દિવસે મહામુસીબતે ખાવાનું મળતું એટલો તો એ અભાગી હતો. જ્યારે તે સારૂં એવું ઐશ્વર્ય ભોગવતા અને દાનપુણ્ય કરતા ધનવાનોને જોતો ત્યારે મનમાંને મનમાંજ વિચાર કરવા લાગતો કે આ લોકોએ પૂર્વ જન્મમાં ઘણું એવું તપ કર્યું હશે અને એજ કારણે તેઓ આ જન્મમાં પ્રચુર ધનવાન બનેલા છે. જે પ્રમાણે બીજની પુષ્ટીના વગર ખેતી થતી નથી એજ પ્રમાણે તપના વગર લક્ષ્મીની પ્રાપ્તિ પણ જીવોને થતી નથી. આ માટે હું પણ તપની આરાધનામાં આ પ્રકારનો પ્રયત્ન કરૂં. અને એ રીતે કે જેમ વેપારીઓ વ્યાપારમાં પ્રયત્નશીલ બને છે. આ પ્રકારનો પોતાના મન સાથે નિશ્ચય કરી કમઠ કંદમૂળ આદિનો આહાર કરતો રહીને પંચાગ્નિ તપસ્યા આદિમાં પોતાના ચિત્તને સ્થિર કરીને તાપસ બની ગયો.

શ્રી પાર્શ્વપ્રભુનો દસભોભવ આ પ્રમાણે છે—

આ ભરત ક્ષેત્રમાં વારાણસી નામની નગરી હતી. એની તદ્દન નજીકમાં ગંગા નદી વહેતી હતી. આ નગરીની ચારે તરફ નંદનવન જેવાં ઉપવન હતાં. જે લોકોના દિલને પ્રફુલ્લિત કરતાં હતા એની ચારે બાજુ અતિ રમણીય પ્રાકાર (મહેલો) હતાં. જે મણિ-માણિક્ય આદિથી ચળકતા તેમજ જેના કાંગરાઓ વિ ખૂબજ શોભાયમાન હતા જેના ઉપરના સુવર્ણ કળશો તેમજ મણિ-માણિક્યમય ભીંતોનું પ્રતિબિંબ સૂર્યના હજારો કિરણોની માફક પ્રકાશમાન થતું હતું. ત્યાના ધનિક લોકોનાં મકાનો પણ ખૂબજ શુસોભિત અને સુરમ્ય હતાં. આને જોનારને મનોમનજ એવો વિચાર ઉઠતો કે જે આવા ઐશ્વર્યની ચાહના હોય તો પુણ્ય કાર્ય કરવું જોઈએ. આ નગરીમાં વેપાર-વાણિજ્ય કરનારાઓની દુકાનો પણ અનેક પ્રકારના દ્રવ્યોથી ભરેલી રહેતી તેમજ ખરીદનારાઓની હાર કતારોથી બજારો શોભાયમાન પ્રવૃત્તિમય દેખાતી હતી. એકંદરે સારાયે ભરતક્ષેત્રમાં આ વારાણસી નગરી ખૂબજ દેદિપ્યમાન તેમજ સઘળી સિદ્ધિયોથી ભરેલી એવી નગરી હતી. આ પ્રચુર સૌભાગ્યશાળી નગરીના શાસક સઘળા ગુણોથી અલંકૃત એવા પ્રજાનું પરિપાલન કરવામાં સાવધાન અશ્વસેન નામના રાજા હતા. તેઓ વિશ્વજનોના હિતવિધાયક હતા. પરાક્રમમાં વાસુદેવના જેવા તથા મનુષ્યોમા દેવની જેમ પૂજાતા હતા. આથી ઈન્દ્ર જેવા શોભાયમાન લાગતા હતા. એના પ્રતાપથી ભલભલા શત્રુઓ કંપાયમાન બન્યા હતા અને પોતાના સ્થાનોને છોડીને અરણ્યનું શરણ સ્વીકારેલ હતું. એમના શાસનના સમયમાં પ્રજાજનોને કોઇ પણ પ્રકારની ભીતિ ન હતી. કોઇ પણ પ્રકારના ડર રહિત સઘળા પ્રસન્નચિત્ત બનીને સુખપૂર્વક રહેતા હતા. એ રાજાની પટરાણીનું નામ વામાદેવી

હતું. એ સ્ત્રીજનોમાં ઉત્તમ એવા શીલ, ઔદાર્ય આદિ સદ્‌ગુણોથી યુકત અને ખૂબજ મનોહર હતી એ વામાદેવીએ એક દિવસ રાત્રિના સમયે ચૌદ મહાસ્વપ્ન જોયાં. પ્રાતઃકાળે શય્યામાંથી ઉઠીને રાત્રે જોયેલ સ્વપ્નાની વાત રાજાને કહેવા માટે તેમની પાસે ગઇ. રાજા પાસે જઇને ચૌદ સ્વપ્નાની વાત તેણે રાજાને કહી, રાણીના મુખેથી ચાદ મહાસ્વપ્નોની વ ત સાંભળીને રાજાએ કહ્યું દેવી ! આ સ્વપ્નાં જોવાથી એવું જાણી શકાય છે કે, તમારા ઉદરથી જગત્પતિ એવો પુત્ર અવતરશે. આ પ્રકારના સ્વપ્નના ફળને જાણીને વામાદેવી અત્યંત પ્રસન્ન થઇ ચૈત્ર મહિનાની કૃષ્ણ ચતુર્થીની રાત્રે વામાદેવીની કૂખેથી દશમા પ્રાણતકલ્પથી ચવીને સુવર્ણબાહુનો જીવ લોકત્રયમાં અપ્રા'ય એવા ત્રણ જ્ઞાન સાથે અવતરીત થયો. નવમાસ અને સાડા સાત દિવસ ગર્ભના પૂરા થયા ત્યારે વામાદેવાએ પ્રાર્શ્વપ્રભુને જન્મ આપ્યો. ભગવાનની કાન્તી નીલ રંગની હતી તથા સર્પના ચિહ્નથી તેઓ યુકત હતા. પ્રભુનો જન્મ થતાં જ પોતાનાં આસન કંપાયમાન બનતાં પ્રભુનો જન્મ થયાનું જાણીને છપ્પન દિક્કુમરીઓએ આવીને પ્રસૂતિ ક્રિયા કરી. દેવોએ પણ અવધિજ્ઞાનથી પ્રભુનો જન્મ થયાનું જાણીને આષ્ટાહ્નિક મહોત્સવ કર્યો. અશ્વસેન રાજાને આ સમયે અપાર આનંદ થયો. તેમણે આ આનંદના પ્રસંગે કારાગારમાં આજન્મ મહાન ભયંકર રીતે કેદ ભોગવતા કેદીઓને પણ છોડી દીધા. જે સમયે પ્રભુ માતાના ગર્ભમાં આવ્યા હતા એ કૃષ્ણ રાત્રીના સમયે માતા વામાદેવીએ એક ફણીધર ભયંકર સર્પને પોતાની પાસેથી જતા જોયેલ હતો. જ્યારે આ વાત વામાદેવીએ પોતાના પતિને કહી ત્યારે તેમણે કહ્યું કે, હે દેવી ! આ તમારા ગર્ભમાંના બાળકનો જ મહાન્ પ્રભાવ છે અને એજ કારણે અંધકારમાં પણ તમારી પાસેથી જઈ રહેલા સર્પને તમે જોઇ શકયાં ગર્ભસ્થ બાળકના આ પ્રકારના પ્રભાવને જાણીને માતાપિતાએ તેમનું નામ પાર્શ્વકુમાર રાખ્યું પિતાએ પાર્શ્વકુમારના લાલન પાલન માટે પાંચ ધાઇ નિયુકત કરી જેમણે ઘણા જ પ્રેમ પૂર્વક તેમનું લાલન પાલન કર્યું. ઇન્દ્રે ભગવાનના અંગૂઠામાં અમૃત રાખ્યું જેથી તેઓ નિત્ય એનું પાન કર્યા કરતા હતા. આ પ્રમાંણે જગતરૂપી સમુદ્રના ચંદ્રમા સ્વરૂપ એ ભગવાન પાર્શ્વકુમાર ક્રમશ: વધતાં વધતાં યુવાવસ્થાએ પહોંચ્યા. એમના શરીરની ઉંચાઇ નવ હાથની હતી. અને સઘળું શરીર સર્વાંગ સુંદર હતું શૌર્ય અને રૂપથી તથા. સત્ય શીલ સદાચરણ અને ઔદાર્ય આદિ ગુણોથી જનતાના મનને પ્રભુ વિશેષરૂપથી હર્ષિત કરતા હતા.

કોઇ એક દિવસની વાત છે કે જ્યારે અશ્વસેન રાજા રાજયાસન ઉપર બિરાજમાન હતા ત્યારે દ્વારપાળે આવીને નમન કરી ઘણા જ વિનયની સાથે કહ્યું કે, હે નાથ ! કોઈ એક પુરૂષ આપને કાંઇક કહેવા માટે આવેલ છે અને દ્વાર ઉપર ઉભેલ છે. જો આપની આજ્ઞા હોય તો અંદર લઈ લાવું. રાજાએ દ્વારપાલની વાત સાંભળીને તે પુરૂષને અંદર લઈ આવવાનું કહ્યું. આથો નમન કરી દ્વારપાલ જઇને તે પુરૂષને અંદર લઈ આવ્યો. એ પુરૂષે આવતાં જ રાજાને નમ્રતાપૂર્વક કહ્યું હે દેવ ! આ ભારત-ક્ષેત્રમાં કુશસ્થળપુર નામનું એક નગર છે. ત્યાંના રાજાનું નામ પ્રસેનજીત છે. પ્રસેનજીત રાજાએ સારી સુકીર્તિ મેળવી છે. એને એક પ્રભાવતી નામની પુત્રી છે જે રૂપગુણનો

અવતાર છે. ત્રણ ભુવનમાં એના જેવી બીજી કોઇ રૂપસુંદરી નથી. રાજા પ્રસેનજીતે પોતાની એ ઉત્તમ ગુણશીલવાળી પુત્રીના માટે યોગ્ય વરની ખૂબ શોધ કરી પરંતુ તે પ્રભાવતી કુંવરીના યોગ્ય કોઈ રાજકુમાર તેને મળેલ નથી. પોતાની વિવાહ યોગ્ય પુત્રી માટે યોગ્ય વર ન મળવાના કારણે રાજાના મનમાં ભારે ચિંતા વસી રહી છે એક દિવસની વાત છે કે કુમારી પ્રભાવતી પોતાની સખીયોની સાથે ઉદ્યાનમાં ગઇ હતી. એ સમયે ત્યાં તેણે કિન્નરીયો દ્વારા ગાવામાં આવેલ ગીતને સાંભળ્યું. એ ગીતમાં તેણે એવું સાંભળ્યું કે, અશ્વસેન ભૂપતિનો પુત્ર શ્રી પાર્શ્વકુમાર ચિરકાળ સુધી જયવંતા વર્તો જે પોતાના રૂપ લાવણ્ય અને તેજથી દેવતાઓને પણ જીતે છે ''

આ ગીતને સાભળીને પ્રભાવતીનું આકર્ષણ પાર્શ્વકુમારની તરફ થઇ ગયું. જેથી તેણે ક્રીડા તેમજ લજ્જાનો ત્યાગ કરી એ ગીતને સાભળવામાં જ વારંવાર પોતાના મનને ઉપયોગમાં લગાડયું અને એના માટે તે કિન્નરિઓની સામે બેસી ગઈ. જ્યારે ગીત ગાઇને એ સઘળી ચાલતી થઇ ત્યારે પ્રભાવતી, એ જે તરફ જઇ રહી હતી એ તરફ જોતી જ રહી.જ્યારે તે દેખાતી બંધ થઈ ત્યારે તે સાવ સુન્નમુન્ન જેવી બની ગઇ. સખીઓએ આ ઉપરથી એ જાણી લીધુ કે, એ બ્હેન પાર્શ્વકુમારમાં સંપૂર્ણ પણે અનુરક્ત બની ગઇ છે. આ પછી જ્યારે સખીઓ તેને રાજભવનમાં લઈ આવી ત્યારે પણ તે પાર્શ્વકુમારમાં અનુરક્ત હૃદય વાળી હોવાથી એને એ પણ ભાન ન રહ્યુ કે, હું ક્યાં છું, અને કોણ છું. તથા મારી પાસે કોણ કોણ છે. જ્યારે માતા પિતાએ તેની આ હાલત જોઇ ત્યારે તેમણે સખીઓને કારણ પૂછ્યું. ત્યારે સખીયો તરફથી સમગ્ર વાત તેમને કહેવામાં આવી ત્યારે તેમને સાંતવન મળ્યું અને પાર્શ્વકુમારના ગુણોમાં અનુરક્ત બન્યાની વાતે માતા પિતા ઘણાં જ પ્રસન્ન બન્યાં અને કહેવા લાગ્યાં કે, પ્રાણોથી પણ અધિક પ્યારી એવી આ પુત્રીને પાર્શ્વકુમારની સાથે પરણાવીને અમો ખરેખર એક પ્રકારની મહાન ચિંતાથી મુકત બની જઇશું. કુશસ્થલપુરમાં પણ આ વાત જાહેર થઇ ચૂકેલ છે કે પ્રભાવતી પાર્શ્વકુમારમાં અનુરક્ત થઇ ગઇ છે.

અનેક દેશોના અધિપતી અને મહા પરાક્રમશાળી એવા યવન રાજાએ પોતાના દૂતના મુખેથી પ્રભાવતીનું પાર્શ્વકુમારમાં અનુરક્ત થવાનું અને એમના વિવાહ અંગેની માતા પિતાની અનુમતી મળી ગયાનું જાણ્યું ત્યારે તે યવન રાજાએ પોતાના દરબારમાં એવું કહ્યું કે, હે બહાદૂર દરબારીઓ ! સાંભળો હું વિદ્યમાન હોવા છતાં બીજો એવો કયો વીરપુત્ર છે કે, જે પ્રભાવતીને પરણી શકે જોઉં તો ખરો કે, પ્રસેનજીત મને છોડીને પાર્શ્વકુમારની સાથે પ્રભાવતીને કઇ રીતે પરણાવે છે. સરલ વાત તો એ છે કે, પ્રસેનજીત પ્રભાવતીને લાવી મને સોંપી દે નહીંતર બળાત્કારથી હું તેની સાથે મારો વિવાહ કરીશ. આ પ્રકારનો દૃઢ નિશ્ચય કરીને યવનરાજા પોતાના વીર સૈન્યને સાથે લઇને કુશસ્થલપુર ઉપર ચઢી આવેલ છે. અને ચારેતરફ ઘેરો ઘાલેલ છે. એ દિવસથી હે મહરાજ ! ન તો કોઈ નગરમાં જઈ શકે કે, ન તો કોઇ નગરની બહાર નીકળી શકે છે, હું પ્રસેનજીતનો દૂત છું. મારૂં નામ પુરૂષોત્તમ છે. રાત્રે સુરંગના માર્ગેથી કુશસ્થલપુરથી નીકળીને આપની પાસે આવ્યો છું.

હે નાથ! મારે જે કંઈ કહેવાનું હતું એ આપને વિદિત કરેલ છે. હવે આપની ઇચ્છા હોયતે કરો. આપ એટલું ચોક્કસ માનો કે, યવનરાજાથી ઘેરાયેલ અને આપત્તિમાં મુકાયેલ એવા પ્રસેનજીત રાજા પોતે જ આપના શરણમાં આવેલ છે આથી હે શરણાગત વત્સલ આપનું એ કર્તવ્ય છે કે, આપ શરણમાં આવેલાની રક્ષા કરો.

આ પ્રકારનાં દૂતના મુખેથી વચન સાંભળીને તેમજ યવનરાજાએ કુશસ્થલપુરને ઘેરી લીધાની વાત સાંભળીને એકદમ વારાણસીના અધિપતિ અશ્વસેન મહારાજા ક્રોધમાં આવી ગયા અને યવનરાજાની સામે જવા માટે રણભેરી બજાવી દીધી. ભેરીનો અવાજ સાંભળીને "આ શું છે?" આવા પ્રકારનો વિચાર કરતા શ્રી પાર્શ્વકુમાર પિતાજીની પાસે આવી પહોંચ્યા અને ઘણા જ વિનય પૂર્વક કહેવા લાગ્યા કે, હે, તાત! દેવોમાં અથવા અસરોમાં એવો કોણ મૂર્ખ છે કે જે આપનો અપરાધ કરી શકે? છતાં પણ આપે સૈન્યને સજ્જીત શા માટે કરેલ છે? શું વાત છે? પાર્શ્વકુમારના મુખેથી આ વાતને સાંભળીને અશ્વસેને સૈન્યને સુસજ્જ કરવાની વાત તેને સમજાવી. પિતાના મુખેથી સંક્ષેપમાં સઘળી વાત સાંભળીને તથા યવનરાજાની સામે લડવા જવા તત્પર બનેલા પોતાના પિતાને જોઈને પાર્શ્વકુમારે વિનયની સાથે કહ્યું કે, હે તાત! તૃણતુલ્ય એ યવનરાજાની ઉપર ચડાઇ કરવાનો ઉદ્યમ આપના જેવા સુરાસુર વિજયી શૂરવીર માટે બરાબર નથી આપની આજ્ઞા અનુસાર એનું નિવારણ થઇ જશે. આથી આપ મને આજ્ઞા આપો. પાર્શ્વકુમારનાં આ પ્રકારનાં વચન સાંભળીને "વિશ્વત્રયના પ્રાણીઓથી પણ અધિક બળવાળા આ પાર્શ્વકુમાર છે, આથી એમના બળ પરાક્રમની વાત જ શું કરવી" એવો વિચાર કરીને અશ્વસેન મહારાજાએ યવનરાજાની સામે સૈન્યની સાથે લડવા જવાની તેમને આજ્ઞા આપી. પિતાની આજ્ઞા મળતાં જ પાર્શ્વકુમાર યવનરાજાની સામે લડવા જવા તૈયાર થયા, તે સમયે શક્રેન્દ્રનો સારથી રથ લઇને તેમની પાસે આવી પહોંચ્યો. અને રથથી ઉતરીને નમસ્કાર કરીને તેમને કહેવા લાગ્યો કે, ભગવાન! આપ યવનરાજાની સામે લડવા જઈ રહ્યા છો એવું જ્યારે ઇન્દ્રે જાણ્યું એટલે ભક્તિવશ તેમણે રથ લઇને મને આપની સેવામા મોકલેલ છે આથી આપ શસ્ત્ર અને અસ્ત્રોથી સુસજ્જીત આ રથ ઉપર સ્વાર થઈ જાવ આ રથ જમીન ઉપર ચાલતો નથી. ઇન્દ્રના સારથીની આ વાત સાંભળીને પાર્શ્વપ્રભુ અપૂર્વ તેજના ધામ એવા એ રથ ઉપર સ્વાર થઈ ગયા ને આકાશ માર્ગે કુશસ્થલપુરની તરફ રવાના થયા. એમના સૈનિકો ભૂમિ માર્ગેથી ચાલવા લાગ્યા. તેઓ કુશસ્થલપુરની પાસે આવ્યા એટલામાં દેવોએ પોતાની વૈક્રિય શક્તિથી ઉદ્યાન સાથે એક મહેલ તૈયાર કરી દીધો. ભગવાને સારથીને એવો આદેશ આપેલ હતો કે, જેમ જેમ મારા આ સૈનિકો ચાલે તેમ તેમ તમારે આ રથને ચલાવવો. આથી એ સારથી એ પ્રમાણે રથને ચલાવતો હતો. આ રીતે પ્રભુ પોતાના સૈન્યની સાથે જ કુશસ્થલપુરની પાસે આવી પહોંચ્યા ત્યાં પહોંચતાં જ પ્રભુ પાર્શ્વનાથ દેવોએ તૈયાર કરેલા એ દિવ્યપ્રાસાદમાં રોકાયા. અને સૈનિકોને પણ ત્યાં યથાયોગ્ય સ્થાને ઉતાર્યા જ્યારે સઘળા

વ્યવસ્થિત રૂપથી ગોઠવાઈ ગયા ત્યારે પ્રભુએ મનમાં એવો વિચાર કર્યો કે, સહુથી પહેલાં દૂતને મોકલીને યવનરાજને એવો સંદેશો મોકલવો કે, તમો અહીંથી તમારા સ્થાન ઉપર પાછા ચાલ્યા જાવ જો એ રીતે ન માને તો મારે બીજા ઉપાયનું અવલંબન કરવું જોઇએ. આવો વિચાર કરીને પ્રભુએ યવનરાજની પાસે પોતાના એક દૂતને મોકલ્યો. દૂતે જઈ ને એ મદમાં છકેલા એવા યવનરાજને કહ્યું કે, હે રાજન ! શ્રી પાર્શ્વકુમારે મારી સાથે એવું કહેવડાવ્યું છે કે, આ પ્રસેનજીત રાજા મારા પિતાના શરણે આવેલ છે આથી તમારે કુશસ્થલપુરનો ઘેરો ઉઠાવીને પોતાના સ્થાને પાછા ચાલ્યા જવું જોઇએ એમાં જ તમારૂ ભલું છે રાજા પોતે જ તમારો સામનો કરવા આવી રહેલ હતા પરંતુ મેં ઘણા જ વિનયની સાથે તેમને શાંત કરી દીધા છે. અને તમારૂં રક્ષણ કરવાના અભિપ્રાયે હું આવ્યો છું અને તમોને એવી સમજણ આપું છું કે જો તમે તમારી ભલાઈ ચાહતા હો તો મારા આ સંદેશાને સાભળતાં જ તમારી સેના સાથે પાછા ચાલ્યા જાવ. દૂતના મુખેથી આ સંદેશો સાંભળીને યવનરાજાએ ક્રોધિત બનીને તેને કહ્યું. અરે દૂત તું જે કહી રહેલ છો એ તારૂં કહેવાનું સઘળું નિરર્થક છે. મારી સામે અશ્વસેન તથા પાર્શ્વકુમારની શું ગણત્રી છે. જા અને મારા તરફથી તું તેમને કહી દે કે, અહીંયાં તેમને વધુ સમય રોકાવું નહીં. જો તેઓ મારા કહેવા પછી વધુ સમય રોકાશે તો યાદ રાખજો કે, તમારા જીવનની કુશળતા નથી. આથી જો જીવતા રહેવાની અભિલાષા હોય તો જલદીથી અહીંથી ભાગી જાવ નહીંતર સસૈન્ય અહીં જ તમારો નાશ કરવામાં આવશે. યવનરાજાનાં આ પ્રકારનાં અસભ્ય વચન સાંભળીને દૂતે ફરીથી તેમને કહ્યું કે, હે રાજન ! મારા સ્વામી તો એટલા ભલા છે કે તેઓ અહીંના રાજા પ્રસેનજીત માફક આપનું પણ રક્ષણ કરવા ચાહે છે. આ કારણે તેઓએ આપને સમજાવવા માટે મને મોકલેલ છે. આપે આપના હૃદયમાં એ સારી રીતે સમજી લેવું જોઇએ કે, મારા સ્વામી ઇન્દ્રોથી પણ અજેય છે. આથી આપની આ બડાઈ વાળી વાતોમાં કાંઇ સ ર નથી. આ પ્રકારે તમે તેમના પરાક્રમને જાણીને તમારી પોતાની ભલાઈ માટે અહીંથી પાછા ફરી જાવ નહીંતર તમારે તમારા કરેલા કૃત્યોનું ફળ અવશ્ય ભોગવવું પડશે જેમ સિંહની સામે હરણ, સૂર્યની સામે અંધકાર, અગ્નિની સામે પતંગ, સમુદ્રની સામે કીડી, ગરૂડની સામે નાગ, વજ્રની સામે પર્વત, હાથીની સામે ભેંસ યુદ્ધ કરવામા અસમર્થ છે. તેવી જ રીતે તમો પણ પાર્શ્વકુમારની સામે યુદ્ધ કરવામાં અસમર્થ છો. આ કારણે હું તમારા જ હિતને માટે સમજાવું છું કે, તમો આ નકામા યુદ્ધના વ્યવસાયથી શાંત રહો અને જે રીતે આવ્યા છો એ જ રીતે પોતાના સ્થળે પાછા ચાલ્યા જાવ આ પ્રમાણે દૂત જ્યારે યવનરાજને કહી રહ્યો હતો એ વખતે તેના અનુચર તેને મારવા માટે તૈયાર થઇ ગયા. અનુચરોને આ રીતે તૈયાર થયેલા જોઇને યવનરાજાના નીતિકુશળ મંત્રીએ તેમને અટકાવતાં કહ્યું કે, અરે મૂર્ખાઓ ! તમારો આ વ્યવસાય યોગ્ય નથી. કેમકે સંદેશો

લઈને આવેલા દૂતને મારવો એ નીતિ વિરૂદ્ધનું છે. તમારી આ અવિચારી વર્તણુંક પોતાના પ્રભુને ગળેથી પકડીને કુવામાં નાખી દેવા જેવી છે. જે પ્રભુની આજ્ઞા ઈન્દ્રાદિક દેવો પણ શીરોધાર્ય માને છે ભલા એના દૂતને મારવો એ તો ઘણી દૂરની વાત છે. પરંતુ એનું અપમાન કરવું એ પણ સઘળી આપત્તીયોને આમંત્રણ આપવા બરોબર છે. આપ લોકોની ભલાઇ તો એમા છે કે, આપ લોકો આ અનર્થકારી વ્યવસાયથી અલગ બનો. આ પ્રકારે પોતાના અનુચરોને દૂર હટાવીને પછીથી મંત્રીએ પાર્શ્વ-કુમારના દૂતને સામનીતિનો આશ્રય લઇને કહેવા માંડયું હે મહાભાગ! અમારા અવિચારી કામ કરવા વાળા અનુચરોના અપરાધને આપ ક્ષમા કરો. એ લોકોએ આપના તરફ જે પ્રકારના વ્યવહારનું આચરણ કર્યું છે તેને આપ પાર્શ્વપ્રભુની આગળ પ્રગટ ન કરતા. અમો પણ પાર્શ્વપ્રભુને નમન કરવા માટે આવીએ છીએ આ પ્રકારનાં સામ વચનોથી દૂતને શાંત કરી મંત્રીએ તેને રવાના કર્યો. પછી યવનરાજની પાસે જઇને મંત્રીએ તેને કહ્યું. હે સ્વામીન! સિંહની સટા (કેશવાળી) ખેંચવા જેવા દુરન્ત અકર્તવ્ય કાર્યને કરવાનો આપે આ પ્રારંભ કરેલ છે. જેમની સેવામાં ઈન્દ્રાદિક દેવ પોતે જ સનિક બનીને ઉપસ્થિત થયા છે એવા પાર્શ્વપ્રભુની સામે સંગ્રામ કરવો આપને માટે તૃણ અને અગ્નિના સંગ્રામ જેવું છે છતાં હજુ કાંઇ બગડયું નથી. આપ પોતાના ગળામાં કુહાડાને ધારણ કરીને પાર્શ્વપ્રભુની શરણ માં જાવ અને પોતાના અપરાધની માફી માગો. એમની આજ્ઞા પ્રમાણે વર્તનાર બનો. જો આપ આ લોક અને પરલોક સંબંધી કુશળતા ચાહતા હો તો સત્વર તમારા અકર્તવ્યને તજી દો. હું આપને સંપૂર્ણ સત્ય કહું છું. મારા આ વચનોનો આપ અંગીકાર કરો. એમાં જ આપની ભલાઇ છે. આ પ્રકારે મંત્રીનાં વચન સાંભળીને યવનરાજે કહ્યું મંત્રીન્! આપે મને ઘણો જ ઉત્તમ માર્ગ સમજાવેલ છે. આપની જેવી સલાહ છે એ પ્રમાણે હું કરવા તૈયાર છું આ પ્રમાણે કહીને યવનરાજે પોતાના ગળામાં કુહાડો ધારણ કરી મંત્રીની સાથે પાર્શ્વપ્રભુની પાસે પહોંચ્યા દ્વારપાળે પ્રભુની પાસે જવાનો રસ્તો બતાવ્યો. એ માર્ગથી જઇને સભામાં બેઠેલા પાર્શ્વપ્રભુના ચરણો ઉપર પોતાનું મસ્તક યવનરાજે નમાવ્યું. પછી પાર્શ્વપ્રભુની આજ્ઞાથી પોતે ગળામાં ધારણ કરેલ કુહાડો કાઢી નાખીને ફરીથી નમન કર્યું અને કહ્યું કે, હે નાથ! આપ સર્વજ્ઞ છો. આ કારણે મારા અપરાધની ક્ષમા કરો અને મને અભયપ્રદાન કરો. આપ પ્રસન્ન થાવ અને મારી આ સઘળી લક્ષ્મીનો સ્વીકાર કરો. આ પ્રમાણેના વિનયયુક્ત યવનરાજનાં વચનોને સાંભળીને પ્રભુએ તેમને કહ્યું હે રાજન! તમારૂ કલ્યાણ થાવ. તમો તમારા રાજ્યને આનંદથી ભોગવો. પરંતુ હવે પછી આવું અકર્તવ્ય કદી પણ ન કરતા. નિર્ભય બનીને તમો અહીંથી સપરિવાર ખુશીથી પોતાના નગરમાં જાઓ. આ પ્રકારનો પ્રભુનો આદેશ મેળવીને યવનરાજ પોતાના સૈન્ય સાથે પોતાના નગર તરફ ચાલી ગયો.

આ પછી પ્રભુની આજ્ઞાથી પુરૂષોત્તમ દૂતે પ્રસેનજીતની પાસે જઇને સઘળો વૃત્તાંત તેને કહી સંભળાવ્યો દૂતના મુખેથી સઘળી વાતો સાંભળીને પ્રસેનજીત ખૂબ પ્રસન્ન થયો, અને ભેટ-યાને નજરાણાના રૂપમાં પોતાની પુત્રી પ્રભાવતીને સાથે લઈને પાર્શ્વપ્રભુની

પાસે પહોચી નમસ્કાર પૂર્વક કહેવા લાગ્યા પ્રભુ! આપ મારા ઉપર ઘણી જ કૃપા કરીને સ્વયં અત્રે પધાર્યા છો. હું ચાહું છું કે, આપ મારી આ પુત્રીનો સ્વીકાર કરી મને અનુગૃહીત કરો. પ્રસેનજીતનાં આ પ્રકારનાં વચનોને સાંભળીને પ્રભુએ તેમને કહ્યું હે રાજન્! પિતાની આજ્ઞાથી આપની રક્ષા કરવા માટે જ હું અહીં આવેલ છું આપની પુત્રીની સાથે વિવાહ કરવા માટે આવેલ નથી. પાર્શ્વકુમારના આવાં વચન સાંભળીને પ્રસેનજીતે મનમાં એવો વિચાર કર્યો કે, આ કુમાર મારા કહેવાથી મારી પુત્રીનો સ્વીકાર કરશે નહીં આથી એના પિતાને આ વિષયમાં કહેવું જોઇએ. આમ થવાથી તેઓ મારી પુત્રીનો સ્વીકાર કરી શકશે આ પ્રમાણે વિચાર કરીને પ્રસેનજીતે પાર્શ્વકુમારને કહ્યુ હે સ્વામીન્! આપના પિતાએ મારા ઉપર ભારે ઉપકાર કર્યો છે. એ કારણે હું એમના દર્શન માટે સપરિવાર આપની સાથે આવવા ચાહું છું. પ્રસેનજીતના આ પ્રકારના આગ્રહથી પાર્શ્વકુમારે તેમને પોતાની સાથે ચાલવાની આજ્ઞા આપી. પ્રભુની આજ્ઞા મળતાં પ્રસેનજીત પોતાની પુત્રી વગેરેને સાથે લઇ તેમની સાથે વારાણસી પહોંચ્યા. પ્રભુ પિતાને પ્રણામ કરી પોતાના સ્થાને ચાલ્યા ગયા. આ પછી રાજા પ્રસેનજીત અશ્વસેન રાજાને જઈને મળ્યા. અને નમસ્કાર કર્યા. અશ્વસેન રાજા પણ ઉભા થઈને તેમને ભેટયા, અને પોતાના અરધા આસન ઉપર બેસાડીને કુશળ સમાચાર પૂછયા અને પછીથી આવવાનું કારણ પૂછયુ પ્રસેનજીતે કુશળસમાચાર જણાવતાં કહ્યું કે, મહારાજ! જેના આપ જેવા સાયર્થ શક્તિશાળી રાજા રક્ષક છે તેની અકુશળતા કઇ રીતે હોઇ શકે? આપની કૃપાથી સર્વ પ્રકારની કુશળતા છે. પરંતુ આપની સેવામાં આવવાનું કારણ મારો પોતાનો એમાં એક અગત્યનો સ્વાર્થ છે અને તે એ છે કે, આપ મારી પુત્રી પ્રભાવતી પાર્શ્વનાથ કુમારમાં અનુરકત થઈ રહી છે. તો આપ મારી આ પુત્રીનો પાર્શ્વનાથ કુમારના માટે સ્વીકાર કરો. પ્રસેનજીતનાં આ પ્રકારનાં વચન સાંભળીને અશ્વસેન રાજાએ તેમને એવું કહ્યું કે, હે રાજન સાંભળો પાર્શ્વકુમાર સંસારથી સર્વદા વિરકત બનીને રહે છે. છતાં પણ આપના સંતોષને માટે આપની પુત્રીની સાથે તેને પરણાવીશ. આવું કહીને અશ્વસેન રાજાએ પાર્શ્વકુમારને પોતાની પાસે બોલાવીને એવું કહ્યું કે, હે વત્સ! આ રાજાની પુત્રી સાથે તમે વિવાહ કરો. જો કે તમો બાલ્યકાળથી જ સંસારિક વ્યવહારથી અલિપ્ત રહ્યા છો. તો પણ મારાં આ વચનોને તમારા જેવા વિવેકીએ માનવાં જ જોઇએ. આ પ્રકારે પિતા તરફથી આગ્રહ પૂર્વક કહેવામાં આવવાથી પાર્શ્વકુમાર તેમની સામે કાંઇ પણ ના બોલ્યા આથી પ્રભુની સંમતિ જાણીને પ્રભાવતીનો પાર્શ્વપ્રભુની સાથે વિવાહ કરી દીધો.

એક દિવસની વાત છે કે, ભગવાન પોતાના મહેલના ઝરૂખામાં બેઠેલ હતા. ત્યારે તેમણે હાથમાં કૂરોને લઈને નગરની બહાર જતા ઘણા મનુષ્યોને જોયા એ જોતા જ પ્રભુએ પોતાની પાસે ઉભેલા અનુચરને પૂછયું શું આજ કોઈ મહોત્સવ છે

કે, જેથી નગરજનો હાથમાં કુલોને લઈને નગરની બહાર જઈ રહ્યાં છે. ભગવાનના આ પ્રમાણે પૂછવાથી અનુચરે કહ્યું સ્વામિન્! ઉત્સવ તો કોઈ નથી પરંતુ નગરની બહાર ઉદ્યાનમાં કમઠ નામના એક મોટા તપસ્વી આવેલ છે. આથી તેના દર્શન માટે આ સઘળા લોકો જઇ રહ્યા છે. આ પ્રકારનાં અનુચરનાં વચન સાંભળીને પાર્શ્વકુમાર પોતાનાં માતા અને પરિવારના બીજા માણસો સાથે ત્યાં ગયા આ સમયે કમઠ ત્યાં પંચાગ્નિ તપસ્યા કરી રહેલ હતા. ત્યાં મોટાં મોટાં લાકડાં બળી રહ્યાં હતાં, અવધિજ્ઞાનથી બળી રહેલા એ લાકડામાં નાગ અને નાગણીનું એક જોડું હોવાનું પાર્શ્વપ્રભુએ જાણ્યું આથી પ્રભુનું હૃદય કરૂણાથી ભરાઇ આવ્યું. અને આથી તેમણે એ સમયે એવું કહ્યું કે, જુઓ! આ કેટલા આશ્ચર્યની વાત છે કે, તપસ્યા કરવા છતા પણ આ તાપસ જ્ઞાનથી વિહીન બની રહેલ છે. તેનું કારણ તેનામાં દયા ગુણનો અભાવ છે, જે રીતે આંખો વગર મોઢાની શોભા નથી હોતી તે પ્રમાણે દયા વગર ધર્મની શોભા હોતી નથી. એવો ધર્મ વાસ્તવિક ધર્મ નથી પરંતુ માત્ર ધર્માભાસ છે. પશુની માફક દયા રહિત એવો આ કાયાનો કલેશ બિલકુલ નિષ્ફળ છે. આ પ્રમાણે પ્રભુનું કથન સાંભળીને કમઠ તાપસે તેમને કહ્યું રાજપુત્ર! આપ જેવા મનુષ્ય તો હાથીને શિક્ષણ આપવા વિ. કામમાં જ નિપુણ હોય છે, ધર્મમાં નહી. ધર્મમાં તો અમો મુનિજનો જ જાણતા હોઇએ છીયે કેમકે અમો સઘળું જાણનારા હોઈએ છીયે આ પ્રકારનાં કમઠ તાપસનાં વચનોને સાંભળીને એ અગ્નિકુંડમાં બળી રહેલા લાકડાને તેને બતાવીને કહ્યું--કહો આમાં શું છે? તાપસે કહ્યું કે, એમાં કાંઇ પણ નથી. પછીથી પાર્શ્વકુમારે સેવકો પાસે અગ્નિકુંડમાં બળી રહેલા લાકડાને બહાર કઢાવી ઘણી જ સાવધાનીથી તેને ફડાવ્યું ફડાવતાં જ અગ્નિથી મૃત્યુના આરે ઉભેલ એવું નાગ નાગણીનું યુગલ નીકળ્યું પ્રભુએ એ બન્નેને નમસ્કાર મંત્ર સંભળાવ્યો તથા પરલોકમાં પ્રસ્થાન કરી રહેલા એમને માટે ભાતા સ્વરૂપ પ્રત્યાધાન આદિક પણ આપ્યું. ભગવાનના વચનોમાં પણ વિશ્વાસ કરવા વાળા એ બન્નેમાંથી નાગનો જીવ મરીને નાગકુમાર દેવોની જાતીમાં ધરણેન્દ્ર નામનો ઇન્દ્ર થયો તથા નાગણી પણ મરીને એ નાગકુમાર ઇન્દ્રની પ્રધાન દેવી પદ્માવતી થઇ. આ પછી જુઓ! "આ કુમારનું વિજ્ઞાન કેટલું આશ્ચર્ય કારક છે" એવું ત્યાં ઉપસ્થિત થયેલા લોકોએ કહેવા માંડ્યું. પ્રભુ પણ પોતાના અનુચરોની સાથે ત્યાંથી નીકળી પોતાના નિવાસ સ્થાને પહોંચી ગયા. કમઠ તાપસ આથી ખૂબ શરમાયો. તો પણ તેણે બાળતપ તપવાનું છોડયું નહીં અને પ્રથમથી પણ વધુ કડક એવું તપ એ તપવા માંડયો. આ બાળતપને તપતો મિથ્યાત્વમોહિ એ કમઠ બાળતપ કરતાં કરતાં મૃત્યુ પામ્યો, અને મરીને ભવનપતિઓમાં જઇને અસુરકુમાર જાતિનો દેવ થયો. ત્યાં તેનું નામ મેઘમાલી પડયું.

એક સમયની વાત છે કે, ભગવાન પાર્શ્વનાથ પોતાના ઉદ્યાનમાં ગયા હતા ત્યાં એકાન્તમાં બેસીને તેઓ નેમિનાથ ભગવાનના ચારિત્રનો વિચાર કરવા લાગ્યા.

પ્રભુએ વિચાર્યું કે ધન્ય છે એ અરિષ્ટ નેમિનાથને કે, જેઓએ કુમાર અવસ્થામાં જ પોતાનામાં ગાઢ અનુરક્ત એવી રાજુમતીનો પરિત્યાગ કરીને વ્રત ગ્રહણ કર્યું. હું પણ આવી જ રીતે નિઃસંગ બની શકું છું. પ્રભુએ આ પ્રકારનો વિચાર કરતાં જ તે સમયે તેમની સમે લોકાંતિક દેવોએ આવીને તેમને પ્રણામ કર્યા અને તીર્થ પ્રવર્તન માટે તેમને પ્રાર્થના કરી. પ્રભુએ કુબેર દ્વારા ભરાયેલા ભંડારથી વાર્ષિક દાન દઈને માતા પિતા પાસે વ્રત ગ્રહણ કરવાની આજ્ઞા માગી. માતા પિતાની આજ્ઞા મેળવીને ભગવાને સર્વ વિરતીને ધારણ કરી. આ સમયે અશ્વસેન આદિ નરેન્દ્રોએ તથા શક્ર આદિ દેવેન્દ્રોએ પાર્શ્વપ્રભુની દીક્ષાનો મહોત્સવ ખૂબ હાઠમાઠથી મનાવ્યો. પ્રભુની પાલખીને સહુથી પ્રથમ દેવોએ પોતાના ખંભા ઉપર ઉપાડી અને તેને આશ્રમપદ ઉદ્યાનની પાસે લઈ ગયા. દેવોએ એ સમયે દુદુંભીના નાદોથી આકાશ અને પૃથ્વીને ગુંજીત બનાવી દીધાં. ભગવાન જ્યારે ઉદ્યાનમાં પહોંચ્યા ત્યારે તેઓ પાલખીમાંથી એવી રીતે ઉતર્યા કે, તેમનું મન મમત્વથી જે રીતે ઉતર્યું હતું. ભગવાનની અવસ્થા આ સમયે ફકત ત્રીસ વર્ષની હતી. આ અવસ્થામાં પણ પ્રભુએ પોતાના શરીર ઉપરનાં સઘળાં આભૂષણોને ઉતારી નાખ્યા અને કેશોને પોતાના જ હાથથી પંચમુષ્ટી લોંચન કરીને શક્રેન્દ્રે આપેલ દેવદુર્લભ વસ્ત્રને ધારણ કર્યાં ભગવાનની સાથે ત્રણસો રાજાઓએ દીક્ષા ધારણ કરી દીક્ષા ધારણ કરતાં જ પ્રભુને ચોથા મનઃપર્યયજ્ઞાનની પ્રાપ્તિ થઈ ગઇ. દીક્ષા ગ્રહણ કરીને ભગવાન ભારંડ પક્ષીની માફક અપ્રમત્ત બનીને પૃથ્વી મંડળ ઉપર વિહાર કરવા લાગ્યા.

એક સમય પ્રભુ વિહાર કરતાં કરતાં નગરની નજીકમાં આવેલા એવા એક તાપસોના આશ્રમમાં પહોંચ્યા. આ વખતે સાયંકાળનો સમય હતો પ્રભુ ત્યાં પહોંચીને એક ટેકરા ઉપરના વટ વૃક્ષની નીચે પ્રતિમાની માફક નિશ્ચેષ્ટપણે ઉભા રહી ગયા.

મેઘમાલીએ આ અવસર ઉપર પોતાના અવધિજ્ઞાન દ્વારા પૂર્વભવનો સઘળો વૃત્તાંત જાણીને ક્રોધના આવેશમાં આવી જઇને ઉપસર્ગ કરવાના અભિપ્રાયથી ત્યાં આવ્યો આવતાં જ તેણે પોતાની વૈક્રિય શકિતથી સિંહોને ઉત્પન્ન કર્યા. એ સિંહ ભયંકર એવા રૂપવાળા હતા. અને પોતાના પુછડાના પછાડવાથી પર્વતોને પણ કંપાયમાન બનાવે તેવા હતા તેમના નખ અંકુશના જેવા હતા. તેઓએ ભગવાનને પોતાના ધ્યાનથી ચલાયમાન કરવારો ખૂબ પ્રયત્ન કર્યો. તેમને ભયભીત કરવા માટે અનેકવિધ ઉપાય કર્યા. પરંતુ મેરૂ જેવા અકંપ એ પ્રભુ પોતાના ધ્યાનથી જરા પણ ચલાયમાન ન થયા જ્યારે કમઠના જીવ મેઘમાલી અસુરે પ્રભુને ધ્યાનમાં અચલ જાણ્યા ત્યારે તેણે પોતાની વૈક્રિય શક્તિ દ્વારા ઉત્તુંગગિરિ જેવા અને ભારે બળવાળા એવા ગજરાજોને ઉત્પન્ન કર્યા. પ્રભુ એમનાથી પણ અચલ રહ્યા. આ પ્રકારના પોતાના પ્રયત્નમાં મેઘમાલી દેવ અસફળ થયો. ત્યારે તેણે એકદમ

ક્રોધના આવેશમાં આવીને મહા વિષિલા એવા સર્પોને ઉત્પન્ન કર્યા કે જેમની દૃષ્ટિમાં વિષ ભર્યું હતું. જે ભયંકર એવા ફુત્કાર કરી રહ્યા હતા જે યમના દાહુ દંડના જેવા લાંબા અને પ્રચંડ હતા. ઉપરાંત ખૂબ જ ઝેરીલા એવા વીછીંયાને પણ તેણે પોતાની વૈક્રિય શક્તિથી ઉત્પન્ન કર્યા. આજ પ્રમાણે ભૂંડ, ડુક્કર આદિ જાનવરોને, તેમજ ભયંકર એવા મુંડમાળાને ગ્રહણ કરેલ એવા ભૂતોને, પ્રેતોને પણ તેણે ઉત્પન્ન કર્યા છતાં આ સઘળા પ્રભુને ધ્યાનમાંથી ચલિત કરવામાં સફળ ન બન્યા. જેમ મચ્છર વજ્રને ભેદવામાં અસમર્થ હોય છે એજ રીતે એ સઘળા ભગવાનને ચલાયમાન કરવામાં અસમર્થ થયા. અંતે દરેક પ્રકારે પરાજીત બનીને કમઠના જીવ એ અસુરે મેઘોને ઉત્પન્ન કર્યા, વિજળીઓને ચમકાવી, કે જેનાથી સઘળી દિશાઓ પ્રકાશિત થઇ જતી હતી. સાથો સાથ એ અસુરે એવો પણ વિચાર કર્યો કે, મારા પૂર્વભવના આ શત્રુને અગાધ જળમાં ડૂબાડીને મારી નાખું. આ પ્રકારના દુષ્ટ વિચારથી ઓતપ્રોત બનીને તેણે મુસળધાર પાણી વરસાવ્યું આ વરસાદથી પૃથ્વી સમુદ્રમય બની ગઈ. પાર્શ્વપ્રભુ એ પાણીમાં ડૂબી ગયા. પદ્મ હ્રદમાં જે રીતે કમળ શોભે છે. એ જ રીતે એ સમયે પ્રભુનું મુખ એ પાણીમાં ડૂબેલું દેખાતું હતુ. આ સ્થિતિમાં નાગરાજ ધરણેન્દ્રનું આસન કંપાયમાન થયું એણે એ જ વખને અવધિજ્ઞાનથી પ્રાર્શ્વપ્રભુની સઘળી હકીકત જાણીને પદ્માવતી અને બીજી પોતાની દેવીયો સાથે ત્યાં આવ્યો અને આવીને તેમને નમન કરીને તેણે પ્રભુની પાછળ ઉભા રહીને તેમનાં મસ્તક ઉપર પોતાની સાત ફેણોને છત્ર રૂપે ધરી દીધી તથા પોતાની વૈક્રિય શકિત દ્વારા લાંબી ડાંડીવાળા કમળની રચના કરી તેને પ્રભુના ચરણ નીચે સિંહાસન રૂપે રાખી દીધું. આથી દેવતાઓએ વીણા મૃદંગ આદિ વાજીંત્રોની ધ્વનીથી દિગંતોને વ્યાપ્ત કરી દીધી. આવી સ્થિતિમાં સમતાના ભંડાર એવા એ પ્રભુ રાગદ્વેષથી રહિત જ રહ્યા એમને ન તો કમઠ ઉપર ક્રોધ થયો કે, ન તો ધરણેન્દ્ર તરફ રાગ ઉત્પન્ન થયો. પરંતુ અહંકારની સાથે મુસળધાર પાણીને વરસાવવા વાળા એ અસુરને જોઇને ધરણેન્દ્રને ક્રોધ આવ્યો અને ક્રોધના એ આવેશમાં તેણે તેને કહ્યું કે, હે દુષ્ટ ! શા માટે તું આ પ્રકારનું અકાર્ય કરવા માટે તત્પર બની રહ્યો છે। જો હું આ દયાસાગર પ્રભુનો એક દાસ છું. ભલે પ્રભુ તારા આ અકાર્યને સહન કરી લે. પરંતુ હું સહન કરીશ નહીં. અરે મૂર્ખ ! પ્રભુએ કૃપાના ભંડાર એવા આ તારૂં શું બગાડયું છે. તું જ્યારે પંચાગ્નિ તપ કરી રહ્યો હતો. ત્યારે એક લાકડામાં બળતું નાગ નાગણીનું એક યુગલ તને બતાવ્યું એ કામ પ્રભુએ તને પાપથી બચાવવા માટે ફકત કરૂણા બુદ્ધિથીજ કરેલ હતું. દ્વેષ બુદ્ધિથી નહીં. છતાં પણ જો તું કેટલો કૃતઘ્ની છો કે, પોતાના ઉપકાર કરવાવાળા ઉપર પણ આટલો અપકાર કરી રહ્યો છો. ધિક્કાર છે તારી આ બુદ્ધિને કે, જે તને તારા ઉપર ઉપકાર કરનાર ઉપર પણ અપકાર કરવાનું સુજાડે છે. પ્રભુએ તો તારો કોઇ અપકાર કરેલ નથી. કેવળ પાપના નિવારણ રૂપ ઉપકાર જ કરેલ છે. સાચું છે કે ઘુવડ જે પ્રમાણે જગતને પ્રકાશ આપનાર એવા સૂર્યનો

દ્વેષ કરે છે એ જ પ્રકારની આ સમયે તારી હાલત બની રહી છે. આથી યાદ રાખ કે, જો તું હવે આ જગતના ઉપકારક એવા પ્રભુ ઉપર નિષ્કારણ દ્વેષ કરીશ તો તારી કોઇ પણ રીતે રક્ષા થઈ શકવાની નથી. આથી તારા માટે એજ ઉચિત છે કે, તું તુરત જ આ તારા પાપના અધ્યવસાયને છોડી દે. ધરણેન્દ્રનાં આ પ્રકારનાં વચન સાંભળીને એ અસુરે જ્યાં પોતાની નજર નિચે કરી કે, તેને ધરણેન્દ્રથી સેવાય રહેલા પ્રભુ ઉપર તેની દૃષ્ટિ ગઇ. આ પ્રકાર જોઈને તેને મહાન આશ્ચર્ય થયું. અને તે મનમાં વિચારવા લાગ્યો કે, મારી તો આટલી જ શકિત હતી હવે હું શું કરૂં. મારી એ શકિત આ સમયે શૈલની સામે ખરગોશની માફક આ પાર્શ્વપ્રભુની સામે નિષ્ફળ બની ગઈ છે. બીજું આ પ્રભુ તો પોતાની એક જ મુઠીના પ્રહારથી ભારેમાં ભારે વજ્રનો પણ ચૂરો કરી નાખવાની શકિતવાળા છે. છતાં પણ ક્ષમાના ધારક એવા પ્રભુ દરેકના ઉપર ક્ષમા દૃષ્ટિવાળા છે પરંતુ મારા જેવા દુષ્ટને તો આ નાગદેવ ક્ષમા કરનાર નથી. મને તો એનો ભય લાગી રહ્યો છે પરંતુ આ કરૂણાના સાગર પ્રભુના અપરાધથી મને બચાવી શકે તેવું આ જગતમાં બીજું કોઇ પણ નથી. આથી મારૂં ભલું તો એમાંજ છે કે, હું એમના શરણે જાઉં. આ પ્રકારનો વિચાર કરીને એ અસુરે મેઘોને પોતપોતાના સ્થાને મોકલી દીધા. અને પાર્શ્વનાથ પ્રભુના ચરણોમાં જઈને પડી ગયો. પ્રભુના ચરણોમાં પડીને તે અસુરે પોતાના અપરાધોની ક્ષમા માગી. અને પછી તે ત્યાંથી પોતાના સ્થાને ચાલ્યો ગયો.

સવાર થયું એટલે પ્રભુ પણ ત્યાંથી વિહાર કરી ગયા. વિચરતાં વિચરતાં ભગવાન સત્યાસીમા ૮૭ દિવસે વારાણસી નગરીની પાસે બહારના ઉદ્યાનમાં પહોંચ્યા. અઠ્યાશીમા ૮૮ દિવસે ધ્યાનાવસ્થામાં બેઠેલા એ પ્રભુ પાર્શ્વનાથને સૂર્યોદયના સમયે કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. આ સમયે સઘળા ઇન્દ્રોનાં સ્થાન કંપાયમાન બન્યાં આથી તેમણે અવધિજ્ઞાન દ્વારા પ્રભુને કેવળજ્ઞાન ઉત્પન્ન થયાનું જાણીને ઘણો જ આનંદ મનાવ્યો અને એજ સમયે એ સઘળા દેવેન્દ્ર પોતપોતાના અનુચરોને સાથે લઇને ત્યાં પ્રભુની પાસે પહોંચ્યા આવીને તેમણે ત્યાં પ્રભુના સમવસરણની રચના કરી. પોતાના અતિશય સે સંજાત આસન ઉપર સમવસરણમાં પ્રભુ બિરાજમાન થયા આ પ્રકારે બિરાજમાન થઈને પ્રભુએ સુર અસુરોના બેસી ગયા પછી યોજન સુધી જેનો પડઘો પડે એવી વાણીદ્વારા દેશના દેવાનો પ્રારંભ કર્યો. ઉદ્યાન પાલકના મુખેથી પ્રભુને કેવળજ્ઞાન પ્રાપ્ત થયેલ છે તેવી જાણ થતાં એમના દર્શન માટે ઉત્કંઠિત બનેલા અશ્વસેન રાજા વામાદેવીને સાથે લઈને ત્યાં ભગવાનની પાસે આવ્યા અને તેમને સ્તુતિ પૂર્વક નમન કરીને ધર્મશ્રવણ કરવાની ભાવનાથી બેસી ગયા ભગવાને એ સમયે જે ધર્મદેશના આપી. એને સાંભળીને ત્યાં બેઠેલા અનેક સ્ત્રી પુરૂષોએ પ્રતિબોધિત બનીને દીક્ષા ધારણ કરી લીધી. કેટલાક સ્ત્રી પુરૂષોએ શ્રાવક ધર્મનો સ્વીકાર કર્યો. એ સમયે જેટલાએ દીક્ષા લીધેલ હતી. એમાંથી આર્યદત્ત આદિ દસમુનિ ભગવાનના ગણધર બન્યા. આ ગણધરોએ પ્રભુએ કહેલ ત્રિપદિ દ્વારા દ્વાદશાંગની રચના કરી.

અશ્વસેન ભૂપતિએ પણ હસ્તિસેન નામના પોતાના બીજાપુત્રને રાજ્યગાદીએ બેસાડી પોતે વામાદેવી અને પુત્રવધૂ પ્રભાવતીની સાથે પાર્શ્વપ્રભુની પાસેથી દીક્ષા અંગીકાર કરી. જેમની રક્ષા કરવામાં ધરણેન્દ્ર અને પદ્માવતિ સદા સાવધાન રહેતાં હતાં એવા એ પાર્શ્વનાથ એ પૃથ્વી મંડળ ઉપર વિચરવા લગ્યા. ભગવાનના સંઘમાં સોળહજાર મુનિ હતા. મુનિરાજ સઘળા ગુણોથી સુશોભિત હતા. આડત્રીસ હજાર સાધ્વીઓ હતી. એક લાખ ચોસઠ હજાર શ્રાવક હતા. અને ત્રણ લાખ સત્તાવીસ હજાર શ્રાવિકાઓ હતી. ભગવાને ૨૭ સત્તાવીસ વર્ષમાં ચોર્યાસી દિવસ ઓછા વિહાર કરીને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી અંતમાં ભગવાને ગિરી શિખર ઉપર જઇને તેત્રીસ મુનિવરોની સાથે અનશન કરીને કાયોત્સર્ગ ધારણ કર્યો અને એક મહીનાના અનશનથી તે મુનિયોની સાથે સાથે ભવોપગ્રાહી કર્મોનો ક્ષય થવાથી સિદ્ધિપદને પ્રાપ્ત કર્યું ભગવાનના નિર્વાણ કલ્યાણના આ સમયે ઇન્દ્રોએ, દેવોની સાથે મોટો ઉત્સવ મનાવ્યો. ભગવાનની સો વર્ષની આયુમાં ત્રીસ વર્ષની આયુ તો ગૃહસ્થાવસ્થામાં વ્યતીત થઇ. સિત્યાસી દિવસ છદ્મસ્થાવસ્થામાં રહ્યા, અને સીત્તેર વર્ષમાં સિત્યાસી દીવસ ઓછા કેવળી પર્યાયમાં વ્યતીત થયા. આ પ્રમાણે પ્રભુની સો વરસની આયુનો આ હિસાબ છે. ॥૧॥

આ પ્રમાણે પ્રસંગતઃ પ્રાર્શ્વપ્રભુનું ચરિત્ર પ્રકાશિત કરીને હવે પ્રસ્તુત સૂત્રની વ્યાખ્યા કરવામાં આવે છે-"**तस्स**" ઇત્યાદિ

અન્વયાર્થ—**लोगप्पईवस्स तस्स-लोकप्रदीपस्स तस्य** લોકાંતર્ગત સઘળ વસ્તુઓને પ્રકાશિત કરવા વાળા હોવાથી દિવાની માફક તે પાર્શ્વનાથ પ્રભુના **विज्जाचरणपारगे-विद्याचरणपारगः** સમ્યગ્જ્ઞાન અને ચારિત્રથી સંપન્ન અને **महाजसे-महायशाः** દિગંતવ્યાપી યશવાળા **केसी-केशी** કેસી નામના **कुमारसमणे-कुमारश्रमणः** કુમાર શ્રવણ અપરિણીત અવસ્થામાં મુનિ બની જવાના કારણે બાળ બ્રહ્મચારી **सीसे-आसी-शिष्यः आसीत्** શિષ્ય હતા ॥૨॥

હવે કેશીશ્રમણના વિષયમાં કહે છે "**ओहिनाणसुए**" ઇત્યાદિ !

અન્વયાર્થ—**ओहिनाणसुए-अवधिज्ञानश्रुतः** મતિજ્ઞાન શ્રુતજ્ઞાન અને અવધિ જ્ઞાનથી યુકત તથા **सीससंघसमाउले-शिष्यसंघसमाकुलः** શિષ્ય સમૂહથી સંપન્ન અને **बुद्धे-बुद्धः** તત્વ એવા તે કેશીકુમાર શ્રવણ **गामाणुगामं रीयंते-ग्रामानुग्रामं रीयमाणः** એક ગામથી બીજે ગામ વિહાર કરતાં કરતા **सावत्थि पुरिमागए-श्रावस्ति पुरिमागतः** શ્રાવસ્તી નગરીમાં આવ્યા. ॥૩॥

"**तिंदुयं**" ઇત્યાદિ !

અન્વયાર્થ—**तम्मि नयरमंडले-तस्याः नगरमंडले** તે નગરીની પાસે **तिंदुयं नाम उज्जाणं-तिन्दुकं नाम उद्यानम्** તિંદુક નામનું એક ઉદ્યાન હતું **तत्थ-तत्र** તે ઉદ્યાનમાં **फासुए सिज्जसंथारे-प्रासुके शय्यासंस्तारे** એષણીય વસતી અને સંસ્તારક શિલાપટ્ટક આદિના ઉપર તે કેશીકુમાર શ્રવણ **वासमुवागए-वासमुपागतः** આવીને રહ્યા ॥૪॥

પછી શું થયું? તેને કહે છે. "अह" ઇત્યાદિ!

અન્વયાર્થ—अह–अथ આના પછી तेणेव कालेणं–तस्मिन् एव काले એ કાળમાં सव्वलोगम्मि विस्सुए–सर्वलोके विश्रुतः ત્રણ લોકમાં પ્રસિદ્ધ એવા धम्मतित्थयरे जिणे भगवं वद्धमाणित्ति–धर्मतीर्थकरः जिनः भगवान् वर्द्धमान इति ધર્મરૂપી તીર્થનાકર્તા અર્હંત ભગવાન વર્ધમાન સ્વામી હતા ॥૫॥

"तस्स" ઇત્યાદિ!

અન્વયાર્થ—लोगपइवस्स तस्स सीसे विज्जाचरणपारगे महाजसे भयवं गोयमे नामं आसि–लोकप्रदीपस्य तस्य शिष्यः विद्याचरणपारगः महायशाः भगवान् गौतमः नाम आसीत् એ ભગવાન વર્ધમાન સ્વામીના ગૌતમ નામના મહાન યસસ્વી અને લોકોને અંધારામાંથી ઉજાસમાં લઈ જનાર એવા મહાકીર્તિવંત એવા શિષ્ય હતા. ॥૬॥

"बारसंगविऊ" ઇત્યાદિ!

અન્વયાર્થ—એ ગૌતમ સ્વામી बारसंगविऊ–द्वादशाङ्गवित् દ્વાદશાંગીના વેત્તા અને बुद्धे–बुद्धः જીવ અજીવ આદિ સઘળા પદાર્થોના જ્ઞાતા હતા. गामाणुगामं रीयंते–ग्रामानुग्रामं रीयमाणः ગ્રામાનુગ્રામ વિહાર કરતા કરતાં से–सः એ ગૌતમસ્વામી પણ सीससंघसमाउले–शिष्यसंघसमाकुलः પોતાની શિષ્ય મંડળી સાથે सावत्थिमागए–श्रावस्तीमागतः એ શ્રાવસ્તી નગરીમાં આવી પહોંચ્યા. ॥૭॥

"कुट्ठगं" ઇત્યાદિ!

અન્વયાર્થ—तम्मि नगरमंडले कुट्ठगं नाम उज्जाणं तत्थ फासुए सिज्ज संथारे वासमुवागए–तस्याः नगरमंडले कोष्टकं नाम उद्यानं तत्र प्रासुकशय्यासंस्थारे वासमुपागतः એ શ્રાવસ્તી નગરીની બહાર કોષ્ટક નામનું ઉદ્યાન હતું ત્યાં મુનિજનોને યોગ્ય શય્યા સંસ્તારકને ગ્રહણ કરીને ગૌતમસ્વામી પણ એ સ્થળે બિરાજમાન થયા. ॥૮॥

પછી શું થયું? તેને કહે છે—"केसी" ઇત્યાદિ.

અન્વયાર્થ—महायसे कोसीकुमारसमणे गोयमे य उभयो वि अल्लिणा सुसमाहिया तत्थ विहरिंसु–महायशाः केशिकुमारश्रमणो गौतमश्च उभौ अपि आलीनौ सुसमाहितौ तत्र व्यहार्ष्टाम् મહાયશસ્વી કેશીકુમાર શ્રમણ તથા ગૌતમસ્વામી એ બન્ને મન, વચન અને કાયની ગુપ્તિથી ગુપ્ત તથા સુસમાહિતસુષ્ઠુરીતીથી સમાધી સંપન્ન હતા. એ બન્ને શ્રાવસ્તી નગરીમાં સંયમ અને તપથી આત્માને ભાવિત કરતાં કરતાં વિચરવા લાગ્યા. ॥૯॥

"उभओ सीससंघाणं" ઇત્યાદિ!

અન્વયાર્થ—तत्थ–तत्र એ શ્રાવસ્તીમાં उभओ–उभयोः એ કેશીકુમાર તથા ગૌતમના गुणवंताणं–गुणवताम् જ્ઞાન, દર્શન અને ચારિત્રશાળી તથા ताइणं–त्रायिणाम् ષટ્કાય જીવોના રક્ષક તથા संजयाणं–संयतानाम् સંયમશાળી तवस्सिणं–तपस्विनाम् તપોનિષ્ઠ सीससंघाणं–शिष्यसंघानाम् શિષ્યવૃન્દને ભિક્ષાચર્યા આદિમાં ગમના ગમન સમયે પરસ્પર જોવાથી चिंता समुप्पन्ना–चिन्ता समुत्पन्ना વિચાર ઉત્પન્નથયો. ॥૧૦॥

વિચારના સ્વરૂપને કહે છે—"केरिसो" ઇત્યાદિ!

અન્વયાર્થ—**इमो धम्मो केरिसो**–अयं धर्मः कीदृशः અમારા તરફથી પાળવામાં આવતો આ મહાવ્રતરૂપ ધર્મ કેવો છે. તથા **इमो वा धम्मो केरिसो**–अयं वा धर्मः कीदृशः આ એમના દ્વારા પાળવામાં આવતો ધર્મ કેવો છે તથા **इमा आयार धम्मपणिही सा वा केरिसी**–अयं आचारधर्मप्रणिधिः स वा कीदृशः અમો જે બાહ્યક્રિયા કલાપરૂપ ધર્મને ધારણ કરીએ છીએ તેની વ્યવસ્થા તથા આ લોકો જે બાહ્યક્રિયા કલાપરૂપ ધર્મને ધારણ કરે છે તેની વ્યવસ્થા કેવી છે. જો કે, પાર્શ્વપ્રભુ અને મહાવીર એ બન્ને સર્વજ્ઞ છે તો પણ તેઓએ પ્રરૂપેલ ધર્મમાં તથા ધર્મનાં સાધનોમાં આ ભેદ કઇ રીતે થયો આ વાતને અમે જાણવા ચાહીએ છીએ. ॥૧૧॥

પછીથી એ જ વાતને કહે છે—"चाउज्जामो" ઇત્યાદિ!

અન્વયાર્થ—**पासेण य महामुणी**–पार्श्वेन महामुनिना પાર્શ્વનાથ મહામુનિ તીર્થંકરે **जो य चाउज्जामो धम्मो देसिओ**–योऽयं चातुर्यामः धर्मः देशितः જે આ ચાતુર્યામ –પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ, અદત્તાદાન વિરમણ, તથા મૈથુન વિરમણ ને પરિગ્રહ વિરમણમાં અંતર્ભૂત હોવાના કારણે પરિગ્રહ વિરમણ આ ચાર પ્રકારનો મુનિધર્મ કહેલ છે. તથા **वद्धमाणेणं महामुणी**–वर्धमानेन महामुनिना વર્ધમાન તીર્થંકરે પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ, અદત્તાદાન વિરમણ, મૈથુન વિરમણ અને પરિગ્રહ વિરમણ આ પ્રમાણે પાંચ પ્રકારનો મુનિધર્મ કહેલ છે. તો તેનું શું કારણ છે? આ પ્રકારનો એ બન્ને તીર્થંકરોના શિષ્યોને સંદેહ થયો. ॥૧૨॥

હવે સૂત્રકાર આચાર પ્રણિધિ વિષયક સંદેહને પ્રગટ કરે છે—"अचेलगो" ઇત્યાદિ!

અન્વયાર્થ—**जो अचेलगो य धम्मो**–यः अचेलकः धर्मः પ્રભુ શ્રી વર્ધમાન સ્વામીએ જે આ અચેલક–પરિમિત જીર્ણપ્રાય તથા અલ્પ મૂલ્યવાળા સફેદ વસ્ત્રોને પરિધાન કરવા રૂપ મુનિધર્મ બતાવેલ છે. તથા **जो संतरुत्तरो**–यः अयं सान्तरोत्तरः પાર્શ્વનાથ સ્વામીએ પોતાના શિષ્યોને પ્રમાણથી અને વર્ણથી વિશિષ્ટ અને બહુમૂલ્ય વસ્ત્રોને પરિધાન કરવારૂપ મુનિધર્મ બતાવેલ છે. તે **एककज्जपवन्नाणं विसेसे किंनु कारणम्**–एककार्यप्रपन्नयोः विशेषे किं नु कारणम् મુક્તિરૂપ એક કાર્યમાં પ્રવૃત્ત એ બન્ને તીર્થંકરોની ધર્માચરણની વ્યવસ્થામાં આવા ભેદનું શું કારણ છે. જ્યારે કારણમાં ભેદ છે તો કાર્યમાં પણ ભેદ થાય છે. પરંતુ અહીં તો એવું છે નહીં. કારણ કે, મુક્તિ રૂપી કાર્યમાં કોઇ પણ તીર્થંકરને ભેદ ઇષ્ટ રૂપ નથી તો પછી કારણમાં ભેદ કેમ? ॥૧૩॥

આ પ્રકારે પોત પોતાના શિષ્યોને જ્યારે આવો સંદેહ ઉત્પન્ન થઇ ગયો ત્યારે કેશિકુમાર અને ગૌતમે આ વિષય માં શું કર્યું એ હવે અહિંથી પ્રગટ કરવામાં આવે છે.—"अह ते" ઇત્યાદી!

અન્વયાર્થ—**अह**–अथ પોતેપોતાના શિષ્યોના મનમાં સંદેહ ઉત્પન્ન થવાથી **तत्थ**–तत्र ત્યાં શ્રાવસ્તીમાં **उभओ केसिगोयमा**–तौ उभौ केशिगौतमौ એ બન્ને

કેશિકુમાર અને ગૌતમે **सिसाणं पवियक्कियं विण्णाय**–શિષ્યાણાં પ્રવિતર્કિતં વિજ્ઞાય શિષ્યોના આ પૂર્વોકત સંદેહને જાણીને **समागमे कयमई**–સમાગમે કૃતવતી પરસ્પરમાં મળવાનો વિચાર કર્યો. ॥૧૪॥

કોણ કોના સ્થાન ઉપર જાય તે અંગે કહે છે—**"गोयमो"** ઇત્યાદિ !

અન્વયાર્થ—**पडिरूवण्णू गोयमो**–પ્રતિરૂપજ્ઞઃ ગૌતમઃ યથોચિત શાસ્ત્રોના વિનયના જ્ઞાતા ગૌતમ સ્વામી **जिट्ठं कुलमवेक्खंतो**–જ્યેષ્ટં કુલમપેક્ષમાણઃ કેશીકુમારને મોટા કુળવાળા માનીને **सीससंघसमाउले**–શિષ્યસંઘસમાકુલઃ શિષ્યસમૂહને સાથે લઇને તિન્દુકવનમાં આવ્યા. ॥૧૫॥

"केसिकुमारसमणे" ઇત્યાદિ !

અન્વયાર્થ—**केसिकुमारसमणे**–કેશિકુમારશ્રમણઃ કેશિકુમારશ્રમણે **गोयमं आगयं दिस्स**–ગૌતમં આગતં દૃષ્ટ્વા ગૌતમ સ્વામીને આવેલા જોઇને **पडिरूपं पडिवत्तिं**–પ્રતિરૂપાં પતિપત્તિમ્ તેમને યોગ્ય સત્કાર સન્માનરૂપ પ્રતિપત્તિ **सम्मं संपडिवज्जइ**–સમ્યક્ સમ્પ્રતિપદ્યતે સારી રીતે કરી. ॥૧૬॥

હવે એ પ્રતિપત્તિને કહે છે. **"पलालं"** ઇત્યાદિ !

અન્વયાર્થ—**तत्थ**–તત્ર એ તિન્દુક નામના ઉદ્યાનમાં કેશિકુમાર શ્રમણ **गोयमस्स निसज्जाए**–ગૌતમસ્ય નિષદ્યાયૈ ગૌતમ સ્વામીને બેસવા માટે **फासुयं पलालं**–પ્રાસુકં પલાલમ્ પોતાના શિષ્યોથી પ્રાસુક–અચિત્ત–શુષ્ક–કલ્પવર્જીત–એષણીય, શાલી, વ્રીહી કોદ્રવ તથા ચોથા રાલકના પલાલને તથા પાંચમા પ્રાસુક–દર્ભ–ડાભના તૃણોને **खिप्पं संपणामये**–ક્ષિપ્રં સમર્પયતિ તાત્કાલિક બિછાવ્યાં. કહ્યું પણ છે.

तिणपणगं पुण भणियं जिणेहिं कम्मट्ठगंठिमहणेहिं ।
साली बीहीकोद्दवरालय रण्णे तणाइं च ॥

છાયા—**तृण पंचकं पुनर्भिणितं जिनैः कर्माष्टग्रन्थिमथनैः ।**
शालीब्रीहिः कोद्रवो रालकोऽरण्यतृणानि च ॥

કર્મોની ગાંઠોને ફોડી નાખનારા તીર્થંકરોએ પાંચ પ્રકારના પરાલ આ પ્રકારના બતાવેલ છે—સાઠીનું પરાલ, કોદરાનું પરાલ, ધાન્યનું પરાલ, રાલ–કંગુનું પરાલ, આ બધા ધાન્ય માગશર માસમાં પરિપકવ થઈને તૈયાર થઇ જાય છે. પાંચમું પરાલ દર્ભ–દાભ બનાવેલ છે ॥૧૭॥

આસન ઉપર બેઠેલા કેશિશ્રમણ અને ગૌતમ સ્વામી કેવા શોભતા હતા ? તેને કહે છે—**"केसिकुमारसमणे"** ઇત્યાદિ ।

અન્વયાર્થ—**महायसे**–મહાયશાઃ મહાયશસ્વી **केसिकुमारसमणे गोयमे य**–કેશિકુમારશ્રમણઃ ગૌતમશ્ચ કેશી કુમાર શ્રમણ તથ ગૌતમસ્વામી **उभओ निसन्ना**–ઉભૌ નિષણ્ણૌ એ બન્ને બેઠેલા **चंदसूरसमप्पहा सोहंति**–ચન્દ્રસૂર્યસમપ્રભૌ શોભેતે ચંદ્રસૂર્યના સમાન શોભતા હતા ॥૧૮॥

શ્રાવસ્તીમાં બન્નેના સમાગમનો વૃત્તાંત ફેલાઇ જતાં જે બન્યું તેને કહે છે. —"समागया" ઇત્યાદિ !

અન્વયાર્થ—तत्थ–तत्रએ તિન્દુક ઉદ્યાનમાં **कोउगा–कौतुकात्** કૌતુહલથી અનેક અજ્ઞાની જન **बहू–बहवः** અનેક **पासंडा–पाषण्डाः** બીજા ધર્મના પરિવ્રાજક જન **समागया–समागताः** આવી પહોંચ્યા તથા હજારો ગૃહસ્થજન પણ આવીને એકત્રિત થઇ ગયા. ॥૧૯॥

પછી પણ—"देवदानव" ઇત્યાદિ !

અન્વયાર્થ—तत्थ–तत्र એ તિન્દુક ઉદ્યાનમાં **देवदानवगंधव्वा–देवदानवगंधर्वाः** દેવ—વૈમાનિક દેવ, દાનવ–ભવનપતિ દેવ, ગંધર્વ, વ્યન્તરદેવ વગેરે આવ્યા તથા **जक्खरक्खसकिन्नरा–यक्षराक्षसकिन्नराः** યક્ષ, રાક્ષસ, કિન્નર તથા **अदिस्साण य–अदृश्यानां च** અદૃશ્ય બીજા પણ વ્યન્તરદેવના ભેદરૂપ ભૂતદેવનો **समागओ आसि–समागमः आसीत्** સમાગમ થયો. ॥૨૦॥

હવે એ બન્નેના સંભાષણને કહે છે—"पुच्छामि" ઇત્યાદિ !

અન્વયાર્થ—**महाभाग–महाभाग** "હે મહાભાગ ગૌતમ ! હું તે **पुच्छामि**–તે પૃચ્છામિ આપને પૂછું છું" જ્યારે આ પ્રકારે **केसी गोयममब्बवी–केशी गौतममब्रवीत्** કેશી શ્રમણે ગૌતમને કહ્યુ. **तओ बुवंतं केसिं गोयमो इणमब्बवी–ततः ब्रुवंतं केशिनं गौतम इदमब्रवीत्** ત્યારે ગાતમે કેશી શ્રવણને આ પ્રકારે કહ્યું. ॥૨૧॥

ગૌતમ સ્વામીએ જે કહ્યું તેને કહે છે.—"पुच्छ भंते" ઇત્યાદિ !

અન્વયાર્થ—ગૌતમસ્વામીએ કહ્યું કે, **भंते–भदन्त** હે ભદન્ત ! કેશીશ્રમણ **ते जहेच्छं पुच्छ–ते यथेच्छं पृच्छ** જે કાંઇ પૂછવાની ઇચ્છા હોય તે ખુશીથી પૂછો. આ પ્રકારે **गोयमं केसिं अब्बवी–गौतमो केशिनं अब्रवीत्** ગૌતમસ્વામીએ જ્યારે કેશી શ્રમણને કહ્યું **तओ केसी अणुण्णाए–ततः केशी अनुज्ञातः** ત્યારે કેશી શ્રમણે ગૌતમસ્વામીથી અનુમોદિત અને પ્રેરિત થઈને **गोयमं इणमब्बवी–गौतमं इदं अब्रवीत्** ગૌતમસ્વામીને આ પ્રકારે પૂછયું ॥૨૨॥

કેશી શ્રમણે ગૌતમ સ્વામીને જે પૂછયું તેને કહે છે—"चाउज्जामो" ઇત્યાદિ !

અન્વયાર્થ—ગાથાની વ્યાખ્યા બારમી ગાથાની માફક સમજી લેવી અર્થાત् **जो धम्मो चाउज्जामो–यो धर्मश्चातुर्यामश्च** ચાર મહાવ્રતરૂપ મુનિધર્મ **वद्धमाणेणं पासेण य–वर्द्धमानेन पार्श्वन च** શ્રી પાર્શ્વનાથ સ્વામીએ **देसिओ–देशितः** કહ્યા છે અને પાંચ મહાવ્રતરૂપી મુનિધર્મ શ્રી વર્ધમાન સ્વામીએ કહ્યા છે તો આ બન્નેના કહેવાના ભેદનું કારણ શું છે ॥૨૩॥

"एगकज्जपवन्नाणं" ઇત્યાદિ !

અન્વયાર્થ—કેશીકુમાર શ્રમણે ગૌતમસ્વામીને એ પણ પૂછયું કે, જ્યારે મહાવીર પ્રભુ તથા પાર્શ્વપ્રભુ **एककज्जपवन्नाणं–एककार्यप्रपन्नयोः** મોક્ષરૂપ કાર્યમાં સમાનરૂપથી પ્રવૃત્ત છે તો પછી **विसेसे किं नु कारणम्-विशेषे किं नु कारणम्** ધર્મનું આચરણ કરવાની વ્યવસ્થામાં આવા ભેદનું શું કારણ છે ? **मेहावी-मेधाविन्** હે શ્રેષ્ઠ બુદ્ધિમાન् **दुविहे धम्मे ते विप्पच्चयो कहं न–द्विविधे धर्मे ते विप्रत्ययो कथं न ?** શું આપને

આ ચાતુર્યામ તથા પંચયામરૂપ બે પ્રકારના ધર્મમાં સંશય નથી આવતો ? જ્યારે બન્નેની સર્વજ્ઞતામાં કોઇ ભેદ નથી તો પછી આ પ્રકારથી મુનિજનના ચારિત્ર રૂપ ધર્મમાં ભેદનું કયું કારણ છે ? ।।૨૪।।

આ પ્રકારના કેશીશ્રમણના કહેવાથી ગૌતમસ્વામી કહે છે—"तओ" ઇત્યાદિ !

અન્વયાર્થ—तओ-ततः આના પછી गोयमो-गौतमः ગૌતમસ્વામીએ बुवंतं केसिं-ब्रुवन्तं केशिनम् પૂછતાં કેશીકુમાર શ્રમણને इणमब्बवी-इदमब्रवीत् આ પ્રમાણે કહ્યું કે, હે ભદન્ત ! तत्तविणिच्छयं-तत्त्वविनिश्चयम् તત્વોના વિનિશ્ચાયક तत्तं-तत्त्वं ધર્મતત્વને पण्णा समिक्खए-प्रज्ञा समीक्षते બુદ્ધિ જુએ છે. અર્થાત વાક્ય શ્રવણથી અર્થ નિર્ણય થતો નથી પરંતુ પ્રજ્ઞાવશથીજ થાય છે. ।।૨૫।।

મુનિ ધર્મને બે પ્રકારથી કહેવાનું કારણ કહે છે—"पुरिमा" ઇત્યાદિ !

અન્વયાર્થ—હે ભદન્ત ! पुरिमा-पौरस्त्या પ્રથમ જીનેશ્વરના શિષ્ય उज्जुजडाउ-ऋजुजडास्तु ઋજુ અને જડ હતા, આચાર્ય એમને જેવું શીક્ષણ આપતા હતા તેવું તેઓ સરલસ્વભાવવાળા હોવાથી માની લેતા હતા. પરંતુ તેમને સમજાવવું ઘણું જ મુશ્કેલ હતું. पच्छिमा वक्कजडा य-पश्चिमाः वक्रजडाश्च અંતિમ તીર્થંકરના શિષ્ય વક્રજડ છે તથા मज्झिमा-मध्यमाः વચ્ચેના બાવીસ તીર્થંકરોના शिष्य उज्जुपन्ना उ-ऋजुप्रज्ञास्तु ઋજુપ્રજ્ઞ છે. સ્વભાવ સંપન્ન હોવાથી ઋજુ છે તથા સુખથી શિક્ષા ગ્રહણ કરનારા હોવાના કારણે પ્રાજ્ઞ છે. तेण धम्मे-दुहा कडे-तेन धर्मो द्विधा कृतः આજ કારણે એક કાર્ય માનવા છતાં પણ ધર્મ દ્વિવિધરૂપથી કહેલ છે. ।।૨૬।।

એજ અર્થને સ્પષ્ટ કરે છે—"पुरिमाणं" ઇત્યાદિ !

અન્વયાર્થ—पुरिमाणं-पौरस्त्यानां પ્રથમ તીર્થંકરના શિષ્યોનો कप्पो-कल्पः સાધ્વાચાર दुव्विसोज्झो-दुर्विशोध्यः દુર્વિશોધ્ય હતો ખૂબ જ કઠીનતાથી નિર્મળ બનાવવામાં આવતો હતો. કેમ કે, તેઓ ઋજુ જડ હતા. આ કારણે ગુરૂ મહારાજ તરફથી સીખવાડવા છતાં પણ એમના વાક્યને સમ્યકરીતિથી સમજી શકવામાં તેઓ અસમર્થ હતા. તથા चरिमाणं-चरमाणम् અંતિમ તીર્થંકર શ્રી મહાવીરના શિષ્યોનો સાધ્વાચાર दुरणुपालओ-दुरनुपालकः દુરનુપાલ્ય છે. કેમકે એમના શિષ્ય ગુરૂના વાક્યને જો કે, જાણતા હોવા છતાં પણ વક્રજડ હોવાના કારણે સાધ્વાચારને યથાવત્ પાળવામા શકિતશાળી બનતા નથી. તથા मज्झिमाणं तु कप्पो-मध्यमकानां तु कल्पः વચ્ચેના બાવીસ તીર્થંકરોના શિષ્યોનો સાધ્વાચાર सुविसोज्झो सुपालओ-सुविशोध्यः सुपालकः સુવિશોધ્ય અને સુપાલ્ય બતાવવામાં આવેલ છે. કારણ કે એમના શિષ્યજન ઋજુપ્રજ્ઞ હોવાના કારણે સાધુ સંબંધી ક્રિયાકલાપને સારી રીતે જાણે છે અને એનું સારી રીતે પાલન પણ કરે છે. આ માટે વચ્ચેના તીર્થંકરોના શિષ્યજન ઉપદેશવામાં આવેલ ચાતુર્યામરૂપ ધર્મમાં મૈથુન વિરમણ વ્રતને પણ સારી રીતે જાણી લે છે અને સારી રીતે તેને પાળે પણ છે આથી ભગવાન પાર્શ્વનાથે ચાતુર્યામ ધર્મ કહેલ છે. તથા પ્રથમ અને છેલ્લા તીર્થંકરોના શિષ્ય એવા હોતા નથી. આથી એમના માટે પંચમહાવ્રતરૂપ ધર્મ કહ્યો. આ પ્રમાણે વિચિત્ર પ્રજ્ઞ વિનેય જનોના અનુગ્રહને માટે ધર્મની ભિન્નતા જાણવી જોઈએ. વાસ્તવમાં ધર્મમાં ભિન્નતા છે જ નહીં. ।।૨૭।।

આ પ્રમાણે જ્યારે ગૌતમસ્વામીએ કહ્યું ત્યારે કેશીકુમાર શ્રમણે તેમને કહ્યું—"साहु" ઇત્યાદિ !

અન્વયાર્થ--गोयम-गौतम હે ગૌતમ ! ते पण्णा-ते प्रज्ञाः આપની બુદ્ધિ ઘણીજ साहु-साधु સારી છે મે इमो संसयो छिन्नो-मे अयम् संशयो छिन्नो આપે મારા આ સંશયને દૂર કરી દીધો છે मज्झं अन्नोवि संसओ-मम अन्योऽपि संशयो બીજો પણ સંશય છે. આથી तं कहंसु गोयमा-तम् कथय गौतम આપ એને દૂર કરો આ પ્રકારનું કેશી શ્રમણનું કથન શ્રોતાની અપેક્ષાએ જાણવું જોઇએ. કારણ કેશી શ્રમણ પોતે જ્ઞાનમયથી યુકત હતા. આથી તેમને એવો સંશય થવો અસંભવ છે. ॥૨૮॥

"अचेलगो" ઇત્યાદિ ! "एककज्जपवन्नाणं" ઇત્યાદિ !

અન્વયાર્થ--जो अचेलगो धम्मो-यः अचेलकः धर्मः મહાયશસ્વી પ્રભુ વર્ધમાન સ્વામીએ જે એ અચેલક-પરિમિત, જીર્ણપ્રાય તથા અલ્પ મૂલ્યવાળા શ્વેતવસ્ત્રને પરિધાન કરવારૂપ મુનિધર્મ બતાવેલ છે તથા जो इमो संतरुत्तरो-यः अयं सान्तरोत्तरः મહાયશસ્વી પાર્શ્વનાથ સ્વામીએ જે પ્રમાણથી અને વર્ણથી વિશિષ્ટ તથા ઉત્તર-બહુમૂલ્ય વસ્ત્રોને પરિધાન કરવારૂપ મુનિધર્મ બતાવેલ છે. તે પછી एककज्जपवन्नाणं विसेसे किंनु कारणं-एगकार्यप्रपन्नयोः विशेषे किनु कारणम् મુકિતરૂપ એક કાર્યમાં પ્રવૃત્ત આ બન્ને તીર્થંકરોના ધર્માચરણની વ્યવસ્થામાં આવા ભેદનું કારણ શું છે ? જ્યારે કારણમાં ભેદ હોય છે ત્યારે કાર્યમાં પણ ભેદ બની જાય છે. પરંતુ આમાં તો એવું કાંઇ છે નહીં. કારણ કે, મુકિતરૂપ કાર્યમાં કોઇ પણ તીર્થંકરને ભેદ લાગ્યો નથી તો કારણમાં ભેદ શા માટે ? मेहावी-मेधावी મેધાવિન્ ! दुविहे लिङ्गे-द्विविधे लिङ्गे અચેલકરૂપ તથા-વિવિધ વર્ણ બહુમૂલ્ય વસ્ત્રરૂપ આ બે લિંગોમાં ते विप्पच्चयो कहं न-ते विप्रत्ययः कथं न આપને સંદેહ શા માટે નથી થતો ? ॥૨૯॥૩૦॥

કેશી શ્રમણના પૂછવાથી ગૌતમ સ્વામીએ શું કહ્યું ? તેને કહેછે.--"केसीमेव" ઇત્યાદિ !

અન્વયાર્થ--एवं-एवम् આ પૂર્વોક્તરૂપથી बुवाणं-ब्रुवाणम् પૂછવાવાળા केसिं-केशिनम् કેશીકુમાર શ્રમણને गोयमो इणमब्बवी-गौतमः इदमब्रवीत् ગૌતમસ્વામીએ આ પ્રકારે કહ્યું કે-હે ભદન્ત विन्नाणेण समागम्म-विज्ञानेन समागम्य વિજ્ઞાન-કેવળજ્ઞાનથી જેને જે ઉચિત હતું એને એજ રૂપથી જાણીને धम्मसाहणम्-धर्म-साधनम् એ ધર્મ સાધન इच्छियं-इष्टम् પાર્શ્વનાથ અને વર્ધમાન પ્રભુએ બતાવેલ છે. એનું તાત્પર્ય આ પ્રકારથી છે.-પ્રથમ અને છેલ્લા તીર્થંકરના શિષ્ય ઋજુજડ (સરલ છતાં અણસમજુ) અને વક્રજડ વાંકા અને (અણસમજુ) હોય છે. જો એમને બધે લાલ વસ્ત્રના ધારણ કરવાની આજ્ઞા આપી દેવામાં આવત તો ઋજુજડ વક્રજડ હોવાના કારણે વસ્ત્રોને રંગવા આદિમાં પણ પ્રવૃત્તિ કરવા લાગી જાત આજ કારણે પ્રથમ તથા છેલ્લા તીર્થંકરોએ લાલ વસ્ત્ર આદિના ધારણ કરવાની આજ્ઞા આપેલ નથી. વચ્ચેના તીર્થંકરોના શિષ્ય એવાનથી. કિંતુ ઋજુ પ્રજ્ઞ છે આ કારણે એમણે તેમને પાંચવર્ણના વસ્ત્ર આદિ ધારણ કરવાની આજ્ઞા આપેલ છે. ॥૩૧॥

વળી પણ--"पच्चत्थयं" ઇત્યાદિ !

અન્વયાર્થ--હે ભદન્ત ! लोगस्स पच्चत्थयं-लोकस्य प्रत्ययार्थम् "આ જૈન

સાધુ છે" આ પ્રકારથી લૌકિક જનોને સમજવાને માટે **णाणाविहविकप्पणं–नानाविधविकल्पनम्** અનેક પ્રકારનાં ઉપકરણોનું વિધાન તીર્થંકરોએ કરેલ છે "આ જૈનસાધુ છે" આ વાતને લોકો જલદીથી સમજી જાય આ માટે સદોરકમુખવસ્ત્રિકા, રજોહરણ, આદિ નાના પ્રકારના ઉપકરણ સાધુઓને માટે નિર્દિષ્ટ કરવામાં આવેલ છે. આ સઘળા ઉપકરણ યતિજનોમાં પણ પ્રતિનિયત છે. અન્યમાં નહીં જો સાધુજનોનું ચિન્હ અનિયત હોત તો ધૂર્ત માણસો પણ પોતાની જાતને સાધુ કહેવા લાગી જાત. આથી લોકોનો વિશ્વાસ યતિજનોમાં ન રહેત આ કારણે ભગવાને આ પૂર્વોક્ત યતિચિન્હ નિયમિત કરેલ છે. તથા **जत्तत्थं गहणत्थं च लोगे लिंगपओयणं–यात्रार्थं ग्रहणार्थं लोके लिङ्गप्रयोजनम्** યાત્રાના માટે સંયમનિર્વાહના માટે અને કદાચિત ચિત્તમાં વિપ્લવ ઉત્પન્ન થવા છતા પણ 'હું મુનિ છુ" આ પ્રકારે પોતાના જ્ઞાનના માટે આ લોકમાં સાધુચિન્હનું પ્રયોજન છે. ॥૩૨॥

છતાં પણ––"अह" ઇત્યાદિ !

હે ભદન્ત ! **निच्छये–निश्चये** નિશ્ચય નયની અપેક્ષાથી **णाणं च दंसणं चेव चारित्तं चेव–ज्ञानं च दर्शनं चैव चारित्रं चैव** જ્ઞાન દર્શન અને ચારિત્ર એ જ **मोक्खसब्भूयसाहणे–मोक्षसद्भूतसाधनम्** મોક્ષનું વાસ્તવિક સાધન છે. આ પ્રકારનો **पइण्णा भवे–प्रतिज्ञा भवति** સિદ્ધાંત બન્ને તીર્થંકરોનો છે. તાત્પર્ય આનું એ છે કે, નિશ્ચયનયના અનુસાર જ્યારે મોક્ષના વાસ્તવિક સાધનનો વિચાર કરવામાં આવે છે તો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ ચારિત્રની એકતાજ મોક્ષનું એક વાસ્તવિક અબાધ હેતુ છે આમા લિંગના તરફ આગ્રહ નથી. કેમકે શાસ્ત્રોમાં એવી કેટલીએ કથાઓ છે –જેમ ભરત-ચક્રવર્તીને મુનિલિંગના વગર પણ કેવળજ્ઞાનની ઉત્પત્તિ થયેલ હોવાનું બતાવાયેલ છે. આથી આ નયની દૃષ્ટીમાં લિંગ અકિંચિત્કર છે. આ વિષયમાં ન તો ભગવાન પાર્શ્વનાથનો કોઇ વિવાદ છે અને ન તો પ્રભુ મહાવીરનો પણ જ્યારે વ્યવહાર નયની દૃષ્ટીથી વિચાર કરવામાં આવે છે તો લિંગમાં પણ મોક્ષ સાધના માનવામાં આવી છે. આ કારણે વ્યવહારની અપેક્ષા મોક્ષના સાધનભૂત લિંગ ભિન્ન હોવા છતાં પણ નિશ્ચયના અપેક્ષાથી એનામાં કોઇ ભેદ નથી. આથી એ અપેક્ષા લિંગભેદ વિપ્રત્યય-સંદેહનું કારણભૂત વિદ્વાનોની દૃષ્ટીમાં થઈ શકતું નથી. ॥૩૩॥

ગૌતમ સ્વામીના ઉત્તરને સાંભળીને કેશીશ્રમણે કહ્યું તેને કહે છે––"साहु" ઇત્યાદિ !

અન્વયાર્થ––**गोयम–गौतम** હે ગૌતમ ! **ते–ते** આપની **पण्णा–प्रज्ञा** બુદ્ધિ **साहु–साधु** ઘણી જ ઉત્તમ છે. આપે **मे-मे** મારા આ **इमो संसओ छिण्णो-अयं संशयः छिन्नः** લિંગ વિષયક સંશય દૂર કરી દીધો છે. **मज्झं अन्नो वि संसओ मम अन्योऽपि संशयः** મારા મનમાં એક બીજો પણ સંદેહ છે તો **गोयमा–गौतम** હે ગૌતમ ! આપ **तं कहसु–तं कथय** એનું પણ નિવારણ કરો ॥૩૪॥

પછી વસ્તુ તત્વને પોતે જાણતા હોવા છતાં પણ કેશી શ્રમણે શિષ્યોના સંશયને દૂર કરવા માટે ગૌતમ સ્વામીને પૂછ્યું તેને કહે છે.– "अणेगाण" ઇત્યાદિ !

અન્વયાર્થ––**गोयम–गौतम** હે ગૌતમ ! **अणेगाणसहस्साणं–मज्झे चिट्ठसि –अनेकेषां सहस्राणां मध्ये तिष्ठसि** અનેક હજારો શત્રુઓની વચમાં રહેલા છો. **ते य ते अभिगच्छंन्ति–ते च त्वां अभिगच्छंति** સઘળા શત્રુ આપના ઉપર આક્રમણ

કરે છે. આથી હું આપને એ પૂછી રહ્યો છું કે, **तुमे–त्वया आपे ते–ते** એ સઘળાને **कहं निज्जिया–कथं निर्जिताः** કઇ રીતે જીતી લીધા.

ભાવાર્થ–કેવળજ્ઞાન ઉત્પન્ન થયેલ ન હોવાથી હજુ સુધી આંતરિક શત્રુને પરાસ્ત કરી શકાયા નથી. આ કારણે કેશી શ્રમણ ગૌતમને એ પૂછી રહ્યા છે કે, આ અવસ્થામાં આપના ઉપર હજારો શત્રુઓ આક્રમણ કરવા માટે ઉભા છે. છતાં પણ આપનો એ લોકો પરાજય કરી શકયા નથી આથી એવું જાણવામાં આવે છે કે એ શત્રુઓ ઉપર આપે વિજય મેળવી લીધો છે. આથી આપે એ શત્રુઓને કયા પ્રકારથી જીતી લીધા છે એ હું આપની પાસેથી જાણવા માગું છું. ॥૩૫॥

પ્રત્યુત્તરમાં ગૌતમસ્વામીએ આ પ્રકારે કહ્યું–**"एगे"** ઇત્યાદિ!

અન્વયાર્થ––**एगे–एकस्मिन्** સઘળા ભાવ શત્રુઓમાં પ્રધાનભૂત આત્માને **जिये–जिते**–જીતી લેવાથી **पंचजिए–पञ्चजिताः** મેં એક આત્મા અને ચાર કષાય આમ પાંચ શત્રુઓને જીતી લીધા છે. જીવના કષાયરૂપ શત્રુ પાંચહજારને બસો (૫૨૦૦ છે. ભેદ પ્રભેદ સહિત ક્રોધાદિક ચાર કષાયોને તથા એક આત્માને આ પ્રમાણે પાંચેને જીતી લીધલ છે. **पंचजिए दसजिया–पञ्चसु जितेसु दश जिताः** તથા આ પાંચને જીતી લેવાથી દશ શત્રુ જીતાઇ જાય છે. અર્થાત એ પૂર્વોક્ત પાંચ તથા પાંચ ઇન્દ્રીયો આમ દશ શત્રુઓ જીતી લેવાય છે. **दसहा उ जिणित्ता सव्वसत्तू अहं जिणामि–दशधा तु जित्वा सर्वशत्रून् अहं जितामि** દશ શત્રુઓને જીતીને મેં એ સઘળા શત્રુઓને નિશ્ચયથી જીતી લીધા છે.

જ્યારે કેશી શ્રમણ કુમારે ગૌતમ મહામુનીને આનાથી પહેલાની ગાથામાં એ પ્રકારનું પૂછેલ હતું કે, **"अणेगाए सहस्साणं मज्झे चिट्ठसि गोयमा"** ત્યારે એમના એ પ્રશ્નનો ઉત્તર જે ગૌતમસ્વામીએ એવો આપેલ છે કે, **"दसहा उ विजित्ताणं सव्वसत्तू जिणामिह"** આનાથી એમનો એવો આશય જાણી શકાય છે કે, એમણે ભેદ પ્રભેદ સહિત કષાયે ને જીતવાનું જ પ્રગટ કરેલ છે. અન્યથા–જો એમનો એવો અભિપ્રાય ન થાત તો "દસ શત્રુઓને જીતી લેવાથી સઘળા શત્રુઓને મેં જીતી લીધા છે" આ પ્રકારનું કહેવુ તેમનું કઇ રીતે સંગત માની શકાય. શત્રુ અનેક હજાર જેપ્રકારના છે. તેની પ્રકારતા આ પ્રમાણે છે.––

(૧) મૂળમાં ક્રોધ, માન, માયાને લોભ આ ચાર કષાય છે. આ ક્રોધાદિક ચાર કષાયોનું સામાન્ય જીવ સહિત ચોવીસ દંડકોની સાથે અર્થાત્ આ પચીસની સાથે ગુણાકાર કરવાથી ૧૦૦–૧૦૦ ભેદ થઈ જાય છે. અર્થાત્ આ ક્રોધાદિક ચાર કષાય પ્રત્યેક અનંતાનુબંધી અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન,તથા સંજ્વલનના ભેદથી ૪–૪–૪–૪ રૂપ છે. અનંતાનુબંધી ક્રોધ, અપ્રત્યાખ્યાનક્રોધ, પ્રત્યાખ્યાનક્રોધ, સંજ્વલનક્રોધ. આ પ્રકારે એ ચાર ક્રોધ થઈ જાય છે. આજ પ્રકારે માન, માયા, લોભ પણ ચાર ચાર જાણવ જોઈએ આ ચાર ચારનું પૂર્વોકત પચ્ચીસની સાથે ગુણવાથી ૧૦૦, ૧૦૦, ૧૦૦, ૧૦૦ આ પ્રકારના ૪૦૦, ચારસો ભેદ ક્રોધાદિકોના થઈ જાય છે.

(૨) અન્ય પ્રકારથી પણ આ ક્રોધાદિક ચાર કષાયોના પ્રત્યેકના ચાર ચાર ભેદ હોય છે.–તે આ પ્રમાણે છે ૧ આભોગનિવર્તિત અનાભોગનિવર્તિત, ઉપશાંત, અનુપશાંત આ આભોગ નિવર્તિત આદિના ભેદથી ચતુર્વિધ ક્રોધના સામાન્ય જીવ સહિત ચોવીસ દંડકોની સાથે અર્થાત્ આ પચીસની સાથે ગુણાકાર કરવાથી આ ક્રોધના ૧૦૦, ભેદ થઇ જાય છે. આજ પ્રકારે માનાદિક કષાયોના પણ સો–સો ૧૦૦, ૧૦૦, ભેદ જાણવા જોઈએ. આવી રીતે આ બીજા પ્રકારથી પણ આ ક્રોધાદિકોના ચારસો ભેદ થઈ જાય છે.

(૩) ત્રીજા પ્રકારથી પણ ક્રોધાદિક કષાયોના ચાર ભેદ આ રીતે થાય છે.— ૧ આત્મપ્રતિષ્ઠિત ૨ પરપ્રતિષ્ઠિત ૩ તદુભયપ્રતિષ્ઠિત, ૪ અપ્રતિષ્ઠિત, આ ચાર પ્રકારના ક્રોધનો પૂર્વોકત પચીસની સાથે ગુણાકાર કરવાથી ક્રોધ ૧૦૦ પ્રકારના થઇ જાય છે. આજ પ્રમાણે માનાદિકોના ભેદોને પણ જાણવા જોઇએ.

(૪) ચોથો પ્રકાર આ પ્રમાણે છે-ક્ષેત્ર, વાસ્તુ, શરીર, ઉપધિ ક્ષેત્રાદિકના ભેદથી ચાર પ્રકારના ક્રોધના આગલા પચીસની સાથે ગુણાકાર કરવાથી ક્રોધના સો ભેદ જાણવા જોઇએ. આવી રીતે માનાદિક કષાયોને પણ જાણવા જોઈએ. આ પ્રમાણે એ ચારે પ્રકારના ચારસો ભેદોને જોડી દેવાથી કષાયોન ૧૬૦૦ સોળસો ભેદ થઇ જાય છે.

(૫) કાર્યમાં કારણના ઉપચારથી કષાયોના બીજા પણ છ ભેદ થાય છે. તે આ છે-૧ ચય, ૨ ઉપચય, ૩ બંધન. ૪ વેદના, ૫ ઉદીરણા ૬ નિર્જરા આ છ ભેદોનો ભૂત, ભવિષ્ય અને વર્તમાનની સાથે અર્થાત્ આ ત્રણ કાળની સાથે ગુણાકાર કરવ થી અઢાર ૧૮ ભેદોના એક જીવ અને અનેક જીવોની અપેક્ષા બેની સાથે ગુણાકાર કરવાથી છત્રીસ ભેદ થઇ જાય છે. આવી રીતે આ છત્રીસ પ્રકારના ક્રોધનો પૂર્વોકત પચીસની સાથે ગુણાકાર કરવાથી નવસો ૯૦૦ ભેદ થઈ જાય છે. આજ પ્રમાણે માનાદિક કષાયોના પણ નવસો ૯૦૦-૯૦૦ નૈં સોભેદ કરી લેવા જોઇએ. ચારે કષાયોના ૯૦૦ ૯૦૦, ભેદ જોડવાથી છત્રીસસો ૩૬૦૦ ભેદ બની જાય છે. આ ત્રણ હજાર છસોમાં અગાઉના ૧૬૦૦ ભેદો વધુ મેળવવાથી આ કષાયોના કુલ પાંચ હજાર બસો ૫૨૦૦ ભેદ થઇ જાય છે.

છતાં પણ પાંચ ઇન્દ્રિયોના વિષય તેવીસ પ્રકારના તથા વિકાર બસો ચાળીસ ૨૪૦ છે. તે આ પ્રકારના છે.--

શ્રવણેન્દ્રિયનો વિષય જે શબ્દ છે તેના જીવ શબ્દ, અજીવ શબ્દ તથા મિશ્ર-શબ્દના ભેદથી ત્રણ પ્રકાર છે. તથા આ ઇન્દ્રિયોનો વિકાર બાર પ્રકારનો છે. આ ત્રણેના શુભ અને અશુભના ભેદથી છ છ ભેદ થઈ જાય છે. આ છની સાથે રાગ અને દ્વેષ એ બન્નેને ગુણવાથી બાર ભેદ થઇ જાય છે. ॥૧॥

ચક્ષુ ઇન્દ્રિયનો વિષય વર્ણ છે તે પાંચ પ્રકારનો છે. તથા આ ઇન્દ્રિયના વિષયનો વિકાર સાઠ પ્રકારનો છે. ચક્ષુ ઇન્દ્રિયનો વિષય જે પાંચ પ્રકારનો બતાવવામાં આવેલ છે તે સચિત્ત અચિત્ત અને વર્ણના ભેદથી ત્રણ ત્રણ ભેદ થઇ જાય છે. આ પ્રકારે વિકારના ૧૫ પંદર ભેદ થઈ જાય છે. હવે એ પંદર ૧૫ ભેદો ને શુભ અને અશુભની

સાથે ગુણવાથી ત્રીસ ભેદ બીજા પણ થઈ જાય છે. આ ત્રીસ ભેદોને પણ રાગ અને દ્વેષથી ગુણવાથી ચક્ષુન્દ્રિના વિકારના સાઠ ભેદ નિષ્પન્ન થઈ જાય છે. ॥૨॥

ઘ્રાણેન્દ્રિયના સુગંધ અને દુર્ગંધ એ બે પ્રકારનો વિષય છે. તથા એનો વિકાર બાર ૧૨ પ્રકારનો છે. સુગંધ અને દુર્ગંધ રૂપ વિષય સચિત્ત, અચિત્ત અને મિશ્રના ભેદથી છ પ્રકારનો છે તથા એ છ એ પ્રકાર રાગ અને દ્વેષના ભેદથી બાર ૧૨ પ્રકારના થઇ જાય છે. ॥૩॥

રસના ઇન્દ્રિયનો વિષય રસ છે. એ પાંચ પ્રકારનો છે. તીખા, કડવા આદિ! એ એના ભેદ છે. વિકાર ૬૦ સાઠ છે. આ પાંચેય વિષય સચિત્ત, અચિત્ત, અને મિશ્રના ભેદથી પંદર ૧૫ ભેદ વાળા થઇ જાય છે તથા શુભ અને અશુભના ભેદથી એ પંદર ૧૫ પ્રકાર ત્રીસ ૩૦ ભેદવાળા થઈ જાય છે. અને આ ત્રીસ ભેદોને રાગ અને દ્વેષની સાથે ગુણવાથી રસનેન્દ્રિયના વિકાર ૬૦ સાઠ થઇ જાય છે. ॥૪॥

સ્પર્શન ઇન્દ્રિયનો વિષય આઠ પ્રકારનો સ્પર્શ છે. એ ઠંડી, આદિ આઠ સ્પર્શોના સચિત્ત આદિ ભેદથી ચોવીસ ૨૪ તથા એ ચોવીસને શુભ અને અશુભથી ગુણવાથી અડતાલીસ ૪૮. તથા અડતાલીસને રાગ અને દ્વેષની સાથે ગુણવાથી આ સ્પર્શન ઇન્દ્રિયના વિકાર છન્નુ ૯૬ થઈ જાય છે. ॥૫॥

આ પ્રકારથી પાંચ ઇન્દ્રિઓના સઘળા વિકાર બસોને ચાલીસ થઇ જાય છે. પાંચ ઇન્દ્રિયોના વિષય તેવીસ ૨૩ અને તેના વિકાર ૨૪૦ થયા ઇન્દ્રિયોના ભેદ પાંચ ૫ આ સઘળાને પરસ્પરમાં જોડી દેવાથી બસોને અડસઠ ૨૬૮ ભેદ શત્રુઓના થઇ જાય છે. આમાં સહુથી મોટા શત્રુ મનને પણ જોડી દેવું જોઈએ. સઘળા ભેદ પરસ્પર જોડવાથી પાંચ હજાર ચારસો ઓગણોતેર ૫૪૬૯ ભેદ શત્રુઓના થઇ જાય છે. તથા હાસ્યાદિક છ ના પ્રત્યેકના ચાર ચાર ભેદ હોવાથી આ સઘળાના ચોવીસ ભેદ થઇ જાય છે. એમાં ત્રણ વેદ સ્ત્રી વેદ, પુંવેદ તથા નપુંસક વેદ મેળવવાથી નોકષાયોના સત્તાવીસ ભેદ થાય છે. આ સત્તાવીસને પાછલા ભેદોમાં મેળવવાથી પાંચ હજાર ચારસો છન્નુ ૫૪૯૬ ભેદ શત્રુઓના થાય છે. તથા સૂત્રસ્થ સર્વશબ્દથી બીજા પણ શત્રુ સ્વરૂપ જે મિથ્યાત્વ આદિ છે એને પણ ગ્રહણ કરી લેવા જોઈએ.

કોઇ ટીકામાં અહીં એવી વ્યાખ્યા કરવામાં આવી છે કે "જોકે ચાર કષાયોના અવાન્તર ભેદોની અપેક્ષા સોળ ભેદ થાય છે તથા નવ નોકષાયોના સંમિલનથી ૨૫ પચીસ ભેદ થાય છે. પછી તો સહસ્ર ભેદ તો થતા નથી. એટલે આથી **"अणेगाण सहस्साणं मज्झे चिट्ठसि गोयमा"** એવું જે કહેવામાં આવેલ છે. તેનો નિર્વાહ આ રીતથી કરી લેવો જોઈએ. કે, એ કષાય દુર્જય છે. દુર્જય હોવાથી તેની સહસ્ર સંખ્યા કહેવામાં આવે છે. ટીકાકારનું આ કહેવું અસંગત છે કેમકે, પૂર્વોક્ત પ્રકારથી અનેક સહસ્ર સંખ્યા શત્રુઓની થઇ જાય છે. એ સંખ્યા ઉપર બતાવવામાં આવેલ છે. ॥૩૬॥

કેશી શ્રવણ પૂછે છે—"**सत्तू य इह के वुत्ते**" ઇત્યાદિ !

આત્માના અપકારી હોવાથી શત્રુના સમાન શત્રુ અર્થાત્ જે પહેલાં શત્રુ શબ્દથી કહેવામાં આવેલ છે એ શત્રુ કોણ છે ?

અહીં એ શંકા થાય છે કે, શું કેશી શ્રમણ શત્રુઓને જાણતા ન હતા તો પહેલાં જે "**अणेगाणसहस्साणं**" ઇત્યાદિ કહેલ છે કે, અનેક હજારો શત્રુઓની વચમાં આપ રહો છો' તો તેમનું આ પ્રકારનું કહેવું કઇ રીતે સુસંગત બની શકે-અર્થાત્ કેશી શ્રમણ શત્રુઓને જાણતા તો હતા જ પરંતુ જાણવા છતાં પણ જે પ્રશ્ન તેમણે કરેલ છે તે અલ્પજ્ઞ શિષ્યોને વિશેષ રૂપથી સમજાવવા માટે જ કરેલ છે. કેશી શ્રમણ ત્રણ જ્ઞાનના ધારક હતા એ પહેલાં કહેવાઈ ગયેલ છે. અને ત્રણ જ્ઞાનના ધારકને આવી શંકા ઉત્પન્ન થવી જ અસંભવિત છે. ॥૩૭॥

ગૌતમ સ્વામીએ જે કહ્યું તેને કહે છે.—"**एगप्पा**" ઇત્યાદિ !

અન્વયાર્થ—**एगप्पा अजिए सत्तू—एकः अजितः आत्मा शत्रुः** એક અજીત ન જીતાયેલ આત્મા અથવા ચિત્ત જ શત્રુ છે. તથા **कसाया इंदियाणि य—कषायाः इन्द्रियाणि च** ક્રોધ, માન, માયા, લોભ આ ચાર કષાય શત્રુ છે. અજીત ઇન્દ્રિયો શત્રુ છે નવ નોકષાય આદિ શત્રુ છે આમાંથી આત્મા કષાય ઇન્દ્રિયરૂપ શત્રુઓને જીતી લેવાથી નવ નોકષાય આદિ શત્રુ જીતી લેવાય છે. **ते जिणित्तु जहाणायं विहरामि अहं मुणी—तान् जित्वा यथान्यायं अहं मुने विहरामि** આ સઘળા શત્રુઓને જીતીને હે મુનિ ! હું ભગવાનની આજ્ઞા અનુસાર અપ્રતિબદ્ધ વિહારી બનીને વિચરું છું. ॥૩૮॥

કેશી શ્રમણ કહે છે—"**साहू**" ઇત્યાદિ !

અન્વયાર્થ—**गोयम—गौतम** હે ગૌતમ ! **ते पण्णा साहु—ते प्रज्ञा साधु** આપની બુદ્ધિ સારી છે. કારણ કે આપે **मे इमो संसओ छिन्नो—मे अयम् संशयः छिन्नः** મારા સંશયને મિટાવી દીધો છે. **अन्नोवि संसओ मज्झं—अन्योऽपि संशयो मम** વળી મને બીજો પણ સંશય છે **तं मे कहय गोयमा—तं मे कथय गौतम** તેને આપ દૂર કરો. ॥૩૯॥

કેશી શ્રમણે જે કહ્યું તેને કહે છે-"**दीसंति**" ઇત્યાદિ !

અન્વયાર્થ—**मुणे—मुने** હે મુનિ ! **लोए बहवे पासबद्धा सरीरिणो दिसंति—लोके बहवः पाशबद्धाः शरीरिणः दृश्यन्ते** આ સંસારમાં અનેક પ્રાણી જ્યારે પાશના બંધનથી નિયંત્રિત દેખાય છે ત્યારે આપ **मुक्कपासो—मुक्तपाशः** બંધન રહિત બનીને **लहुब्भूओ—लघुभूतः** વાયુની માફક અપ્રતિબદ્ધ વિહારી બનીને **कहं विहरसि—कथं विहरसि** કઇ રીતે વિહાર કરો છો. ॥૪૦॥

ગૌતમ સ્વામી કહે છે—"**ते पासे**" ઇત્યાદિ !

અન્વયાર્થ—**मुणी—मुने** હે મહામુનિ ! હું **ते—तान्** આ લોકને બંધનકારક એવા **सव्वसो पासे—सर्वान् पाशान्** સઘળા બંધનોને **छित्ता—छित्वा** કાપીને તથા **उवायओ—उपायतः** નિઃસંગતાદિકના અભ્યાસરૂપ ઉપાયથી ફરીથી **निहंतूण—निहत्य** તેના બંધનમાં ન જકડાઇ જાઉં એ રીતે તેને તોડીને **मुक्कपासो—मुक्तपाशः**

બંધન રહિત બની ગયેલ છું. આ કારણે **लहुब्भूओ–लघुभूतः** વાયુની માફક અપ્રતિબદ્ધવિહારી બનીને **विहरामि–विहरामि** આ લોકમાં વિચરું છું. ॥૪૧॥

"पासाय" ઇત્યાદિ !

"તે બંધન કયું છે" આ પ્રમાણે કેશી શ્રમણના પૂછવાથી ગૌતમ સ્વામીએ તેમને આ પ્રમાણે કહ્યું ॥૪૨॥

"रागद्दोसाइओ" ઇત્યાદિ !

અન્વયાર્થ--હે ભદન્ત ! **रागद्दोसाइओ–रागद्वेषादयः** રાગ દ્વેષ આદિ તથા **तिव्वा–तीव्राः** અતિ ગાઢ **भयंकरा–भयंङ्कराः** અને વાસના ઉત્પન્ન કરનાર પુત્રાદિક સંબંધી **नेह–स्नेहः** સ્નેહ આ સઘળા **पासा–पाशाः** બંધન છે એમને **जहानायं–यथान्यायं** સર્વજ્ઞ દ્વારા કહેવામાં આવેલી મર્યાદાના સહકારથી **छिंदित्तु–छित्त्वा** નષ્ટ કરી **जहक्कमं–यथाक्रमम्** તીર્થંકરોની પરંપરાના અનુસાર હું અપ્રતિબદ્ધ બનીને ગ્રામ નગર આદિકેમાં **विहरामि–विहरामि** વિહાર કરું છું આ ગથામાં જો કે, સ્નેહરાગનું અંતર્ગત હોવાથી અલગ રીતે કહેવાની જરૂરત ન હતી. છતાં પણ સ્વતંત્રરૂપથી જે તેનો ઉલ્લેખ કરવામાં આવેલ છે તે તેમાં અત્યંત ગાઢતા બતાવવા માટે જ કહેલ છે. ॥૪૩॥

"साहु" ઇત્યાદિ !

અન્વયાર્થ—गोयमा–गौतम હે ગૌતમ **ते–ते** તમારી **पन्ना–प्रज्ञा** બુદ્ધિ **साहु–साधु** ઉત્તમ છે. કેશીશ્રમણે આ ગાથા દ્વારા ગૌતમની પ્રજ્ઞાની પ્રસંશા કરેલ છે. તથા **मे–मे** મારો **इमो–अयम्** આ **संसओ छिन्नो–संशयो छिन्नो** સંશય નાશ પામ્યો છે **मज्झं अन्नोवि संशओ-मम अन्योऽपि संशयः** વળી મને બીજો સંશય છે જેથી આપ એનું નિરાકરણ કરો. એવું નિવેદન કરેલ છે. ॥૪૪॥

સંશયના સ્વરૂપને કહે છે--**"अंतो"** ઇત્યાદિ !

હે ગૌતમ ! હૃદયની અંદર ઉત્પન્ન થયેલા લતા વિષના જેવા ફળને ઉત્પન્ન કરે છે તો આપે એને કઇ રીતે ઉખેડી ? ॥૪૫॥

ગૌતમે એ પ્રશ્નનો ઉત્તર આ પ્રમાણે આપ્યો--**"तं लयं"** ઇત્યાદિ !

અન્વયાર્થ--હે ભદન્ત ! **तं लयं सव्वसो छित्ता–तां लतां सर्वशः छित्वा** હું એ લતાને સંપૂર્ણપણે છિન્નભિન્ન કરીને તથા **समूलियं उद्धरित्ता–समूलिकां उद्धृत्य** એ લતાને મૂળની સાથે ઉખાડીને **विसभक्खणा मुक्कोमि–विषभक्षणात् मुक्तोस्मि** શાસ્ત્રમાર્ગ અનુસાર સાધુ માર્ગમાં વિચરણ કરું છું. આ કારણે હું વિષફળને ખાવારૂપ દુષ્કર્મથી મુકત બનેલ છું. ॥૪૬॥

કેશીશ્રમણે ફરીથી પૂછયું--**"लया य"** ઇત્યાદિ !

અન્વયાર્થ—लयाय इइ का वुत्ता–लता च इति का उक्ता એ લત્તા. કઇ છે કે જેને આપે મૂળથી ઉખેડી નાંખેલ છે. **केसीमेवं बुवंतं तु–केशीमेवं ब्रुवंतं तु**

કેશી શ્રમણના આ પ્રકારના પૂછવાથી **गोयमो इणमब्बवी–गौतमो इदमब्रवीत्** ગૌતમસ્વામી આ પ્રમાણે કહે છે ॥૪૭॥

ગૌતમ સ્વામીએ શું કહ્યું તેને કહે છે—"**भवतण्हा**" ઇત્યાદિ !

અન્વયાર્થ--**महामुणी–महामुने** હે મહામુનિ ! **भवतण्हा लया वुत्ता–भवतृष्णा लता उक्ता** એ લતા ભવતૃષ્ણા સ્વરૂપ છે. અર્થાત-સંસારમાં જે લોભ છે તે એક લતા છે એ ભવતૃષ્ણારૂપ લતા ખરી રીતે તો **भीमा भीमफलोदया–भीमा-भीम-फलोदया** ભયને આપનારી છે તથા દુઃખોના હેતુરૂપ હોવાથી ભયંકર કલેશ ઉપજાવનાર કર્મના ઉદયરૂપ છે. તથા નરક નિગોદાદિક દુઃખોની હેતુભૂત છે **तमुद्धित्तु–तामुद्धृत्य** મેં તે લતાને ઉખેડી નાખી છે. આ કારણે શાસ્ત્રોકત માર્ગ અનુસાર હું અપ્રતિબદ્ધ થઈને **विहरामि–विहरामि** વિહાર કરૂં છું. ॥૪૮॥

કેશી શ્રમણ કહે--"**साहु**" ઇત્યાદિ !

આ ગાથાનો અર્થ પહેલાંની ગાથાઓ પ્રમાણે જ જાણવો જોઇએ. આમાં ગૌતમ સ્વામીની પ્રજ્ઞાની પ્રસંશા કરવામાં આવેલ છે ॥૪૯॥

કેશીએ ફરીથી પૂછયુ - "**संपज्जलिया**" ઇત્યાદિ !

અન્વયાર્થ—**गोयम–गौतम** હે ગૌતમ ! **संपज्जलिया य–संप्रज्वलिताश्च** સમન્ततः ! પ્રકર્ષરૂપથી જાજ્વલ્યમાન અતએવ **घोरा–घोराः** ઘોર-ભયંકર એવી અગ્નિ છે **जे सरीरत्था डहंति–ये शरीरस्थाः दहन्ति** આ અગ્નિ શરીરની અંદર પ્રવેશીને જીવોને પરિતપ્ત કર્યા કરે છે. પછી એ તો બતાવો કે, **तुमे कहं विज्झाविया–त्वया कथं विध्यापिताः** આપે આ અગ્નિને કઇ રીતે બુજાવ્યો છે ? જો કે, અગ્નિ આત્માની અંદરના ભાગમાં હોય છે. તો પણ અહીં જે તેને શરીરની અંતર્ગત બતાવવામાં આવેલ છે. તે આત્મા અને શરીરમાં અભેદ ઉપચારથી જ બતાવવામાં આવેલ છે. ॥૫૦॥

ગૌતમે કેશીના એ પ્રશ્નનો ઉત્તર આ પ્રમાણે આપ્યો. "**महामेप्पहसूयाओ**" ઇત્યાદિ !

અન્વયાર્થ-હે ભદન્ત ! **महामेहप्पसूयाओ–महामेघप्रसूतात्** હું મહામેઘથી પ્રસૂત તથા **जलुत्तमं वारि गिज्झ–जलोत्तमं वारि गृहीत्वा** જળમાં ઉત્તમ એવા પાણીને લઇને એ અગ્નિના **सययं सिंचामि–सततं सिञ्चामि** ઉપર સતત છાંટું છું. તો એ પ્રકારથી સિંચવામાં આવેલ અગ્નિ મને જળાવી શકતો નથી. ॥૫૧॥

કેશી શ્રમણે ગૌતમ સ્વામીના આ પ્રકારના ઉત્તરથી ફરીને પૂછયું "**अग्गीय**" ઇત્યાદિ !

આ ગાથામાં કેશીકુમારે ગૌતમને એવું પૂછયુ કે, હે ગૌતમ ! અગ્નિ શું છે જળ શું ? ત્યારે કેશીકુમારના આ પ્રશ્નનું સમાધાન ગૌતમે આ પ્રકારે કર્યું. ॥૫૨॥

'**कसाया**" ઇત્યાદિ !

અન્વયાર્થ-હે ભદન્ત ! **कसाया अग्गिणो वुत्ता–कषायाः अग्नयः उक्ताः** ક્રોધ-દક

કષાય દાહક અને શોષક હોવાના કારણે અગ્નિ સ્વરૂપ છે. એવું તીર્થંકર મહાપ્રભુઓએ બતાવેલ છે. **सुयसीलतवो जलं–श्रुतशीलतपो जलम्** કષાયોના ઉપશમના હેતુભૂત જે શ્રુતાન્તર્ગત ઉપદેશ છે, તથા મહાવ્રત સ્વરૂપ શીલ અને અનશન આદિ બાર પ્રકારના તપ છે એ સઘળા જળ સ્વરૂપ છે. **सुयधाराभिहताः भिन्ना–श्रुतधाराभिहताः भिन्नाः** ભગવાન તીર્થંકર મહામેઘ તુલ્ય અને એમના તરફથી પ્રતિપાદિત આગમ મહાપ્રવાહ છે. આ સઘળા કષાયરૂપ અગ્નિસમૂહ લતાદિરૂપ જળની ધારાથી અભિહત થઇને ભારામાં ખુઝાઈ ગયેલ છે. આથી **न डहंति मे–माम् न दहन्ति** એ મને બાળી શકતાં નથી. ॥૫૩॥

કેશી શ્રમણે ફરી પૂછયું--**"साहु"** ઇત્યાદિ !

આ ગાથાની વ્યાખ્યા અગાઉની જેમ સમજી લેવી જોઇએ. ॥૫૪॥

કેશી શ્રમણ પૂછે છે--**"अयं"** ઇત્યાદિ !

અન્વયાર્થ–साहसिओ भीमो अयं दुट्ठस्सो परिधावइ-साहसिको भीमो अयं दुष्टाश्वः परिधावति ઉન્માર્ગી હોવાથી કોઈ પણ પ્રકારનો વિચાર કર્યા સિવાય ગમે ત્યાં ચાલી જનાર તથા જીવને નરક આદિ દુર્ગતિઓમાં પડવાના હેતુરૂપ હોવાથી ભયંકર એવો આ દુષ્ટ ઘોડો દોડે છે. એ ઘોડા ઉપર સ્થિર રૂપથી સ્વાર બનેલા એવા **जंसि गोयमा आरूढो तेन कथं न हीरसि–यस्मिन् गौतम ! आरूढः कथं तेन न ह्रियसे** હે ગૌતમ ! તમો એના દ્વારા ઉન્માર્ગ ઉપર કેમ નથી પહોંચાડાતા ? ॥૫૫॥

આના ઉત્તર સ્વરૂપમાં ગૌતમસ્વામીએ કહ્યું-**"पहावंतं"** ઇત્યાદિ !

હે ભદન્ત ! જે ઘોડા ઉપર હું સ્વાર થયો છું એ ઘોડો **सुयरस्सीसमाहियं पहावंतं निगिह्णामि–श्रुतरश्मि समाहितम् प्रधावंतं निगृह्णामि** શ્રુતરૂપ લગામથી નિયંત્રિત છે આથી **मे उम्मग्गं न गच्छइ–मे उन्मार्गं न गच्छति** જ્યારે તે દોડવા માંડે છે ત્યારે હું એને એ લગામ દ્વારા રોકી લઉં છું. આ કારણે એ મને ઉન્માર્ગ ઉપર લઈ જઈ શકતો નથી. પરંતુ સીધા માર્ગ ઉપર જ ચાલે છે.

ગૌતમના આ કથનને સાંભળીને ફરીથી કેશીએ એમને પૂછયું. ॥૫૬॥

મહાભાગ જે અશ્વ ઉપર આપ આરૂઢ થઇ રહ્યા છો એ અશ્વ કયો છે ? ગૌતમે એમના એ પ્રશ્નોનો ઉત્તર આ પ્રમાણે આપ્યો. ॥૫૭॥

એમના ઉત્તરને કહે--**"मणो"** ઇત્યાદિ !

હે ભદન્ત ! જે ઘોડાના વિષયમાં મેં આપને કહેલ છે તે ઘોડો એ મન છે. આ **मणो साहसियो भीमो दुट्ठस्सो परिधावइ–मनः साहसिको भीमो दुष्टाश्वः परिधावति** મનરૂપી અશ્વ ખૂબ જ સાહસિક છે. જ્યારે એ ચાહે છે ત્યારે અહીંતહીં દોડવા લાગી જાય છે. **तं धम्मसिक्खाइ कंथगं सम्मं निगिह्णामि–तं धर्मशिक्षया कंथकं सम्यक् निगृह्णामि** એને મેં ધર્મદેશના દ્વારા જાત્ય અશ્વની માફક સંપૂર્ણ રીતે મારા

વશવર્તી બનાવી લીધેલ છે, આથી એ મારા તરફથી જે માર્ગે ચલાવવામાં આવે એજ માર્ગ ઉપર ચાલે છે. કુમાર્ગ ઉપર જતો નથી ॥૫૮॥

ફરીથી કેશી શ્રવણ કહે છે –"साहु" ઇત્યાદિ!

ગૌતમસ્વામી તરફથી કહેવામાં આવેલ અશ્વની તારીફ સાંભળીને કેશી શ્રમણે એમની બુદ્ધિનાં ખૂબ જ વખાણ કર્યાં. તથા બીજો પણ પ્રશ્ન પૂછવાની ઉત્કંઠા બતાવી. ॥૫૯॥

કેશી શ્રમણ ગૌતમને પૂછે છે.–"कुप्पहा" ઇત્યાદિ!

અન્વયાર્થ—હે મહાભાગ! **लोए कुप्पहा बहवो–लोके–कुपथा बहवः** આ સંસારમાં અનેક કુપથ છે, **जेहिं जंतुणो नासंति–यैः जन्तवः नश्यन्ति** જેના ઉપર ચાલવાથી સંસારીજનો સન્માર્ગથી ભ્રષ્ટ થઇ જાય છે. આથી **अद्धाणे वट्टंतो तं कहं न नस्ससि–अध्वनि वर्तमानः त्वं कथं न नश्यसि** આપ સન્માર્ગ ઉપર એવી દશામાં આરૂઢ કઇ રીતે થઇ શકયા છો. શુ આપ સન્માર્ગથી ચ્યુત થઇ શકયા નથી? ॥૬૦॥

ગૌતમ સ્વામી કહે છે –"जे य" ઇત્યાદિ!

અન્વયાર્થ—હે ભદન્ત! **जे य मग्गेण गच्छंति–ये च मार्गेण गच्छन्ति** જે પ્રાણી સન્માર્ગ ઉપર ચાલવાવાળા છે તથા **जे य उम्मग्गपट्ठिया-ये च उन्मार्गप्रस्थिताः** જે ઉન્માર્ગ ઉપર ચાલવાવાળા છે. **ते सव्वे मज्झं विइया–ते सर्वे मह्यं विदिताः** એ સઘળા મારી દૃષ્ટિથી બહાર નથી. હું તેમને જાણું છું. તથા સન્માર્ગ શુ છે અને ઉન્માર્ગ શું છે? આ વાત પણ મારા ધ્યાનમાં છે. **तो मुणीहं न नस्सामि–ततो मुने अहं न नश्यामि** આજ કારણ છે કે જેનાથી હું સન્માર્ગથી સ્ખલિત થઈ શકતો નથી. ॥૬૧॥

કેશી શ્રમણ પૂછે છે--"मग्गे य" ઇત્યાદિ!

એ સન્માર્ગ અને ઉન્માર્ગ શું છે? ત્યારે ગૌતમ સ્વામીએ તેને આ પ્રકારથી સમજાવ્યું. ॥૬૨॥

"कुप्पवयणपासंडी" ઇત્યાદિ!

અન્વયાર્થ--આ લોકમાં **कुप्पवयणपासंडी-कुप्रवचनपाषण्डिनः** કપિલ આદિ દર્શનોના અનુયાયી જેટલા છે એ બધા **उम्मग्गपट्ठिया–उन्मार्गप्रस्थिताः** ઉન્માર્ગગામી છે. કેમકે એ કપિલ આદિ દર્શન બધું કુમાર્ગ છે. તથા **तु जिणमक्खायं सम्मग्गं–तु जिनाख्यातः सन्मार्गः** જીનેન્દ્ર દ્વારા પ્રતિપાદિત માર્ગ જ એક સન્માર્ગ છે. કેમ કે, વિનયમૂળ હોવાથી **एस मग्गे उत्तमे–एष मार्गो हि उत्तमः** આજ સઘળા મર્ગોની અપેક્ષા શ્રેષ્ઠ માર્ગ છે. ॥૬૩॥

કેશી શ્રમણ પૂછે છે--"महाउदगवेगेणं" ઇત્યાદિ!

હે ગૌતમ મારા પ્રશ્નનો ઉત્તર સારી રીતે આપવાથી આપની પ્રજ્ઞા ઘણી જ ઉત્તમ છે. મને બીજો પણ સંશય છે જેથી આપ તેને પણ દૂર કરો. ॥૬૪॥

અન્વયાર્થ—**મુણી-મુને** હે મુનિ! મહાપ્રવાહના વેગથી એ વેગમાં **બુજ્ઝમાણાણ-પાણિણં—વાહ્યમાનાનાં પ્રાણિનામ્** બેંચાયેલ આ પ્રાણીયોનું **શરણ સરણં ગઇ પઇટ્ઠં ય દીવં કંમન્નસી—શરણં ગતિં પ્રતિષ્ઠાં ચ દ્વીપં કં મન્યસે** અને આધારભૂત તથા એમની સ્થિર સ્થિતિના હેતુ રૂપ દ્વીપ કેને માનો છો? ॥૬૫॥

કેશી શ્રમણના આ પ્રશ્નને સાંભળીને ગૌતમે આ પ્રકારથી કહ્યું—"**અત્થિ**" ઇત્યાદિ!

અન્વયાર્થ—હે ભદન્ત! **વારિમજ્ઝે એગો મહાદીવો અત્થિ—વારિમધ્યે એકો મહાદ્વીપો અસ્તિ** જળની વચમાં વિસ્તારવાળો એક મહાદ્વીપ છે. **મહાઉદગવેગસ્સ ગઈ તત્થ ન વિજ્જઇ—મહાઉદકવેગસ્ય ગતિસ્તત્ર ન વિદ્યતે** ત્યાં વેગશાળી પ્રવાહની ગતી નથી. અર્થાત્ એ મહાદ્વીપરૂપ સ્થાન બિલકુલ ઉપદ્રવ રહિત છે. ॥૬૬॥

જ્યારે ગૌતમ સ્વામીએ આ પ્રમાણે કહ્યુ ત્યારે કેશી શ્રમણના ચિત્તમાં એવી વાત જાગી કે, એવો એ દ્વીપ શું છે? આથી તેમણે પૂછ્યું.- "**દિવે ય**" ઇત્યાદિ!

હે ગૌતમ! એ દ્વીપ એવો કયો છે? ત્યારે ગૌતમે કહ્યું—॥૬૭॥

શું કહ્યું તેને કહે છે—"**જરામરણવેગેણં**" ઇત્યાદિ!

અન્વયાર્થ—જરામરણવેગેણં બુજ્ઝમાણાણપાણિણં—જરામરણવેગેન વાહ્યમાનનાં પ્રાણિનામ્ જરા, મરણરૂપ મહાજળના પ્રવાહથી ચતુર્ગતિરૂપ આ સંસાર-સમુદ્રમાં વહેતા પ્રાણીયોને માટે **ઉત્તમં સરણં—ઉત્તમં શરણમ્** ઉત્તમ શરણ સ્વરૂપ તથા **ગઈ—ગતિઃ** ગતિરૂપ આશ્રયસ્થાનરૂપ અને અવસ્થાન સમાન એક **ધમ્મો દિવો—ધર્મઃ દ્વિપઃ** ધર્મ જ ઉત્તમ દ્વીપ છે. આ ધર્મના **પઇટ્ઠા ય—પ્રતિષ્ઠા ચ** સિવાય બીજું કોઇ પણ સુરક્ષિત સ્થાન નથી. ॥૬૮॥

કેશી શ્રમણે કહ્યું—"**સાહુ**" ઇત્યાદિ!

હે ગૌતમ! આપની બુદ્ધિ સારી છે, આપે મારા સંશયને દૂર કરી દીધો છે. છતાં પણ એક બીજા સંશયને દૂર કરો. ॥૬૯॥

એજ સંશયને કહે છે—"**અણ્ણવંસિ**" ઇત્યાદિ!

અન્વયાર્થ—હે ગૌતમ! **મહોહંસિ અણ્ણવંસિ—મહૌઘે અર્ણવે** મહા પ્રવાહથી યુક્ત સમુદ્રમાં **નાવા વિપરિધાવતિ—નૌર્વિપરિધાવતિ** નૌકા ડગમગવા લાગે છે. તો આપ **ગોયમ જંસિ આરૂઢો—ગૌતમ યસ્યાં આરૂઢઃ** જે નૌકા ઉપર બેઠેલા છો તે નૌકા **કહં પારં ગમિસ્સસિ—કથં પારં ગમિષ્યસિ** આપને સમુદ્રથી પાર કેવી રીતે પહોંચાડી શકશે? ॥૭૦॥

આ વાતને સાંભળીને ગૌતમ સ્વામીએ આ પ્રકારથી કહ્યું—"**જા ઉ**" ઇત્યાદિ!

અન્વયાર્થ—હે ભદન્ત! **જા ઉ અસ્સાવિણી નાવા—યાતુ અસ્રાવિણી નૌઃ**

જે નૌકા છિદ્રવાળી હોય છે, તેમાં પાણી ભરાઇ જવાથી **सा पारस्स गामिणी न –सा पारस्य गामिनी न** કિનારે સહિસલામત રીતે પહોંચી શકતી નથી અને વચમાં જ ડૂબી જાય છે. પરંતુ **जा नावा निस्साविणी–या नौः निस्राविणी** જે નૌકામાં છિદ્ર નથી હોતું તેમાં થોડું પણ પાણી ભરાઇ શકતું નથી, જેથી તે વચમાં ડૂબતી નથી અને **सा उ पारस्स गामिणी–सा तु पारस्य गामिनी** તે નિર્વિઘ્ને સામે કાંઠે સહીસલામત પહોંચી જાય છે. આ ગાથાથી ગૌતમસ્વામીએ કેશી શ્રમણને એવું સમજાવ્યું કે, હું જે નૌકા ઉપર ચડેલ છું એ નૌકા છિદ્રવાળી નથી પરંતુ છિદ્ર વગરની નૌકા છે. આથી તે ડગમગતી નથી. ॥૭૧॥

આવું સાંભળીને કેશી શ્રમણે પૂછયું—**"नावा य"** ઇત્યાદિ !

જે નૌકા ઉપર આપબેઠેલા છો એ નૌકા કઈ છે ? ત્યારે ગૌતમસ્વામીએ આ પ્રકારે કહ્યું. ॥૭૨॥

ગૌતમ સ્વામીએ શું કહ્યું તેને કહે છે—**"सरीरमाहु"** ઇત્યાદિ !

હે ભદન્ત ! **सरीरं नावित्ति आहु–शरीरं नौरिति आहुः** એ નૌકા આ શરીર છે. તથા **जीवो नाविओ वुच्चइ–जीवः नाविकः उच्यते** એ નૌકાને ચલાવનાર નાવિક આ જીવ છે. **संसारो अण्णवो वुत्तो–संसारः अर्णवः उक्तः** ચતુર્ગતી રૂપ એવો આ સંસાર એ સમુદ્ર છે. **जं महेसिणो तरंति–यं महर्षयः तरन्ति** આ સમુદ્રને પાર કરવાવાળા મહાઋષિ જ હોય છે.

ભાવાર્થ એનો આ પ્રકારનો છે—આ શરીર જ્યારે કર્માગમનના કારણરૂપ દ્વારથી રહિત બની જાય છે ત્યારે રત્નત્રયના આરાધનાના સાધનભૂત બનેલ આ સંસારસમુદ્રથી આ જીવને પાર કરાવવામાં સહાયક બની રહે છે જેથી આ શરીરને નૌકાની ઉપમા આપવામાં આવી છે. રત્નત્રયના આરાધક જીવ આ શરીરરૂપી નૈકા દ્વારા આ સંસારરૂપી સમુદ્રને પાર કરે છે. આ કારણે તેને નાવિક કહેવામાં આવેલ છે. તથા જીવો દ્વારા પાર કરવા યોગ્ય આ સંસાર જ છે જેથી તેને સમુદ્રના સ્થાનાપન્નથી માનવામાં આવેલ છે. આ સંસારસમુદ્રને એજ પાર કરી શકે છે કે જે મહર્ષિ હોય છે. ॥૭૩॥

આ પ્રમાણે સાંભળીને કેશી શ્રમણે ગૌતમ સ્વામીને કહ્યું—**"साहु"** ઇત્યાદિ !

હે ગૌતમ ! આપની બુદ્ધિ ઘણી જ સારી છે કારણ કે, આપે મારા સંશયને દૂર કરી દીધેલ છે અને હજી પણ જે થોડો સંશય છે તેને આપ દૂર કરો. ॥૭૪॥

તે સંશયને કહે છે—**"अंधयारे"** ઇત્યાદી !

અન્વયાર્થ—હે ગૌતમ ! આંખની પ્રવૃત્તિના નિરોધક હોવાના કારણે આંધળા જેવા બનાવી દેનાર **घोरे अंधयारे तमे–घोरे अन्धकारे तमसि** ગાઢ અંધકારમાં **बहु पाणिणो चिट्ठंति–बहवः प्राणिनः तिष्ठंति** અનેક સંસારી જીવ પડેલ છે તો **पाणिणं सव्वलोगम्मि को उज्जोअं करिस्सइ–प्राणिनाम् सर्वलोके कः उद्योतं करिष्यति** તેમને માટે સંસારમાં પ્રકાશ કોણ કરશે ? ॥૭૫॥

કેશી શ્રમણના આ પ્રકારના પ્રશ્નને સાંભળીને ગૌતમસ્વામીએ કહ્યું—**" उग्गओ "** ઇત્યાદિ !

હે ભદન્ત ! સઘળા લોકોને પોતાની ઉજ્વળ પ્રભાના વિમળ પ્રકાશથી ઉજ્વળ કરવા-

વાળા નિર્મળ સૂર્ય ઉગેલ છે તે આ સઘળા જગતના પ્રાણીયેાને પ્રકાશ આપશે.॥૭૬॥

ગૌતમ સ્વામીના આ પ્રકારના કથનને સાંભળીને કેશી શ્રમણે તેમને પૂછયું **' भाणू य'** ઇત્યાદિ !

હે ગૌતમ ! જેને આપ સૂર્ય કહેા છેા, એ સૂર્ય કેાણ છે ? આ પ્રમાણે કેશી શ્રમણના પૂછવાથી ગૌતમસ્વામીએ કહ્યું. ॥૭૭॥

ગૌતમસ્વામીએ શુ કહ્યું તેને કહે છે—**" उग्गओ "** ઇત્યાદિ !

હે ભદન્ત ! સર્વજ્ઞ જીનેન્દ્ર દેવજ એક સૂર્ય સ્વરૂપ છે તેમનેા ભવભ્રમણરૂપ સંસાર નાશ પામેલ છે. એ સૂર્ય જ ચૌદ રાજુ પ્રમાણ આ સઘળા લેાકવર્તી પ્રાણીયેાના અજ્ઞાન અને અંધકારનેા નાશ કરી તમને અજવાળું આપે છે. ॥૭૮॥

ગૌતમસ્વામીના આ પ્રકારના કથનને સાંભળીને કેશી શ્રમણે કહ્યું—**" साहु "** ઇત્યાદિ !

હે ગૌતમ ! આપની બુદ્ધિ સારી છે. આપે મારા સંશયને દૂર કરેલ છે પરંતુ હજુ પણ મારા મનમાં એક સંશય છે તેને પણ આપ દૂર કરેા. ॥૭૯॥

કેશી શ્રમણ પેાતાના એ સંશયને કહે છે—**" सारीरमाणसे "** ઇત્યાદિ !

અન્વયાર્થ—मुणी—मुने હે મુનિરાજ **सारीरमाणसे दुक्खे बज्झमाणाण पाणिणं—शारीरमानसैर्दुखैः वध्यमानानां प्राणिनाम्** શારીરિક અને માનસિક દુઃખેાથી બંધાઇ રહેલ એવા સંસારી જીવેાને **खेमं सिवमणाबाहं ठाणं किं मन्नसी—क्षेमं शिवमनाबाधं स्थानं किं मन्यसे** આધિ વ્યાધિથી રહિત એવું સર્વ ઉપદ્રવેાથી વિહીન તથા દુઃખવર્જીત સ્થાનઆપે કયું માનેલ છે ? ॥૮૦॥

કેશી શ્રમણના આ પ્રશ્નને સાંભળીને ગૌતમસ્વામીએ કહ્યું—**" अत्थि "** ઇત્યાદિ !

અન્વયાર્થ—હે ભદન્ત ! **लोगग्गम्मि दुरारोहं धुवं ठाणं अत्थि—लोकाग्रे दुरारोहं ध्रुवं स्थानं अस्ति** ચૌદ રાજુ પ્રમાણ ઉંચા આ લેાકના અગ્રભાગમાં એક મહેનતથી પહેાંચાય તેવું સ્થાન છે. જે પ્રાણી સમ્યગ્ દર્શન આદિ રત્નત્રયથી યુકત થઇ જાય છે એજ આને પ્રાપ્ત કરી શકે છે, બીજા કેાઇ પ્રાપ્ત કરી શકતા નથી. આ કારણથી એને મહા મહેનતથી પહેાંચી શકાય તેવું (દુરારેાહ) સ્થાન કહેવામાં આવેલ છે. એ સ્થાન અસાધારણ છે. કારણ કે, તેના જેવું બીજું કેાઇ પણ સ્થાન નથી. જીવને એ એક વખત પ્રાપ્ત થયા પછી ફરીથી તેનેા વિયેાગ થતેા નથી જેથી તે ધ્રુવ છે. **जत्थ जरामच्चू तहा वाहिणो वेयणा नत्थि—यत्र जरामृत्यू व्याधयः तथा वेदना नास्ति** તેની અંદર પહેાંચેલા જીવને જરા અને મૃત્યુંનેા સામનેા કેાઇ પણ સમયે કરવેા પડતેા નથી. રેાગ અને વેદનાઓનેા તેમાં સંપૂર્ણ પણે અભાવ છે. ॥૮૧॥

ગૌતમસ્વામીના આ પ્રકારના કથનને સાંભળીને કેશી શ્રમણે તેમને પૂછયું —**"ठाणे य"** ઇત્યાદિ !

આપે જે સ્થાનને કહેલ છે એવું તે સ્થાન કયું છે ? ॥૮૨॥

કેશી શ્રમણના આ પ્રશ્નને સાંભળીને ગૌતમસ્વામીએ તેને આ પ્રમાણે કહ્યું "निव्वाणंति" ઇત્યાદિ !

હે ભદન્ત ! નિર્વાણ, અબાધ, સિદ્ધિ, લોકાગ્ર, ક્ષેમ, શિવ, અને અનાબાધ આ સઘળા નામોથી એ સ્થાનને મહામુનિ જનો જ પ્રાપ્ત કરે છે. ॥૮૩॥

ફરીથી એ જ સ્થાનને કહે છે--"तं ठाणं" ઇત્યાદિ !

અન્વયાર્થ–तं ठाणं–तं स्थानं એવા સ્થાનને પ્રાપ્તકરેલ જીવનો सासयं वासं–शाश्वतवासं વાસ શાશ્વત રહ્યા કરે છે આ સ્થાન लोगग्गम्मि–लोकाग्र લોકોના અગ્ર-ભાગમાં છે તથા दुरारुहं–दुरारोहम् દુરારોહ છે. સમ્યગ્ દર્શન આદિ રત્નત્રય દ્વારાજ એ જીવોને પ્રાપ્ત થાય છે. भवोहंतकरा मुणी–भवौघान्तकरा मुनयः જન્મપરંપરાનો અંત કરવાવાળા મુનિજન जं संपत्ता न सोयंति–यत् सम्प्राप्ता न शोचन्ति એ સ્થાન ઉપર પહોંચીને પછી શોકમાં કદી પણ લિપ્ત થતા નથી.

એ સ્થાનને નિર્વાણ આદિ નામોથી જે કહેવામાં આવેલ છે. એ નામોનો એ સ્થાનની સાથેનો સંબંધ આ પ્રકારથી જાણવો જોઈએ.

એ સ્થાનને પ્રાપ્ત કરીને પ્રાણી કર્મરૂપી અગ્નિ એકદમ બુઝાઇ જવાથી બિલ-કુલ શીતીભૂત થઇ જાય છે. આ કારણે એને "નિર્વાણ" આ નામથી સંબોધિત કરવામાં આવે છે. શારીરિક તેમજ માનસિક બાધા જીવોને એ સ્થાનમાં થતી ન કેમકે એ બન્નેનો ત્યાં સંપૂર્ણપણે અભાવ થઇ જાય છે. આથી એને "અબાધ" એવું પણ કહેવામાં આવેલ છે. એને પ્રાપ્ત કરીને પ્રાણીગણ કૃત કૃત્ય બની જાય છે. આથી "સિદ્ધિ પણ એનું એક નામ છે. એ સ્થાન ઠીક લોકના અગ્રભાગમાં સ્થિત છે આથી "લોકાગ્ર" પણ એનુ એક નામ થઇ ગયેલ છે. શાશ્વત સુખનુ કારણ હોવાથી "ક્ષેમ" ઉપદ્રવોનો અભાવ હોવાથી "શિવ" જન્મ, જરા, મરણ, ભૂખ અને તરસ આદિની ત્યાં જીવોને બાધા થતી નથી. આથી તેને 'અબાધ" કહેવામાં આવે છે. ત્યાંનો નિવાસ નિત્ય હોવાથી "શાશ્વતવાસ" કહેવામા આવેલ છે. કેશી કુમાર શ્રમણે આ જે સઘળા ૧૨ બાર પ્રશ્નો અનુક્રમથી કહેલ છે. તેનો અભિપ્રાય આ પ્રકારનો છે--જેટલા પણ અનુષ્ઠાન હોય છે તે સઘળાં ધર્મના માટે જ હોય છે તથા ધર્મ શિક્ષાવ્રત રૂપ છે. આથી તેના વિષયમાં કેશી શ્રમણે સહુથી પહેલાં "चाउज्जामो य धम्मो" ઇત્યાદિથી ધર્મ વિષયક પ્રશ્ન કહેલ છે. ૧૧ સઘળા અનુષ્ઠાનોને પાલન કરવામાં કોઇને કાંઇ લિંગ અવશ્ય હોય છે. આ માટે એજ અપેક્ષાથી "अचेलगो य" ઇત્યાદિથી લિંગ વિષય બીજો પ્રશ્ન કરેલ છે ! ૧૨ લિંગ ધારણ કરી પણ લીધું પરંતુ જો આત્માદિક શત્રુઓ ઉપર વિજય પ્રાપ્ત કરવામાં ન આવે તો અનુષ્ઠાનો સંપૂર્ણ સમ્યક પ્રકારથી થઇ

શકતા નથી. આથી ત્રીજો પ્રશ્ન "अणेगाणसहस्साणं" ઇત્યાદિથી ભાવ શત્રુ જયના વિષયમાં કરાયેલ છે. ॥૩॥ શત્રુઓમાં સહુથી પ્રબળ શત્રુઓ આત્મા માટે ઉત્કટ કષાય તથા કષાયાત્મક રાગ દ્વેષ છે. આ કારણે છેદના વિષયમાં 'दीसंति' ઇત્યાદિ! ચોથો પ્રશ્ન થયેલ છે. ॥૪॥ લોભ કષાય દુરન્ત છે, આ કારણે પાંચમા પ્રશ્નમાં આ લોભ રૂપ કષાયને ઉખેડવાની વાત "अंतो हियसंभूया" ઇત્યાદિથી પૂછવામાં આવેલ છે. ॥૫॥ લોભ કષાયનો ઉચ્છેદ પણ કષાય રૂપ અગ્નિના નિર્વાણ વગર સંભવિત હોતો નથી આથી છઠ્ઠા પ્રશ્નમાં અગ્નિના રૂપક દ્વારા તેના નિર્વાણ પણાના વિષયમાં "संपज्जलिया य" ઇત્યાદિથી પ્રશ્ન કરવામાં આવેલ છે. ॥૬॥ અગ્નિનું નિર્વાપણ જ્યાં સુધી મન નિગ્રહિત થતું નથી ત્યાં સુધી થઇ શકતું નથી આ કારણે મન રૂપ દુષ્ટ અશ્વના નિગ્રહના વિષયમાં "अयं साहसिओ" ઇત્યાદિથી સાતમો પ્રશ્ન થયેલ છે. જ્યાં સુધી સીધા માર્ગનું પરિજ્ઞાન થઇ જતું નથી ત્યાં સુધી મનરૂપ દુષ્ટ અશ્વનો નિગ્રહ થવા છતાં પણ જીવોને સ્વાભિમત મોક્ષરૂપની પ્રાપ્તિ થઇ શકતી નથી. આથી સમ્યક્ માર્ગના વિષયમાં "कुप्पहा" ઇત્યાદિથી આઠમો પ્રશ્ન કરેલ છે. ॥૮॥ તે સમ્યક્ માર્ગ જૈન પ્રણીત ધર્મ જ હોઇ શકે છે. બીજે નહીં આ વિષયને સ્પષ્ટ કરવા માટે "महा उदगवेगेणं" ઇત્યાદિથી નવમો પ્રશ્ન કરેલ છે. ॥૯॥ જૈન પ્રણીત ધર્મમાં જ સન્માર્ગતા છે આની સંપૂર્ણ સમજુતિ માટે તથા એમાં જ મહોદ્રક વેગનું નિવારણ કરવાની શકિત છે આ વાતને બતાવવા માટે એક જ ધર્મમાં દૃઢતા ધારણ કરવી જોઇએ કેમકે, તે સંસાર સમુદ્રથી પાર કરાવવામાં શકિતશાળી છે આ વાતને પુષ્ટ કરવા માટે આ "अण्णवंसि" ઇત્યાદિથી દસમો પ્રશ્ન કરવામાં આવેલ છે. ॥૧૦॥ "अंधयारे" ઇત્યાદિથી અગ્યારમો પ્રશ્ન એ સ્પષ્ટ કરે કરે છે કે, જૈનપ્રણીત ધર્મ જ એક સમ્યક્ માર્ગ છે. પરંતુ અન્ય તીર્થિક જન જેઓ આ વિષયને માનતા નથી તે એમની અજ્ઞાનતા છે. એમનુ અજ્ઞાન રૂપ તમ (અંધારૂં) આજ માર્ગનો આશ્રય કરવાથી નષ્ટ થઇ શકે છે. ॥૧૧॥ "सारीरमाणसे" ઇત્યાદિથી બારમો પ્રશ્ન એ બતાવે છે કે, આ જ માર્ગથી મોક્ષ રૂપ સ્થાનની પ્રાપ્તિ થાય છે. અન્ય સ્થાનોની નહીં ॥૧૨॥ આ પ્રકારથી એ બાર ૧૨ પ્રશ્નોનો સમન્વય જાણવો જોઇએ. ॥૮૪॥

કેશી શ્રમણ કહે છે—"साहु" ઇત્યાદિ!

હે ગૌતમ આપની પ્રજ્ઞા ઘણી જ સારી છે. મારો સંશય હવે આપે દૂર કરેલ છે. આથી હે સંશયાતીત! તથા સર્વસૂત્ર મહોદધિ સ્વરૂપ! આપને મારા નમસ્કાર છે. ॥૮૫॥

આના પછી કેશી શ્રમણે જે કર્યું તેને કહે છે—"एवंतु" ઇત્યાદિ! "पंचम हव्वयधम्मं" ઇત્યાદિ!

અન્વયાર્થ—**एवं तु संशये छिन्ने—एवं तु संशये छिन्ने** આ પ્રકારના કહેવાથી જ્યારે કેશી શ્રમણના સંશય નાશ પામી ગયા ત્યારે **घोरपरक्कमे केसो—घोरपराक्रमः केशी** ઘોર પરાક્રમશાળી એ કેશી કુમારે **महायससं गोयमं सिरसा अभिवंदित्ता—महायशसं गौतमं शिरसा अभिवन्द्य** મહાયશસ્વી ગૌતમ ગણધરને મસ્તક જુકાવીને નમસ્કાર કર્યા અને આદ્ય **पुरिमस्स पच्छिमम्मि सुहावहे तत्थ मग्गे—पूर्वस्य पश्चिमे शुभावहे तत्र मार्गे** તીર્થંકરના અભિમત અંતિમ તીર્થંકરના કલ્યાણ પ્રાપક માર્ગમાં ભાવથી **भावओ पंचमहव्वयधम्मं पडिवज्जइ—भावतः पञ्चमहाव्रतधर्मं प्रतिपद्यते** પાંચ મહાવ્રતરૂપ ધર્મને અંગીકાર કર્યો. અર્થાત્ શ્રમણ કુમાર ગૌતમ ગણધરના કથાનકને સાંભળીને એ જાણી ગયા કે પહેલાં જે પાર્શ્વનાથના સમયમાં ચાતુર્યામ રૂપ ધર્મ હતો અને હવે અંતિમ તીર્થંકરના આ શાસનકાળમાં પાંચયામ રૂપ ધર્મ છે આથી એમણે પણ પાંચયામ રૂપ ધર્મને અંગીકાર કરી લીધો. ॥૮૬॥૮૭॥

હવે અધ્યયનનો ઉપસંહાર કરીને કેશીશ્રમણ અને ગૌતમ જેવા મહાપુરુષોના સમાગમના ફળને કહે છે—"केसिगोयमओ" ઇત્યાદિ.

આ નગરમાં કેશી ગૌતમના આ સમાગમમાં એ બન્નેથી લતાજ્ઞાનની તથા શિલરૂપ આચાર ધર્મની ખૂબ ઉન્નતિ થઇ તથા મોક્ષના સાધન ભૂત શિક્ષાવ્રત આદિરૂપ અર્થનો સારી રીતે નિર્ણય થયો. ॥૮૮॥

તથા "तोसिया" ઇત્યાદિ!

અન્વયાર્થ—આ પ્રમાણે દેવ, અસુર, અને મનુષ્યોથી ભરેલી એ **सव्वा परिसा तोसिया—सर्वा परिषत्तोषिता** સમસ્ત સભા ઘણી જ સંતોષ પામી. એમના ઉપદેશ શ્રવણથી સઘળા **सम्मग्गं समुवट्ठिया—सन्मार्गं समुपस्थिताः** મુક્તિ માર્ગની તરફ ચાલવા માટે સાવધાન બની ગયા. આ પ્રમાણે ચરિત્ર વર્ણન દ્વારા **संथुया ते केसी गोयमे पसीयंतु त्तिबेमि-संस्तुतौ तौ केशी गौतमौ प्रसीदतां इति ब्रवीमि** સ્તુત થયેલા એ ભગવન્ત કેશી શ્રમણ અને ગૌતમ ગણધર અમારા ઉપર સદા પ્રસન્ન રહે "इतिब्रवीमि" સુધર્મા સ્વામીને કહે છે કે' હે જમ્બૂ જેવું મેં ભગવાન મહાવીર સ્વામીની પાસેથી સાંભળેલ છે એવું જ કહું છું ॥૮૯॥

શ્રી ઉત્તરાધ્યયન સૂત્રના તેવીસમા અધ્યયનનો
ગુજરાતી ભાષા અનુવાદ સંપૂર્ણ ॥૨૩॥

ચોવીસમા અધ્યયનનો પ્રારંભ

ત્રેવીસમું અધ્યયન પુરૂં થઇ ગયું છે. હવે ચોવીસમા અધ્યયનનો પ્રારંભ થાય છે. આ અધ્યયનનું નામ પ્રવચનમાતૃ છે. તેનો સંબંધ ત્રેવીસમા અધ્યયન સાથે આ પ્રમાણે છે જે પ્રમાણે કેશી ગૌતમે બીજાઓના મનની શંકાઓનું સમાધાન કરેલ છે આ પ્રમાણે સાધુએ પણ બીજાઓના મનની શંકાઓનું સમાધાન કરવુ જોઇએ. પરંતુ એ કામ ભાષા સમિતિ સ્વરૂપ વાગ્યોગના વગર બની શકતું નથી. અને ભાષા-સમિતિ શું છે, એ વાત આ અધ્યયનમાં પ્રગટ કરવામાં આવશે. અષ્ટ પ્રવચન માતાના અંતર્ગત આ ભાષા સમિતિ છે. આ અધ્યયનની આ પ્રથમ ગાથા છે. "अट्ठ" ઇત્યાદિ !

અન્વયાર્થ—**पंचेव समिईओ—पञ्चैव समितयः** પાંચ સમિતિ અને **तओ गुत्ती उ आहिया—तिस्रो गुप्तयस्तु आख्याताः** ત્રણ ગુપ્તિ, **समिई तहेव य गुत्ती अट्ठ पवयणमायाओ आहिया—समितयः तथा गुप्तयः अष्ट प्रवचनमातरः आख्याताः** આ આઠ પ્રવચન માતા છે. સર્વજ્ઞના વચન અનુસાર આ આત્માની પ્રવૃત્તિનું નામ સમિતિ છે અકુશળ મન, વચન, અને કાયાના યોગોનો નિગ્રહ કરવો **अथ.** કુશળ મન, વચન, અને કાયાના યોગોનું ઉદાહરણ કરવું તેનું નામ ગુપ્તિ છે. પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ, આ આઠેને પ્રવચન માતા એ માટે કહેવામાં આવે છે કે સહુ દ્વાદશાંગ રૂપ પ્રવચનની જનની છે. કહ્યું પણ છે—

एया पवयणमाया दुवालसंगं पसूयाओ ॥१॥

હવે પાંચ સમિતિનાં નામ કહેવામાં આવે છે—"ईरिया" ઇત્યાદિ !

ગમનમાં યત્ના પૂર્વકની પ્રવૃત્તિનું નામ ઇરિયા સમિતિ છે. બોલવામાં યત્ના પૂર્વક અન્નાદિકની ગવેષણા કરવાની પ્રવૃત્તિનું નામ એષણા સમિતિ છે. પાત્રાદિક ધરવું અને ઉપાડવું તેનું નામ આદાનનિક્ષેપસમિતિ છે. યત્નાપૂર્વક ઉચ્ચાર પ્રસ્રવણના પરિષ્ઠાપન કરવાની પ્રવૃત્તિનું નામ ઉચ્ચાર સમિતિ છે. મનની ગુપ્તિ, વચનની ગુપ્તિ, અને કાયાની ગુપ્તિ આ ત્રણ ગુપ્તિઓ છે.॥૨॥

"एआयो अट्ठ समिईओ" ઇત્યાદિ !

ઉપર્યુક્ત એ આઠ સમિતિયોં સંક્ષેપથી અહીં પ્રદર્શિત કરવામાં આવેલ છે. શાસ્ત્રવિધિ અનુસાર આત્માનો વેપાર ગુપ્તિઓમાં છે. આ માટે સમિતિ શબ્દથી ગુપ્તિયોનું પણ અહીં ગ્રહણ કરવામાં આવેલ છે. આ માટે પાંચ સમિતિને બદલે સૂત્રકારે આઠ સમિતિ એવું કહેલ છે. જ્યાં પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ આ પ્રકારથી ભેદ પૂર્વક આનું કથન કરવામાં આવે છે ત્યાં સમિતિયોમાં પ્રવૃત્તિરૂપતા બતાવવી તથા ગુપ્તિયોમાં પ્રવૃત્તિ નિવૃત્તિ રૂપતા બતાવવી સૂત્રકારને ઇષ્ટ જણાય છે એમ સમજવું જોઇએ. આ સમિતિઓમાં જ જીનેન્દ્ર ભગવાન તરફથી પ્રતિ-પાદિત દ્વાદશાંગરૂપ પ્રવચન અન્તર્ગત થઇ જાય છે. તાત્પર્ય આનું એ છે કે, આ સમિતિ અને ગુપ્તિ ચારિત્ર રૂપ છે, તથા ચારિત્ર જ્ઞાન દર્શન અવિનાભાવી છે. જ્ઞાન દર્શન અને ચારિત્રથી અતિરિકત બીજો કોઇ અર્થ દ્વાદશાંગ નથી. આ માટે ચારિત્રરૂપ સમિતિ ગુપ્તિઓમાં પ્રવચન રૂપ દ્વાદશાંગ અંતર્ગત કહેવામાં આવેલ છે. ॥૩॥

ઇરિયા સમિતિનું શું સ્વરૂપ છે ? તે કહેવામાં આવે છે—"आलंबणेण" ઇત્યાદિ !

સાધુને માટે અગત્યનું છે કે તે, આલમ્બન, કાળ, માર્ગ તથા યતના આવા ચાર કારણોથી પરિશુદ્ધ ઇરિયા સમિતિથી વિચરણ કરે. ॥૪॥

હવે આલમ્બન આદિકોના સ્વરૂપને કહેવામાં આવે છે—"तत्थ" ઇત્યાદિ !

આ આલંબન આદિકોમાં આલંબન જ્ઞાન દર્શન અને ચારિત્રરૂપ જાણવાં જોઈએ. તીર્થંકરોએ સાધુઓનું ગમન આ ત્રણેના આલંબનથી જ કહેલ છે. કાળ શબ્દથી અહીં દિવસનું ગ્રહણ કરવામાં આવેલ છે. કારણ કે, દિવસમાં જ સાધુઓનું ગમન વિહિત છે, રાત્રીમાં નહીં. કારણ કે રાત્રીમાં આંખોથી યથાવત્ પદાર્થોનું અવલોકન થઇ શકતું નથી. માર્ગ શબ્દથી અહીં ઉત્પથ-ભિન્ન રસ્તો એ પ્રમાણે કહેવામાં આવેલ છે. ઉત્પથનું વર્જન અહીં એ માટે કરાયેલ છે કે ઉત્પથથી ગમન કરનાર સાધુએ આત્મવિરાધનાદિક દોષના પાત્ર થવું પડે છે. ॥૫॥

હવે યતનાના સ્વરૂપને કહેવામાં આવે છે "दव्वओ" ઇત્યાદિ ।

યતના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવની અપેક્ષાથી ચાર પ્રકારની કહેવામાં આવે છે. હું હવે એનું વર્ણનકરૂંછું તેને સાંભળો. ॥૬॥

એ ચાર પ્રકારની યતનાના સ્વરૂપને કહેવામાં આવે છે—"दव्वओ" ઇત્યાદિ !

દ્રવ્યની અપેક્ષા યતનાનું સ્વરૂપ આંખોથી અવલા જવાના માર્ગનું નિરીક્ષણ કરવું એ છે. કેમકે, જ્યા સુધી માર્ગ સારી રીતે જોવામ ન આવે ત્યાં સુધી ત્યાં દ્વિ ઇંદ્રિયાદી જીવોનું રક્ષણ કઇ રીતે થઇ શકે, ? આથી માર્ગમાં ચાલતા સાધુએ જીવોનું રક્ષણ કરીને ચાલવુ જોઇએ આજ દ્રવ્ય યતનાનું સ્વરૂપ છે ॥૭॥ કેટલા માર્ગનું નિરીક્ષણ કરતાં સાધુએ આગળ વધવું જોઈએ આ વાત ક્ષેત્ર યતનાથી સ્પષ્ટ કરવામાં આવેલ છે. એ યતના એવું બતાવે છે કે, આગળનો ઝુંસરા પ્રમાણ માટે જોતાં જોતાં સાધુએ ગમન કરવું જોઇએ. ॥૮॥ કાળ યતના એ બતાવે છે કે, મુનિયોએ દિવસમાં જોઇને યતના પૂર્વક ચાલવું જોઈએ. કદાચ રાત્રિમાં પ્રસ્રવણ આદિના માટે જવું પડે તો ભૂમિની મર્યાદા કરી લેવી જોઈએ અને એ ભૂમિમાં યતનાથી પ્રમાર્જન કરતાં જવું જોઈએ. જીવોના ઉપમર્દનના ભયથી જે મુનિ ઉપયોગ સહિત થઇને ચાલે છે, એ તેની ભાવની અપેક્ષા યતના છે. ॥૯॥

હવે એ જ ભાવયતનાનું સ્પષ્ટિકરણ કરતાં સૂત્રકાર કહે છે—"इंदियत्थे" ઇત્યાદિ !

અન્વયાર્થ—**इंदियत्थे पंचहा सज्झायं च विवज्जित्ता–इन्द्रियार्थान् पंचधा स्वाध्यायं च विवर्ज्य** ઇન્દ્રિયોના શબ્દાદિક પાંચ વિષયોને તથા વાચના આદિના ભેદથી પાંચ પ્રકારના સ્વાધ્યાયને આ દશ બોલોને વર્જીને **तम्मुत्तीतप्पुरक्कारे-तन्मूर्तिः तत्पुरस्कारः** કેવળ ગમનમાં જ વ્યાપ્રિયમાણ શરીરવાળા મુનિ ગમનમાં એકાગ્રચિત્ત બની **ईरियं रिए–ईर्यां रीयेत** ઇરિયાથી વિચરણ કરે. ॥૮॥

ઇરિયા સમિતિનું સ્વરૂપ કહીને હવે ભાષાસમિતિનું સ્વરૂપ કહેવામાં આવે છે—"कोहे" ઇત્યાદિ !

અન્વયાર્થ—**कोहे माणे मायाए लोभे हासे भयमोहरिए तहेव विकहासु उवउत्तया**—**क्रोधे माने मायायां लोभे हास्ये भयमौखर्ये तथैव विकथासु उपयुक्तता** માનમાં, માયામાં, અને લોભમા હાસ્યમાં, ભયમાં, વાચાલતામાં તથા સ્ત્રી આદિની વિકથાઓમાં, આ આઠેમાં ઉપયોગ રાખવો અર્થાત ક્રોધાદિકના આવેશમાં નહિ બોલવું જોઈએ. ॥૯॥

ત્યારે કેમ બોલવું જોઈએ ? તે કહેવામાં આવે છે—"एयाइं" ઇત્યાદિ !

અન્વયાર્થ—**एयाइं अट्ठठाणाइं**—**एतानि अष्ट स्थानानि** આ આઠ સ્થાનોનો **परिवज्जित्तु**—**परिवर्ज्य** પરિત્યાગ કરીને **पन्नवं संजए**—**प्रज्ञावान् संयतः** પ્રજ્ઞાશાળી સંયમ મુનિ નિર્દોષ તથા પરિમિત ભાષાથી અવસર ઉપર બોલે છે. ॥૧૦॥

હવે ત્રીજી એષણા સમિતિને કહે છે—"गवेसणा" ઇત્યાદિ !

અન્વયાર્થ—**गवेसणाए गहणे य जा परिभोगेसणा**—**गवेषणायां ग्रहणे च या एषणा या च परिभोगैषणा** અન્વેષણામાં તથા સ્વીકારમાં જે એષણા છે તથા આસેવનમાં જે એષણા છે. તે સાધુ **एए तिन्नि**—**एताः तिस्रः** આ ત્રણ એષણાઓને **आहारोवइसेज्जाए विसोहए**—**आहारोपधिशय्यासु विशोधयेत्** આહાર, ઉપધિ, અને શય્યામાં નિર્દોષ રાખે આ એષણાસમિતિ છે. ॥૧૧॥

એષણાનું કેમ વિશોધન થાય ? તે કહેવામાં આવે છે—"उग्ग मुप्पायणं" ઇત્યાદિ !

અન્વયાર્થ—**जयं जई**—**यतमानो यतिः** યતના કરવાવાળા યતિ **पढमे**—**प्रथमायां** પ્રથમ ગવેષણા એષણામાં **उग्गमुप्पायणं**—**उद्गमोत्पादनम्** ઉદ્ગમના દોષોના **सोहिज्ज**—**शोधयेत्** પરિત્યાગ. આધાકર્મ આદિ સોળ ઉદ્ગમ દોષ અને ધાત્ર્યાદિક, સોળ ઉત્પાદના દોષ છે. **बीए**—**द्वितीयायाम्** બીજી ગ્રહણ એષણામાં **एसणं सोहिज्ज**—**एषणां शोधयेत्** શકિત આદિ દશ એષણાના દોષોને પરિત્યાગ કરે તથા **परिभोगम्मि**—**परिभोगे** પરિભોગ એષણામાં **चउक्कं विसोहिज्ज**—**चतुष्कं विशोधयेत्** પિંડ, શય્યા, વસ્ત્ર અને પાત્ર આ ચાર વસ્તુઓનો ઉદ્ગમ આદિક દોષોના પરિહાર પૂર્વક સેવન કરે. **"पिंडं, सेज्जं च वत्थं च चउत्थं पायमेव य"** ચતુષ્ક પદથી પિંડ, શય્યા, વસ્ત્ર અને પાત્ર આ ચારેનું ગ્રહણ અહીં આ કથનના અનુસાર કરવામાં આવેલ છે ॥૧૨॥

આદાન નિક્ષેપણ સમિતિનું સ્વરૂપ આ પ્રકારનું છે—"ओहो वहो वग्गहियं" ઇત્યાદિ !

અન્વયાર્થ—**मुणी**-**मुनिः** મુનિ **ओहो वहोवग्गहियं**-**ओघोपध्यौपग्रहिकं** ઓઘોપધિ નિત્ય ગ્રાહ્યરૂપ સદોરકમુખવસ્ત્રિકા રજોહરણ આદિને તથા **औपग्राहिकं** કારણ ગ્રાહ્ય લક્ષણ **भंडगं**—**भाण्डकम्** ઉપકરણને **दुविहं**-**दुविहम्** આ બન્ને પ્રકારની ઉપધિને **गिण्हंतो**-**गृह्णन्** ઉપાડતા અને **निक्खिवंतो**—**निक्षिपन्** ધારણ કરતા **इमं विहिं पउंजिज्ज**—**इमं विधिम् प्रयुञ्जीत** આ નીચે કહેવામાં આવેલ વિધિને કામમાં લ્યે ॥૧૩॥

આ વિધિને સૂત્રકાર કહે છે--"चक्खुसा" ઇત્યાદિ !

અન્વયાર્થ--**जयं जई-यतमानः यतिः** યતના પૂર્વક પ્રવૃત્તિ કરવાવાળા મુનિ માટે એ જરૂરનું છે કે, તે **चक्खुसा पडिलेहित्ता-चक्षुषा प्रतिलेख्य** સર્વ પ્રથમ ઉપધિનુ પોતાની આંખોથી સારી રીતે અવલોકન કરી પછી તેનું **पमज्जिज्ज-प्रमार्जयेत्** પ્રમાર્જન કરે આ પ્રમાણે કર્યા પછી **दुहओ-द्वौ अपि** એ બન્ને પ્રકારની ઉપધિને **सया समिए-सदा समितः** સર્વકાળ ઉપયુકતતા માટે તે યતિ **आइए निक्खिवेज्ज वा-आददीत निक्षिपेत वा** ઉપાડે તથા રાખે. ॥૧૪॥

પરિષ્ઠાન સમિતિનું સ્વરૂપ આ પ્રકારનું છે--"उच्चारं" ઇત્યાદિ !

અન્વયાર્થ--**उच्चारं-उच्चारम्** ઉચ્ચાર, **पासवणं-प्रस्रवणम्** પ્રસ્રવણ, **खेलं-श्लेष्माणम्** કફ **सिंघाणम्-सिङ्घाणम्** નાકનો મેલ **जल्लियम-जल्लम्** શરીરનો મેલ **आहारं-आहारम्** ભોજન આદિ **उवहिं-उपधिम्** ઉપકરણ **देह-देहम्** શરીર **वा अन्नं तहाविहं अवि-वा अन्यं अपि तथाविधम्** અથવા બીજા જે કાંઇ વસ્તુઓ પરિષ્ઠાપનના યોગ્ય હોય તેને પરઠવો એનું નામ પરિષ્ઠાન સમિતિ છે. ॥૧૫॥

કેવી ભૂમિમાં પરિષ્ઠાન કરવું આને માટે સૂત્રકાર બતાવે છે--"अणावाय" ઇત્યાદિ !

અન્વયાર્થ--જે ભૂમિ **अणावायमसंलोए-अनापातमसंलोकम्** અનાપાત અને અસંલોક હોય અર્થાત-જે ભૂમિમાં પોતાના પક્ષના, બીજા પક્ષના તેમજ ઉભય પક્ષની વ્યકિતયોની નજીકમાં આગમન રૂપ આપાત ન હોય તથા દૂર હોવા છતાં પણ સ્વ પર ઉભય પક્ષની વ્યકિતઓનું અવલોકન જ્યાં ન હોય એવી ભૂમિનું નામ અનાપાત અને અસંલોક છે. આ પહેલો ભંગ છે. (૧) જે ભૂમિ **अणावाए चेव होइ संलोए-अनापातं चैव भवति संलोकम्** અનાપાત હોય પરંતુ અસંલોક ન હોય અર્થાત્ સંલોક હોય એ બીજો ભંગ છે. (૨) જે ભૂમિ **अवायमसंलोए-आपातमसंलोकम्** આપાત હોય પણ સંલોક ન હોય તે ત્રીજો ભંગ છે. [૩] તથા જે ભૂમી **अवायं चेव संलोए-आपातं चैव संलोकम्** આપાત પણ હોય તથા સંલોક પણ હોય એવી તે ભૂમિ ચોથા ભંગવાળી જાણવી જોઇએ (૪) આ પ્રકારના ચાર ભૂમિના અન્ય વિશેષણો પણ લગાડી દેવા જોઇએ. ॥૧૬॥

ભૂમિનાં દશ વિશેષણો કયાં કયાં છે ? આ વાતને સૂત્રકાર કહે છે-"अणावाय" ઇત્યાદિ !

અન્વયાર્થ--**अणावायमसंलोए-अनापातमसंलोके** જે ભૂમિ અનાપાત અને અસંલોક હોય (૧) **परस्सऽणुवघाइए-परस्यानुपघातिके** સ્વ તથા પરના ઉપઘાતથી રહિત હોય (૨) ઉંચી નિચી ન હોય (૩) **अज्झुसिरे-अशुषिर** અશુષિર હોય તૃણ પર્ણ આદિથી વ્યાપ્ત હોવાથી પોલી ન હોય (૪) **अचिरकालकयम्मि-अचिर कालकृते** અચિરકાળકૃત હોય-દાહ આદિક દ્વારા થોડા સમય પહેલાં જ અચેતન કરવામાં આવેલ હોય, ઘણા સમય પહેલાં અચિત્ત હોવાથી ફરીથી ત્યાં પૃથ્વી કાય આદિક જીવ ઉત્પન્ન થઇ જાય છે (૫) **वित्थिन्ने-विस्तीर्णे** વિસ્તીર્ણ હોય ઓછામાં ઓછા એક હાથ પ્રમાણવાળી હોય (૬) **दूरमोगाढे-दूरावगाढे** દૂરાવગાઢ હોય.

ઓછામાં ઓછું નીચે ચાર આંગળ અચિત્ત હોય (૭) **णासन्ने–नासन्ने** આસન્ન ન હોય ગ્રામ ઉદ્યાન આદિથી દૂર હોય (૮) **बिलवज्जिए–बिलवर्जिते** ઉંદરના દર જ્યાં ન હોય (૯) **तसपाणबीयरहीए–त्रसप्राणबीजरहिते** અને જે જમીનમાં દ્વિ ઇન્દ્રિયાદિક જીવ ન હોય અને શાલ્યાદિક બીજ પણ ન હોય (૧૦) આવી ભૂમિમાં સાધુઓ ઉચ્ચાર આદિનું પરિષ્ઠાન કરે. ॥૧૭॥૧૮॥

હવે ઉપસંહાર કરતાં શ્રી સુધર્મા સ્વામી કહે છે.—"**एयाओ**" ઇત્યાદિ !

આ પ્રકારે એ પાંચ સમિતિઓ સંક્ષેપથી મેં કહેલ છે. હવે આના પછી ક્રમશઃ ત્રણ ગુપ્તિયોને કહું છું. ॥૧૯॥

એ ત્રણ ગુપ્તિઓમાંથી પ્રથમ મન ગુપ્તિને કહે છે—"**सच्चा**" ઇત્યાદિ !

અન્વયાર્થ—**सच्चा–सत्या** સત્ય (૧) **मोसा–मृषा** અસત્ય (૨) **सच्चामोसा–सत्यमृषा** સત્યા સત્ય (૩) અને ચોથી **असच्चमोसा–असत्यमृषा** અનુભય (૪) આ રૂપથી મનોગુપ્તિ ચાર પ્રકારની છે. સત્પદાર્થના ચિંતવન રૂપ મનના યોગોનો વિષય કરવાવાળી મનોગુપ્તિ સત્ય મનોગુપ્તિ છે. અસત્ પદાર્થના ચિંતન રૂપ મનોયોગનો વિષય કરવાવાળી મનોગુપ્તિ અસત્ય મનોગુપ્તિ છે. ઉભયરૂપ પદાર્થના ચિંતનરૂપ મનોયોગનો વિષય કરવાવાળી મનોગુપ્તિ સત્યાસત્ય મનોગુપ્તિ છે. ઉભય સ્વભાવ વગરની મનોદ્રવ્યિક વ્યાપાર રૂપ મનોયોગ વિષયક મનોગુપ્તિનું નામ અનુભય મનોગુપ્તિ છે. ॥૨૦॥

આ મનોગુપ્તિના સ્વરૂપને કહેતાં સૂત્રકાર ઉપદેશ કરે છે–"**संरंभ समारंभे**" ઇત્યાદિ !

અન્વયાર્થ—**जयं जई–यतमानः यतिः** યતના કરનાર યતિ **संरंभसमारंभे तहेव य आरंभे पवत्तमाणं मणं नियत्तिज्ज–संरम्भसमारम्भे तथैव आरंभे प्रवर्तमानं मनः निवर्त्तयेत्** સરંભમાં–અશુભ સંકલ્પમા જેમ "હું આ પ્રકારનું ધ્યાન કરીશ" કે જેનાથી આ મરી જશે. એવા અશુભ વિચારમાં, સમારંભમાં–પરપીડાકારક ઉચ્ચાટનાદિકના નિમિત્તભૂત ધ્યાનમાં તથા આરંભમાં પરને મારવામાં સમર્થ અશુભ ધ્યાનમાં પ્રવર્તમાન બનીને મનને આગમોક્ત વિધિ અનુસાર હટાવે તેનું નામ મનોગુપ્તિ છે. ॥૨૧॥

હવે વચનગુપ્તિને કહે—"**सच्चा**" ઇત્યાદિ !

અન્વયાર્થ—**सच्चा, मोसा, तहेव सच्चामोसा चउत्थी असच्चमोसा वयगुत्ती चउव्वीहा–सत्या, मृषा तथैव सत्यामृषां चतुर्थी च असत्या मृषा वचोगुप्तिः चतुर्विधा** વચન ગુપ્તિ ચાર પ્રકારની છે. તે ચાર પ્રકાર આ પ્રમાણે છે. (૧) સત્ય વચોગુપ્તિ, (૨) અસત્યવચોગુપ્તિ, (૩) ઉભય વચોગુપ્તિ, (૪) અનુભય વચોગુપ્તિ જીવાદિક પદાર્થોનું યથાવસ્થિત સ્વરૂપ કથન કરવું એ સત્યવચોગુપ્તિ છે. (૧) જીવાદિક પદાર્થોનું અસત્ય સ્વરૂપ કહેવું તે અસત્ય વચોગુપ્તિ છે. (૨) સત્યા સત્યરૂપથી પદાર્થોનું સ્વરૂપ કહેવું એ ઉભક વચોગુપ્તિ છે. જેમ આજ આ ગામમાં સો બાળક ઉત્પન્ન થયેલ છે. (૩) બાળક જન્મેલ છે એ સત્ય છે. પરંતુ સંખ્યા કેટલી તેની ખબર નથી તે અસત્ય છે. જે ન તો સત્યરૂપ હોય કે નતો અસત્યરૂપ હોય

એવી વચોગુપ્તિનું નામ અનુભય વચોગુપ્તિ છે. જેમ કોઇ રસ્તે ચાલનાર માણસ એમ કહે કે, "ગામ આવી ગયું" (૪) ॥૨૨॥

હવે વચનગુપ્તિના વિષયમાં ઉપદેશ કહેવામાં આવે છે—"संरंभ" ઇત્યાદિ !

અન્વયાર્થ—— जयं जई संरंभसमारंभे तहेव आरंभे य पवत्तमाणं वयं नियत्तिज्ज— यतमानः यतिः संरंभसमारम्भे तथैव आरम्भे च प्रवर्तमानां वाचं निवर्तयेत् યતનામાં પ્રવૃત્ત થયેલ યતિ સંરમ્ભ, સમારંભ, અને આરંભમાં પ્રવર્તમાન પોતાની વાણીને શાસ્ત્રોકત રીતિથી નિશ્ચય હઠાવી લે. "બીજાના વિરાધના કરવામાં સમર્થ ક્ષુદ્ર વિદ્યા આદિ મંત્રનો જપ હું કરીશ" એવા વાચિક સંકલ્પનું નામ સંરંભ છે. પર પરિતાપ કરનાર મંત્રાદિકનો જાપ કરવો એ સમારંભ છે. તથા બીજાને મારવાના કારણભૂત મંત્રાદિકોનો જાપ કરવામાં પ્રવૃત્તિ કરવા રૂપ વચન વ્યાપારનું નામ આરંભ છે. યતનાવાન યતિનું કર્તવ્ય છે કે, તે પોતાની વચનગુપ્તિને સંરંભ, સમારંભ અને આરંભમાં ન લગાડે આ સંરંભાદિકથી વચનને હઠાવવું તેનું નામ વચોગુપ્તિ છે. ॥૨૩॥

હવે ત્રીજી કાયગુપ્તિને કહે—"ठाणे" ઇત્યાદિ !

અન્વયાર્થ——ठाणे—स्थाने ઉભા થવામાં તથા निसीयणे—च निषदने બેસવામાં तहेव य तुयट्टणे—तथैव त्वग्वर्त्तने સુવામાં उल्लंघणपलंघणे—उल्लंघनप्रलंघने ઉલ્લંઘ કરવામાં કોઇ ઉલ્લેલાને ઉછાળીને પાર કરવામાં આવે પ્રલંઘન કરવામાં વાર વાર ઉછલવામાં અર્થાત—વારંવાર ઉંછળીને કોઈ ખાડા આદિને પાર કરવ માં તથા इंदियाणं जुंजणे—इन्द्रियाणां योजने ઇન્દ્રિયોને એના વિષયભૂત પદાર્થોમાં વ્યાપૃત કરવામાં जय जई—यतमानः यतिः યતનાપૂર્વક પ્રવૃત્તિ કરવાવાળા યતિ संरंभसमारंभे आरंभम्मि पवत्तमाणं कायं तहेव नियत्तिज्ज—संरम्भसमारम्भे आरम्भे च प्रवर्त्तमानं कायं तथैव निवर्त्तयेत् સંરમ્ભ સમારમ્ભ અને આરંભમાં પ્રવૃત્તમાન પોતાના શરીરને શાસ્ત્રમાં કહેવામાં આવેલ વિધિ અનુસાર ત્યાંથી હઠાવે. સંરંભ સમારંભ, અને આરંભમાં પ્રવર્તમાન પોતાના શરીરને શાસ્ત્રમાં કહેવામાં આવેલ વિધિ અનુસાર ત્યાંથી હઠાવે તેનું નામ કાયગુપ્તિ છે.

મારવા માટે હાથનું તેમજ મુઠીનું ઉઠાવવું આ કાયનો સંરંભ છે જો કે સંરંભ શબ્દનો અર્થ સંકલ્પ છે. પરંતુ અહીં એ પ્રકારની પ્રવૃત્તિ વગર સંકલ્પે થઈ શકતી નથી. આથી ઉપચારથી કાયાના આ પ્રકારના વ્યાપારને પણ "સરંભ" આ રૂપથી કહેવામાં આવેલ છે. પરિતાપ કારક મુઠી આદિનો અભિઘાત કરવો તેનું નામ સમારંભ. પ્રાણી વિરાધના રૂપ વ્યાપારમા શરીરને લગાડવું એ આરમ્ભ છે. શરીરને આવા વેપારમાં ન લગાડવું તેનું નામ કાયગુપ્તિ છે. ॥૨૪॥૨૫॥

હવે સૂત્રકાર સમિતિ અને ગુપ્તિમાં પરસ્પરમાં કેવો ભેદ છે તે બતાવે છે. ––"एयाओ" ઈત્યાદિ !

અન્વયાર્થ––**चरणस्स पवत्तणे–चारित्रस्य प्रवर्त्तने** ચારિત્રમાં પ્રવૃત્તિ કરવા ઉપરથી જ **एयाओ–एताः** પૂર્વોકત પ્રાણાતિપાત વિરમણ આદિ પાંચ સમિતિઓ કહેવામાં આવેલ છે, તથા **सव्वसो असुभत्थेसु निवत्तणे गुत्ती वुत्ता–सर्वशः अशुभार्थेभ्यश्च निवर्त्तने अपि गुप्तयः उक्ताः** સઘળા અશુભ મનો યોગાદિકથી નિવર્તનમાં "अपि" શબ્દથી ચારિત્રમાં પ્રવૃત્તિ કરવામાં ગુપ્તિઓ કહેવામાં આવેલ છે.

ભાવાર્થ––સમિતિ કેવળ પ્રવૃત્તિ સ્વરૂપ છે અને તે પ્રાણાતિપાત વિરમણ રૂપ છે તથા ગુપ્તિયો પ્રવૃત્તિ–નિવૃત્તિ ઉભય સ્વરૂપ છે. ॥૨૬॥

અધ્યનનો ઉપસંહાર કરતાં સૂત્રકાર તેના આચરણનું ફળ કહે છે––"एया" ઈત્યાદિ !

અન્વયાર્થ––**जे मुणी–यः मुनिः** જે મુનિ **पवयणमाया–एताः प्रवचनमातृ** આ પૂર્વોકત આઠ પ્રવચન માતાઓને **सम्मं–सम्यक्** અવિપરિતતાથી દંભ આદિથી રહીત બનીને **आयरे–आचरति** પાળે છે. **पंडिए–पंडितः** તત્વાતત્વના વિવેકવાળા તે મુનિ **खिप्पं–क्षिप्रम्** શીઘ્ર જે **सव्वसंसारा–सर्वसंसारात्** ચાર ગતિરૂપ સમગ્ર સંસારથી સર્વથા મુકત બની જાય છે. એવું હું કહું છું. ॥૨૭॥

શ્રી ઉત્તરાધ્યન સૂત્રનું ચોવીસમું અધ્યયન સંપૂર્ણ. ॥૨૪॥

